શ્રી ભગવતી-સાર

[પંચમ અંગનો છાયાનુવાદ]

સંપાદક
ગોપાલદાસ જીવાભાઈ પટેલ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપોદ્‌ઘાત

ચાતુર્માસને ટાંકણે જ શ્રીમદ્‌ભગવતીસૂત્રનો આ છાયાનુવાદ પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે. આઠ મહિના સુધી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા કરતા સાધુભગવંતો વિહર્યા હોય, તે ચાતુર્માસને કારણે એક ઠેકાણે સ્થિર થતાં, પાસેનો શ્રાવકવર્ગ તેમના સત્સંગનો લાભ લેવા ઉત્સુક થાય જ. સામાન્ય રીતે પજ્જુસણના પર્વ દરમ્યાન શ્રીકલ્પસૂત્રનું પારાયણ થાય છે. પરંતુ સળંગ ચાતુર્માસ દરમ્યાન તો શ્રદ્ધાળુ શ્રાવકવર્ગ શ્રીમદ્‌ભગવતીસૂત્રનું જ પારાયણ કરાવવાને ઉત્સુક રહે છે. જે સૂત્રમાં કેવળજ્ઞાનીને ગણધરે પૂછેલા પ્રશ્નોનો જ સીધો સમાવેશ થતો હોય, તે સૂત્રનું શ્રવણ સાધુભગવંતોને મુખે ચાતુર્માસ દરમ્યાન સાંભળવાનો લોભ સ્વાભાવિક જ હોય. કેવળજ્ઞાનીના એક એક બોલને ભારોભાર સુવર્ણ જેવો કીમતી ગણી, ધનિક-વર્ગ ભગવતીસૂત્રના એક એક પ્રશ્ને સોનાનાણું કે ચાંદીનાણું ચડાવે છે. અલબત્ત એ રૂઢિ અત્યારે તો ભગવતીસૂત્રના

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પારાયણની વ્યાપકતામાં વિઘ્નરૂપ બની છે, કારણ કે દરેક પ્રશ્ન ઉપર રોકડ નાણું મૂકવાનું હોય, તો ૧૩૮ શતકો ઉપર મૂકવા માટે કેટલું બધું નાણું જોઈએ!

મૂળ ભગવતીસૂત્રનો, મૂળ પાઠ સાથે શબ્દશઃ વિસ્તૃત અનુવાદ ચાર ખંડોમાં આની અગાઉ આ સંસ્થા તરફથી બહાર પડી ચૂક્યો છે. તથા તેના સળંગ અનુવાદક પંડિત બેચરદાસજીએ આખા સૂત્રની વિદ્વત્તાભરી વિસ્તૃત સમાલોચનાં ચોથા ખંડની શરૂઆતમાં ઉમેરી છે. એટલે અત્રે તો આ છાયાનુવાદ પૂરતું જ થોડું ઘણું કહેવાનું છે.

ભગવતીસૂત્રના બીજા નામ 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ' ઉપરથી સૂચિત થાય છે તેમ, આ આખું સૂત્ર પ્રશ્નો અને તેની વ્યાખ્યાઓ એટલે વિસ્તૃત ઉત્તરોરૂપ છે. એ પ્રશ્ન પૂછનારાઓમાં મુખ્ય તો ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ગૌતમ ઇંદ્રભૂતિ જ છે; ભગવાનના બીજા શિષ્યોમાંથી કોઈ વાર માકંદિપુત્ર, કોઈ વાર રોહ, કોઈ વાર અગ્નિભૂતિ, કોઈ વાર વાયુભૂતિ તથા કોઈ વાર મંડિતપુત્ર દેખા દે છે. અન્યતીર્થિકો એટલે કે અન્ય સંપ્રદાયીઓ પણ કોઈ કોઈ વાર વિવાદ કરવા કે કોઈ બાબતમાં શંકા કરવા આવી ચડે છે;* તથા સમકાલીન ગૃહસ્થો કે શ્રાવકો અને જયંતી જેવી શ્રાવિકાઓ પણ આવીને પ્રશ્નો પૂછી જાય છે. પરંતુ એક રીતે કહી શકાય કે, આખો ગ્રંથ ગૌતમ અને મહાવીરના સવાલજવાબરૂપ જ છે. તે એટલે સુધી કે એક વખત તો

* એ બધાંનાં સ્થળો માટે જુઓ શ્રીમદ્ભગવતીસૂત્ર (વિદ્યાપીઠ) ખંડ ૪; પરિશિષ્ટ ૪ અને પાંચ, પા. ૩૮૩.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આકંદિપુત્રે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતી વખતે 'હે ગૌતમ' એવું સંબોધન મહાવીરસ્વામીને એ ગ્રંથકાર કરાવી બેસે છે. × અલબત્ત, ટીકાકારને તેની કંઈક માંડવાળ કરવી પડે છે; પરંતુ તાત્પર્ય એ છે કે પ્રશ્નકર્તાઓમાં મુખ્યત્વે ગૌતમ જ છે. એ પ્રશ્નો કોઈકિ જ વાર કોઈ અન્યતીર્થિકનું મંતવ્ય સાંભળીને શંકારૂપે ઊભા થયેલા હોય છે; બાકી તો, જુદા જુદા પ્રશ્નો પ્રશ્નકર્તાના મુખમાં મૂકીને ઉત્તરરૂપે જ ગ્રંથનો વિષય રજૂ કરવાનો ગ્રંથકર્તાનો ધરાદો હોય એવું જ સર્વત્ર લાગ્યા કરે છે. એ પ્રશ્નોની રજૂઆતમાં વિષયનો કે દલીલનો કશો જ ક્રમ રાખવામાં આવ્યો નથી. કોઈ કોઈ વાર એક જ ઉદ્દેશકમાં ભિન્ન ભિન્ન વિષયને લગતા પ્રશ્નો મૂકવામાં આવ્યા છે. મૂળ ઉદ્દેશકોનો વિભાગ પણ કશા ક્રમને કારણે કરવામાં આવ્યો હોય, કે એક જ સ્થળે કે એક જ પ્રસંગે કરવામાં આવેલા પ્રશ્નોના સંગ્રહરૂપ હોય, એમ જરાય નથી. ટીકાકાર તો એક પ્રશ્ન પછી આવતા બીજા પ્રશ્નને અને એક ઉદ્દેશક પછી આવતા બીજા ઉદ્દેશકને કે એક શતક પછી આવતા બીજા શતકને વિષયના કે દલીલના કાંઈકિ સંબંધથી જોડી આપવા હંમેશ મુજબ પ્રયત્ન કરે છે; પરંતુ એ પ્રતીતિકારક થતો જ નથી.

કોઈ કોઈ વાર એ પ્રશ્નો જ કે એ પ્રશ્નોનો વિષય એવડાઈ જાય છે કે તેવડાઈ જાય છે; અને ઘણી વાર તો તેના જવાબમાં બીજા કોઈ ઉપાંગમાંથી કે પછીના આચાર્યના ગ્રંથમાંથી અમુક ભાગ કે આખાં ને આખાં

× શતક ૧૮, ઉદ્દે૦ ૩.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ જોઈ લેવાં, એવું જ કહી મૂકયું હોય છે. એ રીતે જે બીજા ગ્રંથોમાં લેવાના ભાગો પૂરેપૂરા ઉતારીને જ આખો ગ્રંથ છપાવવામાં આવે, તો અત્યારે છે તે કરતાં મૂળ ગ્રંથનું કદ કેટલું વધી જાય. ભગવતીસૂત્ર ઉપાંગો કે પ્રજ્ઞાપના જેવા અન્ય આચાર્ય રચિત ગ્રંથો કરતાં ઘણુંય પ્રાચીન કહેવાય. પરંતુ, વલભીમાં જ્યારે દેવર્ધિગણિ વગેરેએ (ઈ. સ. ૪૫૪) બધાં અંગોનો પાઠ નક્કી કર્યો ત્યારે, અમુક અમુક પ્રશ્નોના જવાબો પછીના ગ્રંથોમાં વધુ વિસ્તારથી કે વ્યવસ્થિત રીતે રજૂ થયેલા જોઈને, તે ગ્રંથોમાંથી તે જવાબો સમજી લેવા એમ કહીને મૂળ ગ્રંથનો પાઠ પડતો મૂકયો. એ પડતો મૂકેલો પાઠ કેવો હશે તે વિષે અત્યારે આપણે કલ્પના ન કરી શકીએ. સામાન્ય રીતે સ્ત્રી–પુરુષો કે નગર–પર્વતોનાં વર્ણનોની બાબતમાં તો અંગગ્રંથોમાં અમુક એક જાતનું વર્ણન નક્કી કરી, તે પ્રમાણે બધે સમજી લેવું એવી પદ્ધતિ સ્વીકારવામાં આવી છે. પરંતુ સિદ્ધાંત કે ચર્ચાની મુખ્ય બાબતમાં મુખ્ય ગ્રંથને આ રીતે પછીના ગ્રંથો ઉપર જીવનારો કરી મૂકવો એ વસ્તુ અમુક ખાસ સંજોગોમાં, કે જ્યારે બધા ગ્રંથોનો વિષય કેમ કરીને જલદી નક્કી કરી લેવો અને આખી વસ્તુ એક વખતને માટે કેમ કરીને પતવી દેવી, એવી મનોવૃત્તિમાં ભલે ક્ષમ્ય હોય; પરંતુ યોગ્યતાની દૃષ્ટિએ જોવા જઈએ તો તે ઠીક નથી જ લાગતું. ભગવતીસૂત્રમાં એ રીતે કયા કયા ગ્રંથોમાંથી[૧] તે પ્રમાણે

૧. અનુયોગ દ્વાર, પ્રજ્ઞાપના, જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ, જીવાભિગમ-સૂત્ર, અને રાજપ્રશ્નીય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉતારા કરી લેવાના કહ્યા છે, તેની વિગતવાર નોંધ વિદ્યાપીઠ પ્રકાશિત ચતુર્થખંડને અંતે આપેલી છે. આ માળામાં તે બધા ગ્રંથોનો અનુવાદ પ્રસિદ્ધ થવાનો જ છે; એટલે આ ગ્રંથમાં તે બધા ભાગોનું પુનરાવર્તન કર્યું નથી. છતાં ભગવતીસૂત્રમાં અમુક અમુક વિષયોની ચર્ચા જ નથી એવું ન લાગે, તે માટે તે પ્રશ્નો તો કાયમ રાખ્યા છે, અને તેના જવાબો પણ તેને ગ્રંથોમાંથી ટૂંકાવીને આપ્યા છે. તથા નીચે આખો જવાબ કયા ગ્રંથમાંથી સમજી લેવો એ નોંધ્યું પણ છે. છતાં સામાન્ય વૃત્તિ તો એ જ રહી છે કે, તેવા ભાગો પડતા જ મૂકવા.

આટલું તો તે ગ્રંથની રચનાના સ્વરૂપ વિષે. હવે તેના વિષય અને પ્રયોજન ઉપર આવીએ. નંદીસૂત્ર તેમ જ સમવાયાંગ બંને સ્થળે જ્યાં ભગવતીસૂત્રના વિષયનું વર્ણન કરેલું છે,* ત્યાં તેની એક મુખ્ય વિશેષતા ખાસ તારવેલી જણાય છે. બીજા ઘણા વિષયો તો બધાં અંગોમાં એક સરખા જ દેખાય છે, પરંતુ આ વિશેષતા માત્ર ભગવતીસૂત્ર માટે જ કહેલી છે, અને તે તેની 'બુદ્ધિવર્ધકતા.' આ વસ્તુ જરા વિગતથી સમજીએ.

આપણે શ્રીમદ્ રાજચંદ્રને અનુસરીને શાસ્ત્રગ્રંથોના બે વિભાગ પાડીએ, તો એક વિભાગ ઉપદેશગ્રંથોનો થાય; અને બીજો સિદ્ધાંતગ્રંથોનો થાય. ઉપદેશગ્રંથોમાં સામાન્ય રીતે મનુષ્યોમાં વિવેક વૈરાગ્યાદિ ઊપજે એવી સર્વધર્મસાધારણ બાબતો ચર્ચેલી હોય; તથા એ ગ્રંથો ગમે તે ધર્મનો

* જુઓ આ ગ્રંથ પા. ૧૬૫.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વાચક વાંચે તો પણ તેને તે સહેલાઈથી સમજાય તથા સ્વીકાર્ય થાય. બૌદ્ધધર્મનો 'ધમ્મપદ' ગ્રંથ એ જાતનો ખાસ ગ્રંથ કહી શકાય. ગીતામાં ઉપદેશવિભાગને ફેર ફેર સિદ્ધાંતવિભાગ દબાવી દે છે, અને તેથી જ હવે ગીતામાંથી 'ચૂંટી કાઢેલા શ્લોકો' છાપવાની વૃત્તિ વધતી જાય છે. જૈનગ્રંથોમાં ઉત્તરાધ્યયનને તે જાતનો ગ્રંથ કહી શકાય. પણ તેમાં પછીથી સિદ્ધાંતવિભાગ ઉમેરીને તે ગ્રંથને ઉપદેશગ્રંથ રહેવા દેવામાં આવ્યો નથી. એ ચર્ચામાં વધુ ન ઊતરીએ; તો પણ એટલું સહેજે સમજાઈ જશે કે, દરેક ધર્મમાં એવા ઉપદેશગ્રંથો હોય છે, કે જે સર્વ ધર્મના તેમ જ તે જ ધર્મના સર્વસામાન્ય સમાજ માટે ઉપયોગી હોય છે.

પરંતુ સિદ્ધાંતગ્રંથોનું તેમ નથી. તે ગ્રંથો તો તે ધર્મનો જ કે તે ધર્મનો અભ્યાસ કરવા ઇચ્છનારો જ વાંચવા–સમજવા પ્રયત્ન કરી શકે. જૈનતત્ત્વર્થાધિગમસૂત્ર તે પ્રકારનું છે. સામાન્ય સમુદાય તેનો નિત્ય પાઠ કરે છે, તથા રોજ પાઠ કરવાના પુસ્તક જેવા ગુટકાના આકારે તેનો પ્રકાશકો પ્રસિદ્ધ પણ કરે છે, પરંતુ અન્યધર્મી તે પુસ્તકમાં એ પાન પણ આગળ ન વધી શકે.

તો હવે આપણે વિચારીએ કે ભગવતીસૂત્રને એ બે વિભાગોમાંથી કયા વિભાગમાં મુકાય ? તે ઉપદેશગ્રંથ તો નથી જ. કારણ કે તેમાં ઉપદેશાત્મક ભાગ નજીવો જ છે, તથા તેટલો ભાગ પણ ઉપદેશરૂપે નહીં, પણ તેની ખાસ ખાસિયત કે જે હવે પછી વર્ણવવાની છે, તે અનુસાર જ રજૂ કરવામાં આવેલો છે. આ અનુવાદમાં 'સાધનખંડ' તરીકે જે ભાગ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રજૂ કર્યો છે, તેમાં ભગવતીસૂત્રનું ઉપદેશાત્મક તમામ વસ્તુ આવી ગયું છે એમ કહી શકાય. ચારિત્રખંડમાં થોડો ઘણો ઉપદેશભાગ અલબત્ત આવે છે, પણ તે એક અલગ વિભાગ જ છે. એ સાધનખંડ જોતાં જ જણાશે કે, એ રીતે રજૂ કરેલી વસ્તુને ઉપદેશરૂપ ન કહી શકાય. ઉપરાંત, પ્રકરણનાં નામ બદલીને તેમ જ અમુક ભાગો ટૂંકાવીને કે વિસ્તારીને તે વિભાગને સુવાચ્ય કરવા પ્રયત્ન કર્યો છે, છતાં તેનું મૂળ રૂપ તો તરત જ દેખાઈ આવે તેવું છે.

એ જ પ્રમાણે પછીના સિદ્ધાંતખંડ ઉપર નજર કરતાં જણાશે કે, તેમાં ગ્રંથકર્તાની સિદ્ધાંતો રજૂ કરવાની સહેજ પણ વૃત્તિ નથી. પ્રશ્નકર્તા સિદ્ધાંતો તો બધા જાણીને જ બેઠેલા છે; એટલે તે રીતનો પ્રશ્ન જ તે કરતા નથી. કોઈ કોઈ બાબતમાં શંકા હોય, તો આખા ઉત્તરને જ પ્રશ્નરૂપે તે પોતે જ મૂકે છે, જેથી જવાબ આપનારને તો માત્ર 'હા' જ કહેવાનું હોય! અલબત્ત આ અનુવાદમાં તો વાચકને સરળતા થાય તે માટે સિદ્ધાંતને લગતી બીજી ઘણી બાબતો 'વિવરણ' એવા મથાળા નીચે, કે ચોરસ કૌંસ કે અવતરણચિહ્નોમાં અન્ય ગ્રંથોમાંથી લઈને શરૂઆતમાં મૂકી છે, જેથી તેને અંગેના પ્રશ્નોત્તર કાંઈક પણ સમજમાં આવે. પરંતુ એકંદર રીતે જોતાં લાગ્યા વિના રહેશે નહીં કે ગ્રંથકારનો ઉદ્દેશ સિદ્ધાંત રજૂ કરવાનો છે જ નહીં. 'સિદ્ધાંતખંડ'નો જીવ, પરમાણુ, અસ્તિકાય એમ કોઈ પણ વિભાગ જોતાં એ વસ્તુ જણાઈ આવશે. તો પછી ગ્રંથકર્તાનો ઇરાદો શો છે?

ગ્રંથકારે એમ સ્વીકારી લીધું છે કે, વાચક જૈન સિદ્ધાંતોને તેમની સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિગતોથી જાણે છે. ગૌતમ જેવા ગણધરને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્નકર્તા તરીકે મૂકીને તેણે એ જ વસ્તુ સૂચિત કરી છે. ગણધરને કાંઈ સિદ્ધાંતની પ્રાથમિક બાબતો માટે શંકા હોય જ નહિ. તેને તો સિદ્ધાંતના કૂટ ભાગોની કે સિદ્ધાંત ન કહી શકાય તેવી જીવનની અન્ય બાબતોની શંકા કે જિજ્ઞાસા હોય. 'કુતૂહલખંડ'માં સહેજ નજર ફેરવતાં જ એ વસ્તુની પ્રતીતિ થશે; જો કે મુમુક્ષુ ગણધર કેવલજ્ઞાની ગુરુને આવા જ પ્રશ્નો પૂછે શું, એમ ત્યાં તરત પ્રશ્ન થશે; અને તેથી જ તે ખંડનું નામ જાણીજોઈને 'કુતૂહલખંડ' આપ્યું છે, તથા તેને એ રીતે જુદો તારવી બનાવ્યો છે. અસ્તુ; તો પછી આ ગ્રંથનું પ્રયોજન અને વિષય શું છે ?

આખો ગ્રંથ જોયા બાદ એવો નિર્ણય કરવાનું મન થાય છે કે, આ ગ્રંથ 'ગણિતાનુયોગ' કોટીનો ગ્રંથ છે. એટલે કે આમાં સિદ્ધાંત નહીં, પણ સિદ્ધાંતનું ગણિત છે. એટલે કે, જેમ આપણે ગણિતનો દાખલો ગણ્યા બાદ, તે ખરો છે કે નહિ, એ જાણવા તાળો મેળવીએ છીએ, તેમ આ ગ્રંથમાં સિદ્ધાંતના જુદી જુદી રીતે તાળા મેળવ્યા છે. તે તાળો જવાબમાં કાંઈ ભૂલ પકડવા માટે નથી મેળવ્યો; પરંતુ શિષ્યની બુદ્ધિ તીક્ષ્ણ થાય, તેની સ્મૃતિશક્તિ કસાય, અને ધ્યાનાદિથી પરવાર્યા બાદ અપરિગ્રહી સાધુને બુદ્ધિ કસવાનું એક નિર્દોષ તેમ જ પવિત્ર સાધન મળી રહે, એ જ આ ગ્રંથનો હેતુ લાગે છે. બુદ્ધભગવાન ધ્યાનાદિથી પરવારેલા સાધુને મનને રોકવાના નિર્દોષ સાધન તરીકે નસકોરા વાટે જતા અને આવતા શ્વાસ ઉપર વૃત્તિ રાખવાનું કહેતા. તેના જેવું જ આ સાધન પણ છે. ગ્રંથમાં ફેર ફેર આવતા તે ભાગો ઉપરથી જણાશે કે, એ વસ્તુ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથકર્તાએ કેવી સચોટ રીતે પાર પાડી છે. સામાન્ય શ્રાવક સમુદાય આગળ આ સૂત્રનું જે પારાયણ થાય છે, તે ઉપરથી તો કોઈ એમ જ માની બેસે કે, આ ગ્રંથ કોઈ લોકપ્રિય ઉપદેશગ્રંથ હશે. પરંતુ મને લાગે છે કે આ ગ્રંથ 'શ્રવ્ય' – સાંભળવાનો ગ્રંથ તો છે જ નહિ. જેને આખો ગ્રંથ અને તેનો વિષય કંઠસ્થ છે, તે પણ આ ગ્રંથ બીજાને મોંએ સાંભળીને સાથે ચાલી ન શકે. કારણ કે આમાં તો એક એક વસ્તુ જાતે ગણવાની છે. તેમાં સાંભળવાનું કે સમજવાનું કશું નથી. એટલે જ એવો ગ્રંથ શ્રવણ અને પારાયણ માટે પસંદ કરવામાં શો હેતુ હશે તે સમજાતું નથી. કદાચ કેવળજ્ઞાનીને પૂછેલા અનેક પ્રશ્નોના કેવળજ્ઞાનીએ સ્વમુખે આપેલા ઉત્તરો તેમાં છે, તે હેતુથી પુણ્યદૃષ્ટિએ કેવળજ્ઞાનીનાં ઉચ્ચારેલાં વચનોનું પારાયણ કરવાનો ધરાદો હોય તો જુદી વાત.

એટલે જ પહેલી વાર ઉપદેશગ્રંથ ધારીને આ ગ્રંથ વાંચવાનું શરૂ કરનાર થોડે જ દૂર જઈને અટકી પડે છે. મૂંઝાય છે અને કંટાળે છે; પરંતુ જ્યારે તેની ગણિતની કસરતોની ખાસિયત તેને સમજવા લાગે છે, અને તેમાં તે એકાગ્ર થાય છે, ત્યારે તેને ધાર્યા કરતાં જુદી તરેહનો રસ ઉત્પન્ન થાય છે. તેથી જ આ ગ્રંથ જૂના કાવ્ય-શાસ્ત્રીઓના શબ્દમાં કહીએ તો, '**નાલિકેરસમાકાર**' છે. ઉપરનું કઠણ પડ ભેદો, તો પછી અંદર અમૃતરસ વિદ્યમાન છે; બાકી તો કાથીની ચોટલી જ છે, જેમાં નથી સ્વાદ, નથી ગંધ, નથી રસ, કે નથી સ્પર્શ; અથવા તો દાંત અને માથું તોડે તેવું કોચલું જ છે!

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આ અનુવાદમાં જે ખંડો પાડ્યા છે, તે સ્થૂલ રીતે જ પાડ્યા છે. ચારિત્રખંડમાં સિદ્ધાંતખંડનું વસ્તુ ન જ આવે, કે સિદ્ધાંતખંડમાં સાધનખંડનું વસ્તુ ન આવે, એમ અને જ નહિ. તેમ જ નારકખંડ, દેવખંડ, કે અન્યજીવ-ખંડમાં સિદ્ધાંતભાગ ન હોય તો બીજું શું હોય? પરંતુ આ રીતનું જાડું વર્ગીકરણ પણ વાચકને તથા અભ્યાસીને ઉપયોગી થઈ પડશે. ગણિતખંડ અને કુતૂહલખંડ એ બે ખંડ તો આ ગ્રંથની ખાસિયત વાચકના ધ્યાનમાં આવે તે દૃષ્ટિએ જ જુદા તાર્યા છે. બાકી, તે બે ખંડનું વસ્તુ તો અન્ય ખંડોમાં સમાઈ જાય તેવું જ છે.

•

એક લાલબત્તી અહીંથી જ ધરી લીધે છૂટકો. આ ગ્રંથ પ્રાથમિક અભ્યાસી માટે નથી જ. આ માળાના અન્ય જૈન ગ્રંથોનું જેને સ્મૃતિયુક્ત જ્ઞાન છે, તથા તત્ત્વાર્થસૂત્ર જેવા ગ્રંથો જેણે સમજીને વિચર્યા છે, તેવો અભ્યાસી જ આ ગ્રંથને સમજી શકે કે તેનો આસ્વાદ લઈ શકે. આ ગ્રંથને પ્રાથમિક અભ્યાસીની જરૂરિયાતની દૃષ્ટિએ ટીકા–ટિપ્પણથી સરળ કરવાનો પ્રયત્ન કરવો એ તો નિરર્થક જ લાગે છે. કારણ કે અત્યારના કદથી બમણું કદ કરી નાખીએ તો જ એ હેતુ પાર પડે. અને તો પણ આ જ માળાના અન્ય ગ્રંથોના વસ્તુનું આ ગ્રંથમાં પુનરાવર્તન કરવું, એ સમય અને દ્રવ્યનો નિરર્થક વ્યય કરવા જેવું કહેવાય. તો પણ સિદ્ધાંતના મોહિતગાર અભ્યાસીને તે તે વિગતની યાદ લેવરાવવા પૂરતી નોંધો તો ઠેર ઠેર વેરી જ છે; તેમ જ પ્રશ્નની શરૂઆતમાં વિસ્તૃત વિવરણો ઉમેર્યાં

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે, જેથી વાચકને આગળનો પ્રશ્ન સમજવામાં સુગમતા થાય.

આ ગ્રંથમાંથી અમુક ભાગો પસંદ કરીને જ તેમનો અનુવાદ આપ્યો હોત, તો આ ગ્રંથ સુવાચ્ય તેમ જ સંક્ષિપ્ત થાત ખરો. પણ એ રીતે સહેલા ઉપદેશાત્મક ભાગો જ પસંદ કરવા એ તો મૂળ ગ્રંથને ઉત્તરાધ્યયન, દશવૈકાલિક કે તેવા ઉપદેશાત્મક ગ્રંથો જેવો કરી મૂકવા જેવું થાય. ભગવતીસૂત્ર કઈ જાતનો ગ્રંથ છે એ પ્રમાણિકપણે રજૂ કરવું હોય, તો પછી મૂળ ગ્રંથના વિષયને અને તેની શૈલીને પૂરેપૂરી જાળવવી જ જોઈએ. તેમ કરવા જતાં ગ્રંથ સામાન્ય વાચક માટે જરા કઠિન બન્યો છે, તથા તેનું કદ પણ વધ્યું છે; પરંતુ તે બાબતમાં તો નિરુપાયતા જ છે.

ભગવતીસૂત્રમાંથી 'સુભાષિતો' જેવું કાંઈ તારવી કાઢી શકાય તેવું ન હોવાથી, આ માળાના અન્ય ગ્રંથોની જેમ તે વિભાગ આ વખતે પડતો મૂક્યો છે. પરંતુ આવા ઉપયોગી ગ્રંથને યોગ્ય એવી વિસ્તૃત સૂચિ અંતે આપી છે. એ સૂચિ એવી રીતે તૈયાર કરી છે કે, જેથી તે આ ગ્રંથના શબ્દકોશ (ડિક્ષનેરી)ની ગરજ પણ સારે. આ ગ્રંથમાં એવું સ્વાભાવિક રીતે જ બન્યું છે કે, શરૂઆતમાં આવતી કોઈ બાબતનું વિસ્તારથી વિવરણ પછીના ખંડમાં આવતું જ હોય છે. એટલે તેવી જગાએ વાચક આ સૂચિનો ઉપયોગ છૂટથી કરી શકે. નોંધ કે ટિપ્પણમાં કે ગ્રંથમાં જ્યાં જ્યાં અમુક પારિભાષિક શબ્દો કે વિગતોનું વિવરણ છે, તે આ સૂચિમાં કાળજીથી નોંધ્યું છે. તેથી શબ્દકોશની

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે આ સૂચિનો ઉપયોગ કરવાથી આ ગ્રંથ સમજવામાં ઘણી સુગમતા થશે એવી માન્યતા છે.

આ અનુવાદથી જૈન સમાજનો એક બહુમાન્ય ગ્રંથ થોડે પણ અંશે સુવાચ્ય તેમ જ સુલભ થાય, એ ધરાદાથી આ પ્રયત્ન કરેલો છે. તે કેટલે અંશે સફળ થયો છે, તે કહેવાનું કામ તજ્જ્ઞોનું છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમણિકા

ઉપોદ્‌ઘાત . . . ૩

ખંડ ૧ લો

સાધન-ખંડ

મંગલાચરણ ૩
૧. સત્સંગનો મહિમા . . . ૫
૨. ધર્મજ્ઞાનનું મૂળ . . . ૧૬
૩. જ્ઞાન અને ક્રિયા . . . ૩૦
૪. ક્રિયા અને બંધ . . . ૩૪
૫. વેદના અને નિર્જરા . . . ૪૬
૬. જીવોનું ભારેપણું અને અલ્પાયુષીપણું . . ૫૧
૭. સાધુ ૫૪
૮. ભિક્ષા ૯૬
૯. કયું પાપ લાગે? . . . ૧૦૩
૧૦. સાધકોની વિવિધ શક્તિઓ . . . ૧૧૭
૧૧. કર્મ અને ભોગ . . . ૧૩૧
૧૨. પ્રત્યાખ્યાન ૧૩૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩. આલોચના, પ્રાયશ્ચિત્ત અને તપ . . ૧૪૧
૧૪. કેટલીક વ્યાખ્યાઓ . . . ૧૫૪
વ્યવહાર ૧૫૪; ઉન્માદ ૧૫૬; પ્રત્યનીક ૧૫૭; ભાષા ૧૫૮; ઉપધિ–પરિગ્રહ–પ્રણિધાન ૧૫૯; પરિષહ ૧૬૧; ગણિપિટક ૧૬૩;
૧૫. પરચૂરણ ૧૬૬

ખંડ ૨ જો

ચારિત્ર–ખંડ

૧. આર્ય શ્રીરકંદક . . . ૧૭૧
૨. દેવરાજ ઈશાનેંદ્ર . . . ૧૮૮
૩. અસુરરાજ ચમર . . . ૧૯૭
૪. ત્રાયસ્ત્રિંશક દેવો . . . ૨૦૬
૫. શિવરાજ ૨૦૮
૬. સુદર્શન શેઠ . . . ૨૧૨
૭. શંખશેઠ ૨૨૦
૮. જયંતી શ્રાવિકા . . . ૨૧૫
૯. ઉદાયન રાજા ૨૨૯
૧૦. ગંગદત્ત દેવ . . . ૨૩૩
૧૧. મદ્રુક શ્રાવક ૨૩૭
૧૨. સોમિલ બ્રાહ્મણ . . . ૨૪૨
૧૩. નાનો અતિમુક્તક . . . ૨૪૬
૧૪. કેટલા શિષ્યો સિદ્ધ થશે ? . . ૨૪૭
૧૫. ગૌતમને આશ્વાસન . . . ૨૪૯
૧૬. મહાશિલાંકંટક સંગ્રામ . . ૨૫૧
૧૭. દેવાનંદા બ્રાહ્મણી . . . ૨૫૯
૧૮. જમાલિ ૨૬૨
૧૯. ગોશાલક ૨૭૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ખંડ ૩ જો

સિદ્ધાંત-ખંડ

૧. દ્રવ્યવિભાગ

૧. દ્રવ્યો ૩૦૯

૨. જીવવિભાગ

૧. જીવ ૩૧૪
૨. જીવનાં જ્ઞાન . . . ૩૧૯
પ્રમાણ ૩૩૭
૩. જીવોનું વર્ગીકરણ . . . ૩૩૮
છ વર્ગ ૩૩૮; ૧૪ પ્રકારના સંસારી જીવો ૩૫૦
૪. જીવો અને શરીર . . . ૩૫૪
પાંચ શરીર ૩૫૪; પાંચ ઇંદ્રિયો ૩૫૯
૫. જીવ અને ભાષા-મન-કાય . . . ૩૬૨
ભાષા ૩૬૨; મન ૩૬૬; કાય ૩૬૬
૬. જીવને લગતી કેટલીક બાબતો . . ૩૬૭
અધિકરણ ૩૬૭; વેદક ૩૬૯; કરણ ૩૭૦; સંજ્ઞા ૩૭૨; ભાવો ૩૭૨; લબ્ધિ ૩૭૬; યોગ ૩૮૪; કષાય ૩૮૭; વેદના ૩૮૮; ઉપયોગ ૩૯૨
૭. જીવ અને લેશ્યા . . . ૩૯૩
૮. જીવનાં મરણ, જન્મ અને મોક્ષ . . ૪૦૮
મરણ ૪૦૮; ગતિ ૪૦૯; યોનિ ૪૧૪; ગર્ભવાસ ૪૧૬; મોક્ષ ૪૨૪
૯. જીવ વિષે પરચૂરણ વિગતો. . . ૪૨૯

૩. કર્મવિભાગ

૧. આઠ કર્મપ્રકૃતિઓ . . . ૪૫૨
૨. કર્મ અને તેની સ્થિતિ . . . ૪૫૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩. કર્મને બાંધનારા ૪૫૯
૪. કર્મો વિષે કેટલીક વિગતો ૪૬૬

૪. પુદ્ગલવિભાગ

૧. પુદ્ગલ ૪૮૩

૫. અસ્તિકાય અને કાલવિભાગ

૧. અસ્તિકાય ૫૨૦
૩. કાલ ૫૩૫

૬. લોકવિભાગ

૧. લોક ૫૩૭
૨. લોકનો આકાર ૫૪૫
૩. લોકની સ્થિતિ ૫૫૬
૪. કર્મ અને અકર્મભૂમિ ૫૫૮

૭. પરચૂરણવિભાગ

૧. ચાલતું ચાલ્યું કહેવાય ૫૬૭
૨. કેટલા મતો છે ? ૫૭૦
૩. તુલ્યના પ્રકાર ૫૭૬
૪. પરચૂરણ બાબતો ૫૭૭

ખંડ ૪ થો

અન્યતીર્થિક-ખંડ

એક સાથે એક જ વેદ હોય ૫૮૩; કર્મ પ્રમાણે જ વેદના ન અનુભવે ૫૮૪; અહીં નર્યું દુઃખ જ નથી ૫૮૫; એકાંતબાલ ૫૮૫; કેવલજ્ઞાની અને યક્ષ ૫૮૬; રાજગૃહ નગરનો ઊના પાણીનો કુંડ ૫૮૭; મિથ્યાદૃષ્ટિનું વિપરીત જ્ઞાન ૫૮૮; નારક લોક ૫૮૯; સુખદુઃખ દેખાડી શકાય નહીં ૫૯૦; નિંદા એ સંયમ છે ? ૫૯૧; આજીવિકસિદ્ધાંત ૫૯૩; અસ્તિકાયનો સિદ્ધાંત ૫૯૫; એક સાથે બે ક્રિયા ન હોય ૫૯૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ખંડ ૫ મો

વિજ્ઞાન-ખંડ

૧. ખગોળ . ૬૦૧

સૂર્ય ૬૦૧; ચંદ્ર ૬૦૬; ગ્રહણ ૬૦૬; અજવાળું-અંધારું ૬૦૯; તમરકાય ૬૧૧; કૃષ્ણરાજિ ૬૧૩.

૨. ભૂગોળ ૬૧૫

ઋતુઓ ૬૧૫; વાયુઓ ૬૧૬; ભરતીઓટ ૬૧૭; વૃષ્ટિ ૬૧૮; દિશાઓ ૬૧૯.

૩. ઔષધિ ૬૨૩

૪. ગતિ અને બંધ ૬૩૨

૫. પરચૂરણ ૬૪૧

આશીવિષો ૬૪૧; દીવો ૬૪૨; સ્વપ્ન ૬૪૩; રંગ ૬૪૬; શબ્દ ૬૪૭.

ખંડ ૬ ઠ્ઠો

ગણિત-ખંડ

૧. પ્રવેશનકનું ગણિત ૬૫૧

૨. રાશિઓ ૬૫૮

ખંડ ૭ મો

કુતૂહલ-ખંડ

૧. વિવિધ પ્રશ્નો ૬૭૨

ખંડ ૮ મો

દેવ-ખંડ

૧. સામાન્ય કથન ૬૭૯

દેવોના પ્રકાર ૬૭૯; દેવોની સ્થિતિ ૬૮૧; દેવોના આવાસ ૬૮૩; દેવોની વધઘટ ૬૮૯; દેવોનો

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયભોગ ૬૯૧; દેવોની ભાષા ૬૯૪; દેવોની શક્તિ ૬૯૫; દેવ મરીને ક્યાં જાય ? ૬૯૭, દેવ વગેરે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ૬૯૭; દેવની શરમ ૭૧૦.

૨. વિશેષ કથન ૭૧૪

ભવનવાસી દેવો ૭૧૪; વૈમાનિકો ૭૧૯

ખંડ ૯ મો

નારક-ખંડ

૧. સામાન્ય કથન ૭૩૫

ખંડ ૧૦ મો

અન્યજીવ-ખંડ

૧. પૃથ્વીકાયિકાદિ જીવો ૭૫૩

લેખકનું સ્તવન ૭૬૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતી-સાર

ખંડ ૧ લો

સાધન-ખંડ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મંગલાચરણ

પૂજનને યોગ્ય 'અર્હંતો'ને નમસ્કાર !
મોક્ષગતિને પામેલા 'સિદ્ધો'ને નમસ્કાર !
મર્યાદાપૂર્વક સેવવા લાયક 'આચાર્યો'ને[1] નમસ્કાર !
જેમના સાન્નિધ્યમાં શાસ્ત્રજ્ઞાનનો લાભ થાય છે, તે 'ઉપાધ્યાયો'ને નમસ્કાર !
મોક્ષને સાધવા ઇચ્છતા સમ્યક્ત્વ યુક્ત 'સાધુઓ'ને[2] નમસ્કાર !
શાસ્ત્રનું પઠન જેની મદદથી થાય છે, તે બ્રાહ્મી લિપિને[3] નમસ્કાર !
શાસ્ત્રને પોતાને નમસ્કાર !

---

૧. આ=મર્યાદાપૂર્વક+ચાર્ય સેવાય, તે. અથવા : આ=મર્યાદા-પૂર્વક=શાસ્ત્રાનુસાર+ચાર=આચરણ કરનાર, કહેનાર અને દર્શાવનાર તે આચાર્ય.

૨. મોક્ષં સાધયન્તિ, સમતાં વા સર્વભૂતેષુ ધ્યાયન્તિ ।

૩. આદિ તીર્થંકરે જમણે હાથે લખવારૂપી લિપિનું વિધાન પહેલવહેલું પોતાની બ્રાહ્મી નામની પુત્રીને શીખવ્યું હોવાથી લિપિ અથવા લેખનકળાને બ્રાહ્મી નામ મળ્યું છે, જો કે બ્રાહ્મી નામની વિશિષ્ટ પ્રકારની લિપિ પણ છે. જુઓ અઢાર પ્રકારની લિપિ માટે આ માળાનું 'ધર્મકથાઓ' પુસ્તક પા. ૨૦૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧

સત્સંગનો મહિમા

જૂના વખતની વાત છે. તુંગિકા[૧] નગરીમાં તે વખતે ઘણા જૈન ગૃહસ્થો રહેતા હતા. તેઓ અઢળક ધનવાળા અને સુસંપન્ન હતા. તેઓ ધીરધાર કરીને તેમ જ કળા-હુનરમાં પૈસા રોકીને આજીવિકા ચલાવતા હતા. તેઓ જીવ શું, અજીવ શું વગેરે ધર્મસિદ્ધાંતોના જાણકાર હતા; તેમને પાપ-પુણ્યનો ખ્યાલ હતો; શાથી પાપકર્મ બંધાય છે, કેવી રીતે તેને રોકી શકાય, કેવી રીતે તેને ખંખેરી નાખી શકાય, શારીરિક વગેરે ક્રિયાઓમાંથી કઈ શુભ છે કે અશુભ છે, તેમ જ જીવનવ્યવહારનાં વિવિધ સાધનોમાંથી કયાં સ્વીકાર્ય કે અસ્વીકાર્ય છે, એ બધું તેઓ સમજતા હતા. તેઓ કોઈ પણ કાર્યમાં બીજાની આશા ઉપર નિર્ભર ન હતા; તથા

---

૧. એક જૂના અહેવાલ મુજબ તે નગરી પાટલિપુત્ર (પટણા)-થી ૧૦ કોશ (ગાઉ) દૂર હતી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈથી ગાંજ્યા જાય તેવા ન હતા. જૈન સિદ્ધાંતમાં તેઓ એવા ચુસ્ત હતા કે, દેવ વગેરે આવીને ગમે તેટલા તેમને ભમાવે તો પણ તેઓ ચળે નહીં. તેઓને જૈન સિદ્ધાંતમાં વર્ણવેલ તત્ત્વો બાબત શંકા ન હતી, કે તેમાં જણાવેલ આચાર બાબત વિચિકિત્સા ન હતી. તેઓએ શાસ્ત્રાધ્યયન કરી, તેના અર્થને નિર્ણીત કર્યો હતો; તથા જૈન સિદ્ધાંત ઉપર હાડેહાડ પ્રેમ વ્યાપેલો હોવાથી તેઓ એમ કહેતા કે, 'આ સિદ્ધાંત જ અર્થરૂપ કે પરમાર્થરૂપ છે; બાકી બધું અનર્થરૂપ છે!'

તેઓની ઉદારતાને કારણે તેઓના દરવાજાઓના આગળા હમેશાં ઊંચા જ રહેતા, અને તેમનાં આંગણાં જ્યારે-ત્યારે જમી ઊઠેલાઓના એંઠવાડવાળાં જ હોતાં. તેઓ એવા પવિત્ર ચારિત્રવાળા હતા કે, કોઈના અંતઃપુરમાં તેઓ જતા તો કોઈને કશી શંકા જ આવતી નહોતી. તેઓ સ્થૂલ અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય, અપરિગ્રહ અને અસ્તેયરૂપી 'શીલવ્રતો';[૧] મર્યાદિતક્ષેત્રમાં જ પ્રવૃત્તિ કરવી, ભોગોપભોગની વસ્તુઓની મર્યાદા બાંધવી, અને પ્રયોજન વિનાનો અધર્મવ્યાપાર ત્યાગવો, — એ રૂપી 'ગુણવ્રતો'; રાગદ્વેષાદિથી વિરમવારૂપી 'વિરમણવ્રત'; પાપકર્મ ત્યાગવાના નિયમરૂપી 'પ્રત્યાખ્યાનવ્રત'; ચૌદશ, આઠમ, અમાસ અને પૂનમે ઉપવાસ, બ્રહ્મચર્યપાલન, વગેરે રૂપી 'પૌષધવ્રત', તથા શ્રમણ-સાધુને અન્ન-પાન, વસ્ત્ર-પાત્ર વગેરે આપવારૂપી 'અતિથિસંવિભાગ[૨]-વ્રત' બરાબર

---

૧. એટલે કે અણુવ્રતો.

૨. એ બધાં વ્રતોના વિગતવાર વર્ણન માટે જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક, પા. ૨૦-૫૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આચરતા હતા, તથા વિવિધ તપકર્મ વડે આત્માને ભાવિત[૧] કરતા વિહરતા હતા.

તે અરસામાં, મહાવીરની પહેલાંના જૈન તીર્થંકર પાર્શ્વનાથના[૨] શિષ્ય ૫૦૦ સાધુભગવંતો, વિચરતા વિચરતા તુંગિકામાં આવી પહોંચ્યા; અને યોગ્ય સ્થળ શોધીને ઊતર્યા. તેઓ જાતિ, કુલ, બલ, રૂપ, વિનય, જ્ઞાન, દર્શન, અને ચારિત્ર-યુક્ત હતા; લજ્જાળુ, નમ્ર, ઓજસ્વી,[૩] તેજસ્વી, પ્રતાપી અને કીર્તિમાન હતા; ક્રોધ, માન, માયા, લોભ, નિદ્રા, ઇંદ્રિયો, સંકટો તથા વિઘ્નોને[૪] જીતનારા હતા; જીવવાની દરકાર વિનાના હતા, મરણની બીક વિનાના હતા; તથા જ્ઞાનાદિની બાબતમાં મહાભંડારરૂપ[૫] હતા. તેઓ તપસ્વી હતા, ગુણવંત હતા, નિર્દોષ ભિક્ષાચર્યાથી જીવનારા હતા, અને સુવ્રતી હતા. વળી તેઓ નિગ્રહપ્રધાન, નિશ્ચયપ્રધાન, ક્ષમા-મુક્તિ-વિદ્યા-મંત્ર-વેદ-બ્રહ્મચર્ય-નય[૬]-નિયમ-સત્ય-પવિત્રતા તથા સુબુદ્ધિથી યુક્ત,

---

૧. વાસિત કરવું, એકાગ્ર કરવું, ચિંતન કરવું વગેરે સામટા અર્થોમાં તે શબ્દ જૈન સાહિત્યમાં વારંવાર વપરાય છે.

૨. તેમની વિશેષ માહિતી માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૩૧.

૩. મનની સ્થિરતા-અડગવૃત્તિ-વાળા.

૪. મૂળમાં તેમને માટે જૈન પારિભાષિક 'પરિષહ' શબ્દ છે. તેને માટે જુઓ આગળ આ ખંડમાં તે નામનું પ્રકરણ.

૫. મૂળમાં તેને માટે 'કુત્રિકાપણ' શબ્દ છે; એટલે કે, ત્રણે લોકની વસ્તુઓ જ્યાંથી મળી શકે તેવી દુકાન.

૬. વસ્તુને જોવાનાં અનેક દૃષ્ટિબિંદુઓમાંથી કોઈ પણ એક. બધાં દૃષ્ટિબિંદુઓનો સમન્વય કરનાર પુરુષ 'નયજ્ઞ' કહેવાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધિમાં હેતુરૂપ, સર્વ જીવોના મિત્ર, તપના ફળની આકાંક્ષા[૧] વિનાના, અચંચળ, સંયમરત, સાધુપણામાં લીન તથા દોષરહિત પ્રશ્નોત્તરવાળા હતા.

તેઓના આવ્યાની વાત ટૂંક સમયમાં આખા ગામમાં સર્વત્ર ફેલાઈ ગઈ. પેલા જૈન ગૃહસ્થો પણ તે વાત સાંભળી માંહોમાંહે કહેવા લાગ્યા કે, 'હે ભાઈઓ! એવા સાધુભગવંતોનું નામ કે ગોત્ર પણ આપણે કાને પડી જાય તોપણ મોટું ફળ છે, તો પછી તેઓની સામે જવાથી, તેઓને વંદવાથી અને તેઓની સેવા કરવાથી તો કેટલું અધિક કલ્યાણ પ્રાપ્ત થાય? વળી આર્ય પુરુષે કહેલ એક પણ આર્ય અને સુધાર્મિક વચન સાંભળવાથી અતિ લાભ થાય છે, તો પછી તેવો ઘણો અર્થ સાંભળવાથી થતા લાભની તો વાત જ શી કરવી? માટે ચાલો આપણે ત્યાં જઈએ અને તેમને વંદન કરી, તેમની પર્યુપાસના કરીએ! એમ કરવું આપણને બીજા ભવમાં, પથ્ય અન્નની પેઠે, હિતરૂપ, ક્ષેમરૂપ, મુક્તિરૂપ તથા પરંપરાએ કલ્યાણરૂપ થશે'!

આમ વિચારી તેઓ પોતપોતાને ઘેર ગયા. ઘેર જઈ, સ્નાન કરી, ગોત્રદેવીનું પૂજન કરી, કૌતુક અને મંગલરૂપ[૩] પ્રાયશ્ચિત્ત કરી, તથા બહાર જવાને યોગ્ય માંગલિક શુદ્ધ વસ્ત્રોને

---

૧. મૂળમાં તેનો પારિભાષિક શબ્દ 'નિદાન' છે.

૨. મૂળ: 'હે દેવાનુપ્રિય!'.

૩. રાત્રે આવેલાં કુસ્વપ્નાદિના નિવારણ અર્થે તેમજ શુભ શકુનને અર્થે કરાતી તિલકધારણ, તથા સરસવ-દહીં વગેરે માંગલિક વસ્તુઓનું દર્શન, વગેરે ક્રિયાઓ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તમતાપૂર્વક પહેરી, તેઓ ઘેરથી નીકળી એક ઠેકાણે ભેગા થયા; અને પછી પુષ્પવતી ચૈત્ય,[૧] કે જ્યાં પેલા સાધુઓ ઊતર્યા હતા, ત્યાં આવ્યા. પાસે પહોંચતાં જ તેઓએ પોતાની પાસેનાં બધાં સચિત્ત દ્રવ્યો કોરે મૂક્યાં; અચિત્ત દ્રવ્યો જ સાથે રાખ્યાં; ખેસને જનોઈની પેઠે વીંટાળ્યો;[૨] તથા તે સાધુઓ દૃષ્ટિએ પડતાં જ હાથ જોડ્યા અને મનને એકાગ્ર કર્યું. આ પ્રમાણે નજીક જઈ, તેઓએ ત્રણ વાર પ્રદક્ષિણા કરી, તેમની મન-વાણી-કાયાથી પર્યુપાસના કરી.

પેલા સાધુ ભગવંતોએ પણ ઘણા લોકોને આવ્યા જોઈ, ચાર મહાવ્રતવાળા[૩] ધર્મનો ઉપદેશ કર્યો. તેનું શ્રવણ કરી, લોકસમુદાય હર્ષિત તથા સંતુષ્ટ થઈ, તેમની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, 'તમે ઠીક કહ્યું; આવું કથન બીજા વડે અસંભવિત છે,' એમ કહી, તેમને નમન કરી, પોતપોતાને ઠેકાણે ચાલ્યો ગયો.

ત્યાર બાદ પેલા જૈન ગૃહસ્થોએ પણ તેમની પ્રદક્ષિણા વગેરે કરીને તેમને આ પ્રમાણે પૂછ્યું:

"હે ભગવન્! સંયમનું શું ફળ છે? તથા તપનું શું ફળ છે?"

---

૧. કોઈ દેવનું સ્થાનક-મંદિર.

૨. તેને 'એકશાટિક-ઉત્તરાસંગ' કહે છે.

૩. પાર્શ્વનાથના વખતમાં પાંચમા બ્રહ્મચર્યવ્રતનો અપરિગ્રહમાં જ સમાવેશ કરી લેવામાં આવતો. કારણકે, સ્ત્રીને પરિગ્રહનો જ એક ભાગ ગણવામાં આવતી. એ સંબંધી તે સમયમાં જ ચાલેલી ચર્ચા માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પાનું ૧૩૪.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પેલા સાધુ ભગવંતોએ જવાબ આપ્યો: "હે આર્યો! સંયમથી નવાં કર્મો બંધાતાં અટકે છે; અને તપથી પૂર્વે બંધાયેલાં કર્મો દૂર થાય[૧] છે."

આ સાંભળી પેલા ગૃહસ્થોએ પૂછ્યું કે, "અમે સાંભળ્યા પ્રમાણે સંયમથી દેવલોકની પ્રાપ્તિ થાય છે, અને દેવ થવાય છે, તેનું શું?"

ત્યારે તે સાધુઓએ[૨] જવાબ આપ્યો: "સરાગ અવસ્થામાં આચરેલા તપથી, સરાગ અવસ્થામાં પાળેલા સંયમથી, મૃત્યુ પહેલાં બધાં કર્મોનો નાશ ન કરી શકાવાથી, કે બાહ્ય સંયમ હોવા છતાં અંતરમાં રહેલી આસક્તિથી મુક્તિને બદલે દેવપણું પ્રાપ્ત થાય છે. એ વાત સાચી છે માટે અમે કહી છે, અમારા અભિમાનથી કહી નથી."

આ જવાબ સાંભળી પેલા જૈન ગૃહસ્થો સંતુષ્ટ તથા હર્ષિત થયા; અને બીજા પણ કેટલાક પ્રશ્નો પૂછી, તથા પ્રદક્ષિણા–વંદનાદિ કરી પોતપોતાને સ્થળે પાછા ફર્યા.

તે અરસામાં શ્રમણ ભગવાન મહાવીર શિષ્યસમુદાય[૩] સાથે ફરતા ફરતા રાજગૃહ નગરમાં આવી પહોંચ્યા, અને

---

૧. એ ક્રિયાને જૈન પરિભાષામાં 'વ્યવદાન' (કાપવું–સાફ કરવું) કહે છે.

૨. આ જવાબ મૂળમાં કાલિકપુત્ર, મેધિલ, આનંદરક્ષિત, અને કાશ્યપ એ ચારે જણે આપેલો છે; અને દરેકે જવાબમાંનો એક એક અંશ છૂટો છૂટો કહ્યો છે.

૩. 'ઔપપાતિક સૂત્ર' માં જણાવ્યા પ્રમાણે ૧૪,૦૦૦ સાધુ તથા ૩૬,૦૦૦ સાધ્વીઓ સાથે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે નગરના ઈશાનખૂણામાં આવેલા 'ગુણશિલક' ચૈત્યમાં ઊતર્યા. તે ભગવાન ધર્મના[૧] 'આદિકર્તા' હતા; 'તીર્થંકર' હતા; અન્યના ઉપદેશ વિના સ્વયં તત્ત્વબોધ પામેલા હતા; પુરુષોમાં શ્રેષ્ઠ હતા; સકલ લોકમાં શ્રેષ્ઠ હતા; સમગ્ર જગતના નાથ, પ્રદીપરૂપ, પ્રકાશક, અભયદાન દેનારા, જ્ઞાનરૂપી નેત્ર આપનારા, માર્ગપ્રદર્શક, શરણરૂપ, ધર્મદેશક, ધર્મસારથિ, ધર્મચક્રવર્તી, કેવલજ્ઞાની,[૨] શઠતારહિત, રાગદ્વેષને જીતનાર જિન, સકલ તત્ત્વના જ્ઞાતા, જાતે બુદ્ધ અને મુક્ત હોઈ અન્યને બોધ તેમ જ મુક્તિ અપાવનારા, સર્વજ્ઞ, અને સર્વદર્શી હતા; તથા શિવ (કલ્યાણરૂપ), અચલ, રોગરહિત[૩], અનંત[૪], અક્ષય, વ્યાબાધરહિત, અને પુનરાવૃત્તિ રહિત એવા સિદ્ધગતિ નામના સ્થાનને પામવાની ઇચ્છાવાળા[૫] હતા.

તે અરસામાં ભગવાનના મોટા શિષ્ય ઇંદ્રભૂતિ[૬] નામના સાધુ સંયમ અને તપ આચરતા તેમની સાથે જ ફરતા હતા. તે સાડાસાત હાથ ઊંચા હતા; તેમનો શારીરિક બાંધો ઉગ્ર

---

૧. 'આચારાંગાદિ શાસ્ત્રમાં કહેલ ધર્મના.'—ટીકા.

૨. અસ્ખલિત, તેમજ વ્યવધાનયુક્ત પદાર્થોને પણ જાણનાર શ્રેષ્ઠ જ્ઞાન તથા દર્શનવાળા.

૩. રોગના કારણરૂપ શરીર અને મનનો મુક્ત સ્થિતિમાં અભાવ હોવાથી.

૪. અનંત પદાર્થ વિષયક જ્ઞાનસ્વરૂપ.

૫. આ ઇચ્છા કામનારૂપે ગણવાની નથી; તેમને હવે વિદેહમુક્તિ બાકી હતી, એટલો જ તેનો અર્થ છે.

૬. તેમની વિશેષ માહિતી માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૩, ૨૪૦, ૨૬૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ જ અંતિમ કોટીનું ધ્યાન સાધી શકાય તેવો હતો[૧]; તેમનો વર્ણ કસોટીના પથરા ઉપર પડેલી સોનાની રેખા સમાન ગૌર હતો; તે ઉગ્ર તપસ્વી હતા; ઘોર બ્રહ્મચારી હતા; ધ્યાનરત હતા; શરીરની પરવા તેમ જ ટાપટીપ વિનાના હતા; તપવિશેષથી તેમને અનેક યોજન પ્રમાણ ક્ષેત્રમાં રહેલા પદાર્થોનું દહન કરવામાં સમર્થ એવી તેજોલેશ્યા પ્રાપ્ત થઈ હતી; તીર્થંકરોએ અંગગ્રંથોની પણ પહેલાં ઉપદેશેલા ૧૪ 'પૂર્વ' ગ્રંથોના[૨] તે જ્ઞાનકાર હતા; ઇંદ્રિય કે મનની સહાયતા વિના જ ગમે તે કાળના અને ગમે તે ક્ષેત્રના રૂપી પદાર્થોનું જ્ઞાન કરવાની શક્તિ તેમને પ્રાપ્ત થઈ હતી[૩]; તેમ જ મનવાળાં પ્રાણીઓનાં મન પણ તે જોઈ શકતા હતા[૪]; તેમને સકળ અક્ષરસંયોગોનું જ્ઞાન હતું, અથવા સાંભળવા યોગ્ય શબ્દોને સુસંગત રીતે બોલવાનો તેમનો સ્વભાવ હતો. તેમને કેવળજ્ઞાન થવાનું જ બાકી હતું.

તે ગૌતમ ઇંદ્રભૂતિએ તે વખતે ૭ ટંકનો ઉપવાસ કરેલો હતો. તેના પારણાને દિવસે પહેલી પૌરુષીમાં[૫] તેમણે સ્વાધ્યાય

---

૧. તે બાંધાને જૈન પરિભાષામાં વજ્ર-ઋષભ-નારાચ-સંહનન કહે છે. તેની વિગત માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૨૯, ટિ. ૧.

૨. તે ગ્રંથો વિષે વધુ માહિતી માટે જુઓ આ માળાનું 'સંયમધર્મ' પુસ્તક, પા. ૭.

૩. પરિભાષામાં તેને 'અવધિ લબ્ધિ' કહે છે.

૪. પરિભાષામાં તેને 'મનઃપર્યવ લબ્ધિ' કહે છે.

૫. પૌરુષી એટલે દિવસ કે રાતનો ચોથો ભાગ. વિશેષ માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૫૬, ટિ. નં. ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યો; બીજી પૌરુષીમાં ધ્યાન કર્યું; અને ત્રીજી પૌરુષીમાં શારીરિક તથા માનસિક ચપળતા રહિત થઈને તેમણે પોતાની મુહપત્તી[૧] તપાસી લીધી તથા વાસણો અને વસ્ત્રો સાફ કર્યાં. પછી તે વાસણો લઈને તે ભગવાન મહાવીર પાસે આવ્યા અને તેમને નમન કરીને તેમની પાસેથી ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં વિધિપૂર્વક ભિક્ષા માટે જવાની પરવાનગી માગી. પરવાનગી મળતાં તે શારીરિક અને માનસિક ઉતાવળને છોડી દઈ, અસંભ્રાંત ચિત્તે, તથા ધૂંસરા જેટલે દૂરથી આગળની જમીન જોતા જોતા ભિક્ષા લેવા રાજગૃહ નગરમાં ગયા.

ત્યાં ફરતાં ફરતાં તેમણે તુંગિકાના જૈન ગૃહસ્થોને પાર્શ્વનાથના શિષ્યો સાથે થયેલી વાતચીત સાંભળી. તે સાંભળીને તે બાબતમાં તેમને સંશય અને કુતૂહલ થયું. તેથી તેનો ખુલાસો મેળવવાની ઇચ્છાથી, જોઈતી ભિક્ષા મેળવીને તેઓ ભગવાન મહાવીર પાસે આવ્યા. ત્યાં આવ્યા બાદ જવા-આવવામાં થયેલ દોષોનું તથા ભિક્ષા લેતાં લાગેલા દોષોનું ચિંતન તથા કબૂલાત કરી લીધાં; અને લાવેલાં અન્નપાન મહાવીર ભગવાનને બતાવ્યાં. ત્યારબાદ તેમને પોતાને ઊભો થયેલો પ્રશ્ન પૂછ્યો કે, 'એ સાધુઓએ આપેલો જવાબ સાચો છે? તેઓ એવા પ્રકારનો જવાબ દેવા સમર્થ છે? વિપરીત જ્ઞાન વિનાના છે? સારી પ્રવૃત્તિવાળા છે? અભ્યાસીઓ છે? તથા વિશેષ જ્ઞાની છે?'

---

૧. શ્વાસોચ્છ્વાસથી અન્ય જીવજંતુને ઈજા ન થાય તે માટે જૈનસાધુઓ મોં ઉપર જે પટ્ટો બાંધે છે તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે મહાવીર ભગવાને જવાબ આપ્યો કે, હે ગૌતમ! તે સાધુઓએ સાચું જ કહ્યું છે; તેઓ એવા પ્રકારનો જવાબ દેવા સમર્થ છે; તેઓ વિપરીત જ્ઞાન વિનાના, સારી પ્રવૃત્તિવાળા, અભ્યાસી તેમ જ વિશેષજ્ઞાની છે. અને હું પોતે પણ એમ જ કહું છું, તથા જણાવું છું.

હવે ગૌતમે ભગવાનને પૂછ્યું :

'હે ભગવન્! તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણની પર્યુપાસના કરનાર મનુષ્યને શું ફળ મળે?'

ઉ૦—હે ગૌતમ! સજ્જનની પર્યુપાસનાનું ફળ શ્રવણ છે.

પ્ર૦—હે ભગવન્! શ્રવણનું શું ફળ છે?

ઉ૦—હે ગૌતમ! શ્રવણનું ફળ જ્ઞાન છે.

પ્ર૦—હે ભગવન્! જ્ઞાનનું શું ફળ છે?

ઉ૦—હે ગૌતમ! જ્ઞાનનું ફળ વિજ્ઞાન[૧] છે.

પ્ર૦—હે ભગવન્! વિજ્ઞાનનું શું ફળ છે?

ઉ૦—હે ગૌતમ! વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન[૨] છે.

પ્ર૦—હે ભગવન્! પ્રત્યાખ્યાનનું શું ફળ છે!

ઉ૦—હે ગૌતમ! પ્રત્યાખ્યાનનું ફળ સંયમ છે.

પ્ર૦—હે ભગવન્! સંયમનું શું ફળ છે?

ઉ૦—હે ગૌતમ! સંયમથી પાપકર્મનાં દ્વારો[૩] બંધ થાય છે.

---

૧. આ વસ્તુ હેય છે, આ વસ્તુ ઉપાદેય છે—એવું વિવેકજ્ઞાન.

૨. પાપથી અટકવું, પાપના ત્યાગનો નિયમ કરવો તે.

૩. મૂળમાં 'આસ્રવ' છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦—હે ભગવન્! પાપકર્મનાં દ્વારો બંધ થવાથી શું થાય છે?

ઉ૦—હે ગૌતમ! તેમ થવાથી તપાચરણ શક્ય બને છે.

પ્ર૦—હે ભગવન્! તપાચરણનું શું ફળ છે?

ઉ૦—હે ગૌતમ! તપાચરણથી આત્માનો કર્મરૂપી મેલ સાફ થાય છે.

પ્ર૦—હે ભગવન્! તેમ થવાથી શું થાય છે?

ઉ૦—હે ગૌતમ! તેમ થવાથી સર્વ પ્રકારના કાયિક, માનસિક અને વાચિક વ્યાપારોનો નિરોધ થાય છે.

પ્ર૦—હે ભગવન્! તે નિરોધથી શું થાય છે?

ઉ૦—હે ગૌતમ! તે નિરોધથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ગાથા

ઉપાસના-શ્રવણ-જ્ઞાન-વિજ્ઞાન-પ્રત્યાખ્યાન-સંયમ;
અનાસ્રવ – તપ – કર્મનાશ – અક્રિયપણું – સિદ્ધિ.

— શતક ૨, ઉદ્દેશક, ૫.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨

ધર્મજ્ઞાનનું મૂળ

૧

ભગવાન મહાવીર રાજગૃહનગરમાં ગુણશિલકચૈત્યમાં ઊતર્યા હતા, તે વખતે એક દિવસ ધર્મકથા વગેરે પતી ગયા પછી તેમના પટ્ટશિષ્ય ગૌતમ પોતાના મનમાં શંકા ઊભી થવાથી ભગવાન પાસે આવીને પૂછવા લાગ્યા:

પ્ર૦—હે ભગવન્! કેવલજ્ઞાની પાસેથી કે તેના શ્રાવક પાસેથી કે તેના ઉપાસક પાસેથી[૧] સાંભળ્યા વિના જીવને કેવલજ્ઞાનીએ કહેલા ધર્મનું જ્ઞાન થાય?

ઉ૦—હે ગૌતમ! કોઈ જીવને થાય, અને કોઈ જીવને ન થાય.

---

૧. મૂળમાં કેવલજ્ઞાનીના 'પાક્ષિક' પાસેથી તેમજ તે પાક્ષિકના શ્રાવક કે ઉપાસક પાસેથી, એટલું વધારે છે. દરેક ઠેકાણે શ્રાવિકા, તથા ઉપાસિકા પણ સમજી લેવાનાં છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦—હે ભગવન્! તેનું શું કારણ

ઉ૦—હે ગૌતમ! જે જીવે જ્ઞાનને આવરણ કરનાર કર્મનો[૧] કાંઈક અંશે ક્ષય તેમ જ અન્ય અંશે ઉપશમ કર્યો હોય[૨], તે જીવને કોઈની પાસેથી સાંભળ્યા વિના પણ કેવલીએ કહેલા ધર્મનું જ્ઞાન થાય. પરંતુ જે જીવના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ નથી થયો, તે જીવને કેવલી વગેરેની પાસેથી સાંભળ્યા વિના ધર્મનું જ્ઞાન ન થાય.

પ્ર૦—હે ભગવન્! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના કોઈ જીવ શુદ્ધ બોધિ એટલે કે સમ્યગ્દર્શન અથવા સમ્યક્ત્વ[૩] પ્રાપ્ત કરી શકે?

ઉ૦—હે ગૌતમ! જે જીવે દર્શનાવરણીય[૪] અર્થાત્ દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ કર્યો છે, તે જીવ કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના પણ શુદ્ધ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે; અને તેમ ન કરનારો જીવ કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના ન પ્રાપ્ત કરે.

પ્ર૦—હે ભગવન્! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના કોઈ પણ જીવ મુંડ એટલે કે દીક્ષિત થઈને, ગૃહવાસ ત્યજી પ્રવ્રજ્યાને સ્વીકારે?

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

૨. ઉદયમાં આવેલા અંશનો ક્ષય; અને બાકીનાનો ઉપશમ.

૩. અર્થાત્ સત્યની પ્રતીતિ, હેય કે ઉપાદેય તત્ત્વના યથાર્થ વિવેકની અભિરુચિ, તથા તેના બળથી ઉત્પન્ન થતી ધર્મતત્ત્વનિષ્ઠા.

૪. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦—હે ગૌતમ! જે જીવે ચારિત્રમાં અંતરાયભૂત ચારિત્રાવરણીય કર્મોનો[૧] ક્ષયોપશમ કર્યો છે, તે જીવ કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના પણ મુંડ થઈને, ગૃહવાસ તજી, પ્રવ્રજ્યા સ્વીકારે; પરંતુ જે જીવે તેમ નથી કર્યું, તે કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના તેમ ન કરે.

તે જ પ્રમાણે શુદ્ધ બ્રહ્મચર્યવાસ ધારણ કરવાની બાબતમાં પણ જાણવું.

પ્ર૦—હે ભગવન્! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના કોઈ જીવ શુદ્ધ સંયમ આચરી શકે?

ઉ૦—હે ગૌતમ! જે જીવે ચારિત્ર વિષે વીર્ય અથવા પરાક્રમ કરવામાં અંતરાય કરનાર[૧] વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ કર્યો હોય, તે કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના પણ શુદ્ધ સંયમ આચરી શકે; પરંતુ જે જીવે તેમ નથી કર્યું, તે તેમ ન કરી શકે.

તે જ પ્રમાણે અધ્યવસાનાવરણીય (ભાવચારિત્રાવરણીય) કર્મોનો ક્ષયોપશમ કરે તો કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળ્યા વિના પણ જીવ શુદ્ધ સંવર[૨] વડે આસ્રવનિરોધ કરે; તથા મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાનને[૩] આવરણ કરનારાં કર્મોનો ક્ષયોપશમ કરીને, તે તે જ્ઞાનો પણ પ્રાપ્ત કરી શકે.

પ્ર૦—હે ભગવન્! કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે?

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિ. નં. ૧.
૨. જુઓ પ્રકરણને અંતે ટિ. નં. ૨.
૩. જુઓ પ્રકરણને અંતે ટિ. નં. ૩.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ૦—હે ગૌતમ ! કેવલજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરનાર જીવ કેવલી વગેરે પાસેથી સાંભળ્યા વિના પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે.

નિરંતર છ છ ટંકના ઉપવાસનું તપ કરનાર, તથા સૂર્યની સામે ઊંચા હાથ રાખી તાપ તપનાર પુરુષ પ્રકૃતિના ભદ્રપણાથી, પ્રકૃતિના ઉપશાંતપણાથી, ક્રોધ–માન–માયા–લોભ ઘણાં ઓછાં થયેલાં હોવાથી, અત્યંત માર્દવ–નમ્રતાને પ્રાપ્ત થયેલ હોવાથી, આલીનપણાથી, ભદ્રપણાથી અને વિનીતપણાથી, કોઇકે દિવસ શુભ અધ્યવસાય, શુદ્ધ પરિણામ, અને શુદ્ધ ચિત્ત[1] યુક્ત બનીને (તથા તથારૂપ કર્મોનો ક્ષયોપશમ કરીને) ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરતાં કરતાં એક પ્રકારનું દિવ્યજ્ઞાન પ્રાપ્ત કરે છે. તેને 'વિભંગજ્ઞાન' કહે છે. તેને પ્રતાપે તે આંગળના અસંખ્યાતમા ભાગથી માંડીને વધારેમાં વધારે અસંખ્યેય હજાર યોજનો જેટલા ક્ષેત્રમાં આવેલાં તમામ મૂર્ત દ્રવ્યોને — કર્મધારી જીવો[2] તેમજ બીજા અજીવ પદાર્થોને — જોઈ શકે છે. તે રીતે તે, પાખંડી, હિંસાદિ પ્રવૃત્તિયુક્ત, પરિગ્રહયુક્ત અને સંક્લેશને પ્રાપ્ત થયેલા જીવોને પણ જાણે છે અને શુદ્ધ ચિત્તવાળા જીવોને પણ જાણે છે. તે ઉપરથી તે સાચા ધર્મનો વિવેક પ્રાપ્ત કરી, તેના ઉપર રુચિ કરે છે; ચારિત્રનો સ્વીકાર કરે છે; તથા લિંગ[3]

---

૧. મૂળ 'લેશ્યા' – મનોવૃત્તિ છે.

૨. કર્મયુક્ત જીવ મૂર્ત જેવો બની ગયેલો હોય છે; કારણ તેના ઉપરનાં કર્માણ મૂર્ત હોય છે.

૩. સાચા ધર્મનો (જૈન સાધુનો) વેશ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ધારણ કરે છે. પછી તેનું મિથ્યાત્વીપણું[૧] ક્ષીણ થતું જાય છે, સમ્યક્ત્વીપણું વધતું જાય છે, અને અંતે તે પૂરેપૂરો સમ્યક્ત્વી બની જાય છે. પછી તેનું વિભંગજ્ઞાન અવધિજ્ઞાન કહેવાય[૨] છે. તેને તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા એવી ત્રણ વિશુદ્ધ લેશ્યાઓ[૩] જ હોય; પણ કૃષ્ણ વગેરે અશુદ્ધ લેશ્યાઓ ન હોય; તેના શરીરનો બાંધો પણ ઉત્કૃષ્ટ પ્રકારનો એટલે કે ધ્યાનને યોગ્ય વજ્ર-ઋષભ-નારાચ-સંહનન[૪] જ હોય. તેની ઊંચાઈ ઓછામાં ઓછી સાત હાથ હોય; તેની ઉંમર આઠ વર્ષ ઉપરાંતની હોય; તે પુરુષશરીરી જ હોય: સ્ત્રી કે નપુંસકને તે વસ્તુ સંભવિત નથી; તેને ઇંદ્રિય-જન્ય મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય; તેનાં ક્રોધ, માન, માયા અને લોભ પણ 'સંજ્વલન'[૫]

---

૧. મિથ્યા માન્યતાવાળા – હોવાપણું, તેથી ઊલટું તે સમ્યક્ત્વીપણું.

૨. જ્યાં સુધી ધર્મતત્ત્વમાં સાચી શ્રદ્ધા પ્રાપ્ત નથી થઈ, ત્યાં સુધીનાં ઇંદ્રિયજન્ય વગેરે જ્ઞાનો પણ અજ્ઞાન જ કહેવાય છે; કારણ કે તે બધાં જ્ઞાનોનો ઉપયોગ સાંસારિક વાસનાઓની પુષ્ટિમાં જ થાય છે. પરંતુ મોક્ષાભિમુખ આત્માનાં તે બધાં જ્ઞાનોનો ઉપયોગ સમભાવની પુષ્ટિમાં જ થતો હોવાથી તે બધાં જ્ઞાનરૂપ છે. વિભંગજ્ઞાન એટલે અવધિઅજ્ઞાન. તેથી ઊલટું તે અવધિજ્ઞાન.

૩. જુઓ પ્રકરણને અંતે ટિ. નં. ૪.

૪. છ પ્રકારના શારીરિક બાંધાના વર્ણન માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૨૯. ટિ. નં. ૧.

૫. જુઓ પ્રકરણને અંતે ટિ. નં. ૫.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કોટીનાં એટલે કે કાંઈક સ્ખલન અને માલિન્ય કરનારાં જ હોય, પરંતુ સર્વવિરતિનો પ્રતિબંધ કરનારાં ન હોય અને તેના અધ્યવસાયો પણ પ્રશસ્ત જ હોય. તેના તે પ્રશસ્ત અધ્યવસાયો વધતાં વધતાં તે પુરુષ અનંત નારકના ભવોથી પોતાના આત્માને વિમુક્ત કરે છે; અનંત પશુપક્ષીના ભવોથી પોતાની જાતને વિમુક્ત કરે છે; અને અનંત દેવભવોથી આત્માને વિમુક્ત કરે છે. પછી તે પેલા ઘણા પ્રકારના ક્રોધ–માન–માયા–લોભનો પણ ક્ષય કરે છે; પાંચે પ્રકારના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે; નવ પ્રકારના દર્શનાવરણીય કર્મનો ક્ષય કરે છે; પાંચ પ્રકારના અંતરાય-કર્મનો તથા મોહનીયકર્મનો ક્ષય કરે છે; અને એમ કરીને કર્મરજને વિખેરી નાખનાર અપૂર્વકરણમાં* પ્રવેશ કરે છે. પછી તેને અનંત, અનુત્તર, વ્યાઘાતરહિત, આવરણ-રહિત, સર્વ પદાર્થને ગ્રહણ કરનાર, પ્રતિપૂર્ણ તથા શ્રેષ્ઠ એવું કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.

પ્ર૦—હે ભગવન્! તેવો કેવલજ્ઞાની કેવલીએ કહેલ ધર્મનો ઉપદેશ કરે?

ઉ૦—હે ગૌતમ! એ વાત યોગ્ય નથી. તે માત્ર ઉદાહરણ કહે, અથવા પ્રશ્નનો ઉત્તર આપે; પરંતુ ધર્મોપદેશ ન કરે.

પ્ર૦—હે ભગવન્! તે કોઈને દીક્ષા આપે?

પ્ર૦—હે ગૌતમ! એ વાત યોગ્ય નથી. તે (અમુકની પાસેથી દીક્ષા લો એટલો) ઉપદેશ આપે.

---

* પરિણામશુદ્ધિ—ચિત્તશુદ્ધિ થતાં થતાં સંસારી જીવને પહેલીવાર પ્રાપ્ત થતું આધ્યાત્મિક જાગરણ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦—હે ભગવન્! તે કેવલજ્ઞાની સિદ્ધ થાય, અને સર્વ દુઃખોનો અંત કરે?

ઉ૦—હે ગૌતમ! તે કેવલજ્ઞાની સિદ્ધ થાય અને સર્વ દુઃખોનો અંત કરે.

તેવા કેવલજ્ઞાની ઊર્ધ્વલોકમાં[૧] પણ સંભવે છે, અધોલોકમાં[૨] પણ સંભવે છે; અને તિર્યગ્લોકમાં પણ સંભવે છે. તિર્યગ્લોકમાં તો તે પંદર કર્મભૂમિઓમાં[૩] જ હોય.

પ્ર૦—હે ભગવન્! તેવા પુરુષો એક સમયે કેટલા હોય?

ઉ૦—હે ગૌતમ! તેવા પુરુષો ઓછામાં ઓછા એક, બે, ત્રણ અને વધારેમાં વધારે દશ હોય.

૨

પ્ર૦—હે ભગવન્! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળનારો જીવ ઉપર પ્રમાણે ધર્મજ્ઞાનથી માંડીને કેવળ જ્ઞાન વગેરે પ્રાપ્ત કરે?

ઉ૦—હે ગૌતમ! કેવલી વગેરે પાસેથી ધર્મ સાંભળનારો જીવ પણ જ્ઞાનાદિનું આવરણ કરનાર તેમ જ

---

૧. શબ્દાપાતિ, વિકટાપાતિ, ગંધાપાતિ અને માલ્યવંત નામે વૃત્તવૈતાઢ્ય પર્વતોમાં.

૨. અધોલોકગ્રામાદિમાં કે ગુફામાં.

૩. જેમાં મોક્ષમાર્ગને જાણનારા અને તેનો ઉપદેશ કરનાર તીર્થંકરો પેદા થઈ શકે, તે કર્મભૂમિ કહેવાય. જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૨૬૧. ટિ. નં. ૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અંતરાયક કર્મોનો ક્ષયોપશમ કે ક્ષય પ્રાપ્ત કરે, તો જ તે બધું પ્રાપ્ત કરે, નહીં તો ન જ કરે.

તેવા પુરુષને નિરંતર આઠ આઠ ટંકના[૧] ઉપવાસનું તપ કરતાં કરતાં પ્રકૃતિની ભદ્રતાથી.....તેમજ માર્ગની ગવેષણા કરતાં કરતાં અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે અવધિજ્ઞાન વડે તે આંગળના અસંખ્યાતમા ભાગથી માંડીને વધારેમાં વધારે અલોકને વિષે લોકપ્રમાણ અસંખ્ય ખંડોને જાણે છે અને જુએ છે.[૧] તે છયે લેશ્યાવાળો હોઈ શકે[૧] છે; તે સ્ત્રી પણ હોઈ શકે કે પુરુષ પણ; તેને મનઃપર્યવજ્ઞાન પણ હોઈ શકે છે; તેને સંજ્વલન કોટીના ચારે કષાયો હોય, માન-માયા-લોભ એ ત્રણ હોય, માયા-લોભ એ બે હોય કે એકલો લોભકષાય પણ હોય. તે જ્ઞાની કેવલીએ કહેલા ધર્મનો ઉપદેશ કરી શકે છે, અને બીજાને દીક્ષા પણ આપી શકે છે; તેના શિષ્યો અને પ્રશિષ્યો પણ દીક્ષા આપી શકે છે; તથા તે પણ સિદ્ધ થાય છે, અને તેના શિષ્ય-પ્રશિષ્યો પણ સિદ્ધ થાય છે. તેવા પુરુષો એક સમયે ઓછામાં ઓછા એક, બે કે ત્રણ હોય, અને વધારેમાં વધારે ૧૦૮ હોય.

—શતક ૯, ઉદ્દે૦ ૩૧

૧. આગળ જણાવેલા 'અશ્રુત્વાકેવલજ્ઞાની' કરતાં આનું તપ આકરું છે. તેના અવધિજ્ઞાનનું ક્ષેત્ર પણ મોટું છે; તે છયે લેશ્યાવાળો હોઈ શકે છે, છતાં કેવલજ્ઞાનીના ઉપદેશને પ્રતાપે પ્રગતિ સાધી શકે છે; તેમ જ સ્ત્રીશરીરે પણ જ્ઞાનપ્રાપ્તિ કરી શકે છે. તેને મનઃપર્યવજ્ઞાન વધારે હોય છે; તેના કષાયો ઓછા હોય છે; તેવાની સંખ્યા પણ વધારે હોય છે; તથા તે અન્યને ઉપદેશ-દીક્ષાદિ પણ આપી શકે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ટિપ્પણો

નોંધ : આ અધ્યયનમાં મુખ્યત્વે એ નિર્ણય દર્શાવ્યો છે કે, ધર્મ અને મુક્તિ એ કોઈ વાડા કે સંપ્રદાયની વસ્તુ નથી; પરંતુ તેનો મુખ્ય આધાર આંતરિક શુદ્ધિ ઉપર છે. માત્ર જૈન જ મુક્ત થઈ શકે, કે માત્ર જૈન જ સાચો ધર્મ જાણે છે એમ કહેવા કરતાં, જે કોઈ આંતરિક શુદ્ધિ પ્રાપ્ત કરે છે, તે સાચો ધર્મ જાણીને મુક્ત થઈ શકે છે; તથા સાચો ધર્મ જાણનારો પણ જો આંતરિક શુદ્ધિ પ્રાપ્ત નથી કરતો, તો મુક્તિ પણ પ્રાપ્ત નથી કરતો — એમ કહેવું જ યોગ્ય છે.

આ પ્રકરણમાં ઘણા જૈન પારિભાષિક શબ્દો આવેલા છે. ભગવતીસૂત્રમાં પોતામાં જ આગળ–પાછળ એમાંના ઘણાખરાનું વિગતવાર વર્ણન આવે છે. તેથી આ ટિપ્પણોમાં માત્ર સામાન્ય હકીકત આપી છે.

ટિપ્પણ નં. ૧ :

જ્ઞાનાવરણીય કર્મ

કષાયાદિપૂર્વક કરાતી મન-વાણી-કાયાની પ્રવૃત્તિથી જીવમાં કર્મરજ દાખલ થાય છે. તે દાખલ થવાની ક્રિયાને તેમજ તેનાં નિમિત્તને આસ્રવ કહે છે. એ કર્મરજ જીવમાં દાખલ થયા બાદ, જીવના જુદા જુદા અધ્યવસાયો અનુસાર તેમાં જુદા જુદા સ્વભાવો નિર્માણ થાય છે; જેમકે જ્ઞાનને આવરણ કરવાનો વગેરે. જ્ઞાનાવરણીય કર્મોના બંધહેતુઓ નીચે પ્રમાણે ગણાવવામાં આવે છે.

૧. જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો પ્રત્યે દ્વેષ ધારણ કરવો [પ્રદ્વેષ].

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨. કોઈ કાંઈ પૂછે અગર જ્ઞાનનું કાંઈ સાધન માગે, ત્યારે પોતાની પાસે તે હોવા છતાં કલુષિત ભાવે એમ કહેવું કે હું નથી જાણતો [નિહ્નવ].

૩. જ્ઞાન પાકું કર્યા પછી કોઈ ગ્રાહક અધિકારી મળે ત્યારે ન આપવાની કલુષિત વૃત્તિ [માત્સર્ય].

૪. કોઈને જ્ઞાન મેળવવામાં કલુષિત ભાવે અડચણ કરવી [અંતરાય].

૫. કોઈ જ્ઞાન આપતો હોય ત્યારે તેનો નિષેધ કરવો [આસાદન].

૬. કોઈએ વાજબી કહ્યું હોય છતાં પોતાની અવળી મતિને લીધે અયુક્ત ભાસવાથી તેના દોષો પ્રગટ કરવા [ઉપઘાત].

દર્શનમોહનીય કર્મના બંધહેતુઓ

૧. કેવળજ્ઞાનીના અસત્ય દોષોને પ્રગટ કરવા.

૨. શાસ્ત્રના ખોટા દોષો દ્વેષબુદ્ધિથી બતાવવા.

૩. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચાર પ્રકારના સંઘના મિથ્યા દોષો પ્રકટ કરવા.

૪. અહિંસાદિ ધર્મના ખોટા દોષો બતાવવા.

૫. દેવોની નિંદા કરવી.

ચારિત્રમોહનીય કર્મના બંધહેતુઓ

૧. કષાયને વશ થઈ અનેક તુચ્છ પ્રવૃત્તિઓ કરવી [કષાયમોહનીય].

૨. સત્ય ધર્મનો, તથા ગરીબ કે દીનનો ઉપહાસ કરવો — વગેરે હાસ્યની વૃત્તિઓ રાખવી [હાસ્યમોહનીય].

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩. વિવિધ ક્રીડાઓમાં પરાયણ રહી વ્રતનિયમાદિમાં અણગમો રાખવો [રતિમોહનીય].

૪. બીજાને બેચેની ઉપજાવવી, હલકાની સોબત કરવી વગેરે [અરતિમોહનીય].

૫. પોતે શોકાતુર રહેવું અને બીજાને શોકાતુર કરવા [શોકમોહનીય].

૬. પોતે ડરવું અને બીજાને ડરાવવા [ભયમોહનીય].

૭. હિતકર ક્રિયા અને હિતકર આચારની વૃણા કરવી [જુગુપ્સામોહનીય].

૮-૯-૧૦ સ્ત્રીજાતિને યોગ્ય, પુરુષજાતિને યોગ્ય કે નપુંસક જાતિને યોગ્ય સંસ્કારો કેળવવા [સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ].

અંતરાય કર્મના બંધહેતુઓ

કોઈને કંઈ દેવામાં, લેવામાં, એક વાર ભોગવવામાં, અનેક વાર ભોગવવામાં અને સામર્થ્ય ફોરવવામાં અંતરાય ઊભા કરવા. [દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, અને વીર્યાંતરાય.]

ટિપ્પણ નં. ૨.

આસ્રવ-સંવર

જે જે પ્રવૃત્તિઓથી કર્મબંધન થાય તે આસ્રવ કહેવાય; તે પ્રમાણે જે જે પ્રવૃત્તિઓથી કર્મબંધન થતું રોકાય [સંવૃ] તે સંવર કહેવાય. તપ, ધર્મ, ચારિત્ર વગેરે કર્મ કઇ પ્રવૃત્તિઓથી સંવર સિદ્ધ થાય છે તેની વિગતો માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૪૬, ટિ. નં. ૩.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ટિપ્પણ નં. ૩.

જ્ઞાનના પાંચ પ્રકાર

જ્ઞાનના પાંચ પ્રકાર છે: ૧. મતિજ્ઞાન — એટલે કે ઇંદ્રિયજન્યજ્ઞાન. ૨. શ્રુતજ્ઞાન — એટલે કે જે જ્ઞાનમાં શબ્દ-અર્થનો સંબંધ ભાસિત થાય છે, અને જે મતિજ્ઞાનની પછી થાય છે: જેમકે 'જલ' શબ્દ સાંભળીને તે પાણીવાચક છે એવું જાણવું, અથવા પાણી દેખીને તેને જલ શબ્દના અર્થરૂપ વિચારવું તે — શ્રુતજ્ઞાન. અર્થાત્ જે જ્ઞાન ઇંદ્રિયજન્ય અને મનોજન્ય હોવા છતાં શબ્દોલ્લેખ સહિત હોય તે શ્રુતજ્ઞાન. બીજી રીતે કહીએ તો જૈનધર્મના ૧૨ અંગગ્રંથો (મુખ્ય શાસ્ત્રગ્રંથો) તેમ જ તે સિવાયના બીજા આગમ ગ્રંથોથી થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન.

૩. અવધિજ્ઞાન — એટલે કે મન – ઇંદ્રિયોની સહાયતા વિના જ આત્માની યોગ્યતાને બળે જ થતું વધારેમાં વધારે લોકપ્રમાણ અસંખ્યાત ખંડોને જોવાની યોગ્યતાવાળું મૂર્ત દ્રવ્યોનું જ્ઞાન.

૪. મનઃપર્યવજ્ઞાન — એટલે કે મનુષ્યક્ષેત્રમાં આવેલાં મનરૂપ બનેલાં પુદ્ગલોનું જ્ઞાન. અર્થાત્ બીજાના મનનું જ્ઞાન.

આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે; પરંતુ કર્મોના આવરણને લીધે તેની શક્તિઓ ઢંકાઈ ગયેલી છે. પરંતુ જ્યારે તે આવરણો એક પછી એક દૂર થતાં જાય છે, ત્યારે તે તે જ્ઞાન પ્રગટે છે. ઉપર જણાવેલાં ચારે જ્ઞાન ગમે તેટલાં શુદ્ધ હોય છતાં ચેતનાશક્તિના અપૂર્ણ વિકાસરૂપે હોવાથી એક પણ વસ્તુના સમગ્ર ભાવોને જાણવામાં અસમર્થ હોય છે. બધી વસ્તુઓના સંપૂર્ણ ભાવોને ગ્રહણ કરી શકે તે જ્ઞાન જ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્ણ કહેવાય. એનું જ નામ કેવળજ્ઞાન છે. એ જ્ઞાન ચેતનાશક્તિના સંપૂર્ણ વિકાસ વખતે પ્રગટ થાય છે. કોઈ પણ એવી વસ્તુ નથી અથવા એવો ભાવ પણ નથી, કે જે એની દ્વારા પ્રત્યક્ષ ન જાણી શકાય.

ટિપ્પણ નં. ૪ :

લેશ્યા

જે દ્વારા કર્મની સાથે આત્મા શ્લિષ્ટ થાય (લિશ્યતે) તે 'લેશ્યા' કહેવાય. પ્રશ્ન એ છે કે, લેશ્યા એ લાગણી કે વૃત્તિરૂપ છે કે અણુરૂપ છે? પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં શ્રીમલયગિરિએ જણાવ્યું છે કે, લેશ્યા એ અણુરૂપ છે— પરમાણુસમૂહરૂપ છે. જેમ દધિભોજન નિદ્રાને ઉત્તેજે છે, તેમ લેશ્યાનાં એ પરમાણુઓ કષાયોદયનાં ઉત્તેજક છે. જ્યાં સુધી આપણામાં જરા પણ કાષાયિક વૃત્તિ વિદ્યમાન હોય છે, ત્યાં સુધી તેને એ લેશ્યાનાં અણુ ટેકો આપે છે, અર્થાત્ એ અણુઓનું કામ ઉદ્‌ભૂત કષાયને ઉત્તેજન કે ટેકો આપવાનું છે; પરંતુ કષાયવૃત્તિ જ સમૂળ નાશ પામે, તો પછી તે લેશ્યાનાં અણુ રહ્યાં હોય તો પણ અસત્ કષાયને પેદા નથી કરતાં. એ લેશ્યા-અણુઓ માનસિક, વાચિક અને કાયિક પરમાણુઓની જાતનાં જ છે. તેમના છ મુખ્ય પ્રકાર છે: કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ, અને શુક્લ. તેમાંના પ્રથમ ત્રણ અશુભ અને પછીના ત્રણ શુભ છે. તેમના જુદા જુદા વર્ણ, રસ, ગંધ વગેરેની માહિતી, તેમ જ કઈ લેશ્યાવાળા મનુષ્યની કઈ વૃત્તિ હોય, તેમજ કઈ વૃત્તિવાળાને કઈ લેશ્યા પ્રાપ્ત થાય વગેરેના વર્ણન માટે જુઓ આ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક પા. ૨૩૩-૪૩; તથા આ ગ્રંથમાં જ 'સિદ્ધાંતખંડ'માં જીવવિભાગમાં એ નામનો વિભાગ.

ટિપ્પણ નં. ૫.

કષાયોની કોટીઓ

ક્રોધાદિ ચાર કષાયોની તીવ્રતાના ચાર પ્રકાર બતાવાય છે. જે ક્રોધાદિ એટલા તીવ્ર હોય, જેથી જીવને અનંતકાળ સંસારમાં ભટકવું પડે, તે 'અનંતાનુબંધી' કહેવાય. જે ક્રોધાદિ વિરતિ (ત્યાગવૃત્તિ)નો પ્રતિબંધ કરવા પૂરતા જ તીવ્ર હોય, તે 'અપ્રત્યાખ્યાનાવરણીય' કહેવાય. જે ક્રોધાદિ અમુક અંશે જ વિરતિ થવા દે, માત્ર સર્વવિરતિ ન થવા દે, તે 'પ્રત્યાખ્યાનાવરણીય' કહેવાય. અને જે ક્રોધાદિની તીવ્રતા સર્વવિરતિનો પ્રતિબંધ કરવા જેટલી નહીં, પણ તેમાં માત્ર સ્ખલન કે માલિન્ય કરવા જેટલી જ હોય, તે 'સંજ્વલન' કહેવાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩

જ્ઞાન અને ક્રિયા

૧

ગૌતમ—હે ભગવન્! કોઈ માણસ એવું વ્રત લે કે, 'હવેથી હું સર્વ પ્રાણો, સર્વ ભૂતો, સર્વ જીવો અને સર્વ સત્ત્વોની હિંસાનો ત્યાગ કરું છું;' તો તેનું તે વ્રત સુવ્રત કહેવાય કે દુર્વ્રત કહેવાય?

મહાવીર—હે ગૌતમ! તેનું તે વ્રત કદાચ સુવ્રત હોય કે કદાચ દુર્વ્રત પણ હોય.

ગૌ૦—હે ભગવન્! એનું શું કારણ?

મ૦—એ પ્રમાણે વ્રત લેનારને, 'આ જીવ છે, આ અજીવ છે, આ ત્રસ (જંગમ) જીવ છે, આ સ્થાવર જીવ છે' એવું જ્ઞાન ન હોય, તો તેનું તે વ્રત સુવ્રત ન કહેવાય, પણ દુર્વ્રત કહેવાય. જેને જીવ-અજીવનું જ્ઞાન નથી, તે જીવ-હિંસા ન કરવાનું વ્રત લે તો તે સત્ય ભાષા નથી બોલતો, પરંતુ અસત્ય ભાષા બોલે છે. તે અસત્યવાદી પુરુષ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ ભૂત–પ્રાણોમાં મન-વાણી-કાયાથી કે જાતે કરવું, બીજા પાસે કરાવવું, કે કરનારને અનુમતિ આપવી — એ ત્રણે પ્રકારે સંયમથી રહિત છે, વિરતિથી રહિત છે, એકાંત હિંસા કરનાર તથા એકાંત અજ્ઞ છે. પરંતુ જેને જીવ વગેરેનું જ્ઞાન છે, તે તેમની હિંસા ન કરવાનું વ્રત લે, તો તેનું જ વ્રત સુવ્રત છે, તથા તે સર્વ ભૂતપ્રાણોમાં બધી રીતે સંયત, વિરત, પાપકર્મ વિનાનો, કર્મબંધ વિનાનો, સંવરયુક્ત, એકાંત અહિંસક તથા પંડિત છે.

— શતક ૭, ઉદ્દે૦ ૨

૨

ગૌ૦ — હે ભગવન્! કેટલાક અન્ય સંપ્રદાયીઓ એમ કહે છે કે, શીલ જ શ્રેય છે; બીજા કહે છે કે, શ્રુત– એટલે કે જ્ઞાન જ શ્રેય છે; અને ત્રીજા કહે છે કે અન્યોન્ય નિરપેક્ષ શીલ અને શ્રુત શ્રેય છે. તો હે ભગવન્! તેમનું કહેવું બરાબર છે?

મ૦ — હે ગૌતમ! તે લોકોનું કહેવું મિથ્યા છે. મારા મત પ્રમાણે ચાર પ્રકારના પુરુષો હોય છે: ૧. કેટલાક શીલસંપન્ન છે, પણ શ્રુતસંપન્ન નથી. ૨. કેટલાક શ્રુતસંપન્ન છે પણ શીલસંપન્ન નથી. ૩. કેટલાક શીલસંપન્ન છે અને શ્રુતસંપન્ન પણ છે. જ્યારે ૪. કેટલાક શીલસંપન્ન નથી તેમ શ્રુતસંપન્ન પણ નથી. તેમાં જે પ્રથમ પ્રકારનો પુરુષ છે, તે શીલવાન છે પણ શ્રુતવાન નથી. તે ઉપરત (પાપાદિથી નિવૃત્ત) છે, પણ ધર્મને જાણતો નથી. તે પુરુષ અંશતઃ આરાધક[૧]

૧. આરાધક એટલે આસ્તિક, ધર્મી; અને વિરાધક એટલે નાસ્તિક, વિધર્મી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે. બીજો પુરુષ શીલવાળો નથી પણ શ્રુતવાળો છે. તે પુરુષ અનુપરત (પાપથી અનિવૃત્ત) છતાં ધર્મને જાણે છે. તે પુરુષ અંશતઃ વિરાધક છે. ત્રીજો પુરુષ શીલવાળો છે અને શ્રુતવાળો પણ છે. તે (પાપથી) ઉપરત છે અને ધર્મને જાણે છે. તે સર્વાંશે આરાધક છે. અને જે ચોથો પુરુષ છે, તે શીલથી અને શ્રુતથી રહિત છે. તે પાપથી ઉપરત નથી, અને ધર્મથી અજ્ઞાત છે. તે પુરુષ સર્વાંશે વિરાધક છે.

પ્ર૦—હે ભગવન્? આરાધના કેટલા પ્રકારની છે?

ઉ૦—હે ગૌતમ! આરાધના ત્રણ પ્રકારની છે: ૧. જ્ઞાનારાધના, દર્શનારાધના અને ચારિત્રારાધના.[૧] તે દરેકના પાછા ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એવા ત્રણ ત્રણ પ્રકાર છે. જે જીવને ઉત્કૃષ્ટ જ્ઞાનારાધના હોય, તેને ઉત્કૃષ્ટ અને મધ્યમ દર્શનારાધના હોય. જે જીવને ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય, તેને ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમ જ્ઞાનારાધના હોય.

તેવો જ સંબંધ ઉત્કૃષ્ટ જ્ઞાનારાધના અને ઉત્કૃષ્ટ ચારિત્રારાધનાનો છે. જેને ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય, તેને

---

૧. જ્ઞાનારાધના એટલે યોગ્ય કાળે અધ્યયન, વિનય, તપ, અને અનિહ્નવ; તથા શબ્દભેદ, અર્થભેદ કે ઉભયભેદ ન કરવા તે. દર્શનાચાર એટલે નિઃશંકિતા, નિષ્કાંક્ષિતા, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિતા, સમાનધર્મીઓના ગુણમાં વૃદ્ધિ કરવી, તેમને સ્થિર કરવા, તેમના ઉપર વત્સલતા રાખવી, અને ધર્મપ્રચાર કરવો તે. ચારિત્રાચાર એટલે પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ એ પ્રમાણે આઠ યોગો — વ્યાપારોથી યુક્ત રહેવું તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમ ચારિત્રારાધના હોય. તથા જેને ઉત્કૃષ્ટ ચારિત્રારાધના હોય, તેને અવશ્ય ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય.

ઉત્કૃષ્ટ જ્ઞાનારાધનાવાળા જીવોમાંથી કેટલાક તે ભવે જ સિદ્ધ થાય, અને સર્વ દુઃખોનો નાશ કરે; કેટલાક બે ભવે સિદ્ધ થાય અને કેટલાક કલ્પોપપન્ન દેવલોકમાં[1] અથવા કલ્પાતીત દેવલોકમાં ઉત્પન્ન થાય.

ઉત્કૃષ્ટ દર્શનારાધનાવાળાઓનું પણ તેમ જ જાણવું.

ઉત્કૃષ્ટ ચારિત્રારાધનાવાળાઓનું પણ તેમ જ જાણવું; પરંતુ દેવલોકમાં તેઓ કલ્પાતીત વર્ગમાં જ ઉત્પન્ન થાય.

જ્ઞાનની મધ્યમ આરાધનાવાળા બે ભવ પછી સિદ્ધ થાય, પણ ત્રીજા ભવને અતિક્રમે નહીં.

મધ્યમ દર્શનારાધનાવાળા, તેમજ મધ્યમ ચારિત્રારાધનાવાળાનું પણ તેમ જ જાણવું.

જઘન્ય જ્ઞાનારાધનાવાળામાંથી કેટલાક ત્રીજે ભવે સિદ્ધ થાય, પણ સાત-આઠ ભવથી વધારે ન કરે. તે જ પ્રમાણે જઘન્ય દર્શનારાધના અને ચારિત્રારાધનાનું પણ જાણવું.

—શતક ૮, ઉદ્દે૦ ૧૦

---

૧. વૈમાનિક દેવોના બે વર્ગોમાંનો એક: સૌધર્મ, ઐશાન, સાનત્કુમાર, માહેંદ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત પ્રાણત, આરણ, અને અચ્યુત એ ૧૨ કલ્પ અથવા સ્વર્ગ કલ્પોપન્ન કહેવાય છે. તે સિવાયનો બીજો વર્ગ કલ્પાતીત કહેવાય છે. તેમાં, ગ્રૈવેયકના હેઠેના, મધ્યમ અને ઉપરના, અને દરેકના નીચેના, મધ્યમ અને ઉપરના એમ કુલ નવ પ્રકાર છે; વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એ પાંચ અનુત્તર દેવલોક કહેવાય છે. કારણકે, તેમની પછી સિદ્ધસ્થાન જ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

ક્રિયા અને બંધ

તે સમયની વાત છે. ભગવાન મહાવીર ફરતા ફરતા રાજગૃહમાં આવેલા હતા. ત્યાં ધર્મકથા પૂરી થયે બધા લોકો વેરાઈ ગયા બાદ, તેમના છઠ્ઠા ગણધર[૧] મંડિતપુત્ર તેમની પાસે આવી પૂછવા લાગ્યા :

---

૧. મહાવીરસ્વામીના ૧૧ પટ્ટશિષ્યો ગણધર કહેવાતા; કારણકે મહાવીર ભગવાને પોતાના વિસ્તૃત સાધુસમુદાયને જુદા જુદા ગણો — સમૂહો–માં વ્યવસ્થિત કરી, એક એક ગણધરના નિયંત્રણમાં મૂક્યો હતો. તે અગિયારે શિષ્યો પ્રથમ યજ્ઞયાજક બ્રાહ્મણો હતા; તથા એક યજ્ઞ વખતે એકત્ર થયા હતા. તે દરેકને મનમાં એક એક સંશય હતો. તેનું નિરાકરણ મહાવીર ભગવાને કરવાથી તે બધા તેમના શિષ્ય થયા હતા. મંડિતપુત્રને બંધ અને મોક્ષ સંબંધી સંશય હતો. આવશ્યક નિર્યુક્તિમાં જણાવ્યા પ્રમાણે તે ૫૩ મે વર્ષે સાધુ થયા હતા; અને મલયગિરિકૃત આવશ્યક ટીકામાં જણાવ્યા પ્રમાણે તે ૬૫ વર્ષે સાધુ થયા હતા. પહેલી ગણના પ્રમાણે તેમનું આયુષ્ય ૮૩ વર્ષનું થાય; અને બીજી પ્રમાણે ૯૫ વર્ષનું થાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મંડિતપુત્ર — હે ભગવન્! ક્રિયાઓ[1] કેટલા પ્રકારની છે?

મ૦— હે મંડિતપુત્ર! ક્રિયાઓ પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે: (૧) કાયિકી — એટલે કે શરીરમાં કે શરીર દ્વારા થયેલી ક્રિયા. (૨) આધિકરણિકી — જે દ્વારા આત્મા નરક વગેરે દુર્ગતિઓમાં જવાનો અધિકારી થાય તે 'અધિકરણ' એટલે કે એક જાતનું અનુષ્ઠાન; અથવા અધિકરણ એટલે હિંસાદિના સાધનરૂપ ચક્ર, તરવાર વગેરે બહારની વસ્તુ : તે અધિકરણમાં કે અધિકરણ દ્વારા થયેલી ક્રિયા. (૩) પ્રાદ્વેષિકી— એટલે કે મત્સરરૂપ નિમિત્તને લઈને કે મત્સર દ્વારા થયેલી ક્રિયા; અથવા મત્સરરૂપ ક્રિયા (૪) પારિતાપનિકી — એટલે કે પરિતાપને લઈને, કે પરિતાપ દ્વારા થયેલી ક્રિયા, અથવા પરિતાપરૂપ ક્રિયા. અને (૫) પ્રાણાતિપાત — પ્રાણોને આત્માથી જુદા પાડવા તે પ્રાણાતિપાત: તેને લગતી ક્રિયા અથવા પ્રાણાતિપાતરૂપ ક્રિયા.

તે દરેકના પાછા બે પ્રકાર છે :

૧. કાયિકી ક્રિયાના બે પ્રકાર આ પ્રમાણે છે : અનુપરત— એટલે કે ત્યાગવૃત્તિ વિનાના પ્રાણીની 'અનુપરતકાયક્રિયા,' અને વિરતિવાળા પણ પ્રમાદથી દુષ્પ્રયુક્ત બનેલા પ્રાણીની 'દુષ્પ્રયુક્તકાયક્રિયા'.

૨. આધિકરણિકી ક્રિયાના બે પ્રકાર આ પ્રમાણે છે : વધાદિ માટે જાળ વગેરેના જુદા જુદા ભાગોને જોડીને એક યંત્ર તૈયાર કરવું, કે કોઈ પદાર્થમાં ઝેર મેળવીને એક

---

૧. કર્મનો બંધ થવામાં કારણરૂપ ચેષ્ટા. આ પ્રશ્નોત્તર શતક ૮, ઉદ્દે૦ ૪ માં પણ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મિશ્રિત પદાર્થ બનાવવો તે સંયોજનરૂપ ક્રિયા 'સંયોજનાધિકરણક્રિયા' કહેવાય છે; અને તરવાર, બરછી વગેરે શસ્ત્રોની બનાવટ (નિર્વર્તન) તે 'નિર્વર્તનાધિકરણક્રિયા' કહેવાય છે.

૩. પ્રાદ્વેષિકી ક્રિયાના બે પ્રકાર આ પ્રમાણે છે: પોતા ઉપર અને પોતા તથા બીજા ઉપર દ્વેષ દ્વારા કરેલી ક્રિયા કે દ્વેષરૂપ ક્રિયા તે 'જીવપ્રાદ્વેષિકી' ક્રિયા; અને અજીવ ઉપર દ્વેષદ્વારા કરેલી ક્રિયા કે અજીવ ઉપર કરેલી દ્વેષરૂપ ક્રિયા તે 'અજીવપ્રાદ્વેષિકી' ક્રિયા.

૪–૫. પારિતાપનિકી અને પ્રાણાતિપાત ક્રિયાના બે બે પ્રકારો તે, 'સ્વહસ્ત' દ્વારા કરેલી કે 'પરહસ્ત' દ્વારા કરાવેલી, એ પ્રમાણે છે.

મંડિત૦—હે ભગવન્! શ્રમણનિર્ગ્રંથોને ક્રિયા હોય?

મ૦—હા મંડિતપુત્ર! હોય. પ્રમાદને લીધે અને યોગ એટલે કે શરીરાદિની પ્રવૃત્તિને[૧] નિમિત્તે શ્રમણ નિર્ગ્રંથોને પણ ક્રિયા હોય છે.

પ્ર૦—હે ભગવન્! દેહધારી તેમ જ વ્યાપારયુક્ત જીવ હંમેશાં કંપવાની, જવાની, ચાલવાની, ક્ષોભ પામવાની, પ્રબળતાપૂર્વક પ્રેરવાની, ઊંચકવાની, સંકોચવાની, કે પ્રસારવાની વગેરે ક્રિયાઓ કર્યા કરે છે?

ઉ૦—હા મંડિતપુત્ર! જીવ હંમેશાં તે બધી ક્રિયાઓ કર્યા કરે છે.

---

૧. માત્ર શરીરના હલનચલનથી—માર્ગમાં હાલવા ચાલવાથી થતી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦—હે ભગવન્! જ્યાં સુધી જીવ હંમેશાં તે પ્રમાણે ક્રિયાઓ કર્યા કરે છે, ત્યાં સુધી તે મુક્ત થાય?

ઉ૦—ના મંડિતપુત્ર! એ વાત બરાબર નથી. સક્રિય જીવની મુક્તિ ન થાય.

પ્ર૦—હે ભગવન્! તેનું શું કારણ?

ઉ૦—હે મંડિતપુત્ર! જ્યાં સુધી જીવ ક્રિયા કર્યા કરે છે, ત્યાં સુધી તે અન્ય જીવોને ઉપદ્રવ (આરંભ) કર્યા કરે છે; તેમના નાશનો સંકલ્પ (સંરંભ) કર્યા કરે છે; તેમને દુઃખ ઉપજાવે છે (સમારંભ), તથા એ રીતે ઘણાં ભૂતપ્રાણોને દુઃખ પમાડવામાં, શોક કરાવવામાં, ઝુરાવવામાં, ટિપાવવામાં, પિટાવવામાં, ત્રાસ પમાડવામાં, અને પરિતાપ કરાવવામાં કારણભૂત થાય છે. હે મંડિતપુત્ર! તે કારણથી કહ્યું છે કે, સક્રિય જીવની મુક્તિ સંભવતી નથી.

પ્ર૦—હે ભગવન્! જીવ નિષ્ક્રિય હોઈ શકે?

ઉ૦—હા મંડિતપુત્ર! જીવ નિષ્ક્રિય હોઈ શકે. યોગ-(પ્રવૃત્તિ) નિરોધ કરી, શુકલધ્યાનથી[૧] શૈલેશી (શૈલ જેવી નિશ્ચલ) દશા[૨] પ્રાપ્ત કરનાર જીવ નિષ્ક્રિય હોય છે. તેવો જીવ આરંભાદિ ક્રિયાઓ ન કરતો હોવાથી તેવા જીવની મુક્તિ થાય છે.

જેમ કોઈ પુરુષ સૂકા ઘાસના પૂળાને અગ્નિમાં નાખે તો તે તરત જ બળી જાય કે નહીં?

---

૧. તે ધ્યાનના ચાર પ્રકારોની વિગતો માટે જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક, પા. ૧૨૭.

૨. તેના વર્ણન માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૬૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હા, બળી જાય.

વળી, કોઈ પુરુષ પાણીના ટીપાને તપેલા લોઢાના કડાયા ઉપર નાખે, તો તે ટીપું તરત જ નાશ પામી જાય કે નહિ ?

હા, તે નાશ પામી જાય.

વળી, કોઈ પાણીથી ભરેલો ઘરો હોય, તેમાં કોઈ પુરુષ સેંકડો નાનાં કાણાં વાળી એક હોડી દાખલ કરે, તો તે નાવ પાણીથી પૂરેપૂરી ભરાઈ જાય કે નહિ ?

હા, ભરાઈ જાય.

પરંતુ, કોઈ પુરુષ તે નાવનાં બધાં કાણાં પૂરી દે, અને તેમાંનું બધું પાણી ઉલેચી નાખે, તો તે નાવ શીઘ્ર ઉપર આવે કે નહિ ?

હા, તરત જ આવે.

હે મંડિતપુત્ર ! તે પ્રમાણે શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે જીવાત્માનાં પૂર્વે બંધાયેલાં બધાં કર્મો બળી જાય છે; તેમ જ તે જીવ બધી રીતે આત્મામાં પ્રતિસંલીન હોવાથી, તેમ જ સાવધાનતાપૂર્વક પ્રવૃત્તિ કરતો હોવાથી, તથા મન, વાણી, અને કાયાનું રક્ષણ કરતો હોવાથી, તેનામાં નવું કર્મ દાખલ પણ થતું નથી. તેથી તે પુરુષ મુક્ત થાય છે. એ વાત સાચી છે કે, શરીર કાયમ છે, ત્યાં સુધી થોડીઘણી શારીરિકાદિ ક્રિયાઓ થવાની જ; છેવટે આંખ પટપટાવવા જેવી ક્રિયા તો થવાની જ. અને ક્રિયા થઈ એટલે કર્મબંધન પણ થવાનું જ. પરંતુ તેવા સંયમી અનગારની તેવી બધી ક્રિયાઓથી બંધાતું કર્મ પ્રથમ ક્ષણે આત્મામાં સ્પર્શ પામે છે, બીજે સમયે તેનું ફળ ભોગવાઈ જાય છે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

(તે ફળ પણ સુખરૂપ હોય છે; દુઃખરૂપ નહિ.) અને ત્રીજે સમયે તે આત્માથી છૂટું પડી જાય છે. એ રીતે તે તરત જ અકર્મરૂપ થઈ જાય છે. એ ક્રિયાને ઐર્યાપથિકી[૧] ક્રિયા કહે છે.

—શતક ૩, ઉદ્દે૦ ૩

૨

ગૌતમ — હે ભગવન્! 'ઉપયોગ' એટલે કે આત્મ-જાગૃતિ — સાવધાનતા સિવાય ગમનાદિ, તેમ જ ગ્રહણાદિ, ક્રિયાઓ કરનારા સાધુને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી[૧]?

મહાવીર—હે ગૌતમ! ઐર્યાપથિકી ન લાગે, પણ સાંપરાયિકી લાગે. કારણકે, જેનાં ક્રોધ, માન, માયા, અને લોભ વ્યુચ્છિન્ન થયાં હોય તેને જ ઐર્યાપથિકી ક્રિયા હોય; પણ જેનાં ક્રોધાદિ ક્ષીણ ન થયાં હોય તેને સાંપરાયિકી ક્રિયા જ હોય. સૂત્રને અનુસારે વર્તતા સાધુને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે, અને સૂત્રવિરુદ્ધ વર્તનારને સાંપરાયિકી લાગે છે.

—શતક ૭, ઉદ્દે૦ ૧, તથા ૭

૩

ગૌ૦—હે ભગવન્! કષાયભાવમાં (વીચિમાર્ગમાં) રહીને આગળ રહેલાં રૂપોને જોતા, પાછળનાં રૂપોને જોતા,

---

૧. ઐર્યાપથિકી એટલે કે સંયમપૂર્વક માર્ગે ચાલતા સાધુથી થતી આવશ્યક શારીરિક ક્રિયાઓ. તેથી ઊલટી, અસંયમીની ક્રિયાઓ સાંપરાયિકી કહેવાય છે; કારણ કે તેઓ આત્માનો સીધો સંપરાય – ઘાત – કરે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પદ્મોનાં રૂપોને જોતા, તથા ઊંચેનાં અને નીચેનાં રૂપોને જોતા સંવૃત્ત (સંવરયુક્ત) સાધુને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ?

મ૦—હે ગૌતમ ! તેને સાંપરાયિકી ક્રિયા લાગે. કારણકે જેનાં ક્રોધ, માન, માયા, અને લોભ ક્ષીણ થયાં હોય તેને જ ઐર્યાપથિકી ક્રિયા લાગે; બાકીનાને સાંપરાયિકી જ લાગે.

—શતક ૧૦, ઉદ્દે૦ ૨

૪

ગૌ૦—હે ભગવન્ ! બંધ કેટલા પ્રકારનો છે ?

મ૦—હે ગૌતમ ! બંધ બે પ્રકારનો છે : ઐર્યાપથિક અને સાંપરાયિક.

પ્ર૦—હે ભગવન્ ! ઐર્યાપથિક બંધ નારક, તિર્યંચ, મનુષ્ય કે દેવમાંથી કોણ કોણ બાંધે ?

ઉ૦—હે ગૌતમ ! નારક પણ ન બાંધે, તિર્યંચ પણ ન બાંધે, અને દેવ પણ ન બાંધે; પરંતુ મનુષ્ય સ્ત્રી કે પુરુષ બાંધી શકે.

પ્ર૦—હે ભગવન્ ! તે ઐર્યાપથિક કર્મ શું સ્ત્રી બાંધે, પુરુષ બાંધે, નપુંસક બાંધે, કે નોસ્ત્રી-નોપુરુષ-નોનપુંસક બાંધે ?

ઉ૦—હે ગૌતમ ! સ્ત્રી ન બાંધે, પુરુષ ન બાંધે, કે નપુંસક વગેરે પણ ન બાંધે, પરંતુ વેદ[1]રહિત જીવો બાંધે.

---

૧. વેદ એટલે સ્ત્રી, પુરુષ આદિનો સ્વજાતિને યોગ્ય કામાદિ વિકાર.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અલબત્ત તે વેદરહિત જીવ પૂર્વે સ્ત્રી, પુરુષ કે નપુંસક હોય.

પ્ર૦—હે ભગવન્! સાંપરાયિક કર્મ કોણ કોણ બાંધે?

ઉ૦—હે ગૌતમ! નૈરયિક (નારક) પણ બાંધે, તિર્યંચ પણ બાંધે, તિર્યંચ સ્ત્રી પણ બાંધે, મનુષ્ય પણ બાંધે, મનુષ્ય સ્ત્રી પણ બાંધે, દેવ પણ બાંધે, દેવી પણ બાંધે, વેદયુક્ત પણ બાંધે અને વેદરહિત પણ બાંધે.

શતક ૮, ઉદ્દે૦ ૮

૫

તે કાળની વાત છે. એક વખત શ્રમણ ભગવાન મહાવીર ઘણા શિષ્યાદિ પરિવાર સાથે રાજગૃહ નગરમાં ગુણશિલક ચૈત્ય આગળ ઊતર્યા હતા. ત્યાંથી થોડે દૂર કેટલાક અન્યતીર્થિકો[૧] રહેતા હતા. તેઓએ એક વખત ભગવાન મહાવીરના સ્થવિરો[૨] પાસે આવીને કહ્યું કે, 'હે આર્યો! તમે અસંયમી છો, અવિરત છો, પાપી છો, અને અત્યંત બાલ – અજ્ઞ છો!'

ત્યારે તે સ્થવિર ભગવંતોએ તેમને પૂછ્યું, 'હે આર્યો! અમે કયા કારણથી અસંયમી વગેરે છીએ?'

ત્યારે તે અન્યતીર્થિકોએ તેમને કહ્યું કે, 'હે આર્યો! તમે આવ-જા કર્યા કરો છો; અને આવ-જા કરતી વખતે અવશ્ય પૃથ્વીજીવોને દબાવો છો, હણો છો, પાદાભિઘાત કરો છો, સંઘર્ષિત કરો છો, સંહત કરો છો, સ્પર્શિત કરો છો, પરિતાપિત કરો છો, ક્લાંત કરો છો, અને તેઓને મારો

---

૧. અન્યના તીર્થને – સંપ્રદાયને – અનુસરનારા.

૨. વૃદ્ધ કે–વડીલ સાધુઓ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છો! માટે તમે જરૂર અસંયમી, અવિરત, પાપી અને અત્યંત બાલ – અજ્ઞ છો!

ત્યારે તે સ્થવિર ભગવંતોએ તેમને જવાબ આપ્યો, હે આર્યો! અમે નિષ્પ્રયોજન આવ-જા કર્યા કરતા નથી, પરંતુ કાયને – એટલે કે શરીરના મલત્યાગાદિ કાર્યને આશરીને, કે યોગને – એટલે કે બીમારની સેવા વગેરે વ્યાપારોને આશરીને, કે ઋતને – એટલે કે પાણીજીવો વગેરેના સંરક્ષણરૂપ સત્ય એટલે કે સંયમને આશરીને, તથા સચેતન દેશ છોડીને અચેતન દેશ દ્વારા જ, આવ-જા કરીએ છીએ. તેથી અમે જીવહિંસા કરતા નથી. પરંતુ હે આર્યો! તમે પોતે જ અસંયમી, અવિરત, પાપી, અને અત્યંત બાલ – અજ્ઞ છો'.

ત્યારે તે અન્યતીર્થિકોએ તે સ્થવિરોને પૂછ્યું, 'હે આર્યો! કયા કારણથી અમે અસંયમી વગેરે છીએ?'

તે સ્થવિર ભગવંતોએ જવાબ આપ્યો 'હે આર્યો! તમે તો સંયમાદિનો ખ્યાલ રાખ્યા વિના જ (ત્વરાથી તેમજ વાહનાદિ વડે) આવ-જા કરો છો એટલે તમે અવશ્ય પૃથ્વી વગેરે જીવોની હિંસાકરો છો; તેથી તમે અસંયમી વગેરે છો.'

— શતક ૮, ઉદ્દે૦ ૭ તથા ૮
— શતક ૧૮, ઉદ્દે૦ ૮

૬

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌતમ—હે ભગવન્! સામે તેમ જ બાજુએ ગાડાના ધૂંસરા જેટલી આગળ–આગળની જમીનને જોઈ જોઈને ચાલતા સંયમી અનગારના પગ નીચે અજાણતાં કૂકડીનું

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બચ્ચું, બતકનું બચ્ચું કે કોઈ સૂક્ષ્મ જીવ[1] આવી જાય અને મરણ પામે, તો હે ભગવન્! તે અનગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી લાગે?

મહાવીર—હે ગૌતમ! તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે, પણ સાંપરાયિકી ન લાગે.

ગૌ૦—હે ભગવન્! એમ શાથી?

મ૦—હે ગૌતમ! જેનાં ક્રોધ, માન, માયા, અને લોભ નષ્ટ થયાં હોય, તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે. સૂત્રને અનુસારે વર્તતા સાધુને ઐર્યાપથિકી ક્રિયા જ લાગે છે. સૂત્ર વિરુદ્ધ વર્તનારને તેમ જ ક્રોધાદિયુક્ત સાધુને જ સાંપરાયિકી ક્રિયા લાગે.

—શતક ૧૮, ઉદ્દે૦ ૮

૭

જેમ કોઈ અણવાપરેલું, કે વાપરીને પણ ધોયેલું, કે શાળ ઉપરથી તાજું જ ઉતારેલું વસ્ત્ર સ્વચ્છ હોય છે; પરંતુ તે વસ્ત્ર ક્રમે ક્રમે વપરાશમાં આવે છે ત્યારે તેને સર્વ બાજુએથી રજ ચોટે છે, અને કાલાન્તરે તે વસ્ત્ર મસોતા જેવું મેલું અને દુર્ગંધી થઈ જાય છે; તેમ મહાકર્મવાળા, મહાક્રિયાવાળા, મહાપાપવાળા અને મહાવેદનાવાળા જીવને સર્વ બાજુએથી કર્મરજ આવીને ચોટે છે; અને તે જીવ હંમેશાં દુરૂપપણે, દુર્વર્ણપણે, દુર્ગંધપણે, દૂરસપણે, દુઃસ્પર્શપણે, અનિષ્ટપણે, અસુંદરપણે, અપ્રિયપણે, અશુભપણે, અમનોજ્ઞપણે[2], અમનોમ્યપણે[3], અનીપ્સિતપણે, અકાંક્ષિતપણે,

---

૧. મૂળ: કુંથુઆ જેવો સૂક્ષ્મ જંતુ.

૨. મનને ન ભાવતું તે.

૩. મન દ્વારા સંભારતાં પણ જે ન ગમે તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જઘન્યપણે[1], અમુખ્યપણે, દુઃખપણે અને અસુખપણે વારંવાર પરિણમે છે.

પરંતુ, જેમ કોઈ મેલું વસ્ત્ર હોય તેને ક્રમે ક્રમે શુદ્ધ કરવામાં આવતું હોય તથા શુદ્ધ પાણીથી ધોવામાં આવતું હોય, તો તેને લાગેલો મેલ ઊખડતો જાય છે; તેમ અલ્પ કર્મવાળા, અલ્પ ક્રિયાવાળા, અલ્પ પાપવાળા અને અલ્પ વેદનાવાળા જીવનાં કર્મપુદ્ગલો છેદાતાં જાય છે, ભેદાતાં જાય છે, વિધ્વંસ પામતાં જાય છે, તથા અંતે સમસ્તપણે નાશ પામે છે. અને તેનો આત્મા હંમેશાં નિરંતર સુરૂપપણે, સુવર્ણપણે, અને સુખપણે વારંવાર પરિણમે છે.

ગૌ૦—હે ભગવન્! વસ્ત્રને જે મેલ ચોટે છે, તે પુરુષ-પ્રયત્નથી ચોટે છે કે, સ્વાભાવિક રીતે ચોટે છે?

મ૦—હે ગૌતમ! પુરુષપ્રયત્નથી પણ ચોટે છે અને સ્વાભાવિકપણે પણ ચોટે છે.

ગૌ૦—તે પ્રમાણે જીવોને જે કર્મરજ ચોટે છે, તે પુરુષપ્રયત્નથી અને સ્વાભાવિકપણે એમ બંને રીતે ચોટે છે?

મ૦— હે ગૌતમ! જીવોને જે કર્મરજ ચોટે છે, તે પુરુષપ્રયત્નથી ચોટે છે, પણ સ્વાભાવિક રીતે નથી ચોટતી. જીવોના વ્યાપાર ત્રણ પ્રકારના છે : મનોવ્યાપાર, વચનવ્યાપાર, અને કાયવ્યાપાર. એ ત્રણ પ્રકારના વ્યાપારો વડે જીવોને કર્મોપચય થાય છે.

ગૌ૦—હે ભગવન્! વસ્ત્રને જે પુદ્ગલોનો ઉપચય થાય છે તે સાદિ સાંત છે, સાદિ અનંત છે, અનાદિ સાંત છે કે અનાદિ અનંત છે?

---

૧. હીનપણે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦— હે ગૌતમ! તે ઉપચય સાદિ સાંત જ છે.

ગૌ૦— હે ભગવન્! તે પ્રમાણે જીવોનો કર્મોપચય સાદિ સાંત છે, સાદિ અનંત છે, અનાદિ સાંત છે, કે અનાદિ અનંત છે?

મ૦— હે ગૌતમ! કેટલાક જીવોનો કર્મોપચય સાદિ સાંત છે, કેટલાકનો અનાદિ સાંત છે, અને કેટલાકનો અનાદિ અનંત છે; પણ જીવોનો કર્મોપચય સાદિ અનંત નથી.

ગૌ૦— તે કેવી રીતે?

મ૦— ઐર્યાપથિક કર્મ બાંધનારનો કર્મોપચય સાદિ સાંત[૧] છે; ભવસિદ્ધિક[૨] જીવનો કર્મોપચય અનાદિ સાંત છે, અને અભવસિદ્ધિકોનો કર્મોપચય અનાદિ અનંત છે.

— શતક ૬, ઉદ્દે૦ ૩

---

૧. ઐર્યાપથિક ક્રિયા કષાયરહિતને જ સંભવી શકે છે. કષાયરહિતતા પ્રાપ્ત થયા બાદ જ ઐર્યાપથિક બંધ સંભવતો હોવાથી તે સાદિ છે. બાકી, જીવ-કર્મનો સંબંધ તો અનાદિ છે.

૨. મોક્ષ પામવાને યોગ્ય-ભવ્ય. અભવ્ય એટલે જેઓ કદી પણ મોક્ષ પામવાના નથી તેઓ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૫

વેદના અને નિર્જરા

૧

વેદના[૧] એટલે કર્મફળરૂપે સુખદુઃખાદિ પ્રાપ્ત થવાં તે; અને નિર્જરા એટલે, કર્મનું ફળ ભોગવાઈ જતાં તેનું આત્મામાંથી ખરી પડવું તે.

ગૌતમ—હે ભગવન્! જે મહાવેદનાવાળો હોય તે મહાનિર્જરાવાળો પણ હોય? અને મહાવેદનાવાળામાં તથા અલ્પવેદનાવાળામાં પ્રશસ્ત નિર્જરાવાળો જીવ જ ઉત્તમ કહેવાય કે કેમ?

મ૦— હા, ગૌતમ!

---

૧. વેદનાની બાબતમાં મંડિતપુત્રે પૂછેલા પ્રશ્નના જવાબમાં (—શતક ૩, ઉદ્દે૦ ૩) મહાવીર ભગવાને જણાવ્યું છે કે, પહેલાં ક્રિયા થાય, અને પછી તેના ફળરૂપે વેદના થાય; પહેલાં વેદના અને પછી ક્રિયા એમ નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! છઠ્ઠી અને સાતમી નરકભૂમિઓમાં નૈરયિકો મોટી વેદનાવાળા છે; પરંતુ તેથી તે શ્રમણનિર્ગ્રંથો કરતાં મોટી નિર્જરાવાળા છે ખરા?

મ૦—ના ગૌતમ! તે વાત બરાબર નથી.

ગૌ૦—હે ભગવન્! તેમ શાથી કહો છો?

મ૦—હે ગૌતમ! કોઈ બે વસ્ત્રો હોય: તેમાંથી એક કર્દમના (કાદવ)ના રંગથી રંગાયેલું હોય; અને બીજું ખંજન (મેસ કે મળી)ના રંગથી રંગાયેલું હોય. તે બેમાંથી કયું વસ્ત્ર મહાકષ્ટે ધોઈ શકાય તેવું, ઝાઘા મટાડી શકાય તેવું, તેમ જ ચળકાટ કે ચિતરામણ કરી શકાય તેવું કહેવાય?

ગૌ૦—હે ભગવન્! કર્દમથી રંગેલું મહાકષ્ટે ધોઈ શકાય તેવું કહેવાય.

મ૦—હે ગૌતમ! એ જ પ્રમાણે નૈરયિકોનાં પાપકર્મ ગાઢ, ચીકણાં, ક્લિષ્ટ, તથા ખિલીભૂત છે; તેથી તેઓ ગાઢ વેદના ભોગવતા હોવા છતાં મોટી નિર્જરાવાળા નથી કે મોટા પર્યવસાન (નિર્વાણરૂપ ફળ) વાળા નથી.

વળી, જેમ એરણ ઉપર મોટા અવાજથી નિરંતર ઉપરાઉપરી ઘણના પ્રહાર કરવામાં આવે તોપણ તેનાં રજકણ છૂટાં પડી જતાં નથી, તેમ નૈરયિકોનાં પાપકર્મો ગાઢ હોવાથી બહુ વેદના થવા છતાં મોટા પ્રમાણમાં ખરી જતાં નથી.

અર્થાત્ સામાન્ય રીતે મોટી વેદનાવાળો જીવ મોટી નિર્જરાવાળો હોય છે. પરંતુ ઉપર જણાવ્યું તેમ નારકી જીવોનાં પાપકર્મ દુર્વિશોધ્ય હોવાથી મોટી વેદનાવાળાં હોય છે, પણ મોટી નિર્જરાવાળાં નથી હોતાં. તેમ જ શ્રેષ્ઠ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાનમાં સ્થિત થયેલો યોગી મોટી નિર્જરાવાળો હોવા છતાં મોટી વેદનાવાળો નથી હોતો.

જેમ ખંજનના રંગથી રંગાયેલું વસ્ત્ર સહેલાઈથી ધોઈ શકાય છે, તેમ શ્રમણનિર્ગ્રંથોનાં કર્મો (તપાદિથી) શિથિલ એટલે મંદવિપાકવાળાં, સત્તા વિનાનાં, તથા વિપરિણામવાળાં કરી નાખેલાં હોવાથી ઝટ દૂર થઈ જાય છે; તેથી થોડીઘણી વેદના ભોગવવા–ન ભોગવવા છતાં તે શ્રમણનિર્ગ્રંથો મોટી નિર્જરાવાળા અને મોટા પર્યવસાન (નિર્વાણફળ) વાળા હોય છે. જેમ કોઈ પુરુષ ઘાસના સૂકા પૂળાને અગ્નિમાં ફેંકે અને તે શીઘ્ર બળી જાય, કે કોઈ પુરુષ ધગધગતા લોઢાના ગોળા ઉપર પાણીનું ટીપું મૂકે અને તે વિધ્વંસ પામી જાય, તે પ્રમાણે હે ગૌતમ! શ્રમણનિર્ગ્રંથોનાં કર્મો નહિ જેવી વેદના હોવા છતાં શીઘ્ર તેમ જ મોટા પ્રમાણમાં નષ્ટ થઈ જાય છે.

— શતક ૬, ઉદ્દે૦ ૧

૨

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌતમ — હે ભગવન્! નિત્યભોજી[૧] શ્રમણનિર્ગ્રંથ જેટલું કર્મ ખપાવે, તેટલું કર્મ નૈરયિક જીવો નરકમાં એક વરસે, અનેક વરસે કે સો વરસે ખપાવે?

મ૦ — હે ગૌતમ! એ વાત બરાબર નથી.

ગૌ૦ — હે ભગવન્! ચતુર્થભક્ત (ચાર ટંકનો એક ઉપવાસ) કરનાર શ્રમણનિર્ગ્રંથ જેટલું કર્મ ખપાવે, તેટલું કર્મ

---

૧. મૂળ: 'અન્નગ્લાયક' — અન્ન વિના જેને ન ચાલે તેવો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નૈરયિક જીવો નરકમાં સો વરસે, અનેક સો વરસે, કે હજાર વરસે ખપાવે? — ના.

એ ઉપવાસ કરનારો શ્રમણ જેટલું કર્મ ખપાવે, તેટલું નૈરયિક એક હજાર વરસે, અનેક હજાર વરસે કે એક લાખ વરસે ખપાવે? — ના.

ત્રણ ઉપવાસ કરનારો શ્રમણ જેટલું કર્મ ખપાવે, તેટલું નૈરયિક એક લાખ વરસે, અનેક લાખ વરસે કે એક કરોડ વરસે ખપાવે? — ના.

ચાર ઉપવાસ કરનારો શ્રમણ જેટલું કર્મ ખપાવે તેટલું કર્મ નૈરયિક એક કરોડે વરસે, અનેક કરોડ વરસે કે કોટાકોટી વરસે ખપાવે? — ના.

ગૌ૦ — હે ભગવન્! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો?

મ૦ — હે ગૌતમ! કોઈ ઘરડો, જર્જરિત શરીરવાળો, ઢીલાં અને વળિયાંવાળાં ગાત્રવાળો, પડી ગયેલા દાંતવાળો, તથા ગરમી, તરસ, દુઃખ, ભૂખ, દુર્બળતા અને માનસિક ક્લેશવાળો પુરુષ મોટા કોશંબ વૃક્ષની સૂકી, ગાંઠોવાળી, ચીકણી, વાંકી અને નિરાધાર રહેલી ગંડેરી ઉપર જુના પરશુ વડે પ્રહાર કરે, તો ગમે તેટલા મોટા હુંકાર કરવા છતાં તેના મોટા મોટા કકડા પણ ન કરી શકે; તે પ્રમાણે નૈરયિકોએ પોતાનાં પાપકર્મો ગાઢ કર્યાં છે, તથા ચીકણાં કર્યાં છે, તેથી તેઓ અત્યંત વેદના અનુભવવા છતાં, નિર્જરા અને નિર્વાણરૂપ ફળવાળા થતા નથી. પરંતુ કોઈ તરુણ, બલવાન, મેધાવી, અને નિપુણ કારીગર પુરુષ મોટા શીમળાની લીલી, જટા વિનાની, ગાંઠો વિનાની, ચીકાશ વિનાની, સીધી અને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આધારવાળી ગંડેરી ઉપર તીક્ષ્ણ કુહાડા વડે પ્રહાર કરે, તો તે પુરુષ મોટા મોટા હુંકાર ન કરવા છતાં મોટાં મોટાં ફાડિયાં ફાડે છે. તે પ્રમાણે હે ગૌતમ! શ્રમણનિર્ગ્રંથોએ પોતાનાં કર્મોને સ્થૂલ, શિથિલ તથા નિષ્ઠિત કરેલાં છે, તેથી તે શીઘ્ર જ નાશ પામે છે અને તેઓ નિર્વાણરૂપી મહાફળવાળા થાય છે.

— શતક ૧૬, ઉદ્દે૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૬

જીવોનું ભારેપણું અને અલ્પાયુષીપણું

૧

ગૌતમ — હે ભગવન્! જીવો જલદી (કર્મના ભારથી) ભારે કેવી રીતે થઈ જાય?

મહાવીર — હે ગૌતમ! હિંસા વડે, અસત્ય વાણી વડે, ચોરી વડે, મૈથુન વડે, પરિગ્રહ વડે, ક્રોધ વડે, માન વડે, માયા વડે, લોભ વડે, રાગ વડે, દ્વેષ વડે, કલહ વડે, અભ્યાખ્યાન (મિથ્યા આળ દેવા) વડે, ચાડી ખાવા વડે, અરતિ અને રતિ વડે, નિંદા વડે, કપટપૂર્વક ખોટું બોલવા વડે, અને અવિવેક (મિથ્યાદર્શનશલ્ય) વડે જીવો જલદી ભારેપણું પામે છે.

ગૌ૦ — હે ભગવન્! જીવો શીઘ્ર હલકાપણું કેવી રીતે પામે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! ઉપર જણાવેલ હિંસાદિ અઢાર પાપસ્થાનોનો [illegible] જીવ શીઘ્ર હલકાપણું પ્રાપ્ત કરે છે.

એ જ રીતે હિંસાદિ અઢાર પાપસ્થાનો ન ત્યાગનારનો સંસાર વધે છે, લાંબો થાય છે, તથા તે સંસારમાં ભમ્યા કરે છે; પરંતુ તેમાંથી નિવૃત્ત થનારનો સંસાર ઘટે છે, ટૂંકો થાય છે, અને તે સંસારને ઓળંગી જાય છે.

હળવાપણું, સંસારને ઘટાડવો, સંસારને ટૂંકો કરવો, અને સંસારને ઓળંગવો એ ચાર પ્રશસ્ત છે; તથા ભારેપણું, સંસારને વધારવો, સંસારને લાંબો કરવો અને સંસારમાં ભમવું એ અપ્રશસ્ત છે.

—શતક ૧, ઉદ્દે૦ ૯

૨

ગૌતમ—હે ભગવન્! જીવો થોડું જીવવાના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે?

મ૦—હે ગૌતમ! ત્રણ સ્થાનો વડે જીવો થોડું જીવવાનું કારણભૂત કર્મ બાંધે છે: હિંસા વડે, અસત્ય વાણી વડે, તથા શ્રમણ-બ્રાહ્મણને સજીવ તથા સદોષ[1] અન્નપાનાદિ આપવા વડે.

ગૌ૦—હે ભગવન્! જીવો લાંબો કાળ જીવવાના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે?

મ૦—હે ગૌતમ! ત્રણ સ્થાનો વડે જીવો લાંબો કાળ જીવવાના કારણભૂત કર્મ બાંધે છે: અહિંસા વડે, સત્ય વાણી

૧. 'અકલ્પ્ય,' ન ખપે તેવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વડે, તથા શ્રમણ-બ્રાહ્મણને નિર્જીવ તથા નિર્દોષ ખાનપાનાદિ પદાર્થો આપવા વડે.

ગૌ૦— હે ભગવન્! જીવો અશુભ રીતે લાંબો કાળ જીવવાના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે?

ભ૦— હે ગૌતમ! હિંસા કરીને, ખોટું બોલીને તથા શ્રમણબ્રાહ્મણની હીલના[1], નિંદા, ફજેતી, ગર્હા કે અપમાન કરીને તથા તેને અમનોજ્ઞ (સ્વરૂપથી ખરાબ — અપ્રિય) અન્નપાનાદિ આપીને જીવો અશુભ રીતે લાંબો કાળ જીવવાના કારણભૂત કર્મ બાંધે છે.

ગૌ૦— હે ભગવન્! જીવો શુભ પ્રકારે લાંબો કાળ જીવવાના કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે?

ભ૦— હે ગૌતમ! પ્રાણોને ન મારીને, ખોટું ન બોલીને તથા શ્રમણ-બ્રાહ્મણને વંદનોપાસનાદિપૂર્વક મનોજ્ઞ તથા પ્રીતિકારક અન્નપાનાદિ આપીને જીવો શુભ દીર્ઘાયુષ બાંધે છે.

—શતક ૫, ઉદ્દે૦ ૬

---

૧. 'હીલના – એટલે તેની જાતિ વગેરે ઉઘાડી પાડીને કરેલી નિંદા; 'નિન્દા' એટલે મન વડે કરેલી નિન્દા; 'ફજેતી' એટલે લોકસમક્ષ કરેલી નિન્દા; 'ગર્હા' એટલે તેની પોતાની સામે કરેલી નિન્દા; અને 'અપમાન' એટલે તેને આવતો-જતો જોઈ ઊભા ન થવું વગેરે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૭

સાધુ

૧

ગૌતમ—હે ભગવન્! જે આ શ્રમણનિર્ગ્રંથો આર્યપણે—પાપકર્મરહિતપણે વિહરે છે, તેઓ કોના સુખને[૧] અતિક્રમે છે? અર્થાત્ તેમનું સુખ કોનાથી ચડિયાતું છે?

મ૦—હે ગૌતમ! એક માસની દીક્ષાવાળો[૨], એટલે કે દીક્ષા લીધે એક માસ થયો હોય તેવો શ્રમણનિર્ગ્રંથ વાનવ્યંતર દેવોના સુખને અતિક્રમે છે. બે માસની દીક્ષાવાળો શ્રમણ અસુરકુમાર સિવાયના ભવનવાસી દેવોના સુખને અતિક્રમે છે. ત્રણ માસની દીક્ષાવાળો શ્રમણ અસુરકુમાર દેવોના સુખને અતિક્રમે છે; ચાર માસની દીક્ષાવાળો શ્રમણ ગ્રહો, નક્ષત્રો અને તારારૂપ જ્યોતિષ્ક દેવોના સુખને અતિક્રમે

---

૧. મૂળ: 'તેજોલેશ્યા'.

૨. મૂળ: 'દીક્ષાપર્યાયવાળો'

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે; પાંચ માસની દીક્ષાવાળો શ્રમણ જ્યોતિષ્કના ઇંદ્ર, જ્યોતિષ્કના રાજા ચંદ્ર અને સૂર્યના સુખને અતિક્રમે છે; છ માસની દીક્ષાવાળો શ્રમણ સૌધર્મ અને ઈશાનવાસી દેવોના સુખને અતિક્રમે છે; સાત માસની દીક્ષાવાળો શ્રમણ સાનત્કુમાર અને માહેન્દ્ર દેવોના, આઠ માસની દીક્ષાવાળો બ્રહ્મલોકવાસી અને લાંતક દેવોના, નવ માસની દીક્ષાવાળો આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવોના, અગિયાર માસની દીક્ષાવાળો ગ્રૈવેયક દેવોના તથા બાર માસની દીક્ષાવાળો શ્રમણનિર્ગ્રંથ અનુત્તરૌપપાતિક દેવોના સુખને અતિક્રમે છે. ત્યારબાદ તે શુદ્ધતર પરિણામવાળો થઈને સિદ્ધ થાય છે તથા સર્વ દુઃખોનો અંત કરે છે.

—શતક ૧૪, ઉદ્દે૦ ૯

૨

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌતમ— હે ભગવન્! નિર્ગ્રંથોના કેટલા પ્રકાર છે?

મ૦— હે ગૌતમ! નિર્ગ્રંથો પાંચ પ્રકારના કહ્યા છે:

૧. પુલાક: 'એટલે કે જે સાધુ સંયમવાન હોવા છતાં, તથા વીતરાગપ્રણીત આગમથી કદી ચલિત ન થતા હોવા છતાં, દોષ વડે સંયમને, પુલાકની પેઠે — નિઃસાર ધાન્યના કણની પેઠે — કાંઈક અસાર કરે છે, અથવા તેમાં પરિપૂર્ણતા પ્રાપ્ત કરતા નથી તે'.[૧]

૧. આ તથા પછીની બધી અવતરણમાં મૂકેલી વ્યાખ્યાઓ મૂળની નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પુલાકના પાંચ પ્રકાર છે : સ્ખલન ઇત્યાદિથી જ્ઞાનને દૂષિત કરે તે જ્ઞાનપુલાક; શંકા આદિથી સમ્યક્ત્વને દૂષિત કરે તે દર્શનપુલાક; અહિંસાદિ ગુણોની વિરાધનાથી ચારિત્રને દૂષિત કરે તે ચારિત્રપુલાક; નિષ્કારણ અન્ય સંપ્રદાયનું લિંગ ધારણ કરે તે લિંગપુલાક; અને જે અકલ્પિત — સેવવા અયોગ્ય દોષોને મનથી સેવે તે યથાસૂક્ષ્મપુલાક.

૨. બકુશ : 'એટલે કે ચિત્ર વર્ણવાળા; અર્થાત્ જે સાધુઓ શરીર અને ઉપકરણ સુશોભિત રાખવાના પ્રયત્નવાળા હોય, ઋદ્ધિ અને કીર્તિ ચાહતા હોય, સુખશીલ હોય, સસંગ — પરિવારયુક્ત — હોય, તથા અતિચારાદિદોષોયુક્ત ચારિત્રવાળા હોય તે.'

બકુશ સાધુઓના પાંચ પ્રકાર છે : શરીરાદિની શોભા સાધુને અયોગ્ય છે એમ જાણવા છતાં તેવા પ્રકારનો દોષ સેવે તે આભોગબકુશ; અજાણતાં તે દોષ સેવે તે અનાભોગ-બકુશ; ચારિત્રના અહિંસાદિ ગુણો વડે સંવૃત હોય તે સંવૃત બકુશ; તેથી ભિન્ન તે અસંવૃતબકુશ; અને આંખ-મુખને સાફ રાખનાર યથાસૂક્ષ્મબકુશ.

૩. કુશીલ : 'એટલે કે, દોષના સંબંધથી જેનું શીલ કુત્સિત – મલિન થયું છે તે.' તેમાં પણ જેઓ ઇંદ્રિયોને વશવર્તી હોઈ, ઉત્તરગુણોની વિરાધના[1] કરે, તે 'પ્રતિસેવના-કુશીલ' કહેવાય છે; અને જેઓ તીવ્ર કષાયને કદી વશ ન

૧. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અને રાત્રીભોજનત્યાગ એ મૂળ ગુણો છે; અને નિર્દોષ ભિક્ષાચર્યા, ગૃહસ્થનાં વાસણ-શય્યા-મકાન વગેરેનો ત્યાગ, અસ્નાન, અને આભૂષણત્યાગ એ ઉત્તર ગુણો છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચતાં માત્ર મંદ કષાયને કયારેક વશ થાય, તે 'કષાયકુશીલ' કહેવાય છે.

તેમાં પ્રતિસેવનાકુશીલના પાંચ પ્રકાર છે : જ્ઞાન, દર્શન, ચારિત્ર અને લિંગ – સાધુવેશ – એનાથી ઉપજીવિકા કરનાર અનુક્રમે જ્ઞાનપ્રતિસેવનાકુશીલ, દર્શન૦, ચારિત્ર૦, અને લિંગ-પ્રતિસેવનાકુશીલ કહેવાય છે, અને 'આ તપસ્વી છે' એવી પ્રશંસાથી જે ખુશ થાય, તે યથાસૂક્ષ્મકુશીલ કહેવાય છે.

કષાયકુશીલના પાંચ પ્રકાર આ પ્રમાણે છે : જ્ઞાન, દર્શન અને લિંગ – સાધુવેશ – નો ક્રોધ, માનાદિ કષાયમાં ઉપયોગ કરે, તે અનુક્રમે જ્ઞાનકષાયકુશીલ, દર્શનકષાયકુશીલ, અને લિંગ-કષાયકુશીલ કહેવાય છે. કષાયથી જે શાપ આપે તે ચારિત્રકષાયકુશીલ અને જે માત્ર મનથી ક્રોધાદિને સેવે તે યથાસૂક્ષ્મકુશીલ કહેવાય છે.[૧]

૪. નિર્ગ્રંથ : 'એટલે કે ગ્રંથ — મોહનીયકર્મથી રહિત એવો સાધુ. તેનામાં રાગદ્વેષનો અત્યંત અભાવ છે, તથા સર્વજ્ઞપણું પ્રાપ્ત થવાને પણ હવે તેને અંતર્મુહૂર્ત[૨] જેટલી જ વાર છે.' તે અંતર્મુહૂર્તના પ્રથમ સમયમાં વર્તમાન સાધુ 'પ્રથમસમય નિર્ગ્રંથ' કહેવાય છે; અને બાકીના સમયમાં વર્તમાન 'અપ્રથમસમય નિર્ગ્રંથ' કહેવાય છે. એમ ચરમ સમયમાં વર્તમાન 'ચરમસમય નિર્ગ્રંથ', અને બાકીના

---

૧. બીજી વ્યાખ્યા પ્રમાણે, કષાયો વડે જ્ઞાનાદિનો વિરાધક તે જ્ઞાનાદિકષાયકુશીલ કહેવાય છે.

૨. નવ સમયથી માંડી બે ઘડીથી કાંઈક ઓછા – એટલામાંથી કોઈ પણ કાળ અંતર્મુહૂર્ત કહેવાય. સમય એ કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમયમાં વર્તમાન 'અચરમસમય નિર્ગ્રંથ' કહેવાય છે. સામાન્યતઃ પ્રથમાદિ સમયની વિવક્ષા સિવાયનો નિર્ગ્રન્થ 'યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ' કહેવાય છે. એમ નિર્ગ્રંથના પાંચ પ્રકાર છે.

૫. સ્નાતક: 'એટલે કે સમસ્ત ઘાતી કર્મનું[૧] ક્ષાલન કરવાથી સ્નાત — શુદ્ધ થયેલ તથા જેને સર્વજ્ઞત્વ પ્રાપ્ત થયું છે તે સાધુ.'

તેના પાંચ પ્રકાર આ પ્રમાણે છે: શરીર કે કાયવ્યાપાર રહિત સ્નાતક તે 'અચ્છવી સ્નાતક'; દોષરહિત વિશુદ્ધ ચારિત્રવાળો તે 'અશબલ સ્નાતક'; ઘાતી-કર્મ રહિત તે અકર્માંશ સ્નાતક; સંશુદ્ધ જ્ઞાન અને દર્શનને ધારનાર તે અરિહંત-જિન-કેવલી; અને કર્મબંધરહિત તે અપરિસ્રાવી.[૨]

— શતક ૨૫, ઉદ્દેશક ૬

૩

ગૌ૦—હે ભગવન્! સંયમીઓના કેટલા પ્રકાર છે?

મ૦—હે ગૌતમ! સંયમીઓના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે : ૧. સામાયિક સંયત, ૨. છેદોપસ્થાપનીય

---

૧. આત્માના ગુણોનો સીધો ઘાત કરનારાં જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મ ઘાતી કહેવાય છે; બાકીનાં વેદનીયાદિ ચાર અઘાતી કહેવાય છે. જુઓ પા. ૨૪-૬ ઉપર ટિ. નં. ૧ માં જણાવેલાં ચાર.

૨. આ બધા સાધુઓનો મૂળમાં પાછો સંખ્યા, ગુણ, વગેરે અનેક રીતે વિચાર કરવામાં આવ્યો છે. તે માટે જુઓ આ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંયત, ૩. પરિહારવિશુદ્ધિસંયત, ૪. સૂક્ષ્મસંપરાયસંયત અને ૫. યથાખ્યાતસંયત.

૧. સામાયિક સંયત : સમભાવમાં રહેવા માટે બધી અશુદ્ધ પ્રવૃત્તિઓના ત્યાગપૂર્વક ચાર મહાવ્રતરૂપ પ્રધાન ધર્મને મન, વચન, કાયાથી ત્રિવિધે જે પાળે, તે સામાયિક સંયત કહેવાય. તેના બે પ્રકાર છે : (૧) ઇત્વરિક એટલે કે અલ્પકાલિક : અતિચારયુક્ત થવાથી દીક્ષાપર્યાયને છેદી ફરી મહાવ્રત આપવાથી જેનું સંયતપણું છિન્ન થાય તે. (૨) અને નિરતિચાર : એટલે કે જીવનપર્યંત જેનું ચારિત્ર અખંડ રહે છે તે.

૨. છેદોપસ્થાપનીય સંયત : પૂર્વના દીક્ષાપર્યાયનો છેદ કરી જે પોતાના આત્માને પાંચ મહાવ્રતરૂપ ધર્મમાં સ્થાપે, તે 'છેદોપસ્થાપનીય સંયત' કહેવાય. તેના બે પ્રકાર છે : (૧) સાતિચાર : એટલે કે, અતિચારયુક્ત થવાથી દીક્ષાપર્યાય છેદી ફરી મહાવ્રત આપવાં પડ્યાં હોય તેવો. (૨) અને નિરતિચાર : એટલે કે પ્રથમ દીક્ષિત સાધુને તથા પાર્શ્વનાથના તીર્થથી મહાવીરના તીર્થમાં પ્રવેશ કરનાર સાધુને ફરી મહાવ્રત આપવાં પડ્યાં હોય તે. *

૩. પરિહારવિશુદ્ધિક સંયત : પાંચ મહાવ્રતરૂપ અને ઉત્તમોત્તમ ધર્મને ત્રિવિધે મન-વચન-કાયાથી પાળતો અમુક પ્રકારનું તપ કરે, તે 'પરિહારવિશુદ્ધિક સંયત' કહેવાય.

* છેદોપસ્થાપનીય સાધુ પ્રથમ તીર્થંકર અને પશ્ચિમ તીર્થંકરના તીર્થમાં જ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેના બે પ્રકાર છે : (૧) નિર્વિશમાનક એટલે કે તપ કરનાર, અને (૨) નિર્વિષ્ટકાયિક એટલે કે સેવાચાકરી કરનાર.*

૪. સૂક્ષ્મસંપરાય સંયત : જેમાં ક્રોધ આદિ કષાય ઉદયમાન નથી હોતા, ફક્ત લોભનો અંશ અતિ સૂક્ષ્મપણે હોય છે, તે 'સૂક્ષ્મસંપરાયસંયત'. તેના બે પ્રકાર છે : (૧) સંક્લિશ્યમાનક, એટલે કે ઉપશમશ્રેણીથી નીચે પડતો (૨) અને વિશુધ્યમાનક, એટલે કે ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી ઉપર ચડતો.

૫. યથાખ્યાત સંયત : જેમાં કોઈ પણ કષાય ઉદયમાન નથી હોતો, તે 'યથાખ્યાત સંયત' કહેવાય. તેના બે પ્રકાર છે : (૧) છદ્મસ્થ[૧], એટલે કે જેને હજુ કેવલજ્ઞાન થયું નથી, તેવો (૨) અને કેવલી, એટલે કે જેને કેવલજ્ઞાન થયું છે તે.

---

* તે તપમાં અમુક સંખ્યાના સાધુઓ ગચ્છમાંથી નીકળી તપ અંગીકાર કરે છે; તેમાં વારા ફરતી એક ગુરુસ્થાને રહે છે, બીજા અમુક તપ કરે છે, અને બીજા અમુક સેવા કરે છે. વિગત માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ', પુસ્તક પા. ૧૬૭, નોં. ૩, તથા આ ગ્રંથમાં જ ત્રીજા સિદ્ધાંતખંડમાં જીવવિભાગમાં પ્રકરણ ૬માં છઠ્ઠો લબ્ધિવાળો વિભાગ.

૧. આત્મિક શુદ્ધિ કે વિકાસની ૧૪ પાયરીઓ – કે જે ગુણસ્થાનો કહેવાય છે, તેમાં ૧૧ અને ૧૨ ગુણસ્થાને પહોંચેલો છદ્મસ્થ કહેવાય છે; પછી ૧૩મા ગુણસ્થાનમાં તેને સર્વજ્ઞપણું પ્રાપ્ત થઈ, ૧૪ માને અંતે શરીરપાત થતાં તેને વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે. જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૭૨, ટિ. નં. ૬; તથા આ ગ્રંથમાં ત્રીજા સિદ્ધાંતખંડમાં જીવવિભાગમાં પ્રકરણ ૩ને અંતે ટિ. નં. ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જેને દર્શનમોહનીય કર્મનો સર્વથા ક્ષય હોય પણ ચારિત્રમોહનીયનો ક્ષય અથવા ઉપશાંતિ હોય, તે છદ્મસ્થ; અને મોહના આત્યંતિક અભાવને લીધે વીતરાગદશા પ્રગટવા સાથે પ્રાપ્ત થતા સર્વજ્ઞપણાયુક્ત તે કેવલી[૧].

—શતક ૨૫, ઉદ્દે૦ ૭.

૪

મ૦—હે ગૌતમ! લાઘવ (ઓછી ઉપાધિવાળા હોવાપણું), અલ્પેચ્છા, અમૂર્છા, અનાસક્તિ અને અપ્રતિબદ્ધતા (સ્નેહનો અભાવ) એ પાંચ વાનાં શ્રમણસાધુ માટે સારાં છે.

વળી હે ગૌતમ! અક્રોધીપણું, અમાનીપણું, અકપટીપણું, અને અક્ષોભીપણું એ ચાર વાનાં પણ શ્રમણસાધુ માટે સારાં છે.

વળી હે ગૌતમ! રાગદ્વેષ ક્ષીણ થયા પછી શ્રમણસાધુ અંતકર અને અંતિમ શરીરવાળો થાય; તથા પૂર્વની અવસ્થામાં બહુ મોહવાળો થઈને વિહાર કરે તો પણ પછી સંવૃત[૨] થઈને મરણ પામે, તો પછી સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય, નિર્વાણ પામે અને સર્વ દુઃખનો નાશ પ્રાપ્ત કરે.

—શતક ૧, ઉદ્દે૦ ૯

---

૧. આ સંયતોને માટે પણ મૂળમાં પુલાક, બકુશાદિની પેઠે અનેક વિચારણાદ્વારો છે. તેનો નમૂનો પુલાકાદિ માટેનાં દ્વારોમાં વાચકને જોવા મળ્યો છે. તેથી તેમને અહીં ઉતાર્યાં નથી.

૨. સંવૃત એટલે આશ્રવદ્વાર—કર્મ આવવાના માર્ગને—અર્થાત્ પાપપ્રવૃત્તિઓને સેકનાર.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૫

રાજગૃહનો પ્રસંગ છે.

ગૌતમ—હે ભગવન્! અસંવૃત અનગાર (સાધુ) સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય, નિર્વાણ પામે અને સર્વ દુઃખોનો અંત કરે?

મ૦—હે ગૌતમ! એ વાત બરાબર નથી.

ગૌ૦—હે ભગવન્! તે કયા કારણથી?

મ૦—હે ગૌતમ! અસંવૃત અનગાર આયુષ્ય સિવાયની[૧] બાકીની સાતે કર્મપ્રકૃતિઓ શિથિલપણે બંધાઈ હોય તેને ગાઢ બંધનવાળી કરે છે; જે પ્રકૃતિઓ થોડા સમયની સ્થિતિવાળી હોય, તેઓને લાંબાકાળની સ્થિતિવાળી કરવાનો આરંભ કરે છે; મંદ અનુભાવવાળી—હીન રસવાળી પ્રકૃતિઓને ગાઢ રસવાળી કરે છે; અને થોડા પ્રદેશવાળાં કર્મદળનાં પરિમાણુવાળી પ્રકૃતિઓને ઘણા પ્રદેશવાળાં કર્મદળનાં પરિમાણુવાળી કરે છે;[૨] અશાતાવેદનીય એટલે કે દુઃખપૂર્વક

---

૧. એક ભવમાં ચાલુ આયુષ્યનો ત્રીજો ભાગ વગેરે બાકી રહેતાં એક જ વખત માત્ર અંતર્મુહૂર્તકાળને વિષે આયુષ્યકર્મ બંધાય છે. માટે સાત કર્મપ્રકૃતિ કહી.

૨. કષાયપૂર્વક કરાતી મન-વાણી-કાયાની પ્રવૃત્તિ એટલે કે 'યોગ'ને કારણે કર્મપરમાણુઓ જીવમાં બંધાય છે. તે વખતે તેમાં ચાર અંશો નિર્માણ થાય છે: ૧. જ્ઞાનને આવૃત્ત કરવાનો, સુખદુઃખ અનુભવાવવાનો વગેરે સ્વભાવ—'પ્રકૃતિબંધ'; (૨) તે સ્વભાવથી અમુક સમય સુધી ચ્યુત ન થવાની કાલમર્યાદા—'સ્થિતિબંધ', (૩) તીવ્રતા મંદતા આદિપણે ફલાનુભવ કરાવનારી વિશેષતાઓ—'અનુભાવબંધ'; અને (૪) સ્વભાવ દૃઢ તે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવવાના કર્મને વારંવાર એકઠું કરે છે; તથા અનાદિ, અનંત, દીર્ઘ માર્ગવાળા, તથા ચાર ગતિવાળા સંસારારણ્ય વિષે પર્યટન કરે છે.

પરંતુ સંવૃત અનગાર તેથી ઊલટું કરીને સિદ્ધ થાય છે, તથા સર્વ દુઃખોનો અંત કરે છે.

—શતક ૧, ઉદ્દે૦ ૧

૬

રાજગૃહ નગરનો પ્રસંગ છે :

ગૌતમ—હે ભગવન્! જેણે સંસારને રોકયો નથી, જેણે સંસારના પ્રપંચોને નિરોધ્યા નથી, જેનો સંસાર ક્ષીણ થયો નથી, જેનો સંસાર છેદાયો નથી, જે કૃતાર્થ નથી, અને જેનું કાર્ય સમાપ્ત થયું નથી, એવો સાધુ ભલે પછી તે નિર્દોષ અને સ્વીકારવા યોગ્ય અન્નપાન જે[1] ખાનારો હોય, તે ફરીને શીઘ્ર પશુ–મનુષ્યાદિમાં જન્મવારૂપ અવસ્થાને પામે?

મ૦—હે ગૌતમ! તે ફરીને શીઘ્ર તેવી અવસ્થાને પામે.

ગૌ૦—હે ભગવન્! તે નિર્ગ્રંથના જીવને કયા શબ્દથી ઓલાવાય?

મ૦—હે ગૌતમ! તે નિર્ગ્રંથનો જીવ શ્વાસનિઃશ્વાસ લે છે માટે 'પ્રાણ' કહેવાય; થવાના સ્વભાવવાળો છે—થયો છે,

---

પરમાણુઓનું અમુક પરિમાણુમાં વહેંચાઈ જવું—'પ્રદેશબંધ'. આ ચારમાંથી પહેલો અને છેલ્લો યોગ એટલે કે પ્રવૃત્તિને આભારી છે, અને બીજો તથા ત્રીજો રાગદ્વેષાદિ કષાયને આભારી છે. કર્મપ્રકૃતિઓ તથા તેમના હેતુઓ માટે જુઓ પા. ૨૪, ટિ. ૧.

૧. મૂળમાં 'મૃતાદિ'. – મૃત = નિર્જીવ વસ્તુ ખાનાર.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે, અને થશે—માટે 'ભૂત' કહેવાય; જીવે છે અને જીવપણાને તથા આયુષકર્મને અનુભવે છે, માટે જીવ કહેવાય; શુભાશુભ કર્મોવડે સંબદ્ધ છે માટે 'સત્ત્વ' કહેવાય; કડવા-ખાટા વગેરે રસોને જાણે છે માટે 'વિજ્ઞ' કહેવાય; તથા સુખ-દુઃખાદિ અનુભવે છે માટે 'વેદ' કહેવાય.

પરંતુ જે નિર્ગ્રંથે સંસારને રોકયો છે, તેના પ્રપંચને રોકયો છે, તથા જેનું કાર્ય સમાપ્ત થયેલ કાર્યની પેઠે પૂર્ણ થયું છે, તેવો નિર્દોષ અન્નપાન ખાનારો નિર્ગ્રંથ ફરીને મનુષ્યપણું વગેરે ભાવોને પામતો નથી. તેનો જીવ 'સિદ્ધ' કહેવાય, 'બુદ્ધ' કહેવાય, 'મુક્ત' કહેવાય, 'પારગત' કહેવાય, એક પગથિયેથી બીજે એમ અનુક્રમે સંસારના પારને પામેલો 'પરંપરાગત' કહેવાય, તથા પરિનિર્વૃત, અંતકૃત અને સર્વદુઃખપ્રહીણ કહેવાય.

શતક ૨, ઉદ્દે૦ ૧

૭

રાજગૃહનગરનો પ્રસંગ છે.

ગૌતમ૦—હે ભગવન્! અસંયત, અવિરત તથા જેણે પાપકર્મ હણ્યાં નથી અને વર્જ્યા નથી તેવો જીવ અહીંથી ચ્યવીને પરલોકમાં દેવ થાય છે?

મ૦—હે ગૌતમ! તેવા કેટલાક દેવ થાય છે, અને કેટલાક દેવ નથી થતા.

ગૌ૦—હે ભગવન્! તેનું શું કારણ?

મ૦—હે ગૌતમ! જે જીવો ગામ, નગર, રાજધાની વગેરેમાં પરાણે ભૂખ-તરસ, બ્રહ્મચર્ય, શીત-ઉષ્ણ, ડાંસ-મચ્છર

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરેનાં દુઃખ સહન કરે છે; પરાણે સ્નાનત્યાગ, પરસેવો, રજ, મેલ તથા કાદવથી થતા પરિદાહનો ક્લેશ થોડો યા વધારે વખત સહન કરે છે, તેઓ તે પ્રકારના અકામ[૧] તપ–ક્લેશ વડે મૃત્યુકાળે મરીને વાનવ્યંતર દેવલોકના કોઈ પણ લોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

હે ગૌતમ! અહીં જેમ પુષ્પ, પલ્લવ, લતા, ફલ વગેરેવાળું અશોક, આંબા, કસુંબા વગેરેનું વન ઘણી શોભા વડે અતીવ શોભતું હોય છે, તેમ વાનવ્યંતર દેવોનાં સ્થાનો અતીવ શોભતાં હોય છે. ત્યાંનાં દેવદેવીની ઓછામાં ઓછી સ્થિતિ દશ હજાર વર્ષની હોય છે અને વધારેમાં વધારે પલ્યોપમ[૨] વર્ષ જેટલી હોય છે.

—શતક ૧, ઉદ્દે૦ ૧

૮

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! ખંડિત સંયમવાળા કે અખંડિત સંયમવાળા, તાપસો, પરિવ્રાજકો, આજીવિકો, અને શ્રદ્ધાભ્રષ્ટ વેષધારકો વગેરે સાધુઓ દેવપણું પામવાને યોગ્ય હોય, તો કોની ઉત્પત્તિ કયાં થાય છે?

મ૦—હે ગૌતમ! સંયમ રહિત અને દેવપણું પામવાને યોગ્ય જીવો એટલે કે શ્રમણના ગુણ ધારણ કરનારા, તથા શ્રમણનો આચાર, અનુષ્ઠાન, તથા બાહ્ય વેષ ધારણ કરનારા

---

૧. કર્મક્ષયની–નિર્જરાની કામનાથી કરેલું નહીં, એવું.

૨. તેની ગણતરી માટે આ ગ્રંથમાં જુઓ બીજો ચારિત્રખંડ, સુદર્શન શેઠની કથા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાદૃષ્ટિઓ કમમાં કમ ભવનવાસીમાં અને વધારેમાં વધારે ઉપરના ગ્રૈવેયક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. દીક્ષા લીધી ત્યારથી જેમનું ચારિત્ર અભગ્ન છે, તેવા અખંડિત સંયમવાળાઓ[૧] કમમાં કમ સૌધર્મકલ્પમાં અને વધારેમાં વધારે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે. તેમનાથી ઊલટા એટલે કે ખંડિત સંયમવાળાઓ કમમાં કમ ભવનવાસીમાં અને વધારેમાં વધારે સૌધર્મકલ્પમાં ઉત્પન્ન થાય છે. સ્વીકાર કર્યો ત્યારથી જેઓનો દેશવિરતિ[૨] પરિણામ અખંડિત છે તેવા અખંડિત—સંયમાસંયમો[૨] કમમાં કમ સૌધર્મકલ્પમાં અને વધારેમાં વધારે અચ્યુતકલ્પમાં ઉત્પન્ન થાય છે. તેમનાથી ઊલટા ખંડિત—સંયમાસંયમો કમમાં કમ ભવનવાસીમાં અને વધારેમાં વધારે જ્યોતિષિકમાં ઉત્પન્ન થાય છે. મરજી વિના થતી અકામ નિર્જરાવાળા (પરાણે તપ સહે છે તેવા) કમમાં કમ ભવનવાસીમાં અને વધારેમાં વધારે વાનવ્યંતરમાં ઉત્પન્ન થાય છે; બાકીના (હવે પછી જણાવેલા) બધાની કમમાં કમ ઉત્પત્તિ ભવનવાસીમાં છે. અને વધારેમાં વધારે નીચે પ્રમાણે છે:

---

૧. સંજ્વલન કષાયના સામર્થ્યથી તેઓમાં થોડો માયાદિ દોષ સંભવે છે; પણ તેઓએ ચારિત્રનો ઉપઘાત કર્યો નથી. –ટીકા.

૨. વિરતિ એટલે વિરમવું તે; હિંસાદિ પાપોમાંથી અંશતઃ નિવૃત્ત થવું તે દેશવિરતિ. જેમકે 'જંગમ જીવોની હિંસા ન કરવી' એવો નિયમ લેનાર સ્થૂલ અહિંસા વ્રતવાળો છે. તેને 'સંયમાસંયમી' પણ કહેવાય. કારણ કે જંગમ જીવોની અહિંસાની દૃષ્ટિએ તે સંયમી છે, અને અન્ય જીવોની હિંસાની દૃષ્ટિએ તે અસંયમી છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તાપસો એટલે કે ખરી પડેલાં પાંદડાં વગેરેનો ઉપભોગ કરનારા (મૂઢ તપસ્વીઓ) જ્યોતિષિકમાં; ચેષ્ટા, ચાળા વગેરે કરનાર કાંદર્પિકો સૌધર્મકલ્પમાં; ઘાડની ભિક્ષાથી જીવનારા ત્રિદંડીઓ (ચરકપરિવ્રાજકો)[૧] બ્રહ્મલોકકલ્પમાં; જ્ઞાન, જ્ઞાની, સાધુ વગેરેની નિંદા કરનારા કિલ્બિષિકો[૨] લાંતકકલ્પમાં; દેશવિરતિ ધારણ કરનાર ગાય ઘોડો વગેરે તિર્યંચો સહસ્રારકલ્પમાં; આજીવક સંપ્રદાયના ગોશાલક-શિષ્યો તથા મંત્રાદિનો પ્રયોગ[૩] કરનારા આભિયોગિકો અચ્યુતકલ્પમાં અને દર્શનભ્રષ્ટ વેષધારકો ઉપરના ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે.

—શતક ૧, ઉદ્દે૦ ૨

૯

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌતમ—હે ભગવન્! એકાંતબાલ એટલે કે મિથ્યાદૃષ્ટિ જીવ અથવા વિરતિ વિનાનો જીવ કોનું (કઈ ગતિનું) આયુષ્યકર્મ બાંધે?

મ૦—હે ગૌતમ! પોતાનાં મોટાં-નાનાં કાર્યો અનુસાર નૈરયિકનું, તિર્યંચનું, મનુષ્યનું અને દેવનું પણ બાંધે.

---

૧. અથવા ચરકો એટલે કુચ્છોટકાદિ (લંગોટિયા?) અને પરિવ્રાજકો એટલે કપિલ મુનિના શિષ્યો.

૨. જુઓ ચારિત્રખંડમાં જમાલિની કથાનો ઉપસંહાર.

૩. કૌતુક એટલે સૌભાગ્યાદિ માટે સ્નાન બતાવવાં, ભૂતીકર્મ એટલે તાવવાળા વગેરેને ભૂતિ દેવી, સ્વપ્નવિદ્યા ઇત્યાદિ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! એકાંતપંડિત[૧] મનુષ્ય કઈ ગતિને યોગ્ય આયુષ્યકર્મ બાંધે?

મ૦—હે ગૌતમ! તે તો કદાચ આયુષ્યકર્મ ન પણ[૨] બાંધે; અને બાંધે તો દેવનું જ બાંધે.

ગૌ૦—હે ભગવન્! તેનું શું કારણ?

મ૦—હે ગૌતમ! સર્વ એકાંતપંડિત મનુષ્યની માત્ર બે ગતિઓ કહી છે: (૧) અંતક્રિયા એટલે કે નિર્વાણ — મોક્ષ; અને (૨) કલ્પ — અનુત્તર — સુધીના દેવલોકમાં ઉત્પત્તિ.

ગૌ૦—હે ભગવન્! બાલપંડિત[૩] કોનું આયુષ્ય બાંધે?

મ૦—હે ગૌતમ! દેવનું.

ગૌ૦—હે ભગવન્! તેનું શું કારણ?

મ૦—હે ગૌતમ! બાલપંડિત મનુષ્ય શ્રમણ કે બ્રાહ્મણ પાસેથી એક પણ ધાર્મિક અને આર્ય વચન સાંભળી, તથા તેનું અવધારણ કરી, કેટલીક પ્રવૃત્તિથી (સ્થૂલ હિંસાદિકથી) અટકે છે અને કેટલીકથી (હિંસાદિમાત્રથી) નથી અટકતો; કેટલીકનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ (પ્રત્યાખ્યાન) કરે છે, અને કેટલીકનો નથી કરતો; આમ કેટલીક પ્રવૃત્તિથી અટકવાને લીધે તેમ જ કેટલીકનો ત્યાગ કરવાને લીધે તે નૈરયિકાદિનું આયુષ્ય નથી બાંધતો, પરંતુ દેવનું આયુષ્ય બાંધી દેવોમાં ઉત્પન્ન થાય છે.

— શતક ૧, ઉદ્દે૦ ૮

---

૧. ટીકાકારના જણાવ્યા પ્રમાણે તેનો અર્થ 'સાધુ' થાય છે.

૨. ચાર અનંતાનુબંધીકષાય અને ત્રણ મોહનીયનો ક્ષય થયા બાદ.

૩. એટલે કે શ્રાવક. —ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ટિપ્પણો

ટિપ્પણ નં. ૧ :

હવે પુલાક વગેરે પાંચેનો વેદ વગેરેની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે :

૧. તેમાં પુલાકને વેદ હોય છે; પરંતુ કોઈ સ્ત્રીને પુલાકલબ્ધિ હોતી નથી; તેથી પુલાકલબ્ધિવાળો, પુરુષ કે પુરુષનપુંસક (કૃત્રિમ રીતે થયેલો) હોય છે. બકુશ પણ વેદયુક્ત હોય છે; પરંતુ સ્ત્રી, પુરુષ કે કૃત્રિમનપુંસક એ ત્રણે બકુશ હોઈ શકે છે. તેવું જ પ્રતિસેવનાકુશીલનું જાણવું. કષાય-કુશીલ પણ વેદસહિત હોય તો ત્રણે વેદવાળો હોય; પરંતુ વેદરહિત હોય ત્યારે ઉપશાંત અને ક્ષીણ વેદવાળો હોઈ શકે. નિર્ગ્રંથ વેદરહિત જ હોય પરંતુ તે ઉપશાંતવેદ કે ક્ષીણવેદ એમ બંને પ્રકારનો હોય. સ્નાતક તો વેદરહિત તેમ જ ક્ષીણવેદ જ હોય.

૨. હવે રાગની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે : પુલાક, બકુશ અને કુશીલ રાગસહિત હોય. નિર્ગ્રંથ રાગ-રહિત હોય; પરંતુ ઉપશાંતકષાય કે ક્ષીણકષાય પણ હોય. સ્નાતક તો રાગરહિત તેમ જ ક્ષીણકષાય જ હોય.

૩. હવે કલ્પની અપેક્ષાએ પુલાકાદિનો વિચાર કરવામાં આવે છે : 'અમુક પ્રકારનાં અમુક વસ્ત્ર પરિધાન કરવાં' વગેરે દશ કલ્પો[૧]—આચારોનું પાલન પહેલા અને છેલ્લા

---

૧ જુઓ આ ટિપ્પણને અંતે ટિપ્પણ નં. ૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થંકરના સમયમાં આવશ્યક હોય છે (સ્થિતકલ્પ). મધ્યમ બાવીસ તીર્થંકરના સાધુઓને તે આચારોનું પાલન આવશ્યક નથી (અસ્થિતકલ્પ). પુલાકથી માંડીને સ્નાતક સુધીના વર્ગો સ્થિતકલ્પમાં પણ હોય અને અસ્થિતકલ્પમાં પણ હોય. જિનકલ્પ,[૧] સ્થવિરકલ્પ અને કલ્પાતીતતાની અપેક્ષાએ વિચારીએ તો પુલાક સ્થવિરકલ્પમાં હોય; બકુશ જિનકલ્પ અને સ્થવિરકલ્પમાં હોય; પ્રતિસેવનાકુશીલનું પણ તેમ જ જાણવું; કષાયકુશીલ જિનકલ્પમાં હોય, સ્થવિરકલ્પમાં હોય અને કલ્પાતીત પણ હોય. નિર્ગ્રંથ અને સ્નાતક કલ્પાતીત જ હોય.

૪. સંયમ અથવા ચારિત્રના પાંચ પ્રકાર છે: જે પહેલવહેલી મુનિદીક્ષા લેવામાં આવે છે તે 'સામાયિક સંયમ;' પ્રથમ દીક્ષા લીધા બાદ શાસ્ત્રાભ્યાસ બાદ વિશેષ શુદ્ધિ ખાતર કે લીધેલી દીક્ષામાં દોષાપત્તિ થવાથી તેનો છેદ કરી જે નવેસર દીક્ષા આપવામાં આવે તે 'છેદોપસ્થાપન સંયમ;' અમુક ખાસ તપ કરવા[૨] ગચ્છનો પરિહાર – ત્યાગ કરી વિશુદ્ધિ પ્રાપ્ત કરવારૂપ 'પરિહારવિશુદ્ધિ ચારિત્ર'; જેમાં ક્રોધાદિ કષાયો ઉદયમાન ન હોય, પણ લોભનો અંશ અતિ સૂક્ષ્મપણે હોય તે 'સૂક્ષ્મસંપરાય ચારિત્ર'; તથા જેમાં કોઈ પણ કષાય ઉદયમાન નથી જ હોતો તે 'યથાખ્યાત ચારિત્ર.' પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સામાયિક અને છેદોપસ્થાનીયમાં હોય; કષાયકુશીલ યથાખ્યાત સિવાયના સંયમોમાં હોય; તથા નિર્ગ્રંથ અને સ્નાતક યથાખ્યાત સંયમમાં હોય.

---

૧. જિનકલ્પ એ ઉત્કૃષ્ટ અતિ કડક આચાર છે.

૨. તેના સ્વરૂપ માટે જુઓ આગળ પા. ૬૦ નોંધ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૫. હવે સંયમની પ્રતિસેવના[૧]-ખંડનની અપેક્ષાએ તેમનો વિચાર કરવામાં આવે છે.

પુલાક પ્રતિસેવક જ હોય; તે મૂલગુણનો પ્રતિસેવક હોય ત્યારે પાંચ આસ્રવ (પાંચ મહાવ્રતથી ઊલટાં પાંચ મહાપાપ) માંના કોઈ એક આસ્રવને સેવે; અને ઉત્તરગુણની વિરાધના કરે ત્યારે દશ પ્રકારના પ્રત્યાખ્યાનમાંથી[૨] કોઈ એક પ્રત્યાખ્યાનને વિરાધે. બકુશ મૂલગુણનો વિરાધક ન હોય; ઉત્તરગુણની વિરાધના વખતે તે દશમાંથી એક પ્રત્યાખ્યાનને વિરાધે. પ્રતિસેવનાકુશીલનું પુલાક જેવું જ જાણવું. કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક વિરાધક હોય જ નહીં.

૬. હવે પાંચ જ્ઞાનોની[૩] અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે.

પુલાક બે જ્ઞાનોમાં કે ત્રણ જ્ઞાનોમાં હોય. બેમાં હોય ત્યારે મતિ અને શ્રુતજ્ઞાનમાં હોય; અને ત્રણમાં હોય ત્યારે મતિ, શ્રુત અને અવધિજ્ઞાનમાં હોય.

એ જ પ્રમાણે બકુશ અને પ્રતિસેવનાકુશીલનું જાણવું. કષાયકુશીલ બે, ત્રણ, અથવા ચાર જ્ઞાનમાં પણ હોય. બેમાં હોય ત્યારે મતિ અને શ્રુતમાં હોય; ત્રણમાં હોય ત્યારે મતિ

---

૧. સંજ્વલન કષાયના ઉદયથી સંયમવિરુદ્ધ આચરણ તે પ્રતિસેવના. સર્વવિરતિનો પ્રતિબંધ કરવા જેટલી નહીં, પણ તેમાં સ્ખલન અને માલિન્ય કરવા જેટલી તીવ્રતાવાળા કષાય સંજ્વલન કહેવાય. જુઓ પા. ૨૯.

૨ જુઓ આ પ્રથમ ખંડમાં પ્રત્યાખ્યાન નામનું ૧૨મું પ્રકરણ.

૩. જુઓ આગળ પા. ૨૭, ટિ. નં. ૩.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુત અને અવધિમાં હોય; ચારમાં હોય ત્યારે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાનમાં હોય. એ પ્રમાણે જ નિર્ગ્રંથનું પણ જાણવું. સ્નાતક માત્ર કેવળજ્ઞાનમાં હોય.

૭. હવે શ્રુત અથવા શાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે :

પુલાક ઓછામાં ઓછું નવમા પૂર્વગ્રંથની ત્રીજી આચાર-વસ્તુ સુધી ભણે; અને વધારેમાં વધારે સંપૂર્ણ નવ પૂર્વોને* ભણે. બકુશ ઓછામાં ઓછું આઠ પ્રવચનમાતા[૧] સુધી, અને વધારેમાં વધારે દશ પૂર્વો સુધી ભણે. એ જ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ પણ જાણવો. કષાયકુશીલ ઓછામાં ઓછું આઠ પ્રવચનમાતા સુધી અને વધારેમાં વધારે ૧૪ પૂર્વો સુધી ભણે. એ જ પ્રમાણે નિર્ગ્રંથનું જાણવું. સ્નાતક (સર્વજ્ઞ હોવાથી) શ્રુતરહિત હોય.

૮. હવે તીર્થની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે : પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ એ હંમેશાં તીર્થંકરના શાસનમાં હોય છે; પરંતુ કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક તો તીર્થમાં પણ હોય અને અતીર્થમાં પણ હોય. અતીર્થમાં હોય ત્યારે તે તીર્થંકર પણ હોય કે પ્રત્યેક-બુદ્ધ[૨] પણ હોય.

---

* જૈનધર્મના, અત્યારે લુપ્ત થઈ ગયેલા મનાતા જૂના ૧૪ ગ્રંથો. જુઓ આ માળાનું 'સંયમધર્મ' પુસ્તક પા. ૭.

૧. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ અષ્ટ પ્રવચનમાતા કહેવાય છે. જુઓ 'અંતિમ ઉપદેશ' પા. ૧૩૯ ઉ૦.

૨. ગુરુ વિના પોતાની મેળે જ જ્ઞાન પામેલો. જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૪૫, ટિ૦ નં. ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૯. હવે લિંગની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે : 'લિંગ એટલે ચિહ્ન : તે ભાવ અને દ્રવ્ય એમ બે પ્રકારનું છે. ચારિત્રગુણ એ ભાવલિંગ, અને વિશિષ્ટ વેશ આદિ બાહ્ય સ્વરૂપ તે દ્રવ્યલિંગ.' પાંચે નિર્ગ્રંથો ભાવલિંગની અપેક્ષાએ સ્વલિંગમાં (સાધુપણામાં) હોય; પરંતુ દ્રવ્યલિંગની અપેક્ષાએ સ્વલિંગમાં હોય કે ગૃહસ્થલિંગમાં પણ હોય.

૧૦. હવે પાંચ શરીરોની* દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે. પુલાક ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીરમાં હોય. બકુશ તે ત્રણ શરીરમાં હોય અથવા ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એમ ચારમાં પણ હોય. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલનું જાણવું. કષાયકુશીલ ઉપર જણાવેલાં ત્રણ તેમ જ ચાર, તથા આહારક સાથેનાં પાંચ શરીરમાં પણ હોય. નિર્ગ્રંથ અને સ્નાતકને પુલાકની પેઠે જાણવા.

૧૧. હવે ભૂમિની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે. પુલાક જન્મથી તેમ જ ચારિત્રભાવથી અસ્તિત્વની

---

* બહાર દેખાતું સ્થૂલ શરીર, તે 'ઔદારિક'; બાંધેલા આહારાદિને પચાવવામાં અને દીપ્તિમાં કારણભૂત થતું શરીર તે 'તૈજસ'; જીવે બાંધેલો કર્મસમૂહ તે 'કાર્મણ' શરીર; નાનું — મોટું — પાતળું — જાડું — એમ અનેકવિધ રૂપોને — વિક્રિયાને — ધારણ કરી શકે તે 'વૈક્રિય' [દેવ વગેરેને તે જન્મથી પ્રાપ્ત હોય છે; પણ મનુષ્યોને તપ વગેરેની શક્તિથી પ્રાપ્ત થાય છે]; ચૌદ પૂર્વધરો જાણનાર મુનિથી જ રચી શકાતું 'આહારક' શરીર. કાંઈ શંકા પડતાં અન્ય ક્ષેત્રમાં રહેલા સર્વજ્ઞ પાસે જવા તેઓ તેને ઉત્પન્ન કરે છે; તે હાથ જેવડું નાનું હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અપેક્ષાએ[૧] કર્મભૂમિમાં જ[૨] હોય; (કારણકે તેને દેવ પણ સંહરી — ઉપાડી જઈ શકે નહિ.) બકુશ પણ જન્મ અને ચારિત્રભાવથી અસ્તિત્વની અપેક્ષાએ કર્મભૂમિમાં જ હોય; પરંતુ સંહરણની અપેક્ષાએ અકર્મભૂમિમાં પણ હોય. એ પ્રમાણે પછીનાઓનું પણ જાણવું.

૧૨. હવે કાળની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે. કાળ ત્રણ પ્રકારના છે: સુખ–વીર્યાદિની અપેક્ષાએ ચડતો ઉત્સર્પિણી કાળ; સુખવીર્યાદિની અપેક્ષાએ ઊતરતો અવસર્પિણી કાળ; અને નોઅવસર્પિણી–નોઉત્સર્પિણી કાળ. ભરત અને ઐરવત[૨] ક્ષેત્રમાં પહેલા બે પ્રકારનો કાળ છે. અને મહાવિદેહ[૨] તથા હૈમવતાદિ[૨] ક્ષેત્રમાં ત્રીજા પ્રકારનો કાળ છે.

---

૧. કારણકે અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલામાં ચારિત્ર ન સંભવે.

૨. જેમાં મોક્ષમાર્ગને જાણનાર અને તેનો ઉપદેશ કરનાર તીર્થંકર પેદા થઈ શકે તે કર્મભૂમિ કહેવાય. જંબુદ્વીપ, ધાતકીખંડ અને અર્ધો પુષ્કરદ્વીપ (વચ્ચેના સમુદ્રો સાથે) એટલો મનુષ્યલોક કહેવાય છે. જંબુ વગેરે દ્વીપોને સરખા નામનાં ભરત વગેરે સાત સાત ક્ષેત્રોમાં વહેંચી નાખવામાં આવ્યા છે. જંબુ કરતાં ધાતકીખંડમાં બમણાં ક્ષેત્રો છે, અને અર્ધાપુષ્કરમાં પણ તેટલાં જ છે. તેમાંથી પાંચ ભરતક્ષેત્રો, પાંચ ઐરવત અને પાંચ વિદેહ એ કર્મભૂમિઓ છે; પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવત, પાંચ રમ્યક, પાંચ હરિવર્ષ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ એ ત્રીસ અકર્મભૂમિઓ છે. દેવકુરુ અને ઉત્તરકુરુ એ વિદેહના જ ભાગો છે; પણ તે અકર્મભૂમિઓ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અવસર્પિણીના સુષમસુષમા, સુષમા, સુષમદુઃષમા, દુઃષમસુષમા, દુઃષમા, અને દુઃષમદુઃષમા એમ છ આરા — વિભાગ છે.* ઉત્સર્પિણીના (ક્રમમાં) તેથી ઊલટા છ આરા છે.

નોઉત્સર્પિણી–નોઅવસર્પિણી કાળમાં સુષમસુષમાનો સમાન કાળ દેવકુરુ અને ઉત્તરકુરુમાં[૧] હોય છે. સુષમાનો સમાન કાળ હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રમાં હોય છે. સુષમ-દુઃષમાનો સમાન કાળ હિમવત અને ઐરણ્યવત ક્ષેત્રમાં તથા દુઃષમસુષમાનો સમાન કાળ મહાવિદેહમાં હોય છે.

પુલાક ત્રણે કાળમાં હોય છે. અવસર્પિણીમાં પુલાક જન્મની અપેક્ષાએ ત્રીજા અને ચોથા આરામાં જ હોય; અને ચારિત્રભાવથી અસ્તિત્વની અપેક્ષાએ ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં પણ હોય. તેમાં જે ચોથા આરામાં જન્મ્યો હોય, તેનું પાંચમા આરામાં ચારિત્ર્યભાવથી અસ્તિત્વ હોય. ત્રીજા અને ચોથા આરામાં જન્મ અને

---

* આગળ ચારિત્રખંડમાં સુદર્શન શેઠની કથામાં જણાવેલ 'સાગર' વર્ષોને હિસાબે અવસર્પિણી અને ઉત્સર્પિણી એ દરેક ૧૦×(૧ ક્રોડ×૧ ક્રોડ) સાગર વર્ષનાં બનેલાં છે. અવસર્પિણીના છ આરાનું માપ આ પ્રમાણે છે:

પ્રથમ આરો = ૪×(૧ ક્રોડ×૧ ક્રોડ) સાગર વર્ષ.
બીજો આરો = ૩×(,,) ,,
ત્રીજો ,, = ૨×(,,) ,,
ચોથો ,, = ૧×(,,) ,, ઓછાં ૪૨૦૦૦ વર્ષ
પાંચમો ,, = ૨૧૦૦૦ વર્ષ
છઠ્ઠો ,, = ૨૧૦૦૦ વર્ષ

૧. જુઓ પાન ૭૪, નોંધ ૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સદ્‌ભાવ બંને હોય. ઉત્સર્પિણીમાં તે બીજા, ત્રીજા અને ચોથા આરે જન્મથી હોય. તેમાં બીજા આરાને અંતે તે જન્મે અને ત્રીજા આરામાં તે ચારિત્રનો સ્વીકાર કરે; ત્રીજા અને ચોથામાં તે જન્મ અને ચારિત્ર બંનેથી હોય; ચારિત્રની અપેક્ષાએ ત્રીજા અને ચોથા આરામાં જ હોય; કેમ કે તે જ આરામાં ચારિત્રની પ્રતિપત્તિ હોય છે. પુલાક નોઉત્સર્પિણી–નો-અવસર્પિણી કાળે હોય તો જન્મ અને ચારિત્રની અપેક્ષાએ દુઃષમસુષમા સમાન કાળે હોય. બકુશ અવસર્પિણી અને ઉત્સર્પિણી એ બે કાળે જ હોય. અવસર્પિણીમાં જન્મ અને ચારિત્રની અપેક્ષાએ પહેલા બે આરામાં ન હોય; ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં હોય; પણ છઠ્ઠામાં કદી ન હોય. સંહરણની અપેક્ષાએ તે કોઈ પણ કાળે હોય. ઉત્સર્પિણી કાળમાં હોય તો બધું પુલાકની પેઠે જાણવું; પરંતુ સંહરણની અપેક્ષાએ કોઈ પણ કાળે હોય એમ જાણવું. નોઅવસર્પિણી–નોઉત્સર્પિણી કાળે હોય તો પણ બધું પુલાકની પેઠે જાણવું; પણ સંહરણને અપેક્ષી કોઈ પણ કાળે હોય એમ જાણવું. બકુશની પેઠે જ પ્રતિસેવના-કુશીલ અને કષાયકુશીલને પણ જાણવા. નિર્ગ્રંથ અને સ્નાતકને પુલાકની પેઠે જાણવા; પરંતુ સંહરણની અપેક્ષાએ તેઓ સર્વ કાળે હોય એમ જાણવું.

(૧૩) હવે ગતિની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે : પુલાક મરણ પામીને દેવગતિમાં જાય; ત્યાં પણ વૈમાનિક દેવોમાં[1] જ ઉપજે; અને તે પણ નીચામાં નીચે સૌધર્મ કલ્પમાં, અને ઊંચામાં ઊંચે સહસ્રાર કલ્પમાં.

---

૧. જુઓ પા. ૩૩ નોંધ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બકુશનું પણ એ પ્રમાણે જ જાણવું. તફાવત એટલો કે તે ઊંચામાં ઊંચે અચ્યુત કલ્પમાં ઉત્પન્ન થાય. પ્રતિસેવના-કુશીલને બકુશ જેવો જ જાણવો. કષાયકુશીલને પુલાક જેવો જાણવો; તફાવત એ કે તે ઊંચામાં ઊંચે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય. નિર્ગ્રંથનું પણ એ પ્રમાણે જાણવું, પણ તે માત્ર અનુત્તર વિમાનમાં જ ઉત્પન્ન થાય. સ્નાતક તો મરણ પામીને સિદ્ધગતિએ જ જાય.

પુલાકે જો સંયમની અવિરાધના સાચવી હોય તો તે ઇંદ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, કે લોકપાલ થાય; પણ અહમિંદ્ર[૧] ન થાય. વિરાધના જ કરી હોય તો ભવનપતિ વગેરે કોઈ પણ દેવમાં ઉત્પન્ન થાય. એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવના-કુશીલનું જાણવું. કષાયકુશીલે સંયમની વિરાધના ન કરી હોય તો તે ઇંદ્રથી માંડીને અહમિંદ્ર પણ થાય; અને વિરાધના કરી હોય તો ભવનવાસી વગેરે કોઈ દેવપણે ઉત્પન્ન થાય. નિર્ગ્રંથ અવિરાધનાને આશરીને અહમિંદ્ર જ થાય, અને વિરાધનાને આશરીને ભવનવાસી વગેરે કોઈ પણ દેવમાં ઉત્પન્ન થાય.

---

૧. દેવોમાં પણ સ્વામી-સેવક ઇત્યાદિ ભાવો છે. ઇંદ્ર એ સ્વામી છે; ત્રાયસ્ત્રિંશ દેવો મંત્રી અથવા પુરોહિત જેવા છે. તેઓ સામાનિક પણ કહેવાય છે. આત્મરક્ષક દેવો શસ્ત્ર વડે રક્ષા કરે છે; લોકપાલ સરહદની રક્ષા કરે છે; અનીક દેવો સૈનિકનું કે સેનાપતિનું, આભિયોગ્ય દેવો દાસનું, અને કિલ્વિષિક દેવો અંત્યજનું કામ કરે છે ઇ૦. ઉપરના દેવલોકોમાં સ્વામીસેવકભાવ નથી, બધા 'અહમિંદ્ર'—પોતાને ઇંદ્ર જેવા જ માને છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દેવલોકમાં પુલાકની સ્થિતિ ઓછામાં ઓછી બેથી નવ પલ્યોપમ[1] સુધીની (પલ્યોપમપૃથક્ત્વ), અને વધારેમાં વધારે ૧૮ સાગરોપમની છે. બકુશની તે જ પ્રમાણે છે; પણ વધારેમાં વધારે ૨૨ સાગરોપમની છે. પ્રતિસેવનાકુશીલનું તેમ જ સમજવું. કષાયકુશીલની તે જ પ્રમાણે, પણ વધારેમાં વધારે ૩૩ સાગરોપમ, તથા નિર્ગ્રંથની ૩૩ સાગરોપમ જ સ્થિતિ છે.

૧૪. હવે સંયમસ્થાન એટલે કે ચારિત્રની શુદ્ધિ–અશુદ્ધિના વત્તાઓછાપણાને લીધે થતા ભેદોની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે. ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ અનેક પ્રકારનો હોવાથી પુલાકથી માંડીને કષાયકુશીલ સુધીનાનાં સંયમસ્થાનો અસંખ્યાત છે. નિર્ગ્રંથને એક જ સંયમસ્થાન છે, કારણકે કષાયનો ક્ષય કે ઉપશમ એક જ પ્રકારનો હોવાથી તેની શુદ્ધિ પણ એક જ પ્રકારની છે. એ પ્રમાણે સ્નાતક વિષે પણ જાણવું.

નિર્ગ્રંથ અને સ્નાતકનું સંયમસ્થાન એક જ છે; પુલાકનાં તેથી અસંખ્યાતગણાં છે; બકુશનાં તેથી પણ અસંખ્યાતગણાં છે; પ્રતિસેવનાકુશીલનાં તેથી પણ અસંખ્યાતગણાં, અને કષાયકુશીલનાં તેથી પણ અનંતગણાં છે.

ઉક્ત સંયમસ્થાનોમાંથી સૌથી ઓછાં સ્થાનો પુલાક અને કષાયકુશીલનાં હોય છે. એ બંને અસંખ્યાત સંયમસ્થાન સુધી સાથે જ વધ્યે જાય છે; ત્યારબાદ પુલાક અટકે છે, પરંતુ કષાયકુશીલ એકલો ત્યારબાદ અસંખ્યાત સ્થાન સુધી

---

૧. તેની સંખ્યા માટે જુઓ આગળ પા. ૬૫, નો. ૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે જ વધ્યે જાય છે; ત્યારપછી અસંખ્યાત સંયમસ્થાનો સુધી કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ એકસાથે વધ્યે જાય છે; ત્યારબાદ બકુશ અટકે છે. ત્યારબાદ અસંખ્યાત સ્થાન સુધી ચડી પ્રતિસેવનાકુશીલ અટકે છે, અને ત્યાર પછી અસંખ્યાત સ્થાન સુધી ચડી કષાયકુશીલ અટકે છે. ત્યારપછી આગળ નિર્ગ્રંથ અને સ્નાતક એક જ સંયમસ્થાનને પ્રાપ્ત કરે છે. 'ઉક્તસ્થાનો અસંખ્યાત હોવા છતાં તે દરેકમાં પૂર્વ કરતાં પછીનાં સંયમસ્થાનોની શુદ્ધિ અનંતાનંતગણી માનવામાં આવી છે.'

એક પુલાક બીજા પુલાકના ચારિત્રપર્યાયોની અપેક્ષાએ હીન[1] હોય, તુલ્ય હોય કે અધિક હોય. પુલાક બકુશના ચારિત્રપર્યાયોની અપેક્ષાએ અનંતગણો હીન છે. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલના પર્યાયોની અપેક્ષાએ પણ અનંતગણો હીન છે. તે જ પ્રમાણે નિર્ગ્રંથ અને સ્નાતકની અપેક્ષાએ પણ જાણવું. પુલાક જેમ પુલાકના સજાતીય ચારિત્રપર્યાયોની અપેક્ષાએ છ સ્થાન પતિત છે, તેમ કષાયકુશીલની સાથે પણ છ સ્થાન પતિત જાણવો.

બકુશ પુલાકના ચારિત્રપર્યાયોની અપેક્ષાએ અનંતગણો અધિક છે. બકુશ બકુશના ચારિત્રપર્યાયોની અપેક્ષાએ હીન હોય, તુલ્ય હોય કે અધિક હોય. હીન હોય તો છ સ્થાન પતિત

---

૧. હીન હોય તો અનંત ભાગ હીન હોય, અસંખ્ય ભાગ હીન હોય, સંખ્યાત ભાગ હીન હોય, સંખ્યાતગણો હીન હોય, અસંખ્યાતગણો હીન હોય અને અનંતગણો હીન હોય. તે જ પ્રમાણે અધિકનું પણ છ રીતે જાણવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હોય. તે જ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સાથે પણ જાણવું. નિર્ગ્રંથ અને સ્નાતકથી તો તે હીન જ છે.

પ્રતિસેવનાકુશીલનું પણ બકુશ પ્રમાણે જ જાણવું.

કષાયકુશીલનું પણ એ પ્રમાણે જ જાણવું; પરંતુ પુલાક કરતાં બકુશ અધિક જ કહ્યો હતો, તેને બદલે કષાયકુશીલને હીન, તુલ્ય, અને અધિક કહેવો. હીન હોય ત્યારે છ સ્થાન પતિત હોય.

નિર્ગ્રંથ, પુલાકથી માંડીને કષાયકુશીલના ચારિત્રપર્યાયોની અપેક્ષાએ અનંતગણો અધિક છે; પરંતુ અન્ય નિર્ગ્રંથના સજાતીય ચારિત્રપર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે. એ પ્રમાણે સ્નાતકની અપેક્ષાએ પણ જાણવું.

તે પ્રમાણે સ્નાતકનું પણ જાણવું.

પુલાક અને કષાયકુશીલના જઘન્ય (ઓછામાં ઓછા) ચારિત્રપર્યવો પરસ્પર તુલ્ય છે અને સૌથી થોડા છે; તેથી પુલાકના ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) ચારિત્રપર્યવો અનંતગણા છે. તેથી બકુશ અને પ્રતિસેવનાકુશીલના જઘન્ય ચારિત્રપર્યવો અનંતગણા છે અને પરસ્પર તુલ્ય છે. તેથી બકુશના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગણા છે. તેથી પ્રતિસેવનાકુશીલના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગણા છે. તેથી કષાયકુશીલના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગણા છે. તેથી નિર્ગ્રંથ અને સ્નાતક એ બંનેના નહીં જઘન્ય–નહીં ઉત્કૃષ્ટ એવા ચારિત્રપર્યવો અનંતગણા અને પરસ્પર તુલ્ય છે.

૧૫. પુલાકથી નિર્ગ્રંથ સુધીનાઓ કાય–મન–વચનના યોગ — વ્યાપારો યુક્ત છે, પરંતુ સ્નાતક તો સયોગી હોય તેમ જ અયોગી પણ હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬. પુલાકથી સ્નાતક સુધીના સાકાર તેમ જ અનાકાર ઉપયોગવાળા[૧] છે.

૧૭. પુલાકથી માંડીને કષાયકુશીલ સુધીના કષાયયુક્ત જ હોય છે; પરંતુ કષાયકુશીલ સિવાયના બધાને ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાય હોય છે; જ્યારે કષાયકુશીલને સંજ્વલન પ્રકારના ચાર, ત્રણ (ક્રોધ વિનાના), બે (ક્રોધ અને માન વિનાના) કે એક (લોભ) કષાય હોય છે.

નિર્ગ્રંથ અને સ્નાતક કષાયરહિત જ હોય; પરંતુ નિર્ગ્રંથ ઉપશાંતકષાય તેમ જ ક્ષીણકષાય પણ હોય; જ્યારે સ્નાતક તો ક્ષીણકષાય જ હોય.

૧૮. પુલાકથી માંડીને નિર્ગ્રંથ સુધીના લેશ્યાયુક્ત જ હોય છે. પણ પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલને તેજ, પદ્મ અને શુક્લ એ ત્રણ જ લેશ્યા હોય છે; જ્યારે કષાયકુશીલને છયે લેશ્યા હોય છે, તથા નિર્ગ્રંથને એક શુક્લલેશ્યા જ હોય છે. સ્નાતક તો લેશ્યાવાળો તેમ જ લેશ્યારહિત પણ હોય. લેશ્યાવાળો હોય તો એક પરમશુક્લ લેશ્યાવાળો[૨] જ હોય.

---

૧. જીવનો બોધરૂપ વ્યાપાર તે ઉપયોગ. તેના સાકાર અને નિરાકાર એવા બે ભેદ છે. જે બોધ ગ્રાહ્ય વસ્તુને વિશેષરૂપે જાણે તે સાકાર ઉપયોગ, અને જે બોધ ગ્રાહ્ય વસ્તુને સામાન્ય રૂપે જાણે તે નિરાકાર ઉપયોગ. સાકારને જ્ઞાન અથવા સવિકલ્પક બોધ પણ કહે છે, તથા નિરાકારને દર્શન અથવા નિર્વિકલ્પક બોધ કહે છે.

૨. શુક્લધ્યાનના ત્રીજા ભેદ સમયે એક પરમ શુક્લલેશ્યા હોય; અને અન્યદા શુક્લલેશ્યા હોય; પરંતુ તે પણ ઇતર જીવની શુક્લલેશ્યાની અપેક્ષાએ તો પરમશુક્લ લેશ્યા જ હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯. પુલાકથી કષાયકુશીલ સુધીના વધતા પરિણામવાળા પણ હોય, ઘટતા પરિણામવાળા પણ હોય તથા સ્થિર પરિણામવાળા પણ હોય. નિર્ગ્રંથ અને સ્નાતક ઘટતા પરિણામવાળા ન હોય.

પુલાક ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી વધતા પરિણામવાળો કે ઘટતા પરિણામવાળો હોઈ શકે; અને ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે સાત સમય સુધી સ્થિર પરિણામવાળો હોઈ શકે.

(પુલાકપણામાં મરણ સંભવતું નથી; તેથી તેનો વર્ધમાન સમય કષાય વડે બાધિત થાય; જ્યારે બકુશાદિને તો મરણથી પણ વર્ધમાન પરિણામ બાધિત થાય. મરણ સમયે પુલાક કષાયકુશીલત્વાદિરૂપે પરિણમે છે.)

નિર્ગ્રંથ ઓછામાં ઓછું અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી વધતા પરિણામવાળો હોય; (કેવળજ્ઞાન ઊપજે ત્યારે જ તેનું વધતું પરિણામ અટકે.) તથા ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી તે સ્થિર પરિણામવાળો હોય. (ઓછામાં ઓછો એક સમય મરણને કારણે સંભવે છે.)

સ્નાતક ઓછામાં ઓછું અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી વધતા પરિણામવાળો હોય, (કેમકે શૈલેશી અવસ્થામાં વર્ધમાન પરિણામ અંતર્મુહૂર્ત સુધી હોય) તથા ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે કાંઈક (આઠ વરસ) ન્યૂન પૂર્વકોટી વર્ષ સુધી તે સ્થિર પરિણામવાળો હોય. (જેમકે, કેવલજ્ઞાન થયા પછી અંતર્મુહૂર્ત સુધી સ્થિર પરિણામવાળો થઈને શૈલેશી સ્વીકારે ત્યારે અંતર્મુહૂર્ત; અને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વકોટી આયુષવાળા પુરુષને જન્મથી ઓછામાં ઓછાં નવ વર્ષ ગયા પછી કેવલજ્ઞાન ઉપજે, પછી તે નવ વરસ ન્યૂન પૂર્વકોટી વર્ષ સુધી સ્થિર પરિણામવાળો થઈને શૈલેશી સુધી વિહરે : શૈલેશીમાં તે વર્ધમાન પરિણામવાળો હોય.)

૨૦. પુલાક આયુષ સિવાયની સાત કર્મપ્રકૃતિઓને[1] બાંધે (કેમકે પુલાકને આયુષ્યનો બંધ થતો નથી; તેને યોગ્ય અધ્યવસાયસ્થાનકો જ તેને નથી.) બકુશ અને પ્રતિસેવના-કુશીલ આયુષ્ય સિવાયની સાત બાંધે કે આયુષ્યસહિત આઠેય બાંધે. કષાયકુશીલ ઉપર જણાવેલી સાત કે આઠ બાંધે તેમ જ આયુષ્ય અને મોહનીય સિવાયની છ પણ બાંધે. [આયુષ્યનો બંધ અપ્રમત્ત (સાતમા) ગુણસ્થાન[2] સુધી જ હોય છે. તેથી કષાયકુશીલ સૂક્ષ્મસંપરાય (દશમા) ગુણસ્થાનકે આયુષ્ય ન બાંધે; તેમજ મોહનીયને બાદરકષાયોદયના અભાવથી ન બાંધે, માટે છ.] નિર્ગ્રંથને તો બંધહેતુઓમાં

---

૧. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ, નામ (ગતિ), ગોત્ર, અને અંતરાય — એમ કર્મની આઠ પ્રકૃતિઓ છે. વિગત માટે જુઓ આ માળાનું 'અંતિમઉપદેશ' પુસ્તક પા. ૨૨૬.

૨. મોહનીયકર્મ ઓછું થતું જાય, તેમ તેમ આત્માના સહજ ગુણો ઉપરથી આવરણ ઓછું થવાથી કે નાશ પામવાથી તે પોતાના સહજસ્વરૂપે પ્રગટે છે, તે શુદ્ધિની ૧૪ પાયરીઓ સ્વીકારેલી છે; તે દરેક ગુણસ્થાન કહેવાય છે. તે દરેકમાં આત્માની સ્થિતિ અમુક શુદ્ધિ કે અશુદ્ધિવાળી હોય છે. વિગતવાર વર્ણન માટે જુઓ આ માળાનું 'અંતિમઉપદેશ' પુસ્તક, પા. ૧૭૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર યોગનો જ સદ્ભાવ હોય છે; તેથી યોગનિમિત્ત માત્ર વેદનીયકર્મ બાંધે. સ્નાતકનું પણ તેમ જ જાણવું; પરંતુ અયોગી (૧૪ મા) ગુણસ્થાનકે બંધહેતુનો અભાવ હોવાથી તે એક પણ ન બાંધે.

પુલાકથી કષાયકુશીલ સુધીના આઠે કર્મપ્રકૃતિઓને અનુભવે છે. નિર્ગ્રંથ મોહનીય સિવાયની સાતને, અને સ્નાતક વેદનીય, આયુષ, નામ અને ગોત્ર એ ચારને.

પુલાક આયુષ અને વેદનીય સિવાયની છ કર્મ પ્રકૃતિઓને[૧] ઉદીરે[૧] છે. બકુશ (આયુષ સિવાયની) સાત, આઠ, કે (આયુષ, વેદનીય સિવાય) છ ને ઉદીરે છે; એવું જ પ્રતિસેવનાકુશીલનું સમજવું; કષાયકુશીલ ઉપર જણાવેલી સાત, આઠ, કે છ ઉપરાંત (આયુષ્ય, વેદનીય તથા મોહનીય સિવાયની) પાંચને પણ ઉદીરે છે. નિર્ગ્રંથ (ઉપર જણાવેલી) પાંચને કે નામ અને ગોત્ર એ બેને ઉદીરે છે. સ્નાતક નામ અને ગોત્ર એ બેને ઉદીરે કે ન પણ ઉદીરે[૧].

૨૧. પુલાક પુલાકપણું ત્યાગીને કષાયકુશીલપણું કે અસંયતપણું પામે. બકુશ બકુશપણું છોડીને પ્રતિસેવના-કુશીલપણું, કષાયકુશીલપણું, અસંયમ કે સંયમાસંયમ પામે. પ્રતિસેવનાકુશીલ પ્રતિસેવનાકુશીલપણું છોડીને બકુશપણું,

---

૧. અહીં તેમજ પછી, જે જે પ્રકૃતિઓ નથી ઉદીરાતી તે તે પૂર્વે ઉદીરીને જ પુલાક બકુશાદિપણું પામવામાં આવ્યું હોય છે એમ સમજવું. સ્નાતક સયોગી અવસ્થામાં નામગોત્ર કર્મના ઉદીરક છે. ઉદીરવું એટલે ભવિષ્યકાળમાં જ ફળ આપનાર કર્મને કરણવિશેષથી ખેંચી લાવી, અત્યારે જ ભોગવવામાં નાખી દેવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કષાયકુશીલપણું, અસંયમ કે સંયમાસંયમ પામે. કષાયકુશીલ કષાયકુશીલપણું ત્યાગીને પુલાકપણું, બકુશપણું, પ્રતિસેવનાકુશીલપણું, નિર્ગ્રંથપણું, અસંયમ કે સંયમાસંયમ પામે. નિર્ગ્રંથ નિર્ગ્રંથપણું છોડીને કષાયકુશીલપણું, સ્નાતકપણું કે અસંયમ પામે[૧]. સ્નાતક સ્નાતકપણું છોડીને સિદ્ધગતિ જ પામે.

૨૨. પુલાક આહારાદિની અનાસક્તિ (નોસંજ્ઞા)થી યુક્ત છે; અને બકુશ, પ્રતિસેવનાકુશીલ તથા કષાયકુશીલ આહારાદિની આસક્તિ (સંજ્ઞા)થી યુક્ત છે તેમ અયુક્ત પણ છે. સ્નાતક અને નિર્ગ્રંથ પુલાકની પેઠે (નોસંજ્ઞા યુક્ત) જાણવા.

૨૩. પુલાકથી માંડીને નિર્ગ્રંથ સુધી આહારક[૨] હોય

---

૧. ઉપશમનિર્ગ્રંથશ્રેણીથી પડતો સકષાય – કષાયકુશીલ થાય; અને શ્રેણીના શિખરે મરણ પામી દેવપણે ઉત્પન્ન થતો અસંયત થાય.

૨. આહાર એટલે સ્થૂલ શરીરને પોષક આહારરૂપે સ્થૂલ પુદ્ગલો ગ્રહણ કરવાં તે. અનાહારક દશા, મર્યા બાદ મુક્ત થનાર જીવને હોય છે; કારણ કે તે સૂક્ષ્મ સ્થૂલ બધાં શરીરોથી રહિત હોય છે; અથવા તો મર્યા બાદ બે અથવા ત્રણ વાંકવાળી ગતિથી અન્ય જન્મસ્થાને જનાર જીવને હોય છે; કારણકે તે ગતિવાળા જીવોનો પહેલો સમય ત્યક્ત શરીર દ્વારા કરેલા આહારનો અને અંતિમ સમય ઉત્પત્તિસ્થાનમાં લીધેલા આહારનો છે; પરંતુ એ પ્રથમ તથા અંતિમ બે સમયો છોડીને વચલો કાલ આહારશૂન્ય હોય છે. એક વાંક સુધી જતાં એક સમય જાય. જે જીવને બે અથવા ત્રણ વાંક વળવાના હોય છે તેને અનાહાર સમય હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે; અનાહારક નથી હોતા. સ્નાતક કેવલિસમુદ્‌ઘાતના ત્રીજા ચોથા અને પાંચમા સમયમાં અને અયોગી અવસ્થામાં અનાહારક છે અને તે સિવાય અન્યત્ર આહારક પણ છે.

૨૪. પુલાકને ઓછામાં ઓછું એક અને વધારેમાં વધારે ત્રણ ભવગ્રહણ હોય. (એક ભવમાં જ પુલાક થઈને કષાયકુશીલપણાદિ અન્ય કોઈ પણ સંયતપણાને એક વાર કે અનેક વાર તે ભવમાં કે અન્ય ભવમાં પામીને તે સિદ્ધ થાય; અને વધારેમાં વધારે — દેવાદિભવ વડે અંતરિત ત્રણ ભવ સુધી પુલાકપણું પામે.) બકુશને ઓછામાં ઓછું ૧ અને વધારેમાં વધારે આઠ ભવગ્રહણ હોય. (કારણ કે ઉત્કૃષ્ટપણે આઠ ભવ સુધી ચારિત્રની પ્રાપ્તિ થાય છે.) પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સંબંધે પણ તેમ જ જાણવું. નિર્ગ્રંથનું પુલાકની પેઠે જાણવું. સ્નાતકને એક જ ભવ હોય.

૨૫. પુલાકને એક ભવમાં ચારિત્રના પરિણામ (ચારિત્રપ્રાપ્તિ–આકર્ષ) ઓછામાં ઓછા એક અને વધારેમાં વધારે ત્રણ હોય; બકુશને ઓછામાં ઓછા એક અને વધારેમાં વધારે બસોથી માંડીને નવસો સુધી હોય. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સંબંધે પણ જાણવું. નિર્ગ્રંથને એક ભવમાં ઓછામાં ઓછો એક અને વધારેમાં વધારે બે હોય. સ્નાતકને એક ભવમાં એક જ હોય.

પુલાકને અનેક ભવમાં ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે સાત આકર્ષ હોય. (બે = એક ભવમાં એક અને બીજા ભવમાં બીજો. પુલાકપણું વધારેમાં વધારે ત્રણ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભવમાં હોય, તેમાં એક ભવમાં વધારેમાં વધારે ત્રણ આકર્ષ હોય. એટલે પ્રથમ ભવમાં એક અને બીજા બેમાં ત્રણ ત્રણ મળી સાત આકર્ષ.)

બકુશને અનેક ભવમાં ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે બે હજારથી નવ હજાર સુધી આકર્ષ હોય. (બકુશને વધારેમાં વધારે આઠ ભવ હોય; અને પ્રત્યેક ભવમાં વધારેમાં વધારે નવસો આકર્ષ હોય; એટલે નવસોને આઠે ગુણતાં સાત હજાર અને બસો થાય.) એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલનું પણ જાણવું.

નિર્ગ્રંથને અનેક ભવમાં ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે પાંચ આકર્ષ હોય. (નિર્ગ્રંથને વધારેમાં વધારે ત્રણ ભવ હોય. તેમના પ્રથમ ભવમાં બે આકર્ષ, બીજામાં બે અને ત્રીજામાં એક [ક્ષપકનિર્ગ્રંથપણાનો]; એમ સાત.) સ્નાતકને અનેક ભવમાં એક પણ આકર્ષ નથી.

૨૬. પુલાક કાળની અપેક્ષાએ ઓછામાં ઓછો અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી રહે. (કારણ કે પુલાકપણાને પ્રાપ્ત થયેલો જ્યાં સુધી અંતર્મુહૂર્ત પૂરું ન થાય ત્યાં સુધી મરે નહીં, તેમ પડે પણ નહીં.) બકુશ કાળની અપેક્ષાએ ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે કાંઈક ન્યૂન પૂર્વકોટી વર્ષ સુધી રહે. (કારણ કે બકુશને ચારિત્ર પ્રાપ્ત થયા પછી તુરત જ મરણનો સંભવ છે; તેથી ઓછામાં ઓછો એક સમય કહ્યો; અને પૂર્વકોટી વર્ષ આયુષવાળો આઠ વરસને અંતે ચારિત્ર ગ્રહણ કરે; તે અપેક્ષાએ કાંઈક ન્યૂન પૂર્વકોટી.) તેવું જ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલનું જાણવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્ગ્રંથ ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી રહે. સ્નાતક ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે કાંઈક ન્યૂન પૂર્વકોટી વર્ષ રહે.

પુલાકો ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી રહે. (એકના અંત્ય સમયે બીજો પુલાકપણું પામે એ રીતે ઓછામાં ઓછો એક સમય; અને પુલાકો એક સમયે વધારેમાં વધારે બે હજારથી નવહજાર સુધી હોય. એમ, તેઓ ઘણા હોવા છતાં તેઓનો કાળ અંતર્મુહૂર્ત જ છે. કેવળ, અનેક પુલાકોની સ્થિતિનું અંતર્મુહૂર્ત એક પુલાકની સ્થિતિના અંતર્મુહૂર્તથી મોટું છે.) બકુશોથી કષાયકુશીલો સુધીના સર્વ કાળ રહે; નિર્ગ્રંથો પુલાક જેવા જાણવા અને સ્નાતકો બકુશો જેવા જાણવા.

૨૭. પુલાકને કાળથી ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે અનંતકાળનું અંતર હોય. કાળથી અનંત અવસર્પિણી–ઉત્સર્પિણીનું અંતર હોય; અને ક્ષેત્રથી કાંઈક ન્યૂન અપાર્ધ પુદ્‌ગલપરાવર્તનું[૧] અંતર હોય. એ પ્રમાણે નિર્ગ્રંથ સુધી જાણવું. સ્નાતકને કાળનું અંતર નથી.

પુલાકોને ઓછામાં ઓછું એક સમય અને વધારેમાં વધારે સંખ્યાત વર્ષોનું અંતર હોય. બકુશોથી કષાયકુશીલો સુધીનાને અંતર નથી. નિર્ગ્રંથોને ઓછામાં ઓછો એક

---

૧. પુદ્‌ગલપરાવર્ત એટલે કોઈ પ્રાણી આકાશના પ્રત્યેક પ્રદેશે મરણ પામતો મરણ વડે જેટલા કાળે સમસ્ત લોકને વ્યાપ્ત કરે, તેટલા કાળે ક્ષેત્રથી પુદ્‌ગલપરાવર્ત થાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમય અને વધારેમાં વધારે ૭ માસનું અંતર હોય. સ્નાતકો બકુશો જેવા જાણવા.

૨૮. પુલાકને વેદના, કષાય અને મારણાંતિક[૧] એ ત્રણ સમુદ્‌ઘાત હોય છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલને વેદનાથી તૈજસ સુધીના પાંચ[૨] સમુદ્‌ઘાત હોય છે. કષાયકુશીલને વેદનાથી આહારક સુધીના ૬ હોય છે. નિર્ગ્રંથને એક પણ સમુદ્‌ઘાત નથી. સ્નાતકને એક કેવલિસમુદ્‌ઘાત હોય.

૨૯. પુલાકથી માંડીને નિર્ગ્રંથ સુધીનાઓ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે. સ્નાતક કેવલિસમુદ્‌ઘાત અવસ્થામાં શરીરસ્થ કે દંડકપાટાવસ્થામાં હોય ત્યારે લોકના અસંખ્યાતમા ભાગમાં રહે; મંથાનાવસ્થામાં તેણે લોકનો ઘણો ભાગ વ્યાપ્ત કર્યો હોવાથી અને થોડો ભાગ અવ્યાપ્ત હોવાથી તે લોકના અસંખ્યાતા ભાગમાં હોય; અને સમગ્ર લોક વ્યાપ્ત કરે ત્યારે સંપૂર્ણ લોકમાં હોય.

સ્પર્શનાને અવગાહના પ્રમાણે જ જાણવી.

૩૦. પુલાકથી માંડીને કષાયકુશીલ સુધીના ક્ષાયોપશમિક

---

૧. પુલાકપણામાં મરણ હોતું નથી, પણ મરણસમુદ્‌ઘાતથી નિવૃત્ત થયા બાદ કષાયકુશીલત્વાદિરૂપ પરિણામના સદ્‌ભાવમાં પુલાકનું મરણ થાય છે.

૨. સમુદ્‌ઘાતોના વર્ણન માટે જુઓ આગળ ટિપ્પણ નં. ૩.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવમાં[૧] હોય. નિર્ગ્રંથ ઔપશમિક ભાવમાં હોય, અથવા ક્ષાયિકમાં પણ હોય. સ્નાતક ક્ષાયિકમાં જ હોય.

૩૧. એક સમયે, તત્કાળ પુલાકપણું પ્રાપ્ત કરતા પુલાકોની અપેક્ષાએ, પુલાકો કદાચ હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા એક, બે કે ત્રણ હોય અને વધારેમાં વધારે બસોથી નવસો હોય. પૂર્વે પુલાકપણાને પામેલા પુલાકોની અપેક્ષાએ એક સમયે કદાચ પુલાકો હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા એક બે કે ત્રણ હોય અને વધારેમાં વધારે બે હજારથી નવ હજાર સુધી હોય.

એક સમયે તત્કાળ બકુશપણું પ્રાપ્ત કરતા બકુશો તે પ્રકારના પુલાકો જેવા જાણવા; અને પૂર્વે બકુશપણું પામેલા બકુશો ઓછામાં ઓછા અને વધારેમાં વધારે બેથી નવ કોટીશત સુધી હોય. તેવું જ પ્રતિસેવનાકુશીલનું જાણવું.

એક સમયે તત્કાળ કષાયકુશીલપણું પ્રાપ્ત કરનારા કદાચ હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા અને વધારેમાં વધારે બે હજારથી નવ હજાર હોય. પૂર્વે થયેલા કષાયકુશીલોની અપેક્ષાએ ઓછામાં ઓછા અને વધારેમાં વધારે બેથી નવ કોટી સહસ્ત્ર હોય.

---

૧. કર્મના ક્ષયોપશમથી થતા જીવના ભાવો ક્ષાયોપશમિક કહેવાય (જેવા કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે જ્ઞાનો). કર્મના ઉપશમથી પ્રાપ્ત થતા ભાવો ઔપશમિક કહેવાય (જેવા કે સમ્યક્ત્વ, ચારિત્ર). અને કર્મના ક્ષયથી પ્રગટ થતા ભાવો ક્ષાયિક કહેવાય (જેવા કે કેવલજ્ઞાનાદિ). જીવના કુલ ભાવો પાંચ છે. તેમની વિગત વગેરે માટે જુઓ ખંડ ૩, વિ૦ ૨, પ્ર૦ ૬, નં. ૫-૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તત્કાળ નિર્ગ્રંથપણું પામતા એક સમયે કદાચ હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા એક, બે અને ત્રણ હોય અને વધારેમાં વધારે એકસોને આઠ ક્ષપક શ્રેણીવાળા અને ૫૪ ઉપશમશ્રેણીવાળા મળીને ૧૬૨ હોય. પૂર્વે નિર્ગ્રંથપણું પામેલા એક સમયે કદાચ હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા એક, બે કે ત્રણ હોય અને વધારેમાં વધારે અસોથી નવસો સુધી હોય.

એક સમયે તત્કાળ સ્નાતકપણું પામનારા કદાચ હોય કે ન હોય. હોય તો ઓછામાં ઓછા એક, બે અને ત્રણ હોય અને વધારેમાં વધારે આઠસો હોય. પૂર્વે સ્નાતકપણું પામેલા એક સમયે ઓછામાં ઓછા અને વધારેમાં વધારે બે કરોડથી નવ કરોડ સુધી હોય.

૩૨. નિર્ગ્રંથો સૌથી થોડા છે; તે કરતાં પુલાકો સંખ્યાતગુણ છે; તેથી સ્નાતકો સંખ્યાત ગુણ છે; તેથી બકુશો સંખ્યાત ગુણ છે; તેથી પ્રતિસેવનાકુશીલ સંખ્યાત-ગુણ[1] છે; અને તેથી કષાયકુશીલ સંખ્યાત ગુણ છે.

— શતક ૨૫, ઉદ્દે૦ ૬

ટિપ્પણ નં ૨ :

દશ કલ્પો આ પ્રમાણે છે :

૧. આચેલક્ય. (નગ્નતા. પહેલા અને છેલ્લા તીર્થંકરોના સમયમાં શ્વેત વસ્ત્રની છૂટ હોય છે.)

---

૧. બકુશ અને પ્રતિસેવનાકુશીલ બંનેનું પ્રમાણ આગળ એથી નવ કોટીશત કહેલું છે. ત્યાં બકુશનું બે–ત્રણ કોટીશતરૂપ જાણવું અને પ્રતિસેવનાકુશીલનું ચાર – છ કોટીશતરૂપ જાણવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨. ઔદ્દેશિક. (સાધુને ઉદ્દેશીને કરેલું ભિક્ષાન્ન ન લેવું તે. વચલા ૨૨ તીર્થંકરના સમયમાં તો જેને ઉદ્દેશીને કર્યું હોય તેને જ અકલ્પ્ય; બાકીનાને કલ્પ્ય.)

૩. શય્યાતર પિંડ. (જેને ત્યાં ઉતારો કર્યો હોય તેનું ભિક્ષાન્ન ન લેવું તે.)

૪. રાજપિંડ. (પહેલા અને છેલ્લા તીર્થંકરના વખતમાં: રાજા ઉપરાંત સેનાપતિ, પુરોહિત વગેરે રાજપુરુષોનો પિંડ ન લેવો તે.)

૫. કૃતિકર્મ. (વડીલ વગેરેના ક્રમથી પરસ્પર વંદનાદિ કરવાં તે.)

૬. વ્રતકલ્પ. (પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં પાંચ વ્રત; બાકીનામાં બ્રહ્મચર્ય વિનાનાં ચાર.)

૭. જ્યેષ્ઠ. (જ્યેષ્ઠત્વ વ્યવહાર.)

૮. પ્રતિક્રમણ. (પ્રથમ અને છેલ્લા તીર્થંકરના સમયમાં તો હંમેશ અવશ્ય કરવાનું; બાકીનામાં તો દોષ થયો હોય ત્યારે.)

૯. માસકલ્પ. (વર્ષા સિવાય અન્ય ઋતુમાં એક ઠેકાણે એક માસથી વધારે ન રહેવું તે: પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં જ.)

૧૦. પર્યુષણા. (પહેલા અને છેલ્લાના સમયમાં વર્ષાકાળ પૂરતા વધારેમાં વધારે ચાર માસ એક ઠેકાણે રહેવું તે.)

ટિપ્પણ નં. ૩:

સાત સમુદ્‌ઘાતો

સમુદ્‌ઘાત એટલે [સમ્–એકમેક થવું–ઉદ્‌ઘાત–પ્રબળતા-પૂર્વક હનન] એકમેક થવાપૂર્વક પ્રબલતાવડે હનન. જૈન

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શનમાં આત્માના પણ અણુઓ–પ્રદેશો માનવામાં આવ્યા છે; પણ તે પ્રદેશો કોઈ પણ પ્રકારે જુદા જુદા થઈ શકતા નથી. તેઓનો એકબીજા સાથેનો સંબંધ અકૃત્રિમ અને અવિનશ્વર છે. તે આત્મપ્રદેશોમાં સંકોચશક્તિ અને વિકાસશક્તિ છે: જેમ દીવાનો પ્રકાશ આખા ઓરડામાં પણ ફેલાઈ શકે, અને તેના ઉપર કૂંડું ઢાંકીએ તો તેટલા ભાગમાં પણ સંકોચાઈ શકે તેમ. આત્માને જે શરીર પ્રાપ્ત થાય તે પ્રમાણે તે લાંબો પહોળો થાય છે. કેટલીક વાર કેટલાંક કારણોને લઈને આત્મા પોતાના પ્રદેશોને શરીરથી બહાર પણ પ્રસરાવે છે, તથા પાછા સંકોચી લે છે. તેને સમુદ્‌ઘાત કહે છે. જેમ કોઈ પક્ષીની પાંખ ઉપર ખૂબ ધૂળ ચડી ગઈ હોય, ત્યારે તે પક્ષી પોતાની પાંખોને પહોળી કરી તેના ઉપરની ધૂળ ખંખેરી નાખે છે, તેમ આત્મા પોતા ઉપર ચઢેલ કર્મના અણુઓને ખંખેરવા આ સમુદ્‌ઘાતક્રિયા કરે છે.

૧. જ્યારે કોઈ જીવ વેદનાથી રિબાય છે, ત્યારે અનંતાનંત કર્મસ્કંધોથી વીંટાયેલા પોતાના પ્રદેશોને શરીરથી બહારના ભાગમાં પણ પ્રસરાવે છે. તે પ્રદેશો શરીરનાં પોલાણોમાં તથા લંબાઈ અને પહોળાઈમાં શરીર જેટલી જગામાં વ્યાપીને રહે છે. એક અંતર્મુહૂર્ત સુધી તે પ્રકારે જીવ રહે છે. તેટલા કાળમાં તે અશાતાવેદનીય કર્મનાં ઘણાં પુદ્‌ગલોને– (જે કર્મપુદ્‌ગલોનો રસ બીજે વખતે અનુભવમાં આવનાર છે, તેને પણ ઉદીરણાકરણ વડે ખેંચીને વેદી લે છે), પોતા ઉપરથી ખંખેરી નાખે છે. એ ક્રિયા 'વેદનાસમુદ્‌ઘાત' કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨. તે જ પ્રમાણે કષાયના ઉદયથી ઘેરાઈ જઈ, કષાયકર્મનાં પુદ્‌ગલોને ખેરવી નાખે, ત્યારે 'કષાયસમુદ્‌ઘાત' થાય.

૩. તે જ પ્રમાણે ચાલુ આયુષ્યનું અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે શરીર કરતાં ઓછામાં ઓછી આંગળના અસંખ્યેય ભાગ જેટલી મોટી અને વધારેમાં વધારે અસંખ્યેય યોજન મોટી જગામાં વ્યાપીને અંતર્મુહૂર્તમાં આયુષ્યકર્મનાં અનેક પુદ્‌ગલોને ખેરવી નાખે, ત્યારે 'મરણસમુદ્‌ઘાત' કહેવાય.

૪. દેવ, નારકી, પવન અને કેટલાક મનુષ્ય તથા પંચેંદ્રિય તિર્યંચોમાં રૂપ ફેરવવાની શક્તિ હોય છે. તે પ્રમાણે તે શક્તિથી તે પોતાના પ્રદેશોને શરીર જેટલા પહોળા જાડા પણ સંખ્યેય યોજન લાંબા દંડના આકારમાં બહાર પ્રસરાવી, જેને લઈને શરીરનું સૌંદર્ય હીણું વગેરે થયું હોય તે પુદ્‌ગલોને અંતર્મુહૂર્તમાં ખંખેરી નાખી, જેને લઈને શરીર ધારે તેવું કરી શકાય તેવાં સૂક્ષ્મ પુદ્‌ગલો લે છે, અને લાંબું, ટૂંકું સુંદર વગેરે રૂપ ધારણ કરે છે. તે ક્રિયા 'વૈક્રિયસમુદ્‌ઘાત' કહેવાય.

૫. તપસ્યા કરતાં તપસ્વીઓને જેમ અનેક વિભૂતિઓ મળે છે, તેમ અનેક ગામ વગેરેને બાળી નાખવાને સમર્થ તેજોલેશ્યા નામની વિભૂતિ પણ મળે છે. તે તેજોલેશ્યા જ્યારે છોડવામાં આવે ત્યારે તૈજસસમુદ્‌ઘાત થાય છે.

૬. ચૌદ પૂર્વ જાણનારો મુનિ અન્ય ક્ષેત્રમાં રહેલા તીર્થંકરને શંકાનો ઉત્તર પૂછવા જે નાનું શરીર ધારણ કરે છે, તે 'આહારક'[૧] શરીર કહેવાય છે. તે કરતી વખતે 'આહારક

૧. વિશેષ માટે જુઓ આગળ પા. ૭૩ નોંધ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમુદ્‌ઘાત' કરીને પોતાના આત્મા ઉપરના આહારક શરીર-નામકર્મનાં પુદ્‌ગલો વિખેરવામાં આવે છે.

૭. જેને કેવળજ્ઞાન હોય તે જ કેવલિસમુદ્‌ઘાત[૧] કરી શકે છે. તેનો વખત આઠ સમયનો છે. તેટલા વખતમાં તે પોતાના ઉપર રહેલાં આયુષ્ય સિવાયનાં ત્રણ અઘાતી[૨] કર્મનાં પુદ્‌ગલો ખેરવી નાખે છે.

આ સાતમાંના પહેલા ચાર નૈરયિકોને હોય છે; અસુરકુમાર વગેરે દેવોને પહેલા પાંચ હોય છે; વાયુ-જીવ સિવાય બીજા એકેંદ્રિય અને વિકલેંદ્રિય (બે ઇંદ્રિય વગેરે) જીવોને પહેલા ત્રણ હોય છે; વાયુકાયને પહેલા ચાર હોય છે; પંચેંદ્રિય તિર્યંચોને પહેલા પાંચ હોય છે; છદ્મસ્થોને[૩] પહેલા છ હોય છે અને છેલ્લો સાતમો કેવળ-જ્ઞાનીને હોય છે.

— શતક ૨, ઉદ્દે૦ ૨

---

૧. વિશેષ માટે જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક, પા. ૧૩૩, ૪.

૨. વેદનીય, નામ અને ગોત્ર.

૩. જુઓ આગળ પાનું ૬૦, નોંધ ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૮

ભિક્ષા

૧

રાજગૃહ નગરનો પ્રસંગ છે :

ગૌતમ—હે ભગવન્! ઉત્તમ શ્રમણ યા બ્રાહ્મણને નિર્જીવ અને દોષરહિત અન્નપાનાદિ વડે સત્કારતા શ્રમણોપાસકને શો લાભ થાય ?

મ૦—હે ગૌતમ! ઉત્તમ શ્રમણ યા બ્રાહ્મણને અન્નપાનાદિથી સત્કારતો શ્રમણોપાસક તે શ્રમણ યા બ્રાહ્મણને સમાધિ ઉત્પન્ન કરે છે; અને સમાધિ ઉત્પન્ન કરનાર શ્રાવક તે સમાધિ પ્રાપ્ત કરે છે.

ગૌ૦—હે ભગવન્! તેમ કરનારો શ્રમણોપાસક શેનો ત્યાગ કરે ?

મ૦—હે ગૌતમ! જીવિતનો (એટલે કે જીવનનિર્વાહના કારણભૂત અન્નાદિનો) ત્યાગ કરે, દુસ્ત્યજ વસ્તુનો ત્યાગ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કરે, દુર્લભ વસ્તુને પ્રાપ્ત કરે, બોધિનો અનુભવ કરે, ત્યાર પછી સિદ્ધ થાય, અને સર્વ દુઃખનો અંત કરે.

— શતક ૭, ઉદ્દે૦ ૧

ગૌ૦—હે ભગવન્! ઉત્તમ શ્રમણ યા બ્રાહ્મણને નિર્જીવ અને નિર્દોષ અન્નાદિ વડે સત્કારતા શ્રમણોપાસકને શું (ફલ) થાય?

મ૦—હે ગૌતમ! નરી નિર્જરા થાય; પણ પાપકર્મ ન થાય.

ગૌ૦—હે ભગવન્! ઉત્તમ શ્રમણ યા બ્રાહ્મણને સજીવ અને સદોષ અન્નપાનાદિ આપતા શ્રમણોપાસકને શું થાય?

મ૦—હે ગૌતમ! ઘણી નિર્જરા થાય, અને અત્યંત અલ્પ પાપકર્મ થાય.

ગૌ૦—હે ભગવન્! વિરતિરહિત, તથા પાપકર્મને ન રોકનારા અને પ્રતિજ્ઞાપૂર્વક ન ત્યાગનારા અસંયમી સાધુને સજીવ કે નિર્જીવ, નિર્દોષ કે સદોષ અન્નપાનાદિ આપતા શ્રમણોપાસકને શું થાય?

મ૦—હે ગૌતમ! નર્યું પાપકર્મ થાય, પણ નિર્જરા જરા પણ ન થાય.

— શતક ૮, ઉદ્દે૦ ૬

૨

ગૃહસ્થને ઘેર આહાર ગ્રહણ કરવાની ઇચ્છાથી દાખલ થયેલા નિર્ગ્રંથને કોઈ ગૃહસ્થ બે પિંડ આપે અને કહે કે, 'એક તમે ખાજો અને બીજો સ્થવિરોને આપજો.' પછી તે નિર્ગ્રંથ તે બંને પિંડ ગ્રહણ કરે અને સ્થવિરોની શોધ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કરે; તપાસ કરતાં જ્યાં સ્થવિરોને જુએ ત્યાં જ તે પિંડ તેમને આપે; જો સ્થવિરો ન જડે, તો તે પિંડ પોતે ખાય નહિ, અને બીજાને આપે નહિ, પણ એકાંત — જવરઅવર વિનાનું, નિર્જીવ સ્થળ જોઈને તેને સાફ કરી ત્યાં નાખી દે.

એ પ્રમાણે ત્રણ, ચાર . . . અને દશ પિંડનું તથા પાત્ર વગેરેનું પણ સમજવું.

— શતક ૮, ઉદ્દે૦ ૬

૩

રાજગૃહ નગરનો પ્રસંગ છે:

ગૌતમ— હે ભગવન્! અંગારદોષસહિત, ધૂમદોષસહિત અને સંયોજનાદોષ વડે દુષ્ટ પાનભોજનનો શો અર્થ છે?

મ૦— હે ગૌતમ! કોઈ નિર્ગ્રંથ સાધુ યા સાધ્વી નિર્જીવ અને નિર્દોષ અન્નપાનાદિ ગ્રહણ કરી, તેમાં મૂર્છિત, લુબ્ધ અને આસક્ત થઈને આહાર કરે, તો હે ગૌતમ! એ અંગારદોષસહિત પાનભોજન કહેવાય. જો તેને અત્યંત અપ્રીતિપૂર્વક તથા ક્રોધથી ખિન્ન થઈને ખાય-પીએ તો હે ગૌતમ! એ ધૂમદોષસહિત પાનભોજન કહેવાય; અને કોઈ સાધુ યા સાધ્વી આહારને ગ્રહણ કરી, તેમાં સ્વાદ ઉત્પન્ન કરવા બીજા પદાર્થ સાથે સંયોગ કરી તેનું ભોજન કરે, તો હે ગૌતમ! એ સંયોજનાદોષ વડે દુષ્ટ પાનભોજન કહેવાય.

એ બધાથી ઊલટું કરવું, એ તે દોષથી રહિત પાનભોજન છે.

ગૌ૦— હે ભગવન્! ક્ષેત્રાતિક્રાન્ત, કાલાતિક્રાન્ત, માર્ગાતિક્રાન્ત, અને પ્રમાણાતિક્રાન્ત પાનભોજન એટલે શું?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! કોઈ સાધુ નિર્દોષ પાનભોજનને સૂર્ય ઊગ્યા પહેલાં ગ્રહણ કરી, સૂર્ય ઊગ્યા પછી ખાય, તો હે ગૌતમ! તે ક્ષેત્રાતિક્રાન્ત ભોજન કહેવાય; અથવા પહેલા પહોરમાં ગ્રહણ કરી, છેલ્લા પહોર સુધી રાખીને પછી ખાય તો તે કાલાતિક્રાન્ત પાનભોજન કહેવાય; વળી કૂકડીના ઈંડા જેટલા ૩૨ થી વધારે કોળિયા જેટલું ખાય, તો તે પ્રમાણાતિક્રાન્ત પાનભોજન કહેવાય; કૂકડીના ઈંડા જેટલા આઠ કોળિયા ખાય તો તે અલ્પાહાર કહેવાય; ૧૨ કોળિયા ખાય તો કાંઈક ન્યૂન અર્ધ ઊણોદરી કહેવાય; ૧૬ કોળિયા ખાય તો અર્ધાહાર કહેવાય; ૨૪ કોળિયા ખાય તો ઊનોદરિકા કહેવાય; અને ૩૨ કોળિયા ખાય તો પ્રમાણસર ભોજન કહેવાય. તેથી એક પણ કોળિયો ઓછો કરનાર સાધુ 'પ્રકામરસભોજી' એટલે કે 'અત્યંત મધુરાદિ રસનો ભોક્તા' ન કહેવાય.

હે ગૌતમ! કોઈ સાધુ યા સાધ્વી, જે પોતે શસ્ત્ર અને મુશલાદિરહિત હોય, તેમ પુષ્પમાલા અને ચંદનના વિલેપન-રહિત હોય, તે સાધુ યા સાધ્વી, કૃમ્યાદિ જંતુરહિત, નિર્જીવ, સાધુને માટે તૈયાર નહિ કરેલ–કરાવેલ, નહિ સંકલ્પેલ, આમંત્રણ દીધા વિનાનો, નહિ ખરીદેલ, અનુદ્દિષ્ટ,* નવકોટીવિશુદ્ધ[૧], ભિક્ષાના ૪૨ દોષોથી[૨] રહિત, ઉપર

* પહેલેથી તૈયાર કરેલ આહારને સાધુને ઉદ્દેશી દહીં–મોળ વગેરેથી રવાદુ ન કરેલો.

૧. હણવું, હણાવવું, હણતાને અનુમતિ આપવી, રાંધવું, રંધાવવું, રાંધતાને અનુમતિ આપવી, ખરીદવું, ખરીદાવવું અને ખરીદ કરતાને અનુમતિ આપવી — એ નવ કોટીઓ વિનાનો.

૨. જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક પા. ૧૪૭.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવેલા અંગાર–ધૂમ–સંયોજના દોષોથી રહિત આહાર, સુરસુર કે ચપચપ શબ્દ કર્યા વિના, બહુ ઉતાવળથી નહિ કે આહારના કોઈ ભાગને પડતો મૂકયા વિના, ગાડાની ધરીને તેલ ઊંજવું જોઈએ કે વ્રણ ઉપર લેપ કરવો જોઈએ એવી ભાવનાથી, કેવળ સંયમના નિર્વાહ અર્થે, તથા સાપ આજુબાજુ સ્પર્શ કર્યા વિના સીધો દરમાં પેસે તેમ સ્વાદ માટે મોંમાં ફેરવ્યા વિના ખાય, તો તે આહાર 'શસ્ત્રાતીત' — એટલે કે અગ્નિ વગેરે નાશક વસ્તુ — શસ્ત્ર — ઉપરથી ઊતરેલો, 'શસ્ત્રપરિણામિત' એટલે કે અગ્નિ વગેરે શસ્ત્રથી નિર્જીવ કરાયેલો, 'એષિત' એટલે કે એષણાના દોષોથી[1] રહિત, 'વ્યેષિત' એટલે કે વિશેષતઃ એષણા દોષથી રહિત, તથા 'સામુદાયિક'— એટલે કે જુદેજુદે ઠેકાણેથી માગીને મેળવેલો આહાર કહેવાય.

— શતક ૭, ઉદ્દે૦ ૧

૪

રાજગૃહ નગરનો પ્રસંગ છે :-

ગૌતમ—હે ભગવન્! સાધુને ખ્યાલમાં રાખી તૈયાર કરેલા આહારને[2] ખાનારો શ્રમણ નિર્ગ્રંથ શું કરે છે?

ભ૦—હે ગૌતમ! તેવા આહારને ખાતો શ્રમણનિર્ગ્રંથ આયુષ્ય સિવાયની તથા પોચે બંધને બાંધેલી સાત

---

૧. ઉપર જણવેલા ૪૨ દોષોમાંના શંકિતાદિ ૧૦ દોષો. જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક, પા. ૧૫૦.

૨. તેને પરિભાષામાં 'આધાકર્મ' દોષથી દૂષિત આહાર કહે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મ-પ્રકૃતિઓને મજબૂત બંધને બાંધેલી કરે છે, અને સંસારમાં વારંવાર ભમે છે.

ગૌ૦—હે ભગવન્! તેનું શું કારણ?

મ૦—હે ગૌતમ! તેવા અન્નને ખાતો શ્રમણનિર્ગ્રંથ પોતાના ધર્મને ઓળંગી જાય છે. પોતાના ધર્મને ઓળંગતો તે શ્રમણ પૃથિવીકાય વગેરે જીવ-વર્ગોની દરકાર કરતો નથી, તથા જે જીવોનાં શરીરોંને તે ખાય છે, તે જીવોની પણ દરકાર કરતો નથી. તેથી કરીને ઉપર પ્રમાણે કહ્યું છે.

પરંતુ તેથી ઊલટું કરનારો, એટલે કે તેવા દોષવાળું અન્નપાન ન ખાનારો શ્રમણ મજબૂત બંધાયેલી સાતે કર્મપ્રકૃતિઓને પોચી કરે છે,[૧] દુઃખપૂર્વક અનુભવવાના કર્મનો વારંવાર ઉપચય નથી કરતો, તથા અનાદિ અનંત સંસારરૂપી અરણ્યનું ઉલ્લંઘન કરે છે, સિદ્ધ થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

—શતક ૧, ઉદ્દે૦ ૯

૫

આધાકર્મ વગેરે દોષોયુક્ત આહારને નિર્દોષ માની, પોતે તેનું ભોજન કરવું, બીજા સાધુઓને તે આપવો તથા સભામાં તેનું નિર્દોષપણું કહેવું, એ બધું વિપરીત શ્રદ્ધારૂપ હોવાથી તેનાથી જ્ઞાન–દર્શન–ચારિત્રની વિરાધના દેખીતી છે. તેવો સાધુ તે બાબતમાં પોતાની ભૂલ પ્રગટ કરી, તે બાબતનો અનુતાપ કરી, ફરી તેમ ન કરવા સાવધાન બનતા પહેલાં

---

૧ વગેરે બધું પા. ૬૨ ઉપર જણાવેલ અસંવૃત અનગારથી ઊલટું સંવૃત અનગારની પેઠે સમજવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મરણ પામે, તો તે ધર્મનો આરાધક નથી; પરંતુ ઉપર કહ્યા પ્રમાણે કરીને જ મરણ પામે, તો તે આરાધક છે. તે જ પ્રમાણે, સાધુ માટે ખરીદેલું ભોજન, સાધુ માટે રાખી મૂકેલું ભોજન, ભૂકો થઈ ગયેલા લાડવાનો સાધુ માટે લાડવો વાળેલું વગેરે ('રચિત') ભોજન, જંગલમાં સાધુના નિર્વાહ માટે તૈયાર કરેલ સદાવ્રતનો આહાર, દુકાળ વખતે સાધુ માટે સ્થાપેલ સદાવ્રતનો આહાર, દુર્દિન — વરસાદ આવતો હોય ત્યારે સાધુ માટે તૈયાર કરેલો આહાર ('વાર્દલિકા-ભક્ત'), રોગીની નીરોગતાને અર્થે ભિક્ષુને દેવા તૈયાર કરેલો આહાર, જેને ત્યાં ઉતારો કર્યો હોય તેના ઘરનો જ આહાર ('શય્યાતર પિંડ'), અને રાજપિંડ એ બધી જાતના આહાર માટે પણ જાણવું.

— શતક ૫, ઉદ્દે૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૯

કયું પાપ લાગે?

૧

ગૌતમ—હે ભગવન્! હરણોથી આજીવિકા ચલાવનાર, હરણોનો શિકારી વન-જંગલમાં મૃગના વધ માટે ખાડા અને જાળ રચે, તો તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે?

મ૦—હે ગૌતમ! જ્યાં સુધી તે પુરુષ તે જાળને ધારણ કરે છે, અને મૃગોને બાંધતો નથી, તથા મૃગોને મારતો નથી, ત્યાં સુધી તે પુરુષ કાયિકી, આધિકરણિકી[૧] અને પ્રાદ્વેષિકી[૨] એ ત્રણ ક્રિયાઓ વાળો છે; જ્યાં સુધી તે પુરુષ તે જાળને ધરી રાખે છે અને મૃગોને બાંધે છે, પણ મૃગોને મારતો નથી, ત્યાં સુધી તે કાયિકી, આધિકરણિકી, પ્રાદ્વેષિકી અને પારિતાપનિકી[૩] એ ચાર ક્રિયાઓ વાળો છે; અને જ્યારે તે જાળ ધારણ કરી રાખી, મૃગને બાંધી, મૃગને મારે, ત્યારે તે

---

૧. જાળ વગેરે અધિકરણ–શસ્ત્રનો પ્રયોગ કરવારૂપી.

૨. મનમાં પ્રદ્વેષ ધારણ કરવારૂપી.

૩ પરિતાપ આપવારૂપી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરની ચાર ઉપરાંત પ્રાણાતિપાત[૧] ક્રિયા મળીને પાંચ ક્રિયા વાળો થાય છે.

ગૌ૦—હે ભગવન્! કોઈ પુરુષ વન-જંગલમાં તરણાં ભેગાં કરી, તેમાં આગ મૂકે, તો તે કેટલી ક્રિયાઓ વાળો કહેવાય?

મ૦—હે ગૌતમ! જ્યાં સુધી તરણાંને ભેગાં કરે, ત્યાં સુધી તે ત્રણ ક્રિયાઓવાળો છે; આગ મૂકે ત્યારે ચાર ક્રિયાઓવાળો છે અને બાળે ત્યારે પાંચ ક્રિયાઓવાળો થાય છે.

ગૌ૦—હે ભગવન્! હરણોથી આજીવિકા ચલાવનાર શિકારી વન-જંગલમાં કોઈ હરણને મારવા બાણ ફેંકે, તો તે કેટલી ક્રિયાઓ વાળો થાય?

મ૦—હે ગૌતમ! જ્યાં સુધી તે બાણ ફેંકે છે, ત્યાં સુધી તે ત્રણ ક્રિયા વાળો છે; મૃગને વીંધે છે, ત્યાં સુધી ચાર ક્રિયાવાળો છે; અને મૃગને મારે છે, ત્યારે પાંચ ક્રિયાવાળો થાય છે.

ગૌ૦—કોઈ પારધી મૃગને મારવા બાણ ધનુષ્ય ઉપર ચડાવી કાન સુધી ખેંચે, તેવામાં તેનો શત્રુ આવી તેનું માથું તરવારથી કાપી નાખે; પરંતુ પેલું બાણ છટકી પેલા મૃગને વીંધે, તો પેલા શત્રુને મૃગની હત્યા પણ લાગે કે પારધીની જ?

મ૦—મૃગની હત્યા પેલા પારધીને જ લાગે છે; પેલા શત્રુને તો પારધીની જ હત્યા લાગે. કારણ કે, 'જે વસ્તુ

---

૧. વધ કરવારૂપી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કરાતી હોય તે પણ કરાઈ જ કહેવાય', એ ન્યાયે પેલા પારધીએ મૃગને માર્યો જ છે. એટલો વિશેષ છે કે, મરનાર છ માસની અંદર મરે, તો મરનાર પુરુષ પાંચે ક્રિયાઓવાળો થાય, પણ છ માસ પછી મરે તો પારિતાપનિકી સુધીની ચાર ક્રિયાઓવાળો જ થાય; પ્રાણવધ રૂપી પાંચમી ક્રિયા તેને ન લાગે.

— શતક ૧, ઉદ્દે૦ ૮

૨

ગૌ૦—હે ભગવન્! કોઈ પુરુષ ધનુષ્ય ઉપર બાણ ચડાવી આકાશમાં ફેંકે; પછી તે બાણ આકાશમાં અનેક પ્રાણોને, ભૂતોને, જીવોને, અને સત્ત્વોને હણે, તો હે ભગવન્! તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે ?

મ૦—હે ગૌતમ! તે પુરુષને પાંચે ક્રિયાઓ લાગે છે. વળી જે જીવોના શરીર દ્વારા તે ધનુષ્ય બન્યું છે તે જીવોને પણ પાંચે ક્રિયાઓ લાગે છે. ધનુષ્યની પીહને, દોરીને અને નારુને પણ પાંચ; તથા બાણ, શર, પત્ર (પીંછાં), અને નારુને પણ પાંચ.

ગૌ૦—હે ભગવન્! પછી તે બાણ આકાશમાંથી પોતાના ભારેપણાને લીધે નીચે પડવા માંડે અને તે વખતે માર્ગમાં આવતા પ્રાણોને હણે, ત્યારે તે પુરુષને કેટલી ક્રિયા લાગે ?

મ૦—ત્યારે તે પુરુષને પારિતાપનિકી સુધીની ચાર ક્રિયાઓ લાગે; જે જીવોના શરીરનું ધનુષ્ય બનેલું છે, તે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીવોને પણ ચાર; ધનુષ્યની પીઠ, દોરી અને નારુને ચાર; પરંતુ બાણ, શર, પત્ર, ફલ અને નારુને પાંચ ક્રિયાઓ લાગે છે, તથા તે નીચે પડતા બાણના અવગ્રહમાં[૧] જે જીવો છે, તે જીવોને પણ પાંચ ક્રિયાઓ લાગે છે.[૨]

શતક ૫, ઉદ્દે૦ ૬

૩

૧. ભાંગવા ફોડવા અને ઘાત કરવામાં સ્વયં રત રહેવું, અને બીજાની એવી પ્રવૃત્તિ જોઈ ખુશ થવું, તે 'આરંભ ક્રિયા'; ૨. જે ક્રિયા પરિગ્રહનો નાશ ન થવા દેવાને માટે કરવામાં આવે તે 'પારિગ્રહિકી'; ૩. જ્ઞાન-દર્શન આદિ બાબતોમાં

૧. ટેકો-આધાર.

૨. ટીકામાંથી : શંકા—જે જીવના શરીરનાં ધનુષ્યાદિ બન્યાં છે તે જીવને પણ ક્રિયાઓ લાગે, તો સિદ્ધ-મુક્ત જીવોનાં શરીરથી પણ જગતમાં કાંઈ હિંસાદિ થતી હશે; તો તેમને પણ પાપકર્મ લાગવાનો પ્રસંગ આવશે; વળી, પાત્ર, દંડ વગેરે પદાર્થો જીવરક્ષાના હેતુરૂપ હોવાથી, તે પદાર્થો જે જીવના શરીરથી બનેલા છે, તે જીવને પુણ્ય કર્મ પણ પ્રાપ્ત થવું જોઈએ.

સમાધાન—કર્મબંધ હંમેશાં અવિરત પરિણામથી (એટલે કે પાપવ્યાપારમાંથી ન વિરમવાથી) થાય છે. જ્યાં સુધી જીવે પ્રતિજ્ઞાપૂર્વક હિંસાદિનો ત્યાગ નથી કર્યો, ત્યાં સુધી તેના શરીરાદિથી અથવા તેણે રચેલ વસ્તુ વગેરેથી થતાં પાપ તેને લાગતાં જ રહેવાનાં; પરંતુ સિદ્ધોને તો અવિરત પરિણામ ન હોવાથી તેમને કર્મબંધ નથી થતો; વળી પાત્ર વગેરે જેમના શરીરથી બનેલાં છે, તે જીવોમાં પુણ્યબંધનું કારણ વિવેક વગેરે ન હોવાથી તેમને પુણ્યબંધ નથી થતો. વધુ માટે જુઓ આ માળાનું 'શ્રીરાજચંદ્રનાં વિચારરત્નો' પુસ્તક, પા. ૧૧૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બીજાને ઠગવા તે 'માયા ક્રિયા'; ૪. મિથ્યાદૃષ્ટિ પુરુષે, અનકૂળ પ્રવૃત્તિ કરવા-કરાવવામાં પડેલા માણસને 'તું ઠીક કરે છે' ઇત્યાદિ કહી, પ્રશંસા આદિ દ્વારા તેને મિથ્યાત્વમાં વધારે દૃઢ કરવો, એ 'મિથ્યાદર્શન ક્રિયા'; અને સંયમઘાતી કર્મના પ્રભાવને કારણે પાપવ્યાપારથી નિવૃત્ત ન થવું, તે 'અપ્રત્યાખ્યાન ક્રિયા'.

ગૌ૦—હે ભગવન્! કરિયાણાનો વેપાર કરતા કોઈ ગૃહસ્થનું કોઈ માણસ તે કરિયાણું ચોરી જાય; પછી તે કરિયાણાની તપાસ કરનાર તે ગૃહસ્થને કઈ ક્રિયા લાગે?

મ૦—હે ગૌતમ! આરંભિકી, પારિગ્રહિકી, માયા-પ્રત્યયિકી, અને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા લાગે; મિથ્યાદર્શન-પ્રત્યયિકી કદાચ લાગે અને કદાચ ન લાગે[૧]. વસ્તુ જડ્યા પછી તે બધી ક્રિયાઓ પ્રતનુ થઈ જાય છે.[૨]

ગૌ૦—હે ભગવન્! કરિયાણું વેચતા ગૃહસ્થનું કરિયાણું કોઈ ખરીદ કરનારે ખરીદ્યું, તથા તેને માટે બાનું આપ્યું પણ હજુ તે કરિયાણું લઈ જવાયું નથી, પણ વેચનારને ત્યાં જ છે. તો તે વેચનાર ગૃહસ્થને તે કરિયાણાથી શું આરંભિકી વગેરે પાંચ ક્રિયા લાગે? તેમ જ તે ખરીદનારને તે પાંચ ક્રિયાઓ લાગે?

---

૧. 'જ્યારે ગૃહસ્થ મિથ્યાદૃષ્ટિ હોય ત્યારે લાગે; અને સમ્યગદૃષ્ટિ હોય ત્યારે ન લાગે.' —ટીકા.

૨. 'કારણ કે ચોરાયેલી વસ્તુ હાથ આવતાં તે ગૃહસ્થ શોધવાના પ્રયત્નથી અટકેલો હોય છે, તેથી તે ક્રિયાઓ ટૂંકી-ઓછી થાય છે.' —ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! વેચનાર ગૃહસ્થને બાકીની ચાર લાગે, અને પાંચમી મિથ્યાદર્શનપ્રત્યયિકી કદાચ લાગે અને કદાચ ન લાગે[૧]. ખરીદ કરનારને તે બધી ક્રિયાઓ પ્રતનુ હોય છે. પરંતુ તે કરિયાણું ખરીદનાર પોતાને ત્યાં લઈ જાય, ત્યારે તેથી ઊલટું બને છે. એટલે કે વેચનારને પ્રતનુ હોય છે, અને ખરીદનારને મોટા રૂપમાં હોય છે.

ગૌ૦—હે ભગવન્! કરિયાણું વેચનાર ગૃહસ્થનું કરિયાણું કોઈ ખરીદનાર ખરીદ કરે, પરંતુ તેની કિંમત હજુ તેને આપી ન હોય, તો ખરીદ કરનારને તે ધનથી કેવી ક્રિયાઓ લાગે, અને વેચનારને તે ધનથી કેવી ક્રિયાઓ લાગે?

મ૦—હે ગૌતમ! ઉપર પ્રમાણે ખરીદનારને મોટા રૂપમાં લાગે, અને વેચનારને ઓછા પ્રમાણમાં લાગે.

ગૌ૦—હે ભગવન્! તેની કિંમત આપી દીધા પછી શું થાય?

મ૦—હે ગૌતમ! વેચનારને મોટા પ્રમાણમાં અને ખરીદનારને ઓછા પ્રમાણમાં લાગે.

—શતક ૫, ઉદ્દે૦ ૬

૪

ગૌ૦—શ્રમણના ઉપાશ્રયમાં રહીને સામાયિક વ્રત આચરનાર શ્રમણોપાસક ગૃહસ્થને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી?

મ૦— હે ગૌતમ! ઐર્યાપથિકી ન લાગે, પણ સાંપરાયિકી લાગે. કારણ કે, તે શ્રાવકનો આત્મા હજુ

૧. જુઓ પા. ૧૦૭, નોંધ ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કષાયનાં સાધનોયુક્ત છે; તેથી તેને સાંપરાયિકી લાગે. કષાયરહિત પુરુષને જ માત્ર યોગ એટલે કે પ્રવૃત્તિના નિમિત્તથી ઐર્યાપથકી ક્રિયા લાગે.

ગૌ૦—હે ભગવન્ ! કોઈ શ્રાવકે જંગમ જીવોનો વધ ન કરવાનું વ્રત લીધું હોય, પણ પૃથ્વીકાય જીવોનો વધ ન કરવાનું વ્રત ન લીધું હોય; તે ગૃહસ્થ પૃથ્વીને ખોદતાં કોઈ જંગમ જીવની હિંસા કરે, તો તેને પોતાના વ્રતમાં અતિચાર —દોષ લાગે ?

મ૦—હે ગૌતમ ! એ વસ્તુ બરાબર નથી. કારણકે શ્રાવક કાંઈ તેનો વધ કરવા પ્રવૃત્તિ કરતો નથી.[૧]

તેમ જ વનસ્પતિના વધનો નિયમ લેનાર પૃથ્વી ખોદતાં કોઈ વૃક્ષના મૂળને છેદી નાખે, તો પણ તેને દોષ નથી.

— શતક ૭, ઉદ્દે૦ ૧

૫

રાજગૃહ નગરમાં અન્યતીર્થિક કાલોદાયી પ્રશ્ન પૂછે છે:

કાલોદાયી: હે ભગવન્ ! બે પુરુષોમાંથી એક પુરુષ અગ્નિ સળગાવે, અને બીજો તેને ઓલવે; તે બેમાંથી કયો મહાપાતકવાળો અને કયો અલ્પ પાતકવાળો કહેવાય ?

મ૦—હે કાલોદાયિ ! તે બેમાંથી જે ઓલવે છે તે અલ્પ પાતકવાળો છે; અને જે સળગાવે છે, તે મહાપાતકવાળો

---

૧. સામાન્ય રીતે અંશતઃ વિરતિ વ્રત લેનાર શ્રાવકને સંકલ્પપૂર્વક કરેલ હિંસાના ત્યાગનું વ્રત હોય છે. તેથી જેની હિંસાનો નિયમ હોય તેની હિંસા કરવા સંકલ્પપૂર્વક જ્યાં સુધી તે પ્રવૃત્તિ ન કરે, ત્યાં સુધી તેને તે વ્રતમાં દોષ લાગતો નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે. કારણકે જે અગ્નિ સળગાવે છે, તે તો ઘણા પૃથ્વીકાયોનો નાશ કરે છે, થોડા અગ્નિકાયો નાશ કરે છે, ઘણા વાયુકાયોનો નાશ કરે છે, ઘણા વનસ્પતિકાયોનો નાશ કરે છે, અને ઘણા ત્રસ(જંગમ)કાયોનો નાશ કરે છે. પરંતુ, જે પુરુષ અગ્નિ ઓલવી નાખે છે, તે થોડા પૃથ્વીકાયોનો, થોડા જલકાયોનો, થોડા વાયુકાયોનો, થોડા વનસ્પતિકાયોનો, થોડા ત્રસકાયોનો અને વધારે અગ્નિકાયોનો નાશ કરે છે. તેથી હે કાલોદાયિ! સળગાવનાર કરતાં ઓલવનાર અલ્પ પાતકવાળો છે,

—શતક ૭, ઉદ્દે૦ ૧૦

૬

ગૌતમ—હે ભગવન્! કોઈ નિર્ગ્રંથ ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કર્યો હોય, ત્યાં તેનાથી કાંઈ દોષ થઈ જાય; તે વખતે તેના મનમાં એમ થાય કે, 'હું અહીંયાં જ આ કાર્યનું આલોચન, (કબૂલાત) કરી, પ્રાયશ્ચિત્તરૂપ તપનો સ્વીકાર કરું; ત્યાર પછી સ્થવિરો પાસે જઈને વિધિસર આલોચનાદિ કરીશ.' એમ વિચારી તે નિર્ગ્રંથ સ્થવિરોની પાસે જવા નીકળે પણ ત્યાં પહોંચ્યા પહેલાં તે સ્થવિરો વાતાદિ દોષના પ્રકોપથી મૂક થઈ જાય—અર્થાત્ પ્રાયશ્ચિત્ત ન આપી શકે; તો તે નિર્ગ્રંથ આરાધક છે કે વિરાધક?

મ૦—હે ગૌતમ! તે આરાધક છે, વિરાધક નથી. તે પ્રમાણે પહોંચતા પહેલાં તે નિર્ગ્રંથ જ મૂક થઈ જાય કે, તે સ્થવિરો મૃત્યુ પામે કે તે નિર્ગ્રંથ મૃત્યુ પામે વગેરે પ્રસંગોમાં પણ તેમ જ જાણવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! એમ આપ શાથી કહો છો?

મ૦—હે ગૌતમ! જેમ કોઈ પુરુષ ઊન વગેરેના બે ત્રણ કે વધારે કકડા કરી, તેને અગ્નિમાં નાખે, તો હે ગૌતમ! તે છેદાતાં છેદાયેલું, અગ્નિમાં નંખાતાં નંખાયેલું, કે બળતાં બળેલું એમ કહેવાય કે નહિ?

ગૌ૦—હે ભગવન્! તેમ કહેવાય.

મ૦— હે ગૌતમ! તે પ્રમાણે આરાધના માટે તૈયાર થયેલો તે નિર્ગ્રંથ આરાધક છે, વિરાધક નથી.

—શતક ૮, ઉદ્દે૦ ૬

૭

રાજગૃહ નગરનો પ્રસંગ છે:

ગૌતમ—હે ભગવન્! કોઈ પુરુષ, પુરુષનો ઘાત કરતાં શું પુરુષનો જ ઘાત કરે કે પુરુષ સિવાય બીજા જીવોનો પણ ઘાત કરે?

મ૦—હે ગૌતમ! તે અન્ય જીવોનો પણ ઘાત કરે. તે ઘાત કરનારના મનમાં તો એમ છે કે, 'હું એક પુરુષને હણું છું.' પણ તે એક પુરુષને હણતાં બીજા અનેક જીવોને હણે છે. તેથી એમ કહ્યું કે, અન્ય જીવોને પણ હણે.

તે જ પ્રમાણે ઋષિને હણનારો અનંત જીવોને હણે છે. [કારણકે, ઋષિ જીવતો હોય તો અનેક પ્રાણીઓને જ્ઞાન આપે, અને તેઓ મોક્ષે જાય; મુક્ત જીવો તો અનંત જીવોના આહસક છે, તેથી તે અનંત જીવોની અહિંસામાં ઋષિ કારણ છે, માટે ઋષિનો વધ કરનાર અનંત જીવોની હિંસા કરે છે.—ટીકા]

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! કોઈ પુરુષ બીજા પુરુષને હણતો પુરુષના વેરથી બંધાય કે પુરુષ સિવાય બીજા જીવોના વૈરથી પણ બંધાય?

મ૦—હે ગૌતમ! તે અવશ્ય પુરુષના વૈરથી તો બંધાય જ; પરંતુ અન્ય એક જીવના વેરથી પણ બંધાય કે અન્ય અનેક જીવોના વેરથી પણ બંધાય. ઋષિને હણનારો તો ઋષિના વેરથી અને ઋષિ સિવાયના અનેકનાં વૈરોથી બંધાય.

— શતક ૯, ઉદ્દે૦ ૩૪

૮

પૃથ્વીકાયિકાદિ જીવવર્ગો પોતાના સજાતીય તેમ જ વિજાતીય જીવવર્ગોને શ્વાસોચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે અને મૂકે છે.

ગૌતમ—હે ભગવન્! પૃથિવીકાયિક જીવ પૃથ્વીકાયિકને શ્વાસોચ્છ્વાસરૂપે ગ્રહણ કરે અને મૂકે ત્યારે તેને કેટલી ક્રિયા લાગે?

મ૦—હે ગૌતમ! જ્યાં સુધી તેને પીડા ઉત્પન્ન ન કરે, ત્યાં સુધી તેને કાયિકી આદિ ત્રણ ક્રિયા હોય; પીડા કરે ત્યારે પારિતાપનિકી સહિત ચાર હોય; અને તેનો ઘાત કરે, ત્યારે પ્રાણાતિપાતિકી યુક્ત પાંચ ક્રિયા હોય. એ પ્રમાણે અન્ય જીવવર્ગોની બાબતમાં સમજવું.

ગૌ૦—હે ભગવન્! વાયુકાયિક જીવ વૃક્ષના મૂળને કંપાવતો કે પાડતો કેટલી ક્રિયાવાળો હોય?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! (ઉપર પ્રમાણે) કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચારવાળો અને કદાચ પાંચવાળો પણ હોય.

—શતક ૯, ઉદ્દે૦ ૩૪

૯

રાજગૃહનગરનો પ્રસંગ છે :

ગૌ૦—હે ભગવન્! લોઢાને તપાવવાની ભઠ્ઠીમાં લોઢાના સાંડસા વડે લોઢાને ઊંચું નીચું કરનાર પુરુષને કેટલી ક્રિયાઓ લાગે ?

મ૦—હે ગૌતમ! પ્રાણાતિપાત સુધીની પાંચે ક્રિયાઓ લાગે છે. વળી જે જીવોના શરીરનું લોઢું બન્યું છે, લોઢાની ભઠ્ઠી બની છે, સાંડસો બન્યો છે, અંગારા બન્યા છે, અંગારા કાઢવાનો ચાપિયો બન્યો છે, અને ધમણ બની છે, તે બધા જીવોને પણ પાંચ ક્રિયાઓ લાગે છે.

તે જ પ્રમાણે લોઢાની ભઠ્ઠીમાંથી લોઢાને લઈને એરણ ઉપર લેતા અને મૂકતા પુરુષને તથા જે જીવોનો ઘણ બન્યો છે, હથોડો બન્યો છે, એરણ બની છે, એરણ ખોડવાનું લાકડું બન્યું છે, ગરમ લોઢાને ઠારવાની પાણીની કૂંડી બની છે, અને લુહારની કોઢ બની છે, તે બધાને પણ પાંચ ક્રિયાઓ લાગે છે.

—શતક ૧૬, ઉદ્દે૦ ૧

૧૦

ગૌ૦—હે ભગવન્! છ ટંકના ઉપવાસના તપપૂર્વક નિરંતર આતાપના[1] લેતા એવા સાધુને દિવસના પૂર્વાર્ધમાં

---

૧. તડકામાં ઊભા રહેવું તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કાયોત્સર્ગ (સ્થિર રહી ધ્યાન) કરતી વખતે પોતાના હાથ પગ વગેરેને સંકોચવા કે પહોળા કરવા ઘટે નહીં; પરંતુ દિવસના પશ્ચિમાર્ધ ભાગમાં પોતાના હાથ પગ વગેરે પહોળા કરવા કલ્પે છે. હવે તે જ્યારે ધ્યાન કરતો હોય તે વખતે તેની નાસિકામાંથી અર્શો લટકતા જોઈ કોઈ વૈદ્ય તેને ભૂમિ ઉપર સુવાડી તેના અર્શો કાપે, તો તે કાપનાર વૈદ્યને ક્રિયા લાગે? તેમ જ જેના અર્શો કપાય છે તેને ધર્માંતરાયરૂપ[1] ક્રિયા સિવાય બીજી પણ ક્રિયા લાગે?

મ૦—હે ગૌતમ! જે કાપે છે, તેને (શુભ) ક્રિયા લાગે છે; અને જેના અર્શો કપાય છે, તેને ધર્માંતરાય સિવાય બીજી ક્રિયા નથી લાગતી.

—શતક ૧૬, ઉદ્દે૦ ૪

૧૧

ગૌ૦—હે ભગવન્! કોઈ પુરુષ તાડના ઝાડ ઉપર ચઢે, અને તેનાં ફળને હલાવે કે નીચે પાડે, તો તેને કેટલી ક્રિયાઓ લાગે?

મ૦—હે ગૌતમ! તે પુરુષને પાંચે ક્રિયાઓ લાગે (કારણ કે તે તાડના ફળની અને તેને આશરે રહેલા જીવોની હિંસા કરે છે.) જે જીવોના શરીર દ્વારા તાડવૃક્ષ તથા તાડનું ફળ ઉત્પન્ન થયું છે, તેમને પણ પાંચે ક્રિયાઓ લાગે છે. (કારણ કે, તે બીજા જીવોને સ્પર્શાદિ વડે સાક્ષાત્ હણે છે.)

ગૌ૦—હે ભગવન્! તે પુરુષે હલાવ્યા કે તોડ્યા પછી, તે તાડનું ફળ પોતાના ભારથી નીચે પડે અને નીચે પડતા

---

૧. શુભધ્યાનના વિચ્છેદથી કે અર્શચ્છેદનું અનુમોદન કરવાથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે તાડના ફળ દ્વારા જીવો હણાય, તો તેથી તે ફળ તોડનારને કેટલી ક્રિયાઓ લાગે ?

ભ૦—હે ગૌતમ તે પુરુષને પ્રાણાતિપાત સિવાયની ચાર લાગે; જે જીવોના શરીરથી તાડનું વૃક્ષ નીપજ્યું છે, તેમને પણ તેવી જ ચાર લાગે; પણ જે જીવોના શરીરથી તાડનું ફળ નીપજ્યું છે, તે જીવોને તથા જે જીવો તે નીચે પડતા ફળને ઉપકારક થાય છે, તેમને પાંચે ક્રિયાઓ લાગે.

—શતક ૧૭, ઉદ્દે૦ ૧

—ઔદારિકાદિ શરીર બાંધતો જીવ જ્યાં સુધી બીજા જીવોને પરિતાપાદિ ઉત્પન્ન ન કરે, ત્યાંસુધી તેને કાયિકી વગેરે ત્રણ ક્રિયાઓ લાગે; જ્યારે પરને પરિતાપ કરે, ત્યારે ચાર લાગે, અને અન્ય જીવની હિંસા કરે, ત્યારે પાંચે લાગે.

—શતક ૧૭, ઉદ્દે૦ ૧

૧૨

ગૌ૦—હે ભગવન્! વરસાદ વરસે છે કે નથી વરસતો એ જાણવા માટે કોઈ પુરુષ પોતાનો હાથપગ સંકોચે કે પસારે તો તેને કેટલી ક્રિયાઓ લાગે ?

ભ૦—હે ગૌતમ! તેને પાંચે ક્રિયાઓ લાગે.

—શતક ૧૬, ઉદ્દે૦ ૮

૧૩

ગૌ૦—હે ભગવન્! શીલરહિત, નિર્ગુણ, મર્યાદારહિત, પોષધોપવાસરહિત, પ્રાયઃ માંસાહારી, મત્સ્યાહારી, મધનો આહાર કરનારા, તથા મૃત શરીરનો આહાર કરનારા મનુષ્યો મરણ પછી ક્યાં જશે ?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભ૦—હે ગૌતમ! પ્રાયઃ નારક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થશે.

ગૌ૦—હે ભગવન્! સિંહો, વાઘો, વરુઓ, દીપડાઓ, રીંછો, તરક્ષો[1], શરભો વગેરે નિઃશીલ જીવો ક્યાં ઉત્પન્ન થશે?

ભ૦—હે ગૌતમ! પ્રાયઃ નારક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થશે.

ગૌ૦—હે ભગવન્! કાગડાઓ, કંકો, વિલકો, જલવાયસો, મયૂરો વગેરે નિઃશીલ જીવો ક્યાં ઉત્પન્ન થશે?

ભ૦—હે ગૌતમ! પ્રાયઃ નારક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થશે.

ગૌ૦—હે ભગવન્! તે એ પ્રમાણે છે; હે ભગવન્! તે એ પ્રમાણે છે.

—શતક ૭, ઉદ્દે૦ ૬

૧૪

ગૌ૦—હે ભગવન્! હસતો તથા કાંઈ પણ લેવાને ઉતાવળો થનાર મનુષ્ય કેટલા પ્રકારનાં કર્મ બાંધે?

ભ૦—હે ગૌતમ! સાત કે આઠ પ્રકારનાં કર્મોને[2] બાંધે.

ગૌ૦—હે ભગવન્! નિદ્રા લેતો કે ઊભો ઊભો ઊંઘતો જીવ કેટલા પ્રકારનાં કર્મ બાંધે?

ભ૦—હે ગૌતમ! તે સાત કે આઠ પ્રકારનાં કર્મોને[2] બાંધે. —શતક ૫, ઉદ્દે૦ ૪

---

૧. તરક્ષ: વાઘની એક જાત.

૨. આયુષ્યકર્મ જીવનમાં એક જ વખત બંધાય છે; તેથી તે કાળે આઠ પ્રકારનાં બાંધે; નહિ તો સાત પ્રકારનાં.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦

સાધકોની વિવિધ શક્તિઓ

૧

ગૌતમ—હે ભગવન્! સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરનારો મુનિ (અવધિજ્ઞાનાદિ[૧] શક્તિઓ વડે), વૈક્રિયસમુદ્ઘાત[૨] વડે વિમાનરૂપે ગતિ કરતા દેવને જાણે કે જુએ?

મ૦—હે ગૌતમ! 'અવધિજ્ઞાનની શક્તિ કર્મના વૈચિત્ર્યને લીધે વિચિત્ર હોય છે. જેમકે, કેટલાકને જે સ્થળે અવધિજ્ઞાન થયું હોય તે સ્થળ છોડતાં તે જ્ઞાન પણ ચાલ્યું

---

૧. જેના દ્વારા પરોક્ષ રહેલા પણ રૂપવાળા પદાર્થો વિસ્તાર-પૂર્વક દેખાય, તે અવધિજ્ઞાન.' આ જ્ઞાન દેવોને અને નારકીઓને જન્મથી જ હોય છે. મનુષ્ય અને તિર્યંચને તેનું પ્રતિબંધક કર્મ તપ વગેરેથી નાશ પામે ત્યારે પ્રાપ્ત થાય છે. વિગત માટે જુઓ આગળ પા. ૨૭, ટિ. નં. ૩.

૨. જુઓ પા. ૬૨, ટિ. નં. ૩.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જાય છે; કેટલાકને બધે સ્થળે કાયમ રહે છે; કેટલાકનો ધીમે ધીમે વધતું જાય છે; કેટલાનું વધ-ઘટ પામ્યા કરે છે; અને કેટલાકનું સ્થિર રહે છે.' તે મુજબ કેટલાક તે દેવને જુએ, પણ વિમાનને ન જુએ; કેટલાક વિમાનને જુએ પણ દેવને ન જુએ; કેટલાક દેવ અને યાન બંનેને જુએ તથા કોઈ એ બેમાંથી એકેને ન જુએ.

ગૌ૦—હે ભગવન્! તે ભાવિત-આત્મા સાધુ ઝાડના અંદરના ભાગને જુએ કે બહારના ભાગને જુએ?

ભ૦—હે ગૌતમ! કોઈ અંદરનો ભાગ જુએ, કોઈ બહારનો જુએ, તથા કોઈ બંનેને જુએ [વગેરે ઉપર મુજબ].

ગૌ૦—હે ભગવન્! ભાવિત-આત્મા સાધુ વૈક્રિય શરીર ધારણ કરી વૈભાર[૧] પર્વતને ઓળંગી શકે?

ભ૦—હે ગૌતમ! ઓળંગી શકે.

ગૌ૦—હે ભગવન્! તે સાધુ વૈક્રિય શક્તિ વડે જેટલાં રૂપો રાજગૃહનગરમાં છે, તેટલાં રૂપો બનાવી, વૈભાર પર્વતમાં પ્રવેશ કરી, તે સમ પર્વતને વિષમ કરી શકે? કે તે વિષમ પર્વતને સમ કરી શકે?

ભ૦—હા ગૌતમ! કરી શકે.

—શતક ૩, ઉદ્દે૦ ૪

૨

ગૌ૦—હે ભગવન્! ભાવિત-આત્મા સાધુ વૈક્રિય શક્તિ વડે એક મોટું સ્ત્રીરૂપ સર્જવા સમર્થ છે?

---

૧. રાજગૃહથી અડધા ગાઉ જેટલે છેટે પાંચ પહાડો આવેલા છે, તેમાંનો એક. વિભારગિરિ, વિપુલગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ અને રત્નગિરિ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હા ગૌતમ! સમર્થ છે.

ગૌ૦—હે ભગવન્! તે કેટલાં સ્ત્રીરૂપો સર્જવા સમર્થ છે?

મ૦—હા ગૌતમ! જેમ કોઈ જુવાન પુરુષ પોતાના હાથ વડે જુવાન સ્ત્રીના હાથ પકડે, અર્થાત્ પરસ્પર કાકડા વાળેલા હોવાથી તે બંને જેમ ગાઢ સંલગ્ન દેખાય; તથા જેમ પૈડાની ધરીમાં આરાઓ દૃઢ સંલગ્ન હોય છે, તે પ્રમાણે તે સાધુ પણ આખા જંબુદ્વીપને ઘણાં સ્ત્રીરૂપો વડે ગાઢ સંલગ્ન–આકીર્ણ કરી શકે છે.

હે ગૌતમ! આમ કરવાની એની માત્ર શક્તિ છે—વિષય છે; પરંતુ કોઈ વખત એ પ્રકારે વિકુર્વણ થયું નથી, થતું નથી અને થશે નહીં.

—શતક ૩, ઉદ્દે૦ ૫

૩

ગૌતમ૦—હે ભગવન્! કોઈ પુરુષ દોરડાથી બાંધેલી ઘટિકાને લઈને ગમન કરે, તેવું રૂપ ધારણ કરી, તે આત્મ-ધ્યાની સાધુ ઊંચે આકાશમાં ઊડી શકે?

મ૦—હા ગૌતમ! ઊડે.

ગૌ૦—હે ભગવન્! તે એવાં કેટલાં રૂપો ધારણ કરવાને સમર્થ છે?

મ૦—હે ગૌતમ! આખો જંબુદ્વીપ ખીચોખીચ ભરાઈ જાય તેટલાં રૂપ તેધારણ કરી શકે; પણ તે પ્રમાણે કોઈએ કર્યું નથી, કોઈ કરતા નથી, અને કોઈ કરશે પણ નહિ.

—શતક ૧૩, ઉદ્દે૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

રાજગૃહ નગરના પ્રસંગ છે :

ગૌતમ—હે ભગવન્! તે આત્મધ્યાની સાધુ (વૈક્રિય લબ્ધિના સામર્થ્યથી) તરવારની ધાર ઉપર કે અસ્ત્રાની ધાર ઉપર રહે?

મહાવીર—હા ગૌતમ! રહે.

ગૌ૦—હે ભગવન્! તે ત્યાં છેદાય કે ભેદાય?

મ૦—ના ગૌતમ! કારણકે ત્યાં શસ્ત્ર સંક્રમતું નથી.

એ પ્રમાણે અગ્નિકાયની વચ્ચોવચ્ચ પ્રવેશ કરે; પુષ્કર-સંવર્ત નામના મોટા મેઘની વચ્ચોવચ્ચ પ્રવેશ કરે; ગંગા મહાનદીના ઊલટા પ્રવાહમાં પ્રતિસ્ખલન ન પામે, અને ઉદકાવર્ત યા ઉદકબિંદુ વિષે પ્રવેશ કરે અને નાશ ન પામે; ઇત્યાદિ સમજી લેવું.

— શતક ૧૮, ઉદ્દે૦ ૧૦

૫

ગૌ૦—હે ભગવન્! પ્રમત્ત સાધુ વૈક્રિયશક્તિ વડે એક વર્ણવાળું એક રૂપ સર્જવા સમર્થ છે!

મ૦—હા ગૌતમ! સમર્થ છે.

ગૌ૦—હે ભગવન્! તે અહીં મનુષ્યલોકમાં રહેલાં પુદ્ગલ ગ્રહણ કરીને તે રૂપ સર્જે કે અન્ય સ્થળે રહેલાં?

મ૦—હે ગૌતમ! અહીં રહેલાં પુદ્ગલો ગ્રહણ કરીને.

એ પ્રમાણે તે એક વર્ણવાળા અનેક આકાર, અનેક વર્ણવાળો એક આકાર, અને અનેક વર્ણવાળા અનેક આકાર ધારણ કરવા સમર્થ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે જ પ્રમાણે તે કાળા પુદ્ગલને નીલ કરી શકે; તથા એ જ પ્રમાણે ગંધ, રસ અને સ્પર્શ પણ બદલી શકે.

— શતક ૭, ઉદ્દે૦ ૯

૬

ગૌ૦—હે ભગવન્! પ્રમત્ત મનુષ્ય વૈક્રિય શક્તિ * નો પ્રયોગ કરે, કે અપ્રમત્ત?

મ૦—હે ગૌતમ! પ્રમત્ત મનુષ્ય જ તેમ કરે.

ગૌ૦—હે ભગવન્! તેનું શું કારણ?

મ૦—હે ગૌતમ! પ્રમત્ત મનુષ્ય ઘી વગેરેથી ખૂબ ચિકાશદાર (પ્રણીત) પાનભોજન કરે છે;[1] તે પ્રણીત પાનભોજન દ્વારા તેના હાડ અને હાડમાં રહેલી મજ્જા ઘન થાય છે, તથા તેનું માંસ અને લોહી પ્રતનુ (કૃશ) થાય છે. વળી તે ભોજનના પુદ્ગલો શ્રોત્ર વગેરે ઇંદ્રિયપણે, હાડપણે, હાડની મજ્જાપણે, કેશપણે, શ્મશ્રુપણે, રોમપણે, નખપણે, વીર્યપણે અને લોહીપણે પરિણમે છે.

પરંતુ, અપ્રમત્ત મનુષ્ય તો લૂખું પાનભોજન કરે છે. એવું ભોજન કરીને તે વમન કરતો નથી. તે લૂખા પાન-ભોજન દ્વારા તેનાં હાડ, હાડની મજ્જા વગેરે (પ્રતનુ) કૃશ થાય છે, અને તેનું માંસ અને લોહી ઘન થાય છે. તથા તે ભોજનના પુદ્ગલો વિષ્ઠા, મૂત્ર, લીંટ, કફ, વમન, પિત્ત, પૂતિ અને લોહીપણે પરિણમે છે. તે કારણથી અપ્રમત્ત મનુષ્ય વિકુર્વણ કરતો નથી. — શતક ૩, ઉદ્દે૦ ૪

* રૂપ બદલવાની શક્તિ.

૧. મૂળમાં અહીં, 'એવું ભોજન કરી કરીને વમન કરે છે,' એટલું વધારે છે. "વમન અથવા વિરેચન". — ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૭

ગૌતમ — હે ભગવન્! પોતાના વિષયમાં શિષ્યવર્ગને ખેદરહિતપણે સ્વીકારતા, અને ખેદરહિતપણે સહાય કરતા આચાર્ય કેટલા જન્મ ગ્રહણ કરીને સિદ્ધ થાય?

મ૦—હે ગૌતમ! કેટલાક તે જ ભવ વડે સિદ્ધ થાય, તો કેટલાક બે ભવ ગ્રહણ કરી સિદ્ધ થાય; પણ ત્રીજા ભવને કોઈ અતિક્રમે નહિ. — શતક ૫, ઉદ્દે૦ ૬

૮

ગૌ૦—હે ભગવન્! કોઈ ભાવિતાત્મા સાધુ સૌધર્માદિ દેવલોકના આ છેડે આવેલા દેવાવાસની સ્થિતિ પ્રાપ્ત થવાને યોગ્ય અધ્યવસાય સ્થાનને ઓળંગી ગયો હોય છે; પરંતુ ઉપર રહેલા સનત્કુમારાદિ દેવલોકના સ્થાનને યોગ્ય અધ્યવસાયને પ્રાપ્ત થયો નથી; એ અવસરે તે મૃત્યુ પામે તો ક્યાં ઊપજે?

મ૦—હે ગૌતમ! ઉપર જણાવેલા લોકની પાસે ઈશાનાદિ દેવલોકમાં પોતાની લેશ્યા અનુસાર તે તે લેશ્યાવાળા દેવાવાસોમાં તેની ગતિ અને ઉત્પત્તિ થાય છે. ત્યાં જઈને તે પોતાની લેશ્યા છોડે તો ભાવલેશ્યાથી પડે છે, પણ તેની દ્રવ્યલેશ્યા તો કાયમ જ રહે છે.*

— શતક ૧૪, ઉદ્દે૦ ૧

* દેવ અને નારકો દ્રવ્યલેશ્યાથી પડતા નથી; પરંતુ ભાવલેશ્યાથી જ પડે છે; કારણ કે તેમની દ્રવ્યલેશ્યા તો અવસ્થિત જ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૯

ગૌતમ—હે ભગવન્! કેવલજ્ઞાની છદ્મસ્થ[૧]ને જાણે ને જુએ ?

મ૦—હા.

ગૌ૦—સિદ્ધ પણ છદ્મસ્થને જાણે અને જુએ ?

મ૦—હા. તે પ્રમાણે કેવલજ્ઞાની અવધિજ્ઞાનીને, પરમાવધિજ્ઞાનીને, કેવલજ્ઞાનીને અને સિદ્ધને પણ જાણે અને જુએ. તે પ્રમાણે સિદ્ધ પણ સિદ્ધને જાણે અને જુએ.[૨]

ગૌ૦—હે ભગવન્! કેવલજ્ઞાની બોલે અથવા પ્રશ્નનો ઉત્તર કહે ?

મ૦—હા. પરંતુ તે પ્રમાણે સિદ્ધ બોલે નહિ અથવા પ્રશ્નોત્તર ન કહે. કારણ કે કેવલજ્ઞાની, ઊભા થવું, ગમનાદિ ક્રિયા કરવી, બલ, વીર્ય, અને પુરુષકાર–પરાક્રમ સહિત હોય છે, પણ સિદ્ધો તે બધાથી રહિત હોય છે.

ગૌ૦—હે ભગવન્! કેવલજ્ઞાની આંખ ઉઘાડે અને મીંચે ?

મ૦—હા ગૌતમ! આંખ ઉઘાડે–મીંચે, શરીરને સંકુચિત કરે – પ્રસારે, ઊભો રહે – બેસે, આડે પડખે થાય, તથા શય્યા (વસતિ) અને નૈષેધિકી (થોડા કાલ માટે વસતિ) કરે.

ગૌ૦—હે ભગવન્! કેવલી રત્નપ્રભા વગેરે પૃથિવીને, તથા સૌધર્મ વગેરે કલ્પોને, 'આ રત્નપ્રભા પૃથિવી વગેરે છે' એ પ્રમાણે જાણે અને દેખે ?

---

૧. જુઓ પા, ૬૦, નો. ૧.

૨. અહીં અનેક પ્રશ્નોના ઉત્તરને સામટા આપ્યા છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હા ગૌતમ ! તે પ્રમાણે જાણે અને દેખે. સિદ્ધો પણ એ પ્રમાણે જાણે અને જુએ.

—શતક ૧૪, ઉદ્દે૦ ૧૦

ગૌ૦—હે ભગવન્ ! કેવલીમનુષ્ય અંતકરને વા અંતિમ-શરીરવાળાને જાણે અને જુએ ?

મ૦—હા ગૌતમ !

ગૌ૦—હે ભગવન્ ? તે પ્રમાણે છદ્મસ્થ પણ જાણે અને જુએ ?

મ૦—ના ગૌતમ ! પરંતુ સાંભળીને અથવા (અનુમાનાદિ) પ્રમાણથી જાણે અને જુએ.

—શતક ૫, ઉદ્દે૦ ૪

ગૌ૦—હે ભગવન્ ! કેવલીઓ ઇંદ્રિયો દ્વારા જાણે અને જુએ ?

મ૦—ના ગૌતમ ! કારણકે તેઓ તો દરેક દિશામાં મિતને પણ જાણે અને જુએ તથા અમિતને પણ જાણે અને જુએ.

—શતક ૬, ઉદ્દે૦ ૧૦

૧૦

ગૌ૦—હે ભગવન્ ! છદ્મસ્થની પેઠે કેવળજ્ઞાની પણ હસે અને કાંઈ ક્ષેવાને ઉતાવળો થાય ?

મ૦—ના ગૌતમ ! કારણકે બધા જીવો ચારિત્રમોહનીય કર્મના ઉદયથી જ હસે છે અને ઉતાવળા થાય છે; પણ કેવલજ્ઞાનીને તો તે કર્મનો ઉદય જ નથી. તે પ્રમાણે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શનાવરણીયકર્મનો[૧] ઉદય ન હોવાથી કેવલજ્ઞાની છદ્મસ્થની પેઠે નિદ્રા લેતો નથી, તથા ઊભો ઊભો ઊંઘતો નથી.

—શતક ૫, ઉદ્દે૦ ૪

૧૧

ગૌ૦—હે ભગવન્! શૈલેશી[૨] અવસ્થાને પ્રાપ્ત થયેલ સાધુ કંપે, અને તે તે ભાવે પરિણમે?

મ૦—ના ગૌતમ! શૈલેશી અવસ્થામાં આત્મા અત્યંત સ્થિરતાને પ્રાપ્ત થયેલ હોવાથી પરપ્રયોગ સિવાય ન કંપે.

યોગ દ્વારા (પ્રવૃતિ) આત્મપ્રદેશોનું અથવા પુદ્ગલદ્રવ્યોનું ચલન કે કંપન 'એજના' કહેવાય છે. તેના દ્રવ્યાદિ પાંચ પ્રકાર છે: મનુષ્યાદિ જીવદ્રવ્યોનું કે મનુષ્યાદિ જીવ સહિત પુદ્ગલદ્રવ્યોનું કંપન તે દ્રવ્યૈજના; મનુષ્યાદિ ક્ષેત્રને વિષે વર્તમાન જીવોનું કંપન તે ક્ષેત્રૈજના; મનુષ્યાદિ કાળે વર્તમાન જીવોનું કંપન તે કાલૈજના; ઔદયિકાદિ ભાવમાં વર્તતા

---

૧. દર્શનાવરણીય કર્મ 'દર્શન' અર્થાત વસ્તુના સામાન્ય બોધને આવરે છે, એટલું જ નહિ પણ, તેનાથી, સહેલાઈથી ભાગી શકાય તેવી, કે સહેલાઈથી ન ભાગી શકાય તેવી, તથા બેઠાં બેઠાં–ઊભા ઊભા–અને ચાલતાં ચાલતાં આવે તેવી નિદ્રા પણ પ્રાપ્ત થાય છે; તથા ભગૃત અવસ્થામાં ચિંતવેલ કાર્ય નિદ્રાવસ્થામાં સાધવાનું બળ પણ પ્રગટે છે. જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૨૨૭.

૨. ધ્યાનની નિશ્ચલઅવસ્થા. જુઓ 'અંતિમ ઉપદેશ' પા. ૧૮૬, ૧૬૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીવોનું કે પુદ્ગલોનું કંપન તે ભાવૈજના; અને મનુષ્યાદિ ભવમાં વર્તતા જીવોની એજના તે ભવૈજના.

—શતક ૧૭, ઉદ્દે૦ ૩

૧૨

રાજગૃહનગરનો પ્રસંગ છે. મહાવીર ભગવાનના ભદ્ર પ્રકૃતિવાળા શિષ્ય માકંદિપુત્ર પ્રશ્ન પૂછે છે :

માકંદિપુત્ર—હે ભગવન્! કાપોતલેશ્યાવાળો પૃથિવીકાયિક જીવ મરણ પામી, તુરત જ મનુષ્યશરીરને પ્રાપ્ત કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે અને સિદ્ધ થઈ સર્વ દુઃખોનો નાશ કરે?

મ૦—હા માકંદિપુત્ર! સર્વ દુઃખોનો નાશ કરે.

તે જ પ્રમાણે કાપોતલેશ્યાવાળા અપ્કાયિક અને વનસ્પતિકાયિક જીવનું પણ જાણવું.

— શતક ૧૮, ઉદ્દે૦ ૩

૧૩

રાજગૃહનગરનો પ્રસંગ છે :

ગૌ૦—હે ભગવન્! છદ્મસ્થ મનુષ્ય પરમાણુપુદ્ગલને જાણે અને જુએ, કે ન જાણે અને ન જુએ?

મ૦—હે ગૌતમ! કોઈ જાણે પણ જુએ નહીં, અને કોઈ જાણે નહીં અને જુએ પણ નહીં. એ પ્રમાણે અસંખ્યાત-પ્રદેશિક સ્કંધો સુધી જાણવું. અનંતપ્રદેશિક સ્કંધ (સ્થૂલ પણ હોવાથી તેમ) ની બાબતમાં આ પ્રમાણે જાણવું : કોઈ જાણે અને જુએ; કોઈ જાણે પણ જુએ નહીં, કોઈ જાણે નહીં પણ જુએ, અને કોઈ જાણે નહીં તેમ જુએ પણ નહીં.

એ પ્રમાણે અવધિજ્ઞાનનું પણ જાણવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! પરમાવધિજ્ઞાની મનુષ્ય પુદ્ગલ પરમાણુને જે સમયે જાણે તે સમયે જુએ? અને જે સમયે જુએ તે સમયે જાણે!

મ૦—હે ગૌતમ! એ બરાબર નથી. કારણકે, પરમાવધિજ્ઞાનનું જ્ઞાન સાકાર એટલે કે વિશેષગ્રાહક હોય છે અને દર્શન અનાકાર એટલે કે સામાન્યગ્રાહક હોય છે. માટે જે સમયે જુએ છે તે સમયે જાણતો નથી ઇ૦.

ગૌ૦—હે ભગવન્! કેવલજ્ઞાની પરમાણુપુદ્ગલને જે સમયે જાણે તે સમયે જુએ ઇ૦?

મ૦—હે ગૌતમ! જેમ પરમાવધિ વિષે કહ્યું તે પ્રમાણે જ કેવલજ્ઞાનીનું પણ જાણવું.

—શતક ૧૮, ઉદ્દે૦ ૮

૧૪

ચારણ એટલે આકાશમાં ગમન કરવાની શક્તિવાળા મુનિ.

ગૌ૦—હે ભગવન્! ચારણ કેટલા પ્રકારના છે?

મ૦—હે ગૌતમ! ચારણ બે પ્રકારના છે: વિદ્યાચારણ અને જંઘાચારણ.

ગૌ૦—હે ભગવન્! વિદ્યાચારણ મુનિને વિદ્યાચારણ શાથી કહે છે?

મ૦—હે ગૌતમ! નિરંતર છ-છ ટંકના ઉપવાસરૂપ તપકર્મ વડે, અને 'પૂર્વ'નામક શાસ્ત્રોરૂપ વિદ્યા વડે તપશક્તિને પામેલા મુનિને વિદ્યાચારણ નામની લબ્ધિ (શક્તિ) પ્રાપ્ત થાય છે, માટે તે વિદ્યાચારણ કહેવાય છે. હે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ! આ જંબુદ્વીપનો પરિધિ ત્રણ લાખ, સોળહજાર અને બસોસત્તાવીશ યોજન છે; તે સંપૂર્ણ દ્વીપને કોઈ મહાશક્તિશાળી દેવ ત્રણ ચપટી વગાડે તેટલી વારમાં ત્રણ વાર ફરીને શીઘ્ર પાછો આવે તેવી તેની શીઘ્ર ગતિ છે. તે એક પગલા વડે માનુષોત્તર[૧] પર્વત ઉપર પહોંચી જાય, ત્યાંનાં ચૈત્યોને વંદન કરી, બીજા પગલા વડે નંદીશ્વર દ્વીપમાં[૨] જાય, તથા ત્યાંનાં ચૈત્યોને વંદી અહીં પાછો આવે, અને અહીંનાં ચૈત્યોને વંદે. વળી એક જ પગલામાં નંદનવનમાં જાય, અને ત્યાંનાં ચૈત્યોને વંદી, બીજા પગલામાં પાંડુકવનમાં[૩] જાય, તથા ત્યાંનાં ચૈત્યોને વંદી અહાં પાછો આવી અહીંનાં ચૈત્યોને વંદે.

હે ગૌતમ! જો તે વિદ્યાચારણ ગમનાગમન સંબંધી પાપસ્થાનકોને આલોચ્યા કે પ્રતિક્રમ્યા વિના મરણ પામે, તો આરાધક થતો નથી; અને જો આલોચીને કે પ્રતિક્રમીને મરણ પામે તો આરાધક થાય છે.[૪]

---

૧. ત્રીજા પુષ્કર દ્વીપની મધ્યમાં આવેલો પર્વત : મનુષ્ય-ક્ષેત્રની સીમા.

૨. જંબુદ્વીપની આસપાસ વીંટળાઈને આવેલા અનેક દ્વીપોમાંનો આઠમો.

૩. મેરુપર્વતના શિખર ઉપર આવેલું વન.

૪. લબ્ધિનો ઉપયોગ કરવો તે પ્રમાદ છે. તેનો ઉપયોગ કર્યો હોય તો તેની આલોચના (કબૂલાત, પ્રાયશ્ચિત્ત અને ત્યાગ) ઇ૦ ન કર્યાં હોય, તો તેને ચારિત્રની આરાધના થતી નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! જંઘાચારણને જંઘાચારણ શા માટે કહે છે?

મ૦—હે ગૌતમ! નિરંતર આઠ આઠ ટંકના ઉપવાસ-રૂપી તપકર્મ વડે આત્માને ચિંતવતા મુનિને જંઘાચારણ નામની લબ્ધિ પ્રાપ્ત થાય છે તેથી તેને જંઘાચારણ કહે છે. તેની શીઘ્ર ગતિ વિદ્યાચારણ જેવી છે, પણ ફેર એટલો કે ત્રણ ચપટી વગાડે તેટલામાં તે ૨૧ વાર જંબુદ્વીપને ફરીને શીઘ્ર પાછો આવે છે. વળી તે એક પગલામાં રુચકવર[1] દ્વીપમાં જાય, અને ત્યાંનાં ચૈત્યોને વંદી, બીજા પગલામાં નંદીશ્વર દ્વીપમાં જઈ ત્યાંનાં ચૈત્યોને વંદી અહીં પાછો આવે છે અને અહીંનાં ચૈત્યોને વંદે છે. વળી એક પગલામાં તે પાંડુકવનમાં જાય, ત્યાંનાં ચૈત્યોને વંદે અને બીજા પગલામાં તે નંદનવનમાં જઈ ત્યાંનાં ચૈત્યોને વંદી અહીં પાછો આવી અહીંનાં ચૈત્યોને વંદે.

—શતક ૨૦, ઉદ્દે૦ ૯

૧૫

ગૌ૦—હે ભગવન્! ચૌદ 'પૂર્વ'ને જાણનાર શ્રુતકેવલી[2] મનુષ્ય એક ઘડામાંથી હજાર ઘડાને, એક પટમાંથી હજાર પટને એમ એક દંડમાંથી હજાર દંડને કરી દેખાડવા સમર્થ છે?

---

૧. ૧૩મો દ્વીપ.

૨. જંબુસ્વામી પછીના સમયમાં કેવલજ્ઞાન સંભવતું ન હોવાથી જેમને કેવલજ્ઞાન નથી, પરંતુ જેઓ શાસ્ત્રગ્રંથો તો પૂર્ણ રીતે જાણે છે, તેવા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભ૦—હે ગૌતમ! ચૌદપૂર્વીએ 'ઉત્કરિકા' ભેદ વડે ભેદાતાં અનંત દ્રવ્યો શક્તિવિશેષ વડે ગ્રહણને યોગ્ય કર્યાં છે, તેથી તે તેમ કરવા સમર્થ છે.

વિવરણ: ઢેફાં વગેરેની પેઠે ટુકડે ટુકડા રૂપ ભેદાવાને 'ખંડભેદ' કહે છે; કેળનાં થડ અને અબરખનાં પડનો જે ભેદ પડે તે 'પ્રતરભેદ'; તલ વગેરેના ચૂર્ણ કે લોટની પેઠે પુદ્ગલોના ભેદાવાને 'ચૂર્ણિકાભેદ' કહે છે; કૂવાના કાંઠાની તરાડોની પેઠે પુદ્ગલોના ભેદાવાને 'અનુતટિકા કહે છે. (અથવા વાંસ શેરડી આદિની જેમ છાલ નીકળવી તે અનુતટિકા ભેદ.) અને એરંડનાં બીજ વગેરેનો શીંગ ફૂટીને જે ભેદ થાય છે, તે ઉત્કરિકા ભેદ. ઉત્કરિકા ભેદ વડે ભેદાયેલાં દ્રવ્યો ઇચ્છેલા ઘટ વગેરે પદાર્થોનું નિષ્પાદન કરવાને સમર્થ છે; બીજા ભેદ વડે ભેદાયેલાં દ્રવ્યો ઇષ્ટ કાર્ય કરવા સમર્થ નથી.—ટીકા.

—શતક ૫, ઉદ્દે૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧

કામ અને ભોગ

૧

ગૌ૦—હે ભગવન્! કામો વિષે પૂછું છું, અને ભોગો વિષે પૂછું છું.

ભ૦—હે ગૌતમ! કામો રૂપી છે, અરૂપી નથી. કામો સચિત્ત પણ છે, અને અચિત્ત પણ છે. કામો જીવ પણ છે અને અજીવ પણ છે. કામો જીવોને હોય છે, અજીવોને નથી હોતા. કામોના બે પ્રકાર છે: શબ્દો અને રૂપો.

હે ગૌતમ! ભોગો પણ રૂપી વગેરે છે; પરંતુ તે ત્રણ પ્રકારના છે: ગંધ, રસ અને સ્પર્શ.

ગૌ૦—હે ભગવન્! જીવો કામી છે કે ભોગી છે?

ભ૦—હે ગૌતમ! જીવો કામી પણ છે અને ભોગી પણ છે. શ્રોત્રેંદ્રિય અને ચક્ષુની અપેક્ષાએ આ જીવો કામી કહેવાય છે, અને ઘ્રાણ, જિહ્વા અને સ્પર્શનેન્દ્રિયની અપેક્ષાએ જીવો

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગી કહેવાય છે. જે જીવોને ચક્ષુ અને શ્રોત્રેન્દ્રિય નથી, તે કામી નથી પણ ભોગી છે.

ગૌ૦—હે ભગવન્! તેમાંથી કયા જીવો કોનાથી વિશેષાધિક છે?

ભ૦—હે ગૌતમ! કામભોગી જીવો સૌથી થોડા છે;[૧] નોકામી-નોભોગી જીવો[૨] તેમનાથી અનંતગણા છે; અને ભોગી જીવો તેમનાથી પણ અનંતગણા[૩] છે.

—શતક ૭, ઉદ્દે૦ ૭

૨

ગૌ૦—હે ભગવન્! કોઈ છદ્મસ્થ કોઈ પણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે. તે અત્યારે તો ક્ષીણભોગી, દુર્બલ શરીરવાળો છે; પરંતુ તે ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકાર-પરાક્રમ વડે વિપુલ એવા ભોગ્ય ભોગોને ભોગવવા સમર્થ છે?

ભ૦—હે ગૌતમ! તે ઉત્થાનાદિ વડે કોઈ પણ વિપુલ એવા ભોગ્ય ભોગો ભોગવવા સમર્થ છે; પરંતુ તેમ છતાં ભોગોનો તે ત્યાગ કરે છે; તેથી જ તે મહાનિર્જરાવાળો અને મહાનિર્વાણરૂપી ફલવાળો થાય છે.

---

૧. કારણકે તેઓ ચતુરિન્દ્રિય અને પંચેંદ્રિય જ હોવા જોઈએ.

૨. એટલે કે સિદ્ધો, તેઓ અનંત છે.

૩. એક, બે અને ત્રણ ઇંદ્રિયવાળા માત્ર ભોગી છે. તેમાં વનસ્પતિજીવો જ અનંતગણા છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે જ પ્રમાણે અવધિજ્ઞાનવાળાનું પણ જાણવું.

તે જ પ્રમાણે તે જ ભવમાં સિદ્ધ થવાને યોગ્ય પરમાવધિજ્ઞાની માટે પણ સમજવું.

ગૌ૦—હે ભગવન્! પૃથ્વીકાયિકોથી માંડીને વનસ્પતિ-કાયિકો સુધીના અને ત્રસજીવોમાંના પણ સંમૂર્છિમ[1] કોટીના જે જીવો અસંજ્ઞી એટલે કે મન વિનાના છે, તથા અજ્ઞાની, મૂઢ, અજ્ઞાનાંધકારમાં પ્રવેશ કરેલા તથા અજ્ઞાનરૂપ આવરણ અને મોહજાલ વડે ઢંકાયેલા છે, તેઓ ઇચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિને અભાવે અનિચ્છાપૂર્વક વેદના વેદે છે એમ કહેવાય?

મ૦—હા ગૌતમ! કહેવાય.

ગૌ૦—હે ભગવન્! સમર્થ એટલે કે સંજ્ઞી હોવા છતાં કોઈ જીવ અનિચ્છાપૂર્વક વેદનાને વેદે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! તેનું શું કારણ?

મ૦—જેમ જોવાની શક્તિવાળો હોવા છતાં અંધકારમાં રહેલા પદાર્થોને પ્રદીપ સિવાય જોઈ શકતો નથી; તેમ જ પાછળ, ઊંચે, નીચે રહેલા પદાર્થોને ખ્યાલ સિવાય જોઈ શકતો નથી; તેમ જ્ઞાનશક્તિ અને ઇચ્છાશક્તિવાળો પણ અજ્ઞાન દશામાં (તે શક્તિની પ્રવૃત્તિને અભાવે) સુખદુઃખનો અનુભવ કરે છે.

---

૧. માતાપિતાના સંભોગ વિના, ગર્ભજ જીવોના મલ-મૂત્રાદિમાં પેદા થતા જીવો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! સમર્થ એટલે કે સંજ્ઞી પણ તીવ્ર ઇચ્છાપૂર્વક વેદનાને વેદે?

મ૦—હા ગૌતમ! વેદે.

ગૌ૦—હે ભગવન્! તેનું શું કારણ?

મ૦—જેમ અસંજ્ઞી જીવો ઇચ્છા અને જ્ઞાનશક્તિને અભાવે અનિચ્છા અને અજ્ઞાનપૂર્વક સુખદુઃખ વેદે છે; તથા સંજ્ઞી જીવો ઇચ્છા અને જ્ઞાનશક્તિયુક્ત હોવા છતાં, ઉપયોગને અભાવે અનિચ્છા અને અજ્ઞાનપૂર્વક સુખદુઃખ વેદે છે, તેમ સંજ્ઞી જીવો સમર્થ અને ઇચ્છાયુક્ત હોવા છતાં પ્રાપ્તિના સામર્થ્યને અભાવે માત્ર તીવ્ર અભિલાષથી સુખદુઃખ વેદે છે. જેને સમુદ્રની પાર જવાની શક્તિ નથી; પણ ત્યાં રહેલાં રૂપોનો તીવ્ર અભિલાષ છે, તે તીવ્ર અભિલાષપૂર્વક સુખદુઃખને વેદે છે.

—શતક ૭, ઉદ્દે૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨

પ્રત્યાખ્યાન

૧

ગૌ૦—હે ભગવન્! પ્રત્યાખ્યાન વિષે કહો.

ભ૦—હે ગૌતમ! (નહીં કરું એવી પ્રતિજ્ઞારૂપ) પ્રત્યાખ્યાન બે પ્રકારનું છે: મૂલગુણ પ્રત્યાખ્યાન, અને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

૧. તેમાં મૂલગુણ પ્રત્યાખ્યાન બે પ્રકારનું છે: સર્વમૂલગુણ પ્રત્યાખ્યાન, અને દેશમૂલગુણ પ્રત્યાખ્યાન.

તેમાં સર્વમૂલગુણ પ્રત્યાખ્યાનના પણ પાંચ પ્રકાર છે: સર્વ પ્રકારની હિંસામાંથી, સર્વ પ્રકારના અસત્યમાંથી, સર્વ પ્રકારના અબ્રહ્મચર્યમાંથી, સર્વ પ્રકારના ચૌર્યમાંથી, અને સર્વ પ્રકારના પરિગ્રહમાંથી વિરામ પામવું તે.

દેશમૂલગુણ પ્રત્યાખ્યાનના પણ પાંચ પ્રકાર છે:

સ્થૂલ હિંસા, અસત્ય, અબ્રહ્મચર્ય, ચૌર્ય અને પરિગ્રહમાંથી વિરામ પામવું તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨. ઉત્તરગુણ પ્રત્યાખ્યાન બે પ્રકારનું છેઃ સર્વ–ઉત્તરગુણ પ્રત્યાખ્યાન, અને દેશ–ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

તેમાં સર્વ–ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના ૧૦ પ્રકાર છેઃ ભવિષ્યમાં જે તપ કરવાનું હોય તે પૂર્વે કરવું તે 'અનાગત'; પૂર્વે કરવાનું તપ પછી કરવું તે 'અતિક્રાન્ત'; એક તપ જે દિવસે પૂરું થાય તે જ દિવસે બીજું શરૂ કરવું, એ રીતે પ્રત્યાખ્યાનની આદિ અને અંત કોટી મેળવવી તે 'કોટિસહિત'; નિયમિત દિવસે વિઘ્ન આવ્યા છતાં અવશ્ય તપ કરવું, તે 'નિયંત્રિત'; અપવાદપૂર્વક તપ કરવું તે 'સાકાર'; અપવાદ સિવાય તપ કરવું તે 'નિરાકાર'; કોળિયા, ઘર, ચીજ વગેરેનું પરિમાણ કરવું તે 'કૃતપરિમાણ'; ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો તે 'નિરવશેષ'; મુષ્ટિ ઇત્યાદિ સંકેતપૂર્વક[૧] તપ કરવું તે 'સંકેત'; અને કાલનું પ્રમાણ કરી તપ કરવું તે 'અદ્ધા.'

દેશ–ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના સાત પ્રકાર છેઃ દશે દિશામાં અમુક ક્ષેત્રમાં જ પ્રવૃત્તિની મર્યાદારૂપ 'દિગ્વ્રત;' ઉપભોગ-પરિભોગની વસ્તુઓનું પરિમાણ કરવું તે 'ઉપભોગપરિભોગ-પરિમાણ;' નિષ્પ્રયોજન અધર્મવ્યાપરનો ત્યાગ તે 'અનર્થદંડ-વિરમણ;' દુશ્ચિંતનનો તથા કાયિક વાચિક પાપકર્મોનો ત્યાગ કરી, સમતા ધારણ કરવારૂપ 'સામાયિક;' દિગ્વ્રતમાં જે મર્યાદા બાંધી હોય, તેને રાત-દિવસ-પ્રહર પૂરતી વધુ ટૂંકાવવી તે 'દેશાવકાશિક;' આઠમ, ચૌદશ, પૂનમ અને

---

૧. એટલે કે વાળેલી મૂઠી ઉઘાડું નહિ ત્યાં સુધી અમુક કામ ન કરું ઇત્યાદિ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અમાવાસ્યાને દિવસે ચાર ટંકનો ઉપવાસ કરવો, કુપ્રવૃત્તિનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય ધારણ કરવું, અને સ્નાનાદિ સંસ્કારનો ત્યાગ કરવો તે 'પોષધોપવાસ;' અને સાધુઓને અન્નાદિ આપવાં તે 'અતિથિસંવિભાગ.'

આ ઉપરાંત સૌથી છેલ્લી — મરણકાલે — સંલેખના — એટલે શરીર અને કષાયાદિને કૃશ કરનાર (ઉપવાસરૂપ) તપવિશેષ તે 'અપશ્ચિમ-મારણાન્તિક-સંલેખના.' આ સંલેખના દેશોત્તરગુણવાળાને દેશોત્તરગુણરૂપ અને સર્વોત્તરગુણવાળાને સર્વોત્તરગુણરૂપ છે; તો પણ દેશોત્તરગુણવાળાને પણ અંતે કરવા યોગ્ય છે.

[૧] ગૌ૦—હે ભગવન્! જીવો મૂલગુણ પ્રત્યાખ્યાની છે, ઉત્તરગુણ પ્રત્યાખ્યાની છે કે અપ્રત્યાખ્યાની છે?

મ૦—હે ગૌતમ! ત્રણે પ્રકારના છે. નારકો તેમ જ ચતુરિન્દ્રિય સુધીના જીવો અપ્રત્યાખ્યાની જ છે. પંચેંદ્રિય તિર્યંચ[૧] અને મનુષ્ય ત્રણે પ્રકારના છે; અને વાનવ્યંતર જ્યોતિષ્ક અને વૈમાનિક અપ્રત્યાખ્યાની છે.

ગૌ૦—તે ત્રણમાંથી કોણ કોનાથી વિશેષાધિક છે?

મ૦—હે ગૌતમ! મૂલગુણ પ્રત્યાખ્યાની સૌથી થોડા છે; ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અસંખ્યગણા છે; અને અપ્રત્યાખ્યાની અનંતગણા છે.

તિર્યંચોમાં મૂલગુણ પ્રત્યાખ્યાની સર્વથી થોડા છે; ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અસંખ્યગણા છે; અને અપ્રત્યાખ્યાની તેથી પણ અસંખ્યગણા છે.

---

૧. જો કે પંચેંદ્રિય તિર્યંચો અંશથી જ મૂલગુણપ્રત્યાખ્યાની છે: કારણ કે તેમનામાં સર્વવિરતિનો અભાવ છે. —ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યોમાં મૂલગુણ પ્રત્યાખ્યાની સર્વથી થોડા છે; ઉત્તરગુણ પ્રત્યાખ્યાની સંખ્યાતગણા છે, અને અપ્રત્યાખ્યાની[૧] અસંખ્યગણા છે.

[૨] ગૌ૦—હે ભગવન્! જીવો સર્વમૂલગુણ પ્રત્યાખ્યાની છે, દેશમૂલગુણ પ્રત્યાખ્યાની છે કે અપ્રત્યાખ્યાની?

મ૦—હે ગૌતમ! ત્રણે પ્રકારના છે. નારકો અપ્રત્યાખ્યાની જ છે; પંચેંદ્રિય તિર્યંચો દેશમૂલગુણ પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની છે. મનુષ્યો ત્રણે પ્રકારના છે; અને વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો અપ્રત્યાખ્યાની જ છે.

તે ત્રણ વર્ગોમાંથી સર્વમૂલ૦ સર્વથી થોડા છે; દેશમૂલ૦ અસંખ્યગણા છે, અને અપ્રત્યાખ્યાની અનંતગણા છે. જીવો, પંચેંદ્રિય તિર્યંચો અને મનુષ્યનાં અલ્પત્વ-બહુત્વ પહેલા દંડકની પેઠે જાણવાં; પરંતુ સર્વથી થોડા પંચેંદ્રિય તિર્યંચો દેશમૂલગુણ પ્રત્યાખ્યાની ગણવા અને અપ્રત્યાખ્યાની પંચેંદ્રિય તિર્યંચો અસંખ્યગણા ગણવા.

[૩] ગૌ૦—હે ભગવન્! જીવો સર્વઉત્તરગુણ પ્રત્યાખ્યાની છે, દેશઉત્તરગુણ પ્રત્યાખ્યાની છે કે અપ્રત્યાખ્યાની છે?

મ૦—હે ગૌતમ! તેઓ ત્રણે પ્રકારના છે. પંચેંદ્રિય તિર્યંચો અને મનુષ્યો એ પ્રમાણે છે. બાકીના વૈમાનિક સુધીના અપ્રત્યાખ્યાની છે. તે ત્રણ પ્રકારનાનું અલ્પત્વ-બહુત્વ પ્રથમ દંડક પ્રમાણે જાણવું. (મનુષ્યો સુધી).

---

૧. તેમની અસંખ્યતા સંમૂર્છિમ મનુષ્યોનો સમાવેશ થતો હોવાથી છે. બાકી મનુષ્યો તો સંખ્યાત જ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

[૪] ગૌ૦—હે ભગવન્! જીવો પ્રત્યાખ્યાની છે, અપ્રત્યાખ્યાની છે, કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની (દેશ પ્રત્યાખ્યાની) છે?

મ૦—હે ગૌતમ! જીવો ત્રણે પ્રકારના છે. મનુષ્યો પણ ત્રણે પ્રકારના છે. પંચેંદ્રિય તિર્યંચો પ્રથમ પ્રકારથી રહિત છે. બાકીના વૈમાનિક સુધીના અપ્રત્યાખ્યાની છે. તે ત્રણે પ્રકારોમાં પ્રત્યાખ્યાની સૌથી થોડા છે; પ્રત્યાખ્યાનાપ્ર૦ અસંખ્યગણા છે અને અપ્રત્યાખ્યાની અનંતગણા છે. દેશપ્રત્યાખ્યાની પંચેંદ્રિય તિર્યંચો સર્વથી થોડા છે; અને અપ્રત્યાખ્યાની અસંખ્યગણા છે. પ્રત્યાખ્યાની મનુષ્યો સર્વથી થોડા છે; દેશપ્રત્યાખ્યાની સંખ્યાતગણા છે અને અપ્રત્યાખ્યાની અસંખ્યગણા છે. —શતક ૭, ઉદ્દે૦ ૨

૨

ગૌતમ—હે ભગવન્! જે શ્રમણોપાસકને પૂર્વે સ્થૂલ-હિંસાનું પ્રત્યાખ્યાન નથી હોતું, તે પછીથી તેનું પ્રત્યાખ્યાન કરે તો કેવી રીતે કરે?

મ૦—હે ગૌતમ! અતીતકાલે કરેલ હિંસાને પ્રતિક્રમે (નિન્દે); વર્તમાન હિંસાનો સંવર (રોધ) કરે; અને ભવિષ્યની હિંસાનું પ્રત્યાખ્યાન (નહિ કરું એવી પ્રતિજ્ઞા) કરે.

અતીતકાલની હિંસાને પ્રતિક્રમતો તે શ્રમણોપાસક ત્રિવિધ-ત્રિવિધે એટલે કે મન, વાણી અને કાયાથી એ ત્રણ પ્રકારે, તેમ જ કરવું, કરાવવું કે કરનારને અનુમતિ આપવી—એ ત્રણ પ્રકારે પ્રતિક્રમે; કે પછી ત્રિવિધ-દ્વિવિધે, ત્રિવિધ-એકવિધે, દ્વિવિધ-ત્રિવિધે, દ્વિવિધ-દ્વિવિધે, દ્વિવિધ-એકવિધે,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એકવિધ-ત્રિવિધે, એકવિધ-દ્વિવિધે, કે એકવિધ-એકવિધે અતિક્રમે.

એ જ પ્રમાણે વર્તમાન હિંસાનો રોધ કરનારો પણ ઉપર જણાવેલ ૪૯ પ્રકારે રોધ કરે; તે જ પ્રમાણે અનાગત હિંસાનું પ્રત્યાખ્યાન કરતો પણ ૪૯ પ્રકારે કરે. તે જ પ્રકારે, અસત્ય, ચૌર્ય, મૈથુન, અને પરિગ્રહનું પણ સમજવું.

—શતક ૮, ઉદ્દે૦ ૫

૩

ગૌતમ૦—હે ભગવન્! જીવો પ્રત્યાખ્યાનને જાણે છે, અપ્રત્યાખ્યાનને જાણે છે કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનને જાણે છે?

મ૦—હે ગૌતમ! જે પંચેંદ્રિયો છે તે ત્રણેને પણ જાણે છે; બાકીના જીવો પ્રત્યાખ્યાનને જાણતા નથી. (અપ્રત્યાખ્યાનને જાણતા નથી, અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનને પણ જાણતા નથી.)

ગૌ૦—હે ભગવન્! જીવોનું આયુષ્ય પ્રત્યાખ્યાનથી બંધાય છે, અપ્રત્યાખ્યાનથી બંધાય છે કે પ્રત્યાખ્યાના-પ્રત્યાખ્યાનથી બંધાય છે?

મ૦—હે ગૌતમ! જીવો અને વૈમાનિકો[1] ત્રણેથી બંધાયેલા આયુષ્ય વાળા છે. બાકીના અપ્રત્યાખ્યાનથી બંધાયેલા આયુષ્ય વાળા છે.

—શતક ૬, ઉદ્દે૦ ૪

---

૧. પ્રત્યાખ્યાનાદિ ત્રણવાળાઓની વૈમાનિકોમાં ઉત્પત્તિ છે; અને નૈરયિકોમાં તો વિરતિરહિત જીવો જ ઉત્પન્ન થાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૮૩

આલોચના, પ્રાયશ્ચિત્ત અને તપ

૧

[પ્રમાદ વગેરેથી કાંઈ દોષ થાય તો તેને ગુરુ સમક્ષ નિખાલસ ભાવે પ્રકટ કરવો તે 'આલોચના'. થયેલ ભૂલનો અનુતાપ કરી તેથી નિવૃત્ત થવું અને નવી ભૂલ ન કરવા સાવધાન થવું તે 'પ્રતિક્રમણ'. પ્રમાદજનિત દોષોનું શોધન કરવા કરવામાં આવતી ક્રિયા તે 'પ્રાયશ્ચિત્ત'. અને પ્રમાદાદિને ક્ષીણ કરવા વાસ્તે જોઈતું આધ્યાત્મિક બળ કેળવવા શરીર-ઇંદ્રિય-મનને જે જે તાપણીમાં તપાવાય તે 'તપ'.

તેમાં પ્રથમ, દોષ – પ્રતિસેવના – સંયમભંગ કયા કયા નિમિત્તે થાય તે વિષેના પ્રશ્નથી માંડીને તપ સુધીના પ્રશ્નો આ પ્રકરણમાં છે.]

ગૌ૦—હે ભગવન્! પ્રતિસેવના એટલે કે સંયમનો ભંગ કયાં કયાં કારણથી થાય છે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! પ્રતિસેવના દશ પ્રકારની કહી છે:

૧. દર્પ—અહંકારથી થતી; ૨. પ્રમાદથી[૧] થતી; ૩. અનાભોગ-અજ્ઞાનથી થતી; ૪. આતુરતા એટલે કે ભૂખ-તરસનું વ્યાકુળપણું,—તેને લીધે થતી; ૫. આપત્તિથી[૨] થતી; ૬. સંકીર્ણતા—સંકડાશથી થતી; ૭. સહસાકાર—આકસ્મિક[૩] ક્રિયાથી થતી; ૮. ભયથી થતી; ૯. પ્રદ્વેષ—ક્રોધાદિ કષાયોથી થતી; અને ૧૦. વિમર્શ—શૈક્ષકાદિની પરીક્ષા કરવાથી થતી.

થયેલા દોષની ગુરુ આગળ નિખાલસ કબૂલાત કરવી જોઈએ. તે આલોચનાના નીચે પ્રમાણે દશ દોષો છે:

૧. ગુરુને પ્રસન્ન કરીશું તો સહેલું પ્રાયશ્ચિત્ત આપશે એમ માની સેવાદિથી તેમને પ્રસન્ન કરી પછી તેમની પાસે દોષની આલોચના કરવી. ૨. તદ્દન નાનો અપરાધ જણાવવાથી આચાર્ય થોડું પ્રાયશ્ચિત્ત આપશે એમ અનુમાન કરી પોતાના અપરાધનું સ્વતઃ આલોચન કરવું. ૩. જે અપરાધ આચાર્યાદિકે જોયો હોય તેનું જ આલોચન કરવું. ૪. માત્ર મોટા અતિચારોનું જ આલોચન કરવું. ૫. 'જે સૂક્ષ્મ અતિચારોનું આલોચન કરે, તે સ્થૂલનું કેમ ન કરે', એવો આચાર્યનો વિશ્વાસ ઉત્પન્ન કરવા સૂક્ષ્મ સૂક્ષ્મ અતિચારોનું આલોચન કરવું. ૬. ઘણી શરમ આવવાને

---

૧. મદ્યપાન, વિષયભોગ, કષાય, નિદ્રા અને વિકથારૂપ.

૨. નિર્દોષ અન્નાદિ ન મળવાં, જંગલ વગેરે સ્થળમાં આવી પડવું, દુકાળ પડવો, અને રોગીપણું.

૩. જોવા સિવાય પગ મૂકી પછી જુએ, તો તે પગને પાછો ન વાળી શકે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લીધે કોઈ ન સાંભળે તેમ આલોચન કરવું. ૭. બીજાને સંભળાવવા ખૂબ જોરથી બોલીને આલોચન કરવું. ૮. એક જ અતિચારની ઘણા ગુરુઓ આગળ આલોચના કરવી. ૯. વિધિ ન જાણતા (અગીતાર્થ) ગુરુ પાસે આલોચના કરવી. ૧૦. જે દોષનું આલોચન કરવાનું હોય તે દોષ સેવનાર આચાર્ય પાસે તેનું આલોચન કરવું.

નીચેના દશ ગુણવાળો પોતાના દોષની કબૂલાત કરવાને યોગ્ય છે: ૧. ઉત્તમ જાતિવાળો (કારણ કે જાતિવાન પુરુષ પ્રાયઃ અકૃત્ય કરે જ નહીં; અને કર્યું હોય તેની ભલે પ્રકારે આલોચના કરે.) ૨. ઉત્તમ કુળવાળો (અંગીકૃત પ્રાયશ્ચિત્ત બરાબર કરે તે માટે.) ૩. વિનયવાન. ૪. જ્ઞાનવાન (કૃત્યાકૃત્ય વિભાગને જાણે તે માટે.) ૫. દર્શનસંપન્ન (પ્રાયશ્ચિત્તથી થતી શુદ્ધિમાં શ્રદ્ધાવાળો.) ૬. ચારિત્રસંપન્ન. ૭. ક્ષમાવાળો (ગુરુનો ઠપકો સહન કરે માટે.) ૮. દાન્ત (ઇન્દ્રિયોને વશ રાખવાની ટેવવાળો.) ૯. અમાયી (કપટરહિત.) ૧૦. અપશ્ચાત્તાપી (આલોચના લીધા પછી પસ્તાવો ન કરનારો.)

નીચેના આઠ ગુણો વાળો સાધુ આલોચના આપવાને યોગ્ય છે: ૧. આચારવાન (જ્ઞાનાદિ આચારવાળો). ૨. આધારવાન (જણાવેલ અતિચારોને મનમાં ધારણ કરનારો). ૩. વ્યવહારવાન (આગમ શ્રુતાદિ પાંચ પ્રકારના વ્યવહારવાળો)[૧]. ૪. અપવ્રીડક (શિષ્યની શરમ દૂર કરાવનાર). ૫. પ્રકુર્વક પ્રાયશ્ચિત્ત આપીને અતિચારોની શુદ્ધિ કરાવવાને સમર્થ).

---

૧. જુઓ આ પછીનું પ્રકરણ ૧૪ મું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૬. અપરિસ્રાવી (જાણેલ અતિચારોને બીજાને નહિ સંભળાવનાર). ૭. નિર્યાપક (અસમર્થ શિષ્યને ધીમે ધીમે આપેલું પ્રાયશ્ચિત્ત પાર કરાવનાર) ૮. અપાયદર્શી (આલોચના નહિ લેવામાં પરલોકનો ભય દેખાડનાર).

સાધુની 'સમાચારી'— સમ્યક્‌આચાર દશપ્રકારે કહેલ છે: ૧. ઇચ્છાકાર — એટલે કે અન્ય સાધુને કોઈ કાર્ય માટે વિનંતિ કરવાની હોય અને તે કબૂલ કરે તો બંનેએ ઇચ્છાકાર કહેવો તે. (એટલે કે તમારી મરજી હોય તો કરો, તથા તમારી મરજી હોય તો કરું, એમ કહેવું, તે.) ૨. મિથ્યાકાર — પોતાનાથી વિપરીત આચરણ થઈ જાય, તો 'એ દુષ્કૃત મિથ્યા થાઓ' એમ સમજી મિથ્યાકાર કહેવો તે. ૩. તથાકાર — ગુરુએ આપેલા ઉત્તરને 'તમે કહેલું બરાબર છે' એમ કહેવું તે. ૪. આવશ્યિકા — અપાસરામાંથી બહાર આવશ્યક કાર્ય નિમિત્તે જ જવું તે. ૫. બહારથી પાછા અપાસરામાં પ્રવેશ કરતાં (કુપ્રવૃત્તિઓનો નિષેધ કરતાં) 'નૈષેધિકી' કહેવું તે. ૬. આપૃચ્છના — અભીષ્ટ કાર્યમાં પ્રવૃત્તિ કરતા પહેલાં ગુરુને પૂછવું તે. ૭. પ્રતિપૃચ્છના – ગુરુએ પૂર્વે નિષિદ્ધ કરેલ કાર્યમાં પ્રયોજનવશાત્ પ્રવૃત્તિ કરવી પડે, તો ફરી પૂછવું તે. ૮. છંદના — પોતે આણેલાં અન્નપાનાદિમાં બાકીના સાધુઓને આમંત્રણ કરવું તે. ૯. નિમંત્રણા — આહાર લાવવા માટે સાધુઓને નિમંત્રણ કરવું, કે 'તમારે માટે આહારાદિ લાવું?'–તે. ૧૦. ઉપસંપદ્ — જ્ઞાનાદિ નિમિત્તે સ્વગચ્છાદિનો ત્યાગ કરી, વિશિષ્ટ શાસ્ત્રજ્ઞાન યુક્ત ગુરુનો આશ્રય કરવો તે.*

* સરખાવો ઉત્તરાધ્યયન અ. ૨૬, ૧–૭. ત્યાં નિમંત્રણાને બદલે મિથ્યાકાર છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયશ્ચિત્તના ૧૦ પ્રકાર છે : ૧. 'આલોચના' — એટલે કે માત્ર 'આલોચના' કરવાથી શુદ્ધ થવાય તેવું. ૨. 'પ્રતિક્રમણ' — એટલે કે, 'ફરી નહીં કરું' એમ કહેવામાત્રથી શુદ્ધ થવાય તેવું. ૩. 'મિશ્ર' — આલોચના અને પ્રતિક્રમણથી શુદ્ધ થવાય તેવું. ૪. 'વિવેક' — ભૂલથી સદોષ આહારાદિ આવી ગયાં હોય તો માત્ર તેના વિવેક એટલે કે ત્યાગથી શુદ્ધ થવાય તેવું. ૫. 'વ્યુત્સર્ગ' — એટલે કે કાયચેષ્ટાનો રોધ કરી ધ્યાન કરવાથી શુદ્ધ થવાય તેવું. ૬. 'તપ' — એટલે કે ઉપવાસ વગેરે તપથી શુદ્ધ થવાય તેવું. ૭. 'છેદ' — એટલે કે, દોષ પ્રમાણે દિવસ, પક્ષ, માસ કે વર્ષની પ્રવ્રજ્યા ઘટાડવાથી શુદ્ધ થવાય તેવું. ૮. 'મૂલ' — એટલે કે, સર્વ વ્રતપર્યાયનો છેદ કરી ફરી 'મૂલ' મહાવ્રત લેવાથી શુદ્ધ થવાય તેવું. ૯. 'અનવસ્થાપ્ય' — એટલે કે અમુક પ્રકારનું વિશિષ્ટ તપ[૧] ન કરે, ત્યાં સુધી મહાવ્રત કે વેશમાં સ્થાપી ન શકાય તેવું. અને ૧૦. 'પારાંચિતક' — એટલે સાધ્વી, રાજરાણી ઇત્યાદિના શીલભંગરૂપ મહાદોષ કરનારા આચાર્યને જ વેશ અને ક્ષેત્રનો ત્યાગ કરી છ માસથી તે બાર વર્ષ સુધી કરવું પડતું પ્રાયશ્ચિત્ત.[૨]

તપના બે પ્રકાર છે : બાહ્ય અને આભ્યન્તર.

---

૧. બેસવા ઊઠવાને પણ અશક્ત થઈ જાય ત્યાં સુધીનું.

૨. ઉપાધ્યાયને નવમા પ્રાયશ્ચિત્ત સુધી હોય છે અને સામાન્ય સાધુને આઠમા સુધી હોય છે. જ્યાં સુધી ચૌદ પૂર્વ-ત્રંથના જાણકાર અને પ્રથમ પ્રકારના શારીરિક બાંધાવાળાઓ હોય છે, ત્યાં સુધી દશે પ્રાયશ્ચિત્ત હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બાહ્ય તપના છ પ્રકાર છે : (૧) અનશન – આહાર ત્યાગ; (૨) ઊનોદરી – કંઈક ઓછો આહાર લેવો તે; (૩) ભિક્ષાચર્યા; (૪) રસત્યાગ; (૫) કાયક્લેશ – શરીરને કષ્ટ આપવું તે, અને (૬) પ્રતિસંલીનતા – એટલે કે ઇંદ્રિયકષાયાદિનો નિગ્રહ.

૧. તેમાં અનશનના બે પ્રકાર છે : (અ) ઇત્વરિક – એટલે કે અમુક કાળ સુધી આહારત્યાગ; અને (આ) યાવત્કથિક – એટલે કે જીવનપર્યંત આહારત્યાગ.

(અ) ઇત્વરિક અનશન, ચતુર્થભક્ત * – એક ઉપવાસ, ષષ્ઠભક્ત – બે ઉપવાસ, અષ્ટમભક્ત – ત્રણ ઉપવાસ, દશમભક્ત – ચાર ઉપવાસ, દ્વાદશભક્ત – પાંચ ઉપવાસ, ચતુર્દશભક્ત – છ ઉપવાસ, પક્ષના ઉપવાસ, માસના ઉપવાસ બેમાસના – એમ છ માસના ઉપવાસ સુધી અનેક પ્રકારનું છે.

(આ) યાવત્કથિકના બે પ્રકાર છે : પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન. પાદપોપગમન, જેમાં સર્વ ચેષ્ટાનો કે અન્યની સેવાનો ત્યાગ કરી નિશ્ચેષ્ટ પડી રહેવાનું હોય છે, તેના બે પ્રકાર છે : જેમાં મૃતશરીર ઉપાસરાદિમાંથી બહાર કાઢવાનું હોય તે 'નિર્હારિમ;' અને જેમાં બહાર કાઢવાનું ન હોય – એટલે એવે સ્થળે જ જંગલ વગેરેમાં દેહત્યાગ કર્યો હોય, તે 'અનિર્હારિમ.'

---

* ચતુર્થભક્તનો અર્થ એક ઉપવાસ છે; પરંતુ તેમાં ઉપવાસના દિવસની બે ટંકો ઉપરાંત એક આગલા દિવસની અને એક પછીના દિવસની એમ કુલ ચાર ટંક છોડવાની હોય છે. તેવું પછીના દરેક સ્થાને પણ સમજવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨. ઊનોદરિકાના બે પ્રકાર છે. (અ) દ્રવ્યઊનોદરિકા, અને (આ) ભાવઊનોદરિકા.

(અ) તેમાં દ્રવ્યઊનોદરિકા બે પ્રકારની છે : ઉપકરણ-દ્રવ્યઊનોદરિકા અને ભક્તપાનદ્રવ્યઊનોદરિકા.

તેમાં ઉપકરણદ્રવ્યઊનોદરિકાના ત્રણ પ્રકાર છે : એક વસ્ત્ર, એક પાત્ર અને સાધુઓએ ત્યાગ કરેલાં (વસ્ત્ર પાત્ર સિવાયનાં) ઉપકરણોનો ઉપભોગ કરવો તે.

ભક્તપાનદ્રવ્યઊનોદરિકાના પ્રકાર પા. ૯૯ ઉપર જણાવેલા અલ્પાહારીથી પ્રકામરસભોજી સુધીના પ્રકારો મુજબ જાણવા.

(આ) ભાવઊનોદરિકા અનેક પ્રકારની છે : જેમકે ક્રોધ ઓછો કરવો, લોભ ઓછો કરવો, અલ્પ બોલવું, ધીમે બોલવું, વૃથા પ્રલાપ ન કરવો ઇત્યાદિ.

૩. ભિક્ષાચર્યા તેને લગતા વિવિધ નિયમો મુજબ અનેક પ્રકારની છે. તે નિયમો જેવા કે, ભિક્ષામાં અમુક ચીજોને જ ગ્રહણ કરવી; કે અમુક ક્ષેત્રમાંથી જ ભિક્ષા લેવી, વગેરે.[૧]

૪. રસપરિત્યાગ એટલે કે ઘૃતાદિ વિકારક પદાર્થોનો ત્યાગ કરવો, સ્નિગ્ધ રસવાળું ભોજન ન કરવું, લૂખો આહાર કરવો વગેરે.

૫. કાયક્લેશ એટલે કે શરીરચેષ્ટાનો ત્યાગ કરી ઊભા રહેવું, વિવિધ આસનોએ બેસવું વગેરે.[૨]

---

૧. જુઓ ઔપપાતિકસૂત્ર પૃ. ૩૮, ૨.

૨. જુઓ ઔપપાતિકસૂત્ર પૃ. ૩૯, ૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૬. પ્રતિસંલીનતા ચાર પ્રકારની છે : (૧) ઇંદ્રિયોનો[૧] નિગ્રહ કરવો, (૨) કષાયોનો[૨] નિગ્રહ કરવો; (૩) મન-વાણી-કાયાના[૩] વ્યાપારોનો નિગ્રહ કરવો; અને (૪) સ્ત્રી-પશુ અને નપુંસક સિવાયની વસતિમાં નિર્દોષ શયનાદિ ઉપકરણોનો સ્વીકાર કરી રહેવું.

આભ્યંતર તપ છ પ્રકારનું છે : (૧) પ્રાયશ્ચિત્ત (૨) વિનય (૩) વૈયાવૃત્ત્ય (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન અને (૬) વ્યુત્સર્ગ.

(૧) પ્રાયશ્ચિત્તના ૧૦ પ્રકાર આગળ (પા. ૧૪૫ ઉપર) આવી ગયા છે.

(૨) વિનયના સાત પ્રકાર છે : જ્ઞાનનો, દર્શનનો, ચારિત્રનો, મનનો, વચનનો, કાયનો અને લોકોપચારનો.

તેમાં જ્ઞાનનો વિનય, જ્ઞાનના પાંચ પ્રકાર મુજબ પાંચ પ્રકારનો છે.

દર્શનનો વિનય બે પ્રકારનો છે : શુશ્રૂષાવિનય અને અનાશાતનાવિનય. શુશ્રૂષાવિનય, સત્કાર કરવો, સન્માન કરવું વગેરે અનેક પ્રકારનો છે. અનાશાતના વિનયના ૪૫ ભેદ છે : અરિહંતોની, અરિહંતોએ કહેલા ધર્મની, આચાર્યોની, ઉપાધ્યાયોની, સ્થવિરોની, કુળની, ગણની, સંઘની[૪], ક્રિયાની,

---

૧. શ્રોત્રાદિ પાંચ.

૨. ક્રોધ, માન, માયા, લોભ.

૩. સારી રીતે, સમાધિપૂર્વક શાંત થઈ, હાથપગ સંકોચી કાચબાની પેઠે ગુપ્તેન્દ્રિય થઈ આલીન અને પ્રલીન – સ્થિર રહેવું તે.

૪. આ બધાના શબ્દાર્થ માટે જુઓ પા. ૧૫૦ – વૈયાવૃત્ત્ય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમાનધાર્મિકની, મતિજ્ઞાનથી[૧] માંડીને કેવળજ્ઞાન સુધીનાં પાંચ જ્ઞાનોની, તથા ઉપર જણાવેલ ૧૫ની ભક્તિ તેમ જ બહુમાન તથા એ જ પંદરનું ગુણોત્કીર્તન.

ચારિત્રવિનય સામાયિકથી માંડીને યથાખ્યાત સુધીનાં પાંચ ચારિત્રોના પ્રકાર[૨] મુજબ પાંચ પ્રકારનો છે.

મનનો વિનય બે પ્રકારનો છે: પ્રશસ્ત મનવિનય, અને અપ્રશસ્ત મનવિનય.

પાપરહિત, ક્રોધાદિરહિત, કાયિકી આદિ ક્રિયામાં આસક્તિરહિત, શોકાદિ ઉપક્લેશરહિત, આસ્રવરહિત, સ્વપરને આયાસ ન કરનાર અને જીવોને ભય ઉત્પન્ન ન કરનાર એમ સાત પ્રકારના મનરૂપ પ્રશસ્ત મનવિનય સાત પ્રકારનો છે. તેનાથી ઊલટા સાત પ્રકારના મનરૂપ અપ્રશસ્ત મનવિનય પણ સાત પ્રકારનો છે.

વચનવિનયના બે પ્રકાર છે: પ્રશસ્ત વચનવિનય, અને અપ્રશસ્ત વચનવિનય. તેમના સાત સાત પ્રકાર પણ મનવિનય મુજબ જાણવા.

કાયવિનયના બે પ્રકાર છે: પ્રશસ્ત કાયવિનય, અને અપ્રશસ્ત કાયવિનય. પ્રશસ્ત કાયવિનય સાત પ્રકારનો છે: સાવધાનતાપૂર્વક જવું, સ્થિતિ કરવી, બેસવું, આળોટવું, ઉલ્લંઘન કરવું, વધારે ઉલ્લંઘન કરવું, અને બધી ઇંદ્રિયોની

૧. જુઓ આગળ પા. ૨૭, ટિ૦ નં. ૩.

૨. જુઓ આગળ પા. ૫૯ તથા ૭૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવૃત્તિ કરવી. તેનાથી ઊલટા એવા સાત અપ્રશસ્ત કાય-વિનય છે.

લોકોપચારવિનયના સાત પ્રકાર છે: ગુરુ વગેરે વડીલવર્ગની પાસે રહેવું, તેમની ઇચ્છા પ્રમાણે વર્તવું, કાર્યની સિદ્ધિ માટે હેતુઓની સવડ કરી આપવી, કરેલા ઉપકારનો બદલો દેવો, રોગીઓની સંભાળ રાખવી, અવસરોચિત પ્રવૃત્તિ કરવી, અને સર્વે કાર્યોમાં અનુકૂળપણે વર્તવું.

૩. વૈયાવૃત્ત્ય (સેવા)ના દશ પ્રકાર છે: (વ્રત અને આચાર ગ્રહણ કરાવનાર) આચાર્યનું, (અધ્યાપક) ઉપાધ્યાયનું, (વૃદ્ધ અને વડીલ એવા) સ્થવિરનું, તપસ્વીનું, રોગીનું, (નવા પ્રાથમિક શિષ્ય) શૈક્ષનું, (એક આચાર્યના શિષ્યોના પરિવારરૂપ) કુલનું, (સાથે અધ્યયન કરતા સાધુઓના સમૂહરૂપ) ગણનું, સંઘનું, અને સાધર્મિકનું.

૪. સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે: વાચના (અધ્યયન), પૃચ્છના, પુનરાવર્તન, ચિંતન અને ધર્મકથા.

૫. ધ્યાનના ચાર પ્રકાર છે: આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ.

આર્તધ્યાનના ચાર પ્રકાર છે: અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતાં તેના વિયોગનું ચિંતન કરવું, ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતાં તેના અવિયોગનું ચિંતન કરવું, રોગાદિ કષ્ટ પ્રાપ્ત થતાં તેના વિયોગનું ચિંતન કરવું, અને પ્રીતિ ઉત્પન્ન કરનાર કામ-ભોગાદિકની પ્રાપ્તિ થતાં તેના અવિયોગનું ચિંતન કરવું. આર્તધ્યાનનાં ચાર લક્ષણ છે: આક્રંદન, દીનતા, આંસુ પાડવાં, અને વારેવારે ક્લેશયુક્ત બોલવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રૌદ્રધ્યાનના ચાર પ્રકાર છે: હિંસા સંબંધી નિરંતર ચિંતન, અસત્ય સંબંધી નિરંતર ચિંતન, ચૌર્ય સંબંધી નિરંતર ચિંતન, અને ધન વગેરેના સંરક્ષણ સંબંધે નિરંતર ચિંતન. રૌદ્રધ્યાનનાં ચાર લક્ષણ છે: હિંસા વગેરેથી નહિ અટકવારૂપ દોષો, હિંસા વગેરેમાં પ્રવૃત્તિ કરવારૂપ દોષો, હિંસાદિ અધર્મમાં ધર્મબુદ્ધિથી પ્રવૃત્તિ કરવારૂપ દોષો, અને મરણપર્યંત પાપનો પશ્ચાત્તાપ ન કરવારૂપ દોષો.

ધર્મધ્યાનના ચાર પ્રકાર છે: આજ્ઞાવિચય – જેમાં જિનશાસ્ત્રનો નિર્ણય છે એવું ચિંતન; અપાયવિચય – રાગ-દ્વેષાદિજન્ય અનર્થો સંબંધે ચિંતન; વિપાકવિચય – કર્મનાં ફળ સંબંધે ચિંતન, અને સંસ્થાનવિચય – લોક-દ્વીપ-સમુદ્રાદિના આકાર સંબંધે ચિંતન. ધર્મધ્યાનનાં ચાર લક્ષણ છે: આજ્ઞારુચિ – જિનોપદેશમાં રુચિ; નિસર્ગરુચિ – સ્વભાવથી તત્ત્વમાં રુચિ; સૂત્રરુચિ – શાસ્ત્રાભ્યાસથી તત્ત્વરુચિ; અને અવગાઢરુચિ – દ્વાદશ અંગગ્રંથોના સવિસ્તર અવગાહનથી રુચિ. ધર્મધ્યાનનાં ચાર આલંબન છે: વાચના (અધ્યયન), પ્રતિપૃચ્છના, પરિવર્તન (પુનરાવર્તન) અને ધર્મકથા. ધર્મધ્યાનની ચાર ભાવનાઓ છે: એકત્વભાવના, અનિત્યભાવના, અશરણભાવના અને સંસારભાવના.*

શુક્લધ્યાનના ચાર પ્રકાર છે: (અ) પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર — એટલે કે જેમાં, 'વિતર્ક' અર્થાત્ પૂર્વગ્રંથો અનુસાર

* એમના વિસ્તાર માટે જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પા. ૯૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ એક દ્રવ્યનું અવલંબન લઈ, ધ્યાન કરવામાં આવે; તથા તે દરમ્યાન તે દ્રવ્યના કોઈ એક પરિણામ ઉપર સ્થિર ન રહેતાં, તેનાં વિવિધ પરિણામો ('પૃથક્ત્વ') ચિત્તમાં લાવ્યા કરે; તથા કોઈ વાર દ્રવ્ય ઉપરથી પરિણામ ઉપર, કે પરિણામ ઉપરથી દ્રવ્ય ઉપર આવે; દ્રવ્ય ઉપરથી તેના વાચક શબ્દ ઉપર, કે શબ્દ ઉપરથી દ્રવ્ય ઉપર આવે; તેમ જ મન-વાણી-કાયા એ ત્રણના વ્યાપારોમાં કોઈ એક ઉપર સ્થિર રહેવાને બદલે વારંવાર સંક્રમણ કર્યા કરે ('સવિચાર'), તે.

(આ) એકત્વ-વિતર્ક-અવિચાર — એટલે કે જેમાં દ્રવ્યના કોઈ એક પરિણામ ઉપર જ નિશ્ચલ થવામાં આવે છે, તથા શબ્દ અર્થના ચિંતનનું કે, મન-વાણી-કાયાના વ્યાપારોનું કશું પરિવર્તન કરવામાં નથી આવતું.

(ઇ) સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ — એટલે કે જેમાં મન અને વચનના વ્યાપારોનો સર્વથા રોધ કરવાથી અને કાયવ્યાપારોમાંના સ્થૂલ કાયવ્યાપારોનો રોધ કરેલો હોઈ, જેમાંથી પાછું પડાતું નથી.

(ઈ) સમુચ્છિન્નક્રિય-અનિવૃત્તિ — એટલે કે જેમાં સ્થૂલસૂક્ષ્મ બધા વ્યાપારોનો સર્વથા નિરોધ કરેલો હોઈ, કાયિકી આદિ ક્રિયાઓનો સર્વથા ઉચ્છેદ થયો હોય છે તે. શુક્લધ્યાનનાં ચાર લક્ષણો છે: ક્ષમા, નિઃસ્પૃહતા, આર્જવ – સરલતા, અને માર્દવ – માનત્યાગ. શુક્લધ્યાનનાં ચાર આલંબન છે: અવ્યથા – ભયનો અભાવ, અસંમોહ, વિવેક – શરીર આત્માની ભિન્નતા, અને વ્યુત્સર્ગ – અસંગપણું (ત્યાગ). શુક્લધ્યાનની ચાર ભાવનાઓ છે: સંસારના અનંતવૃત્તિપણા

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિષે વિચાર; પ્રત્યેક ક્ષણે વસ્તુઓમાં થતા વિપરિણામ વિષે વિચાર; સંસારના અશુભપણા સંબંધે ચિંતન અને હિંસાદિ-જન્ય અનર્થોનો વિચાર.

(૬) વ્યુત્સર્ગ (અસંગપણું – ત્યાગ) ના બે પ્રકાર છે: દ્રવ્યવ્યુત્સર્ગ, અને ભાવવ્યુત્સર્ગ. તેમાં દ્રવ્યવ્યુત્સર્ગના ચાર પ્રકાર છે: ગણવ્યુત્સર્ગ, શરીરવ્યુત્સર્ગ, ઉપધિ-(સાધનસામગ્રીનો) વ્યુત્સર્ગ અને આહારપાણીનો વ્યુત્સર્ગ.

ભાવવ્યુત્સર્ગના ત્રણ પ્રકાર છે: કષાયવ્યુત્સર્ગ, સંસાર-વ્યુત્સર્ગ અને કર્મવ્યુત્સર્ગ. કષાયવ્યુત્સર્ગના ચાર પ્રકાર છે: ક્રોધ, માન, માયા અને લોભનો એ પ્રમાણે. સંસારવ્યુત્સર્ગના ચાર પ્રકાર છેઃ નૈરયિક તિર્યંચ, મનુષ્ય અને દેવના સંસારનો વ્યુત્સર્ગ. કર્મવ્યુત્સર્ગના પણ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ મુજબ આઠ પ્રકાર છે.

— શતક ૨૫, ઉદ્દે૦ ૭

૨

જો ભિક્ષુ કોઈ એક અકૃત્યસ્થાનને સેવીને તે અકૃત્ય-સ્થાનનું આલોચન તથા પ્રતિક્રમણ કર્યા વિના મરણ પામે, તો તેને આરાધના[1] થતી નથી; પરંતુ તે અકૃત્યસ્થાનનું આલોચન અને પ્રતિક્રમણ કરીને મરણ પામે, તો તેને આરાધના થાય છે. વળી કદાચ કોઈ ભિક્ષુએ અકૃત્યસ્થાનનું પ્રતિસેવન કર્યું હોય; પછી તેના મનમાં વિચાર થાય કે, 'હું મારા અંતકાળને સમયે તે અકૃત્યસ્થાનનું આલોચન

---

૧. જુઓ પા. ૩૨, નોંધ ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કરીશ, તથા તપરૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર 'કરીશ'; પરંતુ ત્યાર પછી તે ભિક્ષુ તે અકૃત્યસ્થાનનું આલોચન કે પ્રતિક્રમણ કર્યા વિના મરણ પામે, તો તેને આરાધના થતી નથી; અને જો તે ભિક્ષુ આલોચન અને પ્રતિક્રમણ કરીને મરણ પામે, તો તેને આરાધના થાય છે. વળી કોઈ ભિક્ષુ કોઈ અકૃત્ય-સ્થાનનું પ્રતિસેવન કરી, મનમાં એમ વિચારે કે, 'શ્રમણોપાસકો પણ મરણ પામી કોઈ દેવલોકમાં જ દેવપણે ઉત્પન્ન થાય છે, તો શું હું નહીં થાઉં?', તથા એમ વિચારી આલોચનાદિ કર્યા વિના જ તે મરણ પામે, તો તેને આરાધના થતી નથી.

— શતક ૧૦, ઉદ્દે૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪

કેટલીક વ્યાખ્યાઓ

વ્યવહાર

વ્યવહાર એટલે મુમુક્ષુની પ્રવૃત્તિ. તેનું કારણ જે જ્ઞાન, તે પણ વ્યવહાર કહેવાય છે.

ગૌતમ — હે ભગવન્! વ્યવહાર કેટલા પ્રકારનો છે?

મ૦ — હે ગૌતમ! વ્યવહાર પાંચ પ્રકારનો છે:

૧. આગમવ્યવહાર; ૨. શ્રુતવ્યવહાર; ૩. આજ્ઞાવ્યવહાર; ૪. ધારણાવ્યવહાર; અને ૫. જીતવ્યવહાર. તે પાંચ પ્રકારના વ્યવહારમાં જેની પાસે જે પ્રકારે આગમ[1] હોય, તે પ્રકારે તેણે આગમથી વ્યવહાર ચલાવવો. જો આગમ ન હોય તો તેની પાસે જે શ્રુત[2] હોય તે શ્રુત વડે વ્યવહાર ચલાવવો.

---

૧. કેવલજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન, ૧૪ પૂર્વગ્રંથ, દશ પૂર્વગ્રંથ અને નવ પૂર્વગ્રંથ — આ જ્ઞાનો આગમ કહેવાય છે.

૨. આચારકલ્પ વગેરે (ગ્રંથો) શ્રુત કહેવાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુત ન હોય, તો તેની પાસે જે પ્રકારે આજ્ઞા[1] હોય તે પ્રકારે તેણે વ્યવહાર ચલાવવો. આજ્ઞા ન હોય તો જે પ્રકારે ધારણા[2] (એટલે કે કોઈ જ્ઞાનીએ કરેલું પોતે યાદ રાખ્યું) હોય તે પ્રકારે વ્યવહાર ચલાવવો અને ધારણા ન હોય તો જીત (એટલે પરંપરાથી ચાલ્યા આવેલા વ્યવહાર) પ્રમાણે[3] વ્યવહાર ચલાવવો.

આ પાંચ પ્રકારના વ્યવહારને જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં ઉચિત હોય, ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં (અનિશ્રોપશ્રિત રીતે) રાગદ્વેષના ત્યાગપૂર્વક સારી રીતે વ્યવહરતો શ્રમણનિર્ગ્રંથ આજ્ઞાનો આરાધક થાય છે.

—શતક ૮, ઉદ્દે૦ ૮

૨

ઉન્માદ

ઉન્માદ એટલે સ્પષ્ટ ચેતનાનો (વિવેકજ્ઞાનનો) ભ્રંશ.

ગૌ૦—હે ભગવન્! ઉન્માદ કેટલા પ્રકારનો છે?

મ૦—હે ગૌતમ! બે પ્રકારનો ઉન્માદ કહ્યો છે. ૧. યક્ષના આવેશરૂપ—એટલે કે કોઈ દેવનો શરીરમાં પ્રવેશ

---

૧. દૂર દેશમાં રહેલ વિદ્વાન પાસેથી મળેલી આજ્ઞા; અગીતાર્થ પણ સ્મૃતિશક્તિયુક્ત શિષ્ય દ્વારા.

૨. કોઈ ગીતાર્થ (જાણકાર) પુરુષે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવનો વિચાર કરી જે દોષની જે રીતે શુદ્ધિ કરી હોય, તે યાદ રાખી તે મુજબ પ્રાયશ્ચિત્તાદિ આપવું તે.

૩. દ્રવ્ય ક્ષેત્રાદિની અપેક્ષાએ શરીરબલ આદિની હાનિનો વિચાર કરીને.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

થવાથી ચેતનાનો ભ્રંશ થવો તે. અને ૨. મોહનીયકર્મના ઉદયથી થયેલો — એટલે કે અતત્ત્વને તત્ત્વ માનવારૂપ અને તત્ત્વને અતત્ત્વ માનવારૂપ; તથા વિષયાદિનું સ્વરૂપ જાણવા છતાં અજ્ઞાનીની પેઠે તેમાં ને તેમાં પ્રવૃત્ત થવારૂપ; તથા કામાવેશથી હિતાહિતનું ભાન ભૂલી જવારૂપ.

— શતક ૧૪, ઉદ્દે૦ ૨

૩

પ્રત્યનીક

પ્રત્યનીક એટલે વિરોધી અથવા દ્વેષી. રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! ગુરુઓની અપેક્ષાએ કેટલા પ્રત્યનીક છે?

મ૦—હે ગૌતમ! ત્રણ પ્રત્યનીકો કહ્યા છે. તે આ પ્રમાણે: આચાર્ય પ્રત્યનીક; ઉપાધ્યાય પ્રત્યનીક અને સ્થવિર[૧] પ્રત્યનીક.

ગૌ૦—હે ભગવન્! ગતિની અપેક્ષાએ કેટલા પ્રત્યનીકો કહ્યા છે?

મ૦—હે ગૌતમ! ત્રણ પ્રત્યનીકો કહ્યા છે. તે આ પ્રમાણે: ઇંદ્રિયાદિકથી પ્રતિકૂલ અજ્ઞાન કષાયાચરણ કરનાર 'ઇહલોક-પ્રત્યાનીક;' ઇંદ્રિયના વિષયમાં તત્પર રહેનાર 'પરલોક-પ્રત્યનીક; અને ચૌર્યાદિક વડે ઇંદ્રિયોના વિષયોમાં તત્પર રહેનાર તે 'ઉભયલોક-પ્રત્યનીક.'

— શતક ૮, ઉદ્દે૦ ૮

---

૧. ઉંમર, વિદ્યા, અથવા દીક્ષાનો કાળ એ બાબતોમાં જે સાધુ મોટા હોય તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

ભાષા

ગૌ૦—હે ભગવન્! ભાષા ૧૨ પ્રકારની છે: ૧. સંબોધન કરવાપૂર્વક બોલાતી 'આમન્ત્રણી;' ૨. આજ્ઞાપૂર્વક બોલાતી 'આજ્ઞાપની'; ૩. યાચના કરવારૂપ 'યાચની;' ૪. પ્રશ્ન કરવારૂપ 'પ્રચ્છની;' ૫. ઉપદેશ આપવારૂપ 'પ્રજ્ઞાપની;' ૬. નિષેધ કરવારૂપ 'પ્રત્યાખ્યાની;' ૭. ઇચ્છાને અનુકૂલ એવી 'ઇચ્છાનુલોમા;' ૮. અર્થના નિશ્ચય સિવાય બોલાતી 'અનભિગૃહિતા[૧].' ૯. અર્થના નિશ્ચયપૂર્વક બોલાતી 'અભિગૃહિતા[૨];' ૧૦. અર્થનો સંશય કરાવનારી સંશય-કરણી[૩];' ૧૧. શ્લોકપ્રસિદ્ધ શબ્દાર્થવાળી 'વ્યાકૃતા;' અને ૧૨. ગંભીર શબ્દાર્થવાળી 'અવ્યાકૃતા.'[૪] હવે, 'અમે આશ્રય કરીશું;' 'શયન કરીશું,' 'ઊભા રહીશું,' 'બેસીશું,' 'આળોટીશું' ઇત્યાદિ ભાષા 'પ્રજ્ઞાપની' કહેવાય? અસત્ય ન કહેવાય?

મ૦—હે ગૌતમ! તે ભાષા પ્રજ્ઞાપની કહેવાય; પણ મૃષા ન કહેવાય.

નોંધ: પ્રશ્નકર્તાનો અભિપ્રાય એ છે કે, 'આશ્રય કરીશું' વગેરે ભાષા ભવિષ્યકાળને લગતી છે; એટલે વચ્ચે અંતરાય આવતાં તેમ કરવાનું ન પણ બને, એટલે જૂઠી પણ

---

૧. જેમકે, 'તને ઠીક લાગે તેમ કર.'

૨. જેમકે, 'આ પ્રમાણે કર.'

૩. જેમકે 'સૈન્ધવ લાવ' એમાં સૈંધવ શબ્દ પુરુષ, મીઠું અને ઘોડો એ ત્રણ અર્થનો સંશય ઉત્પન્ન કરે છે.

૪. જુઓ પ્રજ્ઞાપના સૂત્ર પ૬, ૧, પં. ૯.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પડે. વળી આમંત્રણી વગેરે ભાષાઓ વિધિ કે નિષેધ વડે સત્ય ભાષાની પેઠે વસ્તુમાં નિયત નથી; તો તેમને શું કહેવી? જવાબમાં કહ્યું છે કે, ભવિષ્યકાળમાં જે વસ્તુ કરવાની કહી હોય, તે વર્તમાનકાળની દૃષ્ટિએ કશું નિશ્ચિત નથી કહેતી; ઉપરાંત આમંત્રણી વગેરે ભાષા કશાનો વિધિપ્રતિષેધ નથી કરતી, પરંતુ તે પણ નિર્દોષ પુરુષાર્થની સાધક છે.

— શતક ૧૦, ઉદ્દે૦ ૩

૫

ઉપધિ-પરિગ્રહ-પ્રણિધાન

ઉપધિ એટલે જીવનનિર્વાહમાં ઉપયોગી શરીર તથા વસ્ત્રાદિ. રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! ઉપધિ કેટલા પ્રકારનો કહ્યો છે?

મ૦—હે ગૌતમ! ઉપધિ ત્રણ પ્રકારનો કહ્યો છે: કર્મરૂપી ઉપધિ, શરીરરૂપી ઉપધિ અને બાહ્ય પાત્ર-વસ્ત્રાદિ સામગ્રીરૂપ ઉપધિ. નૈરયિકોને કર્મ અને શરીરરૂપ બે જ ઉપધિ હોય છે. એકેંદ્રિય જીવોને પણ એ બે જ પ્રકારનો હોય છે; તે સિવાયના બીજાઓને[૧] ત્રણે પ્રકારનો હોય છે.

ગૌ૦—હે ભગવન્! ઉપધિ કેટલા પ્રકારનો કહ્યો છે?

મ૦—હે ગૌતમ! ઉપધિ ત્રણ પ્રકારનો કહ્યો છે: સચિત્ત, અચિત્ત અને મિશ્ર. નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી બધાને એ ત્રણે પ્રકારનો ઉપધિ હોય છે.[૨]

---

૧. વૈમાનિકો સુધીના.

૨. નારકોનો સચિત્ત ઉપધિ તે શરીર, અચિત્ત ઉપધિ તે ઉત્પત્તિસ્થાન, અને શ્વાસોચ્છ્વાસાદિ યુક્ત શરીર સચેતના-ચેતનરૂપ મિશ્ર ઉપધિ કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનનિર્વાહમાં ઉપયોગી કર્મ, શરીર અને વસ્ત્રાદિ ઉપધિ કહેવાય છે; અને તે જ મમત્વબુદ્ધિથી ગૃહીત થાય, ત્યારે પરિગ્રહ કહેવાય છે.

ગૌ૦—હે ભગવન્! પરિગ્રહ કેટલા પ્રકારનો કહ્યો છે?

મ૦—હે ગૌતમ! પરિગ્રહ ત્રણ પ્રકારનો કહ્યો છે: કર્મપરિગ્રહ, શરીરપરિગ્રહ, અને બાહ્ય વસ્ત્રપાત્રાદિ ઉપકરણરૂપ પરિગ્રહ.

કોઈ પણ પ્રકારના નિશ્ચિત આલંબનમાં મન-વચન-કાયના વ્યાપારોને સ્થિર કરવા તે પ્રણિધાન.

ગૌ૦—હે ભગવન્! પ્રણિધાન કેટલા પ્રકારનું કહ્યું છે?

મ૦—હે ગૌતમ! પ્રણિધાન ત્રણ પ્રકારનું કહ્યું છે: મનપ્રણિધાન, વચનપ્રણિધાન અને કાયપ્રણિધાન.[૧]

ગૌ૦—હે ભગવન્! દુષ્પ્રણિધાન કેટલા પ્રકારનું કહ્યું છે?

મ૦—હે ગૌતમ! મન-વચન-કાય એમ ત્રણે પ્રકારનું છે. સુપ્રણિધાન પણ એ ત્રણે પ્રકારનું હોય છે. મનુષ્યથી વૈમાનિક સુધીનાને સુપ્રણિધાન હોઈ શકે છે.

—શતક ૧૮, ઉદ્દે૦ ૭

---

૧. તેમાંથી નૈરયિકથી સ્તનિતકુમાર સુધીનાને ત્રણ, પૃથ્વીકાયિકથી વનસ્પતિકાયિક સુધીનાને કાયપ્રણિધાન, બે ઇન્દ્રિયથી ચાર ઇન્દ્રિયવાળા સુધીનાને વચન અને કાયપ્રણિધાન, તથા બાકીનાને (વૈમાનિકો સુધી) ત્રણે હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૬

પરિષહ

ગૌ૦—હે ભગવન્! કેટલા પરિષહો કહ્યા છે?

મ૦—હે ગૌતમ! પરિષહો ૨૨ છે: ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશ-મસક (ડાંસ-મચ્છર), નગ્નતા, અરતિ, (કંટાળો), સ્ત્રી, ચર્યા (ગામેગામ પગપાળા ફરવું તે), નૈષેધિકી (સ્મશાન વગેરે સ્વાધ્યાય, ધ્યાન ઇ૦ નાં સ્થાન), શય્યા, આક્રોશ (તિરસ્કાર), વધ (માર), યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, જલ્લ (મળ), સત્કારપુરસ્કાર, પ્રજ્ઞા, જ્ઞાન[૧], અને દર્શન (શ્રદ્ધા).

આ બધી સાધકના માર્ગમાં આવતી મુશ્કેલીઓ છે.

તે બાવીસે પરિષહોનો ચાર કર્મપ્રકૃતિઓમાં સમાવેશ થાય છે. તે આ પ્રમાણે: જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય.

તેમાં જ્ઞાનાવરણીયકર્મમાં પ્રજ્ઞા અને જ્ઞાન એ બે પરિષહોનો સમાવેશ થાય છે. પ્રજ્ઞાનો અભાવ, તેમ જ જ્ઞાનનો અભાવ જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી જ થાય છે.

વેદનીયકર્મમાં ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ-મસક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલપરિષહ એ અગિયારનો સમાવેશ થાય છે.

દર્શનમોહનીય કર્મમાં દર્શનપરિષહ એકલાનો સમાવેશ થાય છે.

---

૧. ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨. માં પ્રજ્ઞા અને જ્ઞાનને બદલે જ્ઞાન અને અજ્ઞાન એ બે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચારિત્રમોહનીયકર્મમાં અરતિ, નગ્નતા, સ્ત્રી, નૈષેધિકી, યાચના, આક્રોશ અને સત્કારપુરસ્કાર એ સાતનો સમાવેશ થાય છે.

અંતરાયકર્મમાં અલાભપરિષહનો સમાવેશ થાય છે.

(આયુષ સિવાયનાં) સાત પ્રકારનાં કર્મ બાંધનારને બાવીસ પરિષહો કહ્યા છે; પરંતુ એક સાથે તે વીસને અનુભવે છે. કારણ કે, જ્યારે શીતને અનુભવે ત્યારે ઉષ્ણને ન અનુભવે[૧], અને ચર્યાને અનુભવે ત્યારે નૈષેધિકીને ન અનુભવે[૨].

આઠ પ્રકારનાં કર્મ બાંધનારને માટે પણ તેમ જ જાણવું.

આયુષ્ય અને મોહનીય એ બે સિવાયનાં છ પ્રકારનાં કર્મ બાંધનારને[૩] (દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના મળીને આઠ પરિષહો બાદ થતાં) ૧૪ પરિષહ હોય છે; પણ

---

૧. તેનાથી ઊલટું પણ સમજી લેવું.

૨. ચર્યાથી એમ તો શય્યા પણ વિરુદ્ધ છે; પરંતુ ગામ જવા નીકળ્યો હોય, ત્યારે રસ્તામાં વિશ્રામભોજનાદિ માટે થોડો વખત શય્યાસેવન કરે પણ ખરો; પણ તે વખતેય તેના મનમાં ચર્યાનું ઔત્સુક્ય હજુ શમ્યું નથી હોતું; તેથી વાસ્તવિક રીતે તેની ચર્યા (મુસાફરી) જ ચાલુ હોય છે.

૩. 'સૂક્ષ્મસંપરાય (૧૦મા) ગુણસ્થાનવાળાને'—ટીકા. તેને સરાગ છદ્મસ્થ કહે છે. કારણકે હજુ લોભના સૂક્ષ્મ અંશો તેનામાં વિદ્યમાન છે, અને તેને કેવલજ્ઞાન થયું નથી. ગુણસ્થાનો તેમજ છદ્મસ્થ, કેવલજ્ઞાની વગેરેના પારિભાષિક અર્થો માટે જુઓ આ આળાનું અંતિમ ઉપદેશ પુસ્તક પા. ૧૭૨. તથા આગળ પા. ૬૦, નોં. ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે એક સાથે બારને જ અનુભવે છે; કારણકે જ્યારે શીત અનુભવે ત્યારે ઉષ્ણ નહિ અને ચર્યા વખતે શય્યાને ન અનુભવે.[૧]

માત્ર વેદનીયરૂપી એક જ કર્મ બાંધનાર વીતરાગ છદ્મસ્થનેર છ પ્રકારનાં કર્મ બાંધનાર જેટલા પરિષહ જાણવા. પરંતુ સયોગી ભવસ્થ કેવલજ્ઞાનીને[૩] (જ્ઞાનાવરણીયના બે પરિષહો વધુ બાદ કરતાં) ૧૧ પરીષહો સંભવે છે; પણ તેમાં એક સાથે તે નવને જ અનુભવે છે; કારણકે શીત–ઉષ્ણ, અને ચર્યા–શય્યા, એ બે જોડકાંમાંથી ગમે તે એકને જ તે અનુભવે છે.

કર્મબંધરહિત અયોગી ભવસ્થ કેવલજ્ઞાનીને[૪] અગિયાર પરિષહો તે પ્રમાણે છે.

—શતક ૮, ઉદ્દે૦ ૮

૭

ગણિપિટક

ગણિપિટક એટલે આચાર્યની પેટી – શાસ્ત્રો.

ગૌ૦—હે ભગવન્! ગણિપિટક કેટલા પ્રકારનું કહ્યું છે?

---

૧. અહીં તો મોહનીય અવિદ્યમાન જેવું થયું હોવાથી, સર્વત્ર અનૌત્સુક્ય જ પ્રવર્તે છે. તેથી શય્યાકાળે તે શય્યામાં જ વર્તે છે; ચર્યાની ઉત્સુકતા તે વખતે તેને ન હોવાથી તે ચર્યામાં નથી હોતો.

૨. ૧૧મા અને ૧૨મા ગુણસ્થાન વખતે. તેને વીતરાગ છદ્મસ્થ કહે છે.

૩. ૧૩ મા ગુણસ્થાન વખતે.

૪. ૧૪મા ગુણસ્થાનવાળાને.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ ! બાર અંગવાળું ગણિપિટક કહ્યું છે. તે આ પ્રમાણે : આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ), જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશા, અંતકૃદ્દશા, અનુત્તરૌપપાતિક, પ્રશ્નવ્યાકરણ, વિપાકશ્રુત, અને દૃષ્ટિવાદ.[૧]

ગૌ૦—હે ભગવન્ ! આચારાંગ એ શું છે ?

મ૦—હે ગૌતમ ! આચારાંગમાં[૨] શ્રમણ નિર્ગ્રંથોનો સુપ્રશસ્ત આચાર, ભિક્ષા લેવાનો વિધિ (ગોચર), વિનય, ધ્યાન, આહારાદિ પદાર્થોનું માપ, સ્વાધ્યાય, ભાષાસમિતિ, ગુપ્તિ, શય્યા, ઉપધિ, અન્ન-પાન, દોષોની વિશુદ્ધિ, શુદ્ધાશુદ્ધ-ગ્રહણ, વ્રત, નિયમ અને તપ, વગેરેનું વર્ણન છે.

સૂત્રકૃતાંગમાં[૩] સ્વસિદ્ધાંત, પરસિદ્ધાંત, જીવ, અજીવ, લોક, અલોક, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ સુધીના પદાર્થો છે; તથા ઇતર દર્શનોથી મોહિત, તથા સંદિગ્ધ એવા નવા દીક્ષિતની બુદ્ધિની શુદ્ધિ માટે ૧૮૦ ક્રિયાવાદીના મત, ૮૪ ક્રિયાવાદીના મત, ૬૭ અજ્ઞાનવાદીના મત, ૩૨ વિનયવાદીના મત વગેરેનો પરિક્ષેપ કરીને સ્વસિદ્ધાંતનું સ્થાપન કરેલું છે.

---

૧. મૂળમાં, નંદીસૂત્રમાં કહ્યા પ્રમાણે બધા અંગોનો પરિચય આપવો એમ કહ્યું છે. પરંતુ અહીં અંગગ્રંથોમાંના જ એક સમવાયાંગમાં આપેલી માહિતી ટૂંકાવીને આપી છે.

૨. આ માળામાં 'શ્રીમહાવીરસ્વામીનો આચારધર્મ' નામનું પુસ્તક.

૩. આ માળામાં 'શ્રીમહાવીરસ્વામીનો સંયમધર્મ' નામનું પુસ્તક.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનાંગમાં સ્વસિદ્ધાંત, પરસિદ્ધાંત, જીવ, અજીવ, લોક, અને અલોકનું સ્થાપન છે.

સમવાયાંગમાં સ્વસિદ્ધાંત, પરસિદ્ધાંત, એકાદિ સંખ્યા-પૂર્વક પદાર્થોનું નિરૂપણ, અને દ્વાદશાંગ ગણિપિટકના પર્યવોનું પ્રતિપાદન છે.

ભગવતીમાં સ્વસિદ્ધાંત, પરસિદ્ધાંત, જીવ, અજીવ, લોક, અલોક, જુદા જુદા પ્રકારના દેવ, રાજા, રાજર્ષિ અને અનેક પ્રકારે સંદિગ્ધ પુરુષોએ પૂછેલા પ્રશ્નોના શ્રીજિને વિસ્તારપૂર્વક આપેલા ઉત્તરો છે. તેઓ યથાસ્થિત ભાવના પ્રતિપાદક છે, મુમુક્ષુઓના હૃદયના અભિનંદક છે, અંધકારરૂપ મેલના નાશક છે, સુદૃષ્ટ છે, દીપભૂત છે, તથા બુદ્ધિના વર્ધક છે.

જ્ઞાતાધર્મકથામાં[૧] ઉદાહરણભૂત પુરુષોનાં નગરો, રાજાઓ, ધર્માચાર્યો, ધર્મકથાઓ, પ્રવ્રજ્યાઓ, તપો, દેવલોક-ગમનો, બોધિલાભો વગેરેનું વર્ણન છે.

ઉપાસકદશામાં[૨] ઉપાસકોનાં કે શ્રાવકોનાં શીલવ્રતો, વિરમણો, ગુણવ્રતો, પ્રત્યાખ્યાનો, પૌષધોપવાસો, તપો, પ્રતિમાઓ, ઉપસર્ગો, બોધિલાભો અને અંતક્રિયાઓનું નિરૂપણ છે.

---

૧. આ માળામાં 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ' નામનું પુસ્તક.

૨. આ માળામાં 'ભગવાન મહાવીરના દશ ઉપાસકો' નામનું પુસ્તક.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અંતકૃદ્દશામાં અંતકૃત (તીર્થંકરાદિ) પુરુષના ભોગપરિત્યાગ, પ્રવ્રજ્યા, તપ, પ્રતિમા, ક્ષમા, આર્જવ, માર્દવ, શૌચ, સંયમ, બ્રહ્મચર્ય, તપ, ક્રિયા, સમિતિ, ગુપ્તિ, અપ્રમાદયોગ, સ્વાધ્યાય, ધ્યાન, કર્મનો ક્ષય, કેવળજ્ઞાનની પ્રાપ્તિ વગેરેનું નિરૂપણ છે.

અનુત્તરૌપપાતકમાં નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજાઓ, માતપિતાઓ, ધર્માચાર્યો, ધર્મકથાઓ, ભોગપરિત્યાગો વગેરેનું વર્ણન છે.

પ્રશ્નવ્યાકરણમાં ૧૦૮ પ્રશ્નો, ૧૦૮ અપ્રશ્નો, ૧૦૮ પ્રશ્નાપ્રશ્નો, વિદ્યાના અતિશયો, અને નાગકુમાર તથા સુપર્ણકુમારની સાથે થયેલા દિવ્ય સંવાદો છે.

વિપાકશ્રુતમાં સુકૃત કર્મોનો અને દુષ્કૃતકર્મોનો ફલવિપાક વર્ણવેલો છે.

દૃષ્ટિવાદમાં સર્વ પદાર્થોની પ્રરૂપણા છે.

—શતક ૨૫, ઉદ્દે૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫

પરચૂરણ

૧

ગૌ૦—હે ભગવન્! જે બીજાને ખોટું બોલવા વડે, અસદ્‌ભૂત બોલવા વડે,[૧] કે મોઢામોઢ દોષ પ્રકાશવા વડે દૂષિત વચન કહે, તે કેવા પ્રકારનાં કર્મ બાંધે છે?

મ૦—હે ગૌતમ! તે તેવા પ્રકારનાં જ કર્મો બાંધે છે; તથા તે જ્યાં જ્યાં જાય છે, ત્યાં તેવાં જ કર્મોને અનુભવે છે.

—શતક ૫, ઉદ્દે૦ ૬

૨

ગૌ૦—હે ભગવન્! સરખાસરખી ચામડીવાળા, સરખી ઉંમરવાળા, અને સરખા દ્રવ્ય અને શસ્ત્ર વગેરે ઉપકરણવાળા કોઈ બે પુરુષ લડે, તેમાં એક જીતે અને એક હારે, એ પ્રમાણે થાય? અને થાય તો તેનું શું કારણ?

મ૦—હે ગૌતમ! જે વીર્યવાળો હોય તે જીતે, અને વીર્ય વિનાનો હારે. જેણે વીર્યરહિત કર્મો નથી બાંધ્યાં અને જેનાં તે કર્મો ઉદયમાં નથી આવ્યાં, તે જીતે છે; અને જે પુરુષે વીર્યરહિત કર્મ બાંધ્યાં છે, અને જેનાં તે કર્મો ઉદયમાં આવ્યાં છે, તે પુરુષ પરાજય પામે છે,

—શતક ૧, ઉદ્દે૦ ૮

---

૧. અસદ્‌ભૂત એટલે ન થયેલના ઉદ્‌ભાવનરૂપ, અથવા અલીક (ચોર ન હોય તો પણ આ ચોર છે એ પ્રમાણે આરોપ કરવો) રૂપ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩

હે ગૌતમ! સંવેગ–મોક્ષનો અભિલાષ, નિર્વેદ–સંસારથી વિરક્તતા, ગુરુઓની અને સાધર્મિકોની સેવા, (ગુરુ સમક્ષ કબૂલાત રૂપ) પાપોની આલોચના, પોતાની જાતે દોષોની નિંદા, પરસમક્ષ પોતાના દોષો પ્રગટ કરવારૂપ ગર્હા, ક્ષમાપના, ઉપશાંતતા, શાસ્ત્રાભ્યાસ, હાસ્યાદિ ભાવોને વિષે અપ્રતિબદ્ધતા, પાપસ્થાનોથી નિવૃત્ત થવું, સ્ત્રીઆદિના સંસર્ગથી રહિત ઉતારાનો અને આસનનો ઉપયોગ, શ્રોત્રેન્દ્રિય વગેરેનો સંવર (સંરક્ષણ), યોગ (મન-વાણી-કાયાની પ્રવૃત્તિ)નો ત્યાગ, શરીરમાં આસક્તિનો ત્યાગ, કષાયોનો ત્યાગ, મંડળીમાં બેસી ભોજન કરવાનો (સંભોગનો) ત્યાગ, અધિક વસ્ત્રાદિનો ત્યાગ, ક્ષમા, વિરાગતા, ભાવસત્ય (અંતરની સચ્ચાઈ), યોગસત્ય (મન-વાણી-કાયાની સચ્ચાઈ), કરણસત્ય (આચારની સચ્ચાઈ)[૧], મનનું સંગોપન, વચનનું સંગોપન, કાયનું સંગોપન, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ક્લેશ (કલહ), અભ્યાખ્યાન (ખોટા આરોપ), પૈશુન્ય (ચુગલી), રતિ–અરતિ (આનંદથી મત્ત થવું અને શોકથી ખિન્ન થવું), પરનિંદા, માયા–મૃષાવાદ (કપટપૂર્વક અસત્ય ભાષણ), અને મિથ્યાદર્શનશલ્ય (એટલે કુદેવ, કુગુરુ, અને કુધર્મને સાચા માની સેવવા) એટલાનો ત્યાગ, જ્ઞાનસંપન્નતા, દર્શનસંપન્નતા, ચારિત્ર-સંપન્નતા, ક્ષુધાદિ વેદનાની સહનશીલતા, અને મારણાંતિક કષ્ટમાં સહનશીલતા, એ બધાં પદોનું અંતિમ ફળ મોક્ષ છે.

ગૌતમ—હે ભગવન્! તે એમ જ છે; હે ભગવન્! તે એમ જ છે. —શતક ૧૭, ઉદ્દે૦ ૩

---

૧. પ્રતિલેખના વગેરે વિધિપૂર્વક કરવાં તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતી-સાર

ખંડ ૨ જો

ચારિત્ર-ખંડ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧

આર્ય શ્રીસ્કંદક

તે સમયની વાત છે.

શ્રાવસ્તી[૧] નગરીમાં કાત્યાયન ગોત્રનો, ગર્દભાલ નામના પરિવ્રાજકનો શિષ્ય સ્કંદક નામનો પરિવ્રાજક (તાપસ) રહેતો હતો. તે ચાર વેદનો, પાંચમા ઇતિહાસ–પુરાણનો અને છઠ્ઠા નિઘંટુ નામના કોશનો સાંગોપાગ ધારણ કરનાર, તથા પ્રવર્તક હોઈ, તે સંબંધી ભૂલોનો અટકાવનાર હતો. તે ષડંગનો પણ જાણકાર અને ષષ્ટિતંત્ર (કાપિલીય શાસ્ત્ર)માં વિશારદ હતો. વળી ગણિત, શિક્ષા,[૨] કલ્પ (આચાર), વ્યાકરણ, છંદ, વ્યુત્પત્તિ, જ્યોતિષ તથા બીજાં પણ અનેક

---

૧. પ્રાચીન કોશલ દેશની રાજધાની. અયોધ્યાથી ઉત્તર તરફ પચાસેક માઈલ ઉપર રાપ્તી નદીના દક્ષિણ કિનારે આવેલાં સાહેતમાહેતનાં ખંડેરોને શ્રાવસ્તીનાં વર્તમાન અવશેષ ગણવામાં આવે છે.

૨. અક્ષરના સ્વરૂપને જણાવનારું શાસ્ત્ર.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રાહ્મણ અને પરિવ્રાજક સંબંધી નીતિશાસ્ત્રો તથા દર્શન-શાસ્ત્રોમાં ઘણો ચતુર હતો.

તે જ નગરીમાં પિંગલ નામનો મહાવીર ભગવાનનો અનુયાયી નિર્ગ્રંથ સાધુ રહેતો હતો. તેણે એક દિવસ સ્કંદક પાસે જઈને તેને આક્ષેપપૂર્વક પૂછ્યું: હે માગધ! શું લોક અંતવાળો છે કે અંત વિનાનો છે? જીવ અંતવાળો છે કે અંત વિનાનો છે? સિદ્ધિ અંતવાળી છે કે અંત વિનાની છે? સિદ્ધો અંતવાળા છે કે અંત વિનાના છે? તથા કયા મરણ વડે મરતો જીવ વધે અથવા ઘટે, અર્થાત્ જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અથવા ઘટે?

આ પ્રશ્નો સાંભળી સ્કંદકને શંકા, કાંક્ષા અને અવિશ્વાસ[૧] ઉત્પન્ન થતાં તેની બુદ્ધિ કુંઠિત થઈ ગઈ, અને તે બહુ ક્લેશ પામ્યો. તથા કાંઈ જવાબ ન આપી શકવાથી મૌન રહ્યો.

તે અરસામાં નજીકમાં આવેલી કૃતંગલા નગરીની બહાર છત્રપલાશક ચૈત્યમાં શ્રીમહાવીર ભગવાન પધાર્યા. તે જાણી લોકો તેમનાં દર્શને ઊમટ્યા. સ્કંદકને પણ ત્યાં જવાનો વિચાર આવ્યો. તેથી પોતાનો ત્રિદંડ, કુંડી (કમંડલુ), રુદ્રાક્ષની માલા (કાંચનિકા), કરોટિકા (માટીનું પાત્ર), ભૃશિકા (આસન), કેસરિકા (લૂછણિયું), પદ્મનાલક (ત્રિગડી), અંકુશક,[૨]

---

૧. પ્રશ્નનો ઉત્તર શું આ હશે કે તે, તથા તેનો જવાબ હું શી રીતે નિશ્ચિત કરું એ કાંક્ષા; અને મારા જવાબથી પૂછનારને પ્રતીતિ થશે કે કેમ એ, અવિશ્વાસ.

૨. વૃક્ષ ઉપરથી પાંદડાં લેવાનું સાધન.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પવિત્રક (વીંટી), ગણેત્રિકા (કલાઈનું ઘરેણું), છત્ર, પગરખાં, પાવડી અને ગેરુવાં વસ્ત્રો વગેરે ધારણ કરીને તે કૃતંગલા જવા નીકળ્યો.

આ તરફ મહાવીર ભગવાને ગૌતમને સંબોધીને કહ્યું, "હે ગૌતમ! આજ તું તારા જૂના સંબંધીને જોઈશ." એમ કહી, તેમણે રકંદક કેવી રીતે આ તરફ આવવા નીકળ્યો હતો. તે કહી સંભળાવ્યું. ત્યારે ગૌતમે પૂછ્યું કે 'તે આપની પાસે દીક્ષા લેશે કે કેમ?' ત્યારે મહાવીર ભગવાને હા પાડી.

એવામાં રકંદક ત્યાં આવી પહોંચ્યો; ગૌતમ ઊઠીને તેની સામા ગયા; અને તે શા માટે આવ્યો છે તે બધું તેને કહી સંભળાવ્યું. આથી વિસ્મિત થઈ રકંદકે ગૌતમને પૂછ્યું કે તમને આ બધું સ્વશક્તિથી જાણી લઈને કોણે કહ્યું? ત્યારે ગૌતમે મહાવીર ભગવાનનું નામ દીધું. પછી બંને મહાવીર ભગવાન પાસે ગયા.

મહાવીર ભગવાન તે સમયે હંમેશ ભોજન કરતા હતા. તેમનું શરીર ઉદાર, શણગારેલા જેવું, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય, મંગલરૂપ, અલંકારો વિના પણ શોભતું તથા સારાં લક્ષણો,[૧] ચિહ્નો અને ગુણોથી યુક્ત હતું. તેમને જોઈ રકંદક

૧. એટલે કે માન તથા ઉન્માનયુક્ત. પાણીથી ભરેલી કુંડીમાં કોઈ પુરુષ પ્રવેશ કરે, અને જેના પ્રવેશથી તે કુંડીનું ૩૨ શેર પાણી (દ્રોણ) બહાર નીકળે, તે માનયુક્ત કહેવાય. જે પુરુષનું વજન ૪૦૦૦ તોલા (અર્ધો ભાર) થાય તે ઉન્માનયુક્ત કહેવાય. પોતાના આંગળથી માપતાં જેની ઊંચાઈ ૧૦૮ આંગળ હોય, તે પ્રમાણયુક્ત કહેવાય

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યંત હર્ષ પામ્યો, તથા પુલકિત ચિત્તયુક્ત થઈ, ત્રણ પ્રદક્ષિણા કરી, તેણે તેમને વંદનાદિ કર્યાં. મહાવીર ભગવાને પણ તેને પિંગલકના પ્રશ્નો વગેરેની વાત કહી સંભળાવી; તથા તેના જવાબ પણ કહી સંભળાવ્યા :

હે સ્કંદક! 'લોક અંતવાળો છે કે અંત વિનાનો છે' એ પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે : મેં લોકને ચાર પ્રકારનો જણાવ્યો છે : દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાળલોક, અને ભાવલોક. દ્રવ્યલોક તો એક છે અને અંતવાળો છે. ક્ષેત્રલોક અસંખ્ય કોડાકોડી યોજન સુધી લંબાઈ અને પહોળાઈવાળો છે; તથા તેનો પરિધિ અસંખ્ય યોજન કોડાકોડીનો કહ્યો છે. તેનો પણ અંત — છેડો — છે. કાળલોક કોઈ દિવસ ન હતો તેમ નથી, કોઈ દિવસ નથી એમ પણ નથી અને કોઈ દિવસ નહીં હશે એમ પણ નથી. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી તેનો અંત નથી. ભાવલોક વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શના અનંત પર્યવો (પરિણામો) રૂપ છે; અનંત સંસ્થાન (આકાર) પર્યવરૂપ છે; તથા તેનો અંત નથી. એટલે કે લોકને દ્રવ્ય અને ક્ષેત્રની દૃષ્ટિએ વિચારીએ તો તે અંતવાળો છે; પણ કાલ અને ભાવની દૃષ્ટિએ વિચારીએ તો તે અંત વિનાનો છે.

હવે, 'જીવ અંતવાળો છે કે અંત વિનાનો છે' તે પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે : દ્રવ્યથી જીવ એક છે અને અંતવાળો છે. ક્ષેત્રથી જીવ અસંખ્ય પ્રદેશવાળો છે, તથા તેનો અંત પણ છે. કાળથી જીવ નિત્ય છે અને તેનો અંત નથી. ભાવથી જીવ અનંત જ્ઞાનપર્યાયરૂપ છે,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત દર્શનપર્યાયરૂપ છે, અને અનંત અગુરુલઘુ[૧] પર્યાયરૂપ છે.

તે જ પ્રમાણે સિદ્ધિ[૨] પણ દ્રવ્યથી એક છે અને અંતવાળી છે; ક્ષેત્રથી સિદ્ધિની લંબાઈ તથા પહોળાઈ ૪૫ લાખ યોજનની છે; અને તેનો પરિધિ ૧ કરોડ, ૪૨ લાખ, ૩૦ હજાર, અને ૨૪૯ યોજન કરતાં કાંઈક વિશેષાધિક છે. તેનો અંત — છેડો — પણ છે. કાળથી સિદ્ધિ કોઈ દિવસ ન હતી એમ નથી, નથી એમ પણ નથી, તથા નહિ હોય એમ પણ નથી. ભાવથી સિદ્ધિ ભાવલોક પ્રમાણે જાણવી. એટલે કે, દ્રવ્યસિદ્ધિ અને ક્ષેત્રસિદ્ધિ અંતવાળી છે; અને કાળસિદ્ધિ અને ભાવસિદ્ધિ અંત વિનાની છે.

તે જ પ્રમાણે સિદ્ધ પણ દ્રવ્યથી એક છે, અને અંતવાળો છે. ક્ષેત્રથી સિદ્ધ અસંખ્ય પ્રદેશવાળો છે; તથા તેનો અંત પણ છે. કાળથી સિદ્ધ આદિવાળા છે અને અંત વિનાના છે. ભાવથી સિદ્ધ અનંત જ્ઞાનપર્યવરૂપ છે, અનંત દર્શનપર્યવરૂપ છે, અનંત અગુરુલઘુ પર્યવરૂપ છે અને તેનો અંત નથી.

'જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અને ઘટે' એ પ્રશ્નનો જવાબ આ છે: મેં મરણના બે પ્રકાર જણાવ્યા છે: બાલમરણ, અને પંડિતમરણ.[૩]

---

૧. અણુઓના, સૂક્ષ્મસ્કંધોના તથા અમૂર્ત વસ્તુઓના પર્યાયો અગુરુલઘુ (નહીં ભારે, નહીં હલકા) ગણાય છે.

૨. એટલે કે સિદ્ધશિલા, કે સિદ્ધજીવોના આધારભૂત આકાશની નજીક આવેલી છે.

૩. સરખાવો ઉત્તરાધ્યયન અ. ૫; તથા અ. ૩૬–૨૫૯.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં બાલમરણના બાર ભેદ કહ્યા છે: વલન્મરણ (તરફડિયાં ખાતા મરવું); વશાર્તમરણ (પરાધીનતાપૂર્વક રિબાઈને મરવું); અંતઃશલ્યમરણ (શરીરમાં શસ્ત્રાદિક પેસી જવાથી મરવું); તદ્ભવમરણ (જે ગતિમાં મર્યા હોય તે જ ગતિમાં પાછું જન્મવું); પહાડથી પડીને મરવું, ઝાડથી પડીને મરવું, પાણીમાં ડૂબીને મરવું, અગ્નિમાં પેસીને મરવું, ઝેર ખાઈને મરવું, શસ્ત્ર વડે મરવું, ઝાડ વગેરે સાથે ગળે ફાંસો ખાઈને મરવું, અને ગીધ વગેરે શરીરને ફાડી ખાય તે રીતે મરવું. એ બાર પ્રકારના બાલમરણ વડે મરે, તો જીવ અનંત-વાર નૈરયિક ભવોને પામે છે; અનાદિ અનંત તથા ચાર ગતિ[1]વાળા સંસારમાં રખડ્યા કરે છે; તથા તે પ્રકારે પોતાના સંસારને વધારે છે.

પંડિતમરણ પણ બે પ્રકારનું છે: પાદપોપગમન (ઝાડની પેઠે સ્થિર રહીને આહારત્યાગપૂર્વક મરવું) અને ભક્તપ્રત્યાખ્યાન (હાલવાચાલવાની છૂટ સાથે ખાનપાનનાત્યાગ-પૂર્વક મરવું[2]). પાદપોપગમનમાં બીજાની સેવા લેવાની છૂટ નથી હોતી, જ્યારે ભક્તપ્રત્યાખ્યાનમાં હોય છે; બંનેમાં આહારત્યાગ સરખો જ છે. એ બંને જાતના પંડિતમરણ વડે મરતો જીવ પોતે નૈરયિકના અનંત ભવને પામતો નથી; સંસારરૂપ વનને વટી જાય છે, તથા તે પ્રકારે તે જીવનો સંસાર ઘટે છે.

---

૧. તિર્યંચ, મનુષ્ય, દેવ, નારક.

૨. મૂળમાં તેની વધુ વિગતો છે તે માટે જુઓ આગળ પા. ૧૪૬ (૧-આ).

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આ વાત સાંભળતાં સ્કંદક પરિવ્રાજક બોધ પામ્યો અને ભગવાન પાસે કેવળીએ કહેલ ધર્મની દીક્ષા માગવા લાગ્યો. ત્યાર પછી ભગવાને તેને તથા બેગી થયેલી મોટી સભાને ધર્મ કહ્યો. તેથી હર્ષિત થઈ સ્કંદક ઊભો થઈને તથા ભગવાનને ત્રણ વાર પ્રદક્ષિણા કરીને બોલ્યો, હે ભગવન્! નિર્ગ્રંથના પ્રવચનમાં હું શ્રદ્ધા રાખું છું, પ્રીતિ રાખું છું, તથા તે મને રુચે છે. તેનો હું સ્વીકાર કરું છું. હે ભગવન્! તે સત્ય છે, સંદેહ વિનાનું છે, ઇષ્ટ છે, અને પ્રતીષ્ટ છે. આમ કહી, ભગવાનને વંદન કરી, તે ઈશાન ખૂણામાં ગયો, અને ત્યાં પોતાનો ત્રિદંડ વગેરે ઉપકરણો એકાંત જગાએ છોડી આવ્યો; પછી ભગવાન પાસે આવી તેમને ત્રણ પ્રદક્ષિણા કરી તે બોલ્યો : હે ભગવન્! ઘડપણ અને મોતના દુઃખથી આ લોક સળગેલો છે. જેમ કોઈ ગૃહસ્થ પોતાના સળગતા ઘરમાંથી બહુ મૂલ્યવાળા અને ઓછા વજનવાળા સામાનને બચાવી લે છે, કારણ કે તે થોડો સામાન પણ તેને આગળપાછળ હિતરૂપ, સુખરૂપ, કુશળરૂપ અને છેવટે કલ્યાણરૂપ થાય છે, તેમ મારો આત્મા પણ એક જાતના બહુમૂલ્ય સામાનરૂપ છે; તે ઇષ્ટ છે, કાંત છે, પ્રિય, સુંદર, મનગમતો, સ્થિરતાવાળો, વિશ્વાસપાત્ર, સંમત, અનુમત, બહુમત અને ઘરેણાના કરંડિયારૂપ છે. માટે તેને ટાઢતડકો, ભૂખતરસ, ચોરવાઘ, કે સંનિપાતાદિ અનેક રોગો, મહામારીઓ, અને પરિષહો તથા ઉપસર્ગો[૧] નુકસાન કરે, ત્યાર પહેલાં તેને તે બધામાંથી બચાવી લઉં,

૧. વિઘ્નો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તો તે આત્મા મને પરલોકમાં હિતરૂપ, સુખરૂપ, કુશળરૂપ અને પરંપરાએ કલ્યાણરૂપ થશે. માટે હે દેવાનુપ્રિય! હું ઇચ્છું છું કે, આપની પાસે હું પ્રવ્રજિત થાઉં, મુંડિત થાઉં, પ્રતિલેખનાદિ આચારક્રિયાઓ શીખું, તથા સૂત્ર અને તેના અર્થો ભણું. માટે હું ઇચ્છું છું કે તમે આચાર, વિનય, વિનયનું ફળ, ચારિત્ર, પિંડવિશુદ્ધિ (-રૂપ કરણ), સંયમમાત્રા અને સંયમના નિર્વાહક આહારના નિરૂપણને કહો.

પછી શ્રમણભગવંત મહાવીરે પોતે જ તે પરિવ્રાજકને પ્રવ્રાજિત કર્યો અને પોતે જ તેને ધર્મ કહ્યો કે, "હે દેવાનુપ્રિય! આ પ્રમાણે જવું, આ પ્રમાણે રહેવું, આ પ્રમાણે બેસવું, આ પ્રમાણે સૂવું, આ પ્રમાણે ખાવું, આ પ્રમાણે બોલવું, અને આ પ્રમાણે ઊઠીને પ્રાણ, ભૂત, જીવ તથા સત્ત્વો વિષે સંયમપૂર્વક વર્તવું તથા એ બાબતમાં જરા પણ આળસ ન રાખવી."

આ પ્રમાણે સ્કંદક મુનિ ભગવાનનો ધાર્મિક ઉપદેશ સારી રીતે સ્વીકારી તેમની આજ્ઞા મુજબ ચાલવા લાગ્યા. તે ચાલવામાં, બોલવામાં, ખાનપાન લાવવામાં, પોતાનો સરસામાન લેવા-મૂકવામાં, મલમૂત્ર તથા મુખ, કંઠ, અને નાકનો મેલ વગેરે નિરુપયોગી વસ્તુઓ નાખી આવવામાં[૧] સાવધાન હતા; મન-વાણી-કાયાની ક્રિયાઓમાં સાવધાન હતા, તેમને વશ રાખનાર હતા, ઇંદ્રિયનિગ્રહી હતા, ગુપ્ત

૧. અનુક્રમે ઈર્યા, ભાષા, એષણા, આદાન-ભાંડ-માત્ર-નિક્ષેપણા, અને ઉચ્ચાર-પ્રસ્રવણ,-ખેલ-સિંઘાનક-પરિષ્ઠાપનિકા એ પાંચ સમિતિઓનાં વર્ણન છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રહ્મચારી હતા, તથા ત્યાગી, સરળ, ધન્ય, ક્ષમાશીલ, જિતેંદ્રિય, શુદ્ધવ્રતી, નિરાકાંક્ષી, ઉત્સુકતાદિના સંયમમાં જ ચિત્તવૃત્તિવાળા, સુંદર સાધુપણામાં રત તથા દમનશીલ હતા. એ પ્રમાણે નિર્ગ્રંથશાસ્ત્ર અનુસાર તે વિહરતા હતા.

તે સ્કંદકમુનિ મહાવીર ભગવાનના વૃદ્ધ શિષ્યો (સ્થવિરો) પાસે અગિયાર અંગો[૧] ભણ્યા તથા પછી મહાવીર ભગવાનની પરવાનગીથી તેમણે એક પછી એક એમ ભિક્ષુની બારે પ્રતિમાઓ આરાધી. તે પ્રતિમાઓ એટલે કે વિશિષ્ટ તપોનો વિધિ આ પ્રમાણે છે: ગચ્છથી બહાર નીકળી, જુદા રહી, એક મહિના સુધી અન્ન અને પાણીની એક દત્તિ વડે જ જીવવું તે પહેલી પ્રતિમા કહેવાય. દત્તિ એટલે દાન દેનાર જ્યારે અન્ન કે પાણીને દેતો હોય, ત્યારે દેવાતા અન્ન કે પાણીની જ્યાં સુધી એક ધાર હોય અને તે એક ધારમાં જેટલું આવે તેટલું જ લેવું; ધાર તૂટ્યા પછી જરા પણ ન લેવું તે. બીજી પ્રતિમામાં બે માસ સુધી અન્ન અને પાણીની બે દત્તિ લેવાની

---

૧. અગિયાર અંગોમાં ભગવતીસૂત્રનો પણ સમાવેશ થાય છે. તો પછી અગિયાર અંગોમાંના એક અંગમાંની કથામાં 'અગિયાર અંગ' ભણ્યા એમ કેવી રીતે કહી શકાય? કારણ કે જે ગ્રંથમાં જેનું જીવન હોય તે પુરુષ તે ગ્રંથની પહેલાં હયાત હોય. ટીકાકાર આનો ખુલાસો બે રીતે આપે છે: એક તો, સ્કંદકની વિદ્યમાનતા નથી ત્યાં સુધી સ્કંદકના જેવી બીનાને બીજા કોઈના ચરિત્ર દ્વારા જણાવાય છે; અને સ્કંદક થયા પછી સ્કંદકના ચરિત્રનો આધાર લઈ ને કહેવાય છે. અને બીજું: ગણધરો અતિશય જ્ઞાનવાળા હોવાથી ભવિષ્યકાળની બીના પણ તેઓ જાણીને કહી શકે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. તે જ પ્રમાણે ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી પ્રતિમામાં અનુક્રમે ત્રણ, ચાર, પાંચ, છ અને સાત દત્તિઓ અનુક્રમે ત્રણ, ચાર, પાંચ, છ અને સાત માસ સુધી લેવાની હોય છે. આઠમી પ્રતિમામાં સાત રાત્રીદિવસ પાણી પીધા વિના એકાંતર ઉપવાસ કરવાના હોય છે; પારણામાં આંબેલ[૧] કરવાનું હોય છે; ગામની બહાર રહેવાનું હોય છે; ચતા કે પડખે સૂવાનું હોય છે; તથા ઉભડક બેસીને જે આવે તે સહન કરવાનું હોય છે. ૯મી પ્રતિમામાં તેટલાં જ રાત્રીદિવસ તે પ્રમાણે જ ઉભડક રહેવાનું હોય છે તથા વાંકા લાકડાની પેઠે સૂવાનું હોય છે. ૧૦મી પ્રતિમામાં પણ તેટલા જ રાત્રીદિવસ તે પ્રમાણે જ ગોદોહાસન અને વીરાસનમાં રહેવાનું તથા સંકોચાઈને બેસવાનું હોય છે. ૧૧મી પ્રતિમામાં પાણી વિનાનો છઠ્ઠ – છ ટંકનો ઉપવાસ કરવાનો હોય છે, તથા એક રાત્રીદિવસ ગામ બહાર હાથ લંબાવીને રહેવાનું હોય છે. ૧૨મી પ્રતિમામાં એક અઠ્ઠમ – ત્રણ ઉપવાસ કરીને એક રાત્રી નદી વગેરેને કાંઠે ભોખડ ઉપર આંખો પટપટાવ્યા વિના રહેવાનું હોય છે.

સ્કંદક મુનિએ આ બારે પ્રતિમાઓ[૨] સૂત્ર અનુસાર,

---

૧. આંબેલ એટલે ઘી–દૂધ વગેરે રસ વિનાનું અન્ન એક વાર ખાવું અને ગરમ પાણી પીવું તે.

૨. આ ભિક્ષુપ્રતિમાઓ ગમે તે સાધુ ન કરી શકે; પણ લગભગ દશ પૂર્વ જેટલો જ્ઞાને અભ્યાસ હોય તે જ કરી શકે. "કારણકે તેટલા અભ્યાસી મુનિની વાણી અમોઘ હોય છે; તેથી તે જિનશાસનની વૃદ્ધિ કરવાપૂર્વક લોકકલ્યાણમાં સિદ્ધહસ્ત, સિદ્ધવાક્ હોય છે." અર્થાત્ એ મુનિ પોતાની શક્તિનો ઉપયોગ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર અનુસાર, માર્ગ અનુસાર, સત્યતાપૂર્વક અને સારી રીતે સ્પર્શી, પાળી, શોભાવી અને સમાપ્ત કરી.[૧]

ત્યાર પછી સ્કંદક મુનિએ મહાવીર ભગવાન પાસે આવી 'ગુણરત્ન સંવત્સર' નામનું તપ સ્વીકારવાની પરવાનગી માગી. અને તેમણે પણ તે પરવાનગી આપી. તે તપનો વિધિ આ પ્રમાણે છે: પહેલા માસમાં નિરંતર ચતુર્થના ઉપવાસ કરવા એટલે કે ચાર ટંક ન ખાવું[૨]; દિવસે સૂર્યની સામે નજર માંડી જ્યાં તડકો આવતો હોય તેવી જગામાં (આતાપના ભૂમિમાં) ઉભડક બેસી રહેવું; તથા રાત્રીએ કાંઈ

લોકકલ્યાણમાં જ કરે છે. સ્કંદક મુનિ પૂર્વ ગ્રંથો ભણ્યા જ નહોતા. છતાં તેમને મહાવીરે પોતે પ્રતિમાઓની પરવાનગી આપેલી તેથી તેમાં કોઈ દોષ નથી.

૧. આ પ્રતિમાઓ સ્વીકારતા પહેલાં તે પ્રતિમામાં જે જાતનો નીરસ આહાર લેવાતો હોય તથા જેવી જાતનું ધ્યાન અને વિચરણ થતું હોય તે બધું પોતાની જાત ઉપર અજમાવી લેવું જોઈએ, જેથી તે બરાબર પાર પડી શકે. 'જે પ્રતિમા જેટલા કાળ સુધી ચાલવાની હોય તેટલા કાળ સુધી તેનો અભ્યાસ કરવો જોઈએ.' આ નિયમ શરૂઆતની સાત પ્રતિમાને લાગુ પડે છે. સાત પ્રતિમામાંની પહેલી અને બીજીનો તો એક સાથે એક વર્ષમાં અભ્યાસ થાય છે. પછીની ત્રીજીના અભ્યાસ માટે એક વર્ષની જરૂર છે; તથા ચોથી માટે પણ એમ છે. પછીની ત્રણ પ્રતિમાઓનો અભ્યાસ જુદે વર્ષે થાય છે, તથા તેનો સ્વીકાર પણ જુદે વર્ષે થાય છે; એક જ વર્ષમાં સાથે તેનો અભ્યાસ અને સ્વીકાર થઈ શકતો નથી. એ પ્રમાણે શરૂઆતની સાત પ્રતિમાઓ ૭ વર્ષ વડે સમાપ્ત થાય છે.

૨. જુઓ પા. ૩૪૬, નોંધ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પણ વસ્ત્ર ઓઢ્યા પહેર્યા વિના વીરાસને બેસી રહેવું[૧]. પછી બીજે મહિને તે જ પ્રમાણે નિરંતર છઠના એટલે કે છ ટંકના ઉપવાસ કરવા; પછી ત્રીજે મહિને નિરંતર અઠ્ઠમ એટલે કે આઠ ટંકના ઉપવાસ કરવા; ચોથે માસે દશમ એટલે કે દશ ટંકના ઉપવાસ કરવા; પાંચમે માસે દ્વાદશ એટલે કે બાર ટંકના ઉપવાસ કરવા; છઠ્ઠે માસે ચતુર્દશ એટલે કે ચૌદ ટંકના ઉપવાસ કરવા; સાતમે માસે ષોડશ એટલે કે સોળ ટંકના ઉપવાસ કરવા; આઠમે માસે અષ્ટાદશ એટલે કે અઢાર ટંકના ઉપવાસ કરવા; નવમે માસે વિંશતિ એટલે કે વીસ ટંકના ઉપવાસ કરવા; દશમે માસે દ્વાવિંશતિ એટલે કે બાવીશ ટંકના ઉપવાસ કરવા; અગિયારમે માસે ચતુર્વિંશતિ એટલે કે ચોવીસ ટંકના ઉપવાસ કરવા; બારમે માસે ષડ્વિંશતિ એટલે કે છવ્વીસ ટંકના ઉપવાસ કરવા; તેરમે માસે અષ્ટાવિંશતિ એટલે કે અઠ્ઠાવીસ ટંકના ઉપવાસ કરવા; ચૌદમે માસે ત્રિંશત્ એટલે કે ત્રીસ ટંકના ઉપવાસ કરવા; પંદરમે માસે દ્વાત્રિંશત્ એટલે કે બત્રીસ ટંકના ઉપવાસ કરવા; તથા સોળમે માસે નિરંતર ચોત્રીસ ટંકના ઉપવાસ કરવા. દિવસ અને રાત દરમ્યાન જે રીતે બેસવાનું શરૂઆતમાં જણાવ્યું છે, તે બધે જ કાયમ ગણવું.

નોંધ: આમ આ તપમાં કુલ તેર માસ અને સત્તર દિવસ ઉપવાસના છે, અને ૭૩ દિવસ પારણાના છે. તે

---

૧. દિવસે નિતંબના ભાગ જમીનને ન અડકે તેમ ઉભડક બેસવું; અને રાત્રે વીરાસને બેસવું એટલે કે સિંહાસન વિના, સિંહાસન ઉપર બેઠા હોય તે રીતે ઊભા રહેવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે: પહેલા માસમાં પંદર દિવસ ઉપવાસના અને પંદર દિવસ પારણાના છે; બીજામાં વીસ ઉપવાસના અને ૧૦ પારણાના; ત્રીજામાં તે જ પ્રમાણે અનુક્રમે ૨૪ અને ૮; ચોથામાં ૨૪ અને ૬; પાંચમામાં ૨૫ અને ૫, છઠ્ઠામાં ૨૪ અને ૪; સાતમામાં ૨૧ અને ૩, આઠમામાં ૨૪ અને ૩; નવમામાં ૨૭ અને ૩; દશમામાં ૩૦ અને ૩; ૧૧માંમાં ૩૩ અને ૩; ૧૨માંમાં ૨૪ અને ૨; ૧૩માંમાં ૨૬ અને ૨; ૧૪માંમાં ૨૮ અને ૨; ૧૫માંમાં ૩૦ અને ૨; અને ૧૬માંમાં ૩૨ અને ૨. જે માંસમાં દિવસો ખૂટતા હોય તે આગળના માસમાંથી ખેંચીને પૂરા કરવા. અર્થાત્ જેમાં ૩૨ દિવસ તપ કરવાનું કહ્યું હોય, તે માસની પાસેના માસના બે દિવસો ઉપરના માસમાં ખેંચી લેવા; અને જે માસમાં તપ કરતાં વધારે દિવસો હોય તે દિવસો તેની પછીના માસમાં મેળવી દેવા.

હવે સ્કંદક મુનિ આ પ્રકારના ઉદાર (આશા વિનાના), વિસ્તીર્ણ, કલ્યાણરૂપ, મંગળરૂપ, શોભાયુક્ત, (સારી રીતે પાળેલું હોવાથી) ઉત્તમ, ઉજ્જ્વળ, અને મોટા પ્રભાવવાળા તપકર્મથી શુષ્ક થઈ ગયા, ભૂખને પ્રભાવે રૂખા થઈ ગયા, માંસરહિત થયા, તથા માત્ર હાડકાં અને ચામડાથી જ ઢંકાયેલા રહ્યા. તે ચાલતા ત્યારે શરીરનાં બધાં હાડકાં ખડખડતાં હતાં તથા તેમના શરીરની નાડીઓ ઉપર તરી આવી હતી. હવે તે માત્ર પોતાના આત્મબળથી જ ચાલવું બેસવું વગેરે ક્રિયાઓ કરી શકતા હતા. તે એટલા બધા દુર્બળ થઈ ગયા હતા કે, બોલી રહ્યા પછી, અને બોલતાં બોલતાં તથા બોલવાનું કામ પડે ત્યારે પણ ગ્લાનિ પામતા હતા. પાંદડાં,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તલ કે તેવા સૂકા સામાનથી ભરેલી સગડીને કોઈ ઢસડે ત્યારે જેવો અવાજ થાય, તેવો જ અવાજ તે સ્કંદક મુનિ ચાલતા ત્યારે પણ થતો. તે મુનિ તપથી પુષ્ટ હતા, જોકે માંસ અને લોહીથી ક્ષીણ હતા. તેમ છતાં રાખમાં ભારેલા અગ્નિની જેમ તે તપ અને તેજથી શોભતા હતા.

હવે કોઈ એક દિવસે રાત્રીને પાછલે પહોરે જાગતાં જાગતાં તથા ધર્મ વિષે વિચાર કરતાં તે સ્કંદક મુનિના મનમાં આ પ્રમાણે સંકલ્પ થયો કે, હું અનેક પ્રકારના તપકર્મથી દૂબળો થઈ ગયો છું, બોલતાં બોલતાં પણ થાકી જાઉં છું, તથા ચાલું છું ત્યારે પણ સૂકાં લાકડાં વગેરેથી ભરેલી સગડીઓ ઢસડાતી હોય તેવો અવાજ થાય છે. આવી સ્થિતિમાં પણ હજુ જ્યાં સુધી મારામાં ઊઠવાની શક્તિ, કર્મ, બળ, વીર્ય અને પુરુષકાર-પરાક્રમ છે, ત્યાં સુધી હું મારા ધર્માચાર્ય શ્રમણભગવંત પાસે જઈને અનશન વ્રત સ્વીકારું. માટે આવતી કાલે મળસકું થયા પછી[૧] શ્રીરાજગૃહનગરમાં પધારેલા મહાવીર ભગવાન પાસે જઈ, તેમની અનુમતિ લઈ, પાંચ મહાવ્રતોને આરોપી, શ્રમણ તથા શ્રમણીઓની ક્ષમા માગી, ઉત્તમ સ્થવિરો સાથે વિપુલ પર્વત ઉપર ધીમે ધીમે

---

૧. મૂળમાં 'કોમળ કમળ ખીલ્યા પછી, કમલ નામના હરણની આંખો ઊઘડ્યા પછી, નિર્મળ પ્રભાત થયા પછી, અને રાતા અશોક જેવા પ્રકાશવાળો; કેસુડાં, પોપટની ચાંચ અને ચણોઠીના અડધા ભાગ જેવો લાલ; કમળના સમૂહવાળા વનખંડોને વિકસાવનારો; હજાર કિરણોવાળો તથા તેજથી જાજ્વલ્યમાન સૂર્ય ઊગ્યા પછી,' એટલું વધારે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચડી, મેઘના સમૂહ જેવા વર્ણવાળી અને દેવોને ઊતરવાના કેકાણારૂપ કાળી શિલાને જોઈ-તપાસી, તેના ઉપર ડાભનો સંથારો પાથરી, ખાનપાનનો ત્યાગ કરી, સંલેખના[1] વ્રત સ્વીકારી, તથા મૃત્યુની કાંક્ષા તજી, હું વૃક્ષની પેઠે સ્થિર થાઉં.

તે પ્રમાણે મહાવીર ભગવાનની અનુમતિ મેળવીને તે સ્કંદક મુનિ વિપુલ પર્વત ઉપર ધીરે ધીરે ચડ્યા અને કાળી શિલાનો ભાગ જોઈ-તપાસી, પાસે મલમૂત્રનાં સ્થાનો જોઈ-તપાસી,[2] તેના ઉપર ડાભનો સંથારો પાથરી, પૂર્વ દિશામાં મુખ રાખી, પર્યંકાસને (પદ્માસને) બેસી, દશે નખ સહિત બંને હાથ ભેગા કરી, તથા માથા સાથે અડકાડી, આ પ્રમાણે બોલ્યા :

"અરિહંતભગવંતો, સિદ્ધો વગેરેને નમસ્કાર! તથા અચળસ્થાનને પામવાની ઇચ્છાવાળા શ્રમણભગવંત મહાવીરને નમસ્કાર! ત્યાં રહેલા શ્રમણભગવંત મહાવીરને અહીં રહેલો હું વંદું છું. ત્યાં રહેલા શ્રમણભગવંત મહાવીર અહીં રહેલા મને જુઓ. મેં પહેલાં પણ શ્રમણભગવંત મહાવીરની પાસે 'કોઈ પણ જીવનો વિનાશ ન કરવો, તથા કોઈ પણ પ્રકારે કોઈને દુઃખ ન દેવું' એવો નિયમ જિંદગી ટકે ત્યાં સુધી લીધો હતો; તેમ જ તે તથા બીજા પણ નિયમો લીધા હતા; 'વસ્તુનું જ્ઞાન જેવી વસ્તુ હોય તેવું જ કરવું, પણ તેથી જુદું કે ઊલટું ન કરવું' એવો નિયમ પણ જીવું ત્યાં સુધી

---

૧. શરીર અને કષાયોને અનાહારથી કૃશ કરવારૂપી તપ.

૨. પાદપોપગમન અવસ્થા સ્વીકાર્યા પહેલાં લઘુશંકા વગેરેની જરૂર રહે છે; તે માટે. પછી તો હાલવાચાલવાનું હોતું જ નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પાળવાનો નિર્ણય કર્યો હતો. અત્યારે પણ શ્રમણભગવાન મહાવીર પાસે તે બધા નિયમો લઉં છું, તથા સર્વ પ્રકારની ખાવાની વસ્તુનો, સર્વ પ્રકારની પીવાની વસ્તુનો, સર્વ પ્રકારનાં મેવા-મીઠાઈનો, અને સર્વ પ્રકારના મશાલા-મુખવાસનો એમ ચારે જાતના આહારનો જ્યાં સુધી જીવું ત્યાં સુધી ત્યાગ કરું છું. વળી દુઃખ દેવાને અયોગ્ય, ઇષ્ટ, કાંત અને પ્રિય એવું જે મારું શરીર છે, તેને પણ હું મારા છેલ્લા શ્વાસોચ્છ્વાસે ત્યાગી દઈશ." આ પ્રમાણે તેમણે ખાનપાનનો ત્યાગ કરી, ઝાડની પેઠે સ્થિર રહી, મૃત્યુની આકાંક્ષા કર્યા વિના રહેવા માંડ્યું.

આ પ્રમાણે સ્કંદક મુનિ ૬૦ ટંક ખાધા વિના વીતાવી, પોતે કરેલા દોષોની કબૂલાત (આલોચના) અને પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત કરી, મરણ પામ્યા. પછી તેમને મરણ પામેલા જાણી પેલા સ્થવિર ભગવંતોએ તેમના પરિનિર્વાણ નિમિત્તે ધ્યાન (કાયોત્સર્ગ) કર્યું; તથા તેમનાં વસ્ત્રો અને પાત્રો લઈ તેઓ શ્રીમહાવીર ભગવાન પાસે આવ્યા અને શ્રીસ્કંદકમુનિના[૧] મરણની વાત કરી, તેમનાં વસ્ત્રપાત્રો તેમને નિવેદિત કર્યાં.

પછી, 'હે ભગવન્!'. એમ કહી ભગવાન ગૌતમે શ્રમણભગવાન મહાવીરને વંદન કરી આ પ્રમાણે પૂછ્યું :

---

૧. અહીં મૂળમાં તેમનાં આટલાં વિશેષણ આપ્યાં છે : સ્વભાવે ભદ્ર, વિનયી, શાંત, ઓછા ક્રોધ-માન-માયા-લોભવાળા, અત્યંત નિરભિમાની, ગુરુની ઓથે રહેનારા, કોઈને ન સંતાપનારા અને ગુરુભક્ત.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

"આપના શિષ્ય સ્કંદક મરણ પામી ક્યાં ગયા છે, અને ક્યાં ઉત્પન્ન થયા છે?"

ત્યારે, 'હે ગૌતમ!' એમ કહી તેમણે જવાબ આપ્યો, "તે સાધુ અચ્યુતકલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા છે; તે કલ્પમાં કેટલાક દેવોનું ૨૨ સાગરોપમનું આયુષ્ય છે. સ્કંદક દેવનું પણ તેટલું જ છે. તે ભવનો ક્ષય થયા પછી તે દેવ ત્યાંથી ચ્યુત થઈ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો વિનાશ કરશે.

— શતક ૨, ઉદ્દે૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨

દેવરાજ ઈશાનેંદ્ર

'સૂર્યચંદ્રાદિ જ્યોતિષ્ક દેવોના ચક્રની ઉપર અસંખ્યાત યોજન ચડ્યા પછી, સૌધર્મ, ઐશાન આદિ બાર સ્વર્ગલોક છે. તે એકએકથી ઉપર આવેલા છે. ઐશાન કલ્પ અનુક્રમમાં બીજો છે. ઐશાન કલ્પનો ઇંદ્ર ઈશાન કહેવાય છે.'

એક વખત પોતાની સુધર્મા નામની સભામાં, ઈશાન નામના સિંહાસન ઉપર, દેવેંદ્ર દેવરાજ ઈશાન પોતાના પરિવાર સાથે બેઠો હતો. ત્યાં તેણે પોતાના અવધિજ્ઞાનથી રાજગૃહ નગરમાં પધારેલ મહાવીર ભગવાનને જોયા. તેમને જોઈ, તે એકાએક પોતાના આસન ઉપરથી ઊભો થઈ ગયો, અને સાત આઠ પગલાં તીર્થંકરની સામો ગયો. પછી કપાળે હાથ જોડી તેણે તેમને વંદન કર્યું. ત્યારબાદ પોતાના આભિયોગિક[1] દેવોને બોલાવીને તેણે કહ્યું કે, હે દેવો! તમે

---

૧. તે સેવક જેવા હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાજગૃહ નગરમાં જાઓ અને ભગવાન મહાવીરને વંદનાદિ કરી, એક યોજન જેટલું વિશાળ ક્ષેત્ર સાફ કરો; તથા મને તરત ખબર આપો. તેમણે તેમ કર્યા બાદ ઈશાનેંદ્રે પોતાના સેનાપતિને કહ્યું કે, તું ઘંટ વગાડીને બધાં દેવ-દેવીને ખબર આપ કે 'ઈશાનેંદ્ર મહાવીર ભગવાનને વંદન કરવા જાય છે, માટે તમે જલદી તમારા ઐશ્વર્ય સહિત તૈયાર થઈને તેની પાસે જાઓ.' પછી તે બધાથી વીંટળાઈને એક લાખ યોજનના પ્રમાણવાળા વિમાનમાં બેસી તે ઇંદ્ર મહાવીરને વંદન કરવા નીકળ્યો. રસ્તામાં નંદીશ્વર દ્વીપમાં તેણે પોતાનું મોટું વિમાન ટૂંકું કર્યું. પછી તે રાજગૃહ નગરમાં ગયો. ત્યાં તેણે ભગવંતને ત્રણ પ્રદક્ષિણાઓ કરી. પછી, પોતાના વિમાનને જમીનથી ચાર આંગળ ઊંચું રાખી, ભગવંતની પાસે જઈ, તે તેમની પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યારબાદ ભગવાનની પાસે ધર્મ સાંભળી, તે ઇંદ્ર આ પ્રમાણે બોલ્યો : 'હે ભગવન્! તમે તો બધું જાણો છો અને જુઓ છો. માત્ર ગૌતમાદિ મહર્ષિઓને હું દિવ્ય નાટચવિધિ દેખાડવા ઇચ્છું છું.' એમ કહી, તેણે ત્યાં એક દિવ્ય મંડપ ખડો કર્યો. તેની વચ્ચે મણિપીઠિકા અને સિંહાસન પણ રચ્યું. પછી ભગવાનને પ્રણામ કરી તે ઇંદ્ર તે સિંહાસન ઉપર બેઠો. પછી તેના જમણા હાથમાંથી ૧૦૮ દેવકુમારો નીકળ્યા; અને ડાબા હાથમાંથી ૧૦૮ દેવકુમારીઓ નીકળી. પછી અનેક જાતનાં વાજિંત્ર અને ગીતોના શબ્દથી તેણે બત્રીશ[1] જાતનું નાટક ગૌતમાદિને દેખાડ્યું. ત્યાર બાદ પોતાની

---

૧. જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બધી ઋદ્ધિને સંકેલી લઈ, પોતે જ્યાંથી આવ્યો હતો ત્યાં તે પાછો ચાલ્યો ગયો.

પછી ગૌતમે ભગવાનને પ્રશ્ન પૂછ્યો : હે ભગવન્! દેવરાજ ઈશાને આ બધી દિવ્ય ઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવપ્રભાવ શી રીતે પ્રાપ્ત કર્યો? તે પૂર્વભવમાં કોણ હતો? તેણે શું સાંભળ્યું હતું, શું દીધું હતું, શું ખાધું હતું, શું આચર્યું હતું, તથા કયા શ્રમણ યા બ્રાહ્મણ પાસે એવું એક પણ કર્યું આર્ય અને ધાર્મિક વચન સાંભળીને અવધાર્યું હતું, કે જેને લઈને તેને આ બધું પ્રાપ્ત થયું?

મ૦—હે ગૌતમ! તામ્રલિપી[1] નામની નગરીમાં તામલી નામનો મૌર્યવંશી ગૃહસ્થ રહેતો હતો. તે અતિ ધર્મસંપન્ન હતો. એક વખત તેને રાત્રીના આગળના અને પાછળના ભાગમાં — મધરાતે — જાગતાં જાગતાં કુટુંબની ચિંતા કરતાં એવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો કે, પૂર્વે કરેલાં, સારી રીતે આચરેલાં, સુપરાક્રમયુક્ત, શુભ અને કલ્યાણરૂપ મારાં કર્મોનો કલ્યાણફળરૂપ પ્રભાવ હજુ સુધી જાગતો છે કે જેથી મારે ઘેર હિરણ્ય (રૂપું), સુવર્ણ, ધન,[2] ધાન્ય, પુત્ર, પશુ વગેરે પુષ્કળ વધતાં જાય છે. તો શું હું

૧. મહાવીરના સમયમાં તે બંગાળ દેશની મુખ્ય રાજધાની તરીકે ગણાતી હતી.

૨. ધનના ચાર પ્રકાર: ગણિમ (ગણવા લાયક: જાયફળ સોપારી વગેરે); ધરિમ (ધરી રાખવા લાયક — કંકુ, ગોળ વગેરે); મેય [માપવા લાયક: ચોપ્પટ (?), લવણ વગેરે]; અને પરિચ્છેદ્ય (એટલે પહેરવા લાયક: રત્નો, વસ્ત્રો વગેરે).

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વે કરેલાં તે કર્મો તદ્દન ખરચાઈ જાય તે બેઠો બેઠો જોયા કરું? તથા ભવિષ્યત્ લાભ વિષે બેદરકાર રહું? જરાય નહિ! ઊલટું, મારે તો જ્યાં સુધી મારા મિત્રો, જ્ઞાતિજનો, અને સગાંસંબંધીઓ વગેરે મારો આદર કરે છે, અને મને કલ્યાણરૂપ જાણી ચૈત્યની પેઠે મારી વિનયપૂર્વક સેવા કરે છે, ત્યાં સુધી મારું કલ્યાણ સાધી લેવાની જરૂર છે. માટે કાલે સવાર થયે સૂર્ય ઊગ્યા પછી મારાં સગાંવહાલાંને નોતરી, જમાડી, તેમની સમક્ષ મારા મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપી, લાકડાનું પાત્ર લઈને, મુંડ થઈને 'પ્રાણામા' નામની દીક્ષા[1] વડે દીક્ષિત થાઉં. દીક્ષિત થયા બાદ જીવીશ ત્યાં સુધી હું નિરંતર છ ટંકના ઉપવાસ કરીશ તથા સૂર્યની સામે ઊંચા હાથ રાખી તડકો સહન કરીશ; પારણાને દિવસે આતાપના લેવાની જગાએથી ઊતરી લાકડાનું પાત્ર લઈ તામ્રલિપ્તી નગરીમાં ઊંચ – નીચ – મધ્યમ કુળોમાંથી, ભિક્ષા લેવાની વિધિપૂર્વક, દાળ શાક વિનાના કેવળ રાંધેલા ચોખા લાવી તેમને પાણી વડે એકવીસ વાર ધોઈ, ત્યાર પછી ખાઈશ.

તે પ્રમાણે બીજે દિવસે તેણે પ્રાણામા દીક્ષા તેમ જ ધોયેલા ચોખા ખાવાનો નિયમ લીધો. પ્રાણામા દીક્ષા લેનાર જ્યાં જ્યાં ઇંદ્ર, સ્કંદ (કાર્તિકેય), રુદ્ર, શિવ,[2] કુબેર, પાર્વતી, મહિષાસુરને કૂટતી ચંડિકા, રાજા, યુવરાજ,

---

૧. તેમાં વારંવાર પ્રણામ કરવાના હોય છે.

૨ એક જાતનો વ્યંતર: અથવા અમુક જાતનો આકાર ધારણ કરનાર રુદ્ર. —ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તલવરો[૧], માડંબિક[૨], કૌટુંબિક, ઇભ્ય[૩], શ્રેષ્ઠી[૪], સેનાપતિ, સાર્થવાહ, કાગડો, કૂતરો તથા ચાંડાળ જુએ છે, ત્યાં ત્યાં તેને પ્રણામ કરે છે : ઊંચાને જોઈને ઊંચી રીતે પ્રણામ કરે છે; નીચાને જોઈને નીચી રીતે પ્રણામ કરે છે; જેને જેવી રીતે જુએ છે, તેવી રીતે તેને પ્રણામ કરે છે.

ત્યાર પછી તે મૌર્યપુત્ર તામલી તેવા બાલ (મૂઢ) તપ-કર્મ વડે સુકાઈ ગયા અને દુબળા થયા. પછી કોઈ વખત મધરાતે જાગતાં જાગતાં, અનિત્યતા સંબંધે વિચાર કરતાં તે તામલી બાલ તપસ્વીને એવો વિકલ્પ થયો કે, હજુ જ્યાં સુધી મારામાં ઊઠવા બેસવાની શક્તિ છે, ત્યાં સુધી હું આવતી કાલે સૂર્યોદય પછી મારા બધા જાણીતા ગૃહસ્થો તથા સાધુઓને પૂછીને ચાખડી, કૂંડી, લાકડાનું પાત્ર વગેરે મારાં ઉપકરણોને અલગાં કરી, તામ્રલિપ્તી નગરના ઈશાન-ખૂણામાં નિર્વર્તનિક મંડળને આલેખી (એટલે કે પોતાના શરીર જેટલી જગાની આસપાસ કૂંડાળું દોરી), ખાવાપીવાનો ત્યાગ કરી, વૃક્ષની પેઠે સ્થિર રહી, મૃત્યુની આકાંક્ષા કર્યા વિના રહું.

---

૧. રાજાએ ખુશી થઈ જેઓને પટ્ટા આપ્યા છે તેવા રાજા જેવા પુરુષો.

૨. જેની આસપાસ વસતી કે ગામ ન હોય તેવા સ્થળને મડંબ કહે છે; અને તેના માલિકને માડંબિક કહે છે.

૩. જેના દ્રવ્યના ઢગલામાં મોટો હાથી-જેવડ ઢંકાઈ જાય તે.

૪. શ્રીદેવતાની મૂર્તિવાળા સુવર્ણપટ્ટને જેઓ માથા પર બાંધે છે તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બીજે દિવસે તેણે તે પ્રમાણે અનશનવ્રત સ્વીકાર્યું. તે સમયે બલિચંચા[1] નગરીમાં વસનારા અસુરકુમારદેવોએ વિચાર કર્યો કે, હાલમાં બલિચંચા નગરી ઇંદ્ર અને પુરોહિત વિનાની છે; તથા આપણે બધા ઇંદ્રને તાબે રહેનારા છીએ અને આપણું બધું કાર્ય ઇંદ્રને તાબે છે; માટે આપણે તામલી તપસ્વીને બલિચંચા નગરીમાં ઇંદ્ર તરીકે આવવાનો સંકલ્પ કરાવીએ.

આમ વિચારી તેઓ દિવ્યગતિથી[2] બાલતપસ્વી તામલી તપ કરતો હતો ત્યાં આવ્યા, અને તેની બરાબર સામે ઊભા રહી, તેને પોતાની દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ, દિવ્ય દેવ-પ્રભાવ અને ૩૨ જાતનો દિવ્ય નાટકવિધિ બતાવ્યો. ત્યાર બાદ તેની ત્રણ પ્રદક્ષિણા કરીને તથા તેને વંદન કરીને તેમણે કહ્યું : "હે દેવાનુપ્રિય! અમે બલિચંચા નગરીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો તથા દેવીઓ આપને વંદીએ છીએ. હાલમાં અમારી રાજધાની ઇંદ્ર અને પુરોહિત વિનાની છે; માટે તમે બલિચંચાના સ્વામી થવાનો સંકલ્પ કરો." એ પ્રમાણે તેઓએ ત્રણ વાર કહ્યું છતાં તામલીએ મૌન રહી કાંઈ જવાબ ન આપ્યો. તેથી તેઓ પાછા ચાલ્યા ગયા.

પછી બે માસ – ૧૨૦ ટંક – સુધી અનશન વ્રત ધારણ

---

૧. ઉત્તર દિશાના અસુરકુમારોના ઇંદ્ર બલિની રાજધાની.

૨. મૂળમાં તેમની દિવ્યગતિનાં ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપલ, ચંડ, જયવતી, (બીજાઓની ગતિઓને જીતનારી), નિપુણ, સિંહ જેવી (શ્રમરહિત હોવાથી), શીઘ્ર, ઉદ્ધૂત (વેગવતી) — એવાં વિશેષણ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા બાદ મૃત્યુ પામી[૧] તે તપસ્વી ઈશાન કલ્પમાં, ઈશાનાવતંસક વિમાનમાં, ઉપપાત[૨] સભામાં, દેવશય્યામાં, દેવવસ્ત્રથી ઢંકાયેલ તથા આંગળના અસંખ્યેય ભાગ જેટલી અવગાહનામાં ઈશાનદેવેંદ્રપણે જન્મ ધારણ કર્યો. તે વખતે તે સ્વર્ગ ઇંદ્ર અને પુરોહિત વિનાનું હતું.

જ્યારે અસુરકુમારોએ જાણ્યું કે તામલી ઈશાનકલ્પમાં દેવેંદ્રપણે ઉત્પન્ન થયો, ત્યારે તેઓ ઘણા ગુસ્સે થયા. પછી તેમણે તામ્રલિપ્તીમાં જઈ તામલીના મુડદાને ડાબે પગે દોરડી બાંધીને તથા તેના મોંમાં ત્રણ વાર થૂંકીને, તે નગરના બધા માર્ગોમાં ઢસડ્યું તથા તેની મન ભાવતી કદર્થના કરી. પછી તેને એક બાજુ ફેંકી તેઓ પાછા ચાલ્યા ગયા.

આ બધું ઈશાન કલ્પનાં ઘણાં દેવ–દેવીઓએ જોયું. એટલે તેઓએ દેવરાજ ઈશાનને તેની ખબર કહી. આ સાંભળી ગુસ્સે થઈ તે દેવરાજે દેવશય્યામાં રહ્યા રહ્યા બલિચંચા નગરી તરફ ક્રોધપૂર્વક કપાળમાં ત્રણ આડ પડે તેમ ભવાં ચડાવીને જોયું. તે જ સમયે તે દિવ્ય પ્રભા વડે તે નગરી અંગારા જેવી, આગના કણિયા જેવી, રાખ જેવી, તપેલી રેતીના કણિયા જેવી તથા ખૂબ તપેલી લાય જેવી થઈ ગઈ. એ જોઈ અસુરકુમારો ભયથી વ્યાકુળ થઈ ગયા, અને ચારે બાજુ નાસભાગ કરી સંતાવા લાગ્યા. પછી

---

૧. મૂળમાં '૬૦,૦૦૦ વર્ષ સુધી સાધુપણે રહીને' એમ છે.

૨. દેવોને માતાના ગર્ભમાંથી યોનિ વાટે જન્મ નથી લેવો પડતો; તેઓ સીધા દેવશય્યામાં દેવવસ્ત્રથી ઢંકાયેલા જન્મે છે. તે જન્મ ઉપપાત કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે તેઓએ જાણ્યું કે, આમ થવાનું કારણ ઈશાનેંદ્રનો કોપ છે, ત્યારે તેઓ દેવરાજ ઈશાનેંદ્ર સામે અંજલિ જોડી કરગરવા લાગ્યા. પછી ઈશાનેંદ્રે પોતાની પ્રભા (તેજોલેશ્યા) પાછી ખેંચી લીધી. ત્યારથી અસુરકુમાર દેવો તથા દેવીઓ તેની આજ્ઞામાં અને તાબામાં રહે છે. હે ગૌતમ! દેવેંદ્ર દેવરાજ ઈશાનેંદ્રે પોતાની દિવ્ય દેવઋદ્ધિ આ પ્રમાણે મેળવી છે.

શતક ૩, ઉદ્દે૦ ૧

ટિપ્પણો

ટિપ્પણ નં૦ ૧ :

રાજપ્રશ્નીય સૂત્રમાં ૩૨ પ્રકારના નાટચવિધિનું સવિસ્તર વર્ણન છે. તેનાં નામ નીચે પ્રમાણે છે :

૧. અષ્ટ મંગલના આકારોનો અભિનય. (સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કલશ, મત્સ્ય, અને દર્પણ એ આઠ મંગલો.) ૨. આવર્ત, પ્રત્યાવર્ત, મત્સ્યાણ્ડક, જાર, માર, પદ્મપત્ર, વાસંતીલતા અને પદ્મલતા વગેરેના ચિત્રનો અભિનય. ૩. ઈહામૃગ, ઋષભ, તુરગ, નર, મકર, વિહગ, કિંનર, કુંજર, વનલતા અને પદ્મલતા વગેરેના ચિત્રનો અભિનય. ૪. એકતઃચક્ર, દ્વિધાચક્ર, ચક્રાર્ધ વગેરેનો અભિનય. ૫. ચંદ્રાવલિપ્રવિભાગ, સૂર્યાવલિપ્રવિભાગ, હંસાવલિપ્રવિભાગ વગેરેનો અભિનય. ૬. ઉદ્‌ગમનોદ્‌ગમન પ્રવિભાગ. ૭. આગમાગમન પ્રવિભાગ ૮. આવરણાવરણપ્રવિભાગ. ૯. અસ્તગમનાસ્તગમનપ્રવિભાગ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦. મંડલપ્રવિભાગ. ૧૧. દ્રુતવિલંબિત. ૧૨. સાગર-નાગ પ્રવિભાગ. ૧૩. નંદા-ચંપા પ્રવિભાગ. ૧૪. મત્સ્યાણ્ડક-મકરાણ્ડક-જર-મર પ્રવિભાગ. ૧૫. કવર્ગપ્રવિભાગ. ૧૬. ચવર્ગ પ્રવિભાગ. ૧૭. ટવર્ગ પ્રવિભાગ. ૧૮. તવર્ગ પ્રવિભાગ. ૧૯. પવર્ગ પ્રવિભાગ. ૨૦. પલ્લવપ્રવિભાગ. ૨૧. લતાપ્રવિભાગ. ૨૨. દ્રુત. ૨૩. વિલંબિત. ૨૪. દ્રુતવિલંબિત. ૨૫. અંચિત. ૨૬. રિભિત. ૨૭. અંચિતરિભિત. ૨૮. આરભટ. ૨૯. ભસોલ. ૩૦. આરભટ ભસોલ. ૩૧. ઉત્પાત, નિપાત, પ્રસક્ત, સંકુચિત, રેચિત, ભ્રાન્ત વગેરે અભિનય. ૩૨. ચરમચરમ અને અનિબદ્ધનામ.

આ બધા અભિનયો વિષે જૈન ગ્રંથોમાં કોઈ જાણવા જોગ ઉલ્લેખ મળતો જણાતો નથી. કેટલાક પ્રકારો તો સમજમાં જ આવતા નથી; કેટલાંક નામો તો અશુદ્ધ જ લખાયેલાં લાગે છે. ટીકાકારોએ પણ નામો આપવા સિવાય અન્ય વિવેચન આપ્યું નથી. આમાંનાં કેટલાંકનાં નામ ભરતનાટ્યશાસ્ત્રના ૯ મા અધ્યાયમાં વર્ણવેલા અભિનયોના પ્રકાર સાથે મળતાં આવે છે. તે ઉપરથી જણાય છે કે એ બધા સામાન્ય રીતે હાથ વગેરે અવયવોના અભિનયોનાં નામ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩

અસુરરાજ ચમર

રાજગૃહનગરમાં મહાવીર ભગવાન પધાર્યા હતા, તે વખતે અસુરરાજ ચમર ગૌતમાદિને નાટચવિધિ દેખાડી ગયો. તે ઉપરથી ગૌતમ પ્રશ્ન પૂછે છે :

ગૌ૦—હે ભગવન્! અસુરકુમાર દેવો ક્યાં રહે છે?

મ૦—હે ગૌતમ! એક લાખ અને એંશી હજાર યોજનની જાડાઈવાળી આ રત્નપ્રભા પૃથિવીની વચગાળે તે અસુરકુમાર દેવો રહે છે. [અસુરકુમારોનો આવાસ દક્ષિણે અને ઉત્તરે એમ બે દિશામાં આવેલો છે. તેમાં દક્ષિણમાં ચમર અને ઉત્તરમાં બલિ એ નામના બે ઇંદ્રો છે. ચમરની રાજધાનીને ચમરચંચા અને બલિની રાજધાનીને બલિચંચા કહેવામાં આવે છે. ચમરચંચામાં ૩૪ લાખ ઘર છે, અને બલિચંચામાં ૩૦ લાખ છે. તે દેવોનું આયુષ્ય ઓછામાં ઓછું દશ હજાર વર્ષ અને વધારેમાં વધારે એક સાગરોપમ વર્ષોથી અધિક છે].

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! તે અસુરકુમારોમાં પોતાના સ્થાનથી ઊંચે નીચે જવાનું સામર્થ્ય છે ખરું?

મ૦—હે ગૌતમ! તેઓ પોતાના સ્થાનથી નીચે (નરકની) સાતમી પૃથ્વી સુધી જઈ શકે; પરંતુ તેઓ ત્યાં સુધી ગયા નથી, જશે નહિ અને જતા પણ નથી. તેઓ માત્ર ત્રીજી પૃથ્વી સુધી જાય છે, ગયા છે અને જશે પણ ખરા. પોતાના જૂના શત્રુને દુઃખ દેવા અને પોતાના જૂના મિત્રને સુખી કરવા તે દેવો ત્રીજી પૃથિવી સુધી ગયા છે, જાય છે તથા જશે.

તે પ્રમાણે પોતાના સ્થાનથી તીરછે પણ અસંખ્ય દ્વીપ અને સમુદ્ર સુધી જવાની તેઓની શક્તિ છે; પરંતુ તેઓ અરિહંત ભગવંતોના જન્મ-દીક્ષા-જ્ઞાનોત્પત્તિ-અને પરિનિર્વાણના ઉત્સવો નિમિત્તે નંદીશ્વર દ્વીપ સુધી જ જાય છે, ગયા છે, અને જશે.

પોતાના સ્થાનથી ઊંચે તેઓ અચ્યુત કલ્પ સુધી જઈ શકે છે; પરંતુ તેઓ માત્ર સૌધર્મ કલ્પ સુધી જાય છે, ગયા છે, અને જશે.

ગૌ૦—હે ભગવન્! તેઓ ઊંચે સૌધર્મ કલ્પ સુધી કયા નિમિત્તે ગયા છે, જાય છે, અને જશે?

મ૦—હે ગૌતમ! તે દેવોને જન્મથી જ વૈરાનુબંધ હોય છે; તેથી તેઓ આત્મરક્ષક[1] દેવોને ત્રાસ ઉપજાવે છે

---

૧. દેવવર્ગમાં પણ ઇંદ્ર, પુરોહિત, આત્મરક્ષક, લોકપાલ, સૈનિક, નગરવાસી, સેવક, અંત્યજ વગેરે ભેદ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તથા યથોચિત નાનાં નાનાં રત્નોને લઈ ઉજ્જડ ભાગમાં ચાલ્યા જાય છે.

ગૌ૦—હે ભગવન્! જ્યારે તે અસુરો વૈમાનિકોનાં રત્નો ઉપાડી જાય, ત્યારે વૈમાનિકો તેઓને શું કરે?

મ૦—હે ગૌતમ! તેઓ તેમને શારીરિક વ્યથા ઉપજાવે છે.

ગૌ૦—હે ભગવન્! ઊંચે ગયા પછી તે અસુરકુમારો ત્યાં રહેલી અપ્સરાઓ સાથે ભોગો ભોગવી શકે ખરા?

મ૦—હે ગૌતમ! જો તે અપ્સરાઓ તેમનો આદર કરે અને તેઓને સ્વામી તરીકે સ્વીકારે, તો તેમની સાથે તેઓ ભોગો ભોગવી શકે છે, નહિ તો નહિ.

વળી તેઓનું આમ ઉપર જવું હંમેશ નથી બનતું; અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી વીત્યા પછી લોકમાં અચંબો પમાડનાર એ ભાવ[1] ઉત્પન્ન થાય છે. પરંતુ તેઓ પોતાના આપબળથી ત્યાં નથી જઈ શકતા; પણ જેમ કોઈ શબર, બર્બર, પુલિંદ[2] વગેરે અનાર્ય જાતિના લોકો જંગલ, ખાડા, ગુફા વગેરેનો આશ્રય કરીને સુસજ્જિત લશ્કરને પણ હંફાવવાની હિંમત કરે છે, તેમ અસુરકુમારો

---

૧. આ અવસર્પિણીનાં તેવાં દશ આશ્ચર્યો ગણાય છે. તે માટે જુઓ આ માળાનું 'આચારધર્મ' પુસ્તક, પા. ૧૮૯.

૨. મૂળમાં ઢંકણ, ભુત્તુઅ, પણ્ડ એટલા વધારે છે. સૂત્રકૃતાંગ, પૃ. ૧૨૩, પ્રશ્નવ્યાકરણ પૃ. ૧૪, પ્રજ્ઞાપના પૃ. ૫૫ વગેરેમાં અનાર્ય દેશો, અનાર્ય પ્રજાઓ અને અનાર્ય જાતિઓનાં વર્ણન છે. જુઓ ભગવતીસૂત્ર ખંડ. ૨, પા. ૫૬ નોંધ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પણ અરિહંતોનો, આશ્રય લઈને ઊંચે જાય છે. તેમાં પણ મોટી ઋદ્ધિવાળા જ જઈ શકે છે, ગમે તે નહિ. અસુરેંદ્ર અસુરરાજ ચમર એક વખત મારો આશ્રય લઈ ઊંચે સુધી ગયો હતો તેની કથા તું સાંભળ.

તે કાળે, તે સમયે વિંધ્ય પર્વતની તળેટીમાં વેભેલ નામનો સંનિવેશ હતો. તેમાં પૂરણ નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તે પણ વખત જતાં તામલીની પેઠે વિચાર કરી ચાર ખાનાંવાળું લાકડાનું પાત્ર લઈ, 'દાનામા' નામની દીક્ષા વડે દીક્ષિત થયો. તેમાં વિધિ એ હોય છે કે, પાત્રના પહેલા ખાનામાં જે ભિક્ષા આવે તે વાટમાં મળતા વટેમાર્ગુઓને આપવી; બીજા ખાનામાં આવે તે કાગડા–કૂતરાંને આપવી; ત્રીજા ખાનામાં આવે તે માછલાં–કાચબાને ખવરાવવી; અને ચોથા ખાનામાં આવે તે પોતે ખાવી.

આમ કરતાં કરતાં અંતે તે પણ અનશન સ્વીકારી દેવગત થયો.

હે ગૌતમ! તે કાળે હું છદ્મસ્થ[1] અવસ્થામાં હતો; અને મને દીક્ષા લીધાં અગિયાર વર્ષ થયાં હતાં. હું નિરંતર છ ટંકના ઉપવાસ કર્યા કરતો હતો. તે વખતે ક્રમાનુક્રમે ફરતો ફરતો હું સુંસુમાર નગરમાં આવી પહોંચ્યો અને અશોકવનખંડમાં એક અશોકની નીચે શિલા ઉપર બેસી આઠ ટંકના ઉપવાસનું તપ આચરવા લાગ્યો. હું બંને પગ ભેળા કરીને, હાથને નીચે નમતા લાંબા કરીને, અને

---

૧ કેવળજ્ઞાન હજી ન થયું હોય તેવી અવસ્થા. ૧૧–૧૨ ગુણસ્થાનની દશા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર એક પદાર્થ ઉપર નજર માંડીને આંખો ફફડાવ્યા વિના શરીરને જરાક આગળના ભાગમાં નમતું મૂકીને, તથા સર્વ ઇંદ્રિયોને સુરક્ષિત કરીને એક રાત્રીની મોટી પ્રતિમા * સ્વીકારીને વિહરતો હતો.

તે કાળે ચમરચંચા રાજધાનીમાં ઇંદ્ર ન હતો, તેમ જ પુરોહિત ન હતો. પેલો પૂરણ તપસ્વી સાઠ ટંક અનશન રાખીને મૃત્યુ પામી, ચમરચંચામાં ઇંદ્રપણે ઉત્પન્ન થયો. એક વખત અવધિજ્ઞાન વડે તેણે સૌધર્મ કલ્પના દેવરાજ [મઘવા, પાકશાસન, શતક્રતુ, સહસ્રાક્ષ, વજ્રપાણિ, પુરંદર[1]] શક્રને શક્ર નામના સિંહાસન ઉપર બેસી દિવ્ય ભોગો ભોગવતો જોયો. તેને જોઈ ચમરને એવો વિચાર આવ્યો કે, આ નઠારાં લક્ષણવાળો, લાજ અને શોભા વિનાનો, મરણનો ઇચ્છુક, હીણી પુણ્ય ચૌદશને[2] દહાડે જન્મેલો એવો કોણ છે, જે મારી ઉપર વિના ગભરાટે ભોગોને ભોગવતો વિહરે છે ?

પછી દેવેંદ્ર શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવાની ઇચ્છાથી તેણે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને મને ઉપર પ્રમાણે મહા પ્રતિમા લઈને બેઠેલો જોયો. પછી મારે

---

* પ્રતિમા એટલે એક પ્રકારનું તપ. જુઓ આગળ પા. ૧૭૬.

૧. આ બધા શબ્દો અને વિશેષણો સાચે જ આ દેવેંદ્રને લાગુ પડતાં હતાં ? કે ઇંદ્રને માટે પ્રચલિત બધા શબ્દો કોશમાંથી અહીં મૂકવા એ જ વૃત્તિ હશે ?

૨. જન્મને માટે ચૌદશની તિથિ પવિત્ર ગણાય છે; અને અત્યંત ભાગ્યવંતના જન્મ સમયે જ તે તિથિ પૂર્ણ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આશરે શક્રને શોભાભ્રષ્ટ કરવાના ઇરાદાથી તેણે પોતાના અસ્ત્રાગારમાંથી પરિઘરત્ન નામનું હથિયાર લીધું; પછી મારી પાસે આવી મને નમસ્કાર કરી તેણે પોતાનો અભિપ્રાય નિવેદિત કર્યો તથા એક લાખ યોજન ઊંચું શરીર બનાવ્યું. પછી તે પોતાના પરિઘરત્નને લઈને એકલો જ ઊંચે ઊડ્યો. રસ્તામાં તેણે ઘણા દેવલોકોને વિવિધ પ્રકારે ત્રાસ પમાડ્યો. પછી સુધર્મસભા આગળ આવી તેણે પોતાનો એક પગ પદ્મવરવેદિકા ઉપર મૂક્યો અને બીજો સુધર્મસભામાં મૂક્યો તથા પોતાના પરિઘરત્ન વડે મોટા ઇંદ્રકીલને[1] ત્રણ વાર કૂટ્યો. પછી તેણે પડકાર કરીને કહ્યું કે, દેવેંદ્ર દેવરાજ શક્ર ક્યાં છે? આજે હું તેનો વધ કરી તેની કરોડો અપ્સરાઓને તાબે કરું છું.

દેવેંદ્ર દેવરાજ શક્ર આ બધું જોઈ-સાંભળી ઘણો ક્રોધે ભરાયો. પછી તેણે સિંહાસન ઉપર બેઠાં બેઠાં જ વજ્રને હાથમાં લીધું, અને તેની ઉપર ફેંક્યું. તે ભયંકર વજ્રને સામે આવતું જોઈ, નવાઈ પામી, તેવા હથિયારની કામના કરતો તે ભાગ્યો અને 'હે ભગવન્! તમે મારું શરણ છો' એમ બોલતો મારા બંને પગની વચ્ચે પડ્યો.

તે જ વખતે દેવરાજ શક્રને વિચાર આવ્યો કે, કોઈ અરિહંતાદિ પરમ પુરુષોનો આશરો લીધા વિના આ અસુરરાજ આટલે ઊંચે આવી શકે નહીં; માટે મારા વજ્રથી તે અરિહંતાદિનો અપરાધ ના થાય એ મારે જોવું જોઈએ. એમ

---

૧. દરવાજાનાં બે કમાડ બંધ કરવા, તેમને અટકાવનારો જમીન વચ્ચે ગાડેલો ખીલો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારી અવધિજ્ઞાનથી જોતાં તેણે મને જોયો એટલે તરત જ 'આ શું! હું મરાઈ ગયો!!' એમ બોલતો પોતે ફેંકેલા વજ્રને પાછું પકડવા ઉત્તમ દિવ્ય દેવગતિથી તે દોડ્યો અને મારાથી માત્ર ચાર આંગળ છેટે રહેલા વજ્રને પકડી પાડ્યું. જ્યારે તેણે તે વજ્રને મૂઠીમાં પકડ્યું ત્યારે તેની મૂઠી એવા વેગથી વળી હતી કે તે મૂઠીના વાયુથી મારા કેશાગ્ર કંપ્યા. પછી તેણે ત્રણ વાર પ્રદક્ષિણા કરી મને નમન કર્યું અને કહ્યું, 'હે ભગવન્! આ ચમર તમારો આશરો લઈ મને મારી શોભાથી ભ્રષ્ટ કરવા આવ્યો હતો હતો; તેથી મેં આ વજ્ર તેની પાછળ મૂકયું હતું.' એમ કહી, ક્ષમા માગી, તે પાછો ફર્યો અને ઉત્તર-પૂર્વ ભાગમાં થોડે દૂર ગયા પછી ત્રણ વાર ડાબો પગ પૃથ્વી ઉપર પછાડી તેણે ચમરને કહ્યું કે, 'હે અસુરેંદ્ર, અસુરરાજ, ચમર! શ્રમણભગવંત મહાવીરના પ્રભાવથી તું બચી ગયો છે; હવે તને મારાથી જરા પણ ભય નથી'. આમ કહી તે ચાલ્યો ગયો.

ગૌ૦—હે ભગવન્! પોતે હાથે ફેંકેલી વસ્તુને તેની પાછળ દોડી દેવ પકડી શકે?

મ૦—હા ગૌતમ! વસ્તુને જ્યારે ફેંકવામાં આવે છે, ત્યારે તેની ગતિ ઉતાવળી હોય છે, અને પછી મંદ થઈ જાય છે; જ્યારે મોટી ઋદ્ધિવાળો દેવ તો પહેલાં પણ અને પછી પણ શીઘ્ર ગતિવાળો હોય છે; તેથી તેને પકડી શકે છે.

ગૌ૦—હે ભગવન્! તો પછી દેવેંદ્ર શક્ર પોતાને હાથે અસુરેંદ્ર ચમરને કેમ ન પકડી શક્યો?

મ૦—હે ગૌતમ! અસુરકુમારો નીચે બહુ શીઘ્ર જઈ શકે છે અને ઉપર બહુ મંદ રીતે જઈ શકે છે; જ્યારે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વૈમાનિક દેવો ઊંચે બહુ જલદી જઈ શકે છે, પણ નીચે બહુ મંદ રીતે જઈ શકે છે. એક સમયમાં શક્ર જેટલો ભાગ ઉપર જઈ શકે છે, તેટલું જ ઉપર જવાને વજ્રને બે સમય લાગે છે; અને ચમરને ત્રણ સમય લાગે છે; પરંતુ અસુરેંદ્ર ચમર એક સમયમાં જેટલું નીચે જઈ શકે, તેટલું નીચે જવાને શક્રને બે સમય લાગે છે, અને વજ્રને ત્રણ સમય લાગે છે.

હવે વજ્રના ભયથી મુક્ત થયેલો, અને દેવરાજ શક્ર દ્વારા મોટા અપમાનથી અપમાનિત થયેલો, તથા શોકસાગરમાં ડૂબેલો અસુરેંદ્ર વિચાર કરવા લાગ્યો કે, શ્રમણ ભગવંત મહાવીરના પ્રભાવથી જ હું બચી ગયો છું. પછી તેણે પોતાના સામાનિકો[1]ને કહ્યું કે, હે દેવાનુપ્રિયો! ચાલો આપણે બધા જઈએ અને શ્રમણભગવંત મહાવીરની પર્યુપાસના કરીએ. પછી તે બધા સાથે તે અશોક વૃક્ષ નીચે આવ્યો અને મને ત્રણ વાર પ્રદક્ષિણા કરી બોલ્યો, "હે ભગવન્! હું આપના પ્રભાવથી બચી ગયો છું; હું આપની ક્ષમા માગું છું.' પછી તે પાછો ચાલ્યો ગયો.

હે ગૌતમ! તે ચમરેંદ્રની આવરદા સાગરોપમ વર્ષની છે; અને તે ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે તથા સર્વ દુઃખોનો નાશ કરશે.

ગૌ૦— હે ભગવન્! બીજા અસુરકુમારો સૌધર્મકલ્પ સુધી ઊંચે જાય છે તેનું શું કારણ?

---

૧. જેઓ આયુષ આદિમાં ઇંદ્ર સમાન છે, પણ જેમનામાં ફક્ત ઇંદ્રત્વ નથી તેવા દેવો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! તે તાજા ઉત્પન્ન થયેલા કે મરવાની અણી ઉપર આવેલા દેવોને એવો સંકલ્પ થાય છે કે, આપણે જેવી દિવ્ય દેવઋદ્ધિ પ્રાપ્ત કરી છે, તેવી દેવરાજ શક્રે પણ પ્રાપ્ત કરી છે; તો આપણે જઈએ અને તેની દેવ-ઋદ્ધિ જોઈએ, તથા આપણી દેવઋદ્ધિ તેને બતાવીએ. એ કારણથી તેઓ ત્યાં સુધી જાય છે.

—શતક ૩, ઉદ્દે૦ ૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

ત્રાયસ્ત્રિંશક દેવો

મંત્રી અથવા પુરોહિતનું કામ કરનારા દેવો ત્રાયસ્ત્રિંશ કહેવાય છે. ચાર દેવવર્ગોમાંથી વ્યંતર અને જ્યોતિષ્ક વર્ગોમાં ત્રાયસ્ત્રિંશ જાતિના દેવો નથી.

વાણિજ્યગ્રામ નગરના દૂતિપલાશ ચૈત્યમાં એક વખત ભગવાન મહાવીર પધાર્યા હતા, તે પ્રસંગની વાત છે. ધર્મકથાદિ પતી ગયા પછી ભગવાન મહાવીરના શ્યામહસ્તી નામના શિષ્ય ભગવાનના મોટા શિષ્ય ઇંદ્રભૂતિ પાસે જઈને પૂછવા લાગ્યા :

પ્ર૦—હે ભગવન્! અસુરકુમારના ઇંદ્ર ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે? ઉ૦ હા. તે દેવોનો સંબંધ આ પ્રમાણે છે : કાકંદી નગરીમાં જૂના કાળમાં પરસ્પર સહાય કરનારા તેત્રીશ શ્રમણોપાસક ગૃહસ્થો રહેતા હતા. તેઓ ધનિક, જીવાજીવને જાણનારા તથા પુણ્ય પાપના જ્ઞાતા હતા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે ગૃહસ્થો પ્રથમ તો ઉગ્ર, ઉગ્રચર્યાવાળા, મોક્ષ મેળવવા તત્પર થયેલા તથા સંસારથી ભયભીત થયેલા હતા; પણ પાછળથી જ્ઞાનાદિથી બાહ્ય પુરુષોના આચારવાળા, થાકી ગયેલા, શિથિલાચારી, કુશીલ તથા યથાછંદવિહારી થઈ, મરણ સમયે ત્રીસ ટંકોનો ઉપવાસ કરી, પોતાનાં પ્રમાદસ્થાનોનું આલોચન-પ્રતિક્રમણ કર્યા વિના જ મરણ પામ્યા; તેથી તેઓ અસુરેંદ્ર અસુરકુમાર રાજા ચમરના ત્રાયસ્ત્રિંશ દેવપણે ઉત્પન્ન થયા.

પ્ર૦—હે ભગવન્! જ્યારથી તેઓ ત્રાયસ્ત્રિંશપણે ઉત્પન્ન થયા, ત્યારથી જ અસુરેંદ્ર ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે?

જ્યારે શ્યામહસ્તીએ આ પ્રમાણે પૂછ્યું, ત્યારે ભગવાન ગૌતમ શંકિત થઈને શ્યામહસ્તી સાથે ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા અને તેમને નમસ્કારાદિ કરીને ઉપરનો પ્રશ્ન પૂછ્યો. ત્યારે ભગવાને જવાબ આપ્યો: હે ગૌતમ! તે અર્થ યોગ્ય નથી; ચમરના ત્રાયસ્ત્રિંશક દેવોનાં નામો શાશ્વત કહ્યાં છે; તેથી તેઓ કદી ન હતાં એમ નથી, કદી ન હશે એમ નથી, તુથા કદી નથી એમ પણ નથી; માત્ર અન્ય ચ્યવે છે, અને અન્ય ઉત્પન્ન થાય છે, એ રીતે તેમનો કદી વિચ્છેદ થતો નથી.

આ પ્રમાણે બલિ, નાગરાજ ધરણ, દેવરાજ શક્ર, ઈશાનેંદ્ર, અને સનત્કુમારના ત્રાયસ્ત્રિંશક દેવોના પૂર્વજન્મની વાતો પણ સમજી લેવી.

—શતક ૧૦, ઉદ્દે૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૫

શિવરાજ

તે સમયે હસ્તિનાપુર નામે નગર હતું. તેના ઈશાન ખૂણામાં ફળફૂલથી સંપન્ન સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું. તે નગરમાં શિવ નામે રાજા હતો. તેને ધારિણી નામની સુકુમાર પટરાણી હતી, તથા શિવભદ્ર નામનો પુત્ર હતો.

એક દિવસ તે રાજાને પૂર્વ રાત્રીના પાછલા ભાગમાં રાજ્યકારભારનો વિચાર કરતાં કરતાં પોતાના કલ્યાણનો વિચાર આવ્યો. તેથી બીજે દિવસે પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરી, અન્ય કોઈ દિવસે પોતાનાં સગાંવહાલાં વગેરેની રજા માગી, અનેક પ્રકારની લોઢી, લોઢાનાં કડાયાં, કડછા અને ત્રાંબાનાં બીજાં ઉપકરણો ઘડાવીને તે ઉપકરણો જ લઈને ગંગાને કાંઠે રહેતા વાનપ્રસ્થ તાપસો પાસે દીક્ષા લઈ દિશાપ્રોક્ષક[1] તાપસ થયો; તથા નિરંતર છ ટંકનો ઉપવાસ કરવાનો નિયમ લઈ રહેવા લાગ્યો.

---

૧. શુદ્ધિ વગેરે માટે ચારે દિશામાં પાણી છાંટી ફલફૂલાદિ ગ્રહણ કરનારો. તેમના વધુ વર્ણન માટે જુઓ ઉવવાઈસૂત્ર, પૃ. ૯૦–૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલા ઉપવાસના પારણાને દિવસે તે શિવરાજર્ષિ તડકો તપવાની જગાએથી ઊતરી નીચે આવ્યો અને વલ્કલનાં વસ્ત્ર પહેરી પોતાની ઝૂંપડીએ આવ્યો તથા કાવડને લઈ પૂર્વ દિશામાં પાણી છાંટી, " પૂર્વ દિશાના સોમ મહારાજા ધર્મસાધનમાં પ્રવૃત્ત થયેલા શિવ રાજર્ષિનું રક્ષણ કરો, અને પૂર્વ દિશામાં રહેલ કંદ, મૂલ, છાલ, પાંદડાં, પુષ્પ, ફળ, બીજ અને હરિયાળી ગ્રહણ કરવાની અનુમતિ આપો', એમ કહી, પૂર્વ દિશા તરફ ચાલ્યો, અને કાવડ ભરીને પાંદડાં, પુષ્પ વગેરે લઈ આવ્યો. પછી ઝૂંપડીએ પાછા આવી, કાવડને નીચે મૂકી, વેદિકાને સાફ કરી, તેને છાણ-પાણી વડે લીંપી લીધી. પછી ડાભ તથા કલશને હાથમાં લઈ તે ગંગા મહાનદીએ ગયો, અને ત્યાં સ્નાન-આચમન કરી, પરમ પવિત્ર થઈ, દેવતા અને પિતૃકાર્ય કરી, ઝૂંપડીએ પાછો આવ્યો. પાછા આવી ડાભ, કુશ અને રેતીની વેદી બનાવી, ત્યાં મથનકાષ્ઠ વડે અરણીને ઘસી અગ્નિ પાડ્યો; પછી સમિધ નાખી તેને પ્રજ્વલિત કર્યો તથા તેની દક્ષિણ બાજુએ નીચેની સાત વસ્તુઓ મૂકી : સકથા (એક ઉપકરણ), વલ્કલ, દીપ, શય્યાનાં ઉપકરણ, કમંડલુ, દંડ અને આત્મા (એટલે કે પોતાની જાત). પછી મધ, ઘી અને ચોખા વડે અગ્નિમાં હોમ કર્યો, તથા ચરુ-બલિ તૈયાર કર્યો. ચરુ વડે વૈશ્વદેવની પૂજા કરી, પછી અતિથિની પૂજા કરી, અને પછી પોતે આહાર કર્યો.

એ પ્રમાણે બીજા પારણા વખતે દક્ષિણ દિશા અને તેના લોકપાલ મહારાજા યમ; ત્રીજા વખતે પશ્ચિમ દિશા અને તેના લોકપાલ વરુણ મહારાજા; અને ચોથે પારણે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર દિશા અને તેના લોકપાલ વૈશ્રમણ (કુબેર) મહારાજા સમજવા.

એ પ્રમાણે દિક્‌ચક્રવાલ તપ કરતાં કરતાં તે રાજર્ષિને પ્રકૃતિની ભદ્રતાથી અને વિનીતતાથી આવરણભૂત કર્મોનો ક્ષયોપશમ થતાં વિભંગજ્ઞાન[૧] ઉત્પન્ન થયું. તે વડે તે આ લોકમાં સાત દ્વીપો અને સાત સમુદ્રો જોઈ શક્યા. તે ઉપરથી તેમણે માન્યું કે, ત્યાર પછી દ્વીપો અને સમુદ્રો નથી.

તેમના એ જ્ઞાનની વાત હસ્તિનાપુરમાં બધે ફેલાઈ ગઈ. તે અરસામાં મહાવીરસ્વામી ત્યાં આવ્યા. તેમના શિષ્ય ગૌતમે ભિક્ષા માગવા જતાં ગામમાં શિવરાજર્ષિએ જણાવેલી સાત જ દ્વીપો અને સમુદ્રોની વાત સાંભળી. આ ઉપરથી તેમણે પાછા આવ્યા બાદ મહાવીર ભગવાનને પૂછ્યું, કે હે ભગવન્! શિવરાજર્ષિ કહે છે તેમ સાત દ્વીપ અને સાત સમુદ્ર પછી કાંઈ નથી, એમ કેમ હોઈ શકે?

ત્યારે મહાવીર ભગવાને જણાવ્યું, 'હે ગૌતમ! એ અસત્ય છે. હે આયુષ્મન્! આ તિર્યગ્‌લોકમાં સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંત અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો કહ્યા છે.

આ વાત પણ બધે ફેલાઈ ગઈ. તે સાંભળી શિવરાજર્ષિ શંકિત, કાંક્ષિત, સંદિગ્ધ અને અનિશ્ચિત થયા, અને તેની સાથે જ તેમનું વિભંગ નામે અજ્ઞાન તરત જ નાશ પામ્યું. પછી તેમને વિચાર આવ્યો કે, મહાવીર

---

૧. સમ્યગ્‌દર્શન વિનાનાને (અજૈનને) થતું અવધિજ્ઞાન વિભંગજ્ઞાન કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન તીર્થંકર, સર્વજ્ઞ અને સર્વદર્શી છે, માટે હું તેમની પાસે જાઉં અને તેમનો ઉપદેશ સાંભળું, તો તે મને આ ભવમાં અને પરભવમાં શ્રેય માટે થશે.

પછી મહાવીર ભગવાન પાસે ધર્મ સાંભળી, તેમાં શ્રદ્ધાયુક્ત બની, તેમણે પોતાનાં લોઢાનાં ઉપકરણોનો ત્યાગ કર્યો, અને પોતાની મેળે પંચમુષ્ટિ લોચ કરી, ભગવાન પાસે પ્રવ્રજ્યા લીધી. પછી અગિયાર અંગો ભણી વિચિત્ર તપકર્મ વડે ઘણાં વરસ સુધી તેમણે આત્માને ભાવિત કરતાં કરતાં સાધુપર્યાય પાળ્યો. અને અંતે મહિનાના ઉપવાસ વડે સાઠ ટંકો ન ખાઈ, મરણ પામી, સિદ્ધ થઈ, સર્વ દુઃખનો અંત પ્રાપ્ત કર્યો.

—શતક ૧૧, ઉદ્દે૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૬

સુદર્શન શેઠ

એક વખત મહાવીર ભગવાન વાણિજ્યગ્રામની બહાર દ્યુતિપલાશક ચૈત્યમાં પધાર્યા હતા. તે પ્રસંગે તે ગામના શ્રમણોપાસક સુદર્શન શેઠે[1] તેમને નીચેના પ્રશ્નો પૂછ્યા :

પ્ર૦—હે ભગવન્! કાળ કેટલા પ્રકારનો છે?

ઉ૦—હે સુદર્શન! કાળ ચાર પ્રકારનો છે : પ્રમાણુકાલ, યથાયુર્નિર્વૃત્તિકાલ, મરણકાલ, અને અદ્ધાકાલ.

તેમાં પ્રમાણકાલ બે પ્રકારનો છે : દિવસ પ્રમાણકાલ, અને રાત્રી પ્રમાણકાલ. ચાર પૌરુષી[2] એટલે કે પ્રહરનો

---

૧. તેના વર્ણનમાં, 'કોરંટક પુષ્પની માળાવાળું છત્ર તેણે માથે ધારણ કર્યું હતું'—એમ છે

૨. દિવસ કે રાતનો ચોથો ભાગ પૌરુષી કહેવાય. સૂર્યના તડકામાં પોતાની છાયા ઇત્યાદિથી તેને જાણવાની રીત વગેરે માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૫૬, ટિ૦ ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસ થાય છે, અને ચાર પૌરુષીની રાત્રી થાય છે. મોટામાં મોટી દિવસ અને રાત્રીની પૌરુષી સાડા ચાર મુહૂર્તની થાય છે; અને નાનામાં નાની ત્રણ મુહૂર્તની થાય છે. જ્યારે તે ઘટે છે કે વધે છે ત્યારે તે મુહૂર્તના એકસો બાવીશમા ભાગ જેટલી ઘટે છે યા વધે છે. જ્યારે અઢાર મુહૂર્તનો મોટો દિવસ હોય અને બાર મુહૂર્તની નાની રાત્રી હોય ત્યારે સાડાચાર મુહૂર્તની દિવસની મોટામાં મોટી પૌરુષી હોય છે. આષાઢ પૂર્ણિમાને દિવસે અઢાર મુહૂર્તનો મોટો દિવસ હોય છે, અને બાર મુહૂર્તની નાની રાત્રી હોય છે; તથા પોષમાસની પૂર્ણિમાને સમયે અઢાર મુહૂર્તની મોટી રાત્રી અને બાર મુહૂર્તનો નાનો દિવસ હોય છે. ચૈત્રી પૂનમ અને આસો માસની પૂનમ હોય, ત્યારે દિવસ અને રાત્રી સરખાં — પંદર પંદર મુહૂર્તનાં — હોય છે.

યથાયુર્નિર્વૃતિકાલ એટલે નૈરયિક, મનુષ્ય, દેવ વગેરેએ પોતે જેવું આયુષ્ય બાંધ્યું હોય, તે પ્રકારે તેનું પાલન કરવું તે.

શરીરથી જીવનો અને જીવથી શરીરનો વિયોગ થાય એ મરણકાલ કહેવાય.

અદ્ધાકાલ[૧] અનેક પ્રકારનો છે. કાલનો નાનામાં નાનો અવિભાજ્ય અંશ 'સમય' કહેવાય છે. એવા અસંખ્યેય સમયોની એક આવલિકા થાય છે; સંખ્યેય[૨] આવલિકાનો

---

૧. મનુષ્યલોકમાં સૂર્યના ઉદયાસ્તથી મપાતો કાળ.

૨. ૨૫૬ આવલિકા = એક ક્ષુલ્લકભવ; અને ૧૭થી વધારે ક્ષુલ્લકભવ = એક ઉચ્છ્વાસનિઃશ્વાસકાળ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક ઉચ્છ્વાસકાલ થાય છે; અને સંખ્યેય આવલિકાનો એક નિઃશ્વાસકાલ થાય છે. વ્યાધિરહિત એક જંતુનો એક ઉચ્છ્વાસ અને એક નિઃશ્વાસ તે એક પ્રાણ કહેવાય. સાત પ્રાણ એટલે એક સ્તોક; સાત સ્તોકનો એક લવ; ૭૭ લવનું એક મુહૂર્ત : ૩૭૭૩ ઉચ્છ્વાસનું એક મુહૂર્ત થાય એમ અનંત જ્ઞાનીઓએ કહ્યું છે; ત્રીશ મુહૂર્તનો એક અહોરાત્ર; પંદર અહોરાત્રનો પક્ષ ૪૦. ૮૪ લાખ વર્ષ એટલે એક પૂર્વાંગ; ચોરાશી લાખ પૂર્વાંગ એટલે એક પૂર્વ. તે પ્રમાણે ત્રુટિતાંગ, ત્રુટિત, અડડાંગ, અડડ, અવવાંગ, અવવ, હૂહૂઆંગ, હૂહૂઅ, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનિઉરાંગ, અર્થનિઉર, અયુતાંગ, અયુત, પ્રયુતાંગ, પ્રયુત, નયુતાંગ, નયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ અને શીર્ષપ્રહેલિકા — જાણવાં. ત્યાં સુધી ગણિત છે. ત્યાર બાદ સંખ્યા વડે નહિ પણ ઉપમા વડે જ કાળ જાણી શકાય છે.

તે ઔપમિક કાળ બે પ્રકારનો છે : એક પલ્યોપમ; અને બીજો સાગરોપમ. પલ્યોપમનું વર્ણન આ પ્રમાણે છે :

સુતીક્ષ્ણ શસ્ત્ર વડે પણ જેને છેદીભેદી ન શકાય તે પરમ અણુ; એવાં અનંત પરમાણુઓના સમુદાયના સમાગમ વડે એક ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય. તેવી આઠ મળે ત્યારે એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થયા; તેવી આઠનો એક ઊર્ધ્વરેણુ, તેવા આઠનો એક ત્રસરેણુ, તેવાં આઠનો એક રથરેણુ, તથા તેવા આઠનો દેવકુરુ અને ઉત્તરકુરુના મનુષ્યોનો વાળનો એક અગ્ર ભાગ થાય. તેવા આઠનો હરિવર્ષ અને રમ્યકના મનુષ્યનો એક વાલાગ્ર; તેવા આઠનો હૈમવત અને ઐરવતના મનુષ્યોનો

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વાલાગ્ર; તેવા આઠનો પૂર્વવિદેહના મનુષ્યનો વાલાગ્ર; તેવા આઠની એક લિક્ષા, આઠ લિક્ષાની એક યૂકા, આઠ યૂકાનો એક યવમધ્ય, આઠ યવમધ્યનો એક અંગુલ; [છ અંગુલનો એક પાદ; બાર અંગુલની એક વેંત; ૨૪ અંગુલનો એક હાથ; ૪૮ અંગુલની એક કુક્ષિ]; ૯૬ અંગુલનો એક દંડ, ધનુષ્, યુગ, નાલિકા,અક્ષ અથવા મુસલ થાય; એવા ૨૦૦૦ ધનુષનો એક ગાઉ; અને એવા ચાર ગાઉનું એક યોજન.

એવા એક યોજન આયામ અને વિષ્કંભકવાળો, એક યોજન ઊંચાઈવાળો અને ત્રણ યોજન પરિધિવાળો એક પલ્ય (ખાડો) હોય; તેમાં એક દિવસના ઊગેલા, બે દિવસના ઊગેલા, ત્રણ દિવસના ઊગેલા અને વધારેમાં વધારે સાત રાતના ઊગેલા કરોડો વાલાગ્રો કાંઠા સુધી ઠસોઠસ ભર્યા હોય; પછી તે પલ્યમાંથી સો સો વરસે એક વાલાગ્ર કાઢવામાં આવે, અને એ રીતે જેટલે વર્ષે તે ખાડો બિલકુલ ખાલી થઈ જાય, તેટલાં વર્ષને પલ્યોપમ કહે છે. તેવાં કોટાકોટી પલ્યોપમને ૧૦ ગણાં કરીએ તો એક સાગરોપમ થાય છે. *

પ્ર૦—હે ભગવન્! એ પલ્યોપમનો તથા સાગરોપમનો કદી ક્ષય કે અપક્ષય થાય ખરો?

ઉ૦—હા, થાય.

પ્ર૦—હે ભગવન્! એમ આપ કયા કારણથી કહો છો?

ઉ૦—હે સુદર્શન! તે બાબતમાં હું કહું છું તે સાંભળ. તે કાળે હસ્તિનાપુર નામે નગર હતું. ત્યાં સહસ્રામ્રવન

* ભગવતી, શતક ૬, ઉદ્દે૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નામે ઉદ્યાન હતું. તે નગરમાં બલ નામે રાજા હતો; અને તેને પ્રભાવતી નામે રાણી હતી. તેને એક વખત સ્વપ્નમાં એવું દેખાયું કે જાણે કોઈ સિંહ આકાશમાંથી ઊતરી તેના મુખમાં પ્રવેશ કરે છે. આવું સ્વપ્ન જોઈ તે જાગી ઊઠી, અને રાજાના શયનગૃહમાં આવીને તેણે તેને તે સ્વપ્નની વાત કહી સંભળાવી. રાજાએ આનંદિત થઈને તેને કહ્યું કે, એ સ્વપ્ન કોઈ તેજસ્વી પૂત્રનો જન્મ સૂચવે છે. બીજે દિવસે રાજાએ સ્વપ્ન-લક્ષણ-પાઠકોને બોલાવી તેમને રાણીના સ્વપ્નનું ફળ નિશ્ચિત કરીને કહેવા જણાવ્યું. તેમણે કહ્યું :

હે દેવાનુપ્રિય! તીર્થંકરની માતા કે ચક્રવર્તીની માતા જ્યારે તીર્થંકર કે ચક્રવર્તી ગર્ભમાં આવી ઊપજે ત્યારે આ ચૌદ સ્વપ્નોને જોઈને જાગે છે: હાથી, બળદ, સિંહ, લક્ષ્મીનો અભિષેક, પુષ્પમાળા, ચંદ્ર, સૂરજ, ધ્વજ, કુંભ, પદ્મસરોવર, સમુદ્ર, વિમાન અથવા ભવન,[૧] રત્નનો ઢગલો અને અગ્નિ. વાસુદેવની માતાઓ તેમાંથી કોઈ પણ સાત સ્વપ્નો જુએ છે. બલદેવની માતાઓ કોઈ પણ ચારને, અને માંડલિક રાજાની માતાઓ કોઈ પણ એકને જુએ છે. માટે પ્રભાવતી રાણીને નવ માસ અને સાડાસાત દિવસ વીત્યા પછી કુલધ્વજ સમાન જે પુત્ર થશે, તે રાજ્યનો પતિ થશે અથવા ભાવિતાત્મા સાધુ થશે.

---

૧. જો તીર્થંકર દેવલોકથી આવીને ઊપજે તો વિમાન જુએ, અને નરકથી આવીને ઊપજે તો ભવન જુએ.—ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વખત જતાં રાણીએ ઉત્તમ પુત્રરત્નને જન્મ આપ્યો. તે વખતે પ્રજાજનોએ દશ દિવસ ધામધૂમથી જન્મ-મહોત્સવ કર્યો. રાજાએ પણ બારમે દિવસે સગાંસંબંધીઓને બોલાવી તેમની સમક્ષ તે પુત્રનું 'મહાબલ' એવું નામ પાડ્યું.

મહાબલ વિદ્યાકળા ભણીને મોટો થયા બાદ તેને આઠ કન્યાઓ સાથે પરણાવવામાં આવ્યો. તે વખતે તેનાં માતા-પિતાએ ઉત્તમ પ્રકારનું પ્રીતિદાન[1] આપ્યું. અને તેને આઠ મહેલો તથા તેમની બરાબર મધ્યમાં સેંકડો થાંભલાવાળું એક ભવન બંધાવી આપ્યું. તેમાં તે મહાબલ અપૂર્વ ભોગો ભોગવતો વિહરે છે.

તે કાળે વિમલનાથ તીર્થંકરના પ્રપૌત્ર ધર્મઘોષ નામે સાધુ હતા. તે પાંચસો સાધુની સાથે ગામેગામ ફરતા ફરતા તે નગરમાં આવી પહોંચ્યા. તેમનાં દર્શને જતાં અનેક મનુષ્યોને જોઈ મહાબલ પણ ત્યાં ગયો; અને તેમનો ઉપદેશ સાંભળી પ્રવ્રજ્યા ધારણ કરવા ઉત્સુક થયો. પરંતુ માતપિતાના કહેવાથી રાજ્યાભિષેક થતા સુધી ચૂપ રહ્યો. પછી દીક્ષા લઈ તે ધર્મઘોષ અનગાર પાસે ૧૪ પૂર્વગ્રંથોને ભણ્યો અને વિચિત્ર પ્રકારનાં અનેક તપકર્મો વડે આત્માને ભાવિત કરી, બાર વર્ષ શ્રમણપર્યાય પાળી, અંતે સાઠ ટંકો ઉપવાસ કરી, સમાધિયુક્ત ચિત્તે મરણ પામી, બ્રહ્મલોકકલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં કેટલાક દેવોની સ્થિતિ દશ સાગરોપમ વર્ષની છે. તેમાં મહાબલ દેવની પણ દસ સાગરોપમની

---

૧. તેનું વર્ણન રસિક થશે એમ માની પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧ માં આપ્યું છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હતી. હે સુદર્શન! તું પોતે જ તે મહાબલદેવ છે, અને દસ સાગરોપમ વર્ષો સુધી દિવ્ય અને ભોગ્ય એવા ભોગો ભોગવીને તે સ્થિતિનો ક્ષય થયા પછી અહીં વાણિજ્યગ્રામમાં ઉત્પન્ન થયો છે.

એ સાંભળી પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થતાં વધુ શ્રદ્ધા અને વૈરાગ્યસંપન્ન થઈ, તેણે મહાવીર ભગવાન પાસે પ્રવ્રજ્યા લીધી. પછી બાર વર્ષ સુધી સાધુપર્યાયને પાળી, અંતે સાઠ ટંકનો ઉપવાસ કરી, મૃત્યુ પામી, તે સિદ્ધિને પામ્યો તથા સર્વ દુઃખથી રહિત થયો.

— શતક ૧૧ ઉદ્દે૦ ૧૧

ટિપ્પણ

ટિપ્પણ નં. ૧

પ્રીતિદાનનું વર્ણન

આઠ કોટી હિરણ્ય, આઠ કોટી સોનૈયા, આઠ મુકુટ, એમ આઠ આઠ કુંડલ, હાર, અર્ધહાર, એકસરા હાર, મુક્તાવલીઓ, કનકાવલીઓ, રત્નાવલીઓ, કડાની જોડીઓ, બાજુબંધની જોડી, રેશમી વસ્ત્રની જોડી, સૂતરાઉ વસ્ત્રની જોડી, ટસરની જોડી, પટ્ટયુગલ, તથા દુકૂલયુગલ; આઠ આઠ શ્રી, હ્રી, ધી, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી દેવીની પ્રતિમાઓ, (ઉત્તમ રત્નનાં) આઠ નંદો, આઠ ભદ્રો, આઠ તાલવૃક્ષો; આઠ ધ્વજો, આઠ ગોકુલ (દશહજાર ગાયનું એક એવાં), આઠ નાટકો (ઉર માણસથી ભજવી શકાય તેવાં), આઠ ઘોડા, આઠ હાથી, આઠ યાન, આઠ યુગ્ય (વાહન) તથા તે પ્રમાણે આઠ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આઠ અંબાડી, પલાણ, રથ, હાથી, ગામ (દશહજાર કુલનું એક એવાં), દાસો, દાસીઓ, કંચુકિઓ, વર્ષધરો (અંતઃપુરના બ્બાન્ન), સોના – રૂપાની હાંડીઓ (અવલંબન દીધો), દંડયુક્ત દીવાઓ, પંજર દીધો, થાળ, તાસક, ચપણિયાં, રકેબીઓ (તલિકા), ચમચા (કલાચિકા), તવેથા, તવી, પાદપીઠ, બિસિકા (આસન), કરોટિકા (લોટા), પલંગ, ઢોયણી, હંસાસન, ક્રૌંચાસન, ગરુડાસન, ઊંચાં આસનો, દીર્ઘાસનો, ભદ્રાસનો, પક્ષાસનો, મકરાસનો, પદ્માસનો, દિક્સ્વસ્તિકાસનો, તેલના ડાબડા, (જુઓ રાજપ્રશ્નીયસૂત્ર પ. ૬૮–૧), સરસવના ડાબડા, કુબ્જ દાસીઓ (ઔપપાતિક પ. ૭૬–૨); આઠ પારસિક દેશની દાસીઓ; આઠ છત્રો, આઠ છત્ર ધરનારી દાસીઓ, તેમ આઠ ચામરો, ચામર ધરનારી દાસીઓ, પંખા, પંખા વીંજનારી દાસીઓ, તાંબૂલના કરંડિયા, તેમને ધારણ કરનારી દાસીઓ, ક્ષીરધાત્રીઓ, અંકધાત્રીઓ, અંગમર્દિકાઓ, ઉન્મર્દિકાઓ, સ્નાન કરાવનારી દાસીઓ, અલંકાર પહેરાવનારીઓ, ચંદન ઘસનારીઓ, તાંબૂલ–ચૂર્ણ પીસનારીઓ, કોષ્ઠાગારનું રક્ષણ કરનારી, પરિહાસ કરનારી, સભામાં પાસે રહેનારી, નાટક કરનારી, સાથે જનારી, રસોઈ કરનારી, ભાંડાગારનું રક્ષણ કરનારી, માલણો, પુષ્પ ધારણ કરનારી, પાણી લાવનારી, બલિ કરનારી, પથારી તૈયાર કરનારી, તથા આઠ અંદરની અને આઠ બહારની પ્રાતહારીઓ, આઠ માલા કરનારી, આઠ પેષણ કરનારી. . . . ૪૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૭

શંખશેઠ

જૂના સમયની વાત છે.

તે વખતે શ્રાવસ્તી નગરીમાં શંખ વગેરે ઘણા શ્રાવકો રહેતા હતા. તેઓ જીવ-અજીવ વગેરે તત્ત્વોને જાણનારા હતા તથા અતિ ધનિક હતા. શંખને ઉત્પલા નામની શ્રમણોપાસિકા સ્ત્રી હતી.

એક વખત મહાવીર સ્વામી શ્રાવસ્તીમાં કોષ્ટક ચૈત્યમાં પધાર્યા. તેમના આવ્યાની વાત સાંભળી બધા તેમનાં દર્શને નીકળ્યા. શ્રમણભગવંત મહાવીરે પણ તે મોટી સભાને ધર્મકથા કહી. તે શ્રમણોપાસકોએ પણ મહાવીર ભગવાન પાસે ધર્મ સાંભળી હર્ષિત અને સંતુષ્ટ થઈ, તેમને નમન કર્યું અને પ્રશ્નો પૂછ્યા તથા તેના અર્થો ગ્રહણ કર્યા. પછી ઊભા થઈ ત્યાંથી તેઓએ શ્રાવસ્તી નગરી તરફ જવાનો વિચાર કર્યો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પછી શંખે તે બધા શ્રમણોપાસકોને કહ્યું કે, હે દેવાનુપ્રિયો ! તમે પુષ્કળ ખાન-પાન વગેરે તૈયાર કરાવો; પછી આપણે તે બધાનો આસ્વાદ લેતા, તથા પરસ્પર દેતા અને ખાતા પાક્ષિક પોષધનું[1] અનુપાલન કરતા વિહરીશું. તે બધા શ્રાવકોએ શંખનું વચન વિનયપૂર્વક સ્વીકાર્યું.

પરંતુ, ત્યારબાદ તે શંખને એવો સંકલ્પ થયો કે, અન્નપાનાદિનો આસ્વાદ લેતા, પરસ્પર દેતા-ખાતા પાક્ષિક પોષધનું ગ્રહણ કરીને રહેવું એ મારે માટે શ્રેયસ્કર નથી; પરંતુ પોષધશાળામાં બ્રહ્મચર્યપૂર્વક, મણિ અને સુવર્ણનો ત્યાગ કરી, ચંદન, વિલેપન, શસ્ત્ર અને મુસલ વગેરેને ત્યાગી, તથા ડાભના સંથારા સહિત મારે એકલાએ – બીજાની સહાય સિવાય – પોષધનો સ્વીકાર કરી વિહરવું શ્રેય છે. એમ વિચાર કરી, તે પાછો આવ્યો અને પોતાની પત્નીને પૂછી, પોષધશાલામાં જઈ, તેને વાળી-ઝૂડી, મળ-મૂત્રાદિની જગા જોઈ-તપાસી, ડાભનો સંથારો પાથરી, તેના ઉપર બેઠો; અને પોષધ ગ્રહણ કરી, બ્રહ્મચર્યપૂર્વક પાક્ષિક પોષધનું પાલન કરવા લાગ્યો.

પેલા શ્રમણોપાસકોએ તો પોતપોતાને ઘેર જઈ, પુષ્કળ અન્નપાનાદિ તૈયાર કરાવ્યાં અને એકબીજાને બોલાવીને કહ્યું, કે, આપણે બધાએ તો પુષ્કળ અન્નપાનાદિ તૈયાર કરાવેલ છે; પણ હજુ શંખશ્રાવક આવ્યા નહિ, માટે આપણે તેમને

---

૧. પોષધ વ્રત બે પ્રકારનું છે: એક, ઇષ્ટજનને ભોજનદાનાદિરૂપ, તથા આહારાદિરૂપ છે; અને બીજું પોષધશાળામાં જઈ બ્રહ્મચર્યાદિપૂર્વક ધ્યાનાદિ કરવારૂપ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બોલાવવા મોકલીએ. પછી તેઓએ પુષ્કલી નામના શ્રાવકને શંખની પાસે મોકલ્યો. પુષ્કલીએ ઉત્પલાને જઈને શંખ વિષે પૂછ્યું અને પોષધશાલામાં જઈ શંખને બધી વાત કરી. ત્યારે તેણે કહ્યું કે, પુષ્કળ અન્નપાનાદિ આહારનો આસ્વાદ લેતા પોષધનું પાલન કરવું મને યોગ્ય ન લાગ્યું; મને તો આ રીતે પોષધશાલામાં પોષધયુક્ત થઈને વિહરવું યોગ્ય લાગે છે. પરંતુ, તમે બધા તો પહેલાં નક્કી કર્યા પ્રમાણે અન્નપાનાદિનો આસ્વાદ લેતા વિહરો.

પછી પેલા બધા શ્રમણોપાસકો તો વિપુલ અન્નપાનાદિનો આસ્વાદ લેતા વિહરવા લાગ્યા.

ત્યાર બાદ મધ્યરાત્રીના સમયે ધર્મ-જાગરણ કરતા શંખને એવો વિચાર આવ્યો કે, આવતી કાલે સૂર્ય ઊગવાને સમયે મહાવીર ભગવાનને વંદનાદિ કરીને મારા આ પોષધવ્રતને પૂરું કરું. એમ વિચારી તે યથોચિત સમયે પોષધશાલામાંથી બહાર નીકળી, શુદ્ધ, બહાર જવા યોગ્ય, તથા મંગલરૂપ વસ્ત્રો ઉત્તમ રીતે પહેરી, પગે ચાલતો મહાવીર ભગવાનને વંદનાદિ કરવા ગયો.

પેલા શ્રમણોપાસકો પણ ભેગા થઈ ભગવાનને વંદનાદિ કરવા આવ્યા. પછી મહાવીર ભગવાને તેમને ધર્મકથા કહી. પછી તે બધા ઊભા થઈ જ્યાં શંખ હતો ત્યાં આવ્યા અને, તેને ઠપકો આપવા લાગ્યા. ત્યારે મહાવીર ભગવાને તે શ્રમણોપાસકોને કહ્યું કે, 'હે આર્યો! તમે શંખની હીલના, નિંદા અને અપમાન ના કરો; કારણ કે તે ધર્મને વિષે પ્રીતિવાળો અને દૃઢતાવાળો છે; તથા તેણે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાદ અને નિદ્રાના ત્યાગથી સુદૃષ્ટિ – જ્ઞાની –નું જાગરણ[1] કરેલ છે.

પછી, તે શાંત શ્રમણોપાસકે ભગવાનને વંદન કરીને પૂછ્યું: 'ભગવન્! ક્રોધને વશ હોવાથી પીડિત થયેલો જીવ કયું કર્મ બાંધે તથા એકકું કરે?

ભ૦—હે શંખ! ક્રોધને વશ થવાથી પીડિત થયેલો જીવ આયુષ્ય સિવાયની સાત કર્મપ્રકૃતિઓ શિથિલ બંધનથી બાંધેલી હોય તો તેમને કઠિન બંધનવાળી કરે છે; અલ્પ સ્થિતિવાળીને દીર્ઘ સ્થિતિવાળી, મંદ અનુભાગવાળીને તીવ્ર અનુભાગવાળી, તથા અલ્પ પ્રદેશવાળીને બહુ પ્રદેશવાળી કરે છે; અશાતાવેદનીય કર્મ વારંવાર એકકું કરે છે, તથા અનાદિ અનંત અને દીર્ઘમાર્ગવાળા આ સંસારારણ્યને વિષે પર્યટન કરે છે. તે કારણથી તે સિદ્ધ થતો નથી તેમ જ સર્વ દુઃખોનો અંત લાવી શકતો નથી. તે પ્રમાણે માન, માયા અને લોભને વશ થયેલાઓનું પણ સમજવું.

ત્યારબાદ તે શ્રમણોપાસકો ભગવાન પાસેથી એ વાત સાંભળી ભય પામ્યા અને ઉદ્વિગ્ન થયા; પછી તેઓ ભગવાનને વંદન કરી શંખ પાસે આવ્યા અને તેની વારંવાર વિનયપૂર્વક ક્ષમા માગવા લાગ્યા. ત્યાર બાદ તેઓ પાછા ચાલ્યા ગયા.

તે પછી ગૌતમે ભગવાનને પૂછ્યું: ભગવન્! તે શંખ શ્રમણોપાસક આપની પાસે પ્રવ્રજ્યા લેશે?

---

૧. જાગરિકા ત્રણ પ્રકારની છે: (બ્રહ્મચારી સાધુઓ વગેરે) બુદ્ધોની; (જેમને હજુ કેવલજ્ઞાન નથી થયું એવા) અબુદ્ધોની; અને (શ્રદ્ધાળુ શ્રાવકો રૂપી) સુદર્શનોની.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભ૦—હે ગૌતમ! એ અર્થ યથાર્થ નથી. પણ હે ગૌતમ! તે શંખ શ્રમણોપાસક ઘણાં શીલવ્રત, ગુણવ્રત, વગેરે વડે તથા યથાયોગ્ય સ્વીકારેલાં તપકર્મ વડે આત્માને ભાવિત કરતો, ઘણાં વરસો સુધી શ્રમણોપાસકપણું પાળી, અંતે સાઠ ટંક ઉપવાસ કરી, સમાધિયુક્ત ચિત્તે મરણ પામી, સૌધર્મકલ્પમાં અરુણાભ નામે વિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. તેમાં તેની પણ ચાર પલ્યોપમની સ્થિતિ હશે. પછી તે સ્થિતિનો ક્ષય થાય બાદ, તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદ પામશે અને સર્વ દુઃખોનો અંત લાવશે.

— શતક ૧૨, ઉદ્દે૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૮

જયંતી શ્રાવિકા

કૌશાંબી નગરીમાં ચંદ્રાવતરણ નામનું ચૈત્ય હતું. તે નગરીમાં ઉદાયન નામે રાજા હતો. તેના પિતાનું નામ શતાનીક હતું, તથા તેની માતાનું નામ મૃગાવતી દેવી હતું. તે ચેટક રાજાની પુત્રી હતી. શતાનીકને જયંતી નામની બહેન હતી. તે શ્રાવિકા હતી; તથા શ્રમણભગવંત મહાવીરના સાધુઓની પ્રથમ 'શય્યાતર' (ઉતારો આપનાર) હતી.

એક વખત મહાવીરસ્વામી તે નગરમાં પધાર્યા. તે સાંભળી બધા તેમનાં દર્શને નીકળ્યા. ઉદાયન રાજા પણ તેમનાં દર્શને ગયો. પછી જયંતીએ પોતાની ભોજાઈ મૃગાવતીને કહ્યું કે, 'હે દેવાનુપ્રિયે! અહીં શ્રમણભગવાન મહાવીર પધાર્યા છે; તેવાનાં નામ-ગોત્રના શ્રવણથી પણ મોટું ફળ થાય છે; તો પછી તેમને વંદનાદિ કરવાથી તો

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શું જ કહેવું. તથા એક પણ આર્ય અને ધાર્મિક સુવચનના શ્રવણથી મોટું ફળ થાય છે; તો પછી વિપુલ અર્થને ગ્રહણ કરવા વડે મહાફલ થાય તેમાં નવાઈ શી? માટે ચાલ આપણે જઈએ અને તેમને વંદન કરીએ. એ આપણને આ ભવમાં તથા પરભવમાં હિત, સુખ, અને નિઃશ્રેયસ માટે થશે.

આ સાંભળી મૃગાવતી પણ મહાવીરસ્વામીનાં દર્શન માટે તત્પર થઈ; તથા જયંતીની સાથે વાહનમાં બેસી જ્યાં મહાવીર ભગવાન હતા ત્યાં ગઈ.

દર્શનાદિ કર્યા બાદ, તથા ધર્મકથા સાંભળ્યા બાદ બધા લોકો સાથે ઉદાયન અને મૃગાવતી પાછાં ફર્યાં.

પરંતુ જયંતી તો ભગવાનને નમસ્કાર કરી પૂછવા લાગી: 'હે ભગવન્! જીવો ભારેપણું શાથી પામે?'

મ૦—હે જયંતિ! જીવો જીવહિંસાદિથી[૧] ભારે કર્મીપણું પામે છે.

જયંતી—હે ભગવન્! જીવોનું ભવસિદ્ધિકપણું[૨] સ્વભાવથી છે કે પરિણામથી છે?

મ૦—હે જયંતિ! ભવસિદ્ધિક જીવો સ્વભાવથી છે, પણ પરિણામથી નથી.

જયંતી—હે ભગવન્! જો સર્વે ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે, તો આ લોક ભવસિદ્ધિક જીવોરહિત થશે?

૧. વિગત માટે જુઓ આગળ પા. ૫૧.

૨. મોક્ષ પામવાને યોગ્ય હોવાપણું. જૈન દર્શન પ્રમાણે કેટલાક જીવો અભવ્ય છે. તેમનો કદી મોક્ષ થવાનો નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—તે અર્થ યથાર્થ નથી. જેમ સર્વ આકાશની શ્રેણી હોય; તે અનાદિ અનંત, તથા ઉપરની બાજુઓએ પરિમિત અને બીજી શ્રેણીઓથી પરિવૃત હોય; તેમાંથી સમયે સમયે એક પરમાણુ પુદ્ગલ માત્ર ખંડો કાઢતાં કાઢતાં અનંત યુગો વીતી જાય, તો પણ તે શ્રેણી ખાલી થાય નહીં, તે પ્રમાણે અધ્યાય ભવસિદ્ધિક જીવો સિદ્ધ થવાની યોગ્યતાવાળા છે, તોપણ લોક ભવસિદ્ધિક જીવો વિનાનો થશે નહીં.

જયંતી—હે ભગવન્! સૂતેલાપણું સારું કે જાગેલાપણું સારું?

મ૦—હે જયંતિ! કેટલાક જીવોનું સૂતેલાપણું સારું; અને કેટલાક જીવોનું જાગેલાપણું સારું. અધર્મી લોકોનું સૂતેલાપણું જ સારું; કારણ કે તો જ એ લોકો અનેક ભૂતપ્રાણીઓને દુઃખ આપનારા ન થાય; તેમ જ પોતાને કે બીજાને કે બંનેને ઘણી અધાર્મિક સંયોજના (ક્રિયા) સાથે ન જોડે. પરંતુ જે જીવો ધાર્મિક છે, તેઓનું જાગેલાપણું સારું છે; કારણ કે તેઓ અનેક ભૂતપ્રાણીઓને સુખ આપનારા થાય છે; અને પોતાને, પરને કે બંનેને ઘણી ધાર્મિક સંયોજના (ક્રિયા) સાથે જોડનાર થાય છે. વળી એ જીવો જાગતા હોય તો ધર્મજાગરિકા વડે પોતાને જાગૃત રાખે છે. માટે એ જીવોનું જાગેલાપણું સારું છે.

જયંતી—હે ભગવન્! સબળપણું સારું કે દુર્બલપણું સારું?

મ૦—હે જયંતિ! કેટલાક જીવોનું સબલપણું સારું અને કેટલાકનું દુર્બલપણું સારું: ધાર્મિક જીવોનું સબલપણું સારું, અને અધાર્મિકનું દુર્બલપણું સારું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જયંતી—દક્ષપણું – ઉદ્યમીપણું સારું કે આળસુપણું સારું ?

મ૦—હે જયંતિ ! ધાર્મિક જીવોનું ઉદ્યમીપણું સારું; અને અધાર્મિક જીવોનું આળસુપણું સારું. ધાર્મિક જીવો ઉદ્યમી (દક્ષ) હોય, તો આચાર્યાદિની ઘણી સેવા કરે છે, માટે તેઓનું દક્ષપણું સારું છે.

જયંતી—શ્રોત્રેંદ્રિયને વશ થવાથી પીડિત થયેલો જીવ શું બાંધે ?

મ૦—હે જયંતિ ! જેમ ક્રોધને વશ થયેલા જીવ સંબંધે આગળ શંખશેઠ વખતે કહ્યું, તેમ અહીં પણ જાણવું. તેમ બીજી ઇંદ્રિયોને વશ થયેલાઓ વિષે પણ જાણવું.

ત્યારબાદ તે જયંતી શ્રમણોપાસિકા શ્રમણભગવંત મહાવીર પાસે એ વાત સાંભળી હર્ષવાળી અને સંતુષ્ટ થઈ તથા તેમની પાસે પ્રવ્રજ્યા સ્વીકારી, આર્ય ચંદનાના શિષ્યાપણાએ રહી, અગિયાર અંગો ભણી, ઘણાં વર્ષો સાધ્વીપણું પાળી, અંતે સાઠ ટંક ઉપવાસ કરી, મરણ પામી, નિર્વાણ પામી, તથા સર્વ દુઃખથી મુક્ત થઈ.

—શતક ૧૨, ઉદ્દે૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૯

ઉદાયન રાજા

તે સમયે સિંધુસૌવીર દેશને વિષે વીતભય નામે નગર હતું. તેના ઈશાનખૂણામાં મૃગવન નામે ઉદ્યાન હતું. તે નગરને વિષે ઉદાયન નામે રાજા હતો. તેને પ્રભાવતી નામની રાણી હતી, તથા તે રાણીથી થયેલો અભીચિ નામે કુમાર હતો. તે રાજાને કેશીકુમાર નામે ભાણેજ હતો. તે ઉદાયન રાજા સિંધુસૌવીર વગેરે ૧૬ દેશો, વીતભય વગેરે ત્રણસો ને ત્રેસઠ નગરો અને બીજા તથા જેમને છત્ર-ચમર-વીંજણા હાથમાં આપેલા છે એવા મહાસેન* વગેરે દશ મુકુટબદ્ધ

---

* આ મહાસેન તે ઇતિહાસપ્રસિદ્ધ અવન્તીનો પ્રદ્યોત અથવા ચંડપ્રદ્યોત. તેની સાથેના યુદ્ધની વિગત આવ૦ સૂત્ર ટીકા પા. ૨૯૬-૩૦૦માં આ પ્રમાણે વર્ણવેલી છે: કેટલાક મુસાફરોને સમુદ્રના તોફાનમાંથી બચાવી એક દેવે ચંદનની જિનમૂર્તિ આપી હતી. તેને ઉદાયનની રાણી પ્રભાવતીએ પોતાના મહેલમાં સ્થાપી હતી. રાણીના મૃત્યુ પછી એક કૂબડી દાસી તેની પૂજા કરતી હતી. દેવીપ્રભાવવાળી ગોળીઓ ખાતાં તે દાસી અપૂર્વ સુંદરી બની ગઈ. પછી તેની ઇચ્છાથી ઉજ્જયિનીનો ચંડપ્રદ્યોત તે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાજાઓ તથા એવા બીજા ઘણા રાજાઓ, યુવરાજો, કોટવાલો (તલવર), નગરશેઠો અને સાર્થવાહો વગેરેનું અધિપતિપણું કરતો હતો; તથા રાજ્યનું પાલન કરતો, જીવઅજીવ વગેરે તત્ત્વોને જાણતો તથા શ્રાવકપણું પાળતો ઉપાસક થઈને વિહરતો હતો.

એક વખત તે રાજાને મધ્યરાત્રીને સમયે ધર્મજાગરણ કરતાં કરતાં એવો સંકલ્પ થયો કે, 'તે ગામ, નગર વગેરેને ધન્ય છે, જ્યાં શ્રમણભગવંત મહાવીર વિચરે છે; તથા તે રાજા, શેઠ વગેરેને ધન્ય છે, જેઓ શ્રમણભગવંત મહાવીરને નમસ્કાર કરે છે. જો શ્રમણભગવંત મહાવીર ફરતા ફરતા અહીં આવે અને આ નગરની બહાર મૃગવન ઉદ્યાનમાં ઊતરે, તો હું તેમને વંદન કરું તથા તેમની ઉપાસના કરું.

તે વખતે ભગવાન ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં હતા. તે ઉદાયન રાજાનો આ સંકલ્પ જાણી ત્યાંથી નીકળ્યા અને વીતભયમાં આવી મૃગવનમાં ઊતર્યા. એ

દાસીને અને પેલી મૂર્તિને હરી ગયો. પછી ઉદાયનને તેની સાથે યુદ્ધ થયું, અને તેમાં ચંડપ્રદ્યોત હાર્યો અને પકડાયો. પછી તેને પજ્જુસણ દરમ્યાન છોડી મૂકી ઉદાયન પેલી મૂર્તિ સાથે પાછો આવ્યો. તે મૂર્તિ રાજાના વધ પછી દેવે વરસાવેલા ધૂળના વરસાદમાં દટાઈ ગઈ. પછી હેમચંદ્રે પોતે પોતાના 'મહાવીરચરિત'માં જણાવ્યા પ્રમાણે મહાવીરના નિર્વાણ પછી ૧૬૬૯ વર્ષે, કુમારપાળ દ્વારા ખોદાવી મંગાવી અને પાટણમાં પધરાવી. આ તથા બીજી અનેક ઐતિહાસિક વિગતો માટે જુઓ 'પુરાતત્ત્વ,' પુ. ૧, પા. ૨૬૩માં આચાર્યશ્રી જિનવિજયજીનો લેખ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વાત જાણી પ્રજાજનો હર્ષિત થઈ તેમનાં દર્શને નીકળ્યા; અને ઉદાયન રાજા પણ પરિવારથી વીંટળાઈને ઝટપટ ત્યાં ગયો. ત્યારબાદ ભગવંતે ધર્મકથા કહી. તે સાંભળી હર્ષિત થઈ ઉદાયન રાજાએ ભગવાનને પ્રદક્ષિણા કરીને કહ્યું કે, અભીચિકુમારને રાજ્ય વિષે સ્થાપન કરી, આપની પાસે હું પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું. પછી મહાવીર ભગવાનની પરવાનગી મળતાં રાજા ઘર તરફ જવા નીકળ્યો. પરંતુ તેને રસ્તામાં વિચાર આવ્યો કે, મારા પ્રિય પુત્રને હું રાજ્ય સોંપી પ્રવ્રજિત થાઉં, તો મારો તે પ્રિય પુત્ર મનુષ્ય સંબંધી કામભોગોમાં મૂર્છિત, લુબ્ધ અને બદ્ધ થઈને અનાદિ અને અનંત સંસારસાગરમાં અટવાયા કરશે. માટે હું તો મારા ભાણેજ કેશીકુમારને રાજ્ય વિષે સ્થાપું.

ઘેર આવી રાજાએ કેશીકુમારના રાજ્યાભિષેકના મહોત્સવની તૈયારી કરવાનો હુકમ આપ્યો. અને યોગ્ય સમયે વિધિપુરઃસર કેશીકુમાર રાજા થયો પણ ખરો. પછી ઉદાયન પણ પ્રવ્રજિત થઈ, યોગ્ય તપ-કર્મ કરતો મરણ પામી સિદ્ધ થયો – મુક્ત થયો. *

---

* પછીના આવશ્યકચૂર્ણિ, ટીકા આદિ ગ્રંથોમાં ઉદાયનના મૃત્યુની નોંધ આ પ્રમાણે લીધી છે : દીક્ષા લીધા પછી લૂખા-સૂકા ભિક્ષાહારને કારણે તેના શરીરમાં વ્યાધિ થયો. વૈદ્યોએ તેને દહીં ખાવાનું જણાવ્યું. તે માટે તે વ્રજમાં રહેવા લાગ્યો. એક વખત તે વીતભયમાં ગયો. ત્યાં તેનો ભાણેજ કેશી રાજ્ય કરતો હતો. તેને દુષ્ટ મંત્રીઓએ ભરમાવ્યો કે, આ રાજા ભિક્ષુજીવનથી કંટાળી રાજ્ય મેળવવા ચાહે છે. ત્યારે તેણે કહ્યું કે, તેણે રાજ્ય આપ્યું છે, તો તે પાછું ઇચ્છશે તો આપી દઈશ. પરંતુ અંતે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી અન્ય કોઈ દિવસે અભીચિકુમારને મધ્યરાત્રિને સમયે કુટુંબજાગરણ કરતાં કરતાં એવો વિચાર થયો કે, 'હું ખરેખર ઉદાયન રાજાનો પ્રભાદેવીની કુક્ષિથી ઉત્પન્ન થયેલો પુત્ર છું; છતાં ઉદાયન રાજાએ મને છોડી પોતાના ભાણેજ કેશીકુમારને રાજ્ય ઉપર બેસાડી, ભગવંત મહાવીર પાસે પ્રવ્રજ્યા લીધી.' આવા પ્રકારના મોટા અપ્રીતિયુક્ત માનસિક દુઃખથી પીડિત થયેલો તે અભીચિકુમાર પોતાના અંતઃપુરના પરિવાર સહિત પોતાનો સરસામાન લઈને ચાલી નીકળ્યો અને ચંપાનગરીમાં કૂણિક રાજાને આશ્રયે રહ્યો. ત્યાં તેને વિપુલ ભોગસામગ્રી પ્રાપ્ત થઈ. પછી તે શ્રાવક પણ થયો; પરંતુ ઉદાયન રાજર્ષિ પ્રત્યે તેની વૈરવૃત્તિ કાયમ જ રહી. રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોની પાસે ચોસઠ લાખ અસુરકુમારોના આવાસો કહ્યા છે. અભીચિકુમાર ઘણાં વર્ષો સુધી શ્રમણોપાસકપણું પાળી, અર્ધમાસિક સંલેખનથી (ત્રીસ ટંક ઉપવાસ કરી,) પોતાના વૈરની આલોચના વગેરે કર્યા વિના મરણ પામ્યો; અને અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં કેટલાક અસુરકુમાર દેવોની એક પલ્યોપમ સ્થિતિ કહી છે, અને અભીચિદેવની પણ તેટલી જ છે. તે સ્થિતિનો ક્ષય થયા પછી તે મહાવિદેહ ક્ષેત્ર વિષે સિદ્ધ થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

— શતક ૧૩, ઉદ્દે૦ ૬

દુષ્ટ મંત્રીઓની સલાહ મુજબ કેશીએ તે રાજાને એક ગોવાલણના હાથે દહીંમાં ઝેર નંખાવી મારી નંખાવ્યો. પછી નગરની દેવતાએ તે આખું નગર ધૂળના વરસાદથી દાટી દીધું. આવ૦ સૂત્ર૦ ટીકા પૃ. ૫૩૭-૮.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦

ગંગદત્ત દેવ

તે કાળે ઉલ્લુકતીર નામે નગર હતું. તેની બહાર એક-જંબૂક નામે ચૈત્ય હતું. એક વખત મહાવીરસ્વામી ત્યાં પધાર્યા. તે વખતે શક્ર દેવેન્દ્ર મહાવીર ભગવાનને આવી સંક્ષિપ્ત આઠ પ્રશ્નો પૂછી ઉતાવળપૂર્વક ભગવાનને વંદન કરી, દિવ્ય વિમાન ઉપર પાછો ચડી, જ્યાંથી આવ્યો હતો ત્યાં પાછો ચાલ્યો ગયો. તે પ્રશ્નો આ પ્રમાણે હતા: હે ભગવન્! મોટી ઋદ્ધિવાળો દેવ બહારના પુદ્ગલો ગ્રહણ કરીને જેમ અહીં આવવાને સમર્થ છે, તેમ બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને જવા–બોલવા–ઉત્તર દેવા–આંખ ઉઘાડવા મીંચવા –શરીરના અવયવોને સંકોચવા પહોળા કરવા–સ્થાન શય્યા કે સ્વાધ્યાય ભૂમિ (નિષદ્યા) ભોગવવાને–વૈક્રિયરૂપ ધારણ કરવાને–અને વિષયોપભોગ કરવાને સમર્થ છે?

તેના જવાબમાં મહાવીરસ્વામીએ કહ્યું કે, હે શક્ર, મોટી ઋદ્ધિવાળો દેવ બહારના પુદ્ગલો ગ્રહણ કરીને એ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બધું કરવા સમર્થ છે; પણ તેમને ગ્રહણ કર્યાં વિના સમર્થ નથી[૧].

પછી ગૌતમે ભગવાનને વંદન કરી પ્રશ્ન પૂછ્યો કે, હે ભગવન્! ઇંદ્ર આ પ્રમાણે સંક્ષિપ્ત પ્રશ્ન પૂછી ઉત્સુકતાપૂર્વક નમન કરી કેમ ઉતાવળો ચાલ્યો ગયો?

ત્યારે ભગવાને ઉત્તર આપ્યો — હે ગૌતમ! મહાશુક્ર કલ્પના મહાસામાન્ય નામના વિમાનમાં મોટી ઋદ્ધિવાળા બે દેવો એક જ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. તેમાં એક માયી મિથ્યાદૃષ્ટિરૂપે ઉત્પન્ન થયો; અને એક અમાયી સમ્યગ્દૃષ્ટિરૂપે ઉત્પન્ન થયો. પછી પેલા માયી દેવે અમાયી દેવને કહ્યું કે, પરિણામ પામતી વસ્તુને પરિણત ન કહેવાય; કારણ કે હજુ તે પરિણમે છે, માટે પરિણત નથી પણ અપરિણત છે. ત્યારે પેલા અમાયી દેવે કહ્યું કે, પરિણામ પામતા પુદ્ગલો પરિણમે છે માટે પરિણત કહેવાય, પણ અપરિણત ન કહેવાય. પછી તે સમ્યગ્દૃષ્ટિદેવે અવધિજ્ઞાન વડે મને અહીં આવેલો જોઈ, એ બાબતની ખાતરી કરવા આવવાનો વિચાર કર્યો; અને તેથી પોતાના મોટા પરિવાર સાથે તે અહીં આવવા નીકળ્યો છે. પણ દેવરાજ શક્ર મારી તરફ આવતા તે દેવની તેવા પ્રકારની દિવ્ય દેવદ્યુતિ, ઋદ્ધિ અને પ્રભાવને ન સહન કરતો, આઠ સંક્ષિપ્ત પ્રશ્નો પૂછી, ઉત્સુકતાપૂર્વક વંદીને ચાલ્યો ગયો.

---

૧. સર્વ સંસારી જીવ (શ્વાસરૂપે, આહારાદિરૂપે, કે કર્મરૂપે) બાહ્ય પુદ્ગલો ગ્રહણ કર્યાં વિના કાંઈ ક્રિયા કરી નથી શકતા; પણ કદાચ મહાઋદ્ધિશાળી દેવ કરી શકતો હોય એવી આશંકાથી શક્રનો પ્રશ્ન છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આ વાત ચાલે છે તેટલામાં તો પેલો સમ્યગ્દૃષ્ટિ દેવ શીઘ્ર ત્યાં આવ્યો અને ભગવાનની પ્રદક્ષિણાપૂર્વક તેણે પેલો પ્રશ્ન તેમને પૂછ્યો. ત્યારે ભગવાને તેનું મંતવ્ય જ સાચું કહ્યું. આથી હર્ષિત થઈ તે દેવ ત્યાં જ બેસી ભગવાનની પર્યુપાસના કરવા લાગ્યો. પછી ભગવાને તે દેવને અને સભાજનોને ધર્મકથા કહી. તેથી સંતુષ્ટ તથા આરાધક બની તે દેવ ઊભો થયો અને ભગવાનને વંદન કરીને બોલ્યો: 'હે ભગવંત! હું ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક[1]? સમ્યગ્દૃષ્ટિ છું કે મિથ્યાદૃષ્ટિ? પરિમિત સંસારવાળો છું કે અપરિમિત સંસારવાળો? સુલભબોધિક છું કે દુર્લભબોધિક? આરાધક છું કે વિરાધક? (ચરમ) અંતિમ શરીરવાળો છું કે અચરમ શરીરવાળો?

ત્યારે ભગવાને તેને જવાબ આપ્યો: 'હે ગંગદત્ત! તું ભવસિદ્ધિક છે, . . . તથા ચરમશરીરવાળો છે.

પછી ગંગદત્ત દેવ ગૌતમાદિને બત્રીસ પ્રકારનાં નાટક દેખાડીને જ્યાંથી આવ્યો હતો ત્યાં પાછો ચાલ્યો ગયો.

ગૌ૦—હે ભગવન્! ગંગદત્ત દેવની તે બધી દિવ્ય ઋદ્ધિ ક્યાં ચાલી ગઈ?

ભ૦—હે ગૌતમ! તે તેના શરીરમાં સમાઈ ગઈ.

ગૌ૦—હે ભગવન્! ગંગદત્તે તે દિવ્ય ઋદ્ધિ કેવી રીતે મેળવી?

ભ૦—હે ગૌતમ! હસ્તિનાપુરમાં જૂના સમયમાં ગંગદત્ત નામનો ગૃહસ્થ રહેતો હતો. તે વખતે આદિકર, સર્વજ્ઞ,

---

૧. કદી મોક્ષ ન પામનાર.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વદર્શી, આકાશગત ચક્રવાળા, તથા દેવો વડે ખેંચાતા ધર્મ-ધ્વજયુક્ત શ્રી મુનિ સુવ્રત તે નગરમાં સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં ફરતા ફરતા આવીને ઊતર્યા. તેમને આવેલા જાણી પ્રજાજનો સાથે ગંગદત્ત પણ તેમનાં દર્શને ગયો, અને તેમની ધર્મકથા સાંભળી, પોતાના પુત્રને બધો કારભાર સોંપી પ્રવ્રજિત થયો. પછી તે અગિયાર અંગો ભણ્યો અને અનેક તપ આચરવા લાગ્યો. અંત સમયે ૬૦ ટંકનો ઉપવાસ કરી, તે મરણ પામ્યો અને મહાશુક્ર કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો. તેની તે સ્થિતિ સત્તર સાગરોપમ વર્ષની છે. ત્યાંથી ચ્યુત થયા પછી તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.*

— શતક ૧૬, ઉદ્દે૦ ૫

---

* બીજે પ્રસંગે વિશાલા નગરીમાં બહુપુત્રિક ચૈત્યમાં ભગવાન પધાર્યા હતા ત્યારે શક્રદેવ આવીને ૩૨ પ્રકારનો નાટ્ય-વિધિ બતાવી ગયો. તેણે તે ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી એવા પ્રશ્નના જવાબમાં ભગવાને હસ્તિનાપુરના ૧૦૦૮ વાણિયાઓના નાયક કાર્તિક શેઠની વાત કહી. તે પણ મુનિ સુવ્રતનો ઉપદેશ સાંભળી ૧૦૦૮ વાણિયાઓ સાથે પ્રવ્રજિત થયો હતો, ૧૪ પૂર્વ ભણ્યો હતો, તથા બાર વર્ષ સાધુપણે રહી અંતે ૬૦ ટંક ભૂખ્યો રહી મરણ પામ્યો હતો અને બે સાગરોપમ આયુષ્યવાળો દેવરાજ થયો હતો. તે અંતે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પામશે.

— શતક ૧૮, ઉદ્દે૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧

મદ્રુક શ્રાવક

તે કાલે રાજગૃહ નામે નગર હતું. તેની પાસે ગુણશીલ નામે ચૈત્ય હતું. તે ચૈત્યની પાસે થોડે દૂર કાલોદાયી, શૈલોદાયી, સેવાલોદાયી, ઉદય, નામોદય, નર્મોદય અન્યપાલક, શૈલપાલક, શંખપાલક અને સુહસ્તી ગૃહસ્થ નામના અન્ય-તીર્થિકો[1] રહેતા હતા. એક વખત તેઓ એકઠા થઈ સુખપૂર્વક બેઠા હતા, ત્યારે તેમનામાં આ પ્રકારનો વાર્તાલાપ થયો : 'શ્રમણ જ્ઞાતપુત્ર (મહાવીર) પાંચ અસ્તિકાયો જણાવે છે : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય. તેમાં જીવાસ્તિકાયને તે જીવકાય જણાવે છે. વળી પુદ્ગલ સિવાયના અસ્તિકાયોને અરૂપીકાય (અમૂર્ત) જણાવે

---

૧. અન્યના તીર્થને – સંપ્રદાયને – મતને અનુસરનાર.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે અને પુદ્ગલાસ્તિકાયને રૂપીકાય (મૂર્ત) જણાવે છે. એ પ્રમાણે કેમ માની શકાય *?

હવે તે નગરમાં મદ્રુક નામનો ધનવાન શ્રાવક રહેતો હતો. એક વખત મહાવીરને રાજગૃહમાં આવેલા જાણી મદ્રુક તેમને દર્શને જતો હતો; તેટલામાં પેલા અન્ય-તીર્થિકોએ તેને જોયો; એટલે તેમણે તેને બોલાવીને પોતાનું ઉપરનું મંતવ્ય જણાવ્યું. ત્યારે તેણે જવાબ આપ્યો: 'જો કોઈ વસ્તુ કાર્ય કરે, તો આપણે તેને કાર્ય દ્વારા જાણી શકીએ કે જોઈ શકીએ. પણ જો તે પોતાનું કાર્ય ન કરે તો આપણે તેને જાણી શકતા નથી તેમ જોઈ શકતા નથી. પવન વાય છે, પણ આપણે તેનું રૂપ જોઈ શકતા નથી; ગંધગુણવાળા પુદ્ગલો છે, છતાં તેમનું રૂપ આપણે જોઈ શકતા નથી; અરણિના કાષ્ઠમાં અગ્નિ છે, છતાં તે અગ્નિનું

---

* જેનો બીજો ભાગ ન થઈ શકે એવા અંશને – ખંડને 'અસ્તિ' અથવા 'પ્રદેશ' કહે છે; અને એના સમુદાયને 'કાય' કહે છે. અર્થાત્ અસ્તિકાય એટલે પ્રદેશોનો સમૂહ. એ દ્રવ્યો એવા એક અખંડ સ્કંધરૂપ છે કે જેના અવિભાજ્ય સૂક્ષ્મ અંશ બુદ્ધિથી કલ્પી શકાય છે. પુદ્ગલ દ્રવ્યના પ્રદેશ પોતાના સ્કંધથી જુદા થઈ શકે છે; પણ બીજાં ચાર દ્રવ્યના તેમ થઈ શકતા નથી. કારણ કે, તે ચારે અમૂર્ત છે. વધુ માટે જુઓ આગળ ખંડ ૩, અસ્તિકાય વિભાગ. ધર્મ અને અધર્મનો અહીં પ્રસિદ્ધ અર્થ નથી લેવાનો. આ બે દ્રવ્યો ગતિ અને સ્થિતિમાં સહાયક છે. પાણી વિના જેમ માછલી ગતિ કે સ્થિતિ ન કરી શકે, તેમ આ બે દ્રવ્યો અન્ય દ્રવ્યોની ગતિ તથા સ્થિતિમાં સહાયક છે. પુદ્ગલ અસ્તિકાય એટલે જેને અન્ય દર્શનો પ્રકૃતિ કે જડ તત્ત્વ કહે છે તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપ આપણે જોતા નથી; સમુદ્રને પેલે પાર રૂપો છે, પણ આપણે તેમને જોતા નથી. દેવલોકમાં પણ પદાર્થો છે, પણ તેમને આપણે જોતા નથી. એ પ્રમાણે તમે કે હું કે એવા અજ્ઞાની[1] જેને ન જાણીએ કે ન દેખીએ, તે બધું ન હોય, તો ઘણી વસ્તુઓનો અભાવ થઈ જાય!'

આમ કહીને મદ્રુકે તેમને નિરુત્તર કર્યા. પછી તે આગળ ચાલ્યો અને ભગવાન પાસે જઈ તેમને વંદનાદિ કર્યા. ત્યારે ભગવાને તેને એ બધું બનેલું કહી સંભળાવીને જણાવ્યું કે, હે મદ્રુક! જે કોઈ પુરુષ, પોતે નહિ જોયેલી, નહિ સાંભળેલી, નહિ સ્વીકારેલી કે નહિ જાણેલી વસ્તુને, હેતુને, પ્રશ્નને કે ઉત્તરને ઘણા માણસો વચ્ચે કહે છે; તે અર્હતોની અને તેમણે કહેલા ધર્મની આશાતના (અવમાનના) કરે છે. માટે તેં પેલાઓને એ પ્રમાણે ઠીક કહ્યું છે, સારું કહ્યું છે.' જ્યારે ભગવાને મદ્રુકને એમ કહ્યું, ત્યારે તે અતિ સંતુષ્ટ થયો. પછી ભગવાને તેને અને સભાજનોને ધર્મકથા કહી. પછી મદ્રુકે પણ ભગવાનને ઘણા પ્રશ્નો પૂછ્યા અને અર્થો જાણ્યા. પછી તે તેમને વંદનાદિ કરી પાછો ચાલ્યો ગયો.

ગૌ૦—હે ભગવન્! તે મદ્રુક શ્રાવક આપની પાસે પ્રવ્રજ્યા લેશે?

ભ૦—હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. પણ તે ઘણાં શીલવ્રતાદિ વડે તથા યથાયોગ્ય સ્વીકારેલાં તપકર્મ વડે આત્માને ભાવિત કરતાં અંતે સાઠ ટંક ઉપવાસ કરી, મરણ પામી સૌધર્મ કલ્પમાં અરુણાભ વિમાનમાં દેવપણે

---

૧. એટલે કે કેવલજ્ઞાન વિનાના —છદ્મસ્થ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પન્ન થશે; પછી ચાર પલ્યોપમ કાળ સુધી ત્યાં રહી, અંતે તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદ પામશે.

— શતક ૧૮, ઉદ્દે૦ ૭

* * * *

કાલોદાયી વગેરેએ આ પ્રકારનો જ પ્રશ્ન રાજગૃહમાં ભિક્ષા માગવા નીકળેલા ગૌતમને પૂછ્યો હતો. ત્યારે તેમણે જણાવ્યું હતું: "હે દેવાનુપ્રિયો! અમે જે વસ્તુ ન હોય તેને 'છે' એમ નથી કહેતા; અને હોય તેને અવિદ્યમાન નથી કહેતા. માટે તમે જ્ઞાન વડે સ્વયમેવ તે વસ્તુનો વિચાર કરો."

પછી એક વાર મહાવીર ભગવાન ઘણા માણસોને ધર્મોપદેશ કરતા હતા ત્યારે કાલોદાયી ત્યાં આવ્યો. એટલે ભગવાને તેને બોલાવીને ઉપરનો પ્રસંગ કહી સંભળાવ્યો અને જણાવ્યું કે, હું પંચાસ્તિકાયોની પ્રરૂપણા કરું છું.

ત્યારે કાલોદાયીએ તેમને પૂછ્યું: 'હે ભગવન્! અરૂપી ચાર અસ્તિકાયોમાં કોઈ બેસવા–સૂવા–આળોટવા શક્તિમાન છે?'

મ૦—ના. પરંતુ રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયમાં તેમ કરવા શક્તિમાન છે.

કાલો૦—હે ભગવન્! રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયને જીવનાં પાપકર્મ લાગે?

મ૦—ના. અરૂપી જીવકાયને પાપકર્મો લાગે છે.

પછી કાલોદાયી બોધ પામ્યો અને સ્કંદકની પેઠે તેણે ભગવાન પાસે પ્રવ્રજ્યા લીધી, અને અગિયાર અંગોનું

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યયન વગેરે કર્યાં. પછી મહાવીર ભગવાન રાજગૃહથી બહારના દેશોમાં ચાલ્યા ગયા. પછી જ્યારે તે ફરી પાછા આવ્યા, ત્યારે કાલોદાયી તેમને વંદનાદિ કરવા ગયો અને ત્યાં તેને તેમની સાથે આ પ્રમાણે પ્રશ્નોત્તર થયા:

કા૦—હે ભગવન્! પાપકર્મો અશુભ ફળવાળાં કેમ હોય?

મ૦—હે કાલોદાયિ! જેમ કોઈ પુરુષ સુંદર થાળીમાં સુંદર તથા અઢાર પ્રકારનાં શાકદાળાદિ યુક્ત પરંતુ વિષમિશ્રિત ભોજન કરે, તો તે ભોજન શરૂઆતમાં સારું લાગે, પણ પછી તેનું પરિણામ બૂરું આવે; તેમ જીવોનાં પાપકર્મો અશુભ ફળવાળાં હોય છે. તથા જેમ ઔષધમિશ્રિત ભોજન શરૂઆતમાં સારું ન લાગે, પણ પછી સુખપણે પરિણામ પામે છે, તેમ જીવોને હિંસાદિ મહાપાપનો ત્યાગ, તેમ જ ક્રોધાદિ પાપસ્થાનોનો ત્યાગ પ્રારંભમાં સારો નથી લાગતો, પણ પછી પરિણામે સુરૂપપણે પરિણત થાય છે.

—શતક ૭, ઉદ્દે૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨

સોમિલ બ્રાહ્મણ

તે વખતે વાણિજ્યગ્રામ નગરમાં દ્યુતિપલાશ નામનું ચૈત્ય હતું. તે નગરમાં સોમિલ નામે ધનિક તેમજ ઋગ્વેદાદિ બ્રાહ્મણશાસ્ત્રોમાં કુશળ બ્રાહ્મણ રહેતો હતો. એક વખત ભગવાન મહાવીર તે નગરમાં આવ્યા. ત્યારે સોમિલને વિચાર આવ્યો કે, હું તેમને આવા પ્રકારના અર્થો તથા ઉત્તરો પૂછું; જો તેઓ મને તે અર્થો અને ઉત્તરો યથાર્થ રીતે કહેશે તો તેમને વંદન કરીશ; પરંતુ નહિ કહે તો તેમને નિરુત્તર કરીશ.

એમ વિચારી તે મહાવીર પાસે આવ્યો અને થોડે દૂર બેસી તેણે આ પ્રમાણે કહ્યું :

પ્ર૦—હે ભગવન્! તમને યાત્રા,[૧] યાપનીય,[૨] અવ્યા-બાધ અને પ્રાસુક[૩] વિહાર છે?

---

૧. સારી રીતે સંયમનો નિર્વાહ કરવો તે.
૨. સુખરૂપ સમય વિતાવવો તે.
૩. નિર્જીવ, નિર્દોષ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ૦—હે સોમિલ! મને તે બધું છે.

પ્ર૦—હે ભગવન્! તમને યાત્રા શું છે?

ઉ૦—હે સોમિલ! તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, અને ધ્યાનાદિમાં જે મારી પ્રવૃત્તિ છે, તે મારી યાત્રા છે.

પ્ર૦—હે ભગવન્! તમને યાપનીય શું છે?

ઉ૦—હે સોમિલ! યાપનીય બે પ્રકારનું છે: ઇંદ્રિય-યાપનીય અને નોઇન્દ્રિયયાપનીય. શ્રોત્રાદિ પાંચ ઇંદ્રિયો મને આધીન વર્તે છે, એ મારે ઇંદ્રિયયાપનીય છે; અને મારા ક્રોધ, માન, માયા, અને લોભ એ ચારે કષાયો વ્યુચ્છિન્ન થયેલા છે અને ઉદયમાં આવતા નથી, એ મારે નોઇંદ્રિય-યાપનીય છે.

પ્ર૦—હે ભગવન્! તમને અવ્યાબાધ શું છે?

ઉ૦—હે સોમિલ! મારા વાત, પિત્ત, કફ અને સંનિપાતજન્ય અનેક પ્રકારના શરીરસંબંધી દોષો ઉપશાંત થયા છે અને ઉદયમાં આવતા નથી, એ મને અવ્યાબાધ છે.

પ્ર૦—હે ભગવન્! તમારે પ્રાસુકવિહાર શું છે?

ઉ૦—હે સોમિલ! આરામો, ઉદ્યાનો, દેવકુલો, સભાઓ પરબો તથા સ્ત્રી-પશુ-નપુંસક રહિત વસતિઓમાં નિર્દોષ અને સ્વીકારવાયોગ્ય પીઠ (સૂવાનું પાટિયું), ફલક (પીઠ પાછળ ઓઠિંગણ રાખવાનું પાટિયું) શય્યા અને પથારીને પ્રાપ્ત કરી હું વિહરું છું, તે મારો પ્રાસુક વિહાર છે.

પ્ર૦—હે ભગવન્! સરિસવો આપને ભક્ષ્ય છે કે અભક્ષ્ય?

ઉ૦—હે સોમિલ તારાં બ્રાહ્મણનાં શાસ્ત્રોમાં સરિસવ શબ્દના બે અર્થ કહ્યા છે: ૧. સદશવયાઃ—એટલે કે મિત્ર

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને ૨. સર્ષપ – એટલે કે સરસવ. તેમાં જે મિત્રસરિસવ છે, તે ત્રણ પ્રકારના છે : સાથે જન્મેલા, સાથે ઊછરેલા અને સાથે ધૂળમાં રમેલા. તે ત્રણે શ્રમણ–નિર્ગ્રંથને અભક્ષ્ય છે; પરંતુ ધાન્યસરિસવ બે પ્રકારના છે : શસ્ત્રાદિથી નિર્જીવ થયેલા (શસ્ત્રપરિણત), અને શસ્ત્રાદિથી નિર્જીવ ન થયેલા (અશસ્ત્રપરિણત). તેમાં અશસ્ત્રપરિણત તો નિર્ગ્રંથને અભક્ષ્ય છે. શસ્ત્રપરિણતના પાછા બે પ્રકાર છે : એષણીય (ઇચ્છવા લાયક, નિર્દોષ) અને (ન ઇચ્છવાલાયક, સદોષ). તેમાં અનેષણીય તો નિર્ગ્રંથને અભક્ષ્ય છે. જે એષણીય છે તે બે પ્રકારના છે : યાચિત (માગેલા) અને અયાચિત (ન માગેલા). તેમાં જે અયાચિત છે, તે તો શ્રમણને અભક્ષ્ય છે; અને યાચિત બે પ્રકારના છે : મળેલા અને નહિ મળેલા. તેમાં જે નહિ મળેલા છે, તે નિર્ગ્રંથને અભક્ષ્ય છે; અને મળેલા ભક્ષ્ય છે.

પ્ર૦—હે ભગવન્! માસ તમારે ભક્ષ્ય છે કે અભક્ષ્ય?

ઉ૦—હે સોમિલ! માસ એટલે મહિના તો અભક્ષ્ય છે; તેમજ માપ એટલે સોનું રૂપું તોળવાનું માપ, તે પણ અભક્ષ્ય છે; પરંતુ માસ એટલે અડદ જે શસ્ત્રાદિપરિણત, યાચિત વગેરે હોય તો ભક્ષ્ય છે.

પ્ર૦—હે ભગવન્! આપને કુલત્થા ભક્ષ્ય છે કે અભક્ષ્ય?

ઉ૦—હે સોમિલ! કુલીનસ્ત્રી એ અર્થમાં કુલત્થા અમારે અભક્ષ્ય છે; પણ કળથી એ અર્થમાં કુલત્થા અમારે શસ્ત્રાદિપરિણતાદિ હોય તો ભક્ષ્ય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦—હે ભગવન્! આપ એક છો, બે છો, અક્ષય છો, અવ્યય છો, અવસ્થિત છો, કે અનેક ભૂત-વર્તમાન-ભાવી પરિણામને યોગ્ય છો?

ઉ૦—હે સોમિલ! હું એક પણ છું; અને તેં કહ્યું તે બધું ભૂત-વર્તમાન-ભાવી પરિણામોને યોગ્ય (સુધી પણ) છું. દ્રવ્યરૂપે હું એક છું; અને જ્ઞાનરૂપે તથા દર્શનરૂપે બે છું; પ્રદેશ (આત્મપ્રદેશ) રૂપે હું અક્ષય છું, અવ્યય છું અને અવસ્થિત પણ છું; તથા ઉપયોગની દૃષ્ટિએ હું અનેક ભૂત-વર્તમાન-ભાવી પરિણામને યોગ્ય છું.

અહીં સોમિલ બ્રાહ્મણ પ્રતિબોધ પામ્યો અને પ્રવ્રજ્યા લેવાની પોતાની અશક્તિ હોવાથી બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કરી વિહરવા લાગ્યો. બાકીનું બધું શંખ શ્રાવકની જેમ જાણવું.

— શતક ૧૮, ઉદ્દે૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩

નાનો અતિમુક્તક

તે સમયે શ્રમણભગવંત મહાવીરના શિષ્ય અતિમુક્તક નામના કુમારશ્રમણ[૧] હતા. તે ભોળા અને વિનયી હતા. એક વખત ભારે વરસાદ વરસતો હતો ત્યારે પોતાની કાખમાં પાત્ર અને રજોહરણ લઈને મલત્યાગ માટે તે બહાર ચાલ્યા. રસ્તામાં તેમણે વહેતા પાણીનું એક ખાબોચિયું જોયું. તેમણે તેના ફરતી એક માટીની પાળ બાંધીને તેમાં પોતાનું પાત્ર તરતું મૂક્યું, અને 'આ મારી નાવ છે' એમ કહી રમત રમવા માંડી. કેટલાક સ્થવિરોએ એ બધું જોયું. તેઓએ આવીને મહાવીર ભગવાનને પૂછ્યું :

'હે દેવાનુપ્રિય! આપના અતિમુક્તક નામના કુમાર-શ્રમણ કેટલા ભવો કર્યા બાદ સિદ્ધ થશે?'

મ૦—હે આર્યો! તે આ ભવ પૂરો કરીને જ સિદ્ધ થશે. માટે હે આર્યો! તમે તેની અવહેલા, નિંદા, તિરસ્કાર અને અપમાન કરો નહિ, પણ ગ્લાનિ રાખ્યા વિના તેને સાચવો, સહાય કરો અને તેની સેવા કરો. કારણ કે તે આ છેલ્લા શરીરવાળો છે. પછી તે સ્થવિરો તે અતિમુક્તકને વગર ગ્લાનિએ સાચવવા લાગ્યા તથા તેની સેવા કરવા લાગ્યા.

— શતક ૫, ઉદ્દે૦ ૪

---

૧. તે ૬ વર્ષની ઉમરે નિર્ગ્રંથ પ્રવચન ઉપર રુચિ કરીને પ્રવ્રજિત થયા હતા. સામાન્ય રીતે આઠ વર્ષ પહેલાં દીક્ષા હોવી સંભવતી નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪

કેટલા શિષ્યો સિદ્ધ થશે ?

એક વખત મહાશુક્ર નામના દેવલોકમાંથી, મહાસર્ગ નામના મોટા વિમાનમાંથી મોટી ઋદ્ધિવાળા એ દેવો શ્રમણ-ભગવંત મહાવીરની પાસે પ્રાદુર્ભૂત થયા. તેમણે મનથી જ ભગવાનને વંદનાદિ કરી, પ્રશ્ન પૂછ્યા; તથા ભગવાને પણ તેમને મનથી જ જવાબ આપ્યા, તે સાંભળી સંતુષ્ટ થઈ તેઓ ફરી મનથી જ તેમને વંદનાદિ કરી તેમની પર્યુપાસના કરવા લાગ્યા.

તે વખતે ભગવાનના મોટા શિષ્ય ગૌતમ મહાવીર-સ્વામીની પાસે ઉભડક બેસીને ધ્યાન ધરતા હતા. ધ્યાન પૂરું થયા પછી તેમને સંકલ્પ થયો કે, એ દેવો ભગવાન પાસે પ્રાદુર્ભૂત થયા હતા, તે ક્યાંથી શા માટે આવ્યા હતા તે હું ભગવાનને પૂછું.

ભગવાને તેમનો ઇરાદો તેમને પ્રથમથી જ કહી બતાવીને તેમને તે દેવો પાસે જ શંકા ટાળવા મોકલ્યા. દેવો તેમને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આવતા જોઈ હર્ષિત થયા તથા ઝટ ઊભા થઈ ગયા. પછી ગૌતમને તેમણે કહ્યું કે, "હે ભગવન્! અમે મહાશુક્ર કલ્પમાંથી મહાસર્ગ વિમાનમાંથી આવ્યા છીએ; અમે ભગવાનને મનથી જ પૂછ્યું હતું કે, 'હે ભગવન્! આપ દેવાનુપ્રિયના કેટલા શિષ્યો સિદ્ધ થશે?' ત્યારે ભગવાને પણ મનથી જ અમને જવાબ આપ્યો કે, 'હે દેવાનુપ્રિયો! મારા સાતસેં શિષ્યો સિદ્ધ થશે.' એ રીતે અમે મનથી જ પૂછેલા પ્રશ્નના જવાબ પણ અમને શ્રમણભગવંત તરફથી મન દ્વારા જ મળ્યા; તેથી અમે તેમની પર્યુપાસના કરીએ છીએ." એમ કહીને તે દેવો ગૌતમને વંદન કરી, જે દિશામાંથી પ્રગટ્યા હતા, તે દિશામાં જ અંતર્ધાન થઈ ગયા.

—શતક ૫, ઉદ્દે૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫

ગૌતમને આશ્વાસન

તે સમયે ભગવાન રાજગૃહમાં પધાર્યા હતા. તે અરસામાં ગૌતમસ્વામી પોતાને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થવાથી ખિન્ન રહેતા હતા. એટલે ધર્મકથા પૂરી થયા પછી લોકો વીખરાઈ ગયા બાદ મહાવીરસ્વામી ગૌતમને સંબોધીને કહેવા લાગ્યા :

'હે ગૌતમ ! તું મારી સાથે ઘણા કાળ સુધી સ્નેહથી બંધાયેલ છે; હે ગૌતમ ! તેં ઘણા લાંબા કાળથી મારી પ્રશંસા કરી છે; હે ગૌતમ ! તારો મારી સાથે ઘણા લાંબા કાળથી પરિચય છે; હે ગૌતમ ! તેં ઘણા લાંબા કાળથી મારી સેવા કરી છે; હે ગૌતમ ! તું ઘણા લાંબા કાળથી મને અનુસર્યો છે; હે ગૌતમ ! તું ઘણા લાંબા કાળથી મારી સાથે અનુકૂળપણે વર્ત્યો છે; હે ગૌતમ ! તુરતના દેવભવમાં અને તુરતના મનુષ્યભવમાં તારી સાથે મારો સંબંધ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વધારે તો શું ? પણ મરણ પછી શરીરનો નાશ થયા બાદ અહીંથી ચ્યવી આપણે બંને સરખા, એક પ્રયોજનવાળા (એક સિદ્ધિક્ષેત્રમાં રહેવાવાળા), તથા વિશેષતા અને ભેદરહિત (સિદ્ધ) થઈશું.

ગૌ૦—હે ભગવન્! આ વાત અનુત્તરૌપપાતિક દેવો પણ જાણે છે અને જુએ છે ?

મ૦—હા ગૌતમ! તે દેવોએ અનંત મનોદ્રવ્યની વર્ગણાઓને જ્ઞેયરૂપે પ્રાપ્ત કરી છે તથા વ્યાપ્ત કરી છે. તેથી તેઓ આ વાત જાણે છે અને જુએ છે.

—શતક ૧૪, ઉદ્દે૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬

મહાશિલાકંટક સંગ્રામ

ઐતિહાસિક નોંધ

આ યુદ્ધમાં તે વખતના મુખ્ય રાજવંશોનો ઉલ્લેખ છે. મગધદેશના રાજગૃહ નગરમાં રાજા શ્રેણિક (બૌદ્ધ ગ્રંથોનો બિંબિસાર) રાજ્ય કરતો હતો. તેના પુત્ર કૂણિકે (બૌદ્ધ ગ્રંથોના અજાતશત્રુએ) શ્રેણિકના મરણ[1] પછી ચંપાનગરીને[2] પોતાની રાજધાની બનાવી. કોણિક પછી તેના પુત્ર ઉદાયિએ પાટલિપુત્રને રાજધાની બનાવી, અને તેના પછી નવ નંદોએ રાજ્ય કર્યું. પછી મૌર્યવંશી ચંદ્રગુપ્ત આવ્યો.

---

૧. રાજ્યલોભને કારણે અજાતશત્રુએ બિંબિસારને કેદ કરી મારી નાખ્યો હતો. જુઓ આ માળાનું 'બુદ્ધચરિત' પુસ્તક, પા. ૧૨૯.

૨. ચંપા એ અંગદેશની રાજધાની હતી. પરંતુ મગધદેશના રાજાએ અંગદેશ જીતી લીધા પછી 'અંગ-મગધા' એ દ્વંદ્વસમાસથી અંગનો મગધ સાથે ઉલ્લેખ કરવામાં આવતો. જુઓ 'બુદ્ધચરિત' પુસ્તક, પા. ૧૨૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે સમયમાં મહાજનસત્તાક રાજ્યો પણ અસ્તિત્વમાં હતાં. તેવું એક રાજ્ય વજ્જી–વિદેહનું હતું. વિદેહોનું રાજ્ય વજ્જીઓ સાથે જોડાઈ ગયું હતું.[૧] વજ્જીઓની રાજધાની વૈશાલી હતી. તેનો રાજા ચેટક હતો. મહાવીરની માતા ત્રિશલા, ચેટકની સગી બહેન થતી હતી. ચેટકને સાત પુત્રીઓ હતી. તેમાં વચલી જ્યેષ્ઠાને મહાવીરના મોટાભાઈ નંદીવર્ધન સાથે પરણાવવામાં આવી હતી. મામાની કન્યા સાથે ભાણેજનું લગ્ન થવાનો રિવાજ આજે કેટલાક ભાગોમાં છે તેમ તે વખતે પણ પ્રચલિત હતો. મહાવીરની પુત્રી પ્રિયદર્શનાનાં લગ્ન પણ મહાવીરની સગી બહેન સુદર્શનાના પુત્ર જમાલિ વેરે થયાં હતાં.

ચેટકની બીજી પુત્રીઓ (એક સિવાય)[૨] પણ તે વખતના પ્રસિદ્ધ રાજાઓ સાથે પરણી હતી: પ્રભાવતીને ઉદાયન સાથે પરણાવવામાં આવી હતી. તે ઉદાયનની કથા આ ગ્રંથમાં આગળ પા. ૨૨૯ ઉપર આપેલી છે. પદ્માવતીને ચંપાના દધિવાહન સાથે, મૃગાવતીને કૌશાંબીના શતાનીક સાથે, શિવાને ઉજ્જયિનીના પ્રદ્યોત સાથે, અને ચેલ્લણાને મગધના શ્રેણિક સાથે પરણાવવામાં આવી હતી.[૩]

---

૧. જુઓ આ માળાનું 'બુદ્ધચરિત' પા. ૧૩૨.

૨. સુજ્યેષ્ઠા કુમારિકાવસ્થામાં જ જૈન ભિક્ષુણી થઈ ગઈ હતી.

૩. તેમનો બાપ તો શ્રાવક હોવાથી પુત્રીઓને પરણાવતો ન હતો; ચેલ્લણા સિવાય બાકીનીને તેમની તેમની માતાઓએ રાજાની સંમતિથી પરણાવી હતી. ચેલ્લણાને મેળવવા શ્રેણિકને મોટા ભોગ આપવો પડ્યો હતો. (જુઓ હેમચંદ્રાચાર્યરચિત 'મહાવીરચરિત').

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચેલ્લણાનો પુત્ર તે જ કોણિક રાજા.

તેને હલ્લ અને વિહલ્લ નામે બે નાના ભાઈઓ હતા. તે બંને હંમેશાં સેચનક નામના ગંધહસ્તી[૧] ઉપર બેસી વિલાસ કરતા. તે જોઈને કૂણિકની પત્ની પદ્માવતીએ અદેખાઈથી તેમની પાસેથી તે હસ્તી લઈ લેવા માટે કૂણિકને કહ્યું. કૂણિકે તેઓની પાસે હાથીની માગણી કરી. ત્યારે વેહલ્લે[૨] જણાવ્યું કે એ હાથી તથા હાર બંને શ્રેણિક રાજા જીવતા હતા ત્યારે તેમની મારફતે અમને મળેલાં છે; માટે તારે તે હાથી જોઈતો હોય તો અર્ધું રાજ્ય મને બદલામાં આપ. પરંતુ તેમ કરવું કબૂલ ન રાખતાં કોણિકે તો પોતાની માગણી ચાલુ રાખી. પછી તેના ભયથી બંને ભાઈઓ પોતાનો હાથી તથા હાર લઈને દાદા ચેટકને ત્યાં વૈશાલી નગરીમાં નાસી આવ્યા. કોણિકે દૂત મોકલી તે બંને ભાઈઓને સોંપી દેવાની ચેટક પાસે માગણી કરી, પણ ચેટક રાજાએ તેમ કરવાની ના પાડી. પછી કોણિકે પોતાના કાલ વગેરે દશ ભાઈઓને ચેટક સાથે યુદ્ધ કરવા બોલાવ્યા. ચેટકે પણ નવ મલ્લકિ અને નવ લેચ્છકિ એમ અઢાર ગણ-રાજાઓને એકઠા કર્યા. યુદ્ધ શરૂ થયું. ચેટક રાજાને એવું વ્રત હતું કે દિવસમાં એક વાર બાણ ફેંકવું. દશ દિવસમાં ચેટકે કૂણિકના કાલાદિ દશ ભાઈઓનો નાશ કર્યો. અગિયારમે

---

૧ ઉત્તમ હાથી, જેના ગંધથી જ બીજા હાથી ભાગી જાય છે.

૨. નિરયાવલિ સૂત્રમાં માત્ર વેહલ્લનો જ ઉલ્લેખ છે; ભગવતીની ટીકામાં બંને ભાઈઓનો ઉલ્લેખ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસે ચેટકને જીતવા કૂણિકે દેવનું આરાધન કરવા અષ્ટમ (આઠ ટંકના ઉપવાસ) નું તપ કર્યું. તેથી શક્ર અને ચમરેન્દ્ર આવ્યા. શક્રે કહ્યું કે ચેટક પરમ શ્રાવક છે, માટે તેને હું મારીશ નહીં. પણ તારું રક્ષણ કરીશ. પછી શક્રે કૂણિકનું રક્ષણ કરવા સારુ વજ્રના જેવું અભેદ્ય કવચ કર્યું.—ટી૦ પ૦ ૩૧૬.

ગૌ૦—હે ભગવન્! મહાશિલાકંટક સંગ્રામ થતો હતો ત્યારે કોણ જીત્યા અને કોણ હાર્યા?

મ૦—હે ગૌતમ! વજ્જીવિદેહપુત્ર કોણિક જીત્યો, અને નવ મલ્લકિ અને નવ લેચ્છકિ જેઓ કાશી અને કોશલ દેશના અઢાર ગણ-રાજાઓ હતા. તેઓ પરાજય પામ્યા. તે સંગ્રામ માટે કોણિકે પોતાના પટ્ટહસ્તી ઉદાયિને તથા ચતુરંગ સેનાને તૈયાર કરાવી. પછી કોણિક સ્નાન કરી, બલિકર્મ (પૂજા) કરી, પ્રાયશ્ચિત્તરૂપ (વિઘ્નોનો નાશ કરનાર), કૌતુક (મષીતિલકાદિ) અને મંગલો કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, બખ્તર ધારણ કરી, ધનુર્દંડ ગ્રહણ કરી, માથે કોરંટક પુષ્પની માળાવાળા છત્ર સહિત બહાર નીકળ્યો અને પોતાના ઉદાયિ હસ્તી ઉપર સવાર થઈને મહાશિલાકંટક સંગ્રામમાં આવ્યો. તેની આગળ દેવરાજ શક્ર મોટું વજ્ર સરખું અભેદ્ય કવચ વિકુર્વીને ઊભો હતો. તે કૂણિક રાજા એકલા હાથી વડે પણ શત્રુપક્ષનો પરાભવ કરવા સમર્થ હતો. તેણે નવ મલ્લકિ અને નવ લેચ્છકિ જેઓ કાશી અને કોસલના અઢાર ગણરાજાઓ હતા, તેઓના મહાન યોદ્ધાઓને હણ્યા, ઘાયલ કર્યા અને મારી નાંખ્યા, તેઓની ચિહ્નયુક્ત ધ્વજાઓ અને પતાકાઓ પાડી નાખી, તથા

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જેઓના પ્રાણ મુશ્કેલીમાં છે એવા તેઓને ચારે દિશાએ નસાડી મૂકચા.

તે સંગ્રામમાં જે ઘોડા, હાથી, યોદ્ધા અને સારથિઓ તૃણ, કાષ્ટ, પાંદડા કે કાંકરા વતી હણાયા, તેઓ સઘળા એમ જાણતા હતા કે હું મહાશિલાથી હણાયો, તે હેતુથી તે મહાશિલાકંટક સંગ્રામ કહેવાય છે.[૧] તે સંગ્રામમાં ૮૪ લાખ માણસો હણાયા; તથા નિઃશીલ, રોષે ભરાયેલા, ગુસ્સે થયેલા, યુદ્ધમાં ઘાયલ થયેલા અને અનુપશાંત એવા તેઓ ઘણે ભાગે નરક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયા છે.

પછી રથમુશલ નામે બીજો સંગ્રામ થયો. તેમાં કોણિક અને દેવેન્દ્ર શક્ર ઉપરાંત અસુરેન્દ્ર ચમર રાજાએ પણ ભાગ લીધો હતો; તે એક મોટું લોઢાનું કિલીન (તાપસોનું વાંસનું પાત્ર) જેવું કવચ વિકુર્વીને ઊભો રહ્યો હતો. કોણિક તે વખતે ભૂતાનંદ નામના હાથી ઉપર હતો. તે સંગ્રામમાં અશ્વરહિત, સારથિરહિત, યોદ્ધાઓ રહિત, અને મુશલસહિત એક રથ ઘણો જનસંહાર કરતો ચારે બાજુ દોડતો હતો માટે તે રથમુશલ સંગ્રામ કહેવાય છે. તેમાં પણ કોણિક જીત્યો અને નવમલ્લકિ અને નવ લેચ્છકિ પરાજય પામ્યા અને ચારે દિશામાં ભાગી ગયા.

---

૧. પછી આવતા 'રથમુશલ' યંત્ર જેવું આ 'મહાશિલાકંટક' પણ એક યુદ્ધયંત્ર હશે, જે મોટી શિલાઓ ફેંકતું હશે. પછીના વખતમાં ઇરાનીઓ તલવારોવાળો રથ શત્રુસૈન્યમાં મોકલતા, જેની વીંઝાતી તલવારો દારુણ કતલ ચલાવતી, તેવું આ 'રથમુશલ' યંત્ર લાગે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે સંગ્રામમાં ૯૬ લાખ માણસો મરાયાં. તેમાંથી દશ હજાર એક માછલીના ઉદરમાં ઉત્પન્ન થયાં; એક દેવલોકમાં ઉત્પન્ન થયો; એક ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયો, અને બાકીના ઘણે ભાગે નરક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયા.

ગૌ૦—હે ભગવન્! દેવના ઇંદ્ર શક્રે અને અસુરરાજે કૂણિકને કેમ સહાય આપી?

મ૦—હે ગૌતમ! દેવોનો ઇંદ્ર શક્ર કૂણિક રાજાનો પૂર્વભવસંબંધી મિત્ર હતો; અને ચમર પણ કૂણિક રાજાનો તાપસની અવસ્થામાં મિત્ર હતો. તેથી તેમણે તેને મદદ કરી હતી.

ગૌ૦—હે ભગવન્! ઘણાં માણસો એમ કહે છે કે, સંગ્રામમાં હણાયેલા મનુષ્યો દેવલોકમાં ઉત્પન્ન થાય છે,[૧] એ પ્રમાણે કેમ હોય?

મ૦—હે ગૌતમ! એમનું એ કહેવું મિથ્યા છે. હું તો એમ કહું છું કે:

તે કાળે વૈશાલી નગરીમાં વરુણ નામે નાગનો પૌત્ર રહેતો હતો. તે શ્રાવક હતો તથા ધનાઢ્ય હતો અને નિરંતર છ ટંકનો ઉપવાસ કર્યા કરતો હતો. પછી જ્યારે તેને રાજાના અને ગણના આદેશથી તથા બળજબરીથી રથમુશલ સંગ્રામમાં જવા માટે આજ્ઞા થઈ, ત્યારે તેણે છ ટંકના ઉપવાસ વધારી આઠ ટંકના કર્યા; અને પછી તે ચાર ઘંટાવાળા અશ્વરથમાં બેસી સંગ્રામમાં ઊતર્યો. ત્યાં તેણે એવો નિયમ લીધો કે, આ સંગ્રામમાં મને જે પહેલો

---

૧. જુઓ ગીતા, અ. ૨, શ્લો. ૩૭.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મારે તેને મારે મારવો; બીજાને નાહ. પછી એક પુરુષ રથમાં બેસી તેની સામે આવ્યો અને તેને પ્રહાર કરવાનું કહેવા લાગ્યો; ત્યારે વરુણે તેને પોતાનો નિયમ કહી સંભળાવ્યો. એટલે પેલાએ બાણથી વરુણને સખત ઘાયલ કર્યો. પછી વરુણે પણ તેને બાણથી હણ્યો. પછી પોતાનો પણ અંતકાળ આવ્યો જાણી તે એકાંત સ્થાનમાં ચાલ્યો ગયો અને ઘોડાઓને છૂટા કરી, ડાભના સંથારા ઉપર પૂર્વ દિશામાં પર્યંકાસને (પદ્માસને) બેઠો; અને આ પ્રમાણે બોલ્યો :

'પૂજ્ય અર્હંતોને નમસ્કાર થાઓ, જેઓ સિદ્ધિગતિને પ્રાપ્ત થયા છે. શ્રમણભગવાન મહાવીરને નમસ્કાર થાઓ, જે તીર્થના આદિકર છે, સિદ્ધિને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા છે; તથા જે મારા ધર્માચાર્ય અને ધર્મના ઉપદેશક છે. ત્યાં રહેલા ભગવાનને અહીં રહેલો હું વંદું છું. ત્યાં રહેલા ભગવાન મને જુઓ.' પછી તે આ પ્રમાણે બોલ્યો : 'પહેલાં મેં શ્રમણભગવાન મહાવીર પાસે જીવનપર્યંત સ્થૂલ હિંસા વગેરે પાંચ મહાપાપોના ત્યાગનો નિયમ લીધો હતો. પરંતુ હવે અત્યારે તો સર્વ પ્રકારનાં હિંસાદિ મહાપાપોનો ત્યાગ કરું છું — વગેરે સ્કંદક મુનિની કથાની પેઠે જાણવું. પછી તેણે બખ્તર છોડી નાખ્યું અને બાણને ખેંચી કાઢ્યું. પછી આલોચનાદિ કરી સમાધિને પ્રાપ્ત થયેલો તે મરણ પામ્યો.

હવે તે નાગના પૌત્ર વરુણનો એક પ્રિય બાલમિત્ર પણ તે યુદ્ધમાં સામેલ હતો. તે પણ જ્યારે ઘાયલ થયો ત્યારે તેણે નાગના પૌત્ર વરુણને સંગ્રામમાંથી બહાર નીકળતો જોયો. એટલે તેણે પોતાના ઘોડાઓને થોભાવ્યા અને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વરુણની પેઠે વિસર્જિત કર્યાં. પછી વસ્ત્ર પાથરી, તે ઉપર બેસી તે પૂર્વદિશા તરફ અંજલિ કરીને બોલ્યો કે, 'હે ભગવન્! મારા પ્રિય બાલમિત્ર વરુણને જે શીલવ્રતાદિ હોય તે મને પણ હો'. એમ કહી તેણે બખ્તર છોડ્યું અને બાણને ખેંચી કાઢ્યું. પછી તે પણ અનુક્રમે મરણ પામ્યો.

વરુણને મરણ પામેલો જોઈ, પાસે રહેલા વાનવ્યંતર દેવોએ તેના ઉપર દિવ્ય સુગંધી ગંધોદકની વૃષ્ટિ કરી, પાંચ વર્ણનાં ફૂલ તેની ઉપર નાખ્યાં, અને દિવ્ય ગીતગાંધર્વનો શબ્દ પણ કર્યો. તે પ્રમાણે નાગના પૌત્ર વરુણની દિવ્ય ઋદ્ધિ અને પ્રભાવ સાંભળીને તથા જોઈને ઘણા માણસો (ઉપર જણાવ્યા પ્રમાણે) પરસ્પર એમ કહે છે કે, સંગ્રામમાં ઘાયલ થયેલા દેવલોકને પામે છે!

ગૌ૦—હે ભગવન્! તે વરુણ મરીને ક્યાં ગયો?

મ૦—હે ગૌતમ! તે સૌધર્મ દેવલોકને વિષે અરુણાભ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો છે; તેની આયુષસ્થિતિ ચાર પલ્યોપમ વર્ષની છે. ત્યાંથી મરીને તે મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધિ પામશે.

—શતક ૭, ઉદ્દે૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭

દેવાનંદા બ્રાહ્મણી

તે કાલે બ્રાહ્મણકુંડગ્રામ[1] નામે નગર હતું. તેમાં બહુશાલક નામે ચૈત્ય હતું. તે નગરમાં ઋષભદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો. તે ધનિક તેમ જ ચારે વેદોમાં નિપુણ હતો. તે શ્રમણોનો ઉપાસક હતો. તેની પત્ની દેવાનંદા પણ શ્રમણોની ઉપાસિકા હતી.

---

૧. તે વખતે વૈશાલિ શહેરમાં (અત્યારનું બસાર. પટણાથી ૨૭ માઈલ ઉત્તરે) તેની પાસેનાં બે ત્રણ પરાંનો પણ સમાવેશ થતો હતો. કુંડગ્રામ તેનું પરું હોય તેમ લાગે છે. તેમાં ક્ષત્રિયોનો મહોલ્લો ક્ષત્રિયકુંડગ્રામ તરીકે પ્રસિદ્ધ હતો; તેવો બ્રાહ્મણોનો મહોલ્લો બ્રાહ્મણકુંડગ્રામ નામે પ્રસિદ્ધ હશે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક વખત મહાવીરસ્વામી તે ગામમાં પધાર્યા. તે વાત જાણી ઋષભદત્ત અને દેવાનંદા[1] પણ ખુશ થઈ રથમાં બેસી મહાવીર ભગવાનનાં દર્શને ગયાં. ઋષભદત્ત ભગવાનને વિધિસર પ્રણામ કરી ઊભો રહ્યો. દેવાનંદા પણ ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વંદન કરી, ઋષભદત્તને આગળ કરી, પોતાના પરિવારસહિત હાથ જોડી, વિનયપૂર્વક ઊભી રહી.

તે વખતે દેવાનંદા બ્રાહ્મણીના સ્તનમાંથી દૂધની ધારા છૂટી, તેનાં લોચન આનંદાશ્રુથી ભીનાં થયાં, તેનું શરીર હર્ષથી પ્રફુલ્લ થતાં તેનો કંચુક વિસ્તીર્ણ થયો, તેનાં રોમકૂપ ઊભાં થયાં, તથા તે શ્રમણભગવાન મહાવીરને અનિમિષ દૃષ્ટિથી જોતી જોતી ઊભી રહી.

એ જોઈ ગૌતમે મહાવીરસ્વામીને પૂછ્યું કે, "હે ભગવન્! આ દેવાંનદા બ્રાહ્મણીને આપને જોઈ સ્તનમાંથી દૂધની ધારા કેમ છૂટી?

---

૧. મૂળમાં દેવાનંદાની તૈયારીનું રાજરાણીને શોભે તેવી અતિશયતાવાળું વર્ણન છે. જેમકે – આભરણો પહેર્યા, ચીનાંશુક વસ્ત્ર પહેર્યું, ઉપર રેશમી વસ્ત્ર ઓઢયું, સુગંધિત પુષ્પોથી કેશ ગૂંથ્યા, કપાળમાં ચંદન લગાવ્યું, કાલાગરુના ધૂપ વડે સુગંધિત થઈ; ઘણી કુબ્જ દાસીઓ, ચિલાત દેશની દાસીઓ એમ અનેક દેશ વિદેશથી આવીને એકઠી થયેલી, પોતાના દેશના પહેરવેશ જેવા વેશને ધારણ કરનારી, કુશલ અને વિનયવાળી દાસીઓનો પરિવાર સાથે લીધો; તથા પોતાના દેશની દાસીઓ, ખોજાઓ, વૃદ્ધ કંચુકિઓ અને માન્ય પુરુષોના વૃંદ સાથે રથ આગળ આવી હતા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભ૦—હે ગૌતમ ! આ દેવાનંદા મારી ખરી માતા છે; અને હું તેનો પુત્ર છું[૧], માટે તેને તેમ થયું છે.

પછી ભગવાને ઋષભદત્તને, દેવાનંદાને અને ત્યાં ભેગા થયેલા લોકોને ધર્મ કહ્યો. ત્યાર પછી તુષ્ટ થઈ ઋષભદત્તે સ્કંદકની પેઠે ભગવાન પાસે પ્રવ્રજ્યા લીધી, ૧૧ અંગોનું અધ્યયન કર્યું, અનેક તપકર્મો કર્યા અને અંતે સાઠ ટંકના અનશન વડે મરણ પામી, તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયો.

દેવાનંદાએ પણ ભગવાન પાસે દીક્ષા લીધી. ત્યારબાદ મહાવીરે તેમને આર્યચંદના નામની આર્યાને શિષ્યાપણે સોંપ્યાં. તેમણે પણ ૧૧ અંગોનું અધ્યયન કર્યું, અનેક તપ કર્યાં અને અંતે સાઠ ટંકના ઉપવાસ વડે મરણ પામી સિદ્ધિ પ્રાપ્ત કરી.

—શતક ૫, ઉદ્દે૦ ૩૩

---

૧. શક્રેંદ્રની આજ્ઞાથી તેના સેનાપતિ હરિણેગમેસિ દેવે મહાવીરના ગર્ભાધાન પછી ૮૩ મા દિવસે તેમને દેવાનંદાની કૂખમાંથી ઉપાડી ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખમાં મૂકી દીધા હતા; અને ત્રિશલાનો ગર્ભ દેવનંદાની કૂખમાં મૂક્યો હતો. જુઓ આચારાંગ સૂત્ર શ્રુ૦ ૨, અ૦ ૧૫. આ માળાનું 'આચારધર્મ' પુસ્તક, પા. ૧૬૮. દેવાનંદાને આવા ગર્ભરત્નની હાનિ થઈ તેના કારણમાં એમ જણાવવામાં આવે છે કે. પૂર્વજન્મમાં તે અને ત્રિશલા જેઠાણી દેરાણી હતાં. તે વખતે દેવાનંદાએ ત્રિશલાનો રત્નકરંડ ચોર્યો હતો. તીર્થંકર અંત્યકુલોમાં, દરિદ્રકુલોમાં, ભિક્ષુકકુલોમાં કે બ્રાહ્મણકુલોમાં ન અવતરી શકે. મહાવીરને બ્રાહ્મણીના પેટે અવતરવું પડ્યું તેનું કારણ એ હતું કે, પોતાના આગલા જન્મમાં તેમણે ગોત્રમદ કર્યો હતો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮

જમાલિ

બ્રાહ્મણકુંડગ્રામની પશ્ચિમ દિશાએ એ જ સ્થળે ક્ષત્રિયકુંડગ્રામ નગર હતું. તેમાં જમાલિ નામનો ક્ષત્રિયકુમાર રહેતો હતો.[૧] તે ધનિક હતો તથા પોતાના મહેલમાં અનેક પ્રકારની સુંદર યુવતીઓ વડે ભજવાતાં બત્રીશ પ્રકારનાં નાટકો વડે નૃત્ય અનુસાર નાચતો, ખુશ થતો, તથા ઋતુ અનુસાર ભોગ ભોગવતો વિહરતો હતો.

એક વખત ભગવાન મહાવીર તે ગામમાં પધાર્યા. તેમને આવ્યા જાણી મોટો જનસમુદાય અનંદિત થતો તથા કોલાહલ કરતો તે તરફ જવા લાગ્યો. તે જોઈ જમાલિએ કંચુકિને બોલાવીને પૂછ્યું કે, આજે ઇંદ્ર, સ્કંદ, વાસુદેવ,

૧. તે જમાલિ મહાવીરની સગી બહેન સુદર્શનાનો પુત્ર અને મહાવીરની પુત્રી પ્રિયદર્શનાનો પતિ હતો. જુઓ વિશેષાવશ્યકસૂત્ર ૨૩-૭.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નાગ, યક્ષ, ભૂત, કૂવો, તળાવ, નદી, ઘરો, પર્વત, વૃક્ષ, મંદિર, સ્તૂપ કે શાનો ઉત્સવ છે કે જેથી બધા આમ કોલાહલ કરતા બહાર જાય છે? ત્યારે કંચુકિએ તેને મહાવીર ભગવાનના આવ્યાની વાત કરી. તે જાણી જમાલિ પણ સ્નાનાદિથી પવિત્ર થઈ રથમાં બેસી ત્યાં જવા નીકળ્યો. પછી ચૈત્ય પાસે આવતાં રથમાંથી ઊતરી, તેણે પુષ્પ, તાંબૂલ, આયુધાદિ તથા પગરખાં દૂર કર્યાં; બેસને જનોઈની પેઠે વીંટાળ્યો; અને કાગળો કરી, ચોખ્ખો થઈ, અંજલિ વડે હાથ જોડી તે મહાવીર પાસે ગયો, અને વંદનાદિ કરી ધર્મોપદેશ સાંભળવા લાગ્યો.

ભગવાનનો ધર્મોપદેશ સાંભળ્યા બાદ સંતુષ્ટ થઈ, તેણે ઊભા થઈને ભગવાનને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, તથા નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું, "હે ભગવન્! હું નિર્ગ્રંથના પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું, રુચિ કરું છું; તથા હે ભગવન્! હું તે પ્રવચન અનુસાર વર્તવાને તૈયાર થયો છું. હે ભગવન્! તમે જે ઉપદેશ આપો છો તે તેમ જ છે, સત્ય છે, તથા અસંદિગ્ધ છે; પરંતુ, હે દેવાનુપ્રિય! મારાં માતપિતાની રજા માગીને હું આપની પાસે દીક્ષિત થઈ, ગૃહવાસનો ત્યાગ કરી, સાધુપણું સ્વીકારવા ઇચ્છું છું.

પછી તે પોતાને ઘેર ગયો અને માતપિતાને ભગવાનના ધર્મોપદેશની અને તેમાં પોતાને થયેલી રુચિની વાત કરી. તે જાણી તેનાં માતપિતા તેના પુણ્યશાળીપણાથી ખુશ થયાં. પરંતુ જ્યારે તેણે સંસારભયથી ઉદ્વિગ્ન થઈ સાધુ થવાની વાત કરી, ત્યારે તેની માતા એકદમ પરસેવાથી ભીના શરીરવાળી થઈ ગઈ; તેનાં અંગો શોકભારથી કંપવા લાગ્યાં; તે નિસ્તેજ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તથા શોભા વિનાની થઈ ગઈ; તેનાં આભૂષણો ઢીલાં થઈ ગયાં; તેનું ઉત્તરીય વસ્ત્ર સરી ગયું અને વીખરાયેલા કેશપાશ સાંહત મૂર્છિત થઈને તે કુહાડાથી છેદાયેલી ચંપકલતાની પેઠે, કે ઉત્સવ પૂરો થતાં ઇંદ્રધ્વજની જેમ નીચે પડી ગઈ. તરત જ તેના ઉપર પાણી છાંટવામાં આવ્યું, અને તેને પંખો નાખવામાં આવ્યો. પછી કંઈક સ્વસ્થ થતાં તે આક્રંદ કરવા લાગી. 'હે જાત! તું મારો ઇષ્ટ, કાંત અને પ્રિય છે; આભરણની પેટી જેવો, અને જીવિતના ઉત્સવ જેવો આનંદજનક છે; ઉંબરાના પુષ્પની પેઠે તારા નામનું શ્રવણ પણ દુર્લભ છે, તો તારું દર્શન તો દુર્લભ હોય તેમાં નવાઈ શી? તારો વિયોગ અમારાથી એક ક્ષણ પણ સહન નહિ થઈ શકે; માટે અમે જીવીએ છીએ ત્યાં સુધી તું ઘેર જ રહે; પછી કુલવંશતંતુની વૃદ્ધિ કરીને વૃદ્ધાવસ્થામાં તું સાધુ થજે.'

ત્યારે જમાલિએ તેમને કહ્યું, 'હે માતપિતા! આ મનુષ્યભવ અનેક જન્મ-જરા-મરણ-રોગ વગેરે શારીરિક અને માનસિક દુઃખોની અત્યંત વેદનાથી અને સેંકડો વ્યસનોથી પીડિત, અધ્રુવ, અને સંધ્યાના રંગ જેવો, પરપોટા જેવો, ડાભની સળી ઉપર રહેલા જલબિંદુ જેવો, સ્વપ્નદર્શન જેવો, અને વીજળીના ચમકારા જેવો ચંચળ છે. સડવું, પડવું અને નાશ પામવો એ તેનો ધર્મ છે. પહેલાં કે પછી તેનો અવશ્ય ત્યાગ કરવાનો છે; તો હે માતપિતા! કોણ જાણે છે કે, કોણ પ્રથમ જશે અને કોણ પછી જશે? માટે હે માતપિતા! હું તમારી અનુમતિથી ભગવાન પાસે પ્રવજ્યા ગ્રહણ કરવા ઇચ્છું છું.'

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માતપિતા—હે પુત્ર ! તારું શરીર ઉત્તમ રૂપ, લક્ષણ, વ્યંજન (મસા-તલ વગેરે) અને ગુણોથી યુક્ત છે; તથા ઉત્તમ બળ, વીર્ય અને સત્ત્વસહિત છે. તું વિજ્ઞાનમાં વિચક્ષણ છે, સૌભાગ્યગુણથી ઉન્નત છે, કુલીન છે, અત્યંત સમર્થ છે, અનેક પ્રકારના વ્યાધિ અને રોગથી રહિત છે; નિરુપહત, ઉદાત્ત અને મનોહર છે. માટે હે પુત્ર ! જ્યાં સુધી તારા શરીરમાં રૂપ-યૌવનાદિ ગુણો છે, ત્યાં સુધી તું તેનો અનુભવ કર; પછી અમારા મરણ પામ્યા બાદ, કુલતંતુની વૃદ્ધિ કરી, વૃદ્ધાવસ્થામાં તું સાધુ થજે.

જમાલિ—હે માતપિતા ! આ શરીર દુઃખનું ઘર છે, અનેક વ્યાધિઓનું સ્થાન છે; અસ્થિ, સ્નાયુ અને નાડીના સમૂહનું બનેલું છે; માટીના વાસણ જેવું દુર્બલ છે; અશુચિથી ભરેલું છે; તેની સારવાર નિરંતર કરવી પડે છે; તથા જીર્ણ ઘરની પેઠે સડવું, પડવું અને નાશ પામવો એ તેના સહજ ધર્મો છે. વળી એ શરીર પહેલાં કે પછી અવશ્ય છોડવાનું છે. તો હે માતાપિતા ! કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે ?

માતપિતા—હે પુત્ર ! તારે આ આઠ સ્ત્રીઓ છે. તે વિશાળ કુળમાં ઉત્પન્ન થયેલી બાળાઓ છે. તે રૂપ, લાવણ્ય અને યૌવનથી યુક્ત છે. વળી તે સમાન કુલથી આણેલી, કલામાં કુશલ અને સર્વકાલ લાડસુખને યોગ્ય છે. તે માર્દવગુણથી યુક્ત, નિપુણ, વિનયોપચારમાં પંડિત અને વિચક્ષણ છે. સુંદર, મિત અને મધુર બોલવામાં, તેમ જ હાસ્ય, કટાક્ષ, ગતિ, વિલાસ અને સ્થિતિમાં વિશારદ છે; ઉત્તમ કુલ અને શીલથી સુશોભિત છે; વિશુદ્ધ કુલરૂપ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વંશતંતુની વૃદ્ધિ કરવામાં સમર્થ યૌવનવાળી છે; મનને અનુકૂલ અને હૃદયને ઇષ્ટ છે; ગુણો વડે પ્રિય અને ઉત્તમ છે; તેમ જ હંમેશાં ભાવમાં અનુરક્ત અને સર્વ અંગમાં સુંદર છે. માટે હે પુત્ર! તું એ સ્ત્રીઓ સાથે મનુષ્યસંબંધી વિશાલ કામભોગો ભોગવ; ત્યાર પછી ભુક્તભોગી થઈ, વિષયોની ઉત્સુકતા દૂર થયા બાદ, અમારા મૃત્યુ પછી દીક્ષા લેજે.

જમાલિ—હે માતપિતા! મનુષ્યસંબંધી કામભોગો અશુચિ અને અશાશ્વત છે; વાત, પિત્ત, શ્લેષ્મ–વીર્ય અને લોહીને ઝરવાવાળા છે; વિષ્ઠા, મૂત્ર, શ્લેષ્મ, નાસિકાનો મેલ, વમન, પિત્ત, પરુ, શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થયેલા છે; વળી તે અમનોજ્ઞ તથા ખરાબ મૂત્ર અને દુર્ગંધી વિષ્ઠાથી ભરપૂર છે; મૃતકના જેવી ગંધવાળા ઉચ્છ્વાસથી અને અશુભ નિઃશ્વાસથી ઉદ્વેગ ઉત્પન્ન કરે છે; બીભત્સ, હલકા અને કલમલ (અશુભ દ્રવ્ય)ના સ્થાનરૂપ હોવાથી દુઃખરૂપ અને સર્વ મનુષ્યોને સાધારણ છે; શારીરિક અને માનસિક અત્યંત દુઃખ વડે સાધ્ય છે; અજ્ઞાન જનથી સેવાયેલા છે; સાધુ પુરુષોથી હંમેશાં નિંદનીય છે; અનંત સંસારની વૃદ્ધિ કરનારા છે, પરિણામે કટુક ફળવાળા છે; બળતા ઘાસના પૂળાની પેઠે ન મૂકી દઈએ તો દુઃખાનુબંધી અને મોક્ષ-માર્ગમાં વિઘ્નરૂપ છે.

માતપિતા—હે પુત્ર! અર્યા (પિતામહ), પર્યા (પ્રપિતામહ) અને પિતાના પર્યા થકી આવેલું અખૂટ દ્રવ્ય તારે વિદ્યમાન છે; તે તારે સાત પેઢી સુધી પુષ્કળ દાન દેવાને, પુષ્કળ ભોગવવાને અને પુષ્કળ વહેંચવાને પૂરતું

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે. માટે તેના વડે માનુષિક કામભોગો ભોગવ, અને પછી સુખનો અનુભવ કરી . . . . દીક્ષા લેજે.

જમાલિ—હે માતાપિતા! એ હિરણ્ય વગેરે અગ્નિને સાધારણ છે, ચોરને સાધારણ છે, રાજાને સાધારણ છે, મૃત્યુને સાધારણ છે, તથા દાયાદ (ભાયાત)ને સાધારણ છે. વળી તે અધ્રુવ, અનિત્ય અને અશાશ્વત છે. કોણ જાણે છે કે પહેલાં કોણ જશે અને પછી કોણ જશે . . . માટે હું પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.

આ પ્રમાણે જ્યારે વિષયને અનુકૂલ ઉક્તિઓથી તેને મનાવી ન શકાયો, ત્યારે વિષયને પ્રતિકૂલ અને સંયમને વિષે ભય અને ઉદ્વેગ કરનારી ઉક્તિઓથી તેનાં માતપિતાએ તેને આ પ્રમાણે સમજાવવા માંડ્યોઃ 'હે પુત્ર! એ નિર્ગ્રંથ-પ્રવચન ખરેખર સત્ય, અદ્વિતીય, ન્યાયયુક્ત, શુદ્ધ, શલ્યને કાપનાર, સિદ્ધિમાર્ગરૂપ, મુક્તિમાર્ગરૂપ, નિર્યાણમાર્ગરૂપ અને નિર્વાણમાર્ગરૂપ છે; તેમ જ અસત્યરહિત તથા નિરંતર અને સર્વ દુઃખના નાશનું કારણ છે. તેનામાં તત્પર થયેલા જીવો સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ, નિર્વાણને પ્રાપ્ત થાય છે તથા સર્વ દુઃખોનો નાશ કરે છે. પરંતુ તે સર્પની પેઠે એકાંત-નિશ્ચિત દૃષ્ટિવાળું, અસ્ત્રાની પેઠે એકાંત ધારવાળું, લોઢાના જવને ચાવવાની પેઠે દુષ્કર, અને વેળુના કોળિયા જેવું નિઃસ્વાદ છે; વળી તે ગંગા નદીને સામે પ્રવાહે જવાની પેઠે અને બે હાથથી સમુદ્ર તરવા જેવું મુશ્કેલ છે; તીક્ષ્ણ તલવારની ધાર ઉપર ચાલવા જેવું દુષ્કર છે; તથા મોટી શિલા ઊંચકવા બરાબર છે. નિર્ગ્રંથોને આધાકર્મિક (સાધુને ખ્યાલમાં રાખીને તૈયાર કરેલો આહાર), ઔદ્દેશિક (સાધુને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્દેશીને દહીં ગોળ વગેરેથી સ્વાદુ કરેલો), મિશ્રજાત (થોડોક પોતાને માટે અને થોડોક સાધુ માટે એમ પહેલેથી ભેગો રાંધેલો આહાર), અધ્યવપૂરક (પોતાને માટે રાંધવા માંડયું હોય તેમાં સાધુને આવ્યો જાણી નવો ઉમેરેલો), પૂતિકૃત (આધાકર્મિક વગેરેના અંશોથી મિશ્રિત), ક્રીત (સાધુ માટે ખરીદેલો), પ્રામિત્યક (સાધુને માટે ઊછીનો આણેલો), આચ્છેદ્યક (બીજાનો ઝૂંટવીને આપેલો), અનિઃસૃષ્ટ (ઘણાનો સહિયારો, બધાની રજા વિના આપેલો), અભ્યાહૃત (ઘર અથવા ગામથી સાધુ માટે આણેલો), કાંતારભક્ત (વનમાં સાધુ માટે માંડેલા સદાવ્રતનો), દુર્ભિક્ષભક્ત (દુકાળમાં માંડેલા સદાવ્રતનો), ગ્લાનભક્ત (રોગી માટે તૈયાર કરેલો), વાર્દલિકાભક્ત (વાદળ ચડી આવ્યાં હોય ત્યારે સાધુથી બહાર ભિક્ષા માટે જવાય નહિ માટે તૈયાર કરેલો), અને પ્રાઘૂર્ણકભક્ત (મહેમાન માટે તૈયાર કરેલો) આહાર, તથા શય્યાતરપિંડ (જેને ત્યાં ઉતારો કર્યો હોય તેનો પિંડ), રાજપિંડ, તેમ જ મૂલ, કંદ, ફલ, બીજ અને હરિયાળીનું ભોજન ખાવું કે પીવું કલ્પતું નથી. વળી હે પુત્ર! તું સુખને યોગ્ય છે, પણ દુઃખને યોગ્ય નથી. તેમ જ ટાઢ, તડકો, ભૂખ, તરસ, ચોર, શ્વાપદ (જંગલી જાનવર), ડાંસ અને મચ્છરના ઉપદ્રવોને, વાતપિત્તાદિ જન્ય રોગોને અને તેમનાં દુઃખોને તેમ જ તેવા વિવિધ પરિષહો (સંકટો) અને ઉપસર્ગો (વિઘ્નો) ને સહવાને તું સમર્થ નથી.

જમાલિ—હે માતપિતા! ખરેખર, નિર્ગ્રંથ પ્રવચન કલીબ (મંદશક્તિવાળા), કાયર અને હલકા પુરુષોને તથા આ લોકમાં આસક્ત, અને પરલોકથી પરાઙ્મુખ એવા વિષયતૃષ્ણાવાળા

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્ય પુરુષોને દુષ્કર છે; પણ ધીર, નિશ્ચિત અને પ્રયત્નવાન પુરુષને તેનું અનુપાલન જરા પણ દુષ્કર નથી.

આમ જ્યારે તેઓ જમાલિને કોઈ રીતે સમજાવવાને સમર્થ ન થયાં, ત્યારે વગર ઇચ્છાએ તેઓએ તેને દીક્ષા લેવા અનુમતિ આપી. પછી બે લાખ સોનૈયા વડે તેઓએ મહાદુકાનમાંથી[૧] એક રજોહરણ અને પાત્ર મંગાવ્યું, તથા એક લાખ સોનૈયા આપીને હજામને બોલાવ્યો. અને જમાલિના ચાર આંગળ જેટલા ભાગમાં વાળ છોડી બાકીના વાળ કપાવી નંખાવ્યા[૨]. તે કેશ તેની માતાએ સફેદ વસ્ત્રમાં યત્નપૂર્વક ગ્રહણ કર્યા તથા તેમને ગંધોદકથી ધોઈને ગંધમાલ્ય વડે પૂજ્યા અને શુદ્ધ વસ્ત્ર વડે બાંધીને રત્નકરંડમાં મૂક્યા; પછી હાર, પાણીની ધાર, સિંદુવારનાં પુષ્પ અને તૂટી ગયેલી મોતીની માળા જેવાં દુઃસહ આંસુ પાડતી તે બોલી કે, ઉત્સવો, તિથિઓ અને પર્વોમાં હવે મારે માટે આ કેશ જ જમાલિકુમારના દર્શનરૂપ થશે. ત્યારબાદ તે કેશ તેણે પોતાને ઓશિકે મુકાવ્યા.

પછી જમાલિનાં માતપિતાએ ઉત્તર દિશા તરફ બીજું સિંહાસન મુકાવ્યું, અને તેના ઉપર બેસાડીને જમાલિને નવરાવ્યો; પછી તેને સફેદ રેશમી વસ્ત્ર પહેરાવ્યું; તથા મુકુટ,

---

૧. કુત્રિકાપણ—જેમાં ત્રણે ભુવનની વસ્તુ મળી શકે, તેવી દુકાન.

૨. મૂળમાં, હજામે પ્રથમ સુગંધી ગંધોદકથી હાથ ધોયા અને શુદ્ધ આઠ પડવાળા વસ્ત્રથી મોઢાને બાંધ્યું — એટલું વધારે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હાર વગેરે મહામૂલ્ય આભૂષણો[1] પહેરાવ્યાં. પછી હજાર યુવાનોથી ઊંચકાતી એક પાલખી સજાવીને તેમાં જમાલિને પૂર્વ દિશા તરફ સિંહાસન ઉપર બેસાડ્યો. પછી તેમાં જમાલિની માતા તેને જમણે પડખે ભદ્રાસન ઉપર બેઠી. પછી તેની ધાવમાતા રજોહરણ અને પાત્ર લઈ તેને ડાબે પડખે ભદ્રાસન ઉપર બેઠી. પછી તેની પાછળ એક સુંદર યુવતી સફેદ છત્ર હાથમાં લઈને ઊભી રહી. પછી જમાલિને બંને પડખે બે યુવતીઓ ધોળાં ચમર ગ્રહણ કરીને ઊભી રહી. પછી તેની ઉત્તરપૂર્વ દિશાએ એક ઉત્તમ યુવતી કલશને ગ્રહણ કરીને ઊભી રહી. પછી તેની દક્ષિણપૂર્વે એક રમણી વીંઝણો લઈને ઊભી રહી. પછી તે પાલખીને એક સરખા વર્ણ અને કદવાળા ૧૦૦૦ પુરુષોએ ઊંચકી. સૌ પહેલાં સ્વસ્તિક, શ્રીવત્સ, દર્પણ વગેરે મંગલો અનુક્રમે ચાલ્યાં. પછી પૂર્ણ કલશ ચાલ્યો. પછી ગગનતલનો સ્પર્શ કરતી વૈજયંતી ધજા ચાલી. પછી ઉત્તમ ઘોડાઓ, હાથીઓ તથા રથોથી વીંટળાયેલો જમાલિકુમાર સર્વ ઋદ્ધિ સહિત વાદિત્રોના શબ્દ સહિત ચાલ્યો. તેને ચકલાં, પંચોટીઓ વગેરે રસ્તાઓમાં ઘણા ધનના અર્થીઓ તથા કામના અર્થીઓ અભિનંદન આપતા તથા સ્તુતિ કરતા કહેવા લાગ્યા, 'હે નંદ! તારો ધર્મ વડે જય થાઓ; તારો તપ વડે જય થાઓ, તારું ભદ્ર થાઓ; અખંડિત અને ઉત્તમ જ્ઞાન-દર્શન-ચારિત્ર વડે અજિત ઇંદ્રિયોને તું જીત, તથા શ્રમણધર્મનું પાલન

---

૧. તેમાં ગ્રંથિમ (ગૂંથેલી), વેષ્ટિમ (વીંટેલી), પૂરિમ (પૂરેલી) અને સંઘાતિમ (પરસ્પર સંઘાત વડે તૈયાર થતી) એમ ચાર પ્રકારની માળાઓનું પણ વર્ણન છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કર. હે દેવ ! વિઘ્નોને જીતી તું સિદ્ધિગતિમાં નિવાસ કર. ધૈર્યરૂપ કચ્છને મજબૂત બાંધી, તપ વડે રાગદ્વેષરૂપ મલ્લોનો તું ઘાત કર. ઉત્તમ શુક્લધ્યાન વડે અષ્ટ કર્મરૂપ શત્રુનું તું મર્દન કર. હે ધીર ! તું અપ્રમત્ત થઈ, ત્રણ લોકરૂપ રંગમંડપ મધ્યે આરાધનાપતાકાને ગ્રહણ કરી, નિર્મળ અને અનુત્તર એવા કેવલજ્ઞાનને પ્રાપ્ત કર તથા જિનવરે ઉપદેશેલ સરલ સિદ્ધિમાર્ગ વડે પરમપદરૂપ મોક્ષને પ્રાપ્ત કર. તું પરિષહરૂપ સેનાને હણીને ઇંદ્રિયોને પ્રતિકૂલ ઉપસર્ગોનો પરાજય કર; તને ધર્મમાર્ગમાં અવિઘ્ન થાઓ !'

પછી ચૈત્ય નજીક આવતાં, જમાલિ શિબિકાથી નીચે ઊતર્યો. પછી તેને આગળ કરી તેનાં માતપિતા શ્રમણ-ભગવાન મહાવીર પાસે આવ્યાં. પછી તેમને ત્રણ વાર પ્રદક્ષિણા કરીને તેઓ બોલ્યાં. 'હે ભગવન્ ! આ અમારો એક ઇષ્ટ અને પ્રિય પુત્ર છે. જેમ કોઈ કમળ કાદવમાં ઉત્પન્ન થાય અને પાણીમાં વધે, તો પણ તે પંકની રજથી તેમ જલના કણથી લેપાતું નથી, તેમ આ જમાલિ ક્ષત્રિયકુમાર પણ કામથી ઉત્પન્ન થયો છે અને ભોગોથી વૃદ્ધિ પામ્યો છે, તો પણ તે કામરજથી અને ભોગરજથી લેપાતો નથી તેમ જ મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધી અને પરિજનથી પણ લેપાતો નથી. હે દેવાનુપ્રિય ! આ જમાલિ ક્ષત્રિયકુમાર સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છે, જન્મ-મરણથી ભયભીત થયો છે, અને આપની પાસે મુંડ – દીક્ષિત થઈને સાધુપણું સ્વીકારવા ઇચ્છે છે; તો આપ દેવાનુપ્રિયને અમે આ શિષ્યરૂપ ભિક્ષા આપીએ છીએ. તો હે દેવાનુપ્રિય ! આપ આ શિષ્યરૂપ ભિક્ષાનો સ્વીકાર કરો.'

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પછી ભગવાનની અનુમતિ મળતાં જમાલિએ ઉત્તરપૂર્વ દિશા તરફ જઈ પોતાની મેળે આભરણ, માલા અને અલંકારાદિ ઉતારી નાખ્યાં; તે તેની માતાએ સફેદ વસ્ત્રમાં ઝીલી લીધાં. પછી ધારબંધ આંસુથી રડતાં રડતાં તેણે કહ્યું: 'હે પુત્ર! સંયમને વિષે પ્રયત્ન કરજે! હે પુત્ર! યત્ન કરજે! હે પુત્ર! પરાક્રમ કરજે. સંયમ પાળવામાં પ્રમાદ ન કરીશ!' એ પ્રમાણે કહીને જમાલિનાં માતપિતા મહાવીરને વંદન કરી પાછાં ચાલ્યાં ગયાં.

પછી જમાલિ પંચમુષ્ટિક લોચ[1] કરી, ભગવાન પાસે આવી પ્રવ્રજ્યા લે છે. તે વખતે તેની સાથે બીજા પાંચસો પુરુષોએ પણ દીક્ષા લીધી. ત્યારબાદ અગિયાર અંગો ભણી તે વિચિત્ર તપકર્મ કરતો વિહરે છે.

એક દિવસ તેણે મહાવીરસ્વામી આગળ આવીને જણાવ્યું કે, 'હે ભગવન્! હું આપની અનુમતિથી પાંચસો સાધુઓની સાથે બહારના દેશોમાં વિહાર કરવા ઇચ્છું છું.' ત્યારે ભગવાને તેની આ વાતનો આદર તેમ જ સ્વીકાર ન કર્યો, પરંતુ તે મૌન રહ્યા. ત્યારે જમાલિએ તેમને તે પ્રમાણે જ ત્રણ વાર કહ્યું, છતાં ભગવાન તો મૌન જ રહ્યા. પછી જમાલિ પાંચસો સાધુઓની સાથે બહારના દેશોમાં ચાલી નીકળ્યો.

એક વખત જમાલિ એક ગામથી બીજે ગામ પાંચસો સાધુ સાથે ફરતો ફરતો શ્રાવસ્તીમાં કોષ્ટક ચૈત્યમાં આવીને ઊતર્યો. ભગવાન મહાવીર તે વખતે ચંપાનગરીમાં પૂર્ણભદ્ર ચૈત્યમાં ઊતર્યા હતા.

---

૧. પાંચ મૂઠી ભરી બધા વાળ ખેંચી કાઢવા તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હવે કોઈ દિવસે જમાલિને રસસહિત, લૂખું, તુચ્છ, ભૂખ–તરસનો કાળ વીતી ગયા પછીનું, પ્રમાણથી વધારે કે ઓછું એવું તથા શીત પાનભોજન વારંવાર ખાવામાં આવ્યાથી શરીરમાં મોટો વ્યાધિ થયો. તેનું શરીર પિત્તજ્વરથી વ્યાપ્ત હોવાથી તે દાહયુક્ત હતો. વેદનાથી પીડિત થઈ તેણે પોતાના શ્રમણનિર્ગ્રંથોને બોલાવીને કહ્યું, "હે દેવાનુપ્રિયો! તમે મારે માટે પથારી પાથરો.' પેલાઓ તે વાતનો વિનયપૂર્વક સ્વીકાર કરી પથારી પાથરવા લાગ્યા. પરંતુ જમાલિએ અત્યંત વેદનાથી વ્યાકુલ થઈ તેમને ફરી બોલાવીને પૂછ્યું, 'હે દેવાનુપ્રિયો! મારે માટે પથારી પાથરી?' ત્યારે તેઓએ કહ્યું કે, હજુ પાથરી નથી, પણ પથરાય છે. ત્યારે જમાલિને એવો સંકલ્પ થયો કે, "શ્રમણ ભગવાન મહાવીર તો એમ કહે છે કે, 'ચાલતું હોય તે ચાલ્યું કહેવાય[1] ઇ૦.' પણ આ તો સ્પષ્ટ દેખાય છે કે, જ્યાં સુધી પથારી પથરાતી હોય, ત્યાં સુધી તેને પાથરી એમ ન કહેવાય." એમ વિચારી તેણે શ્રમણનિર્ગ્રંથોને બોલાવીને કહ્યું, "હે દેવાનુપ્રિયો! શ્રમણભગવાન મહાવીર કહે છે કે, 'ચાલતું તે ચાલ્યું કહેવાય ઇ૦.' પરંતુ મને તો પ્રત્યક્ષ દેખાય છે કે, ચાલતું હોય ત્યાં સુધી ચાલ્યું ન કહેવાય ઇ૦."

તેની આ વાત કેટલાકોએ માની, અને કેટલાકોએ ન માની. તેથી તે ન માનનારા તેનો ત્યાગ કરી ભગવાન પાસે ચાલ્યા ગયા. જમાલિ પણ વખત જતાં નીરોગ થયો ત્યારે ત્યાંથી નીકળી ચંપામાં આવ્યો, તથા ભગવાન પાસે

---

૧. જુઓ આગળ સિદ્ધાંતખંડ વિભાગ ૭. પ્રકરણ ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આવીને કહેવા લાગ્યો, 'આપના ઘણા શિષ્યો હજુ છદ્મસ્થ છે, કેવલજ્ઞાની નથી; પરંતુ હું તો ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શનને ધારણ કરનારો અર્હંત્, જિન અને કેવલી થઈને વિહરું છું.'

ત્યારે ગૌતમે તેને કહ્યું કે, કેવલજ્ઞાનીનું જ્ઞાન કે દર્શન પર્વત વગેરેથી આવૃત કે નિવારિત થતું નથી. તો તું જો કેવલજ્ઞાની હોય, તો મને આ બે પ્રશ્નોનો ઉત્તર આપ. હે જમાલિ! લોક શાશ્વત છે કે અશાશ્વત? તથા જીવ શાશ્વત છે કે અશાશ્વત?

ત્યારે જમાલિ આ પ્રશ્નોનો ઉત્તર આપી શક્યો નહીં અને ચૂપ રહ્યો. ત્યારે ભગવાન મહાવીરે કહ્યું, "હે જમાલિ! મારા ઘણા છદ્મસ્થ શિષ્યો આ બે પ્રશ્નોનો મારી પેઠે ઉત્તર આપવા સમર્થ છે, છતાં તેઓ તારી પેઠે એમ કહેતા નથી કે, 'અમે સર્વજ્ઞ અને જિન છીએ.' હે જમાલિ! લોક શાશ્વત છે; કારણ કે તે કદાપિ ન હતો એમ નથી; તેમ જ તે કદાપિ નથી અને હશે નહીં એમ પણ નથી. પરંતુ લોક હતો, છે અને હશે. તે શાશ્વત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી હે જમાલિ! લોક અશાશ્વત પણ છે. કારણ કે અવસર્પિણી થઈને ઉત્સર્પિણી થાય છે; અને ઉત્સર્પિણી થઈને અવસર્પિણી થાય છે. તે જ પ્રમાણે જીવ પણ નિત્ય છે, તેમ જ અશાશ્વત પણ છે, કારણ કે તે નૈરયિક થઈને તિર્યંચયોનિક પણ થાય છે; અને તિર્યંચયોનિક થઈને મનુષ્ય, તથા મનુષ્ય થઈને દેવ પણ થાય છે.

પરંતુ જમાલિને આ વાત ગમી નહીં; તેથી તે ત્યાંથી બીજી વાર ચાલી નીકળ્યો. ત્યાર બાદ તે અસત્ય ભાવો

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રગટ કરીને તથા મિથ્યાત્વના અભિનિવેશ વડે પોતાને તથા પરને ભ્રાંત કરતો અને મિથ્યાજ્ઞાનવાળા કરતો, ઘણાં વરસ સાધુપણે જીવ્યો, અને અંતે ત્રીશ ટંકના ઉપવાસ કરી, પોતાના પાપસ્થાનકને આલોચ્યા–પ્રતિક્રમ્યા વિના મરણ પામી લાન્તક દેવલોકમાં તેર સાગરોપમ સ્થિતિવાળો કિલ્વિષિક[૧] દેવ થયો.

જમાલિને મરણ પામેલો જાણી ગૌતમે મહાવીર ભગવાનને તેની ગતિ વિષે પ્રશ્ન પૂછ્યો અને તેની વિગત જાણી તેમણે કિલ્વિષિક દેવો વિષે વધુ પ્રશ્નો પૂછ્યા :

પ્ર૦—હે ભગવન્! કિલ્વિષિક દેવો કેટલા પ્રકારના છે?

ઉ૦—હે ગૌતમ! ત્રણ પ્રકારના છે : ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા, ત્રણ સાગરોપમની સ્થિતિવાળા, અને તેર સાગરોપમની સ્થિતિવાળા. તેમાં પહેલા પ્રકારના દેવો જ્યોતિષ્ક દેવોની ઉપર અને સૌધર્મ અને ઈશાન દેવલોકની નીચે રહે છે. બીજા પ્રકારના દેવો સૌધર્મ અને ઈશાન દેવલોકની ઉપર, તથા સનત્કુમાર અને મહેન્દ્ર દેવલોકની નીચે રહે છે. તથા ત્રીજા પ્રકારના દેવો બ્રહ્મલોકની ઉપર અને લાંતક કલ્પની નીચે રહે છે.

જે જીવો આચાર્યના દ્વેષી, ઉપાધ્યાયના દ્વેષી; કુલ, ગણ અને સંઘના દ્વેષી, તથા તે બધાનો અયશ અને અકીર્તિ કરનારા હોય; તથા ઘણા અસત્ય અર્થો પ્રગટ કરવાથી અને મિથ્યા કદાગ્રહથી પોતાને અને પરને ભ્રાન્ત કરતા મરણ પામે, તેઓ કિલ્વિષિક દેવ તરીકે જન્મે છે.

---

૧. દેવોમાં અંત્યજ જેવી એ હીન કોટી છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંથી ચ્યવ્યા બાદ કેટલાક તો નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ચાર કે પાંચ ભવો કરી પછી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે; પરંતુ કેટલાક તો અનાદિ અનંત અને દીર્ઘમાર્ગવાળા ચાર ગતિયુક્ત સંસારમાં ભમ્યા જ કરે છે.

જમાલિ જો કે રસરહિત આહાર કરતો હતો, ઉપશાંત જીવનવાળો હતો, તથા પવિત્ર અને એકાંત જીવનવાળો હતો; છતાં તે આચાર્ય અને ઉપાધ્યાયનો દ્વેષી તથા અકીર્તિ કરનારો હતો, તેમ જ પોતાને તથા બીજાને ભ્રાન્ત કરતો હતો. માટે તે કિલ્વિષિક દેવ થયો; પરંતુ ત્યાંથી ચ્યવ્યા બાદ તિર્યંચ, મનુષ્ય અને દેવના ચાર પાંચ ભવો કરી, તે સિદ્ધ થશે, અને સર્વ દુઃખોનો અંત કરશે.

— શતક ૯, ઉદ્દે૦ ૩૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯

ગોશાલક

તે કાળે શ્રાવસ્તી નગરીના ઈશાન ખૂણામાં કોષ્ઠક નામે ચૈત્ય હતું. તે નગરીમાં આજીવિક[૧] મતની ઉપાસિકા હાલાહલા નામે કુંભારણ રહેતી હતી. તે ધનસંપન્ન હતી તથા તેણે આજીવિકના સિદ્ધાંતનો અર્થ ગ્રહણ કર્યો હતો, અને તે અર્થનો નિશ્ચય કર્યો હતો.

તે સમયે ચોવીસ વર્ષના દીક્ષાપર્યાયવાળો મંખલિપુત્ર ગોશાલક હાલાહલા નામે કુંભારણના હાટમાં આજીવિકના

---

૧. ટીકાકાર તેના વિષે નીચે પ્રમાણે કહે છે: "આજીવિક એટલે એક પ્રકારના સંપ્રદાયના લોકો. કોઈ તો કહે છે કે, "આજીવિકો એટલે નગ્નતા ધારણ કરનારા ગોશાલકના શિષ્યો', અથવા અવિવેકી લોકથી પ્રાપ્ત થતી લબ્ધિ, પૂજા અને ખ્યાતિ આદિ વડે તપ અને ચારિત્રને જે ધારણ કરે તે, અથવા આજીવિકાવાળા હોવાથી આજીવિક."

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘ વડે પરિવૃત થઈ, આજીવિકના સિદ્ધાંત વડે આત્માને ભાવિત કરતો વિહરે છે. તે વખતે તે મંખલિપુત્ર ગોશાલકની પાસે અન્ય કોઈ દિવસે આ છ દિશાચરો[૧] આવ્યા : શાન, કલંદ, કર્ણિકાર, અચ્છિદ્ર, અગ્નિવેશ્યાયન, અને ગોમાયુપુત્ર. તે છ દિશાચરોએ પૂર્વગ્રંથમાં કહેલ આઠ પ્રકારનાં નિમિત્ત, નવમો ગીતમાર્ગ અને દશમા નૃત્યમાર્ગને હસ્તગત કર્યો હતો. તેમણે મંખલિપુત્ર ગોશાલકનો શિષ્યભાવે આશ્રય કર્યો. ત્યારબાદ તે મંખલિપુત્ર ગોશાલક તે અષ્ટાંગ મહાનિમિત્તના[૨] કાંઠકિ જ્ઞાન વડે સર્વ પ્રાણીઓને આ છ બાબતના સાચા ઉત્તર આપે છે : લાભ વિષે, અલાભ વિષે, સુખ વિષે, દુઃખ વિષે, જીવિત વિષે અને મરણ વિષે. ત્યાર પછી તે મંખલિપુત્ર ગોશાલક એ અષ્ટાંગ મહાનિમિત્તના કાંઠકિ જ્ઞાન વડે શ્રાવસ્તી નગરીમાં અજિન છતાં 'હું જિન છું' એમ પ્રલાપ કરતો, અર્હત નહિ છતાં 'હું અર્હત છું' એમ મિથ્યા બકવાદ કરતો, કેવલી નહિ છતાં 'હું કેવલી છું' એમ નિરર્થક બોલતો, સર્વજ્ઞ નહિ છતાં 'હું સર્વજ્ઞ છું' એમ મિથ્યાવચન કરતો અને અજિન છતાં 'જિન' શબ્દનો પ્રકાશ કરતો વિચરે છે.

એક વખત ભગવાન મહાવીર શ્રાવસ્તીમાં આવ્યા. ત્યાં ભિક્ષા માગવા જતાં મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમે ઉપરની

---

૧. આ છ દિશાચરો પતિત થયેલા મહાવીરના શિષ્ય હતા એમ પ્રાચીન ટીકાકાર કહે છે, અને તેઓ પાર્શ્વનાથની પરંપરામાં થયેલા છે, એમ ચૂર્ણિકાર કહે છે.

૨. નિમિત્તનાં આઠ અંગ: દિવ્ય, ઔત્પાત, આંતરિક્ષ, ભૌમ, આંગ, સ્વર, લક્ષણ અને વ્યંજન.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હકીકત લોકોને મોંએ સાંભળી. આથી તેમણે પાછા ગયા બાદ મહાવીરને ગોશાલકનો જન્મથી માંડીને વૃત્તાંત પૂછ્યો. એટલે મહાવીરે કહ્યું, હે ગૌતમ! એ ગોશાલક જે કહે છે કે 'હું જિન છું' ઇત્યાદિ, તે મિથ્યા – અસત્ય છે. હે ગૌતમ! આ મંખલિપુત્ર ગોશાલકનો મંખલિ નામે મંખ જાતિનો[૧] પિતા હતો. તે મંખલિને ભદ્રા નામે સુંદર સ્ત્રી હતી. તે ભદ્રા અન્ય કોઈ દિવસે ગર્ભિણી થઈ. તે સમયે શરવણ ગામમાં ગોબહુલ નામે બ્રાહ્મણ રહેતો હતો. તે ધનિક તથા ઋગ્વેદાદિ બ્રાહ્મણશાસ્ત્રોને વિષે નિપુણ હતો. તે બ્રાહ્મણને એક ગોશાલા હતી. પેલો મંખલિ ગર્ભિણી ભદ્રા સાથે ચિત્રનું પાટિયું હાથમાં લઈ ભિક્ષાચરપણાવડે આત્માને ભાવિત કરતો એક ગામથી બીજે ગામ ફરતો ફરતો શરવણ ગામમાં આવ્યો. ત્યાં તેણે ગોબહુલ બ્રાહ્મણની ગોશાલાના એક ભાગમાં પોતાનું રાચરચીલું મૂક્યું; તથા પછી શરવણ ગામમાં ભિક્ષાચર્યા માટે ફરતો ફરતો તે પોતાને રહેવા માટેના સ્થાનની શોધ કરવા લાગ્યો. ચોતરફ તપાસ કરવા છતાં કોઈ સ્થળે રહેવાનું સ્થળ નહિ મળતાં તેણે તે ગોશાળામાં જ વર્ષાઋતુ માટે નિવાસ કર્યો. તે વખતે ભદ્રાએ પૂરા નવ માસ અને સાડાસાત દિવસ વીત્યા બાદ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. તેનાં માતપિતાએ ૧૨ મે દિવસે તેનું ગોશાલક નામ પાડ્યું, કારણકે તેનો જન્મ ગોશાલામાં થયો હતો. ક્રમે ક્રમે ગોશાલક પણ બાલ્યાવસ્થાનો ત્યાગ કરી, વિજ્ઞાન વડે પરિણત મતિવાળો થઈ, યૌવનને પ્રાપ્ત થયો અને પોતે જ સ્વતંત્ર

૧. ચિત્રનું પાટિયું હાથમાં રાખી, તે બતાવીને આજીવિકા ચલાવનાર ભિક્ષુક.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્રપટ હાથમાં લઈ આજીવિકા ચલાવતો વિહરવા લાગ્યો.

તે અરસામાં હું ત્રીસ વર્ષ ગૃહવાસમાં રહી, માતપિતા દેવગત થયા પછી, સુવર્ણાદિનો ત્યાગ કરી, એક દેવદૂષ્ય–વસ્ત્રને ગ્રહણ કરી, પ્રવ્રજિત થયો હતો. તે વખતે હે ગૌતમ! પહેલા વર્ષને વિષે અર્ધા–અર્ધા મહિનાના ઉપવાસ કરતો હું અસ્થિગ્રામમાં પ્રથમ વર્ષાકાલમાં રહ્યો. પછી મહિના–મહિનાના ઉપવાસ કરતો હું એક ગામથી બીજે ગામ ફરતો ફરતો રાજગૃહની બહાર નાલંદામાં વણકરોના ડહેલાના (તંતુવાયશાળાના) એક ભાગમાં વર્ષાઋતુ રહ્યો. તે વખતે ગોશાલક પણ ફરતો ફરતો ત્યાં આવ્યો અને વણકરોના ડહેલાના એક ભાગમાં રાચરચીલું મૂકી, ઉતારો શોધવા નીકળ્યો; પણ બીજે ઉતારો ન મળતાં ત્યાં જ રહેવા લાગ્યો. હું મહિનાના પ્રથમ ઉપવાસનું પારણું કરવા રાજગૃહ નગરમાં ગયો. ત્યાં ભિક્ષા માગવા ફરતાં ફરતાં વિજય નામે ગૃહસ્થના ઘરમાં મેં પ્રવેશ કર્યો. મને જોઈ તે અત્યંત પ્રસન્ન તથા સંતુષ્ટ થયો, અને ઊભો થઈ અંજલિ જોડી, ઉત્તરીય વસ્ત્રને જનોઈની પેઠે વીંટી, સાત આઠ પગલાં મારી સામે આવ્યો અને મને ત્રણ વાર પ્રદક્ષિણા કરીને નમસ્કાર કર્યા. પછી તેણે મને પુષ્કળ અશન, પાન, ખાદિમ (મુખવાસ) અને સ્વાદિમ (મેવો–મીઠાઈ) એમ ચતુર્વિધ આહારથી સત્કાર્યો. આમ કરવાથી તેને દેવ આયુષ બંધાયું, તેનો સંસાર અલ્પ થયો અને તેના ઘરમાં આ પાંચ દિવ્યો પ્રગટ થયાં: વસુધારાની વૃષ્ટિ, પાંચ વર્ણનાં પુષ્પોની વૃષ્ટિ, ધ્વજારૂપ વસ્ત્રની વૃષ્ટિ, દેવદુંદુભિનું વાગવું, અને આકાશને વિષે 'અહો દાન! અહો દાન!'

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એવી ઘોષણા. થોડી વારમાં નગરના લોકોમાં એ વાત ફેલાઈ ગઈ, અને લોકો વિજયને અને તેના મનુષ્યજન્મને ધન્યવાદ દેવા લાગ્યા, તથા તેના પુણ્યશાળીપણાને અભિનંદવા લાગ્યા.

આ વાત સાંભળી ગોશાલક નવાઈ પામી વિજયને ઘેર આવ્યો; ત્યાં તેણે વરસેલી વસુધારા, પુષ્પવૃષ્ટિ અને ઘરમાંથી બહાર નીકળતા મને તથા વિજયને જોયા. તે જોઈ પ્રસન્ન થઈ તે મારી પાસે આવ્યો અને મને પ્રદક્ષિણા તથા વંદનાદિ કરી પોતાને શિષ્ય બનાવવા વિનવવા લાગ્યો, પરંતુ હું મૌન રહ્યો. પછી બીજા મહિનાના ઉપવાસના પારણા વખતે આનંદ ગૃહપતિને ત્યાં, ત્રીજી વખતે સુનંદને ઘેર અને ચોથી વખતે નાલંદા પાસેના કોલ્લાક સંનિવેશમાં વેદવાદી બહુલ બ્રાહ્મણને ઘેર પણ તેમ જ બન્યું.* હું બહુલને ત્યાં જ હતો તેવામાં ગોશાલક મને શોધતો શોધતો વણકરોના ડહેલામાં ગયો, પણ ત્યાં મને ન જોતાં તેણે શાટિકા (અંદરનાં વસ્ત્ર), પાટિકા (ઉપરનાં વસ્ત્ર), કુંડીઓ, પગરખાં અને ચિત્રપટ બ્રાહ્મણોને આપી દઈ, દાઢી મૂછનું મૂંડન કરાવ્યું અને પછી તે કોલ્લાક સંનિવેશ તરફ ચાલી નીકળ્યો. રસ્તામાં તેણે લોકો દ્વારા બહુલને ત્યાં થયેલી વૃષ્ટિ આદિનું વર્ણન સાંભળ્યું. આથી, "ઋદ્ધિ-દ્યુતિ-તેજ-યશ-બલ-વીર્ય-પરાક્રમ વાળા મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણભગવાન મહાવીરને જ આવા પ્રકારની ઋદ્ધિ વગેરે સંભવે છે, બીજા કોઈ શ્રમણ-

* આનંદને ત્યાં 'અનેક પ્રકારનો ભોજનવિધિ,' સુનંદને ત્યાં 'સર્વકામનાગુણયુક્ત ભોજન,' અને બહુલને ત્યાં, 'પુષ્કળ મધુ-ખાંડ અને ઘી સંયુક્ત પરમાન્ન-ક્ષીર' એટલો વિશેષ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રાહ્મણને તેવાં ઋદ્ધિ આદિ પ્રાપ્ત થયાં નથી, માટે બહુલને ત્યાં મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક મહાવીર ભગવાન જ હશે", એમ નિશ્ચય કરી, તે ત્યાં આવ્યો અને મારી શોધ કરવા લાગ્યો. પછી કોલ્લાકની બહારના ભાગમાં મનોજ્ઞ ભૂમિ વિષે તે મને મળ્યો, અને સંતુષ્ટ થઈ મને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, 'તમે મારા ધર્માચાર્ય છો, અને હું તમારો શિષ્ય છું' એમ બોલ્યો. મેં મંખલિપુત્ર ગોશાલકની એ વાત સ્વીકારી. પછી હે ગૌતમ! હું ગોશાલકની સાથે છ વર્ષ સુધી લાભ-અલાભ, સુખ-દુઃખ આદિનો અનુભવ કરતો અને તેની અનિત્યતાનો વિચાર કરતો પણિયભૂમિમાં[૧] વિહરવા લાગ્યો.

એક વખત પ્રથમ શરદ કાળના સમયમાં વૃષ્ટિ થતી નહોતી ત્યારે હું તથા ગોશાલક સિદ્ધાર્થગ્રામ નામે નગરમાંથી નીકળી કૂર્મગ્રામ નામે નગર તરફ જતા હતા; તેવામાં રસ્તામાં એક મોટો પત્ર-પુષ્પાદિવાળો તલનો છોડ આવ્યો. તેને જોઈ ગોશાલકે મને પૂછ્યું કે 'હે ભગવન્! આ તલનો

---

૧. કલ્પસૂત્રમાં તો પણિયભૂમિમાં એક જ ચોમાસું ગાળેલું જણાવ્યું છે; જ્યારે અહીં, છ વર્ષ ત્યાં રહ્યાનો ઉલ્લેખ છે. એનો ખુલાસો એમ કરાય છે કે, 'પણિયભૂમિએ' શબ્દ પંચમી વિભક્તિનો હોઈ પણિયભૂમિમાં ગોશાલકને મળ્યા બાદ (એટલે કે પણિયભૂમિથી માંડીને) મહાવીર ગોશાલક સાથે છ વર્ષ રહ્યા, એવો અર્થ છે. કોટલાક તે શબ્દને સાતમી વિભક્તિનો ગણી. તથા વિશેષણ ગણી, પ્રણીત એટલે કે, મનોજ્ઞ – સુંદર ભૂમિમાં (મિથિલામાં) તે છ વર્ષ રહ્યા, એવો પણ અર્થ કરે છે. પરંતુ કલ્પસૂત્રમાં તો તે વિશેષનામ છે, અને ટીકાકાર તેને અનાર્યદેશ ગણે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છોડ નીપજશે કે નહિ નીપજે? તેમ જ આ સાત તલના પુષ્પના જીવો મરીને કયાં જશે અને ઊપજશે?' ત્યારે મેં જવાબ આપ્યો, 'આ તલનો છોડ નીપજશે, અને આ સાત તલના પુષ્પના જીવો મરીને આ જ તલના છોડની એક તલફળીને વિષ સાત તલરૂપે ઊપજશે.'

પછી મને ખોટો પાડવાના ઇરાદાથી, તેણે મારાથી છૂપી રીતે તે તલના છોડને માટી સહિત મૂળથી ઉખાડી નાખ્યો અને એક બાજુએ મૂકી દીધો. પછી અમે કૂર્મગ્રામ નગર તરફ આગળ ચાલ્યા. એ દરમ્યાન આકાશમાં દિવ્ય વાદળ થયું, અને ક્ષણ વારમાં ત્યાં અત્યંત કાદવ ન થાય તેવી થોડા પાણીનાં બિંદુવાળી તથા રજ અને ધૂળને શાંત કરનાર દિવ્ય વૃષ્ટિ થઈ. તેથી તે તલનો છોડ જમીનમાં ચોટી ગયો અને ક્રમેક્રમે બહમૂલ થઈ ગયો. તે સાત તલપુષ્પના જીવો પણ મરણ પામી તે જ તલના છોડની એક તલફળીમાં સાત તલરૂપે ઉત્પન્ન થયા.

આ તરફ અમે ચાલતા ચાલતા કૂર્મગ્રામ પાસે આવી પહોંચ્યા. ત્યાં ગામ બહાર વૈશ્યાયન નામે બાલતપસ્વી નિરંતર છ છ ટંકના ઉપવાસ કરતો, પોતાના બંને હાથ ઊંચા રાખી, સૂર્યની સામે ઊભો રહી તાપ તપતો હતો. તે વખતે સૂર્યના તેજથી તપેલી જૂઓ તેના શરીર ઉપરથી ચોતરફ બહાર નીકળતી હતી અને પેલો તપસ્વી તે જૂઓને પાછી પોતાના શરીર ઉપર મૂકતો હતો. આ જોઈ ગોશાલક તેને કહેવા લાગ્યો કે, તમે મુનિ છો કે, ચસકેલ (મુનિક) છો, અથવા જૂઓના ભિન્નસ્થાન છો? આમ જ્યારે ગોશાલકે એ ત્રણ વાર કહ્યું, ત્યારે પેલાએ ગુસ્સે થઈ ગોશાલકને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આળી મૂકવા શરીરમાંથી તેજોલેશ્યા કાઢી. ત્યારે ગોશાલક ઉપર અનુકંપાથી મેં શીત તેજોલેશ્યા બહાર કાઢી. પછી મારી શીત તેજોલેશ્યાથી ગોશાલકનું રક્ષણ થયેલું જોઈ પેલા તાપસે પોતાની તેજોલેશ્યા પાછી ખેંચી લીધી અને કહ્યું, 'હે ભગવન્! મેં જાણ્યું, હે ભગવન્! મેં જાણ્યું.'

ત્યારે ગોશાલકે મને પૂછ્યું, "હે ભગવન્! આ બૂઓના મિજબાને 'મેં જાણ્યું, મેં જાણ્યું' એવું શું કહ્યું?" ત્યારે મેં તેને બધી વાત સમજાવી. આથી ભય પામી તેણે તેજોલેશ્યા પ્રાપ્ત કરવાનો વિધિ મને પૂછ્યો. ત્યારે મેં તેને કહ્યું કે, નખસહિત વાળેલી અડદના બાકળાની મૂઠી વડે અને એક ચુલુક પાણી વડે નિરંતર છ-છ ટંકના ઉપવાસ કરી હાથ ઊંચો રાખીને વિહરે, તેને છ માસને અંતે તેજોલેશ્યા[૧] પ્રાપ્ત થાય.

પછી કોઈ દિવસ અમે કૂર્મગ્રામનગરથી સિદ્ધાર્થગ્રામ-નગર તરફ જવા નીકળ્યા. ત્યારે રસ્તામાં ગોશાલકે પેલા તલના છોડની વાત કાઢી અને કહ્યું કે, 'તમે તો કહેતા હતા કે તે તલનો છોડ નીપજશે તથા પેલા પુષ્પના જીવો પણ તેની ફળીમાં તલરૂપે જન્મશે, પણ તે છોડ તો કચારનો નાશ પામી ગયો!' ત્યારે મેં તેને પેલી દિવ્યવૃષ્ટિની વાત કહી અને જતે જઈને તે તલના છોડને અને પેલા સાત તલને જોઈ લેવાનું તેને કહ્યું.

---

૧. મૂળમાં, 'પ્રયોગકાળે વિસ્તીર્ણ અને અપ્રયોગકાળે સંક્ષિપ્ત' એવાં તેજોલેશ્યાનાં બે વિશેષણ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે પ્રમાણે પેલા તલને ગણતાં તેને એવો વિચાર આવ્યો કે, આ પ્રમાણે બધા જીવો પણ મરીને તે જ શરીરમાં ઉત્પન્ન થતા હોવા જોઈએ.[1] હે ગૌતમ! મંખલિપુત્ર ગોશાલકનો આ પરિવર્તવાદ છે. અને હે ગૌતમ! મારી પાસેથી તેજોલેશ્યાનો ઉપદેશ ગ્રહણ કરીને મંખલિપુત્ર ગોશાલકનું આ જુદા પડવું છે.

ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલક મેં બતાવેલ વિધિ વડે હાથ ઊંચા રાખીને તેજોલેશ્યા સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરવા લાગ્યો; અને છ માસને અંતે તેને તે પ્રાપ્ત થઈ પણ ખરી. ત્યાર પછી તે ગોશાલકને પેલા છ દિશાચરો આવી મળ્યા. અને હવે તે પોતે જિન નહિ છતાં જિન શબ્દને પ્રકાશિત કરતો વિહરે છે.

પછી મહાવીર ભગવાને ત્યાં ભેગી થયેલી પરિષદને ધર્મકથા કહી. ત્યારબાદ રસ્તામાં ચૌટામાં વગેરે ઠેકાણે એ વાત ફેલાઈ ગઈ કે, 'ગોશાલક તો મંખનો દીકરો છે, તથા તે જિન નથી છતાં પોતાને જિન કહેવરાવતો ફરે છે; વાસ્તવિક રીતે તો મહાવીર જિન છે ઇ૦.' આ બધું ગોશાલકના સાંભળવામાં આવતાં તે ખૂબ ગુસ્સે થયો.

એક વખત મહાવીર ભગવાનના આનંદ નામે શિષ્ય મહાવીરની પરવાનગીથી છ ટંકના ઉપવાસનું પારણું કરવા ગામમાં ભિક્ષા માટે ગયા. ત્યાં તે હાલાહલા કુંભારણના હાટ પાસે આવી પહોંચ્યા. તેમને જોઈ ગોશાલકે કહ્યું, "હે આનંદ! અહીં આવ, અને મારું દૃષ્ટાંત સાંભળ: આજથી

---

૧. મૂળમાં 'પ્રવૃત્તપરિહાર' એટલે કે શરીરાંતરપ્રવેશ છે. પણ ટીકાકારે અહીં આવો અર્થ સૂચવ્યો છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણા કાળ પહેલાં કેટલાક ધનાર્થી વણિકો પુષ્કળ ચીજો ગાડાંઓમાં ભરી, અનાજ–પાણીનું ભાથું સાથે લઈ વેપાર માટે નીકળ્યા. રસ્તામાં એક નિર્જન તથા નિર્જળ વન આવ્યું. તેમાં થોડે દૂર ગયા બધી તેમની પાસેનું પાણી ખૂટી ગયું. આથી તેઓ તે વનમાં ચોતરફ પાણીની શોધ કરવા લાગ્યા. ત્યાં તેમને એક મોટો વનખંડ પ્રાપ્ત થયો. તેના મધ્યભાગમાં એક મોટો રાફડો હતો. તેને ચાર ઊંચાં શિખર હતાં. તેમાંનું એક શિખર ફોડતાં તેમાંથી સ્વચ્છ, ઉત્તમ અને સ્ફટિક જેવું પાણી પ્રાપ્ત થયું. તે તેમણે તથા તેમનાં બળદ વગેરે વાહનોએ પીધું; તથા પાણીનાં વાસણોમાં ભરી પણ લીધું. પછી લોભથી તેમણે બીજું શિખર ફોડયું; તો તેમાંથી તેમને ઉત્તમ સુવર્ણ પ્રાપ્ત થયું. પછી વધેલા લોભથી ત્રીજું શિખર ફોડતાં તેમને ઉત્તમ મણિરત્ન પ્રાપ્ત થયાં. પછી વધુ કીમતી વસ્તુ મેળવવાના લોભમાં તેમણે ચોથું શિખર ફોડવાનો પણ વિચાર કર્યો. ત્યારે તેઓમાંનો એક ડાહ્યો, તથા હિત, સુખ અને કલ્યાણની ઇચ્છાવાળો વણિક બોલ્યો કે, 'હવે આપણે આ ચોથું શિખર ફોડવું યોગ્ય નથી; કારણકે ચોથું શિખર કદાચ આપણને ઉપદ્રવ કરનારું થાય. આપણને જેટલું મળ્યું છે તેટલું પણ બહુ છે.' પરંતુ, તેનું કહ્યું ન સાંભળી પેલાઓએ તો ચોથું શિખર પણ ફોડયું. તો તેમાંથી મહાભયંકર દૃષ્ટિવિષ[૧] સર્પ નીકળ્યો. તેની ગુસ્સાવાળી નજર પડતાં જ પેલા બધા વાણિયા બળીને રાખ થઈ ગયા; માત્ર ચોથું શિખર ન તોડવાની સલાહ આપનાર પેલા વાણિયાને તે સર્પે તેના પોતાના નગરે પાત્રાદિ

૧. નજર પડતાં જ બાળી નાખે તેવો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સહિત પહોંચાડ્યો. એ પ્રમાણે હે આનંદ ! તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રે ઉદાર અવસ્થા પ્રાપ્ત કરી છે, અને દેવ–મનુષ્યાદિમાં તેમની કીર્તિ અને પ્રશંસા થયેલી છે; પણ જો તે મારી બદબોઈ કર્યા કરી મને ગુસ્સે કરશે, તો મારા તપના તેજ વડે પેલા વાણિયાઓની પેઠે તેમને હું બાળીને ભસ્મ કરીશ; માત્ર પેલા હિતકર સલાહ આપનાર વાણિયાની પેઠે તને હું બચાવી લઈશ. માટે જઈને તું તારા ધર્માચાર્યને એ પ્રમાણે કહે."

આ સાંભળી, ભય પામી, આનંદ ઝટપટ પોતાને ઉતારે પાછા ગયા અને ત્યાં મહાવીરને એ બધી વાત કહી; તથા ગોશાલક તેમને બાળી શકે કે કેમ તે પૂછ્યું. ત્યારે મહાવીરે કહ્યું કે, તે પોતાના તપના તેજ વડે ગમે તેને એક ઘાએ પાષાણમય મારણ મહાયંત્રના આઘાતની પેઠે જલદી ભસ્મરાશિ કરવાને સમર્થ છે; પરંતુ અરિહંત ભગવંતને બાળી ભસ્મ કરવા સમર્થ નથી; અલબત્ત, તે તેમને પરિતાપ – દુઃખ – ઉત્પન્ન કરવા સમર્થ છે. ગોશાલકનું જેટલું તપસ્તેજ છે, તેનાથી અનગાર (સાધુ) ભગવંતનું અનંતગુણ વિશિષ્ટ તપસ્તેજ છે; કારણ કે અનગાર ભગવંત ક્ષમા – ક્રોધનો નિગ્રહ – કરવામાં સમર્થ છે. હે આનંદ ! અનગાર ભગવંતોનું જેટલું તપોબલ છે, તેથી અનંતગુણ વિશિષ્ટ તપોબલ, ક્ષમાના કારણથી સ્થવિર ભગવંતોનું[૧] છે; અને સ્થવિર ભગવંતોના તપોબલથી

---

૧. તેમના ત્રણ પ્રકાર છે: વયઃસ્થવિર – ઉમરમાં વૃદ્ધ; શ્રુતસ્થવિર – શાસ્ત્રજ્ઞાનમાં વધેલા; અને પર્યાય સ્થવિર – જેને દીક્ષા લીધે ૩૦ વર્ષથી વધુ સમય થયો હોય તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતગુણ વિશિષ્ટ તપોબલ, ક્ષમાના કારણથી અરિહંત ભગવંતોનું છે. તેમને તે દગ્ધ કરવાને સમર્થ નથી, પણ તેમને દુઃખ ઉત્પન્ન કરવાને શક્તિમાન છે.

હે આનંદ! માટે તું જા, અને ગૌતમાદિને આ વાત કહે કે, 'હે આર્યો! તમે કોઈ ગોશાલકની સાથે ધર્મ સંબંધી પ્રતિચોદના — તેના મતથી પ્રતિકૂલ વચન — ન કહેશો; ધર્મ સંબંધી પ્રતિસારણા — તેના મતથી પ્રતિકૂલપણે અર્થનું સ્મરણ — તેને ન કરાવશો; અને ધર્મ સંબંધી પ્રત્યુપચાર — તિરસ્કાર ન કરશો. કારણ કે મંખલિપુત્ર ગોશાલકે શ્રમણનિર્ગ્રંથો સાથે મિથ્યાત્વ — મ્લેચ્છપણું અથવા અનાર્યપણું વિશેષતઃ આદર્યું છે.

આનંદ હજુ ગૌતમાદિને આ વાત કહે છે તેટલામાં તો કુંભારણના હાટમાંથી નીકળી પોતાના સંઘસહિત ગોશાલક વેગે ચાલતો કોષ્ટક ચૈત્યમાં મહાવીર પાસે આવ્યો, અને તેમને કહેવા લાગ્યો, "હે આયુષ્મન્ કાશ્યપગોત્રીય! 'મંખલિપુત્ર ગોશાલક મારો ધર્મસંબંધી શિષ્ય છે' એમ તમે જે કહો છો, તે ઠીક કહો છો; પરંતુ તમારો તે શિષ્ય તો શુક્લ અને શુક્લાભિજાતીય[1] (પવિત્ર પરિણામવાળો) થઈને મરણ સમયે મરણ પામી કોઈ પણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો છે. પરંતુ હું તો કૌંડિન્યાયનગોત્રીય ઉદાયી નામે છું; મેં ગૌતમપુત્ર અર્જુનના શરીરનો ત્યાગ કરી, મંખલિપુત્ર ગોશાલકના

---

૧. લેશ્યાના કૃષ્ણાદિ ૬ પ્રકાર પ્રમાણે ગોશાલકને મતે પણ 'આત્માના કૃષ્ણ, કૃષ્ણાભિજાતીય, નીલ, નીલાભિજાતીય, વગેરે ૬ પ્રકારો હોય એમ લાગે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરમાં પ્રવેશ કર્યો છે. એ મારો સાતમો (પ્રવૃત્તપરિહાર) શરીરાન્તરપ્રવેશ છે.

હે આયુષ્યમન્ કાશ્યપ ! જે કોઈ મારા સિદ્ધાંત અનુસારે મોક્ષે ગયેલા છે, જાય છે અને જશે, તે સર્વે ચોરાશી લાખ મહાકલ્પ[૧] (કાલવિશેષ), સાત દેવભવો, સાત સંયૂથ નિકાયો,[૨] સાત સંજ્ઞીગર્ભ (મનુષ્યગર્ભવાસ), અને સાત પ્રવૃત્તપરિહાર (શરીરાન્તરપ્રવેશ) કરી, તથા પાંચ લાખ, સાઠ હજાર, છસો ત્રણ કર્મના ભેદોનો[૩] અનુક્રમે ક્ષય

---

૧. સરખાવો બૌદ્ધગ્રંથોમાં વર્ણવેલ ગોશાલકનો મત : '૮૪ લાખ મહાકલ્પના ફેરામાં ગયા પછી ગાંડા અને ડાહ્યા બંનેના દુઃખનો નાશ થાય છે. . . .'

૨. આનો શો અર્થ છે તે નક્કી નથી. આગળ જ્યાં સાત દેવભવો અને સંજ્ઞીગર્ભોનો ક્રમ બતાવે છે, ત્યાં સંયૂથ શબ્દ ત્રીજી કોટીને બદલે દેવોનો 'નિકાય' એ અર્થમાં વપરાયો લાગે છે.

૩. આ શબ્દનો અર્થ ટીકાકારે જરા છૂટ લઈને કર્યો છે : મૂળમાં 'पंच कम्मणि सयसहस्साइं सट्ठिं च सहस्साइं छच्च सए तिन्नि य कम्मंसे' છે. તેનો સીધો શબ્દાર્થ : પાંચ કર્મો, એક લાખ, સાઠ હજાર (અને) છસો (જન્મો), તથા ત્રણ કર્માંશો – એમ થાય. દીઘનિકાય ૨–૨૦ ઉપરની સુમંગલવિલાસિની ટીકામાં બુદ્ધઘોષાચાર્ય મક્ખલિ ગોસાલના સિદ્ધાંતનો અર્થ કરે છે, ત્યાં 'योनिपमुखसतसहस्सानि' — એક લાખ મુખ્ય જન્મો, ૬૦,૦૦૦ (તિબેટન પાઠ પ્રમાણે) બીજા જન્મો, અને ૬૦૦ બીજા જન્મોનો ઉલ્લેખ છે, તથા 'પાંચ પ્રકારનાં કર્મો અને ત્રણ પ્રકારનાં કર્મો' નો ઉલ્લેખ છે. અલબત્ત, બુદ્ધઘોષાચાર્યને પણ આ બધાનો અર્થ કરવાનું મુશ્કેલ (નિરર્થક) લાગે છે; અને ચૂર્ણિકાર પણ ગોશાલકના સિદ્ધાંતને 'સંદિગ્ધ' કહી તેનો અર્થ કરવાનું માંડી વાળે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા પછી સિદ્ધ થાય છે, મુક્ત થાય છે, અને નિર્વાણ પામે છે.

તેમાં ૮૪ લાખ મહાકલ્પનું પરિમાણ[1] નીચે પ્રમાણે છે: ગંગાનદી લંબાઈમાં પાંચસો યોજન છે, વિસ્તારમાં અર્ધો યોજન છે, અને ઊંડાઈમાં પાંચસો ધનુષ્ય છે. એવી સાત ગંગાઓ મળીને એક મહાગંગા થાય છે; તેવી સાત મહાગંગાઓ = એક સાદીન ગંગા; સાત સાદીન ગંગા = એક મૃત્યુગંગા; સાત મૃત્યુગંગા = એક લોહિતગંગા; સાત લોહિત-ગંગા = એક અવંતીગંગા; સાત અવંતીગંગા = એક પરમાવંતી-ગંગા; એ પ્રમાણે પૂર્વાપર મળીને એક લાખ, સત્તર હજાર, અને છસો ઓગણપચાસ ગંગાનદીઓ થાય છે. તે ગંગાનદીની રેતીના કણોનો એ પ્રકારે ઉદ્ધાર કહેલો છે. ૧. સૂક્ષ્મ બોંદિ-કલેવરરૂપ – એટલે કે જેમાં સૂક્ષ્મ આકારવાળા અસંખ્યાત ખંડો કલ્પ્યા છે તે, અને ૨. બાદર બોંદિકલેવરરૂપ (જેમાં બાદર આકારવાળા રેતીના કણો છે તે). તેમાં બાદર બોંદિકલેવરરૂપ ઉદ્ધાર મુજબ સો સો વર્ષે એક રેતીનો કણ ઉપાડીએ, અને ઉપર જણાવેલો ગંગાનો સમુદાય ખાલી — રેતી વિનાનો — થાય ત્યારે માનસ-સર પ્રમાણ કાલ થયો કહેવાય. એવા ત્રણ લાખ સર પ્રમાણકાળ વડે એક મહાકલ્પ થાય છે; અને ચોરાશીલાખ મહાકલ્પે એક મહામાનસ થાય છે.

[ઉપર જણાવેલા માનસ-સરના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકાર છે.] અનંત સંયૂથ એટલે કે

---

૧. ઉપર જણાવેલ બુદ્ધઘોષાચાર્યે જુદું જ પરિમાણ આપ્યું છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત જીવના સમુદાયરૂપ નિકાયથી જીવ ચ્યવીને સંયૂથ દેવભવ વિષે ઉત્તમ માનસ–સર પ્રમાણ આયુષ્ય વડે ઉત્પન્ન થાય છે. ૧. ત્યાં તે દિવ્ય અને ભોગ્ય એવા ભોગોને ભોગવતો વિહરે છે. પછી ત્યાંથી આવીને તે પ્રથમ સંજ્ઞી ગર્ભજ પંચેંદ્રિય મનુષ્યપણે ઉત્પન્ન થાય છે (૧) પછી ત્યાંથી ચ્યવીને મધ્યમ માનસ–સર પ્રમાણ આયુષ વડે સંયૂથ દેવનિકાય વિષે ઉત્પન્ન થાય છે. ૨. ત્યાં દિવ્ય ભોગો ભોગવીને બીજા સંજ્ઞીગર્ભજ મનુષ્યને વિષે જન્મે છે. (૨) પછી ત્યાંથી નીકળી કનિષ્ઠ માનસ-સર પ્રમાણ આયુષ વડે સંયૂથ દેવનિકાયને વિષે ઊપજે છે. ૩. ત્યાંથી ત્રીજા સંજ્ઞી ગર્ભજ મનુષ્યમાં, (૩) ત્યાંથી ઉત્તમ માનસોત્તર — મહામાનસ આયુષ વડે સંયૂથ–દેવનિકાયને વિષે, ૪. ત્યાંથી ચોથા સંજ્ઞી ગર્ભજ મનુષ્યમાં, (૪) ત્યાંથી મધ્યમ માનસોત્તર આયુષ વડે સંયૂથ-દેવનિકાયમાં, ૫. ત્યાંથી પાંચમા સંજ્ઞીગર્ભજ મનુષ્યમાં, (૫) ત્યાંથી કનિષ્ઠ માનસોત્તર આયુષ સહિત સંયૂથ-દેવનિકાયમાં, ૬. ત્યાંથી છઠ્ઠા સંજ્ઞી ગર્ભજ મનુષ્યમાં, (૬) ત્યાંથી બ્રહ્મલોક નામે કલ્પ – દેવલોક – માં.[૧] તે દેવલોક પૂર્વ તથા પશ્ચિમ લાંબો છે અને ઉત્તર તથા દક્ષિણ વિસ્તારવાળો[૨] છે. ૭. ત્યાં દશ સાગરોપમ વર્ષો સુધી દિવ્ય ભોગો ભોગવી તે સાતમા સંજ્ઞી ગર્ભજ મનુષ્યમાં ઊપજે છે. (૭) ત્યાં નવ માસ બરોબર પૂર્ણ થયા પછી અને સાડાસાત દિવસ વીત્યા બાદ હું સુકુમાર, ભદ્ર, મૃદુ અને દર્ભનાં કુંડલની પેઠે વાંકડિયા કેશવાળો અને કર્ણના આભૂષણ વડે ગાલને સ્પર્શતો એવો દેવકુમાર સમાન

૧. જુઓ પ્રજ્ઞાપના પદ ૨,પ. ૧૦૨–૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કાંતિવાળો બાળક બન્યો. હે કાશ્યપ! તે હું છું. પછી હે કાશ્યપ! મારા કાન પણ વીંધ્યા નહોતા તે વખતે મને કુમારાવસ્થામાં પ્રવ્રજ્યા અને બ્રહ્મચર્ય ગ્રહણ કરવાની ઇચ્છા થઈ. પછી મેં સાત શરીરાન્તર વિષે સંચાર કર્યો. તેમાં પ્રથમ તો રાજગૃહનગરની બહાર મંડિકુક્ષિ નામે ચૈત્યને વિષે મેં કુંડિયાયન ગોત્રીય ઉદાયનના શરીરનો ત્યાગ કરી ઐણેયકના શરીરમાં પ્રવેશ કર્યો અને ત્યાં હું ૨૨ વર્ષ રહ્યો. પછી ઉદ્દંડપુર નગરની બહાર ચંદ્રાવતરણ ચૈત્ય વિષે ઐણેયકના શરીરનો ત્યાગ કરી મલ્લરામના શરીરમાં પ્રવેશ કર્યો, અને તેમાં ૨૧ વર્ષ રહ્યો. પછી ચંપાનગરીની બહાર અંગમંદિર નામે ચૈત્યને વિષે મલ્લરામના શરીરનો ત્યાગ કરી મંડિકના શરીરમાં પ્રવેશ કર્યો, અને ત્યાં ૨૦ વર્ષ રહ્યો. પછી વારાણસી નગરીની બહાર કામ-મહાવન ચૈત્યને વિષે મંડિકના શરીરનો ત્યાગ કરી રોહકના શરીરમાં પ્રવેશ કર્યો, અને ત્યાં ૧૯ વર્ષ રહ્યો. પછી આલભિકા[૧] નગરીની બહાર પ્રામકાલ નામે ચૈત્યને વિષે રોહના શરીરનો ત્યાગ કરી, ભારદ્વાજના શરીરમાં પ્રવેશ કર્યો, અને ત્યાં ૧૮ વર્ષ રહ્યો. પછી વૈશાલી નગરીની બહાર કુંડિયાયન નામે ચૈત્યને વિષે ભારદ્વાજના શરીરનો ત્યાગ કરી, ગૌતમપુત્ર અર્જુનના શરીરમાં પ્રવેશ કર્યો અને ત્યાં ૧૭ વર્ષ રહ્યો. પછી શ્રાવસ્તીમાં હાલાહલા કુંભારણના હાટ વિષે ગૌતમપુત્ર અર્જુનના શરીરનો ત્યાગ કરી, મંખલિપુત્ર ગોશાલકનું શરીર સમર્થ, સ્થિર, ધ્રુવ, ધારણ કરવા યોગ્ય, શીતને સહન

૧. ગંગાના પૂર્વ કિનારા ઉપર, કનોજથી ૧૯ માઈલ દક્ષિણ-પૂર્વે આવેલી હતી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કરનાર, ઉષ્ણને સહન કરનાર, ક્ષુધાને સહન કરનાર, વિવિધ ડાંસ મચ્છર વગેરે પરિષહ અને ઉપસર્ગને સહન કરનાર તથા સ્થિર બાંધાવાળું છે એમ સમજી, મેં તેમાં ૧૬ વર્ષથી પ્રવેશ કર્યો છે.''

આ સાંભળી ભગવાન મહાવીરે કહ્યું, 'હે ગોશાલક ! જેમ કોઈ ચોર ગામના લોકોથી ભાગતો, કોઈ ખાડો, ગુફા કે આડ ન મળવાથી એક મોટા ઊનના તાંતણાથી, શણના તાંતણાથી, કપાસના તાંતણાથી, અને તૃણના અગ્રભાગથી પોતાને ઢાંકવા પ્રયત્ન કરે, અને પોતે નહિ ઢંકાયેલો છતાં પોતાને ઢંકાયેલ માને, તેમ તું અન્ય નહીં છતાં પોતાને અન્ય દેખાડે છે. એમ કરવું તને યોગ્ય નથી. પરંતુ તારી એ જ પ્રકૃતિ છે, બીજી નથી.'

આ સાંભળી ગોશાલક ગુસ્સે થઈ ગાળાગાળી કરવા લાગ્યો અને ધૂમધમાડા પાડવા લાગ્યો. તે બોલ્યો : 'તું આજે નષ્ટ, વિનષ્ટ અને ભ્રષ્ટ થયો લાગે છે; તું આજે હતો-નહતો થઈ જવાનો છે; તને મારાથી સુખ થવાનું નથી.'

આ સાંભળી પૂર્વ દેશમાં ઉત્પન્ન થયેલા, ભગવાનના શિષ્ય સર્વાનુભૂતિ અનગાર ગોશાલકને વારવા લાગ્યા : 'હે ગોશાલક ! કોઈ શ્રમણબ્રાહ્મણ પાસે એક પણ આર્ય વચન સાંભળ્યું હોય તો પણ તેને વંદન અને નમસ્કાર કરવા ઘટે છે; તો ભગવાને તો તને દીક્ષા આપી છે, શિક્ષિત કર્યો છે, અને બહુશ્રુત કર્યો છે; છતાં તેં ભગવાન પ્રત્યે જે અનાર્યપણું આદર્યું છે, તે યોગ્ય નથી. પરંતુ તારી એ જ પ્રકૃતિ છે, બીજી નથી.'

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આ સાંભળી ગોશાલકે ગુસ્સે થઈ પોતાના તપના તેજથી તેમને એક જ પ્રહાર વડે બાળીને ભસ્મ કરી નાખ્યા. તે જ પ્રમાણે તેને સમજાવવા આવેલા ભગવાનના બીજા શિષ્ય અયોધ્યાવાસી સુનક્ષત્રને, પણ તેણે દઝાડી મૂકયા; અને તે પણ આલોચનાદિ કરી, સર્વની ક્ષમા માગી તત્કાળ મરણ પામ્યા. ત્યારે ભગવાન મહાવીરે પણ ગોશાલકને તે જ પ્રમાણે કહ્યું. એટલે ગોશાલકે અત્યંત ગુસ્સે થઈ, તૈજસ સમુદ્‌ઘાત કરી, સાત આઠ પગલાં પાછા ખસી, ભગવાનના વધ માટે શરીરમાંથી તેજોલેશ્યા કાઢી. પણ જેમ કોઈ વંટોળિયો પર્વત, ભીંત કે સ્તૂપને કાંઈ કરી શકતો નથી, તેમ તે તેજોલેશ્યા, ભગવાન વિષે સમર્થ થતી નથી, પણ ગમનાગમન કરે છે, પ્રદક્ષિણા કરે છે, અને ઊંચે આકાશમાં ઊછળી, ત્યાંથી સ્ખલિત થઈ, મંખલિપુત્ર ગોશાલકના શરીરને બાળતી બાળતી તેના શરીરમાં જ પેસી જાય છે. ત્યારે ગોશાલકે કહ્યું, 'હે આયુષ્મન્ કાશ્યપ! મારી તપોજન્ય તેજોલેશ્યાથી પરાભવને પ્રાપ્ત થઈ, તું છ માસને અંતે પિત્તજ્વરના દાહની પીડાથી છદ્મસ્થ અવસ્થામાં જ (કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જિન થયા વિના) મરણ પામીશ.'

ત્યારે ભગવાને તેને કહ્યું, 'હે ગોશાલક! હું તારી તપોજન્ય તેજોલેશ્યાથી પરાભવ પામી છ માસને અંતે મૃત્યુ પામવાનો નથી, પણ બીજાં ૧૬ વર્ષ સુધી જિનતીર્થંકરપણે વિચરીશ; પણ તું પોતે જ તારા તેજથી પરાભવ પામી, સાત રાત્રીને અંતે પિત્તજ્વરથી પીડિત શરીરવાળો થઈને છદ્મસ્થાવસ્થામાં જ મરીશ.'

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પછી શ્રાવસ્તી ગામમાં જ્યાં ત્યાં લોકો વાતો કરે છે કે, હવે આ બેમાંથી કોણ મિથ્યાવાદી છે અને કોણ સત્યવાદી છે તેની પ્રત્યક્ષ પરીક્ષા થશે.

પછી ભગવાન મહાવીરે પોતાના નિર્ગ્રંથોને બોલાવીને કહ્યું કે, જેમ તૃણ, કાષ્ઠ, પાંદડાં વગેરેનો ઢગલો અગ્નિથી સળગી ગયા પછી નષ્ટતેજ થાય, તેમ ગોશાલક મારો વધ કરવા તેજોલેશ્યા કાઢીને નષ્ટતેજ થયો છે. માટે હે આર્યો! હવે તમે ખુશીથી ગોશાલકની સામે તેના મતથી પ્રતિકૂલ વચન કહો, તેના મતથી પ્રતિકૂલપણે વિસ્મૃત અર્થનું તેને સંસ્મરણ કરાવો અને ધર્મ સંબંધી તેનો તિરસ્કાર કરો, તથા અર્થ, હેતુ, પ્રશ્ન, ઉત્તર અને કારણ વડે પૂછેલા પ્રશ્નનો ઉત્તર ન આપી શકે તેમ તેને નિરુત્તર કરો.

આમ થવાથી ગોશાલક વળી વધુ ગુસ્સે થયો, પણ તે નિર્ગ્રંથોના શરીરને કાંઈ ઇજા કરવા શક્તિમાન ન થયો. આથી ઘણા આજીવિક સ્થવિરો ગોશાલકની પાસેથી નીકળી શ્રમણ ભગવંતને આશ્રયે આવ્યા.

ત્યારબાદ ગોશાલક દિશાઓ તરફ લાંબી દૃષ્ટિથી જોતો, ઉષ્ણ નિસાસા નાખતો, દાઢીના વાળ ખેંચતો, ડોકને પાછળથી ખંજવાળતો, ઢગડા ઉપર હાથથી ફડાકા બોલાવતો, હાથ હલાવતો તથા બંને પગ જમીન ઉપર પછાડતો, 'હા હા! હું હણાયો' એમ વિચારી કુંભારણના હાટમાં પાછો આવ્યો, અને દાહની શાંતિ માટે હાથમાં કેરીનો ગોટલો રાખી, મદ્યપાન કરતો, વારંવાર ગાતો, વારંવાર વાચતો, વારંવાર હાલાહલા કુંભારણને અંજલિ કરતો અને માટીના વાસણમાંથી માટી-વાળા ઠંડા પાણી વડે શરીરને સિંચતો વિહરવા લાગ્યો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પછી ભગવાને પોતાના નિર્ગ્રંથોને બોલાવીને કહ્યું કે, ગોશાલકે મારો વધ કરવા જે તેજોલેશ્યા કાઢી હતી, તે, અંગ, વંગ, મગધ, મલય, માલવ, અચ્છ, વત્સ, કૌત્સ, પાટ, લાટ, વજ્જ, મૌલી, કાશી, કોશલ, અબાધ અને સંભુક્તર — એ સોળ દેશનો ઘાત કરવા માટે, વધ કરવા માટે, અને ભસ્મ કરવા માટે સમર્થ હતી. વળી હે આર્યો! ગોશાલક અત્યારે હાથમાં ગોટલો રાખી, નાચવું ગાવું વગેરે જે કર્મો કરે છે, તેમના દોષને ઢાંકવા માટે તે નીચેની આઠ છેકછેલ્લી — ચરમ — વસ્તુઓનો સિદ્ધાંત એમ પ્રતિપ્રાદિત કરે છે કે, એ આઠ વસ્તુઓ ફરી દુનિયામાં બનવાની નથી: ચરમ પાન, ચરમ ગાન, ચરમ નાટચ, ચરમ અંજલિકર્મ, ચરમ પુષ્કલસંવર્ત મહામેઘ, ચરમ સેચનક ગન્ધહસ્તી, ચરમ મહાશિલાકંટક સંગ્રામ અને આ અવસર્પિણીના ચોવીસ તીર્થંકરોમાં ચરમ તીર્થંકર (ગોશાલક પોતે).[૧] વળી તે માટીના પાત્રમાં રહેલા પાણી વડે શરીરને સિંચે છે, તે દોષને ઢાંકવા માટે પણ તે ચાર પાનક, અને ચાર અપાનકનો સિદ્ધાંત પ્રતિપાદિત કરે છે. ચાર પાનક – પીણું – પાણી તે આ

---

૧. આ આઠમાંનો સેચનક હાથી તે તો શ્રેણિક રાજાએ વેહલ્લ કુમારને આપેલો હાથી જ છે, જેને માટે મહાશિલાકંટક સંગ્રામ થયો હતો. (જુઓ આ ખંડમાં તે નામનું પ્રકરણ). ચરમ તીર્થંકર તો ગોશાલક પોતે જ. ચરમ પુષ્કલ સંવર્ત મહામેઘ તે — એ કાળમાં વંટોળિયા સાથે થયેલી અતિવૃષ્ટિના પ્રસંગને માટે હશે. બાકીનાં ચાર કર્મો તો પોતે મહાવીર સાથેના યુદ્ધમાં હાર્યા પછી જે નાટચાદિ કરતો હતો તે જ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે : ગાયના પૃષ્ઠથી પડેલું (મૂતર?), હાથથી મસળેલું,[૧] સૂર્યના તાપથી તપેલું, અને શિલાથી પડેલું. ચાર અપાનક-એટલે કે પીવા માટે નહિ, પણ દાહ શમાવવા માટે સ્પર્શાદિક માટે વાપરવાની શીતલ વસ્તુઓ — તે આ પ્રમાણે છે : પાણીથી ભીનાં કંડાં વાસણ તે સ્થાલપાણી; કેરી, બોર વગેરે મોં વડે ચાવે, પણ તેનો રસ ન પીએ તે ત્વચાપાણી; તેવું જ શીંગોનું પાણી; અને ચોથું શુદ્ધ પાણી — એટલે કે છ માસ સુધી શુદ્ધ ખાદિમ (મેવો વગેરે) આહારને ખાય, તેમાં બે માસ સુધી ભૂમિશય્યા કરે, બે માસ લાકડાની પથારી કરે તથા બે માસ સુધી દાભની પથારી કરે; પછી છ માસની છેલ્લી રાત્રીએ મહા ઋદ્ધિવાળા મણિભદ્ર અને પૂર્ણભદ્ર એ બે દેવ પ્રગટ થાય; તેઓ શીતલ અને ભીના હાથ વડે આપણા શરીરને સ્પર્શ કરે; તેનું જો અનુમોદન કરીએ તો તે આશીવિષરૂપ નીવડે અને ન અનુમોદન કરીએ, તો પોતાના શરીરમાં અગ્નિ ઉત્પન્ન થાય અને પોતાના તેજ વડે શરીરને બાળી નાખે; પછી તે મનુષ્ય બુદ્ધ અને મુક્ત થાય.

હવે તે નગરમાં અયંપુલ નામે આજીવિક મતનો ઉપાસક શ્રાવક રહેતો હતો. તેને અન્ય કોઈ દિવસે કુટુંબ-જાગરણ કરતાં કરતાં મધ્યરાત્રિના સમયે એવો સંકલ્પ થયો કે, 'હલ્લાનો[૨] આકાર કેવો હોય?' પછી એ વસ્તુ પોતાના

---

૧. કુંભાર ઘડો બનાવતાં જે પાણીમાં હાથ બોળી ઘડાને લીસો કરે છે.

૨. કીટવિશેષ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્માચાર્ય ગોશાલકને પૂછવા તે બીજે દિવસે હાલાહલાના હાટમાં આવ્યો. ત્યાં તેણે ગોશાલકને ગોટલો લઈ નાચતો, ગાતો, મદ્યપાન કરતો, હાલાહલાને અંજલિ કરતો, તથા માટીના વાસણના માટીવાળા શીતલ પાણી વડે પોતાના શરીરને છાંટતો જોયો. આ જોઈ તે લજ્જિત થઈ ધીમે ધીમે પાછો ફરવા લાગ્યો; ત્યારે ત્યાં ઊભેલા આજીવિક સ્થવિરોએ તેને બોલાવ્યો અને તેના મનનો વિચાર તેને કહી સંભળાવ્યો; તથા તેને આશ્વાસન આપ્યું કે, ગોશાલક જે કરે છે તે તો આઠ ચરમ વસ્તુઓમાંની છે; માટે લજ્જિત થયા વિના તું ગોશાલક પાસે જઈ તારો પ્રશ્ન પૂછ. આથી અયંપુલ ગોશાલક પાસે ગયો. પેલા આજીવિક સ્થવિરોના સંકેતથી ગોશાલકે હાથમાંનો ગોટલો એક સ્થળે મૂકી દીધો. તથા અયંપુલને કહ્યું, 'હે અયંપુલ તને મધ્યરાત્રીએ હલ્લાનો આકાર મારી પાસે જાણવાની ઇચ્છા થઈ હતી કે? તો જાણ કે, તે વાંસના મૂળ જેવી હોય. વળી તું મારો વ્યવહાર જોઈ લજ્જિત થઈ પાછો જતો હતો, પણ આ મારા હાથમાં છે તે કેરી નથી પણ કેરીની છાલ છે, અને તેનું પીણું નિર્વાણ સમયે પીવા યોગ્ય છે; તે જ પ્રમાણે આ નૃત્યગીતાદિ પણ નિર્વાણ સમયે મારે કરવાની છેલ્લી વસ્તુઓ છે, માટે હે વીરા વીણા વગાડ!'

આ સાંભળી સંતુષ્ટ, તુષ્ટ, તથા આકર્ષિત થઈને અયંપુલ ગોશાલકને બીજા પણ પ્રશ્નો પૂછે છે અને તેમનો અર્થ ગ્રહણ કરી, ગોશાલકને વંદન કરી ચાલ્યો જાય છે.

પછી ગોશાલકે પોતાનું મરણ નજીક જાણી આજીવિક સ્થવિરોને પાસે બોલાવ્યા અને કહ્યું કે, હું મરી જાઉં ત્યાર

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બાદ મને સુગંધી ગંધોદક વડે નવરાવજો; સુગંધી ભગવાં વસ્ત્ર વડે મારી શરીરને લૂછજો; ગોશીર્ષચંદનનો લેપ કરજો; સફેદ મહામૂલ્ય પછેડી પહેરાવજો; સર્વાલંકારથી વિભૂષિત કરજો અને હજાર પુરુષોએ ઊંચકેલ પાલખીમાં મને બેસાડી શ્રાવસ્તીના રાજમાર્ગમાં 'ર૪મા છેલ્લા તીર્થંકર મંખલિપુત્ર ગોશાલક, જિન થયા, સિદ્ધ થયા, મુક્ત થયા અને સર્વ દુઃખથી રહિત થયા,' એ પ્રમાણે ઘોષણા કરતા કરતા મારા શરીરને બહાર કાઢજો.

પરંતુ સાત રાત્રી પૂરી થવા આવતાં ગોશાલકનું મિથ્યાત્વ દૂર થયું અને તેને ખ્યાલ આવ્યો કે, 'હું ખરેખર જિન નથી છતાં જિન કહેવડાવતો ફર્યો છું, મેં શ્રમણોનો ઘાત કર્યો છે અને આચાર્યનો દ્વેષ કર્યો છે. શ્રમણ ભગવાન જ સાચા જિન છે.' આથી તેણે પેલા સ્થવિરોને પાછા બોલાવ્યા અને કહ્યું કે, "હું જિન નથી, પણ જૂઠો જ જિન કહેવરાવતો ફર્યો છું. મહાવીર ભગવાન જ સાચા જિન છે; હું તો શ્રમણઘાતી, અને આચાર્યદ્વેષી છું. માટે મર્યા બાદ મારા ડાબા પગે દોરડું બાંધી તમે ત્રણ વાર મારા મોંમાં થૂંકજો અને પછી શ્રાવસ્તી નગરીના રાજમાર્ગમાં, 'ગોશાલક જિન નથી, મહાવીર જ જિન છે' એમ ઘોષણા કરતા કરતા મારા શરીરને ઢસડજો."

પછી તે આજીવિક સ્થવિરોએ ગોશાલકને મરણ પામેલો જાણી, કુંભારણના હાટનાં બારણાં બંધ કર્યાં અને જમીન ઉપર શ્રાવસ્તી નગરીનું ચિત્ર કાઢી, ગોશાલકના શરીરને, ડાબે પગે દોરડું બાંધીને, ત્રણ વાર મોંમાં થૂંકી ઢસડ્યું અને ધીમો અવાજ કર્યો કે, 'ગોશાલક જિન નથી,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પણ મહાવીર જિન છે.' એમ કરી શપથમાંથી મુક્ત થઈ, તેમણે પછીથી દોરડું છોડી નાખી, હાટનાં બારણાં ઉઘાડી નાખ્યાં, અને પછી ગોશાલકે પહેલાં કહ્યું હતું તેમ મોટી ધામધૂમથી તેના શરીરને બહાર કાઢ્યું.

ત્યાર પછી શ્રમણભગવાન મહાવીર શ્રાવસ્તી નગરીથી નીકળી મેંઢિકગ્રામ નામે નગરની બહાર સાણકોષ્ટક નામે ચૈત્યમાં આવીને ઊતર્યા. ત્યાં મહાવીરને મહાન પીડાકારી પિત્તજ્વરનો દાહ ઊપડ્યો અને લોહીના ઝાડા થવા માંડ્યા. એટલે લોકોને ખાતરી થવા લાગી કે હવે ગોશાલકના કહ્યા પ્રમાણે મહાવીર મૃત્યુ પામશે. તે વખતે ભગવાનના શિષ્ય સિંહ નામે અનગાર થોડે દૂર હાથ ઊંચો રાખી છ ટંકના નિરંતર ઉપવાસરૂપી તપ કરતા હતા. તેમને લોકોનું આમ કહેવું સાંભળી બહુ ઓછું આવ્યું, અને તેમણે રુદન કરવા માંડ્યું. ત્યારે ભગવાન મહાવીરે એ વસ્તુ દૂરથી જાણી લઈ, પોતાના નિર્ગ્રંથોને તેમને બોલાવી લાવવા મોકલ્યા. તે આવ્યા બાદ મહાવીરે આશ્વાસન આપતાં કહ્યું કે, 'હું હમણાં મરણ પામવાનો નથી, પણ ૧૬ વર્ષ જીવવાનો છું. માટે તું મેંઢિક નગરમાં રેવતી ગૃહપત્ની છે, તેને ત્યાં જા. તેણે મારે માટે બે કબૂતર રાંધીને તૈયાર કર્યાં છે. પણ તેને કહેજે કે મારે તેમનું કામ નથી; પરંતુ ગઈ કાલે બિલાડાએ મારેલા કૂકડાનું માંસ તેણે તૈયાર કરેલું છે, તે મારે માટે લઈ આવ.' આ સાંભળી સિંહ રેવતીને ઘેર ગયા, અને મહાવીરના કહ્યા મુજબ તેની પાસે ભિક્ષા માગી. પોતાની ગુપ્ત વાત આમ દૂરથી જાણી લેનારા સાધુ પ્રત્યે તે બહુ ખુશ થઈ, અને તેણે ખુશીથી તે ભિક્ષા આપી. આથી તેને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દેવઆયુષની પ્રાપ્તિ થઈ, તથા 'રેવતીએ જન્મ અને જીવિતવ્યનું ફલ પ્રાપ્ત કર્યું છે' એવી આકાશવાણી થઈ.

પછી મહાવીર ભગવાને તે ભિક્ષાને આસક્તિરહિતપણે, તથા સાપ દરમાં પેસે તેમ (મોંમાં સ્વાદ માટે ભમળાવ્યા વિના) શરીરરૂપી કોઠામાં નાખી. પછી તેમનો તે પીડાકારી રોગ તરત શાંત થયો. આથી દેવ–મનુષ્ય વગેરે સહિત સમગ્ર વિશ્વ અત્યંત સંતુષ્ટ થયું.

ગૌ૦—હે ભગવન્! આપના સર્વાનુભૂતિ અનગાર, જેમને ગોશાલકે બાળી નાખ્યા, તે મરીને ક્યાં ગયા છે?

મ૦—હે ગૌતમ! તે ઊર્ધ્વ લોકમાં ચંદ્ર અને સૂર્યને તથા બ્રહ્મ, લાંતક અને મહાશુક્ર સ્વર્ગોને ઓળંગી સહસ્રાર કલ્પમાં અઢાર સાગરોપમ આયુષ્યવાળા દેવ થયા છે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં તે સિદ્ધ, બુદ્ધ, અને મુક્ત થશે.

ગૌ૦—હે ભગવન્! તે પ્રમાણે ગોશાલકે બાળેલા સુનક્ષત્ર અનગાર ક્યાં ગયા છે?

મ૦—હે ગૌતમ! તે આણત, પ્રાણત અને આરણ કલ્પને ઓળંગી, અચ્યુત દેવલોકમાં ૨૨ સાગરોપમ આયુષ્યવાળા દેવ થયા છે. [બાકી બધું સર્વાનુભૂતિ પ્રમાણે.]

ગૌ૦—હે ભગવન્! આપનો કુશિષ્ય ગોશાલક ક્યાં ગયો છે.

મ૦—હે ગૌતમ! તે પણ અચ્યુતકલ્પમાં ૨૨ સાગરોપમ આયુષ્યવાળો દેવ થયો છે. ત્યાંથી ચ્યવીને તે વિંધ્યાચલની તળેટીમાં પુંડ્ર નામે દેશ વિષે શતદ્વાર નામે નગરમાં સન્મૂર્તિ નામે રાજાની ભદ્રા નામની ભાર્યાની કુક્ષિને વિષે પુત્રરૂપે ઉત્પન્ન થશે. તે વખતે તે નગરમાં અને બહાર બારપ્રમાણ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને અનેક કુંભપ્રમાણ[૧] પદ્મની અને રત્નની વૃષ્ટિ થશે. તેથી તેનાં માતપિતા તેનું નામ મહાપદ્મ રાખશે. તે રાજા થશે ત્યારે તેની તહેનાતમાં રહી પૂર્ણભદ્ર અને મણિભદ્ર એ બે દેવો સેનાકર્મ કરશે, માટે તેનું નામ દેવસેન પણ પડશે. પછી તેને ચાર દાંતવાળું શ્વેત હસ્તિરત્ન પ્રાપ્ત થશે, તેથી તેનું ત્રીજું નામ વિમલવાહન પડશે.

તે રાજા શરૂઆતમાં તો શ્રમણનિર્ગ્રંથો સાથે બહુ વેરબુદ્ધિ રાખશે અને અનાર્યપણું આચરશે; પણ પછી તેના માંડલિક રાજાઓ અને યુવરાજાઓની સલાહથી તેમ કરવું છોડી દેશે. પછી એક વખત શતદ્વાર નગરની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં આવેલા સુભૂમિભાગ નામે ઉદ્યાનથી થોડે દૂર વિમલ નામે તીર્થંકરના પ્રપૌત્ર સુમંગલ નામે અનગાર નિરંતર છ ટંકનો ઉપવાસ કરતા તથા તડકો તપતા વિહરશે. તેમને ત્રણ જ્ઞાન તેમ જ તેજોલેશ્યા પ્રાપ્ત થયેલી હશે. એક વખત વિમલવાહન રાજા રથમાં બેસી ફરવા નીકળ્યો હશે ત્યારે તે સુમંગલને જોશે, અને ગુસ્સે થઈ રથના અગ્ર ભાગની ઠોકરથી તેમને ગબડાવી પાડશે. પરંતુ સુમંગલ તો ધીમે ધીમે ઊઠીને ફરી હાથ ઊંચા કરી તડકો તપવા માંડશે. ત્યારે રાજા તેમને બીજી વાર પાડી નાખશે. ત્યારે સુમંગલ અવધિજ્ઞાન વડે રાજાના પૂર્વ ભવો જોશે અને રાજાને કહેશે કે, 'આજથી ત્રીજા ભવમાં સર્વાનુભૂતિએ, સુનક્ષત્રે, અને

---

૧. વીશ પલ અથવા સો પલનો એક ભાર કહેવાય. અને સાત, એંસી તથા સો આઢક (રા. શેર ?) પ્રમાણ માનને અનુક્રમે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ કુંભ કહે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરે સમર્થ હોવા છતાં તારો અત્યાચાર સહન કર્યો છે, પણ હું તો નહીં સહન કરું; હું તો તને બાળી મૂકીશ.' પણ તે ચેતવણીને ધ્યાનમાં લાવ્યા વિના રાજા તો ત્રીજી વાર પણ રથની ઠોકરથી તેમને પાડી નાખશે. એટલે સુમંગલ તેને રથ અને ઘોડાસહિત બાળી નાખશે. પછી તે સુમંગલ અનેક તપકર્મ કરતા કરતા ઘણાં વરસ સાધુપણું પાળી, અંતે સાઠ ટંકના ઉપવાસ વડે (આલોચના અને પ્રતિક્રમણપૂર્વક સમાધિ પ્રાપ્ત કરીને) મરણ પામી, સૌ ગ્રૈવેયક વિમાનાવાસને ઓળંગી, સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ૩૩ સાગરોપમ આયુષ્યવાળા[૧] થશે, તથા આયુષ્ય પૂરું થયે ત્યાંથી ચ્યવી, મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

આ બાજુ પેલો વિમલવાહન તો નરકની સાતમી[૨] પૃથ્વીમાં લાંબામાં લાંબા આયુષ્યવાળો નારક થશે; ત્યાંથી ચ્યવીને મત્સ્ય થશે; ત્યાંથી ફરી સાતમા નરકમાં નારક થશે. ત્યાંથી ચ્યવીને પણ મત્સ્ય થશે. ત્યાંથી છઠ્ઠી પૃથ્વીમાં નારક થશે. ત્યાંથી ચ્યવીને સ્ત્રી થશે, ત્યાંથી ફરી છઠ્ઠી પૃથ્વીમાં નારક થશે. ત્યાંથી બીજી વાર સ્ત્રી થશે; ત્યાંથી પાંચમીમાં નારક થશે. ત્યાંથી પેટે ચાલનાર (સાપ વગેરે)

---

૧. આ મહાવિમાનમાં વધારેમાં વધારે કે ઓછામાં ઓછું તેટલું જ આયુષ્ય છે. આ પહેલાં બીજાં જે આયુષ્ય જણાવ્યાં છે તે ત્યાં ત્યાં બધાને નથી હોતાં, પણ કેટલાકને હોય છે એમ જાણવું. તે દેવલોકની આયુષ્યસ્થિતિ માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૨૬૬.

૨. સાત નરક પૃથ્વીઓનાં નામ માટે જુઓ આગળ સિદ્ધાંતખંડ લોકવિભાગ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાણીઓમાં ઉત્પન્ન થશે; (તે પ્રમાણે ફરીવાર કર્યા પછી) ચોથી પૃથ્વીમાં નારક થશે; ત્યાંથી સિંહ થશે, (તે પ્રમાણે ફરીવાર કર્યા પછી) ત્યાંથી ત્રીજીમાં, ત્યાંથી પક્ષીઓમાં, (તે પ્રમાણે બીજીવાર કર્યા પછી) બીજીમાં, ત્યાંથી શિકારી પશુઓમાં, (તે પ્રમાણે ફરી કર્યા પછી) પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં; ત્યાંથી સંજ્ઞી પ્રાણીઓમાં ત્યાંથી અસંજ્ઞી પ્રાણીઓમાં; ત્યાંથી ફરી રત્નપ્રભા પૃથ્વીમાં; ત્યાંથી અનેક લાખ વાર ખેચર પ્રાણીઓમાં; ત્યાંથી અનેક લાખ વાર હાથવડે સરનાર ઘો-નોળિયા વગેરેમાં; ત્યાંથી પેટે ચાલનાર સાપ અજગર વગેરેમાં અનેક લાખ વાર; ત્યાંથી ચાર ઇંદ્રિયવાળાંમાં અનેક લાખ વાર; ત્યાંથી ત્રણ ઇંદ્રિયવાળાંમાં અનેક લાખ વાર; ત્યાંથી બે ઇંદ્રિયવાળાંમાં અનેક લાખ વાર; ત્યાંથી વનસ્પતિજીવોમાં અનેક લાખ વાર; ત્યાંથી વાયુકાયમાં અનેક લાખ વાર; ત્યાંથી અગ્નિકાયમાં અનેક લાખ વાર; ત્યાંથી જલકાયમાં અનેક લાખવાર; ત્યાંથી પૃથ્વીકાયમાં[૧] અનેક લાખ-વાર; ત્યાંથી રાજગૃહનગરની બહાર વેશ્યાપણે, ત્યાંથી રાજગૃહ-નગરની અંદર વેશ્યાપણે, ત્યાંથી વિંધ્યાચલ પર્વતની પાસે બિભેલ નામે ગામમાં બ્રાહ્મણ કુળને વિષે પુત્રીપણે, કે જે પરણ્યા અને ગર્ભિણી થયા બાદ પિયેર જતાં દાવાગ્નિમાં

---

૧. એ બધા જલચર, ખેચર વગેરેના પેટાવિભાગો મૂળમાં વર્ણવ્યા છે. તે માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક પા. ૨૬૦. આ બધી યોનિઓમાં, તે, શસ્ત્ર વડે વધ થવાથી દાહની પીડા વડે મરે છે, એમ સમજવું; તેમ જ તે યોનિઓમાં પણ તે હીનમાં હીન કોટીમાં જન્મે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બળી નાશ પામશે; ત્યાંથી દક્ષિણ દિશાના અગ્નિકુમાર દેવોમાં; તથા ત્યાંથી મનુષ્યદેહમાં. પરંતુ ત્યાં તે સમ્યગ્-દર્શન (સાચી શ્રદ્ધા) પામશે. પછી ફક્ત સમ્યગ્દર્શન પામી, સાધુ થઈને તે દીક્ષા લેશે; પણ તેને વિરાધી, તે દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોમાં ઉત્પન્ન થશે. પછી ફરી મનુષ્યજન્મ – દીક્ષા – અને વિરાધનાના ક્રમથી દક્ષિણ નિકાયના નાગકુમાર દેવોમાં; પછી એ જ ક્રમથી સુપર્ણકુમારમાં, વિદ્યુત્કુમારમાં, એમ અગ્નિકુમાર સિવાયના ભવનવાસીઓમાં.[૧] પછી ત્યાંથી નીકળી તે પુનઃ મનુષ્યશરીર પ્રાપ્ત કરશે; ત્યાં શ્રમણપણું વિરાધી જ્યોતિષિક દેવમાં ઉત્પન્ન થશે; ત્યાંથી પુનઃ મનુષ્યશરીર પ્રાપ્ત કરશે; પરંતુ પછી શ્રમણપણું વિરાધ્યા વિના મરણ પામી, તે સૌધર્મ દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને તે મનુષ્યશરીર પ્રાપ્ત કરશે; અને માત્ર સમ્યગ્દર્શનનો અનુભવ કરશે. ત્યાંથી પણ શ્રમણપણું વિરાધ્યા વિના મરણ પામી ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવી મનુષ્યશરીર પ્રાપ્ત કરશે. ત્યાં પણ શ્રમણપણું વિરાધ્યા વિના મરણ પામી સનત્કુમાર દેવલોકમાં ઉત્પન્ન થશે; [સનત્કુમારને વિષે કહ્યું તેમ બ્રહ્મ દેવ-લોક, મહાશુક્ર, આનત અને આરણ દેવલોકને વિષે જાણવું.] ત્યાંથી ચ્યવી મનુષ્ય થઈ, ત્યાં શ્રમણપણાને વિરાધ્યા સિવાય મરણ પામી, તે સર્વાર્થસિદ્ધ મહાવિમાન વિષે દેવપણે ઉત્પન્ન

---

૧. ભવનવાસીના અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુપર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર અને દિક્કુમાર એમ ૧૦ વર્ગો છે. તત્ત્વાર્થ ૪–૧૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

થશે. ત્યાંથી ચ્યવી તે મહાવિદેહ ક્ષેત્રને વિષે ધનિક કુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે; અને પછી તેને ઉત્તમ કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થશે. તેનું નામ તે વખતે દૃઢપ્રતિજ્ઞ હશે. તે પોતાનો અતીત કાળ જોઈને શ્રમણનિર્ગ્રંથોને બોલાવીને કહેશે, 'હે આર્યો! આજથી ઘણા કાળ પહેલાં હું મંખલિપુત્ર ગોશાલક નામે હતો અને શ્રમણોનો ઘાત કરી, છદ્મસ્થાવસ્થામાં મરણ પામ્યો હતો. હે આર્યો! તે નિમિત્તે હું અનાદિ, અનંત અને દીર્ઘમાર્ગવાળી ચાર ગતિરૂપ સંસારાટવીમાં ભમ્યો છું. માટે તમે કોઈ આચાર્યના દ્વેષી ન થશો; ઉપાધ્યાયના દ્વેષી ન થશો; તથા આચાર્ય અને ઉપાધ્યાયના અયશ કરનારા, તેમ જ અકીર્તિ કરનારા ન થશો.

ત્યાર પછી તે શ્રમણનિર્ગ્રંથો દૃઢપ્રતિજ્ઞ કેવલીની એ વાત સાંભળી, ભય પામી, સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ, દૃઢપ્રતિજ્ઞ કેવલીને વંદન કરશે, અને તે પાપસ્થાનકની આલોચના અને નિંદા કરશે.

ત્યાર પછી દૃઢપ્રતિજ્ઞ કેવલી ઘણાં વર્ષ પર્યંત કેવલી-પર્યાયને પાળી પોતાનું આયુષ થોડું બાકી જાણીને, આહાર-ત્યાગ (ભક્તપ્રત્યાખ્યાન કરશે[1]) – અને સર્વ દુઃખોનો અંત લાવશે.

— શતક ૧૫

---

૧. વિગતો માટે જુઓ ઔપપાતિક સૂ. પ. ૯૯–૧ (આંબડ પરિવ્રાજકની કથા).

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતી-સાર

ખંડ ૩ જો

સિદ્ધાંત-ખંડ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧

દ્રવ્યવિભાગ

૧ : દ્રવ્યો

૧

ગૌ૰—હે ભગવન્! દ્રવ્યો કેટલા પ્રકારનાં કહ્યાં છે?

ભ૰—હે ગૌતમ! દ્રવ્યો બે પ્રકારનાં કહ્યાં છે: જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય.

વિવરણ: સતના સ્વરૂપ વિષે ભિન્નભિન્ન દર્શનોના ભિન્ન ભિન્ન મત છે. કોઈ દર્શન સંપૂર્ણ સત્ પદાર્થને (બ્રહ્મને) કેવળ ધ્રુવ–નિત્ય જ માને છે. કોઈ દર્શન સત્ પદાર્થને ક્ષણિક (માત્ર ઉત્પાદવિનાશશીલ) માને છે. કોઈ દર્શન ચેતનતત્ત્વરૂપ સતને તો કેવળ ધ્રુવ (કૂટસ્થ નિત્ય) અને પ્રકૃતિતત્ત્વરૂપ સતને પરિણામી નિત્ય (નિત્યાનિત્ય) માને છે. કોઈ દર્શન અનેક સત્ પદાર્થોમાંથી પરમાણુ, કાળ, આત્મા આદિ કેટલાંક સત્ તત્ત્વોને કૂટસ્થ નિત્ય, અને ઘટ વસ્ત્ર આદિ કેટલાંક સતને માત્ર ઉત્પાદવ્યયશીલ (અનિત્ય) માને છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ જૈન દર્શનનું માનવું છે કે સત્ વસ્તુ માત્ર કૂટસ્થ નિત્ય નથી અથવા માત્ર વિનાશી નથી, કે અમુક ભાગમાં નિત્ય અને અમુક ભાગમાં અનિત્ય નથી. તેને મતે ચેતન અથવા જડ, મૂર્ત અથવા અમૂર્ત, બધી સત્ કહેવાતી વસ્તુઓ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપે ત્રિરૂપ છે. પ્રત્યેક વસ્તુમાં એક અંશ એવો છે કે જે ત્રણે કાળે શાશ્વત છે, અને બીજો અંશ અશાશ્વત છે. તે શાશ્વત અંશના કારણથી પ્રત્યેક વસ્તુ ધ્રૌવ્યાત્મક (સ્થિર) અને અશાશ્વત અંશના કારણથી ઉત્પાદ–વ્યયાત્મક (અસ્થિર) કહેવાય છે.

દ્રવ્યો સત છે એમ કહીએ એનો અર્થ એ થયો કે, તે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ છે. જેમાં ગુણ અને પર્યાય (પરિણામ) હોય, તે દ્રવ્ય કહેવાય છે. પ્રત્યેક દ્રવ્ય પોતાના પરિણામી સ્વભાવના કારણથી સમયે સમયે નિમિત્ત પ્રમાણે ભિન્ન ભિન્ન રૂપમાં પરિણામ પામ્યા કરે છે. દ્રવ્યમાં પરિણામ ઉત્પન્ન કરવાની જે શક્તિ છે, તે જ તેનો 'ગુણ' છે; અને ગુણજન્ય પરિણામ 'પર્યાય' કહેવાય છે. એક દ્રવ્યમાં શક્તિરૂપે અનંત ગુણ છે. તેઓ વસ્તુતઃ આશ્રયભૂત દ્રવ્યથી અથવા પરસ્પર અવિભાજ્ય છે. પ્રત્યેક ગુણ–શક્તિના ભિન્ન ભિન્ન સમયમાં થતા ત્રૈકાલિક પર્યાયો અનંત છે. દ્રવ્ય અને એના અંશરૂપ શક્તિઓ ઉત્પન્ન તથા વિનષ્ટ થતાં ન હોવાને કારણે નિત્ય અર્થાત અનાદિ અનંત છે; પરંતુ બધા પર્યાયો પ્રતિક્ષણ ઉત્પન્ન તથા નષ્ટ થવાના કારણે અનિત્ય અર્થાત્ સાદિ સાંત છે.

ગૌ૦—હે ભગવન્! અજીવદ્રવ્યો, કેટલા પ્રકારનાં કહ્યાં છે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! બે પ્રકારનાં કહ્યાં છે: રૂપી અને અરૂપી.

ગૌ૦—હે ભગવન્! અજીવ દ્રવ્યો સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે?

મ૦—હે ગૌતમ! અનંત છે. કારણકે પરમાણુ પુદ્ગલો અનંત છે, દ્વિપ્રદેશિક સ્કંધો અનંત છે, તથા અનંતપ્રદેશિક-સ્કંધો પણ અનંત છે,

ગૌ૦—હે ભગવન્! જીવદ્રવ્યો સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે?

મ૦—હે ગૌતમ! જીવો અનંત છે. કારણ કે નૈરયિકો અસંખ્ય છે; એમ વાયુકાયિક સુધીના જીવો અસંખ્ય છે; વનસ્પતિકાયિકો અનંત છે; બે ઇંદ્રિયો અને એ પ્રમાણે વૈમાનિકો સુધીના જીવો અસંખ્યાત છે, તથા સિદ્ધો અનંત છે.

ગૌ૦—હે ભગવન્! અજીવદ્રવ્યો જીવદ્રવ્યોના પરિભોગમાં તરત આવે કે જીવદ્રવ્યો અજીવદ્રવ્યોના પરિભોગમાં તરત આવે?

મ૦—હે ગૌતમ! અજીવદ્રવ્યો જીવદ્રવ્યોના પરિભોગમાં તરત આવે, પણ જીવદ્રવ્યો અજીવદ્રવ્યોના પરિભોગમાં તરત આવતાં નથી. કારણકે, જીવદ્રવ્યો અજીવદ્રવ્યોને ગ્રહણ કરે છે, અને ગ્રહણ કરી, તેમને ઔદારિકાદિ પાંચ શરીરરૂપે, શ્રોત્રેંદ્રિયાદિ પાંચ ઇંદ્રિયરૂપે, મનોયોગાદિ ત્રણ યોગરૂપે, તથા શ્વાસોચ્છ્વાસપણે પરિણમાવે છે.

—શતક ૨૫, ઉદ્દે૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨

ગૌ૦—હે ભગવન્ ! પર્યવો કેટલા પ્રકારના છે ?

ભ૦—હે ગૌતમ ! પર્યવો બે પ્રકારના છે. જીવપર્યવો અને અજીવપર્યવો.[૧]

—શતક ૨૫, ઉદ્દે૦ ૫

૩

ગૌ૦—હે ભગવન્ ! દ્રવ્યની અવસ્થાન્તરપ્રાપ્તિરૂપ પરિણામ કેટલા પ્રકારનો છે ?

ભ૦—હે ગૌતમ ! પરિણામ બે પ્રકારનો કહ્યો છે: જીવપરિણામ, અને અજીવપરિણામ.

તેમાં જીવપરિણામ દશ પ્રકારનો છે: (નૈરયિકાદિ) ગતિ, ઇંદ્રિય, કષાય, લેશ્યા, યોગ, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને વેદ.[૨]

અજીવપરિણામ પણ દશ પ્રકારનો છે: બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દ.

બંધપરિણામના બે પ્રકાર છે: સ્નિગ્ધબંધપરિણામ, અને રૂક્ષબંધપરિણામ. તેમાં નિયમ બે છે કે, બે સરખી

---

૧. અહીંથી આગળ પ્રજ્ઞાપના સૂત્રનું સમગ્ર પર્યવપદ અહીં ઉતારવાનું મૂળમાં કહ્યું છે. અહીં પર્યાય એટલે વિશેષ, ધર્મ– એ અર્થ સમજવો.

૨. આ બધા શબ્દોની વ્યાખ્યાઓ વગેરે આ વિભાગમાં જ આગળ આવશે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્નિગ્ધતા (ચીકાશ) વાળા પરમાણુઓનો કે એ સરખી રૂક્ષતા (લૂખાપણા) વાળા પરમાણુઓનો બંધ ન થઈ શકે. પરંતુ વિષમ સ્નિગ્ધતાવાળા એનો કે વિષમરૂક્ષતાવાળા એનો બંધ થઈ શકે. પરંતુ તેમાં પણ નિયમ એ છે કે એ અંશથી માંડીને અનંત અંશ સુધી અધિક સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વવાળા એનો સંબંધ થઈ શકે, પણ એક અંશ અધિક હોય તો ન થાય. તથા જ્યારે સ્નિગ્ધનો રૂક્ષ સાથે સંબંધ થાય, ત્યારે પણ બેગણા સ્નિગ્ધાદિ તથા બેગણા રૂક્ષાદિનો સંબંધ થાય છે.

ગતિપરિણામ બે પ્રકારનો છે: સ્પૃશત્, અને અસ્પૃશત્. બીજી વસ્તુને સ્પર્શ કરતો જે ગતિપરિણામ — જેમ કે તળાવમાં કાંકરીને તીરછી નાખી હોય તો તે પાણીની સપાટીને સ્પર્શ કરતી ચાલી જાય છે — તે સ્પૃશત્ ગતિપરિણામ. અને બીજી કોઈ વસ્તુને સ્પર્શ કર્યા વિનાનો જે ગતિપરિણામ, તે અસ્પૃશત્ ગતિપરિણામ.

સંસ્થાન (આકૃતિ), વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ વિષે માહિતી આગળ પુદ્ગલવિભાગમાં આવવાની છે. અગુરુલઘુ પરિણામ એટલે કે, ન ભારે કે ન હળવું એવો પરિણામ. કર્મદ્રવ્યો, મનોદ્રવ્યો, અને ભાષાદ્રવ્યો અગુરુલઘુ છે. આકાશાદિ અમૂર્ત દ્રવ્યો પણ અગુરુલઘુ છે. ઔદારિક વૈક્રિય, આહારક, અને તૈજસ એ દ્રવ્યો ગુરુલઘુ છે.

— શતક ૧૪, ઉદ્દે૦ ૪

બેદના પાંચ પ્રકાર છે.[1]

---

૧. જુઓ આગળ પા. ૧૩૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨

જીવવિભાગ

૧ : જીવ

૧

રાજગૃહનગરનો પ્રસંગ છે.

ભગવાનનાં દર્શને આવેલી બધી પરિષદ ધર્મકથા સાંભળીને વેરાઈ ગયા બાદ. ગૌતમસ્વામી ભગવાનને જઈને પ્રશ્ન પૂછે છે :

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, હિંસાદિ પાપકર્મોમાં વર્તતા પ્રાણીનો જીવ અન્ય છે, અને જીવાત્મા તેથી અન્ય છે; તે જ પ્રમાણે હિંસાદિના ત્યાગમાં વર્તતો જીવ અન્ય છે, અને જીવાત્મા તેથી અન્ય છે; ઔત્પત્તિકી (સ્વાભાવિક ઉત્પન્ન થયેલી), વૈનયિકી (શાસ્ત્રાદિ દ્વારા થયેલી), કાર્મિકી (કર્મ દ્વારા થયેલી) અને પારિણામિકી (લાંબા કાળના અભ્યાસથી થયેલી) બુદ્ધિમાં વર્તમાન પ્રાણીનો જીવ અન્ય છે, અને જીવાત્મા તેથી અન્ય છે;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્થાન, પરાક્રમાદિમાં વર્તતો જીવ અન્ય છે, અને જીવાત્મા તેથી અન્ય છે; દેવમનુષ્યાદિપણામાં વર્તમાન જીવ અન્ય છે, અને જીવાત્મા તેથી અન્ય છે; જ્ઞાનાવરણીયાદિ કર્મમાં વર્તમાન જીવ અન્ય છે, અને જીવાત્મા તેથી અન્ય છે; કૃષ્ણાદિ લેશ્યામાં, સમ્યગ્દર્શનમાં, મિથ્યાદર્શનમાં, મતિઆદિ જ્ઞાન – અજ્ઞાનમાં, આહારાદિ સંજ્ઞાઓમાં,[૧] ઔદારિકાદિ શરીરોમાં, મન – વાણી – કાયાના યોગમાં, તથા સાકારાદિ ઉપયોગમાં[૨] વર્તમાન જીવ અન્ય છે, અને જીવાત્મા તેથી અન્ય છે. તો હે ભગવન્! તે કેમ સત્ય હોય?

મ૦—હે ગૌતમ! તેમનું તે કહેવું મિથ્યા છે. હું તો આ પ્રમાણે કહું છું કે, એ હસાદિમાં વર્તમાન પ્રાણીનો તે જ જીવ છે અને તે જ જીવાત્મા છે.[૩]

—શતક ૧૭, ઉદ્દે૦ ૨

૨

રાજગૃહનગરનો પ્રસંગ છે :

ગૌ૦—હે ભગવન્! ગોશાલકના શિષ્ય આજીવિકાએ

૧. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, વિશેષ બોધ (લોક), અને સામાન્ય બોધ (ઓઘ) એમ દશ સંજ્ઞાઓ છે.

૨. વિશેષ જ્ઞાન અને સામાન્ય જ્ઞાન અનુક્રમે સાકાર અને નિરાકાર ઉપયોગ કહેવાય છે.

૩. સાંખ્યદર્શન ચિત્ત અને અહંકારના ધર્મોથી અલિપ્ત એવો પુરુષ ભિન્ન માને છે; અને વેદાંતદર્શન કર્તા – ભોક્તા જીવથી કૂટસ્થ કે બ્રહ્મને અન્ય માને છે. જૈનદર્શન તેવો ભેદ નથી પાડતું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થવિર[1] ભગવંતોને એમ પૂછ્યું હતું : શ્રમણના ઉપાશ્રયમાં સામાયિક સ્વીકારીને (અહંમમત્વ ત્યાગીને) બેઠેલા શ્રાવકનાં વસ્ત્રાદિ કોઈ હરી જાય; તો હે ભગવન્! સામાયિક પૂરું કરી, તે વસ્તુનું અન્વેષણ કરતો તે શ્રાવક શું પોતાની વસ્તુને શોધે છે કે અન્યની?

મ૦—હે ગૌતમ! તે શ્રાવક પોતાની વસ્તુ શોધે છે, પણ અન્યની વસ્તુ નથી શોધતો. કારણકે સામાયિક કરતી વખતે જો કે તે શ્રાવકના મનમાં એવો ભાવ હોય છે કે, 'મારે હિરણ્ય નથી, મારે સુવર્ણ નથી, મારે વસ્ત્ર નથી, મારે વિપુલ ધન, રત્ન, મણિ, મોતી, રત્ન આદિ સારભૂત દ્રવ્ય નથી.' પરંતુ તેણે મમત્વભાવ ત્યાગ્યો નથી, તેથી હે ગૌતમ! એમ કહેવાય છે કે, તે પોતાની વસ્તુને શોધે છે, પણ પારકાની વસ્તુને શોધતો નથી.

તે જ પ્રમાણે સામાયિક કરતા શ્રમણોપાસકની સ્ત્રીને કોઈ પુરુષ સેવે, તો તે તેની સ્ત્રીને સેવે છે, પણ અન્યની સ્ત્રીને નહીં.

—શતક ૮, ઉદ્દે૦ ૫

૩

ગૌ૦—હે ભગવન્! ખરેખર હાથી અને કુંથવો એ એનો જીવ સમાન છે?

મ૦—હા ગૌતમ! હાથી અને કુંથવાનો જીવ સમાન છે. જેમ કોઈ પુરુષ એક દીપકને મોટા ઓરડામાં મૂકે

---

૧. ઉમર, જ્ઞાન, દીક્ષાનો સમય વિગેરે બાબતમાં વડીલ સાધુ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તો તેનો પ્રકાશ તે ઓરડા જેટલો થાય છે; વાંસના ટોપલા નીચે મૂકે તો ટોપલા જેટલો થાય છે; તથા નાના કૂંડા નીચે મૂકે તો કૂંડા જેટલો થાય છે; તેમ જીવે જ પોતાનાં કર્મો વડે નાનું અથવા મોટું જે શરીર પ્રાપ્ત કર્યું હોય છે, તે આખા શરીરને જીવ પોતાના પ્રદેશોથી સચિત્ત કરી દે છે.

શતક ૭, ઉદ્દે૦ ૮

૪

ગૌ૦—હે ભગવન્! જીવો સ્વતઃ પ્રવૃત્તિશીલ (આત્મારંભ)[૧] છે, પરતઃપ્રવૃત્તિશીલ (પરારંભ) છે, ઉભયતઃ પ્રવૃત્તિશીલ (ઉભયારંભ) છે, કે ઉભયતઃ અપ્રવૃત્તિશીલ (અનારંભ) છે?

મ૦—હે ગૌતમ! જીવો બે પ્રકારના છે: સંસાર-સમાપન્નક (સંસારી) અને અસંસારસમાપન્નક (મુક્ત). તેમાં જે અસંસારસમાપન્નક જીવો છે, તેઓ આત્મારંભ, પરારંભ કે ઉભયારંભ નથી; પરંતુ અનારંભ છે. તથા જે સંસાર-સમાપન્નક જીવો છે, તે સંયત અને અસંયત એમ બે પ્રકારના છે. તેમાં જે સંયતો છે, તે બે પ્રકારના છે: પ્રમત્તસંયત, અને અપ્રમત્તસંયત. તેમાં જે અપ્રમત્તસંયત છે, તેઓ આત્મારંભ, પરારંભ કે ઉભયારંભ નથી; પણ અનારંભ છે. પરંતુ જે પ્રમત્તસંયતો છે, તે જ્યારે કાળજીપૂર્વક પ્રવૃત્તિ કરે છે, ત્યારે તો અનારંભ જ છે; પરંતુ કાળજી વિના પ્રવૃત્તિ કરે છે, ત્યારે આત્મારંભ, પરારંભ કે ઉભયારંભ છે, પણ અનારંભ નથી.

૧. આરંભ એટલે આશ્રવદ્વારે પ્રવૃત્તિ કરવી તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જે અસંયતો[1] છે તેઓ અવિરતિની અપેક્ષાએ આત્મારંભ પણ છે, પરારંભ પણ છે અને ઉભયારંભ પણ છે, પરંતુ અનારંભ નથી.

—શતક ૧. ઉદ્દે૦ ૧

૫

ગ૦—હે ભગવન્! જીવો સ્વયંકૃત કર્મને વેદે છે?

મ૦—હે ગૌતમ! 'કર્મ કરનારો જ કર્મને વેદે છે, બીજાએ કરેલું કર્મ બીજાથી વેદાતું નથી; તેમ જ કરેલ કર્મનો ભોગવ્યા વિના છુટકારો નથી, તો પણ' કર્મને બાંધ્યા પછી તરત જ કે સામટું તે બધું જ વેદતો નથી; પરંતુ તેનો જે ભાગ ફલોન્મુખ થયો હોય, તેટલો જ વેદે છે; અન્ય નહિ.

— શતક ૧, ઉદ્દે૦ ૨

૬

ગૌ૦—હે ભગવન્! જીવો વીર્યવાળા છે કે વીર્ય વિનાના છે.

---

૧. અસંયત એટલે જેમણે સંયમ સ્વીકાર્યો નથી તેવા. હવે સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવોની પ્રવૃત્તિ બુદ્ધિપૂર્વક ન હોવાથી તેઓ અસંયત જ છે; પરંતુ તેમને એમ ને એમ તો આત્મારંભી ન કહેવાય; કારણ કે તેઓ ભલે શુભ કે અશુભ કાંઈ જ કરતા નથી. છતાં જ્યાંસુધી તે જીવોએ વિરતિ સ્વીકારી નથી, ત્યાં સુધી તેઓ મૂઢ દશામાં પણ જે કાંઈ કરે છે, તે તેમનો આત્મારંભ જ ગણાય છે. આ વિષયની વધુ ચર્ચા માટે જુઓ આ માળાનું 'સંયમધર્મ' પુસ્તક પા. ૨૧૨–૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! જીવો વીર્યવાળા પણ છે અને વીર્ય વિનાના પણ છે.

ગૌ૦—હે ભગવન્! તેનું શું કારણ?

મ૦—હે ગૌતમ! જીવો બે પ્રકારના છે: સંસારી, અને મુક્ત (સિદ્ધ). તેમાં મુક્ત જીવો તો વીર્યરહિત છે. સંસારી જીવો બે પ્રકારના છે: શુક્લધ્યાનથી શૈલ જેવી નિશ્ચલ (શૈલેશી) દશામાં સ્થિત થયેલા; અને તેવી દશા વિનાના. તેમાં જેઓ શૈલેશી દશામાં સ્થિત છે, તેઓમાં સત્તા રૂપે તો વીર્ય (લબ્ધિવીર્ય) છે; પરંતુ ક્રિયા કરતું વીર્ય (કરણવીર્ય) નથી; પણ શૈલેશી દશામાં સ્થિત નહિ એવા જીવોમાં સત્તારૂપે વીર્ય તો હોય છે; પણ ક્રિયા કરતું વીર્ય હોય પણ ખરું અને ન પણ હોય. [એટલે કે જ્યારે તેઓ ઉત્થાનાદિ ક્રિયાવાળા હોય ત્યારે તેઓ સવીર્ય છે, અને ઉત્થાનાદિ ક્રિયા વિનાના હોય ત્યારે અવીર્ય છે. વળી અપર્યાપ્તાદિ[1] અવસ્થા વખતે પણ તેઓ અવીર્ય જ હોય છે].

—શતક ૧, ઉદ્દે૦ ૮

૨: જીવનાં જ્ઞાન

૧

ગૌ૦—હે ભગવન્! જ્ઞાન ઐહભવિક (આ ભવમાં જ રહેનારું) છે? પારભવિક (ચાલતા ભવમાં ભણાયેલું બીજા

---

૧. પોતાની યોનિને યોગ્ય શરીર, ઇંદ્રિયાદિ પર્યાપ્તિઓ હજુ પ્રાપ્ત ન કરી હોય તે અવસ્થામાં.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભવમાં સાથે જાય તેવું) છે ? કે તદુભયભવિક (ચાલતા ભવમાં ભણાયેલું પરભવમાં તથા પરતર ભવમાં જાય તેવું) છે ?

મ૦—હે ગૌતમ ! જ્ઞાન ઐહભવિક પણ છે, પારભવિક પણ છે અને તદુભયભવિક પણ છે. દર્શન પણ એ જ પ્રમાણે જાણવું.

ગૌ૦—હે ભગવન્ ! ચારિત્ર ઐહભવિક છે, પારભવિક છે કે તદુભયભવિક છે ?

મ૦—હે ગૌતમ ! ચારિત્ર ઐહભવિક છે, પણ પારભવિક કે તદુભયભવિક નથી. એ પ્રમાણે તપ અને સંયમ પણ જાણવાં.

[જીવ આ ભવમાં ચારિત્રવાળો થઈને એ જ ચારિત્ર વડે બીજા ભવમાં ચારિત્રવાળો થતો નથી. કારણ કે, ગ્રહણ કરેલું ચારિત્ર જીવતાં સુધી જ હોય છે. વળી અહીં અલ્પાંશે ચારિત્ર પાળવાથી દેવલોકમાં ઉત્પત્તિ થાય, ત્યારે ત્યાં વિરતિનો તદ્દન અસંભવ હોવાથી ચારિત્રનો પણ અભાવ છે; તેમ જ સંપૂર્ણ ચારિત્ર પાળવાથી મોક્ષગતિ જ થઈ હોય, ત્યારે તે ગતિમાં ચારિત્રનો અસંભવ છે; કારણ કે ચારિત્રનો અંગીકાર કર્મના ક્ષય સારુ છે; મોક્ષમાં ચારિત્રનું કાંઈ પ્રયોજન નથી.—ટીકા]

—શતક ૧, ઉદ્દે૦ ૧

૨

ગૌ૦—હે ભગવન્ ! જ્ઞાન કેટલા પ્રકારે કહ્યું છે ?

મ૦—હે ગૌતમ ! જ્ઞાન પાંચ પ્રકારે કહ્યું છે : આભિનિબોધિક જ્ઞાન (અર્થાત્ ઇંદ્રિય-મનથી થતું યથાર્થ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને નિશ્ચિત જ્ઞાન); શ્રુતજ્ઞાન (અર્થાત્ ઇંદ્રિય અને મનથી શ્રુત-શાસ્ત્ર-ગ્રંથાનુસારે થતું જ્ઞાન); અવધિજ્ઞાન (અર્થાત્ ઇંદ્રિય-મનની સહાયતા વિના આત્માની વિશિષ્ટ યોગ્યતાથી થતું સર્વ મૂર્ત દ્રવ્યોનું પ્રત્યક્ષ જ્ઞાન); મનઃપર્યવજ્ઞાન (અર્થાત્ મનોદ્રવ્યના આકારવિશેષનું જ્ઞાન — એટલે કે બીજાના મનનું જ્ઞાન); અને કેવલજ્ઞાન (અર્થાત્ સર્વ દ્રવ્ય-પર્યાયનું સંપૂર્ણ જ્ઞાન).

ગૌ૦—હે ભગવન્! આભિનિબોધિક જ્ઞાન કેટલા પ્રકારનું છે?

ભ૦—હે ગૌતમ! આભિનિબોધિક જ્ઞાનના ચાર ભેદો છે: અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા.

[વિવરણઃ ૧. નામ-જાતિ આદિની વિશેષ કલ્પનાથી રહિત, માત્ર જે સામાન્યનું જ્ઞાન તે અવગ્રહ કહેવાય. જેમ કે, ગાઢ અંધકારમાં કાંઇક સ્પર્શ થતાં, 'આ કાંઇક છે,' એવું જ્ઞાન.

૨. અવગ્રહથી ગ્રહણ કરેલા સામાન્ય વિષયનો વિશેષરૂપે નિશ્ચય કરવા માટે જે વિચારણા થાય છે, તે ઈહા. જેમકે, 'આ દોરડાનો સ્પર્શ છે કે સાપનો?' એવો સંશય થતાં એવી વિચારણા થાય છે કે, 'આ દોરડાનો સ્પર્શ હોવો જોઈએ; સાપ હોત તો ફૂંફાડો મારત.'

૩. ઈહા દ્વારા ગ્રહણ કરેલા વિશેષનો કાંઇક અધિક એકાગ્રતાથી જે નિશ્ચય થાય છે, તે અવાય. જેમકે, થોડોક સમય તપાસ કર્યા પછી એવો નિશ્ચય થાય કે, 'આ સાપનો સ્પર્શ નથી, દોરડાનો જ છે.'

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪. અવાયરૂપ નિશ્ચય, કેટલાક સમય સુધી કાયમ રહ્યા બાદ, મન બીજા વિષયોમાં ચાલ્યું જતાં લુપ્ત થઈ જાય છે; પણ તે પાછળ એવો સંસ્કાર મૂકતો જાય છે કે જેથી યોગ્ય નિમિત્ત મળતાં એ નિશ્ચિત વિષયનું પુનઃ સ્મરણ થઈ આવે છે. આ નિશ્ચયની સતત ધારા, તજ્જન્ય સંસ્કાર અને સંસ્કારજન્ય સ્મરણ એ બધા વ્યાપારો ધારણા કહેવાય છે.]

ગૌ૦—હે ભગવન્! અવગ્રહ કેટલા પ્રકારનો છે?

ભ૦—હે ગૌતમ! અવગ્રહ બે પ્રકારનો છે: વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ.

વિવરણ: બધી ઇંદ્રિયો અને મનનો સ્વભાવ એક-સરખો નથી; તેથી તેમના દ્વારા થનારી જ્ઞાનધારાના આવિર્ભાવનો ક્રમ પણ સરખો નથી. એ ક્રમ બે પ્રકારનો છે: મંદક્રમ અને પટુક્રમ.

મંદક્રમમાં ગ્રાહ્ય વિષયની સાથે તે તે વિષયની ગ્રાહક ઇંદ્રિયનો સંયોગ (વ્યંજન) થતાં જ જ્ઞાનનો આવિર્ભાવ થાય છે, પણ તેની માત્રા એટલી અલ્પ હોય છે કે, તેથી 'આ કાંઇક છે' એવો સામાન્ય બોધ પણ થતો નથી. પણ જેમ જેમ વિષય અને ઇંદ્રિયનો સંયોગ પુષ્ટ થતો જાય છે, તેમ તેમ જ્ઞાનની માત્રા પણ વધતી જાય છે; અને અંતે એનાથી 'આ કાંઇક છે' એવો વિષયનો સામાન્ય બોધ 'અર્થાવગ્રહ' થાય છે. આ અર્થાવગ્રહનો પૂર્વવર્તી બધો વ્યાપાર 'વ્યંજનાવગ્રહ' કહેવાય છે. મંદક્રમિક જ્ઞાનધારામાં વ્યંજનાવગ્રહને સ્થાન છે; પરંતુ પટુક્રમિકમાં નથી. કારણ કે તેમાં તો ઇંદ્રિય અને અર્થનું યોગ્ય સ્થળમાં સંનિધાન થતાં તરત જ અર્થાવગ્રહ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

— તેનું સામાન્યરૂપે જ્ઞાન — થઈ જાય છે. છ ઇંદ્રિયોમાંથી નેત્ર અને મન વડે વ્યંજનાવગ્રહ નથી થતો; કારણ કે એ બંને વિષય સાથે સંયોગ વિના જ માત્ર યોગ્ય સંનિધાનથી પોતપોતાના ગ્રાહ્ય વિષયોને જાણે છે; તેથી તે બેને 'અપ્રાપ્યકારી' કહે છે; અને તેમનાથી થતી જ્ઞાનધારાને પટુક્રમિક કહે છે. પરંતુ કર્ણ, જિહ્વા, ઘ્રાણ અને સ્પર્શન એ ચાર ઇંદ્રિય મંદક્રમિક જ્ઞાનધારાનું કારણ છે; કેમ કે એ ચારે પ્રાપ્યકારી, અર્થાત્ ગ્રાહ્ય વિષય સાથે સંયુક્ત થઈને જ એને ગ્રહણ કરે છે. જ્યાં સુધી શબ્દ, સાકર, પુષ્પકણ વગેરે કાન, જીભ, નાક વગેરેને અડકે નહીં ત્યાં સુધી તેની ખબર પડતી નથી.

શ્રુતજ્ઞાનના અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એવા બે પ્રકાર છે. તીર્થંકરો દ્વારા પ્રકાશિત જે જ્ઞાનને એમના સાક્ષાત્ શિષ્ય ગણધરોએ ગ્રહણ કરી દ્વાદશ અંગરૂપે સૂત્રબદ્ધ કર્યું, તે અંગપ્રવિષ્ટ; અને દ્વાદશાંગીમાંથી ભિન્ન ભિન્ન વિષયો ઉપર ગણધરો પછીના શુદ્ધબુદ્ધિ આચાર્યોએ જે શાસ્ત્રો રચ્યાં, તે અંગબાહ્ય.

અવધિજ્ઞાનના બે પ્રકાર છે: ભવપ્રત્યય, અને ગુણ-પ્રત્યય. જે અવધિજ્ઞાન જન્મતાંની સાથે જ પ્રગટ થાય છે (નારક અને દેવોને) તે ભવપ્રત્યય; અને જે જન્મસિદ્ધ નથી, પરંતુ જન્મ લીધા બાદ વ્રતં, નિયમ આદિ ગુણોના અનુષ્ઠાનના બળથી પ્રગટ થાય છે, તે ગુણપ્રત્યય કહેવાય છે.

મનઃપર્યવજ્ઞાનના ઋજુમતિ અને વિપુલમતિ એવા બે ભેદ છે: વિષયને સામાન્યરૂપે જાણનારું તે ઋજુમતિ, અને વિશેષરૂપથી જાણનારું તે વિપુલમતિ. મનવાળાં સંજ્ઞી

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાણીઓ કોઈ પણ વસ્તુનું ચિંતન મનથી કરે છે, તે સમયે ચિંતનીય વસ્તુના ભેદ પ્રમાણે તે મન પણ ભિન્ન ભિન્ન આકૃતિઓને ધારણ કરે છે. એ આકૃતિઓ જ મનના પર્યાય છે. અને એ માનસિક આકૃતિઓને સાક્ષાત્ જાણવાવાળું જ્ઞાન મનઃપર્યાયજ્ઞાન છે. પછી તે આકૃતિઓ ઉપરથી અનુમાન દ્વારા તેમના વડે ચિંતવાતી વસ્તુઓને જાણી શકાય છે. મનઃપર્યવજ્ઞાન દ્વારા, મનરૂપ બનેલાં પુદ્ગલ અને તે પણ મનુષ્યક્ષેત્રની અંદરનાં જ, ગ્રહણ કરી શકાય છે.

મતિ આદિ ચારે જ્ઞાન ગમે તેટલાં શુદ્ધ હોય, પણ તે ચેતનાશક્તિના અપૂર્ણ વિકાસરૂપે હોવાથી એક પણ વસ્તુના સમગ્ર ભાવોને જાણવામાં અસમર્થ હોય છે. જે જ્ઞાન કોઈ એક વસ્તુના સંપૂર્ણ ભાવોને જાણી શકે તે બધી વસ્તુઓના સંપૂર્ણ ભાવોને પણ જાણી શકે, અને એ જ જ્ઞાન પૂર્ણ કહેવાય છે. એ જ કેવળજ્ઞાન છે. એ જ્ઞાન ચેતનાશક્તિના સંપૂર્ણ વિકાસ વખતે પ્રગટ થાય છે; તેથી એના અપૂર્ણતા-જન્ય ભેદપ્રભેદ થતા નથી. કોઈ પણ એવી વસ્તુ નથી. અથવા એક પણ એવો ભાવ નથી કે જે એની દ્વારા પ્રત્યક્ષ જાણી ન શકાય.

કોઈ આત્મામાં એક વખતે એક, કેટલાકમાં બે, કેટલાકમાં ત્રણ અને કેટલાકમાં એક સાથે ચાર સુધી જ્ઞાનો સંભવે છે; પરંતુ પાંચે જ્ઞાન એકી સાથે કોઈમાં હોતાં નથી. જ્યારે એક હોય, ત્યારે કેવળજ્ઞાન સમજવું જોઈએ; કેમકે કેવળજ્ઞાન પરિપૂર્ણ હોવાથી એ સમયે અન્ય અપૂર્ણ જ્ઞાનોનો સંભવ જ નથી. જ્યારે બે જ્ઞાન હોય, ત્યારે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય; કેમકે પાંચ જ્ઞાનમાંથી નિયત સહચારી એ બે જ્ઞાન જ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે; બાકીનાં ત્રણ એક બીજાને છોડીને પણ હોઈ શકે છે. જ્યારે ત્રણ જ્ઞાન હોય ત્યારે મતિ, શ્રુત અને અવધિ હોય; અથવા મતિ, શ્રુત અને મનઃપર્યય હોય; કેમકે ત્રણ જ્ઞાનનો સંભવ અપૂર્ણ અવસ્થામાં જ હોય છે; અને એવે સમયે અવધિજ્ઞાન હોય કે મનઃપર્યાય હોય, પરંતુ મતિ અને શ્રુત એ બે અવશ્ય હોય છે જ. જ્યારે ચાર જ્ઞાન હોય છે, ત્યારે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યાય હોય છે; કેમકે એ ચારે અપૂર્ણાવસ્થામાં થતાં હોવાથી એકી સાથે હોઈ શકે છે.

આ બધું શક્તિની અપેક્ષાએ સમજવું, પ્રવૃત્તિની અપેક્ષાએ નહીં; અર્થાત્ એકીસાથે આત્મામાં વધારેમાં વધારે ચાર જ્ઞાનશક્તિઓ હોવા છતાં એક સમયમાં કોઈ એક જ શક્તિ પોતાનું જાણવાનું કામ કરે છે; અન્ય શક્તિઓ નિષ્ક્રિય રહે છે.

[મતિ, શ્રુત આદિ પાંચે જ્ઞાન ચેતનાશક્તિના પર્યાય છે. એમનું કાર્ય પોતાના વિષયને પ્રકાશિત કરવો એ છે. તેથી એ બધાં જ્ઞાન કહેવાય છે; પરંતુ એમાંથી પહેલાં ત્રણ, જ્ઞાન તેમ જ અજ્ઞાન એમ બન્ને રૂપે હોય છે : જેમ કે મતિજ્ઞાન, મતિઅજ્ઞાન; શ્રુતજ્ઞાન, શ્રુતઅજ્ઞાન; અને અવધિજ્ઞાન તથા અવધિઅજ્ઞાન કે વિભંગજ્ઞાન. જે પુરુષ મિથ્યાદૃષ્ટ છે, તેનાં મતિ, શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાન અજ્ઞાન રૂપ જ છે; જ્યારે સમ્યગ્દૃષ્ટિનાં ઉક્ત ત્રણે જ્ઞાન જ્ઞાનરૂપ છે. મોક્ષાભિમુખ આત્માઓ પોતાના જ્ઞાનનો ઉપયોગ સમભાવની પુષ્ટિમાં કરે છે, સાંસારિક વાસનાની પુષ્ટિમાં નહીં; તેથી તેમનું જ્ઞાન ગમે તેટલું અલ્પ હોય તો પણ તે જ્ઞાન છે; તેથી ઊલટું સાંસારાભિમુખ આત્માઓનું જ્ઞાન ગમે તેટલું વિશાળ અને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પષ્ટ હોવા છતાં સાંસારિક વાસનાનું પોષક હોવાથી અજ્ઞાન કહેવાય છે.]

ગૌ૦—હે ભગવન્! અજ્ઞાન કેટલા પ્રકારનું છે?

મ૦—હે ગૌતમ! અજ્ઞાન ત્રણ પ્રકારનું છે: મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન.

ગૌ૦—હે ભગવન્! મતિઅજ્ઞાન કેટલા પ્રકારનું છે?

મ૦—હે ગૌતમ! મતિઅજ્ઞાન (મતિજ્ઞાનના અવગ્રહથી માંડીને ધારણા સુધીના ચાર પ્રકારો અનુસાર) ચાર પ્રકારનું છે.

ગૌ૦—હે ભગવન્! શ્રુતઅજ્ઞાન કેટલા પ્રકારનું છે?

મ૦—હે ગૌતમ! અજ્ઞાની તથા મિથ્યાદૃષ્ટિ પુરુષોએ પોતાનાં છંદ, બુદ્ધિ અને મતિ અનુસાર કલ્પી કાઢેલું ભારત, રામાયણ, વગેરેથી માંડીને સાંગોપાંગ ચાર વેદ વગેરે[1] બધું શ્રુતઅજ્ઞાન છે.

ગૌ૦—હે ભગવન્! વિભંગજ્ઞાન કેવા પ્રકારનું છે?

મ૦—હે ગૌતમ! વિભંગજ્ઞાન અનેક પ્રકારનું કહ્યું છે. તે જેમકે ગ્રામને આકારે (ગ્રામમાત્ર વિષય હોવાથી), નગર

---

૧. વિગતો માટે જુઓ નંદીસૂત્ર મિથ્યાશ્રુતાધિકાર સૂ. ૪૨. તેમાં તે ઉપરાંત ભીમાસુર-ગ્રંથ, કૌટિલ્યનો ગ્રંથ, શકટભદ્રિકા (એક લૌકિક શાસ્ત્ર), અશ્વશાસ્ત્ર, કપાસશાસ્ત્ર, નાગસૂક્ષ્મ (એક લૌકિક શાસ્ત્ર), સુવર્ણશાસ્ત્ર, વૈશેષિક, બુદ્ધવચન, ત્રૈરાશિક, કાપિલીય, લોકાયત, ષષ્ટીતંત્ર, માઠર, પુરાણ, વ્યાકરણ, ભાગવત, પાતંજલ, તથા લેખ અને ગણિતથી માંડીને શકુનરુત સુધીની ૭૨ કળાઓનો ઉલ્લેખ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

(ભારતાદિક્ષેત્ર)ને આકારે, વર્ષધર પર્વતને આકારે, પર્વતને આકારે, વૃક્ષને આકારે, સ્તૂપને આકારે, ઘોડાને આકારે, હાથીના આકારે, મનુષ્યને આકારે, કિંનરના આકારે, સ્ત્રી-પુરુષના આકારે, મહોરગને આકારે, ગાંધર્વને આકારે,[૧] વૃષભને આકારે, તથા પશુ, પસય (એ ખરીવાળું જંગલી ચોપગું), પક્ષી અને વાનરને આકારે[૨].

ગૌ૦—હે ભગવન્! નારકો જ્ઞાની છે કે અજ્ઞાની?

ભ૦—હે ગૌતમ! નારકો જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. તેમાં જે જ્ઞાની છે, તે અવશ્ય ત્રણ જ્ઞાન વાળા છે: મતિ, શ્રુત અને અવધિ. જે અજ્ઞાની છે, તેમાં કેટલાક બે અજ્ઞાનવાળા છે, અને કેટલાક ત્રણ અજ્ઞાનવાળા છે.[૩] તે પ્રમાણે અસુરકુમારથી સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિક, અપ્કાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક, અને વનસ્પતિકાયિક જીવો જ્ઞાની નથી પણ અજ્ઞાની છે; અને તે અવશ્ય બે અજ્ઞાનવાળા છે: મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન.

બે ઇંદ્રિયથી માંડીને ચાર ઇંદ્રિય સુધીના જીવો મતિ અને

---

૧. કિંનરથી માંડીને ગાંધર્વ સુધીના દેવો વ્યંતર વર્ગના છે, તેમાં યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ ઉમેરતાં કુલ આઠ થાય.

૨. એટલે કે તેનો તેટલો જ માત્ર વિષય છે.

૩. કેમકે કોઈ અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચ નરકમાં ઉત્પન્ન થાય, ત્યારે અપર્યાપ્તાવસ્થામાં તેને વિભંગ નથી હોતું; અને જો મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેંદ્રિય નરકમાં ઉત્પન્ન થાય તો તેઓને અપર્યાપ્તાવસ્થામાં પણ વિભંગ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુત એ બે જ્ઞાનવાળા[1] કે મતિ અને શ્રુત એ બે અજ્ઞાનવાળા પણ હોય છે.

પંચેંદ્રિય તિર્યંચો જ્ઞાની અને અજ્ઞાની બંને છે. જે જ્ઞાની છે, તેમાં કેટલાંક બે જ્ઞાનવાળાં અને કેટલાંક ત્રણ જ્ઞાનવાળાં છે; એવું જ ત્રણ અજ્ઞાનનું પણ જાણવું.

મનુષ્યોને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે. વાનવ્યંતર દેવોને નારકોની પેઠે જાણવું. જ્યોતિષિકો અને વૈમાનિકોને અવશ્ય ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન હોય છે. સિદ્ધો જ્ઞાની છે, પણ અજ્ઞાની નથી; તેઓ અવશ્ય એક કેવળ-જ્ઞાનવાળા છે.

તીર્થંકર જેવા જીવો મનુષ્યગતિમાં જતાં અંતરાલ ગતિએ પણ અવધિજ્ઞાન સહિત હોય છે. જે અજ્ઞાની છે, તે વિભંગજ્ઞાનથી પડ્યા પછી મનુષ્યગતિમાં જાય છે, માટે તેમને બે અજ્ઞાન જ હોય છે. દેવગતિમાં જતાં જ્ઞાની જીવોને અવધિજ્ઞાન[2] દેવાયુષને પ્રથમ સમયે જ ઉત્પન્ન થાય છે; તેથી તેઓને અવશ્ય ત્રણ જ્ઞાન હોય છે. જે અજ્ઞાની છે, તે અસંજ્ઞી થકા દેવગતિમાં ઉત્પન્ન થાય છે; તેઓને અપર્યાપ્તાવસ્થામાં વિભંગજ્ઞાનનો અભાવ હોવાથી બે અજ્ઞાન

---

૧. બે ઇંદ્રિયાદિ જીવોમાં, પૂર્વબદ્ધાયુષ મનુષ્ય કે તિર્યંચ ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ, ઉપશમ-સમ્યક્ત્વને વમતો ઉત્પન્ન થાય, ત્યારે તેને અપર્યાપ્તાવસ્થાએ સાસ્વાદન સમ્યગ્દર્શન હોય છે. તે ઓછામાં ઓછું એક સમય અને વધારેમાં વધારે છ આવલિકા સુધી રહે છે. ત્યાં સુધી તે જ્ઞાની કહેવાય છે. પછી તે મિથ્યાત્વને પ્રાપ્ત થાય ત્યારે અજ્ઞાની કહેવાય છે.

૨. અવધિજ્ઞાન ભવપ્રત્યય હોવાથી અંતરગતિમાં પણ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. જે અજ્ઞાની સંજ્ઞી થકી આવી દેવગતિમાં જાય છે, તેને વિભંગજ્ઞાન અવશ્ય હોવાથી ત્રણ અજ્ઞાન હોય છે. નરકગતિનું પણ તેવું જ જાણવું. તિર્યંચગતિમાં જતા જીવોને બે જ્ઞાન કે બે અજ્ઞાન[૧] હોય છે. સેન્દ્રિય જીવોને વિકલ્પે ચાર જ્ઞાન[૨] અને ત્રણ અજ્ઞાન હોય છે.[૩] અનિન્દ્રિય જીવ (મુક્ત) ને સિદ્ધની પેઠે જાણવા.

સંજ્ઞી જીવો, અને વેદસહિત જીવો સેન્દ્રિય પ્રમાણે જાણવા. સકાયિક જીવોને પાંચ જ્ઞાન[૪] અને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે. સયોગી જીવો સકાયિકની પેઠે જાણવા.[૫] લેશ્યાવાળા જીવોને પણ તેમજ જાણવા.[૬] કૃષ્ણ થી પદ્મ લેશ્યાવાળાને સેન્દ્રિય જેવા તથા શુક્લલેશ્યાવાળાને લેશ્યાવાળા જેવા જાણવા. અલેશ્યને સિદ્ધ જેવા જાણવા.

---

૧. કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવો અવધિજ્ઞાનથી પડયા પછી મતિ-શ્રુતજ્ઞાન સહિત તિર્યંચગતિમાં જાય છે; તેથી તેમને બે જ્ઞાન હોય છે. અને મિથ્યાદૃષ્ટિ જીવો વિભંગજ્ઞાનથી પડયા પછી તિર્યંચગતિમાં જાય છે, માટે તેમને બે અજ્ઞાન હોય છે.

૨. તેઓને કેવલજ્ઞાન નથી હોતું; કારણ કે તે અતીન્દ્રિય જ્ઞાન છે.

૩. જે જ્ઞાની છે તેને જ્ઞાન, અને અજ્ઞાની છે તેને અજ્ઞાન એમ સર્વત્ર સમજવું.

૪. કારણ કે કાય એટલે શરીર, તે તો કેવલીને પણ હોય.

૫. કેમ કે કેવલીને પણ મનોયોગાદિ હોય.

૬. કારણ કે કેવલીને પણ શુક્લલેશ્યા હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સકષાયીને સેંદ્રિય જેવા જાણવા. અકષાયીને પાંચ જ્ઞાન વિકલ્પે જાણવાં. વેદરહિત જીવોને અકષાયીની પેઠે જાણવા.[૧]

આહારક જીવોને સકષાયી જેવા જાણવા, પણ તેમને કેવલજ્ઞાન પણ હોય છે. અનાહારક જીવોને મનઃપર્યવ જ્ઞાન સિવાયનાં ચાર જ્ઞાન[૨] અને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે.

ભવસિદ્ધિક એટલે કે મોક્ષની યોગ્યતાવાળા જીવો વિકલ્પે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનવાળા હોય છે. અભવસિદ્ધિક જીવો જ્ઞાની નથી, પણ વિકલ્પે ત્રણ અજ્ઞાનવાળા હોય છે.

જ્ઞાનનો વિષય દ્રવ્ય — ધર્મસ્તિકાયાદિ દ્રવ્ય — ની અપેક્ષાએ, ક્ષેત્ર — દ્રવ્યોના આધારભૂત આકાશ — ની અપેક્ષાએ, કાલ — દ્રવ્યના પરિણામની અવસ્થિતિ — ની અપેક્ષાએ, અને ભાવ — દ્રવ્યના પર્યાયો — ની અપેક્ષાએ ચાર પ્રકારનો કહેવાય છે.

આભિનિબોધિકજ્ઞાની સામાન્યરૂપે સર્વ દ્રવ્યને સર્વ ક્ષેત્રને, સર્વ કાળને અને સર્વ ભાવોને જાણે અને જુએ છે.

---

૧. કારણ કે, અનિવૃત્તિબાદરાદિ ગુણસ્થાનકે અવેદક હોય છે. ત્યાં છદ્મસ્થને ચાર જ્ઞાન અને કેવલજ્ઞાનીને પાંચમું કેવલજ્ઞાન હોય છે.

૨. વિગ્રહગતિ, કેવલિસમુદ્‌ઘાત, અને અયોગિઅવસ્થામાં જ જીવો અનાહારક હોય. અનાહારકને આદિનાં ત્રણ જ્ઞાન અને અજ્ઞાન વિગ્રહગતિમાં, અને કેવલજ્ઞાનીને એક કેવલજ્ઞાન કેવલિ-સમુદ્‌ઘાત તથા અયોગિઅવસ્થામાં હોય છે. મનઃપર્યવજ્ઞાન આહારકને જ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્યરૂપે એટલે કે દ્રવ્યમાત્રરૂપે જાણે છે, પણ તેમાં રહેલા સર્વ વિષયની અપેક્ષાએ જાણતો નથી.

તેવું જ શ્રુતજ્ઞાનનું પણ જાણવું. અર્થાત્ મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા રૂપી–અરૂપી બધાં દ્રવ્યો જાણી શકાય છે., પરંતુ એના પર્યાય તો કેટલાક જ જાણી શકાય છે, બધા નહિ. શ્રુતજ્ઞાનમાં મનોવ્યાપારની પ્રધાનતા હોવાથી તેમાં વિચારાંશ અધિક અને સ્પષ્ટ હોય છે, તેથી મતિ કરતાં શ્રુતનો વિષય દ્રવ્યના પર્યાયરૂપ ગ્રાહ્યની અપેક્ષાએ વિશેષ છે. જોકે દ્રવ્યરૂપ ગ્રાહ્યની અપેક્ષાએ તો બંનેના વિષયોમાં ન્યૂનાધિકતા નથી.[૧]

અવધિજ્ઞાની દ્રવ્યની અપેક્ષાએ ઓછામાં ઓછું તૈજસ અને ભાષાદ્રવ્યોની વચ્ચેનાં એવાં સૂક્ષ્મ અનંત પુદ્ગલ દ્રવ્યોને જાણે; અને વધારેમાં વધારે બાદર અને સૂક્ષ્મ સર્વ દ્રવ્યોને જાણે, અને અવધિદર્શનથી દેખે. ક્ષેત્રથી અવધિજ્ઞાની ઓછામાં ઓછું આંગળના અસંખ્યાતમા ભાગને અને

---

૧. મતિજ્ઞાનમાં પણ બીજી ઇંદ્રિયો સાથે મનનો વ્યાપાર ગૃહિત છે; અને મન સ્વાનુભૂત તથા શાસ્ત્રશ્રુત બધાં મૂર્ત-અમૂર્ત દ્રવ્યોનું ચિંતન કરે છે. તો પછી મતિ અને શ્રુત વચ્ચે ભેદ શો રહ્યો એ પ્રશ્ન સહેજ થાય છે. તેનો જવાબ એ છે કે, જ્યારે માનસિક ચિંતન શબ્દોલ્લેખ સહિત હોય, ત્યારે શ્રુતજ્ઞાન; અને જ્યારે રહિત હોય ત્યારે મતિજ્ઞાન કહેવાય. 'શબ્દોલ્લેખ' એટલે વ્યવહારકાલમાં શબ્દશક્તિના ગ્રહણથી ઉત્પન્ન થવું તે, છે. અર્થાત્ જેમ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિના સમયે શબ્દ–અર્થના સંકેતનું સ્મરણ અને શ્રુતગ્રંથનું અનુસરણ અપેક્ષિત છે, તેમ ઈહા આદિ મતિજ્ઞાનની ઉત્પત્તિમાં નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વધારમા વધારે શક્તિની અપેક્ષાએ અલોકને વિષે અસંખ્ય લોકપ્રમાણ ખંડને જાણે અને જુએ. કાળથી અવધિજ્ઞાની ઓછામાં ઓછું આવલિકાના અસંખ્યાતમા ભાગને, અને વધારિમાં વધારે અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી જેટલા અતીત અનાગતકાળને જાણે અને જુએ, એટલે કે તેટલા કાળમાં રહેલાં રૂપી દ્રવ્યને જાણે. અવધિજ્ઞાની ફક્ત મૂર્ત દ્રવ્યોનો સાક્ષાત્કાર કરી શકે છે; અમૂર્તોનો નહિ. તેમ જ મૂર્ત દ્રવ્યોના પણ સમગ્ર પર્યાયોને તે જાણી શકતો નથી.

મનઃપર્યાયજ્ઞાન પણ મૂર્ત દ્રવ્યોનો જ સાક્ષાત્કાર કરે છે; પરંતુ અવધિજ્ઞાન જેટલાં દ્રવ્યોનો નહિ. કેમકે, અવધિજ્ઞાન દ્વારા સર્વ પ્રકારનાં પુદ્ગલદ્રવ્ય ગ્રહણ કરી શકાય છે, પરંતુ મનઃપર્યાયજ્ઞાન દ્વારા તો ફક્ત મનરૂપ બનેલાં પુદ્ગલ અને તે પણ માનુષોત્તરક્ષેત્રની અંદરનાં જ ગ્રહણ કરી શકાય છે. મનઃપર્યાયજ્ઞાન પણ ગમે તેટલું શુદ્ધ હોય તોય ગ્રાહ્ય દ્રવ્યોના સંપૂર્ણ પર્યાયોને જાણી શકતું નથી. વળી તે જ્ઞાન દ્વારા સાક્ષાત્કાર તો ચિંતનશીલ મૂર્ત મનનો થાય છે; છતાં પછી થનાર અનુમાનથી એ મન દ્વારા ચિંતન કરેલાં મૂર્ત અમૂર્ત બધાં દ્રવ્યો જાણી શકાય છે.

મનઃપર્યાયજ્ઞાનના બે ભેદ ઋજુમતિ (સામાન્યગ્રાહી) અને વિપુલમતિ (અનેક વિશેષગ્રાહી) ના વિષય હવે વિગતવાર વર્ણવવામાં આવે છે: ઋજુમતિજ્ઞાન સામાન્ય — કેટલાક પર્યાયવિશિષ્ટ મનોદ્રવ્યનું જ્ઞાન હોય છે: જેમકે 'તેણે ઘટ ચિંતવ્યો'. આ પ્રમાણે તે અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત જીવોએ મનરૂપે પરિણમાવેલ મનો-

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ગણાના અનંત સ્કંધોને સાક્ષાત્ જાણે. પરંતુ તેણે ચિંતવેલ ઘટાદિરૂપ અર્થને અનુમાનથી જાણે, માટે તેને 'દેખે' એમ કહે છે. વિપુલમતિજ્ઞાન પુષ્કળ વિશેષવિશિષ્ટ મનોદ્રવ્યનું જ્ઞાન હોય છે. જેમકે 'તેણે માટીનો, પાટલિપુત્રનો, વસંતકાળનો અને પીળા વર્ણનો ઘટ ચિંતવ્યો.' ક્ષેત્રથી ઋજુમતિ ઓછામાં ઓછું આંગળના અસંખ્યાતમા ભાગમાં અને વધારેમાં વધારે તિર્યક્ મનુષ્યક્ષેત્રમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત જીવોના મનોગત ભાવને જાણે; અને વિપુલમતિ અઢી આંગળ અધિક તે ક્ષેત્રમાં રહેલા મનોગત ભાવને જાણે અને દેખે. કાલથી ઋજુમતિ ઓછામાં ઓછા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા અતીત અનાગત કાલને જાણે અને જુએ. તેને જ વિપુલમતિ વધારે સ્પષ્ટપણે જાણે. ભાવથી ઋજુમતિ સર્વ ભાવોના અનંતમા ભાગે રહેલા અનંત ભાવને જાણે અને જુએ; તેને વિપુલમતિ વિશુદ્ધ અને સ્પષ્ટપણે જાણે અને જુએ.

કેવલજ્ઞાની દ્રવ્યથી સર્વ દ્રવ્યોને જાણે અને જુએ છે. એ પ્રમાણે ભાવ વગેરેથી સર્વ ભાવ વગેરેને જાણે છે અને જુએ છે.

સૌથી થોડા જીવો મનઃપર્યવજ્ઞાની છે;[૧] તેથી અવધિજ્ઞાની અસંખ્યાતગણા છે; તેથી આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની બંને વિશેષાધિક છે અને પરસ્પરતુલ્ય છે; તેથી

---

૧. કારણ કે સંયતને જ મનઃપર્યવજ્ઞાન હોય છે. અવધિજ્ઞાની (નરક, દેવ, મનુષ્ય અને તિર્યંચ એમ) ચારે ગતિમાં હોવાથી અસંખ્યાતગણા છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલજ્ઞાની અનંતગણા છે. અજ્ઞાનીઓમાં સૌથી થોડા વિભંગજ્ઞાની[૧] છે; તેથી મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અનંતગણા છે અને પરસ્પર સરખા છે.

જ્ઞાની અને અજ્ઞાનીમાં સૌથી થોડા મનઃપર્યવજ્ઞાની છે; તેથી અસંખ્યાતગણા અવધિજ્ઞાની છે; તેથી મતિ અને શ્રુતજ્ઞાની વિશેષાધિક છે અને પરસ્પર તુલ્ય છે. તેથી વિભંગજ્ઞાની અસંખ્યાતગણા છે[૨]. તેથી કેવલજ્ઞાની અનંતગણા છે; તેથી મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અનંતગણા છે અને પરસ્પર તુલ્ય છે[૩].

હવે તે જ્ઞાનોના પર્યાયોની[૪] અપેક્ષાએ અલ્પત્વ–બહુત્વ વિચારીએ. સૌથી થોડા મનઃપર્યવજ્ઞાનના પર્યાયો છે; કેમકે તેનો વિષય માત્ર મન છે. તેથી અવધિજ્ઞાનના પર્યાયો અનંતગણા છે, કેમકે મનઃપર્યવજ્ઞાનની અપેક્ષાએ તેનો વિષય દ્રવ્ય અને પર્યાયોથી અનંતગણો છે. તેથી શ્રુતજ્ઞાનના પર્યાયો અનંતગણા છે, કેમકે તેનો વિષય રૂપી-અરૂપી દ્રવ્યો હોવાથી તેનાથી અનંતગણો છે. તેથી મતિજ્ઞાનના પર્યાયો અનંતગણા

---

૧. પંચેંદ્રિયોને જ વિભંગજ્ઞાન સંભવે છે માટે તે સૌથી થોડા છે.

૨. કારણ કે સમ્યગ્દૃષ્ટિ દેવ અને નારક કરતાં મિથ્યાદૃષ્ટિ અસંખ્યાતગણા છે.

૩. કારણ કે સાધારણ વનસ્પતિજીવો મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની હોય છે, અને તેઓ સિદ્ધ થકી અનંતગણા છે.

૪. પર્યાય એટલે ભિન્ન ભિન્ન અવસ્થાઓ. અથવા તે તે જ્ઞાનના જ્ઞેય પદાર્થોના ભેદથી થતા ભેદો. અથવા કેવલજ્ઞાન વડે તે તે જ્ઞાનના કરાતા અંશો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે, કારણ કે તેનો વિષય અભિલાપ્ય અને અનભિલાપ્ય પદાર્થો હોવાથી તેથી અનંતગણો છે. તેથી કેવલજ્ઞાનના પર્યાયો અનંતગણા છે, કેમકે તેનો વિષય સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયો હોવાથી અનંતગણો છે.

સૌથી થોડા વિભંગજ્ઞાનના પર્યાયો છે, તેથી અનંતગણા શ્રુતઅજ્ઞાનના પર્યાયો છે, અને તેથી અનંતગણા મતિઅજ્ઞાનના પર્યાયો છે.

જ્ઞાન અને અજ્ઞાન બંનેનો મિશ્ર રીતે વિચાર કરીએ, તો સૌથી થોડા મનઃપર્યવજ્ઞાનના પર્યવો છે; તેથી વિભંગજ્ઞાનના પર્યાયો અનંતગણા છે, કેમકે ઉપરના ગ્રૈવેયકથી આરંભી સાતમી નરક પૃથ્વીમાં અને તિર્યક્ અસંખ્યાત દ્વીપ સમુદ્રમાં રહેલાં કેટલાંક રૂપી દ્રવ્યો અને તેમના કેટલાક પર્યાયો વિભંગજ્ઞાનનો વિષય છે; અને તે મનઃપર્યવજ્ઞાનના વિષયની અપેક્ષાએ અનંતગણો છે. વિભંગજ્ઞાનથી અવધિજ્ઞાનના પર્યાયો અનંતગણા છે, કેમકે અવધિજ્ઞાનનો વિષય સકલ રૂપી દ્રવ્યો અને પ્રત્યેક દ્રવ્યના અસંખ્યાત પર્યાયો છે, અને તે વિભંગજ્ઞાનની અપેક્ષાએ અનંતગણા છે. તેથી શ્રુત અજ્ઞાનના પર્યાયો અનંતગણા છે, કેમકે શ્રુતઅજ્ઞાનનો વિષય શ્રુતજ્ઞાનની પેઠે સામાન્ય રૂપે કરીને સર્વ મૂર્તામૂર્ત દ્રવ્યો અને સર્વ પર્યાયો હોવાથી અવધિજ્ઞાનની અપેક્ષાએ અનંતગણો છે; તેથી શ્રુતજ્ઞાનના પર્યાયો વિશેષાધિક છે, કેમકે શ્રુતઅજ્ઞાનને અગોચર કેટલાક પર્યાયોને શ્રુતજ્ઞાન જાણે છે. તેથી મતિઅજ્ઞાનના પર્યાયો અનંતગણા છે, કેમકે શ્રુતજ્ઞાન અભિલાપ્યવસ્તુ વિષયક હોય છે, જ્યારે મતિઅજ્ઞાન તેનાથી અનંતગણા અનભિલાપ્ય વધારે પદાર્થો

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયક પણ હોય છે. તેથી મતિજ્ઞાનના પર્યાયો વિશેષાધિક છે. તેથી કેવલજ્ઞાનના પર્યાયો અનંતગણા છે, કેમકે તે સર્વ કાલમાં રહેલાં સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયોને જાણે છે.

—શતક ૮, ઉદ્દે૦ ૨

૩

પ્ર૦—હે ભગવન્! અવધિજ્ઞાની જીવ કેટલી લેશ્યામાં હોય?

ઉ૦—હે ગૌતમ! ત્રણ વિશુદ્ધ લેશ્યામાં હોય: તેજો-લેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા.

પ્ર૦—હે ભગવન્! તેનો બાંધો કયા પ્રકારનો હોય?

ઉ૦—હે ગૌતમ! તે વજ્રઋષભનારાચ સંહનનવાળો[૧] હોય.

પ્ર૦—હે ભગવન્! તે કેટલી ઊંચાઈવાળો હોય?

પ્ર૦—હે ગૌતમ! ઓછામાં ઓછો સાત હાથ અને વધારેમાં વધારે પાંચસો ધનુષ ઊંચાઈવાળો હોય.

પ્ર૦—હે ભગવન્! તે કેટલા અયુષવાળો હોય?

ઉ૦—હે ગૌતમ! તે ઓછામાં ઓછો કાંઈક વધારે આઠ વર્ષનો અને વધારેમાં વધારે પૂર્વકોટી આયુષવાળો હોય.

પ્ર૦—હે ભગવન્! તે સ્ત્રીવેદવાળો હોય, પુરુષવેદવાળો હોય કે નપુંસકવેદવાળો હોય?

---

૧. તે પ્રથમ પ્રકારનો તથા ધ્યાન માટે આવશ્યક સંહનન—બાંધો કહેવાય છે. તેની બિગતો માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૨૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ૦—હે ગૌતમ! તે પુરુષવેદવાળો હોય, અથવા કૃત્રિમ નપુંસક હોય.

પ્ર૦—હે ભગવન્! તેને કેટલા કષાયો હોય?

ઉ૦—હે ગૌતમ! તેને સંજ્વલન પ્રકારના[1] ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય હોય. તેના અધ્યવસાયો પણ પ્રશસ્ત જ હોય.

—શતક ૯, ઉદ્દે૦ ૩૧

૪

પ્રમાણ

જેનાથી અર્થ—પદાર્થ—જાણી શકાય તે પ્રમાણ. અથવા 'જાણવું' તે પ્રમાણ.

ગૌ૦—હે ભગવન્! પ્રમાણ તે શું?

ઉ૦—હે ગૌતમ! પ્રમાણ ચાર પ્રકારનું છે: પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અને આગમ.

પ્રત્યક્ષના બે પ્રકાર છે: ઇંદ્રિયપ્રત્યક્ષ, અને નોઇંદ્રિય-પ્રત્યક્ષ. ઇંદ્રિયપ્રત્યક્ષ એટલે પાંચ ઇંદ્રિયોથી થતું જ્ઞાન. નોઇંદ્રિયપ્રત્યક્ષ એટલે ઇંદ્રિય અને મનની સહાયતા વિના ફક્ત આત્માની યોગ્યતાના બળથી ઉત્પન્ન થતું જ્ઞાન. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અને કેવલજ્ઞાન એ નોઇંદ્રિયપ્રત્યક્ષ જ્ઞાનો છે.

અનુમાન ત્રણ પ્રકારનું છે: પૂર્વવત્, શેષવત્ અને દૃષ્ટસાધર્મ્યવત્. [જેમ નાસી જઈને ફરી આવેલા પુત્રને માતા કોઈ (વ્રણ વગેરેના) પૂર્વ નિશાનથી ઓળખી કાઢે,

---

૧. જુઓ આગળ પા. ૨૯, ટિ. નં. ૫.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ પૂર્વ જાણેલા નિશાનથી જે જ્ઞાન થાય તે પૂર્વવત્. શેષવત્ એટલે કાર્ય વગેરેની નિશાનીઓથી પરોક્ષ પદાર્થનું જે જ્ઞાન થાય તે. જેમકે, 'અહીં મોરનો શબ્દ હોવાથી મોર હોવો જોઈએ.' એક પદાર્થના સ્વરૂપનું નિરીક્ષણ કરવાથી એવા સ્વરૂપવાળા બીજા પદાર્થો પણ એ પ્રકારના છે એવું જે જ્ઞાન તે દૃષ્ટસાધર્મ્યવત્ અનુમાન કહેવાય. જેમકે, (૮૦ રતિભારના) એક કર્ષને જોવાથી એના જેવા જે બીજા તે પણ કાર્ષાપણ કહેવાય તેવું જ્ઞાન.]

ઉપમાનનું સ્વરૂપ આ પ્રકારનું છે: જેવી ગાય તેવો ગવય.

આગમ બે પ્રકારનો છે: લૌકિક અને લોકોત્તર.

લૌકિક તે ભારત, રામાયણ, અંગોપાંગસહિત ચાર વેદ[1] વગેરે. અને લોકોત્તર તે બાર અંગોવાળું ગણિપિટક[2].

— શતક ૫, ઉદ્દે૦ ૪

૩ : જીવોનું વર્ગીકરણ

૧

છ વર્ગ

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! સંસારી જીવો કેટલા પ્રકારના છે?

મ૦—હે ગૌતમ! સંસારી જીવો છ પ્રકારના છે: પૃથ્વીકાય, જળકાય, વાયુકાય, અગ્નિકાય, વનસ્પતિકાય અને ત્રસ (અથવા જંગમ).

---

૧. જુઓ આગળ પા. ૩૨૬, નોંધ.

૨. જુઓ આગળ પા. ૧૬૩.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં પૃથ્વીકાયિકોના બે વર્ગ છે : સૂક્ષ્મ[૧] પૃથ્વીકાયિક અને બાદર (સ્થૂલ) પૃથ્વીકાયિક. સૂક્ષ્મ પૃથ્વીકાયિકના પાછા બે વર્ગ છે: પર્યાપ્ત અને અપર્યાપ્ત.[૨] બાદર પૃથ્વીકાયના પણ બે પ્રકાર છે: શ્લક્ષ્ણ (ભૂકો કરેલા ઢેફા જેવી મૃદુ કાલી નીલી વગેરે પૃથ્વી), અને ખર (ઉપલ, શિલા, કાંકરા વગેરે).[૩]

અપ્કાયિકના પણ સૂક્ષ્મ[૧] તથા બાદર એવા બે વિભાગ છે; તથા સૂક્ષ્મના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે વિભાગ છે. બાદર અપ્કાયિક તો હીમ, કરા, ઠંડું પાણી, મીઠું પાણી, ખારું પાણી વગેરે અનેક પ્રકારનું છે.

તેજસ્કાયિકના પણ સૂક્ષ્મ (પર્યાપ્ત અને અપર્યાપ્ત), તથા (અંગાર, જ્વાળા, અગ્નિ, ઉલ્કા, વીજળી વગેરે) બાદર એવા બે પ્રકાર છે.

વાયુકાયિકના પણ સૂક્ષ્મ (પર્યાપ્ત અને અપર્યાપ્ત), તથા (પૂર્વ દિશાનો, દક્ષિણ દિશાનો, વંટોળિયો વગેરે) બાદર એવા બે પ્રકાર છે.

વનસ્પતિકાયિકના સૂક્ષ્મ (પર્યાપ્ત અને અપર્યાપ્ત), તથા બાદર એવા પ્રકાર છે. તેમાં બાદરના પાછા 'પ્રત્યેકશરીર,'

---

૧. આ સૂક્ષ્મત્વ અને સ્થૂલત્વ આપેક્ષિક ન સમજવું. પરંતુ એ સૂક્ષ્મ પૃથ્વીકાયિકો, પેઠીમાં ગંધના અવયવોની જેમ, ચારે બાજુ ફેલાઈ રહેલા હોય છે, તથા સકલ લોકમાં વ્યાપેલા હોય છે. પરંતુ બાદર પૃથ્વીકાયિકો તો નિયત દેશમાં જ હોય છે.

૨. આ માટે જુઓ આ પ્રકરણમાં જ વિભાગ ૩, પા. ૩૫૧.

૩. આ તેમ જ પછીના વર્ગોની વિગતો અને પેટા વિગતો માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૨૫૯–૨૬૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને સાધારણશરીર એવા બે પ્રકાર છે. દરેક જીવનું જુદું શરીર હોય એવી વનસ્પતિ તે 'પ્રત્યેકશરીર' (વૃક્ષ, લતા, તૃણ વગેરે); અને અનંત જીવોનું એક સમાન શરીર હોય તેવી વનસ્પતિ (બટાકા, મૂળા, આદુ, કુંગળી, લસણ, હળદર વગેરે) 'સાધારણશરીર' કહેવાય.

ત્રસકાયિક જીવોના ચાર પ્રકાર છે: બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા, અને પાંચ ઇંદ્રિયવાળા.

બે ઇંદ્રિય એટલે કે સ્પર્શ અને રસનેંદ્રિયવાળા જીવો તે કરમિયા, છીપ, શંખ, કોડા વગેરે છે. તે બધા સંમૂર્છિમ (એટલે કે માતાપિતાના સંભોગ વિના, ગર્ભજ જીવના મલ આદિમાં પેદા થનારા) તથા નપુંસક[1] હોય હોય છે. તેમના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે.

તેવું જ સ્પર્શ, રસ, અને ઘ્રાણ એ ત્રણ ઇંદ્રિયવાળા ગોકળગાય વગેરે જીવોનું પણ જાણવું.

તેવું જ સ્પર્શ, રસ, ઘ્રાણ, અને આંખ એમ ચાર ઇંદ્રિયવાળા માખી, મચ્છર વગેરે જીવોનું પણ જાણવું.

પંચેંદ્રિય જીવોના ચાર પ્રકાર છે: નૈરયિક (નરકના), તિર્યંચ (પશુ–પક્ષી વગેરે), મનુષ્ય, અને દેવ.

નૈરયિકો રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, અને તમસ્તમઃપ્રભા, એમ સાત નરક પૃથ્વીઓ અનુસાર સાત પ્રકારના છે. તેમના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે.

---

૧. સંમૂર્છિમ જીવમાત્ર નપુંસક હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તિર્યંચોના ત્રણ પ્રકાર છે : જલચર, સ્થલચર, અને ખેચર.

જલચરના પાછા સંમૂર્છિમ અને ગર્ભજ એમ બે ભેદ છે. સંમૂર્છિમ તો નપુંસક જ હોય છે; ગર્ભજ પાછા સ્ત્રી, પુરુષ અને નપુંસક એમ ત્રણ પ્રકારના હોય છે. તે બધાના પાછા પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે.

સ્થલચર તથા ખેચરનું પણ તે પ્રમાણે જાણવું.

મનુષ્યના બે પ્રકાર છે : સંમૂચ્છિમ અને ગર્ભજ. સંમૂર્છિમ મનુષ્યો ગર્ભજ મનુષ્યોના કફ, લીંટ, લોહી, પિત્ત, પરુ, વીર્ય, મડદું વગેરે અશુચિ સ્થાનોમાં પેદા થાય છે. તેમનું કદ આંગળના અસંખ્યેય ભાગ જેટલું હોય છે; તેમને મન તેમ જ સમ્યગ્દર્શન નથી હોતું; તેઓ અજ્ઞાની હોય છે તથા સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરતા પહેલાં અંતર્મુહૂર્તમાં જ મરી જાય છે.

ગર્ભજ મનુષ્યો પણ ત્રણ પ્રકારનાં છે : કર્મભૂમિનાં,[૧] અકર્મભૂમિનાં અને અંતરદ્વીપોનાં. અંતરદ્વીપો જંબુદ્વીપની આસપાસ વીંટળાઈને આવેલા લવણસમુદ્રમાં આવેલા છે.

કર્મભૂમિમાં આવેલાના પાછા બે વિભાગ છે : આર્ય અને મ્લેચ્છ. શક, યવન, ચિલાત, શબર, બર્બર વગેરે મ્લેચ્છો અનેક પ્રકારના છે.[૨]

---

૧. જેમાં મોક્ષમાર્ગને જાણનારા અને તેનો ઉપદેશ કરનારા તીર્થંકર પેદા થઈ શકે, તે કર્મભૂમિ. તે બધાની વિગતો માટે જુઓ આ ખંડમાં આગળ પાંચમો લોકવિભાગ.

૨. આર્યઅનાર્યની વિગતો માટે જુઓ આ માળાનું 'ધર્મકથાઓ' પુસ્તક પા. ૨૦૫-૭.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આર્યો બે પ્રકારના છે: ઋદ્ધિપ્રાપ્ત અને અનૃદ્ધિપ્રાપ્ત. તેમાં ઋદ્ધિપ્રાપ્તના છ પ્રકાર છે: અર્હંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણ, અને વિદ્યાધર.[૧]

અનૃદ્ધિપ્રાપ્તના નવ પ્રકાર છે. ૧. મગધ-રાજગૃહ વગેરે અમુક સાડીપચીસ આર્ય દેશોમાં[૨] જન્મેલા 'ક્ષેત્રઆર્ય.' ૨. અંબષ્ઠ, કલિંદ, વૈદેહ, વેદંગ, હરિત અને ચુંચુંણા એ છ પૂજ્ય જાતિમાં જન્મેલા 'જાતિઆર્ય'. ૩. રાજન્ય, ભોગ, ઉગ્ર, ઇક્ષ્વાકુ, જ્ઞાત, અને કૌરવ્ય એ છ કુલોમાં જન્મનાર તે 'કુલઆર્ય'. ૪. સૂતર વેચનારા, કાપડિયા, કપાસ વેચનારા, કુંભાર, પાલખી ઉપાડનારા વગેરે 'કર્મઆર્ય' છે. ૫. તૂણનારા, વણનારા, પટોળાં વણનારા, મશકો બનાવનારા; સાદડી, ચાખડીઓ, મુંજની પાદુકા, છત્રીઓ, વાહન, પૂંછડાંના વાળનું શિલ્પ, લેપ, પૂતળાં, શંખનું શિલ્પ, દાંતનું શિલ્પ, ભાંડનું શિલ્પ, કોડીઓનું શિલ્પ, તથા ભાલા વગેરેનું કામ કરનારા 'શિલ્પઆર્યો' છે. ૬. અર્ધમાગધી ભાષા બોલનારા તથા બ્રાહ્મી વગેરે લિપિઓ જાણનારા 'ભાષાઆર્ય' છે. ૭. 'જ્ઞાનાર્યો' પાંચ પ્રકારના જ્ઞાન મુજબ પાંચ પ્રકારના છે. ૮. 'દર્શનાર્યો' બે પ્રકારના છે. સરાગ દર્શનાર્ય,[૩] અને વીતરાગ દર્શનાર્ય.

---

૧. છેલ્લા બે પ્રકાર, આકાશાદિમાં ગમન વગેરે વિશિષ્ટ શક્તિ પ્રાપ્ત કરનારા મનુષ્યો છે.

૨ જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પા. ૧૯૧. ત્યાં તીર્થંકરાદિની ઉત્પત્તિ છે, તેથી તે ક્ષેત્ર આર્ય છે, બાકીનું અનાર્ય છે.

૩. તેના નિસર્ગરુચિ વગેરે દશ પ્રકારો માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક પા. ૧૬૪.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં વીતરાગ' દર્શનાર્યના બે પ્રકાર છે : જેના કષાયો માત્ર ઉપશાંત થયા છે તેવા 'ઉપશાંતકષાય'; અને જેના કષાયો ક્ષીણ થયા છે તેવા 'ક્ષીણકષાય'. તેમાં પાછા 'ક્ષીણકષાય'૦ ના 'છદ્મસ્થ'૦ અને 'કેવલી'૦ એવા બે ભેદ છે. અને 'કેવલી'૦ના પાછા 'સયોગી'૦, અને 'અયોગી'૦ એવા બે ભેદ છે.*

૯. ચારિત્રાર્યો પણ બે પ્રકારના છે : સરાગ ચારિત્રાર્ય, અને વીતરાગ ચારિત્રાર્ય.

દેવો ચાર પ્રકારના છે: ભવનવાસી, વાનવ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિક. તેમાં ભવનવાસીના, અસુરકુમાર, નાગકુમાર, સુપર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિક્કુમાર, વાયુકુમાર, અને સ્તનિતકુમાર—એવા દશ ભેદ છે. વાનવ્યંતરના, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત, અને પિશાચ એવા આઠ ભેદ છે.

જ્યોતિષ્કના પાંચ ભેદ છે: ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, અને તારા. વૈમાનિકના બે ભેદ છે : કલ્પોપપન્ન અને કલ્પાતીત. તેમાં કલ્પોપપન્નના સૌધર્મ, ઐશાન, સાનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એવા બાર ભેદ છે. અને કલ્પાતીતના ગ્રૈવેયક અને અનુત્તર એવા બે વિભાગ છે. તેમાં ગ્રૈવેયકના તો હેઠળના, મધ્યમ અને ઉપરના; તથા તે દરેકના તેવા ત્રણ ત્રણ ભેદ

* આ વિભાગો સમજવા માટે ગુણસ્થાનો વિષે કાંઈક સમજવાની જરૂર છે. તેને માટે જુઓ આ વિભાગને અંતે ટિ. નં. ૧, પા. ૩૪૪.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મળી કુલ નવ ભેદ છે. અને અનુત્તરના, વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એવા પાંચ પ્રકાર છે.

તે બધાના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે પ્રકાર છે.

— શતક ૭, ઉદ્દે૦ ૪

ટિપ્પણ

ટિપ્પણ નં. ૧ :

'ગુણ' એટલે આત્માની સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય આદિ શક્તિઓ; અને 'સ્થાન' એટલે તે શક્તિઓની તરતમભાવવાળી અવસ્થાઓ. જેમ જેમ આત્મા ઉપરનાં મોહનીય કર્મનાં પટલ દૂર થાય છે, તેમ તેમ આત્માના સહજ ગુણો પ્રગટ થતા જાય છે. તેવાં ગુણસ્થાનો અથવા આધ્યાત્મિક વિકાસક્રમની શ્રેણીઓ ૧૪ ગણાવાય છે: ૧. જેમાં દર્શનમોહનીયની પ્રબળતાથી આત્મામાં તત્ત્વરુચિ જ પ્રગટતી નથી, તથા જેની દૃષ્ટિ મિથ્યા હોય છે, તે 'મિથ્યાદૃષ્ટિ' નામનું પ્રથમ ગુણસ્થાન છે.

૨. અગિયારમે ગુણસ્થાને પહોંચ્યા છતાં પતિત થઈ પ્રથમ ગુણસ્થાન ઉપર આવતાં વચ્ચે બહુ થોડો વખત તત્ત્વરુચિના સ્વલ્પ આસ્વાદવાળી જે અવસ્થા પ્રાપ્ત થાય છે, તે 'સાસ્વાદન' ગુણસ્થાન.

૩. સત્ય–અસત્ય વચ્ચે દોલાયમાન સ્થિતિ તે 'સમ્યક્મિથ્યાદૃષ્ટિ' ગુણસ્થાન.

૪. જેમાં આત્મા અસંદિગ્ધપણે સત્યદર્શન–તત્ત્વરુચિ કરી શકે છે, તે 'અવિરતસમ્યગ્દૃષ્ટિ' ગુણસ્થાનક. તેને અવિરત કહેવાનું કારણ એ છે કે, તેમાં દર્શનમોહનીયનું

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ખળ ગયા છતાં ચારિત્રમોહનીયની સત્તા સવિશેષ હોવાથી વિરતિ (ત્યાગવૃત્તિ) ઉદય નથી પામતી.

૫. જે અવસ્થામાં રુચિ ઉપરાંત અલ્પાંશે પણ વિરતિ (ત્યાગવૃત્તિ) ઉત્પન્ન થાય છે, તે 'દેશવિરતિ'.

૬. જેમાં ત્યાગવૃત્તિ પૂર્ણ ઉદય પામવા છતાં વચ્ચે વચ્ચે પ્રમાદ–સ્ખલન સંભવે છે, તે 'પ્રમત્તસંયત'.

૭. જેમાં પ્રમાદનો સહેજે સંભવ નથી, તે 'અપ્રમત્તસંયત'.

૮. જેમાં પૂર્વે કદી નહિ અનુભવેલો આત્મશુદ્ધિનો અનુભવ થાય છે અને અપૂર્વ વીર્યોલ્લાસ પ્રગટે છે, તે 'અપૂર્વકરણ.'

૯. જેમાં ચારિત્રમોહનીય કર્મના શેષ રહેલા અંશોને શમાવવાનું કે ક્ષીણ કરવાનું કામ ચાલતું હોય છે, તે 'અનિવૃત્તિબાદર.'

૧૦. જેમાં મોહનીયનો અંશ લોભરૂપે જ ઉદયમાન હોય છે, પણ અતિ સૂક્ષ્મ પ્રમાણમાં, તે 'સૂક્ષ્મસંપરાય.'

૧૧. જેમાં સૂક્ષ્મલોભ સુધ્ધાં શમી જાય છે, તે 'ઉપશાંતમોહનીય'. આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનો સર્વથા ક્ષય સંભવે ખરો; પણ ચારિત્રમોહનીયનો તેવો ક્ષય નથી હોતો; માત્ર તેની સર્વાંશે ઉપશાંતિ હોય છે. આને લીધે જ મોહનો ફરી ઉદ્રેક થતાં અવશ્ય પતન થાય છે અને પ્રથમ ગુણસ્થાન સુધી જવું પડે છે.

૧૨. જેમાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો સર્વથા ક્ષય થઈ જાય છે, તે 'ક્ષીણમોહનીય'. અહીંથી પતન સંભવી શકતું નથી,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩. જેમાં મોહના આત્યંતિક અભાવને લીધે વીતરાગદશા પ્રગટવા સાથે સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે, તે 'સયોગગુણસ્થાન'. આ સ્થાનમાં યોગ એટલે કે શારીરિક, માનસિક અને વાચિક વ્યાપારો હોય છે.

૧૪. જેમાં શારીરિકાદિ પ્રવૃત્તિનો પણ અભાવ થઈ છે, તે 'અયોગગુણસ્થાન'. શરીરપાત થતાં જ તેની સમાપ્તિ થાય છે.

આમાં ૧૧ અને ૧૨ ગુણસ્થાને પહોંચેલને છદ્મસ્થ કહે છે; અને ૧૩ તથા ૧૪ ગુણસ્થાને પહોંચેલને જિન કહે છે.

૨

આઠ પ્રકારના આત્મા

ગૌ૦—હે ભગવન્! આત્મા કેટલા પ્રકારના છે?

મ૦—હે ગૌતમ! આઠ પ્રકારના આત્મા છે. તે આ પ્રમાણે: દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા અને વીર્યાત્મા.

ત્રિકાળવર્તી આત્મદ્રવ્ય તે દ્રવ્યાત્મા; તે સર્વ જીવોને હોય છે. ક્રોધાદિ કષાયયુક્ત આત્મા તે કષાયાત્મા; તે સકષાયી જીવોને હોય છે, પણ ઉપશાન્તકષાય અને ક્ષીણ-કષાયને હોતો નથી. મન-વચન-કાયાના યોગ અથવા વ્યાપારવાળાને યોગાત્મા હોય છે. સામાન્ય બોધ અને વિશેષ બોધવાળા સિદ્ધ અને સંસારી સર્વ જીવને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગાત્મા[૧] હોય છે. સમ્યગ્ વિશેષ બોધરૂપ જ્ઞાનાત્મા સર્વ સમ્યગ્દૃષ્ટિને હોય છે. સામાન્ય અવબોધરૂપ દર્શનાત્મા સર્વ જીવોને હોય છે. ચારિત્રાત્મા વિરતિવાળાને હોય છે; અને વીર્યાત્મા કરણવીર્ય[૨]વાળા સર્વ સંસારી જીવોને હોય છે.

જેને દ્રવ્યાત્મા હોય તેને કષાયાત્મા અને યોગાત્મા (સકષાયી અને સયોગી અવસ્થામાં) હોયઃ અને (ક્ષીણકષાયી, ઉપશાન્તકષાયી અને અયોગી દશામાં) ન પણ હોય. જેને દ્રવ્યાત્મા હોય તેને ઉપયોગાત્મા તો અવશ્ય જ હોય (કારણ કે મુક્ત કે સંસારી બધા જીવોને ઉપયોગ એટલે કે બોધ-વ્યાપાર હંમેશ હોય છે.) જેને દ્રવ્યાત્મા હોય તેને જ્ઞાનાત્મા હોય કે ન પણ હોય (સમ્યગ્જ્ઞાની હોય કે ન હોય તેની અપેક્ષાએ). દ્રવ્યાત્માને દર્શનાત્મા તો અવશ્ય હોય (કેમકે સિદ્ધને પણ કેવલદર્શન હોય છે જ). દ્રવ્યાત્માને ચારિત્રાત્મા વિકલ્પે હોય છે કારણ કે સિદ્ધ અથવા વિરતિ-રહિતને દ્રવ્યાત્મા હોવા છતાં હિંસાદિ દોષથી નિવૃત્તિરૂપ ચારિત્રાત્મા હોતો નથી; અને વિરતિવાળાને હોય છે. તેવું જ વીર્યાત્માનું પણ સમજવું. કારણ કે સકરણવીર્યની

---

૧. ઉપયોગ એટલે બોધવ્યાપાર — જાણવાની ક્રિયા. જે બોધ ગ્રાહ્ય વસ્તુને વિશેષરૂપે જાણે તે સાકાર ઉપયોગ; અને જે બોધ ગ્રાહ્ય વસ્તુને સામાન્યરૂપે જાણે તે નિરાકાર ઉપયોગ. સાકારને જ્ઞાન અથવા સવિકલ્પક બોધ કહે છે; અને નિરાકારને દર્શન અથવા નિર્વિકલ્પક બોધ કહે છે.

૨. જુઓ પા. ૩૧૯.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અપેક્ષાએ સિદ્ધને વીર્યાત્મા નથી; અને બીજા સંસારીને હોય છે.

કષાયાત્માને યોગાત્મા હોય જ. કારણ કે સકષાયી યોગરહિત ન હોઈ શકે. પણ યોગાત્માને કષાયાત્મા કદાચ હોય કે ન હોય; કેમકે સયોગીઓ સકષાયી અને અકષાયી એમ બંને પ્રકારના હોય છે. કષાયાત્માને ઉપયોગાત્મા અવશ્ય હોય છે; કારણ કે ઉપયોગરહિતને (જડ પદાર્થને) કષાયો હોતા નથી; પણ જેને ઉપયોગાત્મા હોય તેને કષાયાત્મા વિકલ્પે હોય છે, કારણ કે ઉપયોગાત્મા છતાં સકષાયીને કષાયાત્મા હોય છે અને વીતરાગને નથી હોતો. કષાયાત્માને જ્ઞાનાત્મા વિકલ્પે હોય છે; કેમકે સમ્યગ્દૃષ્ટિને હોય છે અને મિથ્યાદૃષ્ટિને નથી હોતો. જ્ઞાનાત્માને કષાયાત્મા હોય કે ન પણ હોય. કષાયાત્માને દર્શનાત્મા અવશ્ય હોય છે કારણ કે દર્શનરહિત જડ પદાર્થને કષાયાત્મા નથી હોતો. પણ જેને દર્શનાત્મા હોય છે તેને કષાયાત્મા કદાચિત્ હોય અને કદાચિત્ ન હોય; કેમકે દર્શનવાળાને કષાય હોય પણ ખરા અને ન પણ હોય. કષાયાત્માને ચારિત્રાત્મા વિકલ્પે હોય; કારણ કે સકષાયીને પ્રમત્ત સાધુની પેઠે ચારિત્ર હોય છે, અને અસંયતની પેઠે તેનો અભાવ પણ હોય છે. જેને ચારિત્રાત્મા હોય તેને કષાયાત્મા કદાચિત્ હોય અને કદાચિત્ ન હોય: સામાયિકાદિચારિત્રવાળાને હોય અને યથાખ્યાતચારિત્રવાળાને[૧]

૧. ચારિત્રના એ પ્રકારો માટે જુઓ આગળ પા. ૫૬, નોંધ, તથા પા. ૭૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ન હોય. કષાયાત્મા અને યોગાત્માની પેઠે કષાયાત્મા અને વીર્યાત્માનો સંબંધ કહેવો.

એ પ્રમાણે યોગાત્માનો ઉપયોગાત્મા વગેરે પાંચ સાથે સંબંધ કહેવો.

જેમ દ્રવ્યાત્માનું કહ્યું તેમ ઉપયોગાત્માનું બીજા ચાર સાથે સમજવું.

જ્ઞાનાત્મા હોય તેને દર્શનાત્મા અવશ્ય હોય; અને જેને દર્શનાત્મા હોય તેને જ્ઞાનાત્મા વિકલ્પે હોય. જેને જ્ઞાનાત્મા હોય તેને ચારિત્રાત્મા વિકલ્પે હોય; પરંતુ ચારિત્રાત્માને જ્ઞાનાત્મા અવશ્ય હોય. જ્ઞાનાત્મા અને વીર્યાત્મા બંને પરસ્પર વિકલ્પે હોય.

દર્શનાત્માને ચારિત્રાત્મા અને વીર્યાત્મા વિકલ્પે હોય; પરંતુ જેને તે બંને આત્મા હોય તેને દર્શનાત્મા અવશ્ય હોય.

ચારિત્રાત્માને અવશ્ય વીર્યાત્મા હોય; પરંતુ વીર્યાત્માને ચારિત્રાત્મા વિકલ્પે હોય.

સૌથી થોડા ચારિત્રાત્મા છે; તે કરતાં જ્ઞાનાત્મા અનંતગુણ છે; તે કરતાં કષાયાત્મા અનંતગુણ છે; તે કરતાં યોગાત્મા વિશેષાધિક છે; તેથી વીર્યાત્મા વિશેષાધિક છે; તથા તે કરતાં ઉપયોગાત્મા, દ્રવ્યાત્મા અને દર્શનાત્મા વિશેષાધિક છે અને પરસ્પર તુલ્ય છે.

પ્ર૦—હે ભગવન્! આત્મા જ્ઞાનસ્વરૂપ છે કે અજ્ઞાનસ્વરૂપ[1]?

---

૧. અહીં જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન અને અજ્ઞાન એટલે મિથ્યાજ્ઞાન સમજવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ૦—હે ગૌતમ! આત્મા કદાચિત્ જ્ઞાનસ્વરૂપ છે, અને કદાચિત્ અજ્ઞાનસ્વરૂપ છે. પણ જ્ઞાન તો અવશ્ય આત્મસ્વરૂપ છે. નૈરયિકોનો આત્મા કદાચિત્ જ્ઞાનરૂપ અને કદાચિત્ અજ્ઞાનરૂપ પણ છે; પરંતુ તેઓનું જ્ઞાન અવશ્ય આત્મરૂપ છે. એ બધું સ્તનિતકુમારદેવો સુધી જાણવું; તેમ જ બેઇંદ્રિય, ત્રીન્દ્રિય અને છેક વૈમાનિક સુધી જાણવું.

પૃથ્વીકાયિકોનો આત્મા અવશ્ય અજ્ઞાનરૂપ છે, અને તેઓનું અજ્ઞાન પણ અવશ્ય આત્મરૂપ છે. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું.

પ્ર૦—હે ભગવન્! આત્મા દર્શનરૂપ છે, કે તેથી દર્શન બીજું છે?

ઉ૦—હે ગૌતમ! આત્મા અવશ્ય દર્શનરૂપ છે, અને દર્શન પણ અવશ્ય આત્મા છે.

—શતક ૧૨, ઉદ્દે૦ ૧૦

૩

૧૪ પ્રકારના સંસારી જીવો

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! સંસારી જીવો કેટલા પ્રકારના છે?

ઉ૦—હે ગૌતમ! સંસારી જીવો ૧૪ પ્રકારના છે:

૧. અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય; ૨. પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય; ૩. અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય; ૪. પર્યાપ્ત બાદર એકેન્દ્રિય; ૫. અપર્યાપ્ત બેઇન્દ્રિય; ૬. પર્યાપ્ત બેઇન્દ્રિય; ૭-૮. એ પ્રમાણે પર્યાપ્ત અને અપર્યાપ્ત તે(ત્રણ)ઇન્દ્રિય; ૯-૧૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પર્યાપ્ત અને અપર્યાપ્ત ચતુરિન્દ્રિય; ૧૧. અપર્યાપ્ત અસંજ્ઞી પંચેંદ્રિય; ૧૨. પર્યાપ્ત અસંજ્ઞી પંચેંદ્રિય; ૧૩. અપર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિય અને ૧૪. પર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિય.

શતક ૨૫, ઉદ્દે૦ ૧

વિવરણ : ઉપર જે પર્યાપ્ત કે અપર્યાપ્તનો ઉલ્લેખ છે, તેના વિષે કાંઈક વિગતથી સમજવાની જરૂર છે.

જિનદર્શનમાં શરીરને રચનાર તરીકે કોઈ ઈશ્વર કે માત્ર જડપંચમહાભૂતોનું સંમિલન જ સ્વીકાર્યાં નથી. તેને મતે કર્મો વડે બદ્ધ આત્મા જ તેવા પ્રકારનાં પુદ્‌ગલો દ્વારા શરીર રચે છે. તેનું પોષણ અનુકૂળ આહાર વડે થાય છે. એટલે કે, આહારનો લોહી માંસ ઇત્યાદિરૂપે પરિણામ થાય છે અને તેનો અંતિમ વિકાસ ઇંદ્રિયોરૂપે થાય છે. આમ થવામાં કેટલાક, શરીરની એવા પ્રકારની યંત્રરચનાને જ કારણ માને છે; તો બીજાઓ તે માટે શક્તિવિશેષના મહત્ત્વને સ્વીકારે છે; જ્યારે, જૈનદર્શન તેમ થવામાં પુદ્‌ગલની જ આસ એક શક્તિને સ્વીકારે છે, અને તેને 'પર્યાપ્તિ' કહે છે. તેનો સામાન્ય અર્થ 'સંપૂર્ણ નિર્માણ' થાય છે. તો પણ તેનો વિશેષ અર્થ એ છે કે, 'પુદ્‌ગલોના સમૂહથી થનાર અને પુદ્‌ગલોને લેવામાં તથા પરિણમાવવામાં હેતુભૂત શક્તિ-વિશેષ', તે પર્યાપ્તિ. વિષયોના ભેદ વડે તે છ પ્રકારની[1] છે : ૧. આહારપર્યાપ્તિ – જેના દ્વારા બહારના આહારને લઈને રસપણું પમાડાય તે. ૨. શરીરપર્યાપ્તિ – રસરૂપ થયેલો

---

૧. ભગવતીસૂત્ર, શતક ૩, ઉદ્દે૦ ૧, પ્ર. ૧૧માં પાંચ પર્યાપ્તિ જણાવી છે; પણ ત્યાં ભાષા અને મનઃપર્યાપ્તિને ભેગી ગણેલી છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આહાર જેના વડે રસ, રક્ત, માંસ, ચરબી, હાડકાં, મજ્જા, વીર્ય એમ સાતે ધાતુપણું પમાડાય તે. ૩. ઇંદ્રિયપર્યાપ્તિ – ધાતુપણું પામેલો આહાર જેનાથી ઇંદ્રિયોરૂપે થાય તે. ૪. ઉચ્છ્વાસપર્યાપ્તિ – જેની સહાયથી ઉચ્છ્વાસને યોગ્ય અણુઓના સમુદાયને ગ્રહી, ઉચ્છ્વાસરૂપને પમાડી, ધારીને મુકાય તે. ૫. ભાષાપર્યાપ્તિ – જેના વડે ભાષાના રૂપને પામવાને યોગ્ય દ્રવ્યોને લેવાય અને તેને ભાષારૂપે રચી, ધારી, ભાષારૂપે મુકાય – બોલાય – તે. તથા ૬. જેની સહાયે મનની રચનાને યોગ્ય અણુઓના સમૂહને મનોભાવ આપી, તે રૂપે ધારી, મુકાય, તે મનઃપર્યાપ્તિ. આ બધી પર્યાપ્તિઓ – પુદ્ગલોથી ઉપજનારી શક્તિઓ – જડ છે; તો પણ તે તે કાર્યોમાં આત્માને સહાયિકાઓ થઈ દેહયંત્રને નિભાવે છે. શરીરના (ઇંદ્રિયોની વધુ સંખ્યાની પ્રાપ્તિરૂપ) વિકાસ પ્રમાણે પર્યાપ્તિઓનો પણ વિકાસક્રમ હોય છે: એકેંદ્રિય જીવોને – એટલે પૃથિવી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિઓના દેહધારીઓને ચાર પર્યાપ્તિઓ હોય છે: આહાર, શરીર, ઇંદ્રિય અને ઉચ્છ્વાસ. વિકલેંદ્રિયો એટલે કે બેણી – બે ત્રણ અને ચાર ઇંદ્રિયોવાળા જીવોને એક ભાષાપર્યાપ્તિ વધારે હોય છે. સંજ્ઞીઓ એટલે કે મનુષ્યો, તિર્યંચો, નારકીઓ, અસુરો અને દેવોને છયે હોય છે. ઉત્પત્તિને પ્રથમ સમયે જ એ બધી પર્યાપ્તિઓનું નિષ્પાદન એક સાથે જ આરંભાય છે; પરંતુ પૂરું ક્રમથી થાય છે. જેમકે, પ્રથમ આહારપર્યાપ્તિ, પછી શરીરપર્યાપ્તિ, પછી ઇંદ્રિય-પર્યાપ્તિ ઇ૦. આહારપર્યાપ્તિ તો પ્રથમ સમયે જ નિષ્પન્ન થઈ જાય છે; પરંતુ બાકીની દરેક અંતર્મુહૂર્ત જેટલો

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમય લે છે. એમ પોતપોતાની યોનિને યોગ્ય બધી પર્યાપ્તિઓને કેટલાક આત્માઓ પૂરી કરીને મરે છે. ત્યારે કેટલાક તેમ નથી કરતા. એમાંથી પહેલાને પર્યાપ્તકો, અને બાકીનાઓને અપર્યાપ્તકો કહે છે. [તેઓ પણ આહાર, શરીર અને ઇંદ્રિયપર્યાપ્તિઓની પૂર્ણતામાં જ મરે છે, નહિ કે પહેલાં; કારણકે આવતા ભવનું આયુ બાંધીને જ દેહીઓ મરે છે. જો આમ ન થાય તો બધા આત્મા મુક્ત થાય. તે ભવાંતરનું આયુ, આહાર, શરીર અને ઇંદ્રિયની પર્યાપ્તિઓની પૂર્ણતામાં જ બંધાય છે.]

સંજ્ઞી અને અસંજ્ઞી : ઉપર જણાવ્યા પ્રમાણે એકેંદ્રિય પૃથ્વીકાયાદિથી માંડીને ચતુરિન્દ્રિય સુધીના વર્ગોને તો મન હોતું નથી. પંચેન્દ્રિયના વર્ગોમાંથી દેવ અને નારક એ બેમાં તો બધાને મન હોય છે; અને મનુષ્ય તથા તિર્યંચ એ બેમાં જે ગર્ભોત્પન્ન હોય તેઓને જ હોય છે, તાત્પર્ય એ છે કે, મનુષ્ય અને તિર્યંચ ગર્ભોત્પન તથા સંમૂર્છિમ એમ બે બે પ્રકારના હોય છે, જેમાં સંમૂર્છિમ મનુષ્ય અને તિર્યંચને મન હોતું નથી.

સંજ્ઞા હોય અથવા ન હોય તે ઉપરથી અમુકને મન છે કે નહિ, તે જાણી શકાય છે. અહીં સંજ્ઞા એટલે ગુણદોષની વિચારણા કે જેનાથી હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર થઈ શકે, એ વિશિષ્ટ વૃત્તિ જાણવી. અહીં એવા પુષ્ટ મનની વિવક્ષા છે કે નિમિત્ત મળતાં જેનાથી દેહયાત્રા ઉપરાંત બીજો વિચાર પણ કરી શકાય. તાત્પર્ય કે જેનાથી પૂર્વ જન્મનું સ્મરણ સુધ્ધાં થઈ શકે એટલી વિચારની યોગ્યતારૂપી સંપ્રધારણ સંજ્ઞાની અહીં વિવક્ષા છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪ : જીવો અને શરીર

૧

પાંચ શરીર

ગૌ૦—હે ભગવન્! શરીરો કેટલાં કહ્યાં છે?

મ૦—હે ગૌતમ! શરીરો પાંચ કહ્યાં છે : ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, અને કાર્મણ.

[વિવરણ : જીવનું ક્રિયા કરવાનું સાધન તે શરીર. ૧. જે શરીર બાળી શકાય અને જેનું છેદન ભેદન થઈ શકે તે (સ્થૂલ શરીર) ઔદારિક કહેવાય છે. ૨. જે શરીર ક્યારેક નાનું, ક્યારેક મોટું, ક્યારેક પાતળું, ક્યારેક જાડું, ક્યારેક એક, ક્યારેક અનેક ઇત્યાદિ વિવિધ રૂપોને ધારણ કરી શકે, તે વૈક્રિય[૧]. ૩. જે શરીર ફક્ત ચૌદ 'પૂર્વ' ગ્રંથો જાણનારા મુનિથી જ રચી શકાય છે, તે આહારક. જ્યારે તે મુનિને કોઈ ગહન વિષયમાં સંદેહ થાય, અને કોઈ સર્વજ્ઞ નજીકમાં ન હોય, ત્યારે અન્ય ક્ષેત્રમાં જવા માટે તે હાથ જેવડું નાનું આહારક શરીર રચે છે. તે શુભ પુદ્ગલોથી ઉત્પન્ન થયેલું હોવાથી સુંદર હોય છે, નિર્દોષ હોય છે અને અત્યંત સૂક્ષ્મ હોવાથી ક્યાંય રોકાતું નથી. સંદેહ દૂર થતાં અંતર્મુહૂર્તમાં તે શરીર વીખરાઈ જાય છે. ૪. જે શરીર તેજોમય હોવાથી ખાધેલા આહાર આદિને પચાવવામાં અને દીપ્તિમાં કારણભૂત થાય છે, તે તૈજસ. તેનું અન્ય કાર્ય

---

૧. દેવો અને નારકોને તે શક્તિ જન્મથી હોય છે; જ્યારે ગર્ભજ મનુષ્યો અને તિર્યંચોમાંથી જેને તપોજન્ય તે પ્રકારની શક્તિ પેદા થઈ હોય છે, તેને જ તે હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શાપ અને અનુગ્રહ છે. જે વિશિષ્ટ તપસ્વી તપસ્યાજન્ય ખાસ શક્તિ પ્રાપ્ત કરે છે, તે કુપિત થઈ એ શરીર દ્વારા પોતાના કોપપાત્રને બાળી પણ શકે છે અને પ્રસન્ન થઈ તે શરીર દ્વારા અનુગ્રહના પાત્રને શાંતિ પણ આપી શકે છે[1]. અને ૫. જીવે બાંધેલો કર્મસમૂહ એ જ કાર્મણ શરીર છે. આ કાર્મણ શરીર જ્યાં સુધી અન્ય શરીર સહાયક ન હોય ત્યાં સુધી જીવનો કાંઈ ઉપભોગ સાધી શકતું નથી. આથી પ્રથમનાં ચારની પેઠે તે સોપભોગ ન કહેવાતાં નિરુપભોગ કહેવાય છે. અલબત્ત તે અન્ય શરીરોનું મૂળ હોઈ, પરંપરાથી તો જીવના ઉપભોગનું સાધન છે જ, અને તેથી તેને શરીર ગણ્યું છે.

આ પાંચમાંથી તૈજસ અને કાર્મણ શરીરનો સંબંધ આત્માની સાથે પ્રવાહરૂપે અનાદિ છે; તે શરીરો બધા સંસારીઓને હોય છે. જ્યારે, ઔદારિક આદિ ત્રણ તો આત્મા સાથે અસ્થાયી સંબંધવાળાં છે.]

એક સાથે એક સંસારી જીવને ઓછામાં ઓછાં બે અને અધિકમાં અધિક ચાર શરીર હોઈ શકે; પાંચ કયારે પણ હોઈ શકે નહિ. જ્યારે બે હોય ત્યારે તૈજસ અને કાર્મણ હોય. કેમકે એ બંને, જીવને સંસાર હોય ત્યાં સુધી રહેનારાં છે. એ સ્થિતિ અંતરાલગતિ[2]માં જ હોય છે. કેમકે એ સમયે અન્ય કોઈ શરીર હોતું નથી. જ્યારે ત્રણ

---

૧. જુઓ આગળ ગોશાલકના ચરિતમાં તેનો બંને રીતનો ઉપયોગ, પા. ૨૮૩–૪.

૨. એક શરીર છોડી, બીજા શરીરને સ્થાને જવા સુધીની.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે, ત્યારે તૈજસ, કાર્મણ અને ઔદારિક, અથવા તો તૈજસ, કાર્મણ અને વૈક્રિય હોય છે. પહેલો પ્રકાર મનુષ્ય અને તિર્યંચોમાં અને બીજો પ્રકાર દેવ અને નારકોમાં જન્મકાળથી લઈ મરણ પર્યંત હોય છે. જ્યારે ચાર હોય છે ત્યારે તૈજસ, કાર્મણ, ઔદારિક અને વૈક્રિય, અથવા તો તૈજસ, કાર્મણ, ઔદારિક અને આહારક હોય છે. પહેલો વિકલ્પ વૈક્રિયલબ્ધિના પ્રયોગ સમયે કેટલાંક મનુષ્યો તથા તિર્યંચોમાં મળી આવે છે; જ્યારે બીજો વિકલ્પ આહારક-લબ્ધિના પ્રયોગ સમયે ચૌદ પૂર્વ જાણનારા મુનિમાં જ હોય છે. પાંચ શરીર એકી સાથે કદી પણ હોતાં નથી; કારણકે વૈક્રિયલબ્ધિ અને આહારકલબ્ધિનો પ્રયોગ એકી સાથે સંભવતો નથી. કારણકે વૈક્રિય લબ્ધિના પ્રયોગ સમયે અને લબ્ધિથી શરીર બનાવી લીધા પછી નિયમથી પ્રમત દશા હોય છે; પરંતુ આહારકના વિષયમાં તેમ નથી; કેમકે આહારક-લબ્ધિનો પ્રયોગ જોકે પ્રમત્ત દશામાં હોય છે, પરંતુ એનાથી શરીર બનાવી લીધા પછી શુદ્ધ અધ્યવસાયનો સંભવ હોવાથી અપ્રમત ભાવ પેદા થાય છે. જોકે શક્તિ રૂપે તો પાંચે શરીર એક સાથે હોઈ શકે છે, પણ આવિર્ભાવની અપેક્ષાએ પાંચ એક સાથે નથી હોતાં.[૧]

— શતક ૧૬, ૧૭, ૧૦, ઉદ્દે૦ ૧

---

૧. શતક ૮, ઉદ્દે. ૧ માં આવેલી કેટલીક વિગતો આ પ્રમાણે છે :

(૧) અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય એકેંદ્રિયને ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીર હોય; પર્યાપ્તને પણ તે જ હોય. એ પ્રમાણે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! જીવ જે પુદ્ગલ દ્રવ્યોને ઔદારિક શરીરપણે ગ્રહણ કરે, તે સ્થિત દ્રવ્યોને[1] ગ્રહણ કરે, કે અસ્થિત દ્રવ્યોને?

ભ૦—હે ગૌતમ! તે સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે અને અસ્થિતને પણ કરે. પ્રતિબંધ ન હોય તો છયે દિશાઓમાંથી

ચાર ઇંદ્રિય પર્યાપ્ત સુધી જાણવું. પણ પર્યાપ્ત બાદર વાયુકાયિક એકેંદ્રિયને તે ઉપરાંત વૈક્રિય પણ હોય.

(૨) અપર્યાપ્ત રત્નપ્રભા પૃથિવી નારક પંચેંદ્રિયને વૈક્રિય, તૈજસ અને કાર્મણ હોય; પર્યાપ્તને પણ તે જ હોય. એમ સાતે પૃથ્વી સુધી જાણવું.

(૩) અપર્યાપ્ત સંમૂર્છિમ જલચરને ઔદારિક, તૈજસ અને કાર્મણ હોય. પર્યાપ્તને પણ તે જ હોય. ગર્ભજ અપર્યાપ્તને પણ તે જ હોય. પરંતુ ગર્ભજ પર્યાપ્તને તે ઉપરાંત વૈક્રિય હોય. જલચરના ચાર વિકલ્પો પ્રમાણે જ ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરના પણ ચાર વિકલ્પ જાણવા.

(૪) સંમૂર્છિમ મનુષ્ય પંચેંદ્રિયને ઔદારિક, તૈજસ, અને કાર્મણ હોય. ગર્ભજ અપર્યાપ્તને પણ તે જ હોય. ગર્ભજ પર્યાપ્તને તે ઉપરાંત વૈક્રિય અને આહારક હોય.

(૫) નૈરયિકોની પેઠે અપર્યાપ્ત તથા પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી જાણવા. એ બે વિકલ્પો પ્રમાણે સ્તનિતકુમારો સુધી, પિશાચોથી માંડીને ગાંધર્વો સુધી, ચંદ્રોથી માંડીને તારાઓ સુધી, સૌધર્મથી અચ્યુત કલ્પ સુધી, તથા ગૈવેયક અને અનુત્તરૌપપાતિક સુધીનું પણ જાણવું.

૧. જેટલા આકાશક્ષેત્રમાં જીવ રહેલો છે, તેની અંદર રહેલાં જે પુદ્ગલદ્રવ્યો તે સ્થિત દ્રવ્યો કહેવાય છે. તેની બહારના ક્ષેત્રમાં રહેલાં 'અસ્થિત' કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને પ્રતિબંધ હોય તો કદાચ ત્રણ દિશામાંથી, કદાચ ચાર દિશામાંથી, અને કદાચ પાંચ દિશામાંથી પુદ્ગલોને ગ્રહણ કરે.[૧]

વૈક્રિય શરીરની બાબતમાં પણ તે પ્રમાણે જાણવું; પરંતુ તે અવશ્ય છયે દિશામાંથી આવેલાં હોય છે.[૨] એ પ્રમાણે આહારક શરીરનું પણ જાણવું.

તૈજસ શરીરની બાબતમાં, સ્થિત દ્રવ્યોને જ ગ્રહણ કરે છે એમ કહેવું; બાકીનું બધું ઔદારિક પ્રમાણે કહેવું. કાર્મણ શરીર સંબંધે પણ એમ જ જાણવું.

શ્રોત્રેંદ્રિયથી જિહ્વેંદ્રિય સુધીની બાબતમાં વૈક્રિય શરીરની પેઠે જાણવું; અને સ્પર્શેંદ્રિય સંબંધે ઔદારિક શરીરની પેઠે જાણવું.[૩]

મનોયોગ અને વચનયોગ માટે કાર્મણ શરીરની પેઠે જાણવું; પણ વિશેષ એ કે અવશ્ય છયે દિશાઓમાંથી આવેલાં પુદ્ગલો ગ્રહણ કરે છે. કાયયોગ સંબંધે ઔદારિક શરીરની પેઠે જાણવું.

—શતક ૨૫, ઉદ્દેશ ૨

---

૧. એકેંદ્રિય જીવ લોકાન્ત નજીક આવ્યો હોય તો તેને ઓછી દિશામાંથી પુદ્ગલગ્રહણ હોય.

૨. કારણકે ઉપયોગપૂર્વક વૈક્રિય શરીર કરનાર પંચેંદ્રિય જ હોય છે, અને તે ત્રસનાડીના મધ્યમાં હોવાથી તેને અવશ્ય છ દિશાના આહારનો સંભવ છે.

૩. કારણકે સ્પર્શેંદ્રિય એકેંદ્રિય જીવોને છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨

પાંચ ઇંદ્રિયો

ગૌ૦—હે ભગવન્! ઇંદ્રિયો કેટલી કહી છે?

મ૦—હે ગૌતમ! ઇંદ્રિયો પાંચ કહી છે. તે આ પ્રમાણે: સ્પર્શઇંદ્રિય (ચામડી), રસનેંદ્રિય (જીભ), ઘ્રાણેંદ્રિય (નાક), નેત્રેંદ્રિય (આંખ) અને શ્રોત્રેંદ્રિય (કાન).*

બધાં સંસારીઓને પાંચે ઇંદ્રિયો નથી હોતી. (પૃથ્વી આદિ કેટલાક જીવોને) એક (સ્પર્શ), કરમિયાં વગેરે કેટલાકને બે (સ્પર્શ અને રસ), કીડી વગેરે કેટલાકને ત્રણ (સ્પર્શ, રસ, ઘ્રાણ), ભમરા વગેરે કેટલાકને ચાર (સ્પર્શ, રસ, ઘ્રાણ, નેત્ર), અને મનુષ્ય વગેરે કેટલાકને પાંચ (સ્પર્શ, રસ, ઘ્રાણ, નેત્ર અને શ્રોત્ર) ઇંદ્રિય હોય છે.

પાંચે ઇંદ્રિયોના 'દ્રવ્ય' અને 'ભાવ' એમ બબ્બે ભેદ છે. પુદ્ગલમય જડ ઇંદ્રિય તે દ્રવ્યેંદ્રિય છે; અને આત્મિક પરિણામરૂપ ઇંદ્રિય તે ભાવેંદ્રિય.

દ્રવ્યેંદ્રિયના પણ પાછા નિર્વૃતિ અને કરણ એમ બે પ્રકાર છે. શરીરની ઉપર દેખાતી ઇંદ્રિયોની આકૃતિઓ, જે પુદ્ગલસ્કંધોની વિશિષ્ટ રચનાઓ છે, તે નિર્વૃતિઇંદ્રિય; અને નિર્વૃતિઇંદ્રિયની અંદર અને અંદરની પૌદ્ગલિક શક્તિ, જેના વિના નિર્વૃતિઇન્દ્રિય જ્ઞાન પેદા કરવાને અસમર્થ છે, તે ઉપકરણેંદ્રિય.

ભાવેંદ્રિય પણ 'લબ્ધિ' અને 'ઉપયોગ' એમ બે પ્રકારની છે. ઇંદ્રિયહેતુક જ્ઞાનને રોકનારાં કર્મોનો ક્ષય અને

*શતક ૧૬, ઉદ્દે૦ ૧; શતક ૧૭, ઉદ્દે૦ ૧ પણ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપશમ, અર્થાત્ આત્માની જાણવાની શક્તિ, તે લબ્ધિઇંદ્રિય; અને તે શક્તિનો પોતપોતાના વિષયમાં (નિર્વૃતિ અને ઉપકરણની સહાયથી) ઉપયોગ, તે ઉપયોગઇંદ્રિય.

લબ્ધિઇંદ્રિય હોય ત્યારે જ નિર્વૃતિનો સંભવ છે; અને નિર્વૃતિ વિના ઉપકરણઇંદ્રિય હોતી નથી; અર્થાત્ લબ્ધિ પ્રાપ્ત થયે છતે જ નિર્વૃતિ, ઉપકરણ અને ઉપયોગ હોઈ શકે છે; તે જ રીતે નિર્વૃતિ પ્રાપ્ત થયે છતે જ ઉપકરણ અને ઉપયોગ હોઈ શકે છે; તથા ઉપકરણ પ્રાપ્ત થયે છતે જ ઉપયોગનો સંભવ છે. સારાંશ કે, પૂર્વ પૂર્વ ઇંદ્રિય પ્રાપ્ત થયે છતે જ ઉત્તર ઉત્તર ઇંદ્રિયો પ્રાપ્ત થવાનો સંભવ છે; પરંતુ એવો નિયમ નથી કે ઉત્તર ઉત્તર ઇંદ્રિયોની પ્રાપ્તિ થાય ત્યારે જ પૂર્વ પૂર્વ ઇંદ્રિયો પ્રાપ્ત થાય.

તે પાંચે ઇંદ્રિયના અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચ વિષયો છે.*

કર્ણેંદ્રિયનો ઘાટ કદંબના ફૂલ જેવો છે.[1] નેત્રેંદ્રિયનો આકાર મસૂરની દાળ જેવો છે. ઘ્રાણેંદ્રિયનો આકાર અતિમુક્તક ચંદ્ર જેવો એટલે કે એક જાતના ફૂલની પાંખડી જેવો છે. જિહ્વેંદ્રિયનો આકાર સજ્જા (અસ્ત્રા) જેવો છે. અને સ્પર્શેંદ્રિયનો આકાર અનેક પ્રકારનો છે.

બધી ઇંદ્રિયો આંગળના અસંખ્યેય ભાગ જેટલી જાડી છે. કર્ણેંદ્રિય, નેત્રેંદ્રિય અને નાસિકેંદ્રિયની પહોળાઈ આંગળના

---

* શતક ૩, ઉદ્દે૦ ૯.

૧. નિર્વૃતિ એટલે આકાર. તે આકાર અંદરનો અને બહારનો એમ બે પ્રકારના છે. અહીં અંદરનો આકાર સમજવાનો છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અસંખ્યમા ભાગ જેટલી છે. જિહ્વેંદ્રિયની પહોળાઈ એથી નવ આંગળ જેટલી છે; અને સ્પર્શેંદ્રિયની પહોળાઈ શરીર જેટલી છે. પાંચે ઇંદ્રિયો અનંત પ્રદેશની બનેલી છે. તે ઇંદ્રિયો અસંખ્યેય પ્રદેશમાં રહેલી (અવગાઢ) છે. નેત્રેંદ્રિયની અવગાહના સૌથી થોડી છે; તેથી સંખ્યાતગણી અવગાહના કર્ણેંદ્રિયની છે; તેથી સંખ્યાતગણી ઘ્રાણેંદ્રિયની; તેથી અસંખ્યેયગણી જિહ્વાઇન્દ્રિયની, અને તેના કરતાં સંખ્યેયગણી અવગાહના સ્પર્શઇંદ્રિયની છે.

નેત્ર સિવાયની બીજી બધી ઇંદ્રિયો અડકેલા અને પ્રવિષ્ટ થયેલા વિષયનું ગ્રહણ કરે છે. બધી ઇંદ્રિયોનો વિષય ઓછામાં ઓછો આંગળના અસંખ્ય ભાગ જેટલો છે, અર્થાત્ ઓછામાં ઓછું આંગળના અસંખ્યેય ભાગ જેટલા દૂર રહેલા વિષયને તે જાણી શકે છે. કર્ણેંદ્રિયનો વધારેમાં વધારે વિષય બાર યોજનનો છે, અર્થાત્ વધારેમાં વધારે બાર યોજનથી આવેલા શબ્દને કર્ણેંદ્રિય સાંભળી શકે છે; નેત્રેંદ્રિયનો વધારેમાં વધારે વિષય લાખ યોજન કરતાં વધારે છે — અર્થાત્ લાખ યોજન જેટલે દૂર રહેલા પદાર્થને તે જોઈ શકે છે.* અને બાકીની બધી ઇન્દ્રિયોનો વધારેમાં વધારે નવ યોજન જેટલો વિષય છે.[૧]

— શતક ૨, ઉદ્દે૦ ૪

---

* આ નિયમ તેજ વિનાની વસ્તુને માટે છે.

૧. મૂળમાં તો અહીં 'પ્રજ્ઞાપના સૂત્ર' ગ્રંથમાંથી પંદરમા ઇંદ્રિય પદનો આખો પ્રથમ ઉદ્દેશક અહીં ઉતારવો એમ જણાવ્યું છે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૫: જીવ અને ભાષા-મન-કાય

૧

ભાષા

જીવ[1] જેવું સંસારરચનામાં મુખ્ય, એવું રૂપી અજીવ તત્ત્વ જૈન પરિભાષામાં પુદ્ગલ કહેવાય છે. તેના મુખ્ય આઠ પ્રકાર છે: ભાષાનાં પુદ્ગલો (પરમાણુઓ – ભાષાવર્ગણા), મનનાં પુદ્ગલો (મનોવર્ગણા), શ્વાસોચ્છ્વાસનાં પુદ્ગલો (શ્વાસોચ્છ્વાસવર્ગણા), ઔદારિક પુદ્ગલો (ઔદારિકવર્ગણા), વૈક્રિય પુદ્ગલો (વૈક્રિયવર્ગણા), આહારક પુદ્ગલો (આહારકવર્ગણા), તૈજસ પુદ્ગલો (તૈજસવર્ગણા), અને કાર્મણ પુદ્ગલો (કાર્મણવર્ગણા). જગતમાં આકાર ધરનારી જે કાંઈ જડ ચીજ છે, તે બધીનો સમાવેશ આ આઠ જાતનાં પુદ્ગલોમાં જ થાય છે. આ આઠ સિવાય કોઈ પણ બીજી વસ્તુ નથી કે જે પુદ્ગલરૂપ હોય. એ પુદ્ગલના સ્વાભાવિક ગુણો આ છે: સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ (અવાજ),[2] બંધ (પરસ્પર સંબંધ), સૂક્ષ્મપણું, સ્થૂલપણું, કોઈ જાતના

---

૧. આ બધું વિવરણ શતક ૨, ઉદ્દેશક ૬માં જણાવ્યા પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રમાંથી (પૃ. ૩૬૦–૬૦) તારવીને લીધેલું છે.

૨. વૈશેષિક નૈયાયિકની પેઠે જૈન દર્શન શબ્દને આકાશનો ગુણ નથી માનતું, પણ તેને ભાષાવર્ગણાના પુદ્ગલોનો એક પ્રકારનો વિશિષ્ટ પરિણામ માને છે. જે શબ્દ આત્માના પ્રયત્નથી ઉત્પન્ન થાય તે પ્રયોગજ કહેવાય છે અને કોઈના પ્રયત્ન સિવાય થતો – વાદળની ગર્જના જેવો અવાજ – વૈસ્રસિક કહેવાય છે. પ્રયોગજમાં મનુષ્યાદિની ભાષાઓ, વાજિંત્રાદિના અવાજો તથા સંઘર્ષથી થતા અવાજોનો સમાવેશ થાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આકારે રહેવાપણું, કોઈ રીતે ફાટવું – તોખા થવું – ભેદાવું, અંધારું,[૧] છાંયો,[૨] આતપ,[૩] અને ઉદ્યોત.[૪]

પુદ્ગલમાં પ્રત્યેક અણુએ તથા છેક મોટા સ્કંધોમાં પણ તે ચૌદે ગુણો હોય છે. વિશેષ એટલો કે કોઈ અણુ કે સ્કંધમાં અમુક ગુણનું આધિક્ય હોય યા અમુક ગુણની ઊણપ હોય.

ઉપર જણાવેલા આઠે જાતના પુદ્ગલો લોકાકાશમાં ઠસોઠસ ભરેલા છે. ભાષાવર્ગણાનાં પુદ્ગલોનું સ્વરૂપ આ પ્રમાણે છે: તે અનંત પ્રદેશવાળાં છે; રહેવા માટે અસંખ્ય પ્રદેશ જેટલી જગા રોકે છે; તે એક સમય સુધી અને અસંખ્ય સમય સુધી પણ એક સ્થળે ટકી શકે છે, પણ વધારે ટકતાં નથી; તે અણુઓમાં કાળો, નીલો, લાલ, પીળો અને ધોળો એમ પાંચે વર્ણ છે; સુગંધ અને દુર્ગંધ એમ બે ગંધ છે; ઠંડો, ઊનો, ચીકણો અને લૂખો એ ચાર સ્પર્શ છે;[૫]

---

૧. અંધારું ભીંતની પેઠે આંખની જોવાની શક્તિને આડે આવે છે, માટે પુદ્ગલરૂપ છે.

૨. છાંયો ઠંડા વાયુની પેઠે ઠંડક આપી આપણને ખુશી કરે છે, માટે પુદ્ગલરૂપ છે.

૩. તડકો અગ્નિની પેઠે ઊનો હોવાથી પુદ્ગલરૂપ છે.

૪. જુઓ તત્ત્વાર્થ અ. ૫, સૂ. ૨૩-૪. સૂર્ય આદિનો ઉષ્ણ પ્રકાશ તે આતપ અને ચંદ્ર આદિનો અનુષ્ણ પ્રકાશ તે ઉદ્યોત.

૫. કુલ સ્પર્શો તો ઉપર જણાવેલા ઉપરાંત કઠણ, કોમળ, ભારે અને હળવો મળીને આઠ છે. મોટા સ્કંધોમાં આઠે સ્પર્શ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને તીખો, કડવો, કષાયેલો, ખાટો તથા મધુર એમ પાંચ રસ છે.

તે ભાષાનાં અણુઓમાં પણ બે જાતનાં અણુ હોય છે. કેટલાંક ભાષાપણે ગ્રહણને યોગ્ય, અને કેટલાંક સાધારણ. ઉપર જે સ્વરૂપ કહેવામાં આવ્યું છે તે ભાષાનાં સાધારણ અણુઓનું છે. ભાષાપણે ગ્રહણને યોગ્ય અણુઓનું તો આ સ્વરૂપ છે : તેઓમાં કોઈમાં એક ગંધ અને કોઈમાં બે ગંધ હોય છે; કોઈમાં એક રંગ, બે રંગ, ત્રણ રંગ, ચાર રંગ કે કોઈમાં પાંચ રંગ હોય છે; કોઈમાં એક-બે-ત્રણ ચાર અને કોઈમાં પાંચે રસ હોય છે; તથા કોઈમાં બે-ત્રણ અને કોઈમાં ચારે સ્પર્શ હોય છે. બોલનાર જણ લોકાકાશમાં રહેલાં સર્વ અણુઓને ભાષાપણે વાપરતો નથી; પણ જ્યાં તેનો આત્મા રહેલો છે, ત્યાં જે (ભાષાના) અણુઓ રહેલા હોય, તેમને જ વપરાશમાં લે છે. કોઈ બોલનાર મહાપ્રયત્નવાળો હોય, તો તેણે બોલેલ શબ્દનાં અણુઓ છેક લોકને છેડે જઈ શબ્દપણું મૂકી દઈ વીખરાઈ જાય છે; અને જો કોઈ બોલનાર મંદ પ્રયત્નવાળો હોય, તો તેણે કાઢેલ શબ્દનાં અણુઓ અમુક યોજન સુધી જઈ પછી શબ્દપણું છોડી દઈ વીખરાઈ જાય છે. અર્થાત્ શબ્દમાં એવી પણ ગતિ ઉત્પન્ન થઈ શકે છે કે જેથી તે બ્રહ્માંડ પર્યંત પણ પહોંચી શકે છે.

ભાષાનું આદિકારણ જીવ છે; ભાષાની ઉત્પત્તિ શરીરથી છે; તેનો ઘાટ વજ્ર જેવો છે; અને તેનો અંત લોકને છેડે છે. ભાષાના ચાર પ્રકાર છે : સત્ય, મૃષા (અસત્ય),

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સત્ય-મૃષા (મિશ્ર), અને અસત્યામૃષા (સત્ય પણ નહીં, તેમ અસત્ય પણ નહિ).*

સત્યભાષી સૌથી થોડા છે; અસત્યભાષી તે કરતાં અસંખ્યગણા છે; તે કરતાં સત્યમૃષાભાષી અસંખ્યગણા છે; અને અસત્ય-અમૃષા-ભાષી તે કરતાં પણ અસંખ્યગણા છે.

રાજગૃહનગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! ભાષા એ જીવસ્વરૂપ છે કે તેથી અન્ય છે?×

મ૦—હે ગૌતમ! ભાષા એ આત્મા નથી પણ તેથી અન્ય (પુદ્ગલસ્વરૂપ) છે.

ગૌ૦—હે ભગવન્! ભાષા રૂપવાળી છે કે અરૂપી છે?

મ૦—હે ગૌતમ! ભાષા (પુદ્ગલમય હોવાથી) રૂપી છે, પણ અરૂપી નથી.

ગૌ૦—હે ભગવન્! જીવોને ભાષા હોય છે કે અજીવોને?

મ૦—હે ગૌતમ! જીવોને ભાષા હોય છે, પણ અજીવોને ભાષા હોતી નથી.

---

* છેલ્લો પ્રકાર તે સંબોધન, આજ્ઞા વગેરેમાં વપરાતી ભાષાનો છે. બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા અને અશિક્ષિત પાંચ ઇંદ્રિયવાળા તિર્યંચ અસત્યઅમૃષાભાષી, (સામાન્ય રીતે) કહેવાય છે. તે બધાનું બોલવું નથી સત્ય કે નથી અસત્ય. માત્ર તે કાંઈક સંબોધન કે આજ્ઞારૂપ હોય છે.

× જીવથી પ્રયોજનય છે, જીવના બંધ અને મોક્ષનું કારણ થાય છે, માટે જીવનો ધર્મ હોવાથી, ભાષાને આત્મા કહી શકાય? કે શ્રોત્રેન્દ્રિયગ્રાહ્ય — મૂર્ત — હોવાથી જીવ કરતાં અન્ય કહેવાય, એ શંકાથી પ્રશ્ન છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! બોલાયા પૂર્વે ભાષા કહેવાય, બોલાતી હોય ત્યારે ભાષા કહેવાય, કે બોલાયા પછી ભાષા કહેવાય?

મ૦—હે ગૌતમ! બોલાતી હોય ત્યારે ભાષા કહેવાય.

—શતક ૧૩, ઉદ્દે૦ ૭

૨

મન

ગૌ૦—હે ભગવન્! મન એ આત્મા છે, કે તેથી અન્ય મન છે?

મ૦—હે ગૌતમ? મન એ આત્મા નથી, પણ તેથી અન્ય (પુદ્ગલસ્વરૂપ છે).

ગૌ૦—હે ભગવન્! મન રૂપી છે કે અરૂપી?

મ૦—હે ગૌતમ! મન (પુદ્ગલમય હોવાથી) રૂપી છે, પણ અરૂપી નથી.

ગૌ૦—હે ભગવન્! જીવોને મન હોય છે કે અજીવોને?

મ૦—હે ગૌતમ! જીવોને મન હોય છે, પણ અજીવોને મન નથી હોતું.

ગૌ૦—હે ભગવન્! મન કેટલા પ્રકારનું છે?

મ૦—હે ગૌતમ! મન ચાર પ્રકારનું કહ્યું છે: સત્ય, અસત્ય, મિશ્ર, તથા સત્ય પણ નહિ કે અસત્ય પણ નહિ.

—શતક ૧૩, ઉદ્દે૦ ૭

૩

કાય

ગૌ૦—હે ભગવન્! કાય(શરીર) આત્મા છે કે તેથી અન્ય છે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! કાય આત્મા પણ છે (કારણ કે શરીરને સ્પર્શ થતાં તેનો આત્માને અનુભવ થાય છે.); તેમ જ આત્માથી ભિન્ન પણ છે. (નહિ તો શરીરનો નાશ થતાં આત્માનો પણ નાશ થાય).

ગૌ૦—હે ભગવન્! કાય રૂપી છે કે અરૂપી?

મ૦—હે ગૌતમ! (સ્થૂલ શરીરની અપેક્ષાએ) રૂપી પણ છે; અને (કાર્મણ શરીરની અપેક્ષાએ અતિ સૂક્ષ્મ હોવાને લીધે) અરૂપી પણ છે.

ગૌ૦—હે ભગવન્! કાય સચિત્ત (સજીવ) છે, કે અચિત્ત છે?

મ૦—હે ગૌતમ! (જીવંત અવસ્થામાં ચૈતન્યયુક્ત હોવાથી) સચિત્ત પણ છે, અને (મૃત અવસ્થામાં ચૈતન્યનો અભાવ હોવાથી) અચિત્ત પણ છે.

ગૌ૦—હે ભગવન્! જીવોને કાય હોય છે કે અજીવોને?

મ૦—હે ગૌતમ! જીવોને પણ હોય છે, અને અજીવોને (તીર્થંકરાદિની મૂર્તિને) પણ હોય છે.

—શતક ૧૩, ઉદ્દે૦ ૭

૬ : જીવને લગતી કેટલીક બાબતો

૧

અધિકરણ

'અધિકરણ એટલે હિંસાદિ પાપકર્મના હેતુભૂત વસ્તુ. તેના આંતરિક અને બાહ્ય બે ભેદ છે. તેમાં શરીર અને ઇંદ્રિયો આંતરિક અધિકરણ છે; અને કુહાડા, કોશ વગેરે પરિગ્રહાત્મક વસ્તુઓ બાહ્ય અધિકરણ છે.'

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! જીવ અધિકરણી – અધિકરણવાળો છે કે અધિકરણરૂપ છે?

મ૦—હે ગૌતમ! જીવ અધિકરણી પણ છે, અને અધિકરણ પણ છે.

ગૌ૦—હે ભગવન્! એનું શું કારણ?

મ૦—હે ગૌતમ! જે જીવ વિરતિવાળો હોય તેને શરીરાદિ આંતર અને બાહ્ય પરિગ્રહાત્મક વસ્તુનો સદ્‌ભાવ હોવા છતાં પણ મમત્વના અભાવથી તે અધિકરણી કે અધિકરણ કહેવાતો નથી; પરંતુ જે જીવ અવિરતિવાળો હોય છે, તેને મમત્વ હોવાથી તે અધિકરણી અને અધિકરણરૂપ કહેવાય છે.

જોકે, જે અધિકરણવાળો હોય તે અધિકરણી કહેવાય, છતાં શરીરાદિ અધિકરણથી કથંચિત્ અભિન્ન હોવાથી જીવ અધિકરણરૂપ પણ છે.

ગૌ૦—હે ભગવન્! જીવ સાધિકરણી[1] છે કે નિરધિકરણી?

મ૦—હે ગૌતમ! જીવ સાધિકરણી છે, પણ નિરધિકરણી નથી. અવિરતિરૂપ હેતુથી જીવો સાધિકરણી છે, પણ નિરધિકરણી નથી.

ગૌ૦—હે ભગવન્! જીવ આત્માધિકરણી છે, પરાંધિકરણી છે કે તદુભયાધિકરણી[2] છે?

---

૧. શરીરાદિ અધિકરણ સહિત તે સાધિકરણી.

૨. સ્વયં પ્રવૃત્તિ કરે તે આત્માધિકરણી, અન્યની પાસે કરાવે તે પરાધિકરણી, અને સ્વયં કરે તથા અન્યની પાસે કરાવે તે ઉભયાધિકરણી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! તે ત્રણે છે. અવિરતિરૂપ હેતુથી જીવ નિરધિકરણી નથી.

—શતક ૧૬, ઉદ્દે૦ ૧

૨

વેદક

ગૌ૦—હે ભગવન્! સ્ત્રીવેદક,* પુરુષવેદક, નપુંસકવેદક, અને અવેદક—એ બધા જીવોમાં કયા જીવ કોનાથી વધારે, ઓછા કે તુલ્ય છે?

મ૦—હે ગૌતમ! સૌથી થોડા પુરુષવેદકો છે; તેનાથી સંખ્યેયગણા સ્ત્રીવેદક છે; અવેદક અનંતગણા છે અને નપુંસકવેદક અનંતગણા છે.

દેવ, મનુષ્ય અને તિર્યંચરૂપ પુરુષો કરતાં સ્ત્રીઓ અનુક્રમે ૩૨ વધારે ૩૨ ગણી, સત્તાવીશ વધારે સત્તાવીશ-ગણી, અને ત્રણ વધારે ત્રણગણી છે. વળી નવમા વગેરે ગુણસ્થાનોવાળા ૮૦. જીવો અને સિદ્ધો અવેદક છે; અને તે બધા અનંત હોવાથી સ્ત્રીવેદવાળાઓ કરતાં અનંતગણા છે. વળી સિદ્ધો કરતાં અનંતકાયિકો[1] (જેઓ નપુંસક છે તે,)

---

* સ્ત્રીવેદ એટલે સ્ત્રીજાતિને યોગ્ય કામાદિ વિકાર. તે પ્રમાણે પછીના વેદોનું સમજવું.

૧. અનંત જીવોનું મળીને એક જ સામાન્ય શરીર હોય તે અનંતકાયિક કહેવાય છે. તે જેવા કે આદુ, બટાટા વગેરે વનસ્પતિઓ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતગણા ગણ્યા છે. તેથી તેઓ અવેદક કરતાં અનંતગણા છે[૧]

—શતક ૬, ઉદ્દે૦ ૩

૩

કરણ

ગૌ૦—હે ભગવન્! કરણ કેટલા પ્રકારનાં કહ્યાં છે?

મ૦—હે ગૌતમ! કરણો ચાર પ્રકારનાં કહ્યાં છે: મનકરણ, વચનકરણ, કાયકરણ, અને કર્મકરણ. (કર્મકરણ એટલે કર્મના બંધનાદિમાં નિમિત્તભૂત જીવનું વીર્ય.)

નૈરયિકાદિ જીવો શુભાશુભ કરણથી વિવિધ સુખદુઃખાદિ અનુભવે છે.

—શતક ૬, ઉદ્દે૦ ૧

* * *

ગૌ૦—હે ભગવન્! કરણ કેટલા પ્રકારે કહ્યું છે?

મ૦—હે ગૌતમ! કરણ પાંચ પ્રકારે કહ્યું છે: દ્રવ્યકરણ, ક્ષેત્રકરણ, કાલકરણ, ભવકરણ અને ભાવકરણ.

વિવરણ: જે વડે કરાય તે કરણ, ક્રિયાનું સાધન; અથવા કરવું તે કરણ. તેના પાંચ પ્રકાર છે: ૧. દ્રવ્યરૂપ દાતરડા વડે કરણ તે દ્રવ્યકરણ; અથવા શલાકાદિ દ્રવ્ય વડે કટાદિ દ્રવ્યનું કરવું તે દ્રવ્યકરણ. ૨. ક્ષેત્રરૂપ કરણ, અથવા

---

૧. પ્રસંગવશાત્ જણાવી લેવું ઠીક થશે કે અભવ્ય – અચરમ – કદી મુક્ત ન થનારા જીવો કરતાં ભવ્ય – ચરમ – મુક્ત થનારા જીવો અનંતગણા છે. કારણ કે અભવ્યો કરતાં સિદ્ધો અનંતગણા કહ્યા છે, અને જેટલા સિદ્ધો છે, તેટલા જ ચરમ જીવો છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શાલિક્ષેત્રાદિનું કરણ, અથવા ક્ષેત્ર દ્વારા સ્વાધ્યાયનું કરવું તે ક્ષેત્રકરણ. કાલરૂપ કરણ અથવા કાળનું, કાળ વડે અથવા કાળમાં કરવું તે કાળકરણ. ૪. નારકાદિ ભવરૂપ કરણ તે ભવકરણ. ૫. એ પ્રમાણે ભાવકરણ સંબંધે પણ જાણવું.

વળી પાંચ પ્રકારનાં શરીર પ્રમાણે પાંચ પ્રકારનું શરીરકરણ છે; પાંચ પ્રકારની ઇંદ્રિયો પ્રમાણે પાંચ પ્રકારનું ઇંદ્રિયકરણ છે; તે પ્રમાણે ચાર પ્રકારે ભાષાકરણ,[૧] ચાર પ્રકારે મનકરણ,[૧] ચાર પ્રકારે કષાયકરણ, સાત પ્રકારે સમુદ્‌ઘાત[૨] કરણ, ચાર પ્રકારે સંજ્ઞાકરણ, છ પ્રકારે લેશ્યાકરણ, અને ત્રણ પ્રકારે દૃષ્ટિકરણ[૩] કહેવું. વેદકરણ પણ સ્ત્રી, પુરુષ અને નપુંસક એ ત્રણ પ્રકારો મુજબ ત્રણ પ્રકારનું છે.

એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધી પાંચ પ્રકારના જીવો મુજબ પ્રાણાતિપાતકરણ પણ પાંચ પ્રકારનું છે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન (આકૃતિ) – એ પાંચ પ્રમાણે પુદ્‌ગલકરણ પણ પાંચ પ્રકારનું છે.[૪]

— શતક ૧૯, ઉદ્દે૦ ૯

---

૧. જુઓ આગળ ભાષા તથા મનના ચાર પ્રકાર, પા. ૩૬૪.

૨. જુઓ સાત પ્રકારના સમુદ્‌ઘાત માટે પા. ૯૨, ટિ૦ ૩.

૩. સમકિતદૃષ્ટિ, મિથ્યાત્વદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ – એ ત્રણ દૃષ્ટિઓ – સમજણ – શ્રદ્ધાઓ છે.

૪. કરણ પ્રમાણે જ નિર્વૃતિ (નિષ્પત્તિ – તે પ્રમાણે થવું તે) પણ જાણવી. જેમકે જીવનું એકેંદ્રિયાદિ જીવરૂપે થવું તે એકેંદ્રિયજીવનિર્વૃતિ; એ પ્રમાણે કર્મનિર્વૃતિ, શરીરનિર્વૃતિ, ભાષાનિર્વૃતિ, ઇંદ્રિયનિર્વૃતિ, મનોનિર્વૃતિ, કષાયનિર્વૃતિ વગેરે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪
સંજ્ઞા

ગૌ૦—હે ભગવન્! સંજ્ઞાઓ કેટલી કહી છે?

ભ૦—હે ગૌતમ! દશ સંજ્ઞાઓ કહી છેઃ ૧. આહાર-સંજ્ઞા, ૨. ભયસંજ્ઞા, ૩. મૈથુનસંજ્ઞા, ૪. પરિગ્રહસંજ્ઞા, ૫. ક્રોધસંજ્ઞા, ૬. માનસંજ્ઞા, ૭. માયાસંજ્ઞા, ૮. લોભસંજ્ઞા, ૯. લોકસંજ્ઞા, (વિશેષ બોધ) અને ૧૦. ઓઘસંજ્ઞા (સામાન્ય બોધ).

—શતક ૭, ઉદ્દે૦

૫
ભાવો

ગૌ૦—હે ભગવન્! ભાવ કેટલા પ્રકારના કહ્યા છે?

ભ૦—હે ગૌતમ! ભાવ છ પ્રકારના કહ્યા છેઃ ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક અને સાંનિપાતિક.

[વિવરણઃ જૈન દર્શન આત્માને એકાંત ક્ષણિક નથી માનતું કે એકાંત નિત્ય—અપરિણામી નથી માનતું. પરંતુ પરિણામી નિત્ય માને છે. મૂળ આત્મદ્રવ્ય ત્રણેય કાળમાં સ્થિર રહ્યા છતાં દેશ, કાળ આદિ નિમિત્ત પ્રમાણે ફેરફાર

સમજવાં. તેમ જ વર્ણ આકૃતિની નિર્વૃતિ પણ જાણવી. જેમકે નૈરયિકોને હુંડસંસ્થાનનિર્વૃતિ છે, અસુરકુમારોને સમચતુરસ્ર-સંસ્થાન નિર્વૃત્તિ છે, પૃથ્વીકાયિકોને મસૂર અને ચંદ્રાકારસંસ્થાન નિર્વૃતિ છે, ઇ૦.

તે બધી આકૃતિઓ માટે જુઓ આ માળાનું "અંતિમકપદેશ" પુસ્તક ૫ા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પામ્યા કરે, એ પરિણામી – નિત્યતા. એથી જ જૈનદર્શન જ્ઞાન, સુખ, દુઃખ આદિ પર્યાયો આત્માના જ માને છે. આત્માના બધા પર્યાયો એક જ અવસ્થાવાળા નથી હોતા. કેટલાક પર્યાયો કોઈ એક અવસ્થામાં તો બીજા કેટલાક બીજી કોઈ અવસ્થામાં મળી આવે છે. પર્યાયોની તે ભિન્ન ભિન્ન અવસ્થાઓ ભાવ કહેવાય છે. આત્માના પર્યાયો અધિકમાં અધિક છ ભાવવાળા હોઈ શકે છે.

૧. કર્મના ઉપશમથી પેદા થાય તે ભાવ ઔપશમિક કહેવાય છે. ઉપશમ એક પ્રકારની આત્મશુદ્ધિ છે, જે કચરો નીચે બેસી જવાથી પાણીમાં આવતી સ્વચ્છતાની પેઠે સત્તાગત કર્મનો ઉદય તદ્દન રોકાઈ જતાં ઉત્પન્ન થાય છે. ૨. કર્મના ક્ષયથી પેદા થાય તે ક્ષાયિક ભાવ છે. ક્ષય એ આત્માની એક એવી પરમ વિશુદ્ધિ છે, જે સર્વથા કચરો કાઢી નાખવાથી જળમાં આવતી સ્વચ્છતાની જેમ કર્મનો સંબંધ અત્યંત છૂટી જતાં પ્રગટ થાય છે. ૩. ક્ષય અને ઉપશમથી પેદા થાય એ ક્ષાયોપશમિક ભાવ છે. ક્ષયોપશમ એક પ્રકારની આત્માની શુદ્ધિ છે, જે કર્મના ઉદયમાં નહિ આવેલા અંશના ઉપશમથી અને ઉદયમાં આવેલ અંશના ક્ષયથી પ્રગટ થાય છે. એ વિશુદ્ધિ મિશ્રિત હોય છે. ૪. ઉદયથી પેદા થાય તે ઔદયિક ભાવ. ઉદય એક પ્રકારની આત્માની કલુષિતતા છે, જે મેલ મળવાથી પાણીમાં આવતી મલિનતાની પેઠે કર્મના વિપાકાનુભવથી ઉત્પન્ન થાય છે. ૫. પારિણામિક ભાવ દ્રવ્યનો એક પરિણામ છે, જે ફક્ત દ્રવ્યના અસ્તિત્વથી જ પોતાની જાતે જ ઉત્પન્ન થયા કરે છે, અર્થાત્ કોઈ પણ દ્રવ્યનું સ્વાભાવિક સ્વરૂપપરિણમન જ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પારિણામિક ભાવ કહેવાય. ૬. સાંનિપાતિક ભાવ એટલે અનેક ભાવોના સંમેલનથી થતો ભાવ.

દર્શનમોહનીય કર્મના ઉપશમથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે; માટે સમ્યક્ત્વ એ ઔપશમિક ભાવ છે. કેવલજ્ઞાનાવરણના ક્ષયથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે; માટે કેવલજ્ઞાન એ ક્ષાયિક ભાવ છે. મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મતિજ્ઞાન પ્રગટ થાય છે; માટે મતિજ્ઞાન એ ક્ષાયોપશમિક ભાવ છે. દેવગતિ નામકર્મના ઉદયનું ફળ દેવગતિ છે; માટે તે ઔદયિક ભાવ છે. જીવત્વ – ચૈતન્ય; ભવત્વ – મુક્તિની યોગ્યતા; અને અભવત્વ – મુક્તિની અયોગ્યતા એ ત્રણ ભાવો સ્વાભાવિક છે, અર્થાત્ તે કર્મના ઉદયથી કે ઉપશમથી કે ક્ષયથી કે ક્ષયોપશમથી પેદા નથી થતા; પરંતુ અનાદિસિદ્ધ આત્મદ્રવ્યના અસ્તિત્વથી જ સિદ્ધ છે, તેથી તે પારિણામિક છે.

ગૌ૦—હે ભગવન્! ઔદયિક ભાવ કેટલા પ્રકારનો છે?

મ૦—હે ગૌતમ! ઔદયિક ભાવ બે પ્રકારે કહ્યો છે: ઔદયિક અને ઉદયનિષ્પન્ન. આઠ કર્મપ્રકૃતિઓનો ઉદય તે ઔદયિક. ઉદયનિષ્પન્નના બે પ્રકાર છે: જીવોદયનિષ્પન્ન અને અજીવોદયનિષ્પન્ન. કર્મના ઉદયથી જીવમાં નિષ્પન્ન થયેલા નારકતિર્યંચ આદિ પર્યાયો જીવોદયનિષ્પન્ન કહેવાય છે. અને કર્મના ઉદયથી અજીવને વિષે થયેલા પર્યાયો, જેમકે, ઔદારિકાદિ શરીર, (ઔદારિક શરીરનામકર્મના ઉદયથી પુદ્ગલદ્રવ્ય સ્વરૂપ અજીવને વિષે નિષ્પન્ન હોવાથી,) અજીવોદયનિષ્પન્ન છે. *

—શતક ૧૭, ઉદ્દે૦ ૧

* વધુ માટે જુઓ અનુયોગદ્વાર સૂત્ર પ. ૧૧૩–૧૨૭.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૬

રાજગૃહનગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! જીવ જીવત્વની અપેક્ષાએ પ્રથમ છે કે અપ્રથમ છે?

ઉ૦—હે ગૌતમ! તે પ્રથમ નથી, પણ અપ્રથમ છે. જે જીવે જે ભાવ પૂર્વે પ્રાપ્ત કરેલો છે, તેની અપેક્ષાએ તે અપ્રથમ કહેવાય છે, જેમકે જીવત્વ અનાદિ કાળથી જીવને પ્રાપ્ત થયેલું છે, માટે જીવત્વની અપેક્ષાએ જીવ અપ્રથમ છે. પરંતુ જે જીવ પૂર્વે અપ્રાપ્ત એવા જે ભાવને પ્રાપ્ત કરે, તેની અપેક્ષાએ તે પ્રથમ કહેવાય; જેમકે સિદ્ધત્વની અપેક્ષાએ સિદ્ધ પ્રથમ છે, કારણ કે સિદ્ધત્વ પૂર્વે જીવને પ્રાપ્ત થયેલું નથી. અનાહારક જીવનો અનાહારક ભાવ વિચારીએ તો જે જીવ સિદ્ધગતિમાં છે, તે સિદ્ધગતિના અનાહારક ભાવ કરતાં પ્રથમ છે : કારણ કે તેણે તે ગતિનું અનાહારકપણું પૂર્વે પ્રાપ્ત કર્યું નથી; પરંતુ વિગ્રહગતિને પ્રાપ્ત સંસારી જીવ અપ્રથમ છે, કારણ કે, તેણે વિગ્રહગતિમાં પૂર્વે અનાહારકપણું અનંત વાર પ્રાપ્ત કર્યું છે.

સમ્યગ્દૃષ્ટિજીવને સમ્યગ્દૃષ્ટિભાવ વડે વિચારીએ તો, જે જીવો પહેલી વાર જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે, તેઓ સમ્યગ્દૃષ્ટિભાવ કરતાં પ્રથમ છે; પરંતુ જેઓ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા બાદ ત્યાંથી પડીને તેને ફરી પ્રાપ્ત કરે છે, તેઓ અપ્રથમ છે. સમ્યગ્દૃષ્ટિભાવની અપેક્ષાએ સિદ્ધોને પણ પ્રથમ જાણવા; કારણ કે સિદ્ધત્વસહચરિત સમ્યગ્દર્શન મોક્ષગમન સમયે પ્રથમ પ્રાપ્ત થાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાદૃષ્ટિભાવની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ જીવ અપ્રથમ છે; કારણ કે મિથ્યાદર્શન અનાદિ છે.

સંયતજીવ અને મનુષ્યને સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રમાણે જાણવા [એ પ્રમાણે મૂળમાં અનેક બાબતોની અપેક્ષાએ પ્રથમતા–અપ્રથમતાનો વિચાર કરેલો છે].

— શતક ૧૮, ઉદ્દે૦ ૧

૭

લબ્ધિ

'તે તે પ્રતિબંધક કર્મના ક્ષયાદિથી આત્માને જ્ઞાનાદિ ગુણનો લાભ થવો તે લબ્ધિ કહેવાય.'

ગૌ૦—હે ભગવન્! લબ્ધિ કેટલા પ્રકારની કહી છે?

ભ૦—હે ગૌતમ! લબ્ધિ દશ પ્રકારની કહી છે:

૧. તથાવિધ જ્ઞાનાવરણ કર્મના ક્ષય કે ક્ષયોપશમથી યથાસંભવ પાંચ પ્રકારના જ્ઞાનનો લાભ થવો તે 'જ્ઞાનલબ્ધિ.' ૨. સમ્યક્, મિથ્યા કે મિશ્ર શ્રદ્ધાનરૂપ આત્માનો પરિણામ તે 'દર્શનલબ્ધિ.' ૩. ચારિત્રમોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી થયેલો આત્મપરિણામ તે 'ચારિત્રલબ્ધિ.' ૪. અપ્રત્યાખ્યાનાવરણ* કષાયના ક્ષયોપશમથી થયેલો દેશવિરતિરૂપ આત્મપરિણામ તે 'ચારિત્રાચારિત્રલબ્ધિ.' ૫–૯. દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી થતી લબ્ધિઓ અનુક્રમે, દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ,

* જુઓ આગળ પા. ૨૯, ટિ૦ ૫.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપભોગલબ્ધિ, અને વીર્યલબ્ધિ કહેવાય છે. ૧૦. મતિ-જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ ભાવેન્દ્રિયોનો તથા એકેન્દ્રિયાદિ જાતિનામકર્મ અને પર્યાપ્તનામકર્મના ઉદયથી દ્રવ્યેન્દ્રિયોનો લાભ થવો તે ઇંદ્રિયલબ્ધિ.

તેમાં જ્ઞાનલબ્ધિ જ્ઞાનના પાંચ પ્રકાર પ્રમાણે પાંચ પ્રકારની છે. અજ્ઞાનલબ્ધિ પણ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન અનુસાર ત્રણ પ્રકારની છે.

દર્શનલબ્ધિ ત્રણ પ્રકારની છે: ૧. મિથ્યાત્વ – મોહનીયકર્મના ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમથી થયેલ શ્રદ્ધાન-રૂપ આત્મપરિણામ તે સમ્યગ્દર્શન લબ્ધિ. ૨. અશુદ્ધ મિથ્યાત્વપુદ્ગલના વેદનથી થયેલ વિપર્યાસરૂપ જીવપરિણામ તે મિથ્યાદર્શનલબ્ધિ, અને ૩. અર્ધવિશુદ્ધ મિથ્યાત્વપુદ્ગલના વેદનથી ઉત્પન્ન થયેલ મિશ્ર રુચિરૂપ જીવપરિણામ તે સમ્યગ્મિથ્યાદર્શનલબ્ધિ.

ચારિત્રલબ્ધિ પાંચ પ્રકારની છે: ૧. હિંસાદિ સદોષ પ્રવૃત્તિથી વિરતિ તે 'સામાયિક ચારિત્ર.' તેના બે પ્રકાર છે: ઇત્વર અને યાવત્કથિક. ઇત્વર એટલે અલ્પકાલીન. તે ઇત્વર સામાયિક પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થને વિષે[1] પ્રથમ દીક્ષા લેનારને હોય છે. યાવત્કથિક એટલે

---

૧. પહેલા તીર્થંકરના મુનિઓ ઋજુજડ હતા એટલે તેમને ધર્મ સમજવો મુશ્કેલ હતો પણ પાળવો સહેલો હતો; જ્યારે અંતિમ તીર્થંકરના મુનિઓ વક્રજડ હતા; તેથી તેમને ધર્મ સમજવો સહેલો હતો, પણ પાળવો મુશ્કેલ હતો. જ્યારે વચગાળાના મુનિઓ ઋજુપ્રાજ્ઞ હતા. જુઓ ઉત્તરાધ્યયન અ. ૨૩, ૨૫–૭.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

યાવજ્જીવ. તે ચારિત્ર મધ્યમ બાવીશ તીર્થંકરના તીર્થને વિષે વર્તમાને સાધુઓને હોય છે; કેમકે તેઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તેઓને ચારિત્રમાં દોષનો સંભવ નથી; તેથી તેઓને પ્રથમથી જ યાવત્કથિક સામાયિક ચારિત્ર હોય છે.

૨. છેદોપસ્થાપનીય: પૂર્વના ચારિત્રપર્યાયનો છેદ કરીને ફરીથી મહાવ્રતોને અંગીકાર કરવાં તે. તેના બે પ્રકાર છે: સાતિચાર અને નિરતિચાર. ઇત્વરસામાયિકવાળા પ્રથમ દીક્ષિતને પુનઃ મહાવ્રતોનું આરોપણ કરે, અથવા બીજા તીર્થંકરના સાધુઓ બીજા તીર્થંકરના તીર્થમાં પ્રવેશ કરે, ત્યારે તેનું નિરતિચારચારિત્ર હોય છે. પરંતુ મહાવ્રતોનો મૂળથી ભંગ કરનાર સાધુ પુનઃ મહાવ્રતોનો સ્વીકાર કરે ત્યારે તે સાતિચાર કહેવાય છે. ૩. પરિહારવિશુદ્ધિ ચારિત્ર: તેમાં ગચ્છથી જુદા પડી નવ સાધુઓ આત્માની વિશુદ્ધિ અર્થે એક વિશિષ્ટ તપનો સ્વીકાર કરે છે. તેમાં ચાર તપ કરનારા, ચાર સેવા કરનારા અને એક ગુરુસ્થાને હોય છે. તપ કરનારાઓનું ઓછામાં ઓછું તપ આ પ્રમાણે છે: ગ્રીષ્મઋતુમાં ઓછામાં ઓછો એક ઉપવાસ, મધ્યમ બે ઉપવાસ અને વધારેમાં વધારે ત્રણ ઉપવાસ. શિશિર ઋતુમાં ઓછામાં ઓછા બે ઉપવાસ, મધ્યમ ત્રણ ઉપવાસ, અને વધારેમાં વધારે ચાર ઉપવાસ. અને વર્ષાઋતુમાં ઓછામાં ઓછા ત્રણ ઉપવાસ, મધ્યમ ચાર ઉપવાસ, અને વધારેમાં વધારે પાંચ ઉપવાસ. પારણામાં આયંબિલ કરવાનું (એટલે કે એક વખત ઘી વગેરે રસરહિત ખાવાનું તથા ગરમ પાણી પીવાનું) હોય છે. ચાર સેવા કરનારા અને ગુરુ રોજ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આયંબિલ કરે છે. આ પ્રમાણે છ માસ સુધી તપ કર્યા બાદ તપ કરનારાઓ સેવા કરે છે, અને સેવા કરનારા છ માસ તપ કરે છે. ત્યાર પછી ગુરુ એ પ્રમાણે છ માસ તપ કરે છે; બાકીનાઓમાંથી એક ગુરુ થાય છે, અને બીજા બધા સેવા કરે છે. એ પ્રમાણે ૧૮ માસ પૂરા થયા બાદ તેઓ ગચ્છમાં પાછા આવે છે, કે જિનકલ્પનો[૧] સ્વીકાર કરે છે.. પરિહારવિશુદ્ધિ ચારિત્ર તીર્થંકર કે કેવલજ્ઞાની પાસેથી જ લઈ શકાય છે; કે જેણે તીર્થંકર કે કેવલજ્ઞાની પાસે પૂર્વે લીધું હોય તેની પાસેથી લઈ શકાય છે. ૪. સૂક્ષ્મસંપરાય : જેમાં માત્ર સૂક્ષ્મ કષાય અને તે પણ લોભાંશનો ઉદય હોય છે તે સૂક્ષ્મસંપરાય. તેના બે પ્રકાર છે : વિશુધ્યમાનક અને સંક્લિશ્યમાનક. તેમાં વિશુધ્યમાનક, ક્ષપકશ્રેણી અને ઉપશમ-શ્રેણીએ ચડનારને હોય છે, અને સંક્લિશ્યમાનક ઉપશમ-શ્રેણીથી પડનારને હોય છે. ૫. યથાખ્યાત : સર્વથા કષાયોદયનો અભાવ જે ચારિત્રને વિષે હોય તે. તેના બે પ્રકાર છે : ઉપશમક – કષાયોનો ઉપશમ જેમાં હોય તે; અને ક્ષપક એટલે કષાયોનો ક્ષય જેમાં હોય તે.

ચારિત્રાચારિત્ર લબ્ધિ એક જ પ્રકારની છે.

વીર્યલબ્ધિ ત્રણ પ્રકારની છે : ૧ જેથી બાલ — સંયમ-રહિત અજ્ઞાની — ની અસંયમ – અજ્ઞાન – પૂર્વક કષ્ટદાયક અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ થાય, તે બાલવીર્યલબ્ધિ ૨. જેથી સંયમને વિષે પ્રવૃત્તિ થાય તે પંડિતવીર્યલબ્ધિ ૩. અને જેથી દેશવિરતિમાં પ્રવૃત્તિ થાય તે બાલપંડિતવીર્યલબ્ધિ.

---

૧. જિનકલ્પ એટલે કે જિનનો અતિ કઠોર આચાર.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંદ્રિયલબ્ધિ, ઇંદ્રિયોના પાંચ પ્રકાર પ્રમાણે પાંચ જાતની છે.

ગૌ૦—હે ભગવન્! દર્શનલબ્ધિવાળા જીવો જ્ઞાની હોય કે અજ્ઞાની?

ભ૦—હે ગૌતમ! તેઓ જ્ઞાની પણ હોય અને અજ્ઞાની પણ હોય. [દર્શન એટલે શ્રદ્ધાન. તેમાં જે શ્રદ્ધાન જ્ઞાનપૂર્વક હોય, તે સમ્યક્‌શ્રદ્ધાન; અને અજ્ઞાનપૂર્વક હોય તે મિથ્યાશ્રદ્ધાન છે. સમ્યક્‌શ્રદ્ધાવાળા જ્ઞાની છે, અને મિથ્યાશ્રદ્ધાનવાળા અજ્ઞાની છે.] જેઓ જ્ઞાની છે તેઓને પાંચ જ્ઞાન* વિકલ્પે હોય છે; અને જેઓ અજ્ઞાની છે, તેઓને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે.[૧]

દર્શનલબ્ધિ રહિત જીવો તો હોતા જ નથી; કારણકે સર્વ જીવને સમ્યક્, મિથ્યા કે મિશ્ર શ્રદ્ધાનમાંથી ગમે તે એક શ્રદ્ધાન હોય જ છે.

સમ્યગ્‌દર્શનલબ્ધિવાળા જીવોને વિકલ્પે પાંચ જ્ઞાન* હોય છે; અને સમ્યગ્‌દર્શનલબ્ધિરહિત જીવોને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે.[૧]

મિથ્યાદર્શનલબ્ધિવાળા જીવોને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે; અને મિથ્યાદર્શનલબ્ધિરહિત (સમ્યગ્‌દૃષ્ટિ અને

---

* એક સમયે કયાં કયાં જ્ઞાન સાથે હોઈ શકે વગેરેનું વર્ણન આ જીવવિભાગના બીજા પ્રકરણમાં આવી ગયું છે. પા. ૩૨૪.

૧. વિભંગજ્ઞાનલબ્ધિવાળાને અવશ્ય ત્રણ અજ્ઞાન હોય; બાકીનાને બે અજ્ઞાન હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મિશ્રદૃષ્ટિ) જીવોને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે.

મિશ્રદૃષ્ટિ જીવોને મિથ્યાદર્શનલબ્ધિવાળાની પેઠે જાણવા અને મિશ્રદૃષ્ટિરહિત જીવોને મિથ્યાદર્શનલબ્ધિરહિત જીવોની જેમ જાણવા.

ચારિત્રલબ્ધિવાળા જીવોને પાંચ જ્ઞાન વિકલ્પે જાણવાં અને ચારિત્રલબ્ધિરહિત જીવોને મનઃપર્યાયજ્ઞાન સિવાયનાં[૧] ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે જાણવાં.

સામાયિક ચારિત્રલબ્ધિવાળા જીવોને કેવલજ્ઞાન સિવાય[૨] ચાર જ્ઞાન વિકલ્પે હોય છે; અને સામાયિક ચારિત્રલબ્ધિરહિત જીવોને પાંચ જ્ઞાન[૩] અને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે.

તે પ્રમાણે યથાખ્યાતચારિત્ર સુધી સમજવું; પરંતુ તેની લબ્ધિવાળાને પાંચ જ્ઞાન વિકલ્પે જાણવાં.[૪]

ચારિત્રાચારિત્ર (દેશચારિત્ર) લબ્ધિવાળા જીવો જ્ઞાની છે પણ અજ્ઞાની નથી. તેમાં કેટલાક બે જ્ઞાન (મતિ અને શ્રુત) વાળા છે; અને કેટલાક ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત અને અવધિ) વાળા છે. ચારિત્રાચારિત્રલબ્ધિરહિત જીવોને

---

૧. કારણકે અવિરતિપણામાં પ્રથમનાં બે કે ત્રણ જ્ઞાન હોય છે; અને સિદ્ધપણામાં એક કેવલજ્ઞાન જ હોય છે.

૨. કારણકે યથાખ્યાતચારિત્રીને જ કેવલજ્ઞાન હોય છે.

૩. કારણકે સામાયિકચારિત્રની લબ્ધિરહિત જે જ્ઞાની જીવો છે તેઓને છેદોપસ્થાપનીયભાવે અને સિદ્ધભાવે પાંચ જ્ઞાન વિકલ્પે છે. તથા જે અજ્ઞાની છે, તેમને ત્રણ અજ્ઞાન વિકલ્પે છે.

૪. કારણકે યથાખ્યાતચારિત્રી છદ્મસ્થ કે કેવલી હોય એટલે તેને પાંચ જ્ઞાન વિકલ્પે હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિકલ્પે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. (એટલેકે જેઓ જ્ઞાની છે તેમને પાંચ જ્ઞાન, અને અજ્ઞાની છે તેમને ત્રણ અજ્ઞાન વિકલ્પે જાણવાં.)

દાનલબ્ધિવાળાને પાંચ જ્ઞાન[૧] અને ત્રણ અજ્ઞાન[૨] વિકલ્પે હોય છે. દાનલબ્ધિરહિત[૩] (સિદ્ધ) અવશ્ય એક કેવલજ્ઞાનવાળા જ છે. એ પ્રમાણે છેક વીર્યલબ્ધિ અને વીર્યલબ્ધિરહિત જીવો સુધી જાણવું.

બાલવીર્યલબ્ધિવાળા જીવોને ત્રણ[૪] જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે. અને બાલવીર્યલબ્ધિરહિત જીવોને પાંચ જ્ઞાન વિકલ્પે હોય છે.[૫]

પંડિતવીર્યલબ્ધિવાળાને વિકલ્પે પાંચ જ્ઞાન હોય છે; અને પંડિત વીર્યલબ્ધિરહિતને મનઃપર્યવજ્ઞાન સિવાય ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે.[૬]

---

૧. કારણ કે કેવલજ્ઞાની પણ દાનલબ્ધિયુક્ત છે.

૨. જ્ઞાનીને જ્ઞાન અને અજ્ઞાનીને અજ્ઞાન જાણવાં.

૩. તેમને દાનાન્તરાયનો ક્ષય છે, પણ દેવા લાયક વસ્તુના અભાવથી, પાત્રના અભાવથી અને દાનના પ્રયોજનના અભાવથી તેમને દાનલબ્ધિરહિત કહ્યા છે.

૪. બાલવીર્યલબ્ધિવાળા અસંયત (અવિરતિ) કહેવાય છે.

૫. કારણ કે બાલવીર્યલબ્ધિરહિત જીવો કાંતો સર્વવિરતિ હોય, દેશવિરતિ હોય, કે સિદ્ધ હોય.

૬. કારણ કે પંડિતવીર્યલબ્ધિરહિત કાંતો અસંયત હોય, કાંતો દેશસંયત હોય કે કાંતો સિદ્ધ હોય. તેમાં અસંયતને તો પ્રથમનાં ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય. દેશ-સંયતને ત્રણ જ્ઞાન વિકલ્પે હોય. અને સિદ્ધને એક કેવલજ્ઞાન

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બાલ-પંડિત વીર્યલબ્ધિવાળાને ત્રણ જ્ઞાન વિકલ્પે હોય છે; અને બાલ-પંડિતવીર્યલબ્ધિરહિત જીવોને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે.

ઇંદ્રિયલબ્ધિવાળા જીવોને વિકલ્પે ચાર[૧] જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. ઇંદ્રિયલબ્ધિરહિત જીવો અવશ્ય એક કેવલજ્ઞાનવાળા છે.

શ્રોત્રેન્દ્રિયલબ્ધિવાળાને ઇંદ્રિયલબ્ધિવાળાની પેઠે જાણવા. શ્રોત્રેન્દ્રિયલબ્ધિરહિત જીવોમાં જેઓ જ્ઞાની છે તેઓ કાંતો (મતિ-શ્રુત) બે જ્ઞાન[૨]વાળા છે; કે કાંતો (કેવલજ્ઞાનરૂપી) એક જ્ઞાનવાળા છે. અને જે અજ્ઞાની છે, તે બે (મતિ અને શ્રુત) અજ્ઞાનવાળા છે. નેત્રેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયલબ્ધિવાળાને શ્રોત્રેન્દ્રિયલબ્ધિવાળાની પેઠે જાણવા. તે પ્રમાણે ૦રહિતનું પણ જાણવું.

જિહ્વેંદ્રિયલબ્ધિવાળાને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય છે. જિહ્વેન્દ્રિયલબ્ધિરહિત જીવોમાં જે જ્ઞાની છે તેઓ અવશ્ય એક કેવલજ્ઞાની છે; અને જેઓ અજ્ઞાની છે[૩], તે (મતિ-શ્રુત) બે અજ્ઞાનવાળા છે.

હોય. મનઃપર્યવજ્ઞાન માત્ર પંડિતવીર્યલબ્ધિવાળાને હોય. સિદ્ધો પંડિતવીર્યલબ્ધિરહિત છે. કેમકે તેઓને અહિંસાદિ ધર્મવ્યાપારમાં પણ પ્રવૃત્તિ નથી.

૧. કારણ કે કેવલજ્ઞાનીને ઇંદ્રિયનો ઉપયોગ નથી.

૨. તે અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ વિકલેન્દ્રિય જીવો છે.

૩. એટલે કે એકેંદ્રિય જીવો; તેઓમાં સાસ્વાદન ન હોવાથી જ્ઞાનનો અભાવ છે, તેમ જ વિભંગનો પણ અભાવ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પર્શેન્દ્રિયલબ્ધિવાળાને ઇંદ્રિયલબ્ધિવાળાની પેઠે જાણવા. ૦રહિતનું પણ તેમ જ જાણવું.

— શતક ૮, ઉદ્દે૦ ૨

૮
યોગ

ગૌ૦—હે ભગવન્ ! યોગ (પ્રવૃત્તિ) ના કેટલા પ્રકાર છે ?

મ૦—હે ગૌતમ ! યોગના ત્રણ પ્રકાર કહ્યા છે: મનયોગ, વચનયોગ, અને કાયયોગ.

—શતક ૧૬, ઉદ્દે૦ ૧

ગૌ૦—હે ભગવન્ ! કેટલા પ્રકારનો યોગ કહ્યો છે ?

મ૦—હે ગૌતમ ! પંદર પ્રકારનો યોગ કહ્યો છે:

૧. સત્યમનોયોગ ૨. મૃષામનોયોગ ૩. સત્યમૃષા મનોયોગ ૪. અ-સત્ય અ-મૃષા મનોયોગ ૫. સત્ય વચનયોગ ૬. અસત્ય વચનયોગ ૭. સત્યમૃષા વચનયોગ ૮. અ-સત્ય અ-મૃષા વચનયોગ ૯. ઔદારિકશરીર કાયયોગ ૧૦. ઔદારિકમિશ્રશરીર કાયયોગ ૧૧. વૈક્રિયશરીર કાયયોગ ૧૨. વૈક્રિયમિશ્રશરીરકાયયોગ ૧૩. આહારકશરીરકાયયોગ ૧૪. આહારકમિશ્રશરીર કાયયોગ અને ૧૫. કાર્મણશરીર કાયયોગ.

[ઔદારિકમિશ્રાદિ કાયયોગોની સમજ આ પ્રમાણે છે: ઔદારિક કાયયોગ તો પર્યાપ્તને જ હોય. ઔદારિક શરીર ઉત્પત્તિ સમયે અપૂર્ણાવસ્થામાં કાર્મણ સાથે મિશ્ર થાય છે, ત્યારે તે 'ઔદારિક મિશ્ર' કહેવાય છે. એ અપર્યાપ્તને જ હોય. વળી પરભવમાં ઉત્પત્તિ સમયે જીવ પ્રથમ કાર્મણયોગ વડે આહાર કરે; પછી જ્યાં સુધી શરીર

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નિષ્પન્ન ન થાય ત્યાં સુધી ઔદારિક મિશ્ર યોગ વડે આહાર કરે. વળી, ઔદારિક શરીરવાળો જ્યારે વૈક્રિય શરીર કરે, ત્યારે, જ્યાં સુધી વૈક્રિય શરીર પૂર્ણ ન કરે, ત્યાં સુધી વૈક્રિયની સાથે ઔદારિક શરીરની મિશ્રતા હોવાથી ઔદારિક મિશ્ર કાયપ્રયોગ જાણવો.

વૈક્રિયમિશ્રકાયપ્રયોગ દેવ અને નારકમાં ઉત્પન્ન થતા અપર્યાપ્તને જ હોય. અહીં વૈક્રિયની મિશ્રતા કાર્મણ સાથે છે. વળી વૈક્રિય શરીરનો ત્યાગ કરી, ઔદારિકને ગ્રહણ કરતા ઔદારિક શરીરવાળાને વૈક્રિયની પ્રધાનતા હોવાથી વૈક્રિયની મિશ્રતા છે.

આહારક મિશ્રની મિશ્રતા ઔદારિકની સાથે હોય છે. આહારક શરીરી પોતાનું કામ પૂરું કરી જ્યારે આહારકને ત્યાગવા લાગે, અને ઔદારિકને ગ્રહણ કરી રહે ત્યાં સુધી તે હોય છે.

કાર્મણશરીરકાયપ્રયોગ વિગ્રહગતિમાં સર્વ સંસારી જીવોને હોય છે. પૂર્વદેહથી મળેલી ગતિ વાંક સુધી જ પહોંચે છે. ત્યાંથી આગળ જવા બીજા પ્રયત્નની જરૂર પડે છે. તે વખતે બીજું કોઈ શરીર તો હોતું નથી, તેથી કાર્મણ શરીરના પ્રયત્નથી જીવ આગળ ગતિ કરે છે. વળી સમુદ્‌ઘાત કરતા કેવલજ્ઞાનીને ત્રીજા, ચોથા અને પાંચમા સમયે[1] તે કાયયોગ હોય છે.

---

૧. તેની વિગતો માટે જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક, પા. ૧૩૩.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! ઓછામાં ઓછા (જઘન્ય) કે વધારેમાં વધારે (ઉત્કૃષ્ટ) એ પંદર પ્રકારના યોગોમાં કયો યોગ કોનાથી વિશેષાધિક છે?

ભ૦—હે ગૌતમ! કાર્મણશરીરનો જઘન્ય યોગ સૌથી અલ્પ છે; તેથી ઔદારિકમિશ્રનો જઘન્ય યોગ અસંખ્યાતગણો છે. તેથી વૈક્રિયમિશ્રનો જઘન્ય યોગ અસંખ્યાતગણો છે. તેથી ઔદારિક શરીરનો જઘન્ય યોગ અસંખ્યાતગણો છે. તેથી વૈક્રિય શરીરનો જઘન્યયોગ અસંખ્યાતગણો છે. તેથી કાર્મણ શરીરનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણો છે. તેથી આહારક મિશ્રનો જઘન્ય યોગ અસંખ્યાતગણો છે. તેથી આહારક શરીરનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણો છે. તેથી ઔદારિકમિશ્ર અને વૈક્રિયમિશ્રનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણો અને પરસ્પર સમાન છે. તેથી અસત્ય-અમૃષા મનોયોગનો જઘન્ય યોગ અસંખ્યાતગણો છે. તેથી આહારક શરીરનો જઘન્યયોગ અસંખ્યાતગણો છે. તેથી ત્રણ પ્રકારના મનોયોગ અને ચાર પ્રકારના વચનયોગ અસંખ્યાતગણા અને પરસ્પર તુલ્ય છે. તેથી આહારક શરીરનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણો છે. તથા, તેથી ઔદારિક શરીર, વૈક્રિયશરીર, ચાર પ્રકારના મનોયોગ અને ચાર પ્રકારના વચનયોગ—એ દસનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગણો અને પરસ્પર તુલ્ય હોય છે.

ગૌ૦—હે ભગવન્! તે એમ જ છે, હે ભગવન્! તે એમ જ છે.

— શતક ૨૫, ઉદ્દે૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૯

કષાય

ગૌ૦—હે ભગવન્! કષાય કેટલા છે?

મ૦—હે ગૌતમ! કષાય ચાર છે: ક્રોધ, માન, માયા, અને લોભ.

ગૌ૦—હે ભગવન્! ક્રોધનાં સ્થાન કેટલા પ્રકારનાં છે?

મ૦—હે ગૌતમ! ચાર પ્રકારનાં છે: પોતાની જાત; બીજાની જાત; બંનેની જાત; અને અપ્રતિષ્ઠિત (કોઈના ઉપર નહીં તેવો)

એ પ્રમાણે માન, માયા અને લોભ વિષે પણ જાણવું.

ગૌ૦—હે ભગવન્! કયાં કયાં કારણો વડે ક્રોધ થાય છે?

મ૦—હે ગૌતમ! ક્ષેત્રને કારણે, વસ્તુને કારણે, શરીરને કારણે, અને સાધનસામગ્રીને કારણે. એ પ્રમાણે માન, માયા અને લોભનું પણ જાણવું.

ગૌ૦—હે ભગવન્! ક્રોધ કેટલા પ્રકારનો છે?

મ૦—હે ગૌતમ! ચાર પ્રકારનો છે: અનંતાનુબંધી (સમ્યકત્વ ગુણનો જ નાશ કરી અનંત ભવ ભટકાવનાર); અપ્રત્યાખ્યાન (દેશવિરતિ ગુણનો વિઘાત કરનાર); પ્રત્યાખ્યાનાવરણ (સર્વવિરતિગુણવિઘાતી); અને સંજ્વલન (યથાખ્યાત ચારિત્રનો વિઘાતક). એ પ્રમાણે માન, માયા અને લોભનું પણ જાણવું.

ગૌતમ૦—હે ભગવન્! ક્રોધ કેટલા પ્રકારનો છે?

મ૦—હે ગૌતમ! પૂરતું કારણ સમજીને કરેલો (આભોગનિર્વર્તિત); ગુણદોષની વિચારણા વિના જ કરેલો

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

(અનાભોગનિર્વર્તિત); ઉપશાન્ત (અનુદયાવસ્થાવાળો); અને અનુપશાન્ત (ઉદયાવસ્થાવાળો).

ગૌ૦—હે ભગવન્! જીવો કયાં સ્થાનો[૧] વડે આઠે કર્મપ્રકૃતિઓ બાંધે છે?

મ૦—હે ગૌતમ! ચાર સ્થાનો વડે આઠે કર્મપ્રકૃતિઓ બાંધે છે: ક્રોધ વડે, માન વડે, માયા વડે અને લોભ વડે.

—શતક ૧૮, ઉદ્દે૦ ૪

૧૦
વેદના
૧

ગૌ૦—હે ભગવન્! વેદના કેટલા પ્રકારની છે?

મ૦—હે ગૌતમ! વેદના ત્રણ પ્રકારની છે: શીત, ઉષ્ણ, અને શીતોષ્ણ.

ગૌ૦—હે ભગવન્! નૈરયિકો કઈ વેદના અનુભવે છે?

મ૦—હે ગૌતમ! શીત વેદના પણ અનુભવે છે, અને ઉષ્ણ પણ અનુભવે છે.[૨] પરંતુ શીતોષ્ણ વેદના નથી અનુભવતા. અસુરકુમારો ત્રણે વેદનાઓ અનુભવે છે.[૩] એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.

---

૧. અહીં સ્થાન એટલે પાપકર્મનું સ્થાન સમજવું.

૨. પછીના આઠમા પ્રકરણમાં ત્રીજા યોનિવિભાગમાં જણાવ્યા પ્રમાણે. પા. ૪૧૪.

૩. તે તે પ્રકારના પુદ્ગલોનો સ્પર્શ થાય ત્યારે. જેમકે રત્નાદિ વખતે શીત ઇ૦. ઉષ્ણ વેદનાનું તેમને બીજું કારણ એ છે કે, જ્યારે વધારે પ્રભાવવાળો દેવ ગુસ્સે થઈને તેમને જુએ ત્યારે તેમને ઉષ્ણ વેદના થાય છે. જુઓ ઈશાનેંદ્રની કથામાં. પા. ૧૯૪.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વીકાયિકો પણ ત્રણે વેદના અનુભવે છે. તે પ્રમાણે મનુષ્ય સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! વેદના કેટલા પ્રકારની છે?

મ૦—હે ગૌતમ! વેદના ચાર પ્રકારની છે: દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી. [પુદ્ગલ દ્રવ્યના સંબંધની અપેક્ષાએ દ્રવ્યવેદના; નારકાદિ ઉપપાતક્ષેત્રની અપેક્ષાએ ક્ષેત્રવેદના; નારકાદિ ભવકાલની અપેક્ષાએ કાલવેદના; અને વેદનીયકર્મના ઉદયથી થતા ઉત્પાદની અપેક્ષાએ ભાવવેદના.] આ ચારે વેદના નૈરયિકથી માંડીને બધાને હોય છે.

ગૌ૦—હે ભગવન્! વેદના કેટલા પ્રકારની છે?

મ૦—હે ગૌતમ! વેદના ત્રણ પ્રકારની છે: શારીરિક, માનસિક અને શારીરિક-માનસિક. આ વેદનાઓ પણ બધાને હોય છે; પરંતુ તેમાં વિશેષ એ કે, એકેંદ્રિય અને વિકલેંદ્રિય જીવો માત્ર શારીરિક વેદના જ અનુભવે છે; કારણ કે તેમને મનનો અભાવ છે.

ગૌ૦—હે ભગવન્! વેદના કેટલા પ્રકારની છે?

મ૦—હે ગૌતમ! વેદના ત્રણ પ્રકારની છે: (સુખરૂપ) સાતા, (દુઃખરૂપ) અસાતા અને સાતા-અસાતા. બધા જીવોને[1] ત્રણે વેદનાઓ હોય છે.

---

૧. નૈરયિકોમાં તો અસાતાવેદના જ હોય છે; પરંતુ તીર્થંકરના જન્માદિકાલે તેમને સાતાવેદના માની છે; ઉપરાંત પૂર્વજન્મનો સંબંધી દેવ વા અસુર વચનામૃતોથી તેને સિંચે છે, ત્યારે મનમાં તે સાતાવેદના અનુભવે છે, અને શરીરે તો ક્ષેત્રના પ્રભાવથી અસાતાવેદના અનુભવે છે; ઉપરાંત તે દેવાદિના દર્શનથી અને તેના વચનશ્રવણથી મનમાં તે સાતાવેદના પણ અનુભવે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! વેદના કેટલા પ્રકારની છે?

મ૦—હે ગૌતમ! વેદના ત્રણ પ્રકારની છે: દુઃખરૂપ, સુખરૂપ[૧] અને અદુઃખ-અસુખરૂપ. તે પણ બધા જીવોને છે.

ગૌ૦—હે ભગવન્! વેદના કેટલા પ્રકારની છે?

મ૦—હે ગૌતમ! વેદના બે પ્રકારની છે:

આભ્યુપગમિકી (પોતે જાણીને સ્વીકારેલી: જેમકે સાધુઓ વાળ ટૂંપાવે તે) અને ઔપક્રમિકી (પોતાનાં વેદનીય કર્મના ફળ રૂપે પ્રાપ્ત થતી.) તેમાં પંચેંદ્રિય તિર્યંચો અને મનુષ્યોને બંને વેદનાઓ હોય[૨] છે. બાકીના ઔપક્રમિકી જ અનુભવે છે.

ગૌ૦—હે ભગવન્! વેદના કેટલા પ્રકારની છે?

મ૦—હે ગૌતમ! વેદના બે પ્રકારની છે: નિદા (સમ્યગ્ વિવેકવાળી) અને અનિદા (સમ્યગ્ વિવેક વિનાની.)

નૈરયિકો બે પ્રકારના છે: સંજ્ઞી અને અસંજ્ઞી. તેમાં સંજ્ઞી નૈરયિકોને તો પૂર્વનું બધું સ્મરણ હોય છે, તેથી તેઓ

છે અને પશ્ચાત્તાપના અનુભવથી અસાતા પણ અનુભવે છે; એમ સાતા-અસાતા વેદના પણ અનુભવે છે. દેવો સામાન્ય રીતે સાતા-વેદનાવાળા છે; પરંતુ ચ્યવનકાળે અસાતાવેદનાવાળા છે; અને પોતાના વિભવનું સુખ ભોગવતી વખતે અન્યની વિભૂતિ દેખી સાતા-અસાતા વેદના અનુભવે છે.

૧. પૂર્વે જણાવેલ સાતા-અસાતામાં અને આમાં ફેર એટલો છે કે, કર્મના ઉદયને લીધે જે દુઃખ સુખ પ્રાપ્ત થાય તે સાતા-અસાતા કહેવાય; અને જે સુખદુઃખ બીજા વડે કરાયાં હોય તે સુખ-દુઃખ કહેવાય.

૨. કારણ કે તેઓ કર્મનો ક્ષય કરવા આભ્યુપગમિકીવાળા પણ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નિદા વેદનાને અનુભવે છે. બાકીના અનિદાને. એ પ્રમાણે અસુરકુમારથી માંડી સ્તનિતકુમાર સુધીનાને તેમ જ વાન-વ્યંતરોને પણ જાણવું. કારણ કે તેઓમાં સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે વર્ગ છે. પૃથ્વી, અપ્, તેજ, વાયુ, વનસ્પતિ, બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા તથા સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચો અને મનુષ્યોને પણ નૈરયિક જેવા જાણવા.[1]

જ્યોતિષ્કો સંજ્ઞી જ હોય છે; પરંતુ તેઓમાં માયિ-મિથ્યાદૃષ્ટિ[2] અને અમાયિસમ્યગ્દૃષ્ટિ એવા બે વર્ગો છે. તેમાં માયિ-મિથ્યાદૃષ્ટિઓ "વિપરીત જ્ઞાનવાળા હોવાને કારણે 'વ્રતનો ભંગ કરવાથી કે અજ્ઞાનયુક્ત તપને લીધે અમે આ પ્રમાણે ઉત્પન્ન થયા છીએ' એવું નથી જાણતા. તેથી સમ્યગ્ – યથાવસ્થિત – પરિજ્ઞાનના અભાવથી" અનિદા વેદનાને અનુભવે છે, અને અમાયિમિથ્યાદૃષ્ટિઓ 'યથાવસ્થિત સ્વરૂપ જાણતા હોવાને લીધે જે કાંઈ અનુભવે છે તે,' નિદા વેદના જ અનુભવે છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

— શતક ૧૦, ઉદ્દે૦ ૨

૨

ગૌ૦—હે ભગવન્! નારકો કેટલા પ્રકારની વેદનાઓ અનુભવ કરતા હોય છે?

---

૧. કેમકે સંમૂર્છિમ મનુષ્યાદિ મન વિનાના હોવાથી અનિદાને જ અનુભવે છે.

૨. માયાયુક્ત (માયિ) હોવાથી મિથ્યા – વિપરીત છે દૃષ્ટિ – વસ્તુતત્ત્વનું જ્ઞાન – જેમનું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! દશ પ્રકારની વેદનાઓ અનુભવતા હોય છે: શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા, કંડૂ–ખરજ, પરતંત્રતા, જ્વર, દાહ, ભય અને શોક.

— શતક ૭, ઉદ્દે૦ ૮

૧૧

ઉપયોગ

ઉપયોગ એટલે બોધરૂપ વ્યાપાર. જેમાં ચેતનાશક્તિ હોય તેમાં બોધક્રિયા થઈ શકે; ચેતનાશક્તિ આત્મામાં જ છે; જડમાં નહીં.

ગૌ૦—હે ભગવન્! ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે?

મ૦—હે ગૌતમ! બે પ્રકારનો કહ્યો છે: સાકાર અને નિરાકાર.

જે બોધ ગ્રાહ્ય વસ્તુને વિશેષરૂપે જાણે તે સાકાર ઉપયોગ છે; અને જે બોધ ગ્રાહ્ય વસ્તુને સામાન્યરૂપે જાણે તે નિરાકાર ઉપયોગ છે. સાકારને 'જ્ઞાન' અથવા સવિકલ્પક બોધ કહે છે, અને નિરાકારને 'દર્શન' અથવા નિર્વિકલ્પક બોધ કહે છે.

તેમાં સાકાર ઉપયોગ અથવા જ્ઞાનના આઠ પ્રકાર છે: મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન.*

---

* સમ્યક્ત્વ વિનાનાં મતિ, શ્રુત અને અવધિજ્ઞાન તે અનુક્રમે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન કહેવાય છે. મનઃપર્યાય અને કેવળ એ બે જ્ઞાન સમ્યક્ત્વ સિવાય થતાં જ નથી; તેથી તેમના પ્રતિપક્ષીનો સંભવ નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નિરાકાર ઉપયોગ અથવા 'દર્શન'ના ચાર ભેદ છે: ૧. જે સામાન્ય બોધ નેત્રજન્ય હોય, તે ચક્ષુર્દર્શન; જે સામાન્ય બોધ નેત્ર સિવાય બીજી કોઈ પણ ઇંદ્રિય અથવા મનથી થાય છે તે અચક્ષુર્દર્શન. ૩. અવધિલબ્ધિથી મૂર્ત પદાર્થોનો સામાન્ય બોધ તે અવધિદર્શન, અને ૪. કેવળ-લબ્ધિથી થતો સમસ્ત પદાર્થોનો સામાન્ય બોધ તે કેવળદર્શન કહેવાય છે.[૧]

— શતક ૧૬, ઉદ્દે૦ ૭

૭: જીવ અને લેશ્યા

૧

'લિશ્—એટલે ચોટવું. લેશ્યા એટલે જે વડે કર્મ આત્મા સાથે ચોટે તે. અર્થાત્ આત્માનો એક પ્રકારનો શુભ કે અશુભ પરિણામ. પ્રશ્ન એ છે કે, લેશ્યા એ લાગણી કે વૃત્તિરૂપ છે કે અણુરૂપ છે? પ્રજ્ઞાપનાની ટીકામાં જણાવ્યું[૨] છે કે લેશ્યા એ અણુરૂપ છે. તો બીજો સવાલ એ થાય છે કે, અણુઓ આઠ પ્રકારના છે;[૩] તેમાં કઈ જાતિમાં લેશ્યાનાં અણુઓનો સમાવેશ થાય છે? શ્રી મલય-

---

૧. દર્શનોમાં કેવળદર્શન સમ્યક્ત્વ સિવાય થતું નથી. પરંતુ બાકીનાં ત્રણ, સમ્યક્ત્વનો અભાવ હોય તો પણ થાય છે. છતાં તેનાં પ્રતિપક્ષી ત્રણ દર્શન ન કહેવાનું કારણ એ છે કે, દર્શન એ માત્ર સામાન્ય બોધ છે. તેથી સમ્યક્ત્વી અને મિથ્યાત્વીનાં દર્શનો વચ્ચે કોઈ ભેદ વ્યવહારમાં બતાવી શકાતો નથી.

૨. પૃ. ૩૩૦, પદ ૧૭.

૩. જુઓ આગળ પા. ૩૬૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગિરિજી જણાવે છે કે, લેશ્યાનાં અણુઓનો કાયિક, વાચિક અને માનસિક અણુઓમાં સમાવેશ થાય છે. જેમ દધિભોજન નિદ્રાને, અને પિત્તવૃદ્ધિ કે પ્રકોપને ઉત્તેજે છે, તેમ એ લેશ્યાનાં અણુઓ ઉદ્‌ભૂત થયેલા કષાયને ઉત્તેજે છે. જ્યાંસુધી આપણામાં જરા પણ કાષાયિક વૃત્તિ વિદ્યમાન હોય છે, ત્યાંસુધી તેને લેશ્યાનાં અણુઓ ટેકો આપે છે. અને એ વૃત્તિનો સમૂળ નાશ થયે એ અણુઓ અકિંચિત્કર થાય છે. એમનું કામ અસત્ કષાયને પેદા કરવાનું નથી.'

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! લેશ્યાઓ કેટલી કહી છે?

મ૦—હે ગૌતમ! લેશ્યાઓ છ કહી છે: કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ્, પદ્મ અને શુકલ.

[તેમાંની પ્રથમ ત્રણ અધર્મ લેશ્યાઓ છે; અને પછીની ત્રણ ધર્મ લેશ્યાઓ છે. અધર્મલેશ્યાથી જીવ દુર્ગતિ પામે છે, અને ધર્મલેશ્યાથી સુગતિ પામે છે.

હિંસાદિ* પાંચ મહાપાપયુક્ત, મન-વાણી-કાયાનું સંરક્ષણ ન કરનારો, પૃથ્વી—પાણી વગેરે છ જીવવર્ગોમાં અવિરત, ઉત્કટ દોષપ્રવૃત્તિઓમાં મચ્યેલો રહેતો, ક્ષુદ્ર, સાહસિક, આ લોક અને પરલોકની કશાની પરવા ન કરનારો, નૃશંસ અને અજિતેંદ્રિય માણસ કૃષ્ણ લેશ્યાવાળો હોય છે.

ઈર્ષા, અમર્ષ, તપનો અભાવ, અવિદ્યા, માયા, નિર્લજ્જતા, વિષયલંપટતા, અને પ્રદ્વેષથી યુક્ત; શઠ, પ્રમત્ત, રસલોલુપ, ઇંદ્રિયસુખાભિલાષી, વિવિધ પાપપ્રવૃત્તિઓમાંથી

* ઉત્તરાધ્યાન. અ. ૩૪, શ્લો. ૨૧–૩૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિરત ન થયેલો, ક્ષુદ્ર અને સાહસિક – એવો માણસ નીલ લેશ્યાવાળો હોય છે.

વાંકુ બોલનારો, વાંકું આચરનારો, શઠ, અસરલ, પોતાના દોષ ઢાંકનાર, કપટયુક્ત, વિપરીત શ્રદ્ધાવાળો, અનાર્ય, બીજાનું મર્મ ચિરાઈ જાય તેવું દુષ્ટ બોલનારો, ચોર અને મત્સરયુક્ત – એવો માણસ કાપોત લેશ્યાવાળો હોય છે.

નમ્ર, અચપલ, અમાયી, અકુતૂહલી, વિનયી, ઇંદ્રિય-નિગ્રહી, યોગવાન, ઉપધાનવાન,[1] ધર્મપ્રિય, દૃઢધર્મી પાપભીરુ, અને સર્વનો હિતૈષી એવો માણસ તેજોલેશ્યાવાળો હોય છે.

જેનાં ક્રોધ, માન, માયા અને લોભ બહુ ઓછાં થઈ ગયાં છે તેવો, પ્રશાંતચિત્ત, આત્માનું દમન કરનારો, યોગવાન, ઉપધાનવાન, સ્વલ્પભાષી, ઉપશાંત તથા જિતેંદ્રિય – એવો માણસ પદ્મલેશ્યાવાળો હોય છે.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બેને છોડીને ધર્મધ્યાન અને શુક્લધ્યાન ધ્યાનારો, પ્રશાંતચિત્ત, આત્માનું દમન કરનારો, પાંચ સત્પ્રવૃત્તિઓ (સમિતિઓ) વાળો, મન-વાણી-કાયાનું સંગોપન કરનારો તથા ઉપશાંત અને જિતેંદ્રિય – એવો પુરુષ શુક્લલેશ્યાવાળો હોય છે.]

કૃષ્ણલેશ્યા નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, ભુવનપતિ અને વાનવ્યંતર દેવોને હોય છે. તેનો રંગ મેઘ જેવો કાળો, રસ લીંબડા વગેરે જેવો અનંતગણો કડવો, ગંધ દુર્ગંધી, અને સ્પર્શ કર્કશ હોય છે. તેની સ્થિતિ ઓછામાં ઓછી

---

૧. સ્વાધ્યાય માટે વિહિત તપ કરનારો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અર્ધમુહૂર્ત અને વધારેમાં વધારે ૩૩ સાગરોપમ ઉપરાંત એક મુહૂર્ત છે,

નીલલેશ્યા નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, ભુવનપતિ અને વ્યંતરોને હોય છે. તેનો રંગ ભમરા જેવો નીલો, રસ સૂંઠ વગેરે જેવો અનંતગણો તીખો, ગંધ દુર્ગંધી અને સ્પર્શ કર્કશ હોય છે. તેની સ્થિતિ ઓછામાં ઓછી અર્ધમુહૂર્ત અને વધારેમાં વધારે ૧૦ સાગરોપમ ઉપરાંત પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે.

કાપોતલેશ્યા પણ નીલ લેશ્યાવાળા જેટલાઓને હોય છે. તેનો રંગ પારેવાની ડોક[૧] જેવો, તેનો રસ કાચા બોર જેવો અનંતગણો ખાટો, તેનો ગંધ દુર્ગંધી અને સ્પર્શ કર્કશ છે. તેની સ્થિતિ ઓછામાં ઓછી અર્ધમુહૂર્ત અને વધારેમાં વધારે ત્રણ સાગરોપમ ઉપરાંત પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે.

તેજોલેશ્યા તિર્યંચ, મનુષ્ય અને દેવને હોય છે; તેનો રંગ સસલાના લોહી જેવો રાતો, તેનો રસ અનંતગણો[૨] મીઠો, તેનો ગંધ સુગંધી, અને તેનો સ્પર્શ કોમળ છે. તેની સ્થિતિ ઓછામાં ઓછી અર્ધમુહૂર્ત અને વધારેમાં વધારે બે સાગરોપમ ઉપરાંત પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે.

---

૧ પ્રજ્ઞાપના, પદ ૧૭માં જણાવ્યા પ્રમાણે બેરસાર વગેરે જેવો.

૨. પ્રજ્ઞાપના પદ ૧૭માં જણાવ્યા પ્રમાણે પાકી કેરી વગેરેની પેઠે ખાટો અને ગળ્યો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પદ્મલેશ્યા તિર્યંચ, મનુષ્ય અને વૈમાનિક દેવોને હોય છે. તેનો રંગ હળદર[૧] જેવો, તેનો રસ અનંતગણો[૨] મધુર, તેનો ગંધ સુગંધી અને તેનો સ્પર્શ કોમળ છે. તેની સ્થિતિ ઓછામાં ઓછી અર્ધમુહૂર્ત અને વધારેમાં વધારે ૧૦ સાગરોપમ ઉપરાંત એક મુહૂર્ત છે.

શુક્લલેશ્યા પણ પદ્મલેશ્યાવાળા જેટલાઓને[૩] હોય છે. તેનો રંગ શંખ વગેરે જેવો ધોળો, તેનો રસ ગોળ વગેરેની પેઠે અનંતગણો સ્વાદુ, તેનો ગંધ સુગંધી તથા તેનો સ્પર્શ કોમળ હોય છે. તેની ઓછામાં ઓછી સ્થિતિ અર્ધમુહૂર્ત અને વધારેમાં વધારે સ્થિતિ ૩૩ સાગરોપમ ઉપરાંત એક મુહૂર્ત છે.

બધી લેશ્યાઓનો પરિણામ (એટલે કે ન્યૂનાધિકતા વા તીવ્રતા મંદતા) ઘણો અને ઘણા પ્રકારનો હોય છે.

તેમનાં સ્થાન[૪] એટલે કે નિમિત્તો પણ અસંખ્ય હોય છે. ને તે દરેકમાં પુનર્જન્મ લેશ્યાની ઉત્પત્તિ થયા પછી એક મુહૂર્ત અથવા લેશ્યાનો અંત થવાને એક મુહૂર્ત બાકી હોય.

---

૧. પ્રજ્ઞાપના પદ ૧૭ પ્રમાણે ચંપક જેવો.

૨. ચંદ્રપ્રભા મદ્યની પેઠે તીખો–કષાયલો–મધુર. પ્રજ્ઞાપના પદ ૧૭.

૩. છયે લેશ્યાના અધિકારીઓ બાબત જુઓ શતક ૩, ઉદ્દે૦ ૪.

૪. દ્રવ્યાર્થપણે લેશ્યાઓમાં ઓછામાં ઓછાં સ્થાનોની સરખામણી આ પ્રમાણે છે: કાપોતલેશ્યાનાં સૌથી થોડાં; નીલ-લેશ્યાનાં તેથી અસંખ્યગણાં; કૃષ્ણ લેશ્યાનાં તેથી અસંખ્યગણાં, તેજોલેશ્યાનાં તેથી અસંખ્યગણાં, પદ્મલેશ્યાનાં તેથી અસંખ્યગણાં અને શુક્લલેશ્યાનાં તેથી પણ અસંખ્યગણાં.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે સંભવે છે. મનુષ્યો અને તિર્યંચોની આખી જિન્દગી સુધી એક જ લેશ્યા કાયમ હોતી નથી. નિમિત્તવશાત્ તે બદલાયા કરે છે. જે દેહધારી મરણોન્મુખ હોય છે તેનું મરણ તદ્દન છેવટની એવી લેશ્યામાં થઈ શકે છે કે જે લેશ્યા સાથે એનો સંબંધ ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત સુધી તો રહ્યો હોય. અર્થાત્ કોઈ પણ પ્રાણી લેશ્યાના સંપર્કની પહેલી પળે જ મરી શકતો નથી. કિંતુ જ્યારે એની કોઈ લેશ્યા નિશ્ચિત થાય છે, ત્યારે જ એ એના જૂના દેહને છોડી નૂતન દેહ તરફ જઈ શકે છે. અને લેશ્યાને નિશ્ચિત થતાં ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત તો લાગે છે. તેથી જ કહ્યું છે કે, જ્યારે લેશ્યાના સંપરિણામનો પહેલો સમય હોય, ત્યારે કોઈ પણ જીવનો પરભવમાં જન્મ થતો નથી; તેમ જ જ્યારે લેશ્યાના સંપરિણામનો છેલ્લો સમય હોય, ત્યારે પણ કોઈ જીવનો પરભવમાં જન્મ થતો નથી. લેશ્યાનો સંપરિણામ થયાને અંતર્મુહૂર્ત વીત્યા પછી કે અંતર્મુહૂર્ત બાકી રહ્યા પછી જ જીવો પરલોકમાં જાય છે. પરંતુ આ હકીકત માત્ર મનુષ્ય અને તિર્યંચોને જ બંધ બેસતી છે. દેવો તથા નારકો માટે તો આ પ્રમાણે છે: દેવ અને નારકોની કોઈ પણ લેશ્યા આખી જિંદગી સુધી એકસરખી જ રહે છે. તેઓ તો જ્યારે મરણોન્મુખ હોય છે, ત્યારે તેઓની લેશ્યાનો અંત આવવાને હજુ અંતર્મુહૂર્ત બાકી રહેલું હોય છે. તેથી તેઓ જે લેશ્યામાં હોય છે તે જ લેશ્યામાં પુનર્જન્મ ગ્રહણ કરે છે. *

* ટીકામાંથી કેટલીક વધુ વિગતો જુદી તારવી છે: ૧. કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાવાળામાં સંયતપણું સંભવિત નથી;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! નૈરયિકોને કેટલી લેશ્યાઓ હોય છે?

ભ૦—હે ગૌતમ! કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ. તિર્યંચયોનિકોને છયે હોય છે; એકેંદ્રિયોને કૃષ્ણ, નીલ, કાપોત અને તેજ એ ચાર હોય છે; પૃથ્વીકાયિકોને, અપ્કાયિકોને, અને વનસ્પતિકાયિકોને પણ એ જ પ્રમાણે જાણવું. તેજ, વાયુ, બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય, અને ચાર ઇંદ્રિયોને નૈરયિકો પ્રમાણે જાણવું.

પંચેંદ્રિય તિર્યંચોને છયે લેશ્યા જાણવી. સંમૂર્છિમ પંચેંદ્રિયતિર્યંચયોનિકોને નૈરયિકો પ્રમાણે જાણવી. ગર્ભજ પંચેંદ્રિયતિર્યંચયોનિકોને છ લેશ્યાઓ; તિર્યંચયોનિની માદાઓને છ લેશ્યાઓ; મનુષ્યોને છ લેશ્યાઓ; સંમૂર્છિમ મનુષ્યોને નૈરયિકો પ્રમાણે; ગર્ભજ મનુષ્યોને છ લેશ્યાઓ; મનુષ્ય સ્ત્રીઓને છ; દેવોને પણ છ; દેવીઓને કૃષ્ણ, નીલ, કાપોત અને તેજ એ ચાર; ભવનવાસીઓને, ભવનવાસિનીઓને, વાનવ્યંતર દેવોને તથા વાનવ્યંતરદેવીઓને પણ એ ચાર;

તેજોલેશ્યા અને પદ્મલેશ્યામાં વીતરાગપણું સંભવતું નથી; પણ શુક્લમાં જ સંભવે છે. ૨. સિદ્ધો લેશ્યારહિત જ હોય છે. —શતક ૧, ઉદ્દે૦ ૧. ૩. નારકોને, વિકલેંદ્રિયોને, તથા તેજકાય અને વાયુકાય જીવોને પ્રથમની ત્રણ જ લેશ્યાઓ હોય છે: ભવનપતિ, પૃથ્વી, પાણી, વનસ્પતિ અને વ્યંતરોને પ્રથમની ચાર લેશ્યાઓ છે. (ગર્ભજ) પંચેંદ્રિય, તિર્યંચ અને મનુષ્યોને છ લેશ્યાઓ છે; જ્યોતિષ્કોને તેજોલેશ્યા છે. વૈમાનિકોને ત્રણ શુભ લેશ્યાઓ છે. તેમાં પણ સૌધર્મ અને ઈશાનમાં તેજોલેશ્યા જાણવી; સનત્કુમાર, માહેંદ્ર અને બ્રહ્મકલ્પમાં પદ્મલેશ્યા જાણવી; અને ત્યાંથી આગળ શુક્લલેશ્યા જાણવી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યોતિષ્કોને એક તેજોલેશ્યા, તેવું જ જ્યોતિષ્ક દેવીઓને; વૈમાનિકોને તેજ, પદ્મ અને શુક્લ એ ત્રણ, તથા વૈમાનિક દેવીઓને એક તેજોલેશ્યા જ[૧] હોય છે.

ગૌ૦—હે ભગવન્! એ બધી લેશ્યાવાળાઓમાં કોણ કોનાથી અધિક છે?

ભ૦—હે ગૌતમ! સૌથી થોડા શુક્લ લેશ્યાવાળા[૨] છે; તેનાથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગણા[૩] છે; તેનાથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગણા[૪] છે, તેનાથી લેશ્યારહિત જીવો (સિદ્ધો) અનંતગણા છે; તેનાથી કાપોત લેશ્યાવાળા[૫] અનંતગણા છે, તેનાથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેનાથી કૃષ્ણ લેશ્યાવાળા વિશેષાધિક[૬] છે, અને તેનાથી લેશ્યાવાળા (કુલ) જીવો વિશેષાધિક છે.

---

૧. કારણકે વૈમાનિક દેવીઓ માત્ર સૌધર્મ અને ઈશાન નામનાં સ્વર્ગોમાં જ છે; અને તે સ્વર્ગોમાં માત્ર તેજોલેશ્યા છે.

૨. થોડાંક જ પંચેંદ્રિય તિર્યંચ, મનુષ્યો તથા લાન્તકાદિ દેવોમાં શુક્લલેશ્યા હોવાથી.

૩. તેનાથી સંખ્યેયગણા તિર્યંચપંચેંદ્રિય, મનુષ્ય, સનત્કુમાર, માહેંદ્ર, અને બ્રહ્મલોકવાસી દેવોમાં તે હોવાથી.

૪. બાદર પૃથ્વીકાયિક, અપ્કાયિક, પ્રત્યેક વનસ્પતિકાયિક, તથા સંખ્યેયગણા તિર્યંચપંચેંદ્રિય, મનુષ્યો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ, અને ઈશાન દેવોમાં તે હોવાથી.

૫. સિદ્ધો કરતાં વનસ્પતિકાયિક (કાપોતલેશ્યાવાળા) અનંતગણા હોવાથી.

૬. કારણ કે ક્લિષ્ટ અને ક્લિષ્ટતર અધ્યવસાયવાળા વધુ વધુ હોવાથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાવાળા નૈરયિકોમાં કઈ લેશ્યાવાળા વધારે છે?

મ૦—હે ગૌતમ! કૃષ્ણ લેશ્યાવાળા નૈરયિકો થોડામાં થોડા[૧] છે; તેનાથી નીલ લેશ્યાવાળા અસંખ્યાતગણા છે[૨], તથા કાપોત લેશ્યાવાળા તેથી અસંખ્યાતગણા[૩] છે.

પંચેંદ્રિય તિર્યંચોનું ઓછાવત્તાપણું સામાન્ય જીવોના ઓછાવત્તાપણા પ્રમાણે જાણવું; પણ વિશેષ એટલો કે, તેમાં લેશ્યારહિત જીવોનું પદ ન કહેવું; કારણ કે તિર્યંચોમાં અલેશ્ય જીવોનો અસંભવ છે.

એકેંદ્રિયોમાં તેજોલેશ્યાવાળા સૌથી થોડા[૪] છે.; તેના કરતાં કાપોતલેશ્યાવાળા અનંતગણા છે;[૫] તેના કરતાં નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, અને તેના કરતાં કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે.

---

૧. થોડાક પાંચમી પૃથ્વીના નરકાવાસોમાં તથા છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં જ નૈરયિકોને કૃષ્ણલેશ્યા હોવાથી.

૨. કેટલાક તૃતીય પૃથ્વીગત નરકાવાસોમાં, આખી ચોથીના, તથા કેટલાક પંચમ પૃથ્વીગત નરકાવાસોના અસંખ્યાતગણા નારકોમાં નીલલેશ્યા હોવાથી.

૩. પૂર્વોક્ત નારકો કરતાં અસંખ્યાતગણા તથા પ્રથમ અને દ્વિતીય પૃથ્વીમાં તેમજ તૃતીય પૃથ્વીના કેટલાક નરકાવાસોમાં રહેતા નારકોમાં કાપોતલેશ્યા હોવાથી.

૪. કારણ કે બાદર પૃથ્વી, અપ્, અને વનસ્પતિકાયોમાં અપર્યાપ્તાવસ્થામાં જ તેનો સંભવ હોવાથી.

૫. સૂક્ષ્મ બાદર નિગોદ જીવોમાં કાપોતલેશ્યા હોવાથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વીકાયિકોને સામાન્ય એકેંદ્રિયો જેવા જ જાણવા; માત્ર કાપોતલેશ્યાવાળાને અનંતગણા ન કહેતાં અસંખ્યેયગણા કહેવા. અપ્કાયિકોનું પણ તે પ્રમાણે જ જાણવું. અગ્નિકાયિકોમાં સૌથી થોડા કાપોતલેશ્યાવાળા છે; તેનાથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે; તથા તેનાથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે; વાયુકાયિકોનું પણ એમ જ જાણવું. વનસ્પતિકાયિકોનું સામાન્ય એકેંદ્રિય જીવો પ્રમાણે જાણવું; બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય અને ચાર ઇંદ્રિયવાળાઓનું અગ્નિકાયિકો પ્રમાણે જાણવું. પંચેંદ્રિય તિર્યંચયોનિકોનું સામાન્ય જીવો પ્રમાણે જાણવું; પરંતુ કાપોતલેશ્યાવાળાને અસંખ્યાતગણા કહેવા; સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચોનું અગ્નિકાયિક પ્રમાણે જાણવું; ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચોનું સામાન્ય જીવો પ્રમાણે જાણવું. પરંતુ કાપોતલેશ્યાવાળાને સંખ્યાતગણા કહેવા. એવું જ તિર્યંચયોનિની માદાઓ માટે પણ જાણવું. *

તિર્યંચોની પેઠે મનુષ્યોનું અલ્પત્વબહુત્વ જાણવું. પરંતુ કાપોતલેશ્યાવાળા અનંતગણા છે એ પદ ન કહેવું.[1]

---

* મૂળમાં અહીં પાછી સંમૂર્છિમ અને ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચોની સરખામણી છે. વળી સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચોની, તથા ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચોની તિર્યંચયોનિની માદાઓ સાથે અનુક્રમે તેમ જ એકસાથે સરખામણી છે. તે જ પ્રમાણે પંચેંદ્રિય તિર્યંચોની અને તિર્યંચ માદાઓની સરખામણી છે; તથા તિર્યંચોની અને તિર્યંચ માદાઓની પણ સરખામણી છે.

૧. કારણ કે મનુષ્યો પોતે જ અનંત નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દેવોમાં શુક્લલેશ્યાવાળા સૌથી થોડા છે.[૧] તેમના કરતાં પદ્મલેશ્યાવાળા અસંખ્યેયગણા છે;[૨] તેમના કરતાં કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગણા છે;[૩] તેમના કરતાં નીલલેશ્યાવાળા વિશેષાધિક[૪] છે; તેમના કરતાં કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે; તથા તેમના કરતાં તેજોલેશ્યાવાળા સંખ્યેયગણા છે.[૫]

દેવીઓમાં કાપોતલેશ્યાવાળા સૌથી થોડી છે;[૬] તેમના કરતાં નીલલેશ્યાવાળી વિશેષાધિક[૭] છે; તેમના કરતાં કૃષ્ણલેશ્યાવાળી વિશેષ અધિક છે, અને તેમના કરતાં તેજોલેશ્યાવાળી સંખ્યેયગણી[૮] છે.

આ પછી મૂળમાં દેવ-દેવીનું ભેગું અલ્પત્વબહુત્વ વર્ણવ્યું છે.[૯] તથા ભવનવાસી, દેવો, ભવનવાસી દેવીઓ,

---

૧. લાન્તકાદિ દેવલોકમાં જ તેમનો સદ્ભાવ હોવાથી.

૨. સનત્કુમાર, મહેન્દ્ર અને બ્રહ્મલોકવાસી દેવોમાં તે હોવાથી.

૩. ભવનપતિ તથા વ્યંતર દેવોમાં તેમ જ સનત્કુમારાદિ દેવોમાં હોવાથી.

૪. વધારે ભવનપતિ અને વ્યંતરોમાં તે હોવાથી.

૫. થોડાક ભવનપતિ અને વ્યંતરોમાં તથા સમસ્ત જ્યોતિષ્ક અને સૌધર્મ તથા ઈશાન લોકમાં તે હોવાથી.

૬. કેટલીક ભવનપતિ અને વ્યંતર દેવીઓમાં તે હોવાથી.

૭. વધારે ભવનપતિ અને વ્યંતર દેવીઓમાં તે હોવાથી.

૮. જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન લોકની બધી દેવીઓને તે હોવાથી.

૯. દરેક વર્ગની દેવીઓ તે તે વર્ગના દેવો કરતાં ૩૨ ગણી હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તથા તે બંને ભેગાં; એ પ્રમાણે વાનવ્યંતર દેવો, દેવીઓ અને દેવ-દેવીઓ; એ પ્રમાણે જ્યોતિષ્ક દેવો, દેવીઓ અને દેવ-દેવીઓ; તે જ પ્રમાણે વૈમાનિક દેવો, દેવીઓ અને દેવ-દેવીઓ; તથા પાછા ભવનવાસી, વાનવ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિક દેવો; તથા તે જ પ્રમાણે ચારે વર્ગની દેવીઓ; પાછા તે ચારે વર્ગનાં દેવ-દેવીઓ ભેગાં—એ પ્રમાણે બધા વર્ગોના જીવોનું કૃષ્ણાદિ લેશ્યાની બાબતમાં ઓછાવત્તાપણું વર્ણવ્યું છે.[૧]

ગૌ૦—હે ભગવન્! એ કૃષ્ણાદિ લેશ્યાવાળામાં કોણ કોનાથી ઓછી ઋદ્ધિવાળું છે અને કોણ કોનાથી વધારે ઋદ્ધિવાળું છે.

મ૦—હે ગૌતમ! કૃષ્ણલેશ્યા કરતાં નીલલેશ્યાવાળા વધારે ઋદ્ધિવાળા છે; તેના કરતાં કાપોતલેશ્યાવાળા, તેના કરતાં તેજોલેશ્યાવાળા, તેના કરતાં પદ્મલેશ્યાવાળા અને તેના કરતાં શુકલલેશ્યાવાળા વધારે ઋદ્ધિવાળા છે.

—શતક ૧, ઉદ્દે૦ ૨

૨

દ્રવ્યોનું હલકાપણું ભારેપણું જણાવવા ચાર વિભાગ પાડેલા હોય છે: ગુરુ (એટલે કે ભારે, ઢેકું વગેરે); લઘુ (એટલે હલકું, ધુમાડો વગેરે. કારણ કે તેનો ઊંચે જવાનો સ્વભાવ છે.)

---

૧. પરંતુ તે બધું મળમાં ન આપતાં પ્રજ્ઞાપનાસૂત્રના ૧૭ મા લેશ્યાપદના બીજા ઉદ્દેશકમાંથી ઉતારી લેવાનું કહેલું હોવાથી અહીં ઉતાર્યું નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુ–લઘુ (જેમકે, વાયુ, કારણ કે તેનો તીરછા જવાનો સ્વભાવ છે.) અને અ–ગુરુલઘુ (આકાશ). ચાર સ્પર્શવાળા અને અરૂપી પદાર્થો અગુરુલઘુ કહેવાય છે. જે દ્રવ્ય ગુરુલઘુ હોય તે રૂપવાળું હોય; અને જે દ્રવ્ય અગુરુલઘુ હોય તે રૂપવાળું અને રૂપ વિનાનું પણ હોય. ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ એ બધી વર્ગણાઓ (અણુઓ) ગુરુલઘુ છે. અને કાર્મણ, મન, અને ભાષા એ વર્ગણાઓ અગુરુલઘુ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય અમૂર્ત હોવાથી અગુરુલઘુ છે. સમયો (કાલ) અમૂર્ત છે માટે અગુરુલઘુ છે. દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન, સંજ્ઞા વગેરે જીવના પર્યાયરૂપ છે માટે અગુરુલઘુ છે.

ગૌ૦—હે ભગવન્! કૃષ્ણલેશ્યા ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે કે અગુરુલઘુ છે?

મ૦—હે ગૌતમ! તે ગુરુલઘુ છે અને અગુરુલઘુ પણ છે.

ગૌ૦—હે ભગવન્! તેનું શું કારણ?

મ૦—હે ગૌતમ! દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ ગુરુલઘુ છે, અને ભાવલેશ્યાની અપેક્ષાએ અગુરુલઘુ છે. તેવું જ શુક્લ સુધીની બધી લેશ્યાઓ માટે જાણવું. *

— શતક ૧, ઉદ્દે૦ ૬

---

* ટીકામાંથી: ઔદારિક શરીર વગેરેનો જે કાળો વર્ણ તે દ્રવ્ય કૃષ્ણલેશ્યા છે. અને ઔદારિકાદિ ગુરુલઘુ છે. માટે કૃષ્ણલેશ્યા ગુરુલઘુ છે. અને ભાવલેશ્યા તો જીવનો પરિણામ છે, માટે અમૂર્ત હોઈ અગુરુલઘુ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩

ગૌ૦—હે ભગવન્! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાનો સંયોગ પામી તે રૂપે અને તે વર્ણે પરિણમે?

ભ૦—હે ગૌતમ! તે પ્રમાણે પરિણમે છે. કૃષ્ણલેશ્યાના પરિણામવાળો જીવ નીલલેશ્યાને યોગ્ય દ્રવ્યોનું ગ્રહણ કરી મરણ પામે છે, ત્યારે તે નીલલેશ્યાના પરિણામવાળો થઈને ઉત્પન્ન થાય છે. કારણકે જીવ જે લેશ્યાનાં દ્રવ્યોનું ગ્રહણ કરીને મરણ પામે, તે લેશ્યાવાળો થઈને તે બીજે ઠેકાણે ઉત્પન્ન થાય છે. જેમ દૂધ છાશને પામીને, છાશના સંયોગથી છાશરૂપે, છાશના વર્ણે, છાશના ગંધે, છાશના રસે અને છાશના સ્પર્શે પરિણમે છે, અથવા જેમ ચોખ્ખું લૂગડું રંગને પામીને રંગને રૂપે–વર્ણે–ગંધે–રસે અને સ્પર્શે પરિણમે છે, તેવી રીતે હે ગૌતમ! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તેના વર્ણાદિ પરિણામરૂપે બની જાય છે. તે જ પ્રમાણે અન્ય લેશ્યાઓનું પણ જાણવું.

—શતક ૪, ઉદ્દે૦ ૧૦

૪

રાજગૃહ નગરમાં ભગવાનના અંતેવાસી માકંદિપુત્ર ભગવાનને પૂછે છે:

મા૦—હે ભગવન્! કાપોતલેશ્યાવાળો પૃથ્વીકાયિક જીવ, ત્યાંથી મરીને તુરત જ મનુષ્યના શરીરને પ્રાપ્ત કરી, કેવલજ્ઞાન પ્રાપ્ત કરે અને ત્યાર બાદ સિદ્ધ થાય?

ભ૦—હા માકંદિપુત્ર!

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મા૦—હે ભગવન્! કાપોતલેશ્યાવાળો અપ્કાયિક ત્યાંથી મરીને તુરત જ મનુષ્યશરીર પ્રાપ્ત કરી, કેવલજ્ઞાન પ્રાપ્ત કરે અને ત્યાર બાદ સિદ્ધ થાય?

મ૦—હા માકંદિપુત્ર!

મા૦—હે ભગવન્! કાપોતલેશ્યાવાળો વનસ્પતિકાયિક જીવ ત્યાંથી મરીને તુરત જ મનુષ્યશરીર પ્રાપ્ત કરે અને ત્યારબાદ સિદ્ધ થાય?

મ૦—હા માકંદિપુત્ર!

મા૦—હે ભગવન્! તે એમ જ છે; હે ભગવન્! તે એમ જ છે.

એમ કહી, માકંદિપુત્ર મહાવીરને વંદન કરીને જ્યાં શ્રમણનિર્ગ્રંથો હતા ત્યાં આવીને તે મુજબનું કહેવા લાગ્યા. આ વાત તે શ્રમણનિર્ગ્રંથોએ માન્ય ન કરી અને તેઓ ભગવાન મહાવીર પાસે આવી, તેમને વંદન કરી, તે બાબત પૂછવા લાગ્યા. ત્યારે ભગવાને કહ્યું, "હે આર્યો! માકંદિપુત્રે તમને જે કહ્યું છે, કે 'કાપોતલેશ્યાવાળા પૃથ્વીકાયિક, અપ્કાયિક, અને વનસ્પતિકાયિક ત્યાંથી મરીને તરત જ મનુષ્યશરીર પ્રાપ્ત કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે અને ત્યાર બાદ સિદ્ધ થાય છે' તે વાત સત્ય છે. હે આર્યો! હું પણ એ જ કહું છું કે, કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળા પૃથ્વીકાયિકો અપ્કાયિકો, અને વનસ્પતિકાયિકો એ પ્રમાણે કેવલજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધ થાય છે."*

* તેજ અને વાયુજીવો તરત જ મનુષ્યત્વ ન પામી શકતા હોવાથી તેમનો ઉલ્લેખ નથી. – ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આ વાત સાંભળી તથા તેને અંગીકાર કરી, પેલા શ્રમણ-નિર્ગ્રંથો માકંદિપુત્ર પાસે આવ્યા અને તેમને વંદન કરી તેમની ક્ષમા માગવા લાગ્યા.

— શતક ૧૮, ઉદ્દે૦ ૭

૮ : જીવનાં મરણ, જન્મ અને મોક્ષ

૧

મરણ

ગૌતમ—હે ભગવન્! મરણ કેટલા પ્રકારનું છે?

મ૦—હે ગૌતમ! પાંચ પ્રકારનું છે; ૧. આવીચિમરણ—એટલે વીચિ—તરંગની પેઠે પ્રતિસમય આયુષનો ક્ષય થતો જવો તે. ૨. અવધિમરણ—એટલે કે એક વાર એક ગતિનું આયુષ ભોગવી, મરણ પામી, ફરી તે જ ગતિનું આયુષ ભવિષ્યમાં બાંધી, તથા ભોગવીને મરણ પામવું તે. ૩. આત્યંતિકમરણ—એટલે કે પોતાની નરક આદિ ગતિના આયુષનો ક્ષય થતાં ફરી તેવું જ આયુષ્ય ભવિષ્યમાં ન બાંધે તે રીતે મરણ પામવું તે. ૪. બાલમરણ—એટલે કે અવિરતિવાળા પુરુષનું મરણ. ૫. અને પંડિતમરણ—એટલે કે સર્વવિરતિવાળા પુરુષનું મરણ.

ગૌ૦—હે ભગવન્! આવીચિમરણ આવીચિમરણ શા માટે કહેવાય છે?

મ૦—હે ગૌતમ! નરકગતિમાં વર્તતા જીવે જે નૈરયિક આયુષકર્મ બાંધ્યું છે, તે કર્મના અણુઓને તે આવીચિક—એટલે કે નિરંતર—પ્રતિસમય ભરે છે—છોડે છે—માટે તે આવીચિક મરણ કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! અવધિમરણ શાથી કહેવાય છે?

મ૦—હે ગૌતમ! નરક ગતિનો જીવ આયુષકર્મને અત્યારે ભોગવીને છોડતો જાય છે, તે જ કર્મને ભવિષ્યકાળે નારક થઈને તે ફરીથી પણ ગ્રહણ કરીને છોડશે, તે માટે હે ગૌતમ! તે અવધિમરણ કહેવાય છે.

ગૌ૦—હે ભગવન્ આત્યંતિકમરણ શા માટે કહેવાય છે.

મ૦—હે ગૌતમ! નારકપણે વર્તતો જીવ જે કર્મને અત્યારે ભોગવીને છોડે છે, તેને ભવિષ્યમાં ફરી નહિ છોડે, તેથી તે આત્યંતિકમરણ કહેવાય છે.

ગૌ૦—હે ભગવન્! બાલમરણ કેટલા પ્રકારનું છે?

મ૦—હે ગૌતમ બાલમરણ[1] બાર પ્રકારનું છે?

ગૌ૦—હે ભગવન્! પંડિતમરણ કેટલા પ્રકારનું છે?

મ૦—હે ગૌતમ! પાદપોપગમન (પડેલા પાદપ—વૃક્ષની પેઠે હાલ્યા ચાલ્યા સિવાય એ જ સ્થિતિમાં મરતા સુધી આહારત્યાગપૂર્વક રહેવું તે), અને ભક્તપ્રત્યાખ્યાન (આહારપાણીનો ત્યાગ કરી બીજાની સેવા લેવા વગેરેની છૂટ રાખવી તે).[2]

—શતક ૧૩, ઉદ્દે૦ ૭

૨

ગતિ

વિવરણ: જીવ મરણ પામી એક સ્થાન છોડી બીજે સ્થાને જાય છે, ત્યારે તે અંતરાલગતિ—વચગાળાની ગતિ

---

૧. જુઓ આગળ પા. ૧૭૬.

૨. જુઓ આગળ પા. ૧૭૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માટે અમુક બાબતો વિચારવી પ્રાપ્ત થાય છે. તે અહીં ટૂંકમાં જણાવી છે. તે અંતરાલગતિ બે પ્રકારની છે : ઋજુ અને વક્ર. વક્રગતિને વિગ્રહગતિ પણ કહે છે. ઋજુગતિથી જતા જીવને પૂર્વશરીર છોડતી વખતે પૂર્વશરીરજન્ય વેગ મળે છે; તેનાથી તે બીજા પ્રયત્ન સિવાય જ, ધનુષ્યથી છૂટેલા બાણની માફક, તે નવા સ્થાને પહોંચી જાય છે. પરંતુ વક્ર (વિગ્રહ) ગતિથી જતા જીવને વચ્ચે નવો પ્રયત્ન કરવો પડે છે. કેમકે, પૂર્વશરીરજન્ય પ્રયત્ન જીવને જ્યાંથી વળવું પડે છે, ત્યાં સુધી જ કામ કરે છે. વળવાનું સ્થાન (વિગ્રહ) આવતાં પૂર્વદેહજનિત પ્રયત્ન મંદ પડે છે. તે વખતે જીવને બીજું કોઈ સ્થૂલ શરીર નથી હોતું, તેથી કાર્મણ – સૂક્ષ્મ શરીર દ્વારા ત્યાં નવો પ્રયત્ન થાય છે.

સીધી ગતિનો અર્થ એ છે કે, પહેલાં જે આકાશ-ક્ષેત્રમાં જીવ સ્થિત હોય, ત્યાંથી ગતિ કરતાં તે ત્યાંથી સીધી રેખામાં ઊંચે, નીચે અથવા તીરછો ચાલ્યો જાય. વક્ર (વિગ્રહ) ગતિ એ છે કે જેમાં પૂર્વસ્થાનથી નવા સ્થાન સુધી જતાં સરળ રેખાનો ભંગ થાય, અર્થાત્ ઓછામાં ઓછો એક વાંક (વિગ્રહ) તો અવશ્ય લેવો પડે. મુક્ત થનારો જીવ તો મોક્ષના નિયત સ્થાન ઉપર ઋજુગતિથી જ ઉપર જાય છે, વક્રગતિથી નહિ. પરંતુ સંસારી જીવ કાંતો સરળ રેખામાં કે ક્યારેક વક્રરેખામાં પણ ગતિ કરે છે.

જ્યારે સીધી ગતિ હોય ત્યારે અંતરાલગતિમાં એક જ સમય લાગે છે. જેમાં એક વાંક હોય તેમાં (વાંકવાળા સ્થાને પહોંચતાં એક, અને વાંકવાળા સ્થાનથી ઉત્પત્તિ-

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાન સુધી બીજે એમ) બે સમય લાગે. બે વાંક હોય તેને ત્રણ સમય લાગે; અને ત્રણ હોય તેને ચાર સમય લાગે.

ઋજુગતિથી કે વક્રગતિથી જન્માન્તર કરતા જીવને પૂર્વ આયુષ પૂર્ણ થાય કે તરત જ નવીન આયુષ, ગતિ વગેરે કર્મનો યથાસંભવ ઉદય થઈ જ જાય છે.

મુચ્યમાન જીવને અંતરાલગતિમાં આહારનો પ્રશ્ન જ નથી, કેમકે તે સૂક્ષ્મ સ્થૂલ બધાં શરીરોથી રહિત છે. પરંતુ સંસારી જીવને તો અંતરાલગતિમાં પણ સૂક્ષ્મ શરીર અવશ્ય હોય છે; તેથી તેને આહારનો પ્રશ્ન છે. આહાર એટલે સ્થૂલ શરીરને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરવાં. એવો આહાર સંસારી જીવોમાં અંતરાલગતિને સમયે હોય પણ ખરો અને ન પણ હોય. ઋજુગતિવાળા જીવો જે સમયે પૂર્વ શરીર છોડે છે, તે જ સમયે નવું સ્થાન પ્રાપ્ત કરે છે; તેમાં સમયાંતર થતો નથી. તેથી તેઓનો ઋજુગતિનો સમય નવીન જન્મસ્થાનનો ગ્રહણ કરેલ આહારનો જ સમય છે. એક વાંકવાળી ગતિના બે સમયોમાંથી પહેલો સમય અનાહારનો છે, અને બીજો સમય નવા ઉત્પત્તિસ્થાનમાં આહારગ્રહણનો છે. તે પ્રમાણે ત્રણ સમયની બે વાંકવાળી સ્થિતિમાં પ્રથમ બે અનાહારના, અને ચાર સમયની ત્રણ વાંકવાળી ગતિમાં પ્રથમ ત્રણ સમય અનાહારના[૧] સમજી લેવા.

---

૧. તે વખતે શરીરપોષક આહારરૂપે સ્થૂલ પુદ્ગલોના ગ્રહણનો અભાવ હોય છે, પણ કાર્મણ શરીર દ્વારા થતા કંપનને લીધે કર્મપુદ્ગલનું ગ્રહણ તો થયાં જ કરે છે. કેમકે યોગ – પ્રવૃત્તિ માત્ર કર્મબંધનનું કારણ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લોકમાં જે ભાગમાં ત્રસ જીવો રહે છે, તે ભાગને ત્રસનાડી કહે છે. ત્રસનાડીની બહાર સ્થાવરનાડી છે. તેમાં કેવળ સ્થાવર જીવ જ હોય છે. ત્રસનાડીમાં ત્રણ સમયવાળી એ વાંકની વિગ્રહગતિ જ હોઈ શકે; ત્રણ અને ચાર વાંકવાળી વિગ્રહગતિ સ્થાવર નાડીમાંથી ત્રસ નાડીમાં થઈને સ્થાવર નાડીમાં ઉત્પન્ન થનાર જીવને જ હોય.

ગૌ૦—હે ભગવન્! જીવો વિગ્રહ (વાંકવાળી) ગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહગતિને[1] પ્રાપ્ત છે?

મ૦—હે ગૌતમ! જીવો વિગ્રહગતિને પ્રાપ્ત છે, અને અવિગ્રહગતિને પણ પ્રાપ્ત છે.

ગૌ૦—હે ભગવન્! શું નૈરયિકો વિગ્રહગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહગતિને પ્રાપ્ત છે?

મ૦—હે ગૌતમ! તે બધાય અવિગ્રહગતિને પ્રાપ્ત છે; અથવા ઘણા અવિગ્રહગતિને પ્રાપ્ત છે, અને એકાદ વિગ્રહગતિને પ્રાપ્ત છે; અથવા ઘણા અવિગ્રહગતિને પ્રાપ્ત છે, અને ઘણા વિગ્રહગતિને પ્રાપ્ત છે. એ પ્રમાણે અન્ય ગતિના જીવોનું પણ જાણવું. માત્ર સામાન્ય જીવો અને એકેંદ્રિય જીવોની બાબતમાં વિગ્રહગતિવાળા પણ ઘણા હોય છે અને વિગ્રહગતિ વિનાના પણ ઘણા હોય છે, એમ જાણવું.

—શતક ૧, ઉદ્દે૦ ૭

---

૧. અહીં આ શબ્દનો અર્થ માત્ર 'સીધીગતિવાળો' એમ ન કરવો, પણ 'સીધીગતિવાળો કે ગતિવિનાનો' એવો કરવો. — ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! જીવ પરભવમાં જતી વખતે કયે સમયે અનાહારક હોય?

મ૦—હે ગૌતમ! પરભવમાં પ્રથમ સમયે જીવ કદાચ આહારક હોય, અને કદાચ અનાહારક હોય;[1] પરંતુ જ્યારે વક્રગતિ વડે બે સમયે ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રથમ સમયે અનાહારક હોય છે, અને બીજે સમયે આહારક હોય છે; જ્યારે ત્રણ સમયે ઉત્પન્ન થાય છે, ત્યારે પ્રથમ બે સમયે અનાહારક હોય છે, અને ત્રીજે સમયે આહારક હોય છે[2]; જ્યારે ચાર સમયે પરભવમાં ઉત્પન્ન થાય છે, ત્યારે આદિના ત્રણ સમયે અનાહારક હોય છે અને ચોથે સમયે આહારક હોય[3] છે. ચોથે સમયે જીવ અવશ્ય આહારક હોય.

ગૌ૦—હે ભગવન્! જીવ કયે સમયે સૌથી અલ્પ આહારવાળો હોય?

મ૦—હે ગૌતમ! ઉત્પન્ન થતાં પ્રથમ સમયે, અને જીવિતને છેલ્લે સમયે. એ સમયે જીવ સૌથી અલ્પ

---

૧. મુક્ત જ થાય તો એક પણ શરીર ન હોવાથી અનાહારક જ હોય.

૨. જેમકે કોઈ મત્સ્યજીવ ભરતક્ષેત્રના પૂર્વભાગથી ઐરવતક્ષેત્રના પશ્ચિમભાગની નીચે નરકમાં ઉત્પન્ન થાય, ત્યારે તે એક સમયે ભરતના પૂર્વભાગથી પશ્ચિમભાગ તરફ જાય; બીજે સમયે ઐરવતના પશ્ચિમભાગ તરફ જાય અને ત્રીજે સમયે નરકમાં જાય.

૩. જેમકે ત્રસનાડીની બહાર વિદિશામાં રહેલો કોઈ જીવ જ્યારે અધોલોકથી ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની બહારની દિશામાં ઉત્પન્ન થાય ત્યારે પ્રથમ સમયે તે વિશ્રેણીમાંથી સમશ્રેણીમાં આવે; બીજે સમયે નાડીમાં પ્રવેશ કરે; ત્રીજે સમયે ઊર્ધ્વલોકમાં જાય; અને ચોથે સમયે લોકનાડી બહાર ઉત્પત્તિસ્થાને ઊપજે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આહારવાળો હોય છે. કારણકે ઉત્પન્ન થતી વખતે આહાર ગ્રહણ કરનાર શરીર અલ્પ હોય છે; અને જીવિતને છેલ્લે સમયે જીવપ્રદેશો સંહત થયા હોય છે, અને અલ્પ શરીરાવયવોમાં સ્થિત હોય છે.

—શતક ૧૭, ઉદ્દે૦ ૧

૩

યોનિ

વિવરણ: જન્મ માટેનું સ્થાન—જેમાં જીવ આવીને પહેલવહેલાં સ્થૂલ શરીર માટે પુદ્ગલ ગ્રહણ કરે છે, તે યોનિ. તે પુદ્ગલો જીવના કાર્મણ શરીરની સાથે તપેલા લોઢામાં પાણીની જેમ સમાઈ જાય છે.

રાજગૃહનગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! યોનિ કેટલા પ્રકારની છે?

મ૦—હે ગૌતમ! ત્રણ પ્રકારની છે: શીત, ઉષ્ણ અને શીતોષ્ણ. તેમાં સર્વે દેવો અને ગર્ભજ જીવો શીતોષ્ણ યોનિવાળા છે; તેજસ્કાય જીવો ઉષ્ણ યોનિવાળા છે; નરકમાં શીત અને ઉષ્ણ એ બે યોનિઓ[1] છે; અને બાકીનામાં ત્રણે પ્રકારની છે.

---

૧. રત્નપ્રભા, શર્કરાપ્રભા અને વાલુકાપ્રભામાં નૈરયિકોનાં ઉપપાતક્ષેત્રો ઠંડાં હોય છે; પંકપ્રભામાં વધારે ક્ષેત્રો શીત છે, અને થોડાં ઉષ્ણ છે; ધૂમપ્રભામાં બહુ ક્ષેત્રો ઉષ્ણ છે અને થોડાં શીત છે; તમઃપ્રભામાં અને તમઃતમઃપ્રભામાં બધાં ઉષ્ણ જ છે. એવો નિયમ છે કે જે નરકમાં ઉપપાતક્ષેત્ર ઠંડું હોય, ત્યાંનાં અન્ય સ્થાનો ગરમ હોય; અને જ્યાં ઉપપાતક્ષેત્ર ઉષ્ણ હોય, ત્યાં અન્ય સ્થાનો ઠંડાં હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્ ! યોનિ કેટલા પ્રકારની છે ?

મ૦—હે ગૌતમ ! ત્રણ પ્રકારની છે; સચિત્ત, અચિત્ત અને મિશ્ર. તેમાં નારકો તથા દેવોની યોનિ અચિત્ત છે; ગર્ભજોની યોનિ મિશ્ર છે; અને અન્યની[૧] ત્રિવિધ છે.

ગૌ૦—હે ભગવન્ ! યોનિ કેટલા પ્રકારની કહી છે ?

મ૦—હે ગૌતમ ! યોનિ ત્રણ પ્રકારની છે: સંવૃત (ઢંકાયેલ કે દબાયેલ), વિવૃત (ખુલ્લી) અને મિશ્ર.

તેમાં એકેન્દ્રિયો, દેવો[૨] અને નારકોની યોનિ સંવૃત હોય છે. ૨–૩–૪ ઇંદ્રિયવાળા (વિકલેંદ્રિય) જીવો, અને અગર્ભજ પંચેંદ્રિય તિર્યંચ તથા મનુષ્યોની યોનિ વિવૃત છે; જ્યારે ગર્ભજ મનુષ્ય અને તિર્યંચોની મિશ્ર છે.

ગૌ૦—હે ભગવન્ ! યોનિ કેટલા પ્રકારની કહી છે ?

મ૦—હે ગૌતમ ! યોનિ ત્રણ પ્રકારની છે: કાચબા જેવી ઉન્નત; શંખ જેવાં આવર્તવાળી; અને વાંસના પાન જેવી. તેમાં સ્ત્રીરત્નની[૩] યોનિ શંખ જેવાં આવર્તવાળી હોય છે; તેમાં ઉત્પન્ન થયેલો ગર્ભ અવશ્ય નાશ પામે છે. કાચબા જેવી ઉન્નત યોનિમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ અને બલરામ પેદા થાય છે; જ્યારે વાંસના પાન જેવી યોનિમાં અન્ય જનો પેદા થાય છે.

—શતક ૧૦, ઉદ્દે૦ ૨

---

૧. પૃથ્વીઆદિની, અને સંમૂર્છનજ મનુષ્યાદિની.

૨. દેવશય્યામાં વસ્ત્રથી ઢંકાયેલ આંગળના અસંખ્યાત ભાગ જેટલો દેવ ઉત્પન્ન થાય છે; અને નરકમાં વજ્રની ભીંતના ગોખ પણ વાસેલી બારી જેવા હોય છે; તેમાં ઉત્પન્ન થયા બાદ તેમની આકૃતિ વધતાં તેઓ નીચે ગબડે છે.

૩. જેમકે, ચક્રવર્તીને પ્રાપ્ત થતું સ્ત્રીરત્ન.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

ગર્ભવાસ

૧

ગૌ૦—હે ભગવન્! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ ઇંદ્રિયવાળો ઉત્પન્ન થાય કે ઇંદ્રિય વિનાનો?

મ૦—દ્રવ્યેંદ્રિયો—સ્થૂલ ઇંદ્રિયોની અપેક્ષાએ ઇંદ્રિય વિનાનો ઉત્પન્ન થાય; અને ભાવઇંદ્રિય (ચૈતન્યની શક્તિ) ની અપેક્ષાએ ઇંદ્રિયવાળો ઉત્પન્ન થાય.

ગૌ૦—હે ભગવન્! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ શરીરવાળો ઉત્પન્ન થાય કે શરીર વિનાનો ઉત્પન્ન થાય?

મ૦—હે ગૌતમ! ઔદારિક, વૈક્રિય અને આહારક—એ ત્રણ સ્થૂલ શરીરોની અપેક્ષાએ શરીર વિનાનો ઉત્પન્ન થાય; અને તૈજસ તથા કાર્મણ એ સૂક્ષ્મ શરીરોની અપેક્ષાએ શરીરવાળો ઉત્પન્ન થાય.

ગૌ૦—હે ભગવન્! જીવ ગર્ભમાં ઉત્પન્ન થતાં વેંત શું ખાય છે?

મ૦—હે ગૌતમ! પરસ્પર એકઠું થયેલું માતાનું આર્તવ અને પિતાનું વીર્ય ખાય છે.

ગૌ૦—હે ભગવન્! ગર્ભમાં ગયા બાદ જીવ શું ખાય છે!

મ૦—હે ગૌતમ! ગર્ભમાં ગયા બાદ જીવ માતાએ ખાધેલ અનેક પ્રકારના રસવિકારોના એક ભાગ સાથે માતાના આર્તવને ખાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! ગર્ભમાં ગયેલા જીવને વિષ્ટા હોય, મૂત્ર હોય, શ્લેષ્મ હોય, નાકનો મેલ હોય, વમન હોય અને પિત્ત હોય?

મ૦—હે ગૌતમ! ના હોય. કારણ કે, ગર્ભમાં ગયા પછી જીવ જે આહારને ખાય છે તેને કાનપણે, ચામડીપણે, હાડકાપણે, મજ્જાપણે, વાળપણે, દાઢીપણે, રૂંવાટાપણે અને નખપણે પરિણમાવે છે. માટે તેને વિષ્ટાદિક ન હોય.

ગૌ૦—હે ભગવન્! ગર્ભમાં ગયેલો જીવ મોં વડે આહાર ખાય છે?

મ૦—ના ગૌતમ! કારણ કે, ગર્ભમાં ગયેલો જીવ આખા શરીર વડે આહાર કરે છે. પુત્રજીવને રસ પહોંચાડવામાં કારણભૂત અને માતાને રસ લેવામાં કારણભૂત 'માતૃજીવ-રસહરણી' નામે નાડી છે. તે માતાના જીવ સાથે સંબદ્ધ છે અને પુત્રના જીવને અડકેલી છે. તેનાથી પુત્રનો જીવ આહાર લે છે, અને આહારને પરિણમાવે છે. તથા બીજી પણ એક નાડી છે, જે પુત્રના જીવ સાથે સંબદ્ધ છે અને માતાના જીવને અડકેલી છે; તેનાથી પુત્રનો જીવ આહારનો ચય અને ઉપચય કરે છે.

ગૌ૦—હે ભગવન્! (ગર્ભમાં) માતાનાં (એટલે કે માતા તરફથી મળેલાં) અંગો કેટલાં હોય છે?

મ૦—હે ગૌતમ! માતાનાં અંગો ત્રણ હોય છે: માંસ, લોહી અને માથાનું ભેજું (भस्तुलुंग[1]).

---

૧. ટીકાકાર કહે છે કે બીજાઓ તેનો અર્થ ચરબી, ફેફસાં વગેરે કરે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! પિતાનાં અંગો કેટલાં હોય છે?

મ૦—હે ગૌતમ! પિતાનાં અંગો ત્રણ હોય છે: હાડકાં, મજ્જા અને કેશ-દાઢી-રોમ-નખ.[1]

ગૌ૦—હે ભગવન્! તે માતા અને પિતાનાં અંગો સંતાનના શરીરમાં કેટલા કાળ સુધી રહે?

મ૦—હે ગૌતમ! સંતાનનું શરીર જેટલા કાળ સુધી ટકે તેટલા કાળ સુધી.

ગૌ૦—હે ભગવન્! ગર્ભમાં દાખલ થયા બાદ કોઈ જીવ નૈરયિકમાં ઉત્પન્ન થાય? અર્થાત્ ગર્ભમાં રહેલો જીવ પણ નરકને યોગ્ય કર્મો બાંધી, મરીને નરકમાં ઉત્પન્ન થાય?

મ૦—હે ગૌતમ! કોઈ સંજ્ઞી, પંચેંદ્રિય અને સર્વ પર્યાપ્તિઓથી પૂરો થયેલો જીવ, શત્રુનું લશ્કર આવેલું સાંભળી, વીર્યલબ્ધિ વડે અને વૈક્રિયલબ્ધિ[2] વડે આત્મપ્રદેશોને ગર્ભથી બહારના ભાગે ફેંકે છે, અને વૈક્રિય સમુદ્‌ઘાત કરી, ચતુરંગી સેના બનાવે છે, અને તેના વડે શત્રુના લશ્કર સાથે યુદ્ધ કરે છે. પછી તે પૈસાનો લાલચુ, રાજ્યનો લાલચુ, ભોગનો લાલચુ, તથા કામનો લાલચુ જીવ, તે રાજધાનીમાં જ ચિત્ત, મન, આત્મપરિણામ, અધ્યવસાન (પ્રયત્ન), અને સાવધાનતાવાળો, તથા તેને માટે ક્રિયાઓ કરનારો અને તેના જ

---

૧. ઉપર માતાનાં અને પિતાનાં જે અંગો ગણાવ્યાં, તે સિવાયનાં અંગો માતાપિતા બંનેનાં સાધારણ અંગો કહેવાય છે. કેમકે તેમાં પિતાના શુક્રનો અને માતાના આર્તવનો સરખી રીતે વિકાર હોય છે. —ટીકા.

૨. એક શક્તિવિશેષ. તે જેને પ્રાપ્ત થયો હોય તેવા જીવની આ વાત છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંસ્કારવાળો બની એ સમયે જો મરણ પામે, તો તે નૈરયિકોમાં ઉત્પન્ન થાય.

ગૌ૦—હે ભગવન્! ગર્ભમાં ગયેલો જીવ દેવલોકે જાય?

મ૦—હે ગૌતમ! કોઈ સંજ્ઞી, પંચેંદ્રિય અને સર્વ પર્યાપ્તિથી પૂર્ણ થયેલો જીવ ઉત્તમ શ્રમણ કે બ્રાહ્મણ પાસે એક પણ ધાર્મિક અને આર્યવચન સાંભળી, તરત જ સંવેગથી ધર્મમાં શ્રદ્ધાળુ, ધર્મમાં તીવ્ર અનુરાગથી રંગાયેલો, ધર્મનો લાલચુ, પુણ્યનો લાલચુ, સ્વર્ગનો લાલચુ, મોક્ષનો લાલચુ, તેમાં ચિત્તવાળો, તેમાં મનવાળો, તેમાં આત્મ-પરિણામવાળો, તેમાં અધ્યવસાયવાળો, તેમાં તીવ્ર પ્રયત્નવાળો, તેમાં સાવધાનતાવાળો, તેને માટે ક્રિયાઓ કરનારો, અને તેના સંસ્કારવાળો બની, તે સમયે જો મરણ પામે, તો તે દેવલોકે જાય.

ગૌ૦—હે ભગવન્! ગર્ભમાં ગયેલો જીવ ચતો હોય, પડખાભેર હોય, કેરી જેવો કુબ્જ હોય, ઊભેલો હોય, બેઠેલો હોય કે સૂતેલો હોય? તથા જ્યારે માતા સૂતી હોય ત્યારે સૂતો હોય, જ્યારે માતા જાગતી હોય ત્યારે જાગતો હોય, માતા સુખી હોય ત્યારે સુખી હોય અને માતા દુઃખી હોય ત્યારે દુઃખી હોય?

મ૦—હા ગૌતમ! હવે જો તે ગર્ભ પ્રસવ સમયે માથા દ્વારા કે પગ દ્વારા આવે તો સરખી રીતે આવે; અને જો આડો થઈને આવે તો મરણ પામે. જે જીવ આહાર આવે તેનાં કર્મો અશુભ હોય તો તે જીવ કદરૂપો, દુર્વર્ણી, દુર્ગંધી, ખરાબ રસવાળો, ખરાબ સ્પર્શવાળો, અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, સંભાર્યો પણ સારો ન

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લાગે તેવો, હીન સ્વરવાળો, દીન સ્વરવાળો, અનિષ્ટ સ્વરવાળો, અકાંત સ્વરવાળો, અપ્રિય સ્વરવાળો, અશુભ સ્વરવાળો, અમનોજ્ઞ સ્વરવાળો, સંભાર્યો પણ સારો ન લાગે તેવા સ્વરવાળો અને જેનું વચન કોઈ ન માને તેવો (અનાદેયવચન) થાય; પણ જો તેનાં કર્મો શુભ હોય, તો તેથી ઊલટું થાય.

ગૌ૦—હે ભગવન્! તે એ પ્રમાણે છે; હે ભગવન્! તે એ પ્રમાણે છે.[૧]

—શતક ૧, ઉદ્દે૦ ૭.

૨

કાળાંતરે પાણીને વરસવામાં જે નિમિત્તરૂપ હોય તે 'ઉદકગર્ભ' કહેવાય છે. તે ઉદકગર્ભ ચાર પ્રકારનો કહ્યો છે: ઓસ, ધૂમસ, ખૂબ ઠંડક અને ખૂબ તડકો. આ ચારમાંની કોઈ વસ્તુ જે દિવસે થાય, તે દિવસથી માંડીને વધારેમાં વધારે છ માસ પછી તો જરૂર પાણીને વરસાવે, જો તે અખંડિત હોય તો. મહા માસમાં હિમપાત, ફાગણ માસમાં વાદળાંનો ઘેરાવો, ચૈત્ર માસમાં અત્યંત ઠંડી તથા ગરમી, અને વૈશાખ માસમાં વીજળી, પાણી, પવન અને વાદળાં તથા આગળ ગણાવેલાં તમામ — એ ઉદકગર્ભ કહેવાય છે.*

---

૧. તંદુલવૈચારિક પ્રકીર્ણકમાં ગર્ભ તથા શરીર સંબંધે આપેલી વિશેષ હકીકતો માટે જુઓ આ પ્રકરણને અંતે ટિ. ન ૧ પા. ૪૨૭.

* વધુ માટે જુઓ સ્થાનાંગ ચતુર્થસ્થાન.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! ઉદકગર્ભ કેટલા સમય સુધી ઉદકગર્ભરૂપે રહે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય, અને વધારેમાં વધારે છ મહિના.

ગૌ૦—હે ભગવન્! તિર્યગ્યોનિકગર્ભ કેટલા સમય સુધી ગર્ભરૂપે રહે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે આઠ વરસ.

ગૌ૦—હે ભગવન્! મનુષ્યીગર્ભ કેટલા સમય સુધી ગર્ભરૂપે રહે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે બાર વરસ.

માતાના પેટની વચ્ચે રહેલ ગર્ભનું શરીર તે 'કાય;' તે શરીરમાં ઉત્પન્ન થવું તે 'કાયભવ' અને તેમાં જે જન્મ્યો હોય તે કાયભવસ્થ કહેવાય. કોઈ એક જીવ હોય, તેનું શરીર ગર્ભમાં રચાઈ ગયું હોય. પછી તે જીવ તે શરીરમાં પોતાની માતાના ઉદરમાં બાર વર્ષ સુધી રહી, મરણ પામી, પાછો પોતે રચેલ તે ને તે શરીરમાં ઉત્પન્ન થઈ પાછો બાર વર્ષ સુધી રહે. અને એ પ્રકારે ચોવીસ વર્ષ સુધી કાયભવસ્થરૂપે રહી શકે.

ગૌ૦—હે ભગવન્! કાયભવસ્થ કેટલા સમય સુધી 'કાયભવસ્થ' રૂપે રહે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે ૨૪ વર્ષ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યો અને તિર્યંચોના વીર્યમાં બાર મુહૂર્ત સુધી સંતાનોત્પાદિકા શક્તિ રહે છે. માટે તે વીર્ય બાર મુહૂર્ત સુધી યોનિભૂત કહેવાય છે. પરંતુ તે બાર મુહૂર્ત જેટલા કાળમાં ગાય વગેરેની યોનિમાં પડેલું બસેંથી નવસેં સાંઢ વગેરેનું પણ વીર્ય તે વીર્ય જ ગણાય અને તે વીર્યના સમુદાયમાં જે એક જીવ ઉત્પન્ન થાય છે, તે બધાઓનો પુત્ર કહેવાય.

ગૌ૦—હે ભગવન્! મનુષી અને પંચેંદ્રિય તિર્યંચણી. સંબંધી યોનિગત વીર્ય કેટલો કાળ 'યોનિભૂત' રૂપે રહે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે બાર મુહૂર્ત.

ગૌ૦—હે ભગવન્! એક જીવ એક ભવમાં કેટલા જણનો પુત્ર થાય?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછા એક જણનો, બે જણનો કે ત્રણ જણનો અને વધારેમાં વધારે બસેં થી નવસેં જણનો.

ગૌ૦—હે ભગવન્! એક જીવને એક ભવમાં કેટલા પુત્રો થાય?

મ૦—હે ગૌતમ! સ્ત્રી અને પુરુષને કામોત્તેજિત યોનિમાં મૈથુનરૂપ હેતુવાળો સંયોગ થાય છે; ત્યાર પછી તે બંને વીર્ય અને રોહીનો સંબંધ કરે છે અને પછી તેમાં ઓછામાં ઓછા એક, બે કે ત્રણ અને વધારેમાં વધારે બે થી નવલાખ સુધી જીવ પુત્ર તરીકે ઉત્પન્ન થાય છે.[૧]

---

૧. માછલાં વગેરે જ્યારે એક વાર સંયોગ કરે છે, ત્યારે પણ તેમના ગર્ભમાં બે થી નવ લાખ જીવો ઉત્પન્ન થાય છે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! મૈથુનને સેવતો મનુષ્ય કેવા પ્રકારની હિંસા કરે છે?

મ૦—હે ગૌતમ! જેમ કોઈ પુરુષ તપાવેલા સોનાના સળિયાને રૂ ભરેલી પોલા વાંસની નળીમાં કે બૂરની[1] નળીમાં બોસે, અને તે રૂ વગેરેનો ધ્વંસ કરે, તે પ્રમાણે પુરુષ, યોનિમાં રહેલ જીવોનો નાશ કરે છે,

—શતક ૨, ઉદ્દે૦ ૫

૩

ગૌ૦—હે ભગવન્! ઇંદ્રનો સંબંધી, શક્રનો દૂત, હરિણેગમેસિ નામનો સેનાપતિ દેવ જ્યારે સ્ત્રીના ગર્ભનું સંહરણ કરે છે, ત્યારે એક ગર્ભાશયમાંથી ગર્ભ લઈને બીજા ગર્ભાશયમાં મૂકે છે, કે ગર્ભાશયમાંથી લઈને યોનિ દ્વારા બીજીના ઉદરમાં મૂકે છે, કે યોનિ દ્વારા ગર્ભને કાઢીને બીજા ગર્ભાશયમાં મૂકે છે, કે યોનિ દ્વારા ગર્ભને પેટમાંથી કાઢીને પાછો યોનિ દ્વારા જ બીજીના પેટમાં મૂકે છે?

મ૦—હે ગૌતમ! પોતાના હાથ વડે ગર્ભને અડી અડીને અને તે ગર્ભને પીડા ન થાય તેવી રીતે યોનિ દ્વારા બહાર કાઢીને બીજા ગર્ભાશયમાં મૂકે છે[2].

અને જન્મ પણ લે છે. મનુષ્ય સ્ત્રીની યોનિમાં જોકે ઘણા જીવો ઉત્પન્ન થાય છે, પણ તે બધાય જન્મતા નથી. —ટીકા૦

૧. એક જાતની વનસ્પતિનો એક જાતનો ભાગ.

૨. બધા વિકલ્પોમાંથી આ વિકલ્પ જ સ્વીકારવાનું કશું કારણ ટીકાકાર નથી આપતા. માત્ર એટલું જણાવે છે કે, સામાન્ય ક્રમમાં યોનિ વાટે જ ગર્ભ બહાર આવે છે!

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! શક્રનો દૂત હરણેગમેસિ દેવ સ્ત્રીના ગર્ભને નખની ટોચ વાટે યા તો ફૂંવાડાના છિદ્ર વાટે અંદર મૂકવા કે બહાર કાઢવા સમર્થ છે?

મ૦—હા ગૌતમ! ઉપરાંત તે દેવ ગર્ભને કાંઈ પણ ઓછી કે વધારે પીડા થવા દેતો નથી; તથા તે ગર્ભના શરીરનો છેદ — શરીરની કાપકૂપ — કરે છે અને પછી તેને ઘણો સૂક્ષ્મ કરીને અંદર મૂકે છે કે બહાર કાઢે છે.[1]

—શતક ૫, ઉદ્દે૦ ૪

૫
મોક્ષ

ગૌ૦—હે ભગવન્! વીતેલા અનંત શાશ્વત કાળમાં સાધક મનુષ્ય કેવલ સંયમથી, કેવલ સંવરથી, કેવલ બ્રહ્મચર્યવાસથી અને કેવલ સમિતિ–ગુપ્તિના પાલનથી સિદ્ધ થયો, બુદ્ધ થયો અને સર્વ દુઃખોનો નાશ કરનાર થયો?

મ૦—હે ગૌતમ! એ વાત બરાબર નથી. કારણકે જે કોઈ અંતિમ શરીરવાળા સાધકે જ્ઞાન અને દર્શન પ્રાપ્ત કરી, અરિહંતપણું, જિનપણું અને કેવલજ્ઞાનીપણું પ્રાપ્ત કર્યું છે, તે જ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયો છે, થાય છે, અને થશે.

ગૌ૦—હે ભગવન્! વીતેલા અનંત શાશ્વત કાળમાં કેવલજ્ઞાની મનુષ્યે સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈને સર્વ દુઃખોનો નાશ કર્યો?

---

૧. ટીકાકાર કહે છે કે, ગર્ભની કાપકૂપ કર્યા વિના નખની ટોચ વગેરે માર્ગે ગર્ભને કાઢવો કે દાખલ કરવો અશક્ય છે. પણ એમ કહેવું એ આખી વસ્તુને અશક્ય કહેવા જેવું છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હા ગૌતમ! તે સિદ્ધ થયો ને તેણે સર્વ દુઃખોનો નાશ કર્યો. વર્તમાનકાળમાં પણ તેમ જ છે અને ભવિષ્યકાળમાં પણ તેમ જ થશે.

ગૌ૦—હે ભગવન્! તે જ્ઞાન અને દર્શન પ્રાપ્ત કરનારા અરિહંત, જિન અને કેવલજ્ઞાની પુરુષો 'અલમસ્તુ'—પૂર્ણ કહેવાય?

મ૦—હા ગૌતમ! તેઓ 'અલમસ્તુ'—પૂર્ણ કહેવાય.

ગૌ૦—હે ભગવન્! તે એ પ્રમાણે છે, તે એ પ્રમાણે છે.

—શતક ૧, ઉદ્દે૦ ૪

ગૌ૦—હે ભગવન્! કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય?

મ૦—હા ગૌતમ! સ્વીકારાય.

ગૌ૦—હે ભગવન્! કર્મરહિત જીવની ગતિ કેવી રીતે સ્વીકારાય?

મ૦—હે ગૌતમ! (૧) નિઃસંગપણાથી, નીરાગપણાથી અને ગતિના પરિણામથી,[૧] (૨) બંધનનો છેદ થવાથી, (૩) નિરિંધન થવાથી—કર્મરૂપ ઇન્ધનથી મુક્ત થવાથી અને (૪) પૂર્વપ્રયોગથી કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય છે.

૧. જેમ કોઈ પુરુષ છિદ્ર વિનાના સૂકા તુંબડાને ક્રમપૂર્વક અત્યંત સંસ્કાર કરીને ડાભ અને કુશવડે વીંટે, ત્યાર પછી તેને માટીના આઠ લેપથી લીંપે, લીંપીને તાપમાં

---

૧. વજન ઓછું થઈ જવાથી નીચેની કે તીરછી ગતિ બદલાઈ, ઉપર જતી ગતિ થાય તે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સૂકવે, તથા ત્યારબાદ તેને તાગ વિનાના અને ન તરી શકાય તેવા ઊંડા પાણીમાં નાખે. તે તુંબડું માટીના આઠ લેપથી ભારે થયેલું હોવાથી પાણીના ઉપરના તળિયાને છોડીને નીચે જમીનને તળિયે બેસે ? હા, બેસે. હવે ધીમે ધીમે તે આઠ લેપનો ક્ષય થવા માંડે ત્યારે તે ઊંચું આવતું જાય, અને અંતે છેક ઉપર આવે ? હા, આવે. તે પ્રમાણે, હે ગૌતમ ! નિઃસંગપણાથી, નીરાગપણાથી અને ગતિના પરિણામથી કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય છે.

(૨) જેમ કોઈ એક વટાણાની શીંગ, મગની શીંગ, અડદની શીંગ, શીમળાની શીંગ, અને એરંડાનું ફલ તડકે મૂક્યાં હોય, તે સુકાય ત્યારે તે ફૂટીને તેમાંથી બીજ પૃથ્વીની એક બાજુએ ઊડે, તે પ્રમાણે બંધનનો છેદ થવાથી કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય છે.

(૩) હે ગૌતમ ! લાકડાંમાંથી છૂટેલા ધુમાડાની સ્વાભાવિક ગતિ (આડ ન હોય તો) ઊંચે પ્રવર્તે છે, તેમ કર્મરૂપ બંધનથી મુક્ત થવાથી કર્મરહિત જીવની ગતિ પ્રવર્તે છે.

(૪) જેમ કોઈ એક ધનુષથી છૂટેલા બાણની ગતિ (પ્રતિબંધ ન હોય તો) લક્ષ્ય તરફ પ્રવર્તે છે, તેમ પૂર્વ પ્રયોગથી કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય છે.

—શતક ૭, ઉદ્દે૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ટિપ્પણ

ટિપ્પણ નં. ૧

ગર્ભશાસ્ત્ર (શ્રીતન્દુલવૈચારિક પ્રકીર્ણકમાંથી):

સામાન્ય રીતે જીવ ગર્ભની અંદર બસેં ને સાડા સિત્તોતેર દિવસ અર્થાત્ નવ માસ ઉપર સાડાસાત દિવસ રહે છે. સ્ત્રીની ડૂંટી નીચે ફૂલના નાળ જેવા ઘાટવાળી બે નાડીઓ હોય છે; અને તેની નીચે નીચા મુખવાળી અને ફૂલના ડોડા જેવી યોનિ હોય છે. તેની નીચે આંબાની માંજર જેવા ઘાટવાળી માંસની માંજર હોય છે. તે માંજર ઋતુસમયે ફૂટે છે, અને તેમાંથી લોહીનાં બિન્દુ ઝરે છે. હવે તે ઝરતાં લોહીનાં બિંદુઓમાંથી જેટલાં બિંદુઓ પુરુષના વીર્યથી મિશ્રિત થઈ, તે ડોડાના જેવા આકારવાળી યોનિમાં જાય છે, તેટલાં બિંદુઓ જીવની ઉત્પત્તિને યોગ્ય છે. બાર મુહૂર્ત પછી તે યોનિમાં આવેલાં પૂર્વોક્ત લોહીનાં બિંદુઓમાં રહેલી જીવની ઉત્પત્તિની યોગ્યતા નાશ પામે છે. પંચાવન વર્ષ પછી સ્ત્રીની યોનિ મ્લાન થાય છે, તથા પંચોતેર વર્ષ પછી પુરુષ ઘણે ભાગે નિર્બીજ થઈ જાય છે. ઉપરની વાત સો વર્ષની આવરદાવાળાં મનુષ્યો માટે જાણવી. તેથી ઉપરની આવરદાવાળા – પૂર્વકોટિ સુધી જીવનારા – મનુષ્યો માટે એ વિશેષ છે કે, તેવી જાતની સ્ત્રીઓની યોનિ જ્યારે તેનું અડધું આયુષ્ય બાકી રહે છે ત્યારે ગર્ભોત્પત્તિ માટે અયોગ્ય થાય છે, તથા પુરુષ તેના આયુષ્યનો વીસમો ભાગ બાકી રહે ત્યારે નિર્બીજ બને છે. ઋતુકાળને પ્રાપ્ત થયેલી સ્ત્રીની યોનિમા બાર મુહૂર્ત જેટલા સમયે એથી નવ લાખ જીવો ઉત્પન્ન થાય

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે; તથા વધારેમાં વધારે એક જીવને બસેથી નવસેં સુધી જનક (પિતા) હોઈ શકે છે. જીવ ગર્ભાવાસમાં વધારેમાં વધારે બાર વર્ષ સુધી રહે છે. તિર્યંચોમાં જીવ ગર્ભાવાસમાં વધારેમાં વધારે આઠ વર્ષ સુધી રહે છે. સ્ત્રીની જમણી કૂખે પુત્ર ઉત્પન્ન થાય છે, ડાબી કૂખે પુત્રી, અને વચ્ચે નપુંસક.

જ્યારે માતા અને પિતાનો સંયોગ થાય છે, ત્યારે પહેલે વખતે જીવ માતાનું લોહી અને પિતાનું વીર્ય એ બેથી મિશ્રિત થયેલ ઘૃણા ઊપજે તેવો મલિન પદાર્થ ખાય છે; અને તેને ખાઈને ગર્ભપણે ઊપજે છે. ત્યાર બાદ સાત દિવસે તે ગર્ભ કલલરૂપ થાય છે. પછી બીજા સાત દિવસે તે પરપોટા જેવો થાય છે. પછી તેની પેશી બને છે અને પછી તે કઠણ પેશી જેવો થાય છે. પહેલે મહિને ગર્ભનું વર્જન એક કર્ષ ઓછું એક પલ થાય છે.[૧] બીજે માસે ગર્ભ કઠણ પેશી જેવો થાય છે. ત્રીજે માસે તે માતાને દોહદ ઉત્પન્ન કરે છે; ચોથે માસે માતાનાં અંગોને પુષ્ટ કરે છે; પાંચમે માસે તે પેશીમાંથી હાથના, પગના અને માથાનો એમ પાંચ અંકુર ફૂટે છે. છઠ્ઠે મહિને પિત્ત અને શોણિત ઊપજે છે. સાતમે મહિને સાતસો નસો, પાંચસેં માંસપેશીઓ, મોટી નવ ધમણીઓ, અને દાઢી તથા મૂછ સિવાય નવાણું-લાખ રોમકૂપો ઊપજે છે. વળી દાઢી અને મૂછના મળીને સાડાત્રણ કરોડ રોમકૂપો નીપજે છે. આઠમે મહિને તે પૂરે-પૂરાં અંગવાળો બને છે. તે ગર્ભને કળના ઈંટા જેવી તથા

---

૧. સોળ માસાનો કર્ષ, તથા ચાર કર્ષનો એક પલ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કમળના નાળ જેવા ઘાટવાળી, નાભિ ઉપર રસહરણી નામની નાડી હોય છે; અને તે નાડી માતાની નાભિ સાથે સંબદ્ધ હોય છે. તે વાટે ગર્ભનો જીવ ઓજ ગ્રહણ કરે છે. અને તે વડે જન્મે ત્યાં સુધી વૃદ્ધિ પામે છે. . . . નવ માસ વીત્યા પછી, કે નવ માસ પૂરા થતા પહેલાં તે ગર્ભવતી સ્ત્રી નીચેના ચારમાંથી એકને પ્રસવે છે : પુત્રીને, પુત્રને, નપુંસકને કે પિંડ (બિંબ) ને. જ્યારે વીર્ય ઓછું અને ઓજ વધારે હોય ત્યારે પુત્રી થાય; વીર્ય વધારે અને ઓજ ઓછું હોય, ત્યારે પુત્ર થાય; બંને સરખાં હોય ત્યારે નપુંસક થાય; અને ઋતુવતી સ્ત્રીનો સંયોગ થાય ત્યારે કોઈ આકાર વિનાનો માંસપિંડ (બિંબ) થાય. કોઈ મહાપાપી જીવ વધારેમાં વધારે બાર વરસ સુધી ગર્ભાવાસમાં રહે છે.

[આથી આગળ પુરુષ અને સ્ત્રીના શરીરની પાંસળીઓ, નસો વગેરેનું વર્ણન, લોહી વગેરે ધાતુઓનું વજન, હૃદયાદિ અવયવોનું વજન, વગેરે વિગતો છે.]

૬ : જીવ વિષે પરચૂરણ વિગતો

૧

ગૌ૦—હે ભગવન્! નૈરયિકોમાં ઉપજતો નૈરયિક શું એક ભાગ વડે એક ભાગને આશરીને ઉત્પન્ન થાય, એક ભાગ વડે સર્વ ભાગને આશરીને ઉત્પન્ન થાય, સર્વ ભાગ વડે એક ભાગને આશરીને ઉત્પન્ન થાય કે સર્વ ભાગ વડે સર્વ ભાગને આશરીને ઉત્પન્ન થાય?

મ૦—હે ગૌતમ! સર્વ ભાગ વડે સર્વ ભાગને આશરીને ઉત્પન્ન થાય. 'જીવ પોતાના સર્વ ભાગો વડે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નારકીના સર્વ ભાગોને નિપજાવે છે. તે આખા નારકીપણે ઊપજે છે. કારણ કે જ્યાં પૂર્ણ કારણ હોય, ત્યાં પૂર્ણ કાર્ય જ નીપજે.'

તે જ પ્રમાણે નૈરયિકોમાં ઉત્પદ્યમાન નૈરયિક પોતાના સર્વ ભાગ વડે સર્વ ભાગને આશ્રીને આહાર પણ કરે છે. જીવ જ્યારે ઉત્પન્ન થાય છે, ત્યારે પોતાના બધા પ્રદેશો વડે ખાવા મળેલી બધી વસ્તુઓનો આહાર કરે છે.

જેવું ઉત્પત્તિ વિષે તેવું ઉદ્વર્તના[1] વિષે પણ જાણવું.

૨

ગૌતમ ! હે ભગવન્ ! વસ્ત્ર જેમ સાદિ સાંત છે, તેમ જીવો પણ સાદિ સાંત છે ?

મ૦—હે ગૌતમ ! કેટલાક જીવો સાદિ સાંત છે, કેટલાક જીવો સાદિ અનંત છે, કેટલાક અનાદિ સાંત છે, અને કેટલાક અનાદિ અનંત છે.

ગૌ૦—હે ભગવન્ ! તે કેવી રીતે ?

મ૦—હે ગૌતમ ! નૈરયિકો, તિર્યંચયોનિકો, મનુષ્યો અને દેવો નરકાદિ ગતિમાં થતા ગમનની અપેક્ષાએ સાદિ, અને ત્યાંથી થતા આગમનની અપેક્ષાએ સાંત છે. સિદ્ધગતિની અપેક્ષાએ સિદ્ધો સાદિ અનંત છે; કારણ કે ત્યાંથી પાછા ફરવાપણું નથી. ભવસિદ્ધિકો (કદી મુક્ત થવાની યોગ્યતાવાળા જીવો) એ પ્રકારની લબ્ધિ (શક્તિ)ની

---

૧. દેવ અને નારકી પોતાનો ભવ પૂરો કરી અન્ય ભવમાં જાય, તેને ઉદ્વર્તના કહે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અપેક્ષાએ અનાદિ સાંત છે; કારણ કે (મુક્ત થવાની યોગ્યતારૂપી) એ લબ્ધિ સિદ્ધપણું પામ્યા પછી નાશ પામે છે. અભવસિદ્ધિકો (કદી મુક્ત થવાની યોગ્યતા વિનાના જીવો) સંસારને અપેક્ષી અનાદિ અનંત છે. *

— શતક ૬, ઉદ્દે૦ ૩

૩

ગૌ૦—હે ભગવન્! જીવો વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે?

મ૦—હે ગૌતમ! જીવો વધતા નથી, કે ઘટતા નથી પણ અવસ્થિત રહે છે.

ગૌ૦—હે ભગવન્! નૈરયિકો શું વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે?

મ૦—હે ગૌતમ! નૈરયિકો વધે પણ છે, ઘટે પણ છે અને અવસ્થિત પણ રહે છે. એ પ્રમાણે છેક વૈમાનિક દેવો સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! સિદ્ધો વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે?

મ૦—હે ગૌતમ! સિદ્ધો વધે છે, અને અવસ્થિત પણ રહે છે; પરંતુ કદી ઘટતા નથી.

ગૌ૦—હે ભગવન્! કેટલા કાળ સુધી જીવો વધ્યા-ઘટ્યા વિના અવસ્થિત રહે?

---

* મહાવીરનો આ સ્યાદ્વાદી ઉત્તર ધ્યાનમાં રાખવા જેવો છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! સર્વકાળ સુધી. (કારણ કે કુલ જીવોની સંખ્યામાં વધઘટ થતી જ નથી. અમુક ગતિમાં જીવોની વધઘટ ભલે થાએ.)

—શતક ૫, ઉદ્દે૦ ૮

૪

ગૌ૦—હે ભગવન્! જીવ ચૈતન્ય છે, કે ચૈતન્ય જીવ છે?

મ૦—હે ગૌતમ! જીવ નિયમથી ચૈતન્ય છે; અને ચૈતન્ય પણ નિયમે જીવ છે.

ગૌ૦—હે ભગવન્! જીવ નૈરયિક છે કે નૈરયિક જીવ છે?

મ૦—હે ગૌતમ! નૈરયિક તો નિયમે જીવ છે અને જીવ તો નૈરયિક પણ હોય તથા અનૈરયિક પણ હોય. એ પ્રમાણે અન્ય ગતિના જીવોનું પણ જાણવું.

ગૌ૦—હે ભગવાન્! જીવે—પ્રાણ ધારણ કરે—તે જીવ કહેવાય, કે જીવ હોય તે પ્રાણ ધારણ કરે?

મ૦—હે ગૌતમ! પ્રાણ ધારણ કરે તે તો નિયમથી જીવ કહેવાય; પરંતુ જે જીવ હોય તે પ્રાણ ધારણ કરે પણ ખરો (સંસારી દશામાં) અને ન પણ કરે (સિદ્ધ દશામાં)

ગૌ૦—હે ભગવન્! પ્રાણ ધારણ કરે તે નૈરયિક કહેવાય કે નૈરયિક હોય તે પ્રાણ ધારણ કરે?

મ૦—હે ગૌતમ! નૈરયિક તો નિયમથી પ્રાણ ધારણ કરે; પણ પ્રાણ ધારણ કરનાર તો નૈરયિક પણ હોય અને અનૈરયિક પણ હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! ભવસિદ્ધિક નૈરયિક હોય કે નૈરયિક ભવસિદ્ધિક હોય?

મ૦—હે ગૌતમ! ભવસિદ્ધિક નૈરયિક પણ હોય અને અનૈરયિક પણ હોય; તથા નૈરયિક ભવસિદ્ધિક પણ હોય અને અભવસિદ્ધિક પણ હોય.

—શતક ૬, ઉદ્દે૦ ૧૦

૫

ગૌ૦—હે ભગવન્! એક એક જીવના કેટલા જીવપ્રદેશો[1] કહ્યા છે?

મ૦—હે ગૌતમ! જેટલા લોકાકાશના પ્રદેશો કહ્યા છે, તેટલા એક એક જીવના પ્રદેશો કહ્યા[2] છે.

—શતક ૮, ઉદ્દે૦ ૧૦

ગૌ૦—હે ભગવન્! કાચબો, ગોધા, ગાય, મનુષ્ય, કે મહિષના તથા તે બધાની શ્રેણીના બે, ત્રણ કે સંખ્યાતા ખંડ કર્યા હોય, તો તેઓની વચ્ચેનો ભાગ જીવપ્રદેશથી સ્પૃષ્ટ હોય?

મ૦—હા ગૌતમ! હોય.

ગૌ૦—હે ભગવન્! કોઈ પુરુષ એ બંડોના વચ્ચેના ભાગને હાથથી, આંગળીથી કે સળીથી સ્પર્શ કરે, તથા છેદે

---

૧. અવિભાજ્ય અંશ તે પ્રદેશ. અણુઓ તો જડ દ્રવ્યથી છૂટા થઈ શકે છે; જ્યારે પ્રદેશો જીવથી કદી છૂટા પડી શકતા નથી. એક અણુ જેટલી જગા રોકે તે ભાગને પ્રદેશ કહેવાય.

૨. કારણકે જ્યારે જીવ વિસ્તાર પામે ત્યારે વધારેમાં વધારે લોકાકાશ જેટલા પ્રદેશને વ્યાપી શકે છે, જેમકે કેવલિ-સમુદ્‌ઘાત વખતે. જુઓ 'યોગશાસ્ત્ર' પા. ૧૩૩.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કે બાળે, તો તે જીવપ્રદેશોને પીડા ઉત્પન્ન કરે યા તેના કોઈ અવયવનો છેદ કરે?

મ૦—હે ગૌતમ! એ વાત બરાબર નથી; કેમકે જીવપ્રદેશોને શસ્ત્ર અસર કરતું નથી.

—શતક ૮, ઉદ્દે૦ ૩

ગૌ૦—હે ભગવન્! જીવ કાલની અપેક્ષાએ સપ્રદેશ છે કે અપ્રદેશ?

મ૦—હે ગૌતમ! જીવ નિયમથી સપ્રદેશ છે. અનાદિપણાને લીધે જીવની અનંત સમયની સ્થિતિ હોવાથી તેને સપ્રદેશપણું છે. જે એક સમયની[1] સ્થિતિવાળો હોય તે કાળની અપેક્ષાએ અપ્રદેશ છે; પણ જે એકથી વધારે સમયની સ્થિતિવાળો હોય, તે કાલની અપેક્ષાએ સપ્રદેશ છે.

ગૌ૦—હે ભગવન્! નૈરયિક જીવ કાલની અપેક્ષાએ સપ્રદેશ છે કે અપ્રદેશ?

મ૦—હે ગૌતમ! જે નૈરયિક જીવને ઉત્પન્ન થયાં એક જ સમય થયો છે, તે કાલની અપેક્ષાએ અપ્રદેશ કહેવાય, અને પ્રથમ પછીના બે વગેરે સમયોમાં વર્તતો નૈરયિક કાલની અપેક્ષાએ સપ્રદેશ કહેવાય.

—શતક ૬, ઉદ્દે૦ ૪

૬

ગૌ૦—હે ભગવન્! જીવ પુદ્ગલી છે કે પુદ્ગલ છે?

---

૧. કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ – અવિભાજ્ય અંશ – સમય કહેવાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! શ્રોત્રાદિ ઇંદ્રિયોવાળો હોવાથી પુદ્ગલી[૧] છે; અને જીવનું બીજું નામ પુદ્ગલ હોવાથી તે પુદ્ગલ પણ છે.

પરંતુ સિદ્ધો પુદ્ગલી નથી; કારણ કે તેઓને ઇંદ્રિયાદિ નથી; પરંતુ તેઓ જીવ હોવાથી પુદ્ગલ તો છે જ.

—શતક ૮, ઉદ્દે૦ ૧૦

૭

ગૌ૦—હે ભગવન્! જીવો શાશ્વત છે કે અશાશ્વત?

મ૦—હે ગૌતમ! દ્રવ્યની અપેક્ષાએ જીવો શાશ્વત છે; અને પર્યાયોની[૨] અપેક્ષાએ અશાશ્વત છે.

—શતક ૭, ઉદ્દે૦ ૨

૮

ગૌ૦—હે ભગવન્! જીવો દ્વારા પ્રાણાતિપાત ક્રિયા (હિંસા) કરાય છે?

મ૦—હા ગૌતમ! કરાય છે.

ગૌ૦—હે ભગવન્! તે ક્રિયા આત્માએ સ્પર્શેલી[૩] કરાય કે આત્માના સ્પર્શ વિના કરાય?

મ૦—હે ગૌતમ! સ્પર્શેલી કરાય, પણ અસ્પૃષ્ટ ન કરાય. વળી તે ક્રિયા અનુક્રમે કરાય છે, પણ અનુક્રમ વિના

---

૧. પુદ્ગલની બનેલી ઇંદ્રિયાદિવાળો.

૨. વિવિધ પરિણામોની અપેક્ષાએ જીવ અશાશ્વત છે; કારણકે એક પરિણામ ઉત્પન્ન થાય છે, અને બીજું નાશ પામે છે, પરંતુ જીવદ્રવ્ય તો કાયમ રહે છે.

૩ હિંસા વગેરે પાપસ્થાનકથી ઉત્પન્ન થતો કર્મબંધ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નથી કરાતી. તેમાં એટલો વિશેષ સમજવો કે, એકેન્દ્રિય સિવાયના બાકીના જીવો તો અવશ્ય છયે દિશામાંથી આવેલાં કર્મ કરે છે (બાંધે છે); પણ જે એકેન્દ્રિય જીવો લોકાન્તે રહેલા છે, તેને ઉપરની અને આસપાસની દિશાથી કર્મ આવવાનો સંભવ નથી; તેથી તેઓ કદાચ ત્રણ દિશામાંથી કવચિત્ ચાર દિશામાંથી અને કદાચિત્ પાંચ દિશામાંથી આવેલું કર્મ કરે છે. બાકીના જીવો તો લોકના મધ્યમાં હોવાથી વ્યાઘાતના અભાવે છયે દિશામાંથી આવેલું કર્મ કરે છે.

— શતક ૧૭, ઉદ્દે૦ ૪

૯

ગૌ૦—હે ભગવન્! જીવો અને પુદ્ગલ પરસ્પર સંબદ્ધ છે, એક બીજા સાથે મળી ગયેલા છે, પરસ્પર ચીકાશથી પ્રતિબદ્ધ છે, અને પરસ્પર બદ્ધ થઈને રહે છે?

મ૦—હા ગૌતમ! જેમ કોઈ એક પાણીથી છલોછલ ભરેલો હ્રદ હોય; તેમાં કોઈ પુરુષ એક મોટી, સો નાનાં કાણાંવાળી અને સો મોટાં કાણાંવાળી નાવ નાખે, તો તે નાવ પાણીથી ભરાતી થાય? અને અંતે પાણીથી ભરેલા ઘડા જેવી થઈને રહે? 'હા, રહે.' તો તે હેતુથી એમ કહ્યું છે કે, જીવો અને પુદ્ગલ પરસ્પર સંબદ્ધ છે ઇ૦.

'જેમ કોઈ તેલથી લેપેલ શરીર ઉપર રજ ચોંટે છે, તેમ રાગ અને દ્વેષથી ક્લિન્ન થયેલ આત્માને કર્મબંધ થાય છે.'

— શતક ૧, ઉદ્દે૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦

રાજગૃહનગરનો પ્રસંગ છે:

ગૌ૦—હે ભગવન્! ૧. જીવે પાપકર્મ બાંધ્યું છે, બાંધે છે અને બાંધશે? ૨. અથવા જીવે પાપકર્મ બાંધ્યું છે, બાંધે છે અને નહીં બાંધશે? ૩. અથવા જીવે પાપકર્મ બાંધ્યું છે, નથી બાંધતો અને બાંધશે? ૪. અથવા શું જીવે પાપકર્મ બાંધ્યું છે, નથી બાંધતો અને નહીં બાંધે?

મ૦—હા ગૌતમ! અભવ્ય જીવની બાબતમાં પહેલો વિકલ્પ સંભવે છે; ભવ્ય જીવની બાબતમાં બીજો; મોહનો ઉપશમ કરનાર જીવની બાબતમાં ત્રીજો, અને ક્ષીણમોહ જીવની બાબતમાં ચોથો વિકલ્પ સંભવે છે.

ગૌ૦—હે ભગવન્! લેશ્યાવાળા જીવની બાબતમાં પણ ચારે વિકલ્પ સંભવે છે?

મ૦—હા ગૌતમ! શુક્લલેશ્યાવાળા જીવો પાપકર્મના બંધક પણ હોય છે; અને કૃષ્ણાદિ પાંચ લેશ્યાવાળાને પ્રથમ બે જ વિકલ્પ સંભવે છે; કારણ કે તેમને વર્તમાનકાળે મોહનીયરૂપ પાપકર્મનો ક્ષય કે ઉપશમ નથી; તેથી તેમને છેલ્લા બે વિકલ્પ નથી. લેશ્યારહિત જીવને ચોથો (નથી બાંધતો, નહીં બાંધે) વિકલ્પ છે.

કૃષ્ણપાક્ષિક[1] જીવને પ્રથમ બે જ છે; કારણ કે વર્તમાનકાળે તેને પાપકર્મનું અબંધકપણું નથી. શુક્લ-

---

૧. જે જીવને અર્ધપુદ્ગલપરાવર્તકાળથી અધિક સંસાર બાકી છે, તે કૃષ્ણપાક્ષિક; અને જે તેની અંદર જ મોક્ષે જવાના છે, તે શુક્લપાક્ષિક.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પાક્ષિકને ચારે વિકલ્પ છે. તેમાં પહેલો વિકલ્પ (બાંધશે) પ્રશ્ન સમયની અપેક્ષાએ તુરતના ભવિષ્યની અપેક્ષાએ છે; બીજો વિકલ્પ (બાંધશે નહીં) પછીના ભવિષ્ય સમયમાં ક્ષપકપણાની પ્રાપ્તિની અપેક્ષાએ છે; ત્રીજો વિકલ્પ (બાંધતો નથી, બાંધશે) મોહનીય કર્મનો ઉપશમ કરી, પછી પડવાનો હોય તેની અપેક્ષાએ છે; અને ચોથો (બાંધતો નથી, અને બાંધશે નહીં) ક્ષપકપણાની અપેક્ષાએ છે.

સમ્યગ્દૃષ્ટ જીવને ચારે વિકલ્પ જાણવા; તથા મિથ્યાદૃષ્ટિને અને મિશ્રદૃષ્ટને પ્રથમ બે જાણવા. કારણ કે તેમને વર્તમાનકાળમાં મોહનો બંધ હોય જ છે.

જ્ઞાની જીવને ચાર વિકલ્પ; અને અજ્ઞાનીને પ્રથમ બે જાણવા. કારણ કે તેને મોહનીયકર્મનો ક્ષય અને ઉપશમ નથી. મતિજ્ઞાનીથી માંડીને મનઃપર્યવજ્ઞાની સુધી ચારે વિકલ્પો જાણવા; કેવલજ્ઞાનીને છેલ્લો એક (નથી બાંધતો, નહીં બાંધે) જાણવો. આહારસંજ્ઞાથી માંડીને પરિગ્રહસંજ્ઞા સુધીની સંજ્ઞાવાળાઓને પ્રથમ બે જાણવા; અને નોસંજ્ઞા (આહારાદિની અનાસક્તિ) વાળાને મોહનીયનો ક્ષય તથા ઉપશમનો સંભવ હોવાથી ચારે જાણવા. વેદવાળા[1] જીવોને પ્રથમ બે જાણવા; કારણ કે વેદનો ઉદય હોય ત્યાં સુધી જીવને મોહનીયનો ક્ષય અને ઉપશમ ન હોય; વેદ વિનાના જીવોને ચારે જાણવા. વેદ ઉપશાંત થવાથી વેદરહિત થયેલો

---

૧. સ્ત્રી-પુરુષાદિનો પોતપોતાની જાતિને અનુરૂપ કામાદિ વિકાર.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ મોહનીયરૂપ પાપકર્મને સૂક્ષ્મસંપરાય* (૧૦મું) ગુણ-સ્થાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી બાંધે છે અને બાંધશે; અથવા ત્યાંથી પડીને પણ બાંધશે. (૧). વેદ ક્ષીણ થયા પછી પાપકર્મ બાંધે છે, પણ સૂક્ષ્મસંપરાયાદિ અવસ્થામાં બાંધતો નથી. (૨). ઉપશાન્તવેદ સૂક્ષ્મસંપરાયાદિ અવસ્થામાં પાપકર્મ બાંધતો નથી, પણ ત્યાંથી પડીને બાંધે છે. (૩). અને વેદ ક્ષીણ થયા પછી સૂક્ષ્મસંપરાયાદિ ગુણસ્થાનકે બાંધતો નથી, અને પછી બાંધશે પણ નહિ. (૪). કષાયવાળા જીવોને ચારે વિકલ્પ જાણવા: પ્રથમ વિકલ્પ અભવ્યની અપેક્ષાએ; બીજો, જેને મોહનીયકર્મનો ક્ષય થવાનો છે એવા ભવ્યની અપેક્ષાએ ; ત્રીજો, ઉપશમક સૂક્ષ્મસંપરાયને અપેક્ષીને; અને ચોથો, ક્ષપક સૂક્ષ્મસંપરાયને અપેક્ષીને. એમ લોભકષાયીનું પણ જાણવું. પરંતુ ક્રોધ, માન અને માયાવાળાને પ્રથમ બે જાણવા; કેમકે તેમનો ઉદય હોય ત્યારે અબંધપણું સંભવતું નથી. પ્રથમ વિકલ્પ અભવ્યને અપેક્ષીને અને બીજો ભવ્યવિશેષને અપેક્ષીને જાણવો. સંયોગીને પણ ચારે જાણવા. (૧–અભવ્ય; ૨–ભવ્ય-વિશેષ; ૩–ઉપશમક, ૪–ક્ષપક); તથા અયોગીને છેલ્લો જાણવો.

નારક જીવને ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ ન હોવાથી પ્રથમના બે વિકલ્પ જ હોય. તે જ પ્રમાણે અસુરકુમારથી સ્તનિતકુમાર દેવો, વાનવ્યંતર દેવો, જ્યોતિષિક દેવો અને

* જેમાં મોહનીયનો અંશ લોભરૂપે જ ઉદયમાન હોય છે, પણ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં, તે સૂક્ષ્મસંપરાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વૈમાનિક દેવો સંબંધે પણ જાણવું. મનુષ્યોને જીવપદની સમાન ચારે વિકલ્પો જાણવા.

—શતક ૨૬, ઉદ્દે૦ ૧

૧૧

ગૌ૦—હે ભગવન્! જીવે જ્ઞાનાવરણીયકર્મ બાંધ્યું હતું, બાંધે છે અને બાંધશે?

ભ૦—હે ગૌતમ! જેમ પાપકર્મ સંબંધે કહ્યું તેમ જ્ઞાનાવરણીયકર્મ માટે પણ જાણવું. પરંતુ જીવપદ અને મનુષ્યપદમાં સકષાયી (લોભકષાયી સુધ્ધાં)ને આશ્રયી પ્રથમ બે વિકલ્પ જ[૧] જાણવા; બાકી બધું સરખું ગણવું. જ્ઞાનાવરણીયની પેઠે દર્શનાવરણીયકર્મ સંબંધી પણ જાણવું.

વેદનીયની બાબતમાં ત્રીજો વિકલ્પ (નથી બાંધતો, બાંધશે) સંભવતો નથી; કારણકે વેદનીયનો અબંધક પછી ફરી તેનો બંધક થઈ શકતો નથી. લેશ્યાવાળા જીવને પણ એ પ્રમાણે ત્રીજા સિવાયના બાકીના ત્રણ ગણવા[૨]. કૃષ્ણથી પદ્મ સુધીની લેશ્યાવાળાને પ્રથમ બે, તથા શુક્લવાળાને

---

૧. કારણકે સકષાયી જીવ અવશ્ય જ્ઞાનાવરણીયકર્મનો બંધક હોય છે. પાપકર્મના દંડકમાં તો સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવાળો મોહનીયરૂપ પાપકર્મનો અબંધક હોવાથી ચાર વિકલ્પ કહ્યા હતા.

૨. આ બાબતમાં ઘણો વિવાદ છે. સલેશ્ય જીવને (નહિ બાંધે) એ ચોથો વિકલ્પ કેમ કરીને હોય? લેશ્યા ૧૩મા ગુણસ્થાનક પર્યંત હોય છે; અને ત્યાં સુધી તો તેઓ વેદનીયના બંધક છે. લેશ્યારહિત અયોગીને જ ચોથો વિકલ્પ સંભવી શકે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રીજા સિવાયના આઠીના ત્રણ જાણવા. કૃષ્ણપાક્ષિકને પહેલો અને બીજો, તથા શુક્લપાક્ષિકને ત્રીજા સિવાયના આઠીના ત્રણ જાણવા. સમ્યગ્દૃષ્ટિને પણ એમ જ જાણવું. (કારણકે, તેને અયોગિપણાનો સંભવ હોવાથી બંધ થતો નથી. તેથી ત્રીજા સિવાયના આઠીના ત્રણ હોય છે); મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિને (અયોગિપણાનો અભાવ હોવાથી) પ્રથમ બે જાણવા. જ્ઞાની અને કેવલજ્ઞાનીને (અયોગિપણામાં ચોથો સંભવતો હોવાથી) ત્રીજા સિવાયના આઠીના ત્રણ જાણવા; અને મતિજ્ઞાનીથી મનઃપર્યવજ્ઞાની સુધીનાને પ્રથમ બે જાણવા. એ પ્રમાણે નોસંજ્ઞાવાળાને, વેદરહિતને તથા અકષાયીને ત્રીજા સિવાય આઠીના ત્રણ જાણવા; અયોગીને છેલ્લો, અને આઠે બધે સ્થળે પહેલો અને બીજો એમ બે જાણવા.

પાપકર્મની પેઠે મોહનીયકર્મ માટે જાણવું.

આયુષ્યકર્મની બાબતમાં જીવને ચારે વિકલ્પ જાણવા[૧] લેશ્યાવાળાને ચાર અને લેશ્યારહિતને છેલ્લો વિકલ્પ જાણવો. કૃષ્ણપાક્ષિકને પહેલો અને ત્રીજો તથા શુક્લપાક્ષિક, સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિને ચારે જાણવા. મિશ્રદૃષ્ટિને ત્રીજો અને ચોથો સંભવે છે. જ્ઞાની તેમ જ મતિથી અવધિજ્ઞાની સુધીનાં જ્ઞાનવાળાને ચારે વિકલ્પ જાણવા;

---

૧. નારકે બાંધ્યું છે, બંધકાળે બાંધે છે અને ભવાંતરે બાંધશે એ પહેલો; ભવ્યની અપેક્ષાએ બીજો; બંધકાલાભાવ, અને ભાવિબંધકાલની અપેક્ષાએ ત્રીજો; અને જેણે પરભવિક આયુષ્ય બાંધ્યું છે, અને પછી જેનો છેલ્લો જન્મ છે તેની અપેક્ષાએ ચોથો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મનઃપર્યવજ્ઞાનીને પહેલો, ત્રીજો અને ચોથો વિકલ્પ જાણવો; તથા કેવલજ્ઞાનીને ચોથો. એ પ્રમાણે નોસંજ્ઞાવાળાને બીજા સિવાય બાકીના ત્રણે; વેદરહિત અને અકષાયીને ત્રીજો અને ચોથો વિકલ્પ કહેવો; અયોગીને છેલ્લો વિકલ્પ કહેવો, અને બાકીનાં માટે ચારે વિકલ્પ જાણવા.

નૈરયિક જીવ માટે ચારે વિકલ્પો[૧] જાણવા. એ પ્રમાણે બધે ઠેકાણે પણ નૈરયિકો સંબંધે ચાર વિકલ્પો જાણવા, પરંતુ વિશેષ એ કે, કૃષ્ણલેશ્યાવાળા અને કૃષ્ણપાક્ષિકને પહેલો અને ત્રીજો વિકલ્પ જાણવો, તથા મિશ્રદૃષ્ટિમાં[૨] ત્રીજો અને ચોથો વિકલ્પ જાણવો. અસુરકુમારોમાં પણ એ જ રીતે જાણવું; પણ કૃષ્ણલેશ્યાવાળાને ચાર વિકલ્પ કહેવા;[૩] એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથ્વીકાયિકોને બધે ઠેકાણે ચાર વિકલ્પો કહેવા; પણ કૃષ્ણપાક્ષિકમાં પહેલો અને ત્રીજો જ કહેવો. તેજોલેશ્યાવાળાને ત્રીજો જ કહેવો[૪].

૧. જેમકે કૃષ્ણલેશ્યાવાળા નારકોમાં પહેલો અને ત્રીજો વિકલ્પ સંભવે, કારણકે કૃષ્ણલેશ્યા પંચમનરક પૃથ્વી આદિમાં સંભવે છે, અને ત્યાંથી કોઈ સિદ્ધ થતું નથી, એટલે બીજો વિકલ્પ ત્યાં ન સંભવે; તેમ જ ચોથો પણ તેને ન સંભવે.

૨. કારણકે તેને આયુષ્યનો બંધ જ નથી

૩. કારણકે તે તો મનુષ્યગતિ પ્રાપ્ત કરી સિદ્ધ થઈ શકે.

૪. કારણકે કોઈ તેજોલેશ્યાવાળો દેવ પૃથ્વીકાયિક જીવ તરીકે ઉત્પન્ન થયો હોય, તે અપર્યાપ્ત અવસ્થામાં તેજોલેશ્યાવાળો હોય છે; તે પૂરી થયા બાદ તે આયુષ બાંધે છે. એટલે તેજોલેશ્યાવાળા પૃથ્વીકાયિકે દેવત્વ વખતે આયુષ્ય બાંધ્યું હતું, તેજોલેશ્યાવાળા અવસ્થામાં ન બાંધ્યું, પણ તે દૂર થતાં બાંધશે, એમ ત્રીજો વિકલ્પ સંભવ્યો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે અપ્કાયિક અને વનસ્પતિકાયિકને પણ બધું જાણવું. તેજસ્કાયિક અને વાયુકાયિકને વિષે બધે પહેલો અને ત્રીજો વિકલ્પ કહેવો;[૧] બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય અને ચાર ઇંદ્રિયવાળાને બધે પહેલો અને ત્રીજો વિકલ્પ[૨] કહેવો; પણ વિશેષ એ કે, સમ્યક્ત્વ, જ્ઞાન, મતિજ્ઞાન, અને શ્રુતજ્ઞાન સંબંધે ત્રીજો વિકલ્પ કહેવો.[૩] પંચેંદ્રિય તિર્યંચયોનિકોને કૃષ્ણપાક્ષિક સંબંધે પહેલો અને ત્રીજો વિકલ્પ કહેવો;[૪] સમ્યગ્મિથ્યાત્વમાં[૫] ત્રીજો અને ચોથો કહેવો; સમ્યક્ત્વ, જ્ઞાન, મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં બીજા સિવાયના[૬] બાકીના ત્રણે કહેવા; અને બાકીનામાં ચારે કહેવા. જેમ જીવો સંબંધે કહ્યું, તેમ મનુષ્યો સંબંધે જાણવું. પણ વિશેષ એ કે, સમ્યક્ત્વ, જ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં બીજા સિવાય બાકીના ત્રણ જાણવા; અને બાકીનું બધું પહેલાંની પેઠે જાણવું. અસુરકુમારની જેમ વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક

૧. કારણ કે ત્યાંથી સીધો મનુષ્યજન્મ ન હોવાથી સિદ્ધિ સંભવતી નથી.

૨. કારણકે તેઓને તરત મનુષ્યપણું સંભવતું હોવા છતાં નિર્વાણનો અભાવ છે.

૩. કારણકે તેમનું સમ્યક્ત્વ વગેરે સાસ્વાદનભાવે અપર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. અને તે દૂર થતાં આયુષનો બંધ થાય છે.

૪. તેને તરત સિદ્ધિ સંભવિત નથી તેથી.

૫. કારણ કે ત્યાં આયુષનો બંધ જ નથી.

૬. કારણ કે તેને દેવાવસ્થા જ પ્રાપ્ત થાય; અને ત્યાં ફરી આયુષ બાંધે જ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધે જાણવું. તથા જ્ઞાનાવરણીયની પેઠે નામ, ગોત્ર અને અંતરાય કર્મોનું પણ જાણવું.

ગૌ૦—હે ભગવન્! તે એમ જ છે, હે ભગવન્! તે એમ જ છે.

—શતક ૨૬, ઉદ્દે૦ ૧

૧૨

ગૌ૦—હે ભગવન્! જીવો સકંપ હોય છે કે નિષ્કંપ?

મ૦—હે ગૌતમ! જીવો સકંપ પણ છે અને નિષ્કંપ પણ છે. જીવો બે પ્રકારના છે: સંસારસમાપન્ન—સંસારી, અને અસંસારસમાપન્ન—મુક્ત. તેમાં જે મુક્ત જીવો છે તે સિદ્ધ જીવો છે. તે બે પ્રકારના છે: અનંતરસિદ્ધ (સિદ્ધત્વની પ્રાપ્તિને પ્રથમ સમયે વર્તમાન) અને પરંપરસિદ્ધ (સિદ્ધત્વની પ્રાપ્તિ થયા પછી એકાદ સમય વ્યતીત થયા પછીના). તેમાં જે પરંપરસિદ્ધ છે તે નિષ્કંપ છે; અને જે જીવો અનંતરસિદ્ધ છે, તે સકંપ છે. કારણ કે સિદ્ધિગમન સમય અને સિદ્ધિત્વપ્રાપ્તિનો સમય એક જ હોવાથી અને સિદ્ધિગમન સમયે ગમનક્રિયા થતી હોવાથી, તે વખતે તેઓ સકંપ હોય છે. વળી જે સંસારપ્રાપ્ત જીવો છે, તે પણ બે પ્રકારના છે: શૈલેશીને[૧] પ્રાપ્ત થયેલા, અને શૈલેશીને અપ્રાપ્ત. તેમાં શૈલેશીને પ્રાપ્ત જીવો નિષ્કંપ છે, અને બીજા સકંપ છે.

ગૌ૦—હે ભગવન્! અનંતરસિદ્ધો અમુક અંશે સકંપ છે કે સર્વાંશે સકંપ છે?

૧. ધ્યાન વડે શૈલ જેવી નિષ્કંપ સ્થિતિને પ્રાપ્ત થયેલા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! સર્વાંશે સકંપ છે.

ગૌ૦—હે ભગવન્! જે જીવો શૈલેશીને પ્રાપ્ત થયેલા નથી તે અંશતઃ સકંપ છે કે સર્વાંશે સકંપ છે?

મ૦—હે ગૌતમ! તે અંશતઃ સકંપ છે અને સર્વાંશે પણ સકંપ છે. (જીવની પરભવમાં જતાં ઇયળ જેવી ગતિ હોય, એટલે કે પરસ્થાનમાં એક ભાગ મૂકી બીજા ભાગને ખસેડે, તે અંશતઃ સકંપ કહેવાય; અને દડા જેવી ગતિ હોય તો સર્વાંશે સકંપ કહેવાય).

ગૌ૦—હે ભગવન્! નૈરયિકો અંશતઃ સકંપ છે કે સર્વાંશે સકંપ છે?

મ૦—હે ગૌતમ! તેઓ અંશતઃ સકંપ છે અને સર્વાંશે પણ સકંપ છે. નૈરયિકો બે પ્રકારના છે. વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા (એટલે કે મરીને જેઓ એક અથવા બે આદિ વાંકવાળી ગતિથી ઉત્પત્તિસ્થાને જાય છે તે), અને વિગ્રહગતિને નહીં પ્રાપ્ત થયેલા. તેમાં જે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા છે (તેઓ દડાની પેઠે સર્વાંશે જતા હોવાથી) સર્વાંશે સકંપ છે; અને જે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા નથી, તેઓ અમુક અંશે સકંપ છે.*

—શતક ૨૫, ઉદ્દે૦ ૪

---

* વિગ્રહગતિને પ્રાપ્ત ન થયેલાના બે પ્રકાર છે: ઋજુ-ગતિવાળા (સીધી ગતિવાળા) અને અવસ્થિત. અહીં અવસ્થિતનું ગ્રહણ કર્યું હોય તેમ સંભવે છે. તેઓ શરીરમાં રહીને મરણસમુદ્‌ઘાત કરી, ઇલિકા (ઇયળ) જેવી ગતિથી ઉત્પત્તિ-ક્ષેત્રનો અંશથી સ્પર્શ કરે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩

રાજગૃહનગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! પ્રાણાતિપાત વગેરે, પ્રાણાતિપાત-વિરમણ વગેરે, પૃથ્વીકાયિક વગેરે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરરહિત જીવ, પરમાણુપુદ્ગલ, શૈલેશી અવસ્થાવાળો સાધુ, અને સ્થૂલ આકારવાળા કલેવરધારી બેઇંદ્રિયાદિ જીવો—એ બધાંમાં કેટલાંક જીવદ્રવ્યરૂપ છે, અને કેટલાંક અજીવદ્રવ્યરૂપ છે. તો હે ભગવન્! શું એ બધાં જીવના પરિભોગમાં આવે છે?

મ૦—હે ગૌતમ! તેમાંનાં કેટલાંક જીવના પરિભોગમાં આવે છે અને કેટલાંક નથી આવતાં. જેમકે, પ્રાણાતિપાત વગેરે, પૃથ્વીકાયિક વગેરે, અને બધા સ્થૂલ આકારવાળા કલેવરધારી બે ઇંદ્રિયાદિ જીવો એ બધા જીવના પરિભોગમાં આવે[૧] છે. વળી પ્રાણાતિપાતવિરમણાદિ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરરહિત જીવ, પરમાણુ-પુદ્ગલ તથા શૈલેશી પ્રાપ્ત કરનાર સાધુ એ બધા જીવના પરિભોગમાં આવતા નથી.[૨]

—શતક ૧૮, ઉદ્દે૦ ૪

---

૧. કારણકે પ્રાણાતિપાતાદિથી ચારિત્રમોહનીય કર્મ ઉદયમાં આવે છે. તેથી પ્રાણાતિપાતાદિ તે દ્વારા જીવના પરિભોગમાં આવે છે. પૃથ્વીકાયિકાદિનો પરિભોગ ગમન શૌચાદિ દ્વારા સ્પષ્ટ છે.

૨. કારણકે પ્રાણાતિપાતવિરમણાદિ જીવના શુદ્ધ સ્વભાવરૂપ હોવાથી ચારિત્રમોહનીય કર્મોદયના હેતુરૂપ થતાં નથી, માટે તે જીવના પરિભોગમાં આવતાં નથી; ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪

સંસારસંસ્થાનકાળ: સંસાર એટલે એક ભવથી બીજા ભવમાં જવારૂપ ક્રિયા. તેની જે સંસ્થાન–અવસ્થાન–સ્થિર રહેવારૂપ ક્રિયા અને તેનો જે કાળ તે સંસારસંસ્થાનકાળ.

ગૌ૦—હે ભગવન્! અતીત કાળમાં નારકાદિ વિશેષણ-વિશિષ્ટ જીવને સંસારસંસ્થાનકાળ કેટલા પ્રકારના કહ્યો છે? (અર્થાત્! આ જીવ અતીતકાળમાં કઈ ગતિમાં અવસ્થિત હતો?)

મ૦—હે ગૌતમ! સંસારસંસ્થાનનો કાળ ચાર પ્રકારનો કહ્યો છે: નૈરયિકસંસારસંસ્થાનકાળ, તિર્યંચસંસારસંસ્થાનકાળ, મનુષ્યસંસારસંસ્થાનકાળ, અને દેવસંસારસંસ્થાનકાળ.

ગૌ૦—હે ભગવન્! નૈરયિકસંસારસંસ્થાનકાળ કેટલા પ્રકારનો કહ્યો છે!

મ૦—હે ગૌતમ! તે ત્રણ જાતનો કહ્યો છે: શૂન્યકાળ, અશૂન્યકાળ, અને મિશ્રકાળ.

વિવરણ: વર્તમાનકાળમાં સાતે પૃથ્વીઓમાં જે નારકો વર્તે છે, તેઓમાંથી જ્યાં સુધી કોઈ ઉદ્વર્તે (મરે) નહિ, અને બીજો કોઈ ઉત્પન્ન થાય નહિ, કિંતુ જેટલા છે તેટલા જ રહે, તે કાળ નારકોને આશ્રીને 'અશૂન્ય' કાળ કહેવાય. તે જ નારકોમાંથી એક–બે–ત્રણ એમ એમ કરીને બધા ઉદ્વૃત્ત થવા માંડે; પરંતુ, જ્યાં સુધી તેમાં છેવટે એક પણ

અમૂર્ત હોવાથી, પરમાણુ સૂક્ષ્મ હોવાથી અને શૈલેશીપ્રાપ્ત સાધુ ઉપદેશ વગેરે દ્વારા પ્રેરણાદિ ન કરતા હોવાથી અનુપયોગી છે, તેથી તે જીવના પરિભોગમાં આવતા નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નારકી બાકી રહે, ત્યાં સુધીનો કાળ 'મિશ્ર' કાળ છે. અને શૂન્યકાળ ત્યારે જ હોઈ શકે, જ્યારે વર્તમાન સમયના તે બધા નારકો સમસ્તપણે ઉદ્વર્ત્ત થઈ જાય, અને તેમાં એકે બાકી ન રહે.

ગૌ૦—હે ભગવન્! તિર્યંચયોનિકસંસારસંસ્થાનકાળ કેટલા પ્રકારનો કહ્યો છે?

મ૦—હે ગૌતમ! તે બે પ્રકારનો છે: અશૂન્યકાળ અને મિશ્રકાળ[૧]. મનુષ્યો અને દેવોનો સંસારસંસ્થાનકાળ નૈરયિકો પ્રમાણે (ત્રણ પ્રકારનો) કહેવો.

ગૌ૦—હે ભગવન્! નૈરયિક સંબંધી સંસારસંસ્થાનકાળના ત્રણ પ્રકારોમાંથી કોણ કોનાથી વિશેષાધિક છે?

મ૦—હે ગૌતમ! સૌથી થોડો અશૂન્યકાળ છે.[૨] મિશ્રકાળ તેથી અનંતગણો છે;[૩] અને શૂન્યકાળ તેથી પણ અનંતગણો છે.[૪]

---

૧. શૂન્યકાળ તેઓને ન હોવાનું કારણ એ છે કે, ત્યાંથી નીકળેલા તેઓનું, તેથી બીજું સ્થાન નથી.

૨. કારણકે નારકોનો ઉત્પાદ, ઉદ્વર્તના અને વિરહકાળ વધારેમાં વધારે પણ ૧૨ મુહૂર્ત જેટલો છે.

૩. કારણકે આ સૂત્ર તે જ વાર્તમાનિક નારકભવને આશરીને પ્રવર્ત્યું નથી, પરંતુ વાર્તમાનિક નારક જીવોની બીજી ગતિના ગમન વડે ત્યાં જ ઉત્પત્તિને આશરીને પ્રવર્ત્યું છે; એટલે કે મિશ્રકાળ એ નારકોમાં અને બીજાઓમાં ગમનાગમનકાળ છે, અને તે ત્રસ અને વનસ્પતિ વગેરેના સ્થિતિકાળથી મિશ્રિત થતો અનંતગણો થાય છે.

૪. કારણકે બધા વિવક્ષિત નારકોનું ઘણું કરીને વનસ્પતિમાં અનંતાનંત કાળ સુધી અવસ્થાન છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તિર્યંચયોનિક સંસારસંસ્થાનકાળના બે પ્રકારમાં સૌથી થોડો અશૂન્યકાળ[1] છે, અને તે કરતાં મિશ્રકાળ અનંતગણો છે.

મનુષ્યો અને દેવોના સંસારસંસ્થાનકાળની ન્યૂનાધિકતા નૈરયિકોના સંસારસંસ્થાનકાળની[2] જેમ જાણવી.

હવે ચારેના સંસારસંસ્થાનકાળની ન્યૂનાધિકતા વિચારીએ, તો મનુષ્યસંસારસંસ્થાનકાળ સૌથી થોડો છે; તેથી નૈરયિકસંસારસંસ્થાનકાળ અસંખ્યેયગણો છે; તે કરતાં દેવસંસારસંસ્થાનકાળ અસંખ્યેયગણો છે; અને તે કરતાં તિર્યંચયોનિકસંસારસંસ્થાનકાળ અનંતગણો છે.

— શતક ૧, ઉદ્દે૦ ૨

૧૫

વાણિજ્યગ્રામના દૂતિપલાશ ચૈત્યમાં પાર્શ્વપ્રભુના શિષ્ય ગાંગેય શ્રમણ ભગવાન મહાવીરને પૂછે છે :

ગાં૦—હે ભગવન્! નૈરયિકો સાંતર (અંતરસહિત) ઉત્પન્ન થાય છે કે નિરંતર (અંતર સિવાય) ઉત્પન્ન થાય છે?

મ૦—હે ગાંગેય! નૈરયિકો સાંતર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.

વિવરણ : જે ઉત્પત્તિમાં સમયાદિ કાલનું અંતર – વ્યવધાન હોય, તે સાંતર કહેવાય છે. તેમાં એકેંદ્રિયો પ્રતિસમય ઉત્પન્ન થતા હોવાથી તેઓ સાંતર ઉત્પન્ન થતા નથી, પણ નિરંતર ઊપજે છે. તે સિવાય બીજા જીવોની ઉત્પત્તિમાં

---

૧. કારણકે તે અંતર્મુહૂર્ત જેટલો છે.

૨. કારણકે તેમનો અશૂન્યકાળ પણ બાર મુહૂર્ત જેટલો છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અંતરનો સંભવ હોવાથી તેઓ સાંતર અને નિરંતર – એ બંને પ્રકારે ઊપજે છે.

— શતક ૯, ઉદ્દે૦ ૩૨

૧૬

વાણિજ્યગ્રામના દૂતિપલાશ ચૈત્યમાં પાર્શ્વપ્રભુના અનુયાયી ગાંગેય પૂછે છે :

ગાં૦—હે ભગવન્! નૈરયિકો નરકમાં સ્વયં ઉત્પન્ન થાય છે કે અસ્વયં ઉત્પન્ન થાય છે?

મ૦—હે ગાંગેય! સ્વયં ઉત્પન્ન થાય છે, પણ અસ્વયં ઉત્પન્ન થતા નથી. કર્મના ઉદયથી, કર્મના ગુરુપણાથી, કર્મના ભારેપણાથી, અશુભ કર્મોના ઉદયથી અને વિપાકથી તથા અશુભકર્મોના ફલવિપાકથી નૈરયિકો નૈરયિકોમાં સ્વયં ઉત્પન્ન થાય છે; પણ અસ્વયં ઉત્પન્ન થતા નથી. તેથી એમ કહેવાય છે કે, 'તેઓ સ્વયં ઉત્પન્ન થાય છે.'

ગાં૦—હે ભગવન્! અસુરકુમારો સ્વયં ઉત્પન્ન થાય છે કે અસ્વયં ઉત્પન્ન થાય છે?

મ૦—હે ગાંગેય! સ્વયં ઉત્પન્ન થાય છે. કર્મના ઉદયથી, અશુભ કર્મના ઉપશમથી, અશુભ કર્મના અભાવથી, કર્મની વિશોધિથી, કર્મની વિશુદ્ધિથી, શુભ કર્મોના ઉદયથી, તથા વિપાકથી અને શુભ કર્મોના ફલવિપાકથી અસુરકુમારો અસુરકુમારપણે સ્વયં ઉત્પન્ન થાય છે. એમ વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો માટે પણ જાણવું.

તે પ્રમાણે પૃથ્વીકાયિકોની બાબતમાં 'કર્મના ઉદયથી, કર્મના ગુરુપણાથી, કર્મના ભારથી, શુભ અને અશુભ કર્મોના ઉદયથી, શુભ અને અશુભ કર્મોના વિપાકથી અને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શુભાશુભ કર્મોના ફલવિપાકથી' એમ સમજવું. એવું જ મનુષ્યો સુધી જાણવું.

ગાં૦—હે ભગવન્! આપ સ્વયં આ પ્રમાણે જાણો છો કે અસ્વયં જાણો છો? સાંભળ્યા સિવાય આ પ્રમાણે જાણો છો કે સાંભળીને જાણો છો?

મ૦—હે ગાંગેય! આ બધું હું સ્વયં જાણું છું, તથા સાંભળ્યા વિના જાણું છું. કેવલજ્ઞાની બધી દિશાઓમાં મિત (મર્યાદિત) પણ જાણે અને અમિત પણ જાણે છે. તે સર્વ કાળે સર્વ ભાવોને પણ જાણે છે. તેને અનંત જ્ઞાન અને અનંત દર્શન છે, તથા તે જ્ઞાનદર્શનને કોઈ જાતનું આવરણ નથી.

ત્યાર પછી ગાંગેય અનગાર મહાવીરને સર્વજ્ઞ અને સર્વદર્શી જાણી, તેમની પાસે ચારમહાવ્રતધર્મમાંથી નીકળી પાંચમહાવ્રતધર્મમાં આવ્યા તથા શ્રમણપણું ભલીપેરે પાળી, સિદ્ધ થયા તથા મુક્ત થયા.

—શતક ૯, ઉદ્દે૦ ૩૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩

કર્મવિભાગ

૧ : આઠ કર્મપ્રકૃતિઓ

૧

વિવરણ : જડદ્રવ્ય પુદ્‌ગલની વર્ગણાઓ – પ્રકારો અનેક છે. તેમાંની જે વર્ગણા કર્મરૂપ પરિણામ પામવાની યોગ્યતા ધરાવતી હોય, તેને જ જીવ ગ્રહણ કરી પોતાના પ્રદેશો સાથે વિશિષ્ટ રીતે જોડી દે છે. જીવ સ્વભાવે અમૂર્ત છતાં અનાદિકાળથી કર્મસંબંધવાળો હોવાથી મૂર્ત જેવો થઈ જવાને લીધે મૂર્ત કર્મપુદ્‌ગલોનું ગ્રહણ કરે છે. જેમ દીવો વાટ દ્વારા તેલને ગ્રહણ કરી પોતાની ઉષ્ણતાથી તેને જ્વાળારૂપે પરિણમાવે છે, તેમ જીવ કાષાયિક વિકારથી યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી, તેને કર્મભાવરૂપે પરિણમાવે છે. એ જ આત્મપ્રદેશ સાથે કર્મભાવે પરિણામ પામેલ પુદ્‌ગલોનો સંબંધ તેનું નામ જ બંધ છે. આવા બંધમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ મુખ્ય નિમિત્તો છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મપુદ્ગલો જીવ દ્વારા ગ્રહણ થઈ કર્મરૂપે પરિણામ પામે છે તેની સાથે જ તેમાં પ્રકૃતિ, સ્થિતિ, વગેરે અંશોનું નિર્માણ થાય છે. પ્રકૃતિ એટલે જ્ઞાનને આવરવાનો વગેરે સ્વભાવ. તે પ્રકૃતિઓ આઠ પ્રકારની છે.

ગૌ૦—હે ભગવન્! કર્મપ્રકૃતિઓ કેટલી કહી છે?

મ૦—હે ગૌતમ! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે: જેમકે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય (જેથી સુખદુઃખાદિ અનુભવાય તે), મોહનીય, આયુષ, નામ (જેથી વિશિષ્ટ ગતિ, જાતિ આદિ પ્રાપ્ત થાય તે), ગોત્ર, અને અંતરાય (જેનાથી દેવા-લેવા-ભોગવવામાં અંતરાય આવે તે).

ગૌ૦—હે ભગવન્! જે જીવને જ્ઞાનાવરણીય કર્મ છે, તેને શું દર્શનાવરણીય કર્મ છે? અને જેને દર્શનાવરણીય કર્મ છે તેને શું જ્ઞાનાવરણીય કર્મ છે?

મ૦—હે ગૌતમ! જેને જ્ઞાનાવરણીય છે, તેને અવશ્ય દર્શનાવરણીય હોય છે, અને જેને દર્શનાવરણીય છે તેને પણ અવશ્ય જ્ઞાનાવરણીય હોય છે.

ગૌ૦—હે ભગવન્! જેને જ્ઞાનાવરણીય છે તેને શું વેદનીય હોય છે? તથા જેને વેદનીય છે, તેને જ્ઞાનાવરણીય હોય છે?

મ૦—હે ગૌતમ! જેને જ્ઞાનાવરણીય છે તેને અવશ્ય વેદનીય છે; અને જેને વેદનીય છે તેને જ્ઞાનાવરણીય કદાચ હોય કે કદાચ ન હોય. (કેવલજ્ઞાનીને વેદનીય હોય, પણ જ્ઞાનાવરણીય ન હોય.)

ગૌ૦—હે ભગવન્! જેને જ્ઞાનાવરણીય છે તેને શું મોહનીય છે? તથા જેને મોહનીય છે, તેને જ્ઞાનાવરણીય છે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! જેને જ્ઞાનાવરણીય છે તેને મોહનીય કદાચ હોય અને કદાચ ન હોય;[1] પણ જેને મોહનીય છે, તેને અવશ્ય જ્ઞાનાવરણીય હોય છે.

ગૌ૦—હે ભગવન્! જેને જ્ઞાનાવરણીય કર્મ છે તેને શું આયુષકર્મ છે? અને જેને આયુષકર્મ છે તેને જ્ઞાનાવરણીય કર્મ છે?

મ૦—હે ગૌતમ! જેમ વેદનીય કર્મ સાથે કહ્યું, તેમ આયુષની સાથે પણ જાણવું. એ પ્રમાણે નામ અને ગોત્ર કર્મની સાથે પણ જાણવું. અને જેમ દર્શનાવરણીય સાથે કહ્યું, તેમ અંતરાયકર્મ સાથે જાણવું.

ગૌ૦—હે ભગવન્! જેને દર્શનાવરણીયકર્મ છે તેને શું વેદનીય છે, તથા જેને વેદનીય છે તેને દર્શનાવરણીય છે?

મ૦—હે ગૌતમ! જેમ જ્ઞાનાવરણીય કર્મ ઉપરનાં સાત કર્મો સાથે કહ્યું છે તેમ દર્શનાવરણીય કર્મ પણ ઉપરનાં છ કર્મો સાથે રહેવું.

ગૌ૦—હે ભગવન્! જેને વેદનીય છે, તેને શું મોહનીય છે, અને જેને મોહનીય છે તેને શું વેદનીય છે?

મ૦—હે ગૌતમ! જેને વેદનીય છે, તેને મોહનીય કદાચ હોય અને કદાચ ન હોય[2]; પણ જેને મોહનીય છે, તેને અવશ્ય વેદનીય છે.

---

૧. ક્ષપક એટલે કે જેમાં મોહનીય કર્મનો ક્ષય થઈ ગયો છે, તેને કેવલજ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાંસુધી જ્ઞાનાવરણીય હોય છે; જેના મોહનીયનો ક્ષય નથી થયો, તેને તો મોહનીય અને જ્ઞાનાવરણીય બંને હોય છે.

૨. ક્ષીણમોહને ન હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! જેને વેદનીય છે, તેને શું આયુષ્ય-કર્મ હોય?

મ૦—હા ગૌતમ! એ બંને પરસ્પર અવશ્ય હોય. તે જ પ્રમાણે નામ અને ગોત્રની સાથે પણ રહેવું. પરંતુ જેને વેદનીય છે તેને અંતરાયકર્મ કદાચ હોય, અને કદાચ ન હોય, પણ જેને અંતરાયકર્મ છે તેને અવશ્ય વેદનીય હોય[૧].

ગૌ૦—હે ભગવન્! જેને મોહનીય છે તેને શું આયુષ હોય? અને જેને આયુષ છે, તેને શું મોહનીય હોય?

મ૦—હે ગૌતમ! જેને મોહનીય છે તેને અવશ્ય આયુષ હોય; પરંતુ જેને આયુષ હોય તેને મોહનીય કર્મ કદાચ હોય, અને કદાચ ન હોય. એ પ્રમાણે નામ, ગોત્ર અને અંતરાય કર્મ કહેવું.

ગૌ૦—હે ભગવન્! જેને આયુષકર્મ છે, તેને નામ-કર્મ હોય? અને જેને નામકર્મ છે, તેને આયુષકર્મ હોય?

મ૦—હે ગૌતમ! તે બંને પરસ્પર અવશ્ય હોય. તે પ્રમાણે ગોત્ર સાથે પણ કહેવું.

ગૌ૦—હે ભગવન્! જેને આયુષ્ય છે, તેને અંતરાયકર્મ હોય? અને તેને અંતરાયકર્મ છે તેને આયુષકર્મ હોય?

મ૦—હે ગૌતમ! જેને આયુષ છે તેને અંતરાય કદાચ હોય અને કદાચ ન હોય; પણ જેને અંતરાયકર્મ છે, તેને અવશ્ય આયુષકર્મ હોય.

---

૧. વેદનીય, આયુષ, નામ અને ગોત્ર એ કર્મો તો કેવલ-જ્ઞાનીને પણ હોય છે; તેમનો તો શરીરના નાશ સાથે જ ક્ષય થાય છે. તેમને પરિભાષામાં 'ચાર કેવલિકર્માંશો' કહે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! જેને નામકર્મ છે, તેને શું ગોત્ર-કર્મ હોય, અને તેને ગોત્રકર્મ છે, તેને નામકર્મ હોય?

મ૦—હે ગૌતમ! તે બંને પરસ્પર અવશ્ય હોય.

ગૌ૦—હે ભગવન્! જેને નામકર્મ છે, તેને અંતરાયકર્મ હોય, અને જેને અંતરાયકર્મ છે તેને શું નામકર્મ હોય?

મ૦—હે ગૌતમ! જેને નામકર્મ છે, તેને અંતરાયકર્મ કદાચ હોય અને કદાચ ન હોય; પણ જેને અંતરાયકર્મ છે, તેને અવશ્ય નામકર્મ હોય.

ગૌ૦—હે ભગવન્! જેને ગોત્રકર્મ છે, તેને શું અંતરાયકર્મ હોય?

મ૦—હે ગૌતમ! જેને ગોત્રકર્મ છે, તેને અંતરાયકર્મ કદાચ હોય અને કદાચ ન હોય; પણ જેને અંતરાયકર્મ છે તેને અવશ્ય ગોત્રકર્મ હોય.

—શતક ૮, ઉદ્દે૦ ૧૦

ગૌ૦—હે ભગવન્! જ્ઞાનાવરણીય કર્મને બાંધતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓને બાંધે?

મ૦—હે ગૌતમ! જ્યારે આયુષ્યનો બંધકાળ ન હોય,[1] ત્યારે સાત પ્રકારે કર્મ બાંધે છે; આયુષ્યના બંધકાળમાં આઠ પ્રકારે બાંધે છે; દશમા ગુણસ્થાન[2] વખતે મોહનીય-

---

૧. તે કર્મ જીવનના અંતિમ ભાગમાં જ બંધાય છે તેથી.

૨. સૂક્ષ્મસંપરાય—જે દશામાં મોહનીય કર્મનો અંશ લોભરૂપે જ ઉદયમાન હોય, અને તે પણ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં, તે દશા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મને અને આયુષ કર્મને ન બાંધતો હોવાથી ૭ પ્રકારે કર્મ બાંધે છે.*

—શતક, ૬, ઉદ્દે૦ ૯

૨ : કર્મ અને તેની સ્થિતિ

વિવરણ : બંધાયેલ કર્મની સ્થિતિના બે પ્રકાર છે : એક તો કર્મરૂપે રહેવું; અને બીજી, અનુભવ યોગ્ય કર્મરૂપે રહેવું. એવો નિયમ છે કે જે કર્મની સ્થિતિ જેટલાં કોડા-કોડી સાગરોપમ વર્ષની હોય, તેટલાં સો વર્ષ તે અનુભવમાં આવ્યા સિવાય અકિંચિત્કર થઈને આત્મામાં પડી રહે છે. જેમકે મોહનીય કર્મની વધારેમાં વધારે સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ વર્ષની છે; તો તે ૭૦ સો વર્ષ સુધી અર્થાત્ ૭૦૦૦ વર્ષ સુધી તો માત્ર પડયું જ રહે છે. એટલો વખત પસાર થયા બાદ જ એ અણુઓમાંથી સમયે સમયે અમુક પ્રમાણવાળાં અણુઓ પોતાનું ફળ આપવા લાગે છે. જેટલો વખત એ અણુઓ આત્માને પોતાનું વિપ ચડાવ્યા વિના પડી રહે છે, તેટલા વખતને 'અબાધાકાળ' કહે છે. કર્મની કુલ સ્થિતિમાંથી અબાધાકાળને બાદ કરતાં બાકીનો સમય—જેમાં કર્મો ફળ આપવું શરૂ કરે છે—તે કર્મનિષેક-

* આ પ્રમાણે જ્ઞાનાવરણીયાદિ એક પ્રકૃતિના ઉદયમાં અન્ય કેટલી પ્રકૃતિનો ઉદય હોય; એક પ્રકૃતિના ઉદયમાં અન્ય કેટલી પ્રકૃતિઓનો બંધ હોય; એક પ્રકૃતિના બંધમાં અન્ય કેટલી પ્રકૃતિનો ઉદય હોય, અને એક પ્રકૃતિના બંધમાં અન્ય કેટલી પ્રકૃતિનો બંધ હોય—એનું સવિસ્તર વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના ૨૪-૨૫-૨૬ તથા ૨૭ પદોમાં જોવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કાળ કહેવાય છે. કારણ કે તે સમયમાં જ, બંધાયેલા કર્માણુઓમાંથી વેદવાને યોગ્ય કર્મદળોનો નિષેક થવા માંડે છે.

ગૌ૦—હે ભગવન્! જ્ઞાનાવરણીયકર્મની બંધસ્થિતિ કેટલા કાળની કહી છે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત; અને વધારેમાં વધારે ત્રીસ સાગરોપમ કોડાકોડી. તેનો અબાધાકાળ ૩૦૦૦ વર્ષનો છે, અને નિષેકકાળ ત્રીસ સાગરોપમ કોડાકોડી ઓછાં ૩૦૦૦ વર્ષ છે. દર્શનાવરણીયનું પણ તેમ જ જાણવું, વેદનીયકર્મની સ્થિતિ ઓછામાં ઓછી બે સમય[૧] અને વધારેમાં વધારે જ્ઞાનાવરણીયની પેઠે જાણવી. મોહનીયકર્મની સ્થિતિ ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે ૭૦ સાગરોપમ કોડાકોડી છે. તેનો અબાધાકાળ સાત હજાર વર્ષનો છે, અને નિષેકકાળ ૭૦ સાગરોપમ કોડાકોડી ઓછાં સાત હજાર વર્ષ છે. આયુષ્યકર્મની ઓછામાં ઓછી સ્થિતિ અંતર્મુહૂર્ત છે; અને વધારેમાં વધારે પૂર્વકોટી ત્રિભાગ ઉપરાંત તેત્રીસ સાગરોપમ વર્ષ છે. તેનો અબાધાકાળ પૂર્વકોટીનો ત્રિભાગ છે. નિષેકકાળ તે ઉપરથી ગણી લેવો. નામકર્મની અને ગોત્રકર્મની ઓછામાં ઓછી સ્થિતિ આઠ અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે વીસ સાગરોપમ વર્ષ છે. તેનો અબાધાકાળ બે હજાર વર્ષનો છે. તે ઉપરથી નિષેકકાળ જાણી લેવો. અંતરાયકર્મ જ્ઞાનાવરણીય પ્રમાણે જાણવું. —શતક ૬, ઉદ્દે૦ ૩

૧. વેદનીયકર્મની અહીં જણાવેલી ઓછામાં ઓછી સ્થિતિ કષાયરહિત આત્માને જ હોય છે, સકષાય આત્માને બાર મુહૂર્ત હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩ : કર્મને બાંધનારા

૧

ગૌ૦—હે ભગવન્! જ્ઞાનાવરણીય કર્મ શું સ્ત્રી બાંધે? પુરુષ બાંધે? કે નપુંસક બાંધે? કે નોસ્ત્રી–નોપુરુષ–નોનપુંસક (અર્થાત્ જે સ્ત્રી, પુરુષ કે નપુંસક નથી તેવો જીવ) બાંધે?

મ૦—હે ગૌતમ! સ્ત્રી પણ બાંધે, પુરુષ પણ બાંધે, અને નપુંસક પણ બાંધે. પણ જે નોસ્ત્રી–નોપુરુષ–નોનપુંસક હોય, એટલે કે જે જીવ શરીરથી તો સ્ત્રી, કે પુરુષ કે (કૃત્રિમ) નપુંસક હોય, પણ જેને સ્ત્રીત્વ, પુરુષત્વ કે નપુંસકત્વને લગતા વિકાર (વેદ) નથી, તે કદાચ બાંધે અને કદાચ ન બાંધે. કારણ કે, તેવા જીવો ૯મા ગુણસ્થાનકથી આગળ હોય છે. તેમાં નવમા અને દશમા ગુણસ્થાનકવાળા તો જ્ઞાનાવરણીયના બંધક છે; પરંતુ ૧૧મા વગેરેવાળા એકવિધ (વેદનીય) કર્મનો જ બંધક છે માટે તે જ્ઞાનાવરણીયને ન બાંધે.

એ પ્રમાણે આયુષ સિવાયની સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું.

ગૌ૦—હે ભગવન્! આયુષકર્મ સ્ત્રી બાંધે, પુરુષ બાંધે નપુંસક બાંધે કે નોસ્ત્રી–નોપુરુષ–નોનપુંસક બાંધે?

મ૦—હે ગૌતમ! સ્ત્રી બાંધે અને ન પણ બાંધે;[૧] એ પ્રમાણે પુરુષ અને નપુંસકનું પણ જાણવું. પરંતુ જે નોસ્ત્રી–નોપુરુષ–નોનપુંસક હોય, તે તો આયુષકર્મ ન જ બાંધે.

---

૧. આયુષકર્મ તો જીવનમાં એક જ વાર બંધાય છે; એટલે આયુષબંધકાળે બાંધે, અને આયુષબંધકાળ ન હોય, ત્યારે ન બાંધે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મ શું સંયત બાંધે, અસંયત બાંધે કે સંયતાસંયત બાંધે ? વા જે નોસંયત–નો-અસંયત–નોસંયતાસંયત હોય તે બાંધે ?

મ૦—હે ગૌતમ ! સંયત કદાચ બાંધે અને કદાચ ન બાંધે; સંયત બાંધે અને સંયતાસંયત પણ બાંધે; પરંતુ જે નોસંયત૦ (એટલે કે સિદ્ધ) હોય, તે તો ન બાંધે. એ પ્રમાણે આયુષને છોડી બીજી સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું. આયુષની બાબતમાં સંયત, અસંયત અને સંયતાસંયત વિકલ્પે બાંધે; પણ નોસંયત૦ (એટલે કે સિદ્ધ) તો ન જ બાંધે.

ગૌ૦—હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મ શું સમ્યગ્દૃષ્ટિ બાંધે, મિથ્યાદૃષ્ટિ બાંધે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ બાંધે ?

મ૦—હે ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ કદાચ બાંધે અને ન બાંધે;[૧] મિથ્યાદૃષ્ટિ બાંધે, અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણ બાંધે. એ પ્રમાણે આયુષ સિવાયની સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું આયુષની બાબતમાં સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ કદાચ બાંધે અને કદાચ ન બાંધે;[૨] પણ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ (સમ્યગ્મિથ્યા-દૃષ્ટિની દશામાં) ન બાંધે.[૩]

---

૧. જે વીતરાગ હોય તે તો એકવિધ કર્મ જ બાંધતો હોવાથી જ્ઞાનાવરણીયને ન બાંધે, પરંતુ સરાગ હોય તે બાંધે.

૨. કારણકે ૮મા ગુણસ્થાનથી ઉપરની દશામાં સમ્યગ્દૃષ્ટિ ન બાંધે. તે સિવાયના સમ્યગ્દૃષ્ટિ તેમ જ મિથ્યાદૃષ્ટિ આયુષ-બંધકાળે બાંધે, તે સિવાયને કાળે ન બાંધે.

૩. કારણ કે તે દશામાં આયુષકર્મના બંધના અધ્યવસાય-સ્થાનનો અભાવ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! જ્ઞાનાવરણીય કર્મ શું સંજ્ઞી જીવ બાંધે, અસંજ્ઞી જીવ બાંધે કે નોસંજ્ઞી–નોઅસંજ્ઞી જીવ બાંધે?

મ૦—હે ગૌતમ! સંજ્ઞી[૧] કદાચ્ બાંધે અને કદાચ ન બાંધે; અસંજ્ઞી બાંધે, અને નોસંજ્ઞી–નોઅસંજ્ઞી (કેવલી યા સિદ્ધ) ન બાંધે. એ જ પ્રમાણે વેદનીય અને આયુષ સિવાયની છ કર્મપ્રકૃતિઓ માટે જાણવું. વેદનીયને સંજ્ઞી અને અસંજ્ઞી બાંધે;[૨] અને નોસંજ્ઞી૦[૩] કદાચ બાંધે અને કદાચ ન બાંધે. આયુષને સંજ્ઞી અને અસંજ્ઞી કદાચ બાંધે અને કદાચ[૪] ન બાંધે; નોસંજ્ઞી૦ ન બાંધે.

ગૌ૦—હે ભગવન્! શું ભવસિદ્ધિક (મુક્તિને યોગ્ય) જ્ઞાનાવરણીય કર્મ બાંધે? અભવસિદ્ધિક જ્ઞાનાવરણીય બાંધે? કે નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક જ્ઞાનાવરણીય કર્મ બાંધે?

મ૦—હે ગૌતમ! ભવસિદ્ધિક કદાચ બાંધે અને કદાચ ન બાંધે[૫]; અભવસિદ્ધિક બાંધે; અને નોભવ૦ (સિદ્ધ) ન બાંધે. એ પ્રમાણે આયુષ સિવાયની સાતે કર્મપ્રકૃતિઓ માટે.

---

૧. મનઃપર્યાપ્તિવાળો વીતરાગી સંજ્ઞી ન બાંધે; તે સિવાયનો બાંધે.

૨. કારણકે અયોગિકેવલી અને સિદ્ધ એ સિવાયના બધા વેદનીય બાંધે છે.

૩. એટલે કે સયોગિકેવલી, અયોગિકેવલી અને સિદ્ધ – એ ત્રણમાંનો સયોગિકેવલી બાંધે, અને અયોગિકેવલી તથા સિદ્ધ ન બાંધે.

૪. જીવનના એક જ કાળમાં આયુષનો બંધ થતો હોવાથી.

૫. વીતરાગ હોય તો ન બાંધે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવું. આયુષકર્મને ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક કદાચ બાંધે[૧] અને કદાચ ન બાંધે; પણ નોભવ૦(સિદ્ધ) ન બાંધે.

ગૌ૦—હે ભગવન્! ચક્ષુર્દર્શની[૨], અચક્ષુર્દર્શની, અવધિદર્શની અને કેવલદર્શની જ્ઞાનાવરણીય કર્મ બાંધે?

ભ૦—હે ગૌતમ! પહેલા ત્રણ કદાચ બાંધે અને કદાચ ન બાંધે.[૩] કેવલદર્શની ન બાંધે. એ પ્રમાણે વેદનીય સિવાયની સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું. વેદનીયને પ્રથમ ત્રણ બાંધે છે; કેવલદર્શની કદાચ બાંધે અને કદાચ ન બાંધે.[૪]

ગૌ૦—હે ભગવન્! પર્યાપ્ત જીવ જ્ઞાનાવરણીય બાંધે? અપર્યાપ્ત બાંધે કે નોપર્યાપ્ત-નોઅપર્યાપ્ત બાંધે?

ભ૦—હે ગૌતમ! પર્યાપ્ત જીવ કદાચ બાંધે અને કદાચ ન બાંધે;[૩] અપર્યાપ્ત જીવ બાંધે જ; અને નોપર્યાપ્ત૦ એટલે કે સિદ્ધ ન બાંધે. એ પ્રમાણે આયુષ સિવાયની સાતે માટે જાણવું. આયુષને પહેલા બે કદાચ બાંધે[૧] અને કદાચ ન બાંધે; નોપર્યાપ્ત૦(સિદ્ધ) ન બાંધે.

ગૌ૦—હે ભગવન્! ભાષક જીવ જ્ઞાનાવરણીય બાંધે કે અભાષક બાંધે?

---

૧. આયુષબંધકાળે.

૨. દર્શન એટલે સામાન્ય બોધ; વિશેષ બોધ તે જ્ઞાન. દર્શનના આ ચાર પ્રકાર છે. ચક્ષુ સિવાયની ઇંદ્રિયથી અથવા મનથી થતો સામાન્ય બોધ અચક્ષુર્દર્શન કહેવાય છે

૩. વીતરાગ હોય તો ન બાંધે.

૪. સયોગી હોય તે બાંધે; અયોગી ન બાંધે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! બંને કદાચ બાંધે અને કદાચ ન બાંધે;[1] એ પ્રમાણે વેદનીય સિવાય સાતે માટે જાણવું. વેદનીયને ભાષક બાંધે, તથા અભાષક[2] કદાચ બાંધે કે કદાચ ન બાંધે.

ગૌ૦—પરિત્ત જીવ (એટલે કે એક શરીરવાળો એક જીવ, અથવા અલ્પ સંસારવાળો જીવ) જ્ઞાનાવરણીય કર્મ બાંધે? અપરિત્ત જીવ (એટલે કે અનંત જીવો સાથે એક શરીરમાં રહેતા હોય તે—અથવા અનંત સંસારવાળો જીવ) બાંધે કે નોપરિત્ત—નોઅપરિત્ત જીવ બાંધે?

મ૦—હે ગૌતમ! પરિત્ત જીવ કદાચ બાંધે અને કદાચ ન બાંધે;[3] અપરિત્ત જીવ બાંધે, અને નોપરિત્ત૦ એટલે કે સિદ્ધ ન બાંધે. એ પ્રમાણે આયુષ સિવાય સાતે માટે જાણવું. પહેલા બે આયુષને કદાચ બાંધે[4] અને કદાચ ન બાંધે, પણ નોપરિત્ત૦ (સિદ્ધ) તો ન બાંધે.

ગૌ૦—હે ભગવન્! આભિનિબોધિકજ્ઞાની (મતિજ્ઞાની), શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની કે કેવલજ્ઞાની જ્ઞાનાવરણીયકર્મ બાંધે?

---

૧. વીતરાગભાષક ન બાંધે; અભાષકમાં અયોગિકેવલી અને સિદ્ધ ન બાંધે; પણ વિગ્રહગતિએ જનારા પૃથ્વી આદિ જીવો બાંધે.

૨. અયોગી અને સિદ્ધ ન બાંધે; પૃથિવી વગેરે બાંધે.

૩. વીતરાગ ન બાંધે.

૪. આયુષના બંધકાળે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ભગવન્! પહેલા ચાર કદાચ બાંધે અને કદાચ ન બાંધે.[૧] કેવલજ્ઞાની ન બાંધે. એ પ્રમાણે વેદનીય વિના સાતે માટે જાણવું. પ્રથમના ચાર વેદનીયને બાંધે; અને કેવલજ્ઞાની કદાચ બાંધે[૨] અને કદાચ ન બાંધે.

ગૌ૦—હે ભગવન્! મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની જ્ઞાનાવરણીયકર્મ બાંધે?

મ૦—હે ગૌતમ! આયુષ સિવાયની સાતે બાંધે; આયુષને કદાચ બાંધે[૩] અને કદાચ ન બાંધે.

ગૌ૦— શું મનયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગી જ્ઞાનાવરણીયકર્મ બાંધે?

મ૦— પ્રથમ ત્રણ કદાચ બાંધે અને કદાચ ન બાંધે.[૪] અયોગી[૫] ન બાંધે. એ પ્રમાણે વેદનીય સિવાય સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું. વેદનીયને પ્રથમ ત્રણ બાંધે, અયોગી ન બાંધે.

ગૌ૦—હે ભગવન્! સાકાર ઉપયોગ (જ્ઞાન) વાળો કે અનાકાર ઉપયોગ (દર્શન)વાળો જ્ઞાનાવરણીય બાંધે?

મ૦—હે ગૌતમ! આઠે કર્મપ્રકૃતિઓ કદાચ બાંધે અને કદાચ ન બાંધે. (સયોગી બાંધે; અયોગી ન બાંધે.)

---

૧. વીતરાગ ન બાંધે.

૨. સયોગિકેવલી બાંધે; અયોગિકેવલી ન બાંધે.

૩. આયુષબંધકાળે બાંધે.

૪. ૧૧મા ૧૨મા ગુણસ્થાનવાળા સયોગિકેવલીઓ નથી બાંધતા.

૫. અયોગિકેવલી અને સિદ્ધ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! આહારક કે અનાહારક જીવ જ્ઞાનાવરણીયકર્મ બાંધે?

ભ૦—હે ગૌતમ! બંને કદાચ બાંધે અને કદાચ ન બાંધે.[૧] એ પ્રમાણે વેદનીય અને આયુષ સિવાયની છ કર્મ-પ્રકૃતિઓ માટે જાણવું. વેદનીય કર્મ આહારકજીવ બાંધે,[૨] તથા અનાહારક[૩] કદાચ બાંધે અને કદાચ ન બાંધે; આયુષકર્મને આહારક કદાચ બાંધે અને કદાચ ન બાંધે.[૪] અનાહારક[૫] ન બાંધે.

ગૌ૦—હે ભગવન્! સૂક્ષ્મ જીવ, બાદર જીવ કે નોસૂક્ષ્મ-નોબાદર જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધે?

ભ૦—હે ગૌતમ! સૂક્ષ્મ જીવ બાંધે; બાદર જીવ કદાચ બાંધે, કદાચ ન બાંધે;[૬] નોસૂક્ષ્મ૦ (સિદ્ધ) ન બાંધે. એ પ્રમાણે આયુષ સિવાયની સાતે માટે જાણવું. આયુષને પ્રથમ બે કદાચ બાંધે અને કદાચ ન બાંધે[૭]; નોસૂક્ષ્મ૦ ન બાંધે.

---

૧. વીતરાગ આહારક ન બાંધે; અને અનાહારક એટલે કેવલી, તથા વિગ્રહગતિને પ્રાપ્ત જીવ, એ બંનેમાં કેવલી ન બાંધે, બીજા બાંધે.

૨. કારણકે અયોગી સિવાયના બધા જ વેદનીય બાંધે.

૩. વિગ્રહગતિવાળો જીવ, સમુદ્‌ઘાતને પ્રાપ્ત કેવલી, અયોગી અને સિદ્ધ એ બધા અનાહારક છે. તેમાં પહેલા બે વેદનીયને બાંધે; બાકીના બે ન બાંધે.

૪. આયુષબંધકાળે બાંધે.

૫. વિગ્રહગતિને પ્રાપ્ત જીવ પણ આયુષનો અબંધક જ છે.

૬. વીતરાગ ન બાંધે.

૭. આયુષબંધકાળે જ બાંધે, નહિ તો ન બાંધે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! શું ચરમજીવ[૧] કે અચરમજીવ[૨] જ્ઞાનાવરણીય કર્મ બાંધે?

ભ૦—હે ગૌતમ! એ બંને આઠે કર્મપ્રકૃતિઓ કદાચ બાંધે અને કદાચ ન બાંધે.[૩]

—શતક ૬, ઉદ્દે૦ ૩

૪: કર્મો વિષે કેટલીક વિગતો

૧

રાજગૃહમાં ભગવાનના શિષ્ય માકંદિપુત્ર પૂછે છે:

મા૦—હે ભગવન્! જીવે જે પાપકર્મ કર્યું છે અને હવે પછી કરશે, તેમાં પરસ્પર કંઈ ભેદ છે?

ભ૦—હા માકંદિપુત્ર! તેમાં પરસ્પર ભેદ છે. જેમ કોઈ પુરુષે આકાશમાં ઊંચે ફેંકેલા બાણના કંપનમાં તેના પ્રયત્નની વિશેષતાથી ભેદ હોય છે, તેમ પુરુષે કરેલા ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળના કર્મમાં તીવ્ર મંદાદિ પરિણામના ભેદથી ભિન્નતા હોય છે.

મા૦—હે ભગવન્! નૈરયિકો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, તે પુદ્ગલોનો કેટલામો ભાગ ભવિષ્યકાળમાં આહારરૂપે ગૃહીત થાય છે, અને કેટલામો ભાગ (નિર્જરાય) તજાય છે?

---

૧. એટલે કે જેનો છેલ્લો ભવ થવાનો છે તે.

૨. જેનો છેલ્લો ભવ નથી થવાનો એટલે કે સંસારી તેમ જ સિદ્ધ.

૩. અયોગી ચરમ નથી બાંધતો; અચરમ-સંસારી બાંધે; અચરમ-સિદ્ધ ન બાંધે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે માકંદિપુત્ર! આહાર માટે ગ્રહણ કરેલા પુદ્ગલોનો અસંખ્યાતમો ભાગ આહારરૂપે ગૃહીત થાય છે, અને અનંતમો ભાગ (નિર્જરાય) તજાય છે.

મા૦—હે ભગવન્! નિર્જરાતા પુદ્ગલો ઉપર બેસવાને વા સૂવાને કોઈ પુરુષ સમર્થ છે?

મ૦ હે માકંદિપુત્ર! એ નિર્જરાનાં પુદ્ગલો કાંઈ પણ ધારણ કરવાને સમર્થ નથી એમ કહ્યું છે.

મા૦—હે ભગવન્! તે એમ જ છે, હે ભગવન્! તે એમ જ છે.

—શતક ૧૮, ઉદ્દે૦ ૭

૨

ગૌ૦—હે ભગવન્! હિંસા, અસત્ય, ચૌર્ય, મૈથુન અને પરિગ્રહ એ બધાં (થી ઉત્પન્ન થયેલું કર્મ, અથવા એ બધાને ઉત્પન્ન કરનાર ચારિત્રમોહનીય કર્મ) કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળાં છે?

મ૦—હે ગૌતમ! પાંચ વર્ણવાળાં, બે ગંધવાળાં, પાંચ રસવાળાં અને ચાર સ્પર્શવાળાં[૧] છે.

તે પ્રમાણે ક્રોધ તથા તેના વિશેષો—જેવા કે કોપ (સ્વભાવથી ચલિત થવારૂપી), રોષ (ક્રોધની પરંપરારૂપી), દોષ (પોતાને કે પરને દૂષણ આપવારૂપી), અક્ષમા, સંજ્વલન (વારંવાર ક્રોધથી બળવું તે), કલહ (મોટેથી બૂમ પાડીને

---

૧. સૂક્ષ્મ પરિણામવાળાં પુદ્ગલોને સ્નિગ્ધ, રૂક્ષ, શીત અને ઉષ્ણ એ ચાર સ્પર્શ હોય છે. અને કર્મ પણ સૂક્ષ્મ પરિણામવાળું છે, માટે તેને પણ તે ચાર સ્પર્શ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બોલવું તે), ચાંડિક્ય (રૌદ્રાકાર), ભંડન (દંડાથી યુદ્ધ કરવું તે), અને વિવાદ (વિરોધથી ઉત્પન્ન થયેલાં વચનો) — એ બધાં (થી થતાં કર્મોને કે તે બધાને ઉત્પન્ન કરનાર કર્મને) પણ તેમ જ જાણવાં.

તે જ પ્રમાણે માન અને તેના વિશેષો – જેવા કે મદ (હર્ષ), દર્પ, સ્તંભ (અનમન), ગર્વ (અહંકાર), અત્યુત્ક્રોશ (બીજાથી પોતાની ઉત્કૃષ્ટતા બતાવવી તે), પરપરિવાદ (નિંદા), ઉત્કર્ષ (માનથી પોતાની કે પરની ક્રિયાને ઉત્કૃષ્ટ કરવી તે), અપકર્ષ (અભિમાનથી પોતાના અથવા પરના કોઈ પણ કાર્યથી બંધ પડવું તે), ઉન્નત (પૂર્વે પ્રવૃત્ત નમનનો ત્યાગ; અથવા 'ઉન્નય' અભિમાનથી નીતિનો ત્યાગ), ઉન્નામ (નમેલાને અભિમાનથી ન નમવું), અને દુર્નામ (મદથી દુષ્ટ રીતે નમવું) — વિષે પણ જાણવું.

તે જ પ્રમાણે માયા અને તેના વિશેષો — જેવા કે ઉપાધ (છેતરવા યોગ્ય મનુષ્યની પાસે જવાના કારણભૂત-ભાવ), નિકૃતિ (આદર વડે બીજાને છેતરવો તે), વલય (વક્રતાજનક સ્વભાવ), ગહન (ન સમજી શકાય તેવી વચનજાલ), નૂમ (બીજાને ઠગવા નીચતાનો કે નીચ સ્થાનનો આશ્રય કરવો તે), કલ્ક (હિંસાદિ નિમિત્તે બીજાને છેતરવાનો અભિપ્રાય), કુરૂપા (નિન્દિત રીતે મોહ પમાડનાર અભિપ્રાય), જિહ્મતા (બીજાને છેતરવાની બુદ્ધિથી કાર્યમાં મંદતાનું અવલંબન), કિલ્બિષ (જે માયાથી અહીં જ કિલ્બિષકના જેવો થાય તે), આદરણુતા (માયા-વિશેષથી કોઈ પણ વસ્તુનો આદર કરવો તે; અથવા બીજાને છેતરવા વિવિધ ક્રિયાનું આચરણ કરવું તે 'આચરણુતા.'),

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૂહનતા (પોતાના સ્વરૂપને છુપાવવું તે), વંચનતા (બીજાને છેતરવો તે), પ્રતિકુંચનતા (સરલપણે કહેલા વચનનું ખંડન કરવું તે), સાતિયોગ (ઉત્તમ દ્રવ્યની સામે હીન દ્રવ્યનો યોગ કરવો તે) — એ બધા વિષે પણ જાણવું.

તે જ પ્રમાણે લોભ અને તેના વિશેષો — જેવા કે ઇચ્છા (અભિલાષા), મૂર્છા (સંરક્ષણ કરવાની નિરંતર અભિલાષા), કાંક્ષા (અપ્રાપ્ત પદાર્થની ઇચ્છા), ગૃદ્ધિ (પ્રાપ્ત અર્થમાં આસક્તિ), તૃષ્ણા (પ્રાપ્ત પદાર્થનો વ્યય ન થાય તેવી ઇચ્છા), ભિધ્યા (વિષયોનું ધ્યાન), અભિધ્યા (અદ્દઢ આગ્રહ – ચિત્તની ચલાયમાન સ્થિતિ), આશંસના (પોતાને ઇષ્ટ અર્થની ઇચ્છા), પ્રાર્થના (બીજા માટે ઇષ્ટ અર્થની માગણી), લાલપનતા (અત્યંત ઓલીને પ્રાર્થના કરવી), કામાશા (ઇષ્ટ શબ્દ અને રૂપની પ્રાપ્તિની સંભાવના), ભોગાશા (ઇષ્ટ ગંધાદિની પ્રાપ્તિની સંભાવના), જીવિતાશા (જીવિતવ્યની પ્રાપ્તિની સંભાવના), મરણાશા (કોઈક અવસ્થામાં મરણપ્રાપ્તિની સંભાવના), નંદીરાગ (છતી સમૃદ્ધિનો રાગ) — વિષે પણ જાણવું.

ગૌ૦—હે ભગવન્! પ્રેમ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન (ખોટા આક્ષેપ), પૈશુન્ય (ચુગલી), રતિ-અરતિ, પરપરિવાદ (બીજાની નિંદા), માયામૃષાવાદ, અને મિથ્યાદર્શનશલ્ય (કુદેવ, કુધર્મ અને કુગુરુને સાચા માની સેવવા તે) — એ બધાં કેટલા સ્પર્શવાળાં છે?

મ૦—હે ગૌતમ! ક્રોધની પેઠે ચાર સ્પર્શવાળાં છે.

ગૌ૦—હે ભગવન્! તે બધાંની પેઠે, તે બધાંનો ત્યાગ — જેમ કે પ્રાણાતિપાતવિરમણ વગેરે, ક્રોધનો ત્યાગ વગેરે,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને મિથ્યાદર્શનશલ્યનો ત્યાગ — એ બધાં કેટલા વર્ણ વગેરે વાળાં છે?

ભ૦—હે ગૌતમ! તે બધાં વર્ણ વિનાનાં, ગંધ વિનાનાં, રસ વિનાનાં અને સ્પર્શ વિનાનાં છે; કારણ કે તે બધાં જીવના ઉપયોગસ્વરૂપ છે, અને જીવનો ઉપયોગ અમૂર્ત હોય છે, તેથી વર્ણાદિરહિત હોય છે.

ગૌ૦—હે ભગવન્! ઔત્પત્તિકી (સ્વાભાવિક ઉત્પન્ન થયેલી), વૈનયિકી (ગુરુના વિનય–શાસ્ત્રાદિ દ્વારા થયેલી), કાર્મિકી (કર્મ દ્વારા થયેલી) અને પારિણામિકી (લાંબા કાળ સુધી પૂર્વાપર અર્થના અવલોકનાદિથી થયેલી) બુદ્ધિ કેટલા વર્ણાદિવાળી છે?

ભ૦—હે ગૌતમ! તે બધી વર્ણાદિ વિનાની છે. (જીવનો સ્વભાવ હોવાથી.) તે પ્રમાણે અવગ્રહ, ઈહા, અવાય, અને ધારણા[1] પણ જીવના ઉપયોગસ્વરૂપ હોવાથી વર્ણાદિરહિત છે. તે જ પ્રમાણે ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકાર પરાક્રમ—એ બધાં પણ વર્ણાદિ રહિત છે.

—શતક ૧૨, ઉદ્દે૦ ૫

3

ગૌ૦—હે ભગવન્! જીવો આભોગથી (જાણપણે) આયુષનો બંધ કરે, કે અનાભોગથી (અજાણપણે)?

ભ૦—હે ગૌતમ! જીવો આભોગથી (જાણપણે) આયુષનો બંધ ન કરે, પણ અજાણપણે કરે.

—શતક ૭, ઉદ્દે૦ ૬

૧: જુઓ આગળ પા. ૩૨૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, એક જીવ એક સમયે બે આયુષ્ય કરે છે: આ ભવનું અને પરભવનું. જે સમયે આ ભવનું આયુષ્ય[1] કરે છે, તે સમયે પરભવનું કરે છે; અને જે સમયે પરભવનું કરે છે, ત્યારે આ ભવનું કરે છે. વળી આ ભવનું આયુષ્ય કરવાથી પરભવનું કરે છે, અને પરભવનું આયુષ્ય કરવાથી આ ભવનું આયુષ્ય કરે છે.[2] હે ભગવન્! તે એ પ્રમાણે કેમ હોઈ શકે?

મ૦—હે ગૌતમ! તે લોકોનું કહેવું ખોટું છે. હું એમ કહું છું કે, એક જીવ એક સમયે એક આયુષ્ય કરે છે. આ ભવનું અથવા પરભવનું.

—શતક ૧, ઉદ્દે૦ ૯

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, જેમ જાળ એક છે, પણ તેમાં જેમ અનેક ગાંઠો પરસ્પર વળગી રહેલી છે, તેમ ક્રમે કરીને અનેક જન્મો સાથે સંબંધ ધરાવનારાં ઘણાં આયુષ્યો ઘણા જીવો ઉપર પરસ્પર ક્રમે કરીને ગૂંથાયેલાં છે. તેથી તેમાંનો એક જીવ પણ એક

---

૧. આ મતનો અર્થ સ્પષ્ટ સમજાતો નથી. ટીકાકાર કહે છે કે, "તેઓના મત પ્રમાણે 'જીવ પોતાના પર્યાયોના સમૂહરૂપ છે. તેથી જ્યારે તે આયુષરૂપ એક પર્યાયને કરે છે, ત્યારે બીજાને પણ કરે છે.' પરંતુ તેમનું કહેવું ખોટું છે. કારણ કે આત્મા જ્યારે સિદ્ધત્વ પર્યાયને કરે છે, ત્યારે સંસારિત્વ પર્યાયને નથી કરતો, તેમ જીવ એક કાળે બે આયુષોને ન કરી શકે."

૨. આ ભવનું એટલે જે આયુષ્યના ફળરૂપ આ ચાલુ ભવ છે, તે આયુષ. —ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમયે બે આયુષ્ય અનુભવે છે : આ ભવનું તેમ જ પરભવનું. હે ભગવન્! તે એ પ્રમાણે કેમ હોઈ શકે?

મ૦—હે ગૌતમ! તેઓ જે કાંઈ કહે છે, તે બધું અસત્ય છે. હું તો એમ કહું છું કે, જેમ કોઈ એક જાળ હોય તેની ગાંઠોની પેઠે, ક્રમે કરીને અનેક જન્મો સાથે સંબંધ ધરાવનારાં ઘણાં આયુષ્યો એક એક જીવ ઉપર સાંકળીના મકોડાની પેઠે પરસ્પર ક્રમે કરીને ગૂંથાયેલાં હોય છે. અને એમ હોવાથી એક જીવ એક સમયે એક આયુષ્યને અનુભવે છે : આ ભવનું, અથવા પરભવનું.

—શતક ૫, ઉદ્દે૦ ૩

ગૌ૦—હે ભગવન્! જે જીવ નરકે જવાને યોગ્ય હોય, તે શું અહીંથી આયુષ સહિત થઈને નરકે જાય?

મ૦—હા ગૌતમ! અહીંથી આયુષ સહિત થઈને જાય, પણ આયુષ વિનાનો ન જાય.

ગૌ૦—હે ભગવન્! તે જીવે તે આયુષ ક્યાં બાંધ્યું અને તે આયુષ સંબંધી આચરણો ક્યાં આચર્યાં?

મ૦—હે ગૌતમ! તે જીવે તે આયુષ્ય પૂર્વભવમાં બાંધ્યું, અને તે આયુષ્ય સંબંધી આચરણો પણ પૂર્વ ભવમાં આચર્યાં. તે પ્રમાણે છેક વૈમાનિકો સુધી જાણવું. જે જીવ જે યોનિમાં ઉપજવાને યોગ્ય હોય, તે જીવ તે યોનિ સંબંધી આયુષ બાંધે.

—શતક ૫, ઉદ્દે૦ ૩

ગૌ૦—હે ભગવન્! આયુષનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! આયુષનો બંધ છ પ્રકારનો કહ્યો છે. તે જેમકે : જાતિનામનિધત્તાયુ, ગતિનામનિધત્તાયુ, સ્થિતિનામનિધત્તાયુ, અવગાહનાનામનિધત્તાયુ, પ્રદેશનામનિધત્તાયુ, અને અનુભાગનામનિધત્તાયુ.

વિવરણ : અહીં જાતિ એટલે એકેંદ્રિયાદિ પાંચ પ્રકારની જાતિ; તે રૂપ જે નામકર્મ તે જાતિનામ કહેવાય; તેની સાથે નિધત્ત – નિષિક્ત – નિષેકને પ્રાપ્ત થયેલું – એટલે અનુભવવા માટે તૈયાર થયેલું જે આયુષકર્મ તે જાતિનામનિધત્તાયુ કહેવાય. તે પ્રમાણે ગતિ એટલે નૈરયિકાદિ ચાર પ્રકારની ગતિ; અને અવગાહના એટલે ઔદારિક વગેરે શરીર. એ જ જાતિ, ગતિ અને અવગાહનાની સ્થિતિ, પ્રદેશ અને અનુભાગ (વિપાક) તે બાકીનાં ત્રણ.

તાત્પર્ય એ છે કે, નારકાદિ આયુષનો ઉદય થાય ત્યારે જ જાતિ વગેરે નામકર્મોનો ઉદય થાય છે; એકલું આયુષકર્મ જ નૈરયિકાદિના ભવનું ઉપગ્રાહક હોય છે.

— શતક ૬, ઉદ્દે૦ ૮

ગૌ૦—હે ભગવન્! દ્રવ્યસ્થાનાયુ, ક્ષેત્રસ્થાનાયુ, અવગાહનાસ્થાનાયુ, અને ભાવસ્થાનાયુ, એ બધામાંથી કયું કોનાથી અધિક છે?

મ૦—સૌથી થોડું ક્ષેત્રસ્થાનાયુ છે. ક્ષેત્રાયુ એટલે એક પ્રદેશાદિ ક્ષેત્રમાં પુદ્ગલોનું જે અવસ્થાન, તદ્રૂપ જે આયુ તે ક્ષેત્રાયુ. ક્ષેત્ર અમૂર્તિમાન હોવાથી અને તેથી જ તેની સાથે પુદ્ગલોના બંધનું કારણ (ચીકાશ) ન હોવાથી પુદ્ગલોનો ક્ષેત્રાવસ્થાનકાળ કાળ થોડો છે. તે કરતા અસંખ્યગણું અવગાહનાસ્થાનાયુ છે. અવગાહનાસ્થાનાયુ એટલે કે અમુક

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માપવાળા સ્થાનમાં પુદ્ગલોનું જે અવગાહિપણું અર્થાત્ રહેવાપણું તે અવગાહનાસ્થાનાયુ છે.[૧] ક્ષેત્રાયુ કરતાં અવગાહનાયુ વધારે હોવાનું કારણ એ છે કે, પુદ્ગલ એક ક્ષેત્રમાં નિયત ત્યારે જ રહી શકે, જ્યારે પુદ્ગલની કોઈ પણ અમુક જાતની અવગાહના હોય, અને પોતે તદ્દન નિષ્ક્રિય હોય; પણ અવગાહના કાંઈ ક્ષેત્રમાત્રમાં નિયત નથી; તે ક્ષેત્રમાં કે બીજા ક્ષેત્રમાં અવગાહના તે ને તે જ રહે છે; તેથી ક્ષેત્રકાળ કરતાં અવગાહનકાળ વધારે છે. તે કરતાં અસંખ્યગણું દ્રવ્યસ્થાનાયુ છે: કારણ કે, સંકોચ અથવા વિકાસથી અવગાહના નાશ પામી જાય, તોપણ જેટલાં હોય તેટલાં જ દ્રવ્યોનું લાંબા કાળ સુધી અવસ્થાન રહે છે. તેથી વધારે ભાવસ્થાનાયુ છે. દ્રવ્ય ભાગી જાય કે તેના ખંડ થઈ જાય, તોપણ તેના શુક્લાદિ ગુણો તો કાયમ રહે છે; માટે દ્રવ્યસ્થાનાયુ કરતાં ભાવસ્થાનાયુ વધારે હોય છે.

—શતક ૫, ઉદ્દે૦ ૭

૪

ગૌ૦—હે ભગવન્! જ્ઞાનાવરણીયકર્મના કેટલા અવિભાગપરિચ્છેદો કહ્યા છે?

મ૦—હે ગૌતમ! અનંત અવિભાગપરિચ્છેદો કહ્યા છે.

---

૧. ક્ષેત્ર અને અવગાહનામાં ફેર એ છે કે, પુદ્ગલથી વ્યાપ્ત હોય તે ક્ષેત્ર કહેવાય; અને પુદ્ગલનો પોતાના આધારસ્થળ સમાન જે એક પ્રકારનો આકાર તે અવગાહના. અમુક ખાસ ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં પણ પુદ્ગલનું તે ક્ષેત્રના માપ પ્રમાણે રહેવું તે અવગાહના.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિવરણ : જેના કેવલજ્ઞાનીની પ્રજ્ઞાથી પણ વિભાગ ન કલ્પી શકાય, એવા સૂક્ષ્મ અંશોને અવિભાગપરિચ્છેદ કહે છે. તે કર્મપરમાણુઓની અપેક્ષાએ, અથવા જ્ઞાનના જેટલા અવિભાગપરિચ્છેદોનું આચ્છાદન કર્યું હોય, તેની અપેક્ષાએ અનંત છે. જ્ઞાનાવરણીય પ્રમાણે આઠે કર્મ-પ્રકૃતિના અવિભાગપરિચ્છેદો કહેવા.

ગૌ૦—હે ભગવન્! એક એક જીવનો એક એક જીવપ્રદેશ જ્ઞાનાવરણીયકર્મના કેટલા અવિભાગપરિચ્છેદો (અંશો)થી આવેષ્ટિત છે?

ભ૦—હે ગૌતમ! કદાચ આવેષ્ટિત હોય, અને કદાચ ન હોય;[1] જો આવેષ્ટિત હોય, તો અવશ્ય અનંત અવિભાગ-પરિચ્છેદો વડે આવેષ્ટિત હોય.

—શતક ૮, ઉદ્દે૦ ૧૦.

૫

વિવરણ : મોહનીયકર્મના બે પ્રકાર છે. ચારિત્રમોહનીય અને દર્શનમોહનીય. તેમાં દર્શનમોહનીયને કાંક્ષામોહનીય પણ કહે છે; કારણ કે કાંક્ષા એટલે બીજા બીજા મતોનું ગ્રહણ કરવું, અર્થાત્ અમુક મતમાં જ શ્રદ્ધા ન રાખતાં ભિન્ન ભિન્ન મતોને અવલંબવું. તદ્રૂપ કાંક્ષારૂપ જે મોહનીયકર્મ તે કાંક્ષામોહનીય અથવા મિથ્યાત્વમોહનીયકર્મ છે. હવે કોઈ પણ ક્રિયા કરવાની પદ્ધતિ લોકમાં ચાર પ્રકારે પ્રસિદ્ધ છે. દા. ત., કોઈ મનુષ્ય કશાને ઢાંકવાની ક્રિયા કરતો હોય,

---

૧. કેવલજ્ઞાનીની અપેક્ષાએ આવેષ્ટિત ન હોય, કારણ કે તેને જ્ઞાનાવરણીયકર્મ ક્ષીણ થયેલું હોય છે. ઇતર જીવોના પ્રદેશો અનંત અવિભાગપરિચ્છેદોથી આવેષ્ટિત છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તો તે, વસ્તુને ચાર પ્રકારે ઢાંકી શકે: પોતાના શરીરના કોઈ હાથ વગેરે ભાગ વડે વસ્તુના કોઈ ભાગને ઢાંકે, શરીરના કોઈ ભાગ વડે આખી વસ્તુને ઢાંકે, આખા શરીર વડે વસ્તુના કોઈ ભાગને ઢાંકે, અને આખા શરીર વડે આખી વસ્તુને ઢાંકે. એ ચાર પદ્ધતિઓમાંથી કઈ પદ્ધતિ વડે આત્મા કર્મને કરે છે એ પ્રશ્ન છે.

ગૌ૦—હે ભગવન્! શું જીવો કાંક્ષામોહનીય કર્મ કરે છે?

ભ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! શું જીવ પોતાના કોઈ પણ ભાગ વડે કાંક્ષામોહનીયનો કોઈ એક ભાગ કરે છે, કે ભાગ વડે આખું કરે છે, કે આખા વડે ભાગને કરે છે કે આખા વડે આખું જ કરે છે?

ભ૦—હે ગૌતમ! આખો જીવ પોતે જ આખા કાંક્ષામોહનીય કર્મ કરે છે; જે સ્થળે જીવના બધા પ્રદેશો છે, તે સ્થળે રહેલાં અને એક સમયે બાંધવા યોગ્ય જે કર્મ-પુદ્ગલો હોય, તે બધાંયને બાંધવામાં જીવના બધા પ્રદેશો ક્રિયા કરે છે. કારણકે જીવનો સ્વભાવ એવા પ્રકારનો છે.

ગૌ૦—હે ભગવન્! જીવો કાંક્ષામોહનીય કર્મને કેવી રીતે અનુભવે છે?

ભ૦—હે ગૌતમ! તે તે કારણો[1] વડે શંકાવાળા, કાંક્ષાવાળા (અન્ય દર્શનને સ્વીકારવાની ઇચ્છાવાળા), વિચિકિત્સાવાળા (ફલ સંબંધે શંકા પામેલા), ભેદ પામેલા (અનિશ્ચયરૂપ મતિભંગ પામેલા), કલુષવાળા ('એ એમ

૧. કુતીર્થિકના સંસર્ગાદિ રૂપ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નથી' એ પ્રમાણે વિપરીત બુદ્ધિ પામેલા) થઈને તેઓ કાંક્ષામોહનીય કર્મ અનુભવે છે.

ગૌ૦—હે ભગવન્! જિનોએ જે જણાવ્યું છે, તે જ સત્ય અને નિઃશંક છે?

મ૦—હા ગૌતમ! જિનોએ જે જણાવ્યું છે, તે જ સત્ય અને નિઃશંક છે.

ગૌ૦—હે ભગવન્! જે જીવ 'જિનોએ કહ્યું છે તે જ સત્ય છે' એ પ્રમાણે માનીને મનને સ્થિર કરે છે, તથા 'બીજા મતો સત્ય નથી.' એ પ્રમાણે મન વડે ચિંતવે છે તથા એ પ્રમાણે મનને બીજા મતોથી પાછું વાળે છે, તે જીવ જિનની આજ્ઞાનો આરાધક (સેવક) થાય છે?

મ૦—હા ગૌતમ! તેવો પ્રાણી જિનની આજ્ઞાનો આરાધક થાય છે.

—શતક ૧, ઉદ્દે૦ ૩

ગૌ૦—હે ભગવન્! જીવો કાંક્ષામોહનીય કર્મ કેવી રીતે બાંધે છે?

મ૦—હે ગૌતમ! પ્રમાદરૂપ હેતુથી, અને યોગરૂપ નિમિત્તથી જીવો કાંક્ષામોહનીય કર્મ બાંધે છે.

વિવરણ: પ્રમાદ એટલે મિથ્યાત્વ,[૧] અવિરતિ[૨] અને કષાય.[૩] પ્રમાદના આઠ પ્રકાર આ પ્રમાણે પણ કહેવાય છે:

---

૧. વસ્તુના યથાર્થ શ્રદ્ધાનનો અભાવ, તથા અયથાર્થ વસ્તુનું શ્રદ્ધાન.

૨. દોષોથી ન વિરમવું તે.

૩. સમભાવની મર્યાદા તોડવી તે. મુખ્યત્વે: ક્રોધ, માન, માયા, અને લોભ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ, ધર્મનો અનાદર, યોગો અને દુર્ધ્યાન.

યોગ એટલે મન, વચન અને શરીરના વ્યાપારો.

ગૌ૦—હે ભગવન્! તે પ્રમાદ શાથી થાય છે?

ભ૦—હે ગૌતમ! તે પ્રમાદ યોગથી, મન-વાણી-કાયાના વ્યાપારોથી, પેદા થાય છે.

ગૌ૦—હે ભગવન્! તે યોગ શાથી પેદા થાય છે?

ભ૦—હે ગૌતમ! તે યોગ વીર્યથી[૧] પેદા થાય છે.

ગૌ૦—હે ભગવન્! તે વીર્ય શાથી પેદા થાય છે?

ભ૦—હે ગૌતમ! તે વીર્ય શરીરથી પેદા થાય છે.

ગૌ૦—હે ભગવન્! તે શરીર શાથી પેદા થાય છે?

ભ૦—હે ગૌતમ! તે શરીર જીવથી પેદા થાય છે, અને જ્યારે તેમ છે, તો ઉત્થાન,[૨] કર્મ, બળ, વીર્ય અને પુરુષકાર-પરાક્રમ[૩] છે.

---

૧. લેશ્યાવાળા જીવનો મન-વાણી-કાયારૂપ સાધનવાળો આત્મપ્રદેશના પરિસ્પંદરૂપ જે વ્યાપાર, તે વીર્ય. કેવલજ્ઞાનીનો જે ચેષ્ટા વિનાનો અસ્ખલિત પરિણામ તે પણ વીર્ય છે; પરંતુ તે અહીં અભિપ્રેત નથી.

૨. ઉત્થાન એટલે ઊઠવું; કર્મ એટલે ઊંચું ફેંકવું, નીચું ફેંકવું વગેરે; બલ એટલે શારીરિક પ્રાણ; જીવનો ઉત્સાહ તે વીર્ય અને ઇષ્ટફળને સાધનાર પુરુષકાર (પુરુષત્વાભિમાન) તે પરાક્રમ.

૩. ગોશાલકના મતમાં ઉત્થાનાદિક નથી, કારણ કે તેને મતે ઉત્થાનાદિકથી પુરુષાર્થ સિદ્ધ થતો નથી, પણ નિયતિથી જ પુરુષાર્થ સિદ્ધ થાય છે. 'નિયતિને પ્રભાવે જે શુભાશુભ અર્થ મનુષ્યને મળવાનો હોય તે અવશ્ય મળે છે. જીવો ગમે તેટલો પ્રયત્ન કરે, પણ ન થવાનું થતું નથી, અને થવાનું તે ફરતું નથી.'

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! શું જીવ પોતાની મેળે જ તે કર્મને ઉદીરે છે,[૧] પોતાની મેળે જ તેને ગર્હે છે, અને પોતાની મેળે જ તેને અટકાવે છે?

મ૦—હા ગૌતમ! કોઈ પણ જીવને જરા પણ બંધાદિ બીજા પદાર્થના નિમિત્તથી કહ્યા નથી.

—શતક ૧, ઉદ્દે૦ ૩

ગૌ૦—હે ભગવન્? નૈરયિકો કાંક્ષામોહનીય કર્મને અનુભવે છે?

મ૦—હા ગૌતમ! એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! પૃથ્વિકાયિકો કાંક્ષામોહનીય કર્મ અનુભવે છે.

મ૦—હા ગૌતમ! 'અમે કાંક્ષામોહનીય કર્મ વેદીએ છીએ' એ પ્રમાણે તે જીવોને તર્ક,[૨] સંજ્ઞા, પ્રજ્ઞા, મન કે

---

૧. જે કર્મ સામાન્ય ક્રમમાં ભવિષ્યકાળમાં જ ફળ આપવાનું છે, તેને કરણવિશેષથી ખેંચી લાવી અત્યારે જ ભોગવવામાં નાખી દેવું, જેથી તેનો જલ્દી નાશ થઈ જાય, તે ક્રિયાને ઉદીરણા કહે છે. તેમાં યાદ રાખવાનું કે, જે કર્મની ઉદીરણા ઘણી મોડી થવાની છે, તથા જે કર્મની ઉદીરણા ભવિષ્યમાં થવાની નથી, તેની ઉદીરણા વર્તમાન કે ભવિષ્યકાળમાં હોઈ શકતી નથી. પરંતુ જે કર્મ તુરતમાં જ ઉદીરણાને યોગ્ય હોય, તેને ઉદીરાય છે.

૨. 'આમ થશે' એવા સ્વરૂપવાળો તે તર્ક; સંજ્ઞા એટલે અર્થાવગ્રહસ્વરૂપ જ્ઞાન; પ્રજ્ઞા એટલે બધા વિશેષ સંબંધી જ્ઞાન. અને મન એટલે એક પ્રકારના સ્મરણાદિ રૂપ મતિજ્ઞાનનો ભેદ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વચન નથી; છતાં તેઓ તેને વેદે છે. તે પ્રમાણે ચાર ઇંદ્રિયોવાળા જીવો સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! શ્રમણનિર્ગ્રંથો પણ કાંક્ષામોહનીય કર્મને વેદે છે?

ભ૦—હા ગૌતમ! જ્ઞાનાંતર, દર્શનાંતર, ચારિત્રાંતર, લિંગાંતર, પ્રવચનાંતર,[૧] પ્રાવચનિકાંતર,[૨] કલ્પાંતર,[૩] માર્ગાંતર, મતાંતર, ભંગાંતર,[૪] નયાંતર,[૫] નિયમાંતર, અને પ્રમાણાંતર વડે શંકાવાળા, કાંક્ષાવાળા, વિચિકિત્સાવાળા, ભેદસમાપન્ન, અને કલુષસમાપન્ન થઈને તે શ્રમણનિર્ગ્રંથો પણ કાંક્ષામોહનીય કર્મને વેદે છે.

—શતક ૧, ઉદ્દે૦ ૩

ગૌ૦—હે ભગવન્! કાંક્ષાપ્રદોષ[૬] ક્ષીણ થયા પછી શ્રમણનિર્ગ્રંથ અંતકર અને અંતિમ શરીરવાળો થાય? અથવા પૂર્વની અવસ્થામાં બહુ મોહવાળો થઈને વિહાર કરે, પણ પછી સંવૃત થઈને મરણ પામે તો સિદ્ધ થાય?

ભ૦—હા ગૌતમ! તે પ્રમાણે થાય.

—શતક ૧, ઉદ્દે૦ ૬

---

૧. પ્રવચન એટલે સિદ્ધાંત.

૨. પ્રવચનને જાણે કે ભણે તે પ્રાવચનિક.

૩. કલ્પ એટલે આચાર.

૪. ભંગ એટલે વિકલ્પો. જેમકે હિંસાની બાબતમાં : દ્રવ્યથી, પણ ભાવથી નહિ; ભાવથી, પણ દ્રવ્યથી નહિ ઇ૦.

૫. નય એટલે દૃષ્ટિબિંદુ.

૬. બીજાના મતમાં આસક્તિરૂપ મોટો દોષ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૬

ગૌ૦—હે ભગવન્! જીવોને કર્કશવેદનીય – દુઃખપૂર્વક ભોગવવા યોગ્ય કર્મો – કેવી રીતે બંધાય?

મ૦—હે ગૌતમ! જીવહિંસાથી માંડીને મિથ્યાદર્શન-શલ્ય સુધીના[૧] દોષોને કારણે જીવને કર્કશવેદનીય કર્મો બંધાય છે.

ગૌ૦—હે ભગવન્! જીવને અકર્કશવેદનીય – સુખપૂર્વક ભોગવવા યોગ્ય કર્મો કેમ બંધાય?

મ—હે ગૌતમ! હિંસાદિનો ત્યાગ કરવાથી.[૨]

ગૌ૦—હે ભગવન્! જીવોને સાતાવેદનીય કર્મ કેમ બંધાય?

મ૦—હે ગૌતમ! બીજાને વિષે અનુકંપાથી, બીજાને દુઃખ ન દેવાથી, શોક ન ઉપજાવવાથી, ખેદ ન ઉત્પન્ન કરવાથી, વેદના ન કરવાથી, ન મારવાથી, તેમ પરિતાપ ન ઉપજાવવાથી જીવો સાતાવેદનીય કર્મો બાંધે છે.

ગૌ૦—હે ભગવન્! જીવોને અસાતાવેદનીય કર્મ કેમ બંધાય?

મ૦—હે ગૌતમ! બીજાને દુઃખ દેવાથી, શોક ઉપજાવવાથી, ખેદ ઉત્પન્ન કરવાથી, વગેરે વડે.

—શતક ૭, ઉદ્દે૦ ૬

---

૧. જુઓ આગળ પા. ૫૧.

૨. નારકથી માંડીને વૈમાનિક સુધીનાને સંયમનો અભાવ હોવાથી તે કર્મ બાંધવાપણું હોતું નથી, મનુષ્યજીવને માટે જ તે શક્ય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૭

ગૌ૦—હે ભગવન્! નારકો વડે જે પાપકર્મ કરાયેલું છે, કરાય છે, અને કરાશે, તે સઘળું દુઃખરૂપ છે, અને જે નિર્જીર્ણ થયું તે સુખરૂપ છે?

મ૦—હા ગૌતમ! એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.

—શતક ૭, ઉદ્દે૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

પુદ્ગલવિભાગ

૧ : પુદ્ગલ

૧

ગૌ૦—હે ભગવન્! પુદ્ગલ (પરમાણુ) ભૂતકાળમાં હતું, વર્તમાનકાળમાં છે, અને ભવિષ્યકાળમાં રહેશે, એમ કહેવાય?

મ૦—હા ગૌતમ! એમ કહેવાય.

—શતક ૧, ઉદ્દે૦ ૪

૨

ગૌ૦—હે ભગવન્! પુદ્ગલાસ્તિકાય ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે, કે અગુરુલઘુ છે?

મ૦—હે ગૌતમ! ગુરુલઘુ છે, અને અગુરુલઘુ પણ છે. ઔદારિક વગેરે ચાર દ્રવ્યો[૧] ગુરુલઘુ છે; અને કાર્મણ વગેરે[૨] દ્રવ્યો અગુરુલઘુ છે.[૩]

—શતક ૧, ઉદ્દે૦ ૬

---

૧. ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ.

૨. કાર્મણ, મન, અને ભાષા એ બધી વર્ગણાઓ.

૩. અહીં આ જવાબ નિશ્ચયનયની દૃષ્ટિએ (પારમાર્થિક દૃષ્ટિએ) આપ્યો છે. તે દૃષ્ટિ પ્રમાણે સૌથી ભારે અને સૌથી હળવું એવું કોઈ દ્રવ્ય

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩

હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, 'બે પરમાણુપુદ્ગલો એકએકને ચોંટતા નથી; કારણકે બે પરમાણુ-પુદ્ગલોમાં ચીકાશ[૧] નથી; પરંતુ ત્રણ પરમાણુપુદ્ગલો એક એકને પરસ્પર ચોંટે છે; કારણકે ત્રણ પરમાણુપુદ્ગલોમાં ચીકાશ હોય[૨] છે. વળી જો તે ત્રણ પરમાણુઓના ભાગ કરવામાં આવે તો તેના બે ભાગ પણ થઈ શકે (એક તરફ દોઢ પરમાણુ અને બીજી તરફ દોઢ એમ); તથા ત્રણ ભાગ (પણ એક એક પરમાણુ, એ પ્રમાણે) થઈ શકે. એ પ્રમાણે ચાર પરમાણુ વિષે પણ જાણવું. પાંચ પરમાણુપુદ્ગલો એક એકને ચોટી જાય છે, અને દુઃખપણે – કર્મપણે થાય છે. તે દુઃખ – કર્મ – શાશ્વત છે અને હંમેશાં સારી રીતે ઉપચય પામે છે, તથા અપચય પામે છે.' હે ભગવન્! આ બધું સાચું છે?

નથી. જે દ્રવ્યો ચાર સ્પર્શવાળાં છે અને જે અરૂપી છે તે બધાં અગુરુલઘુ હોય છે; અને બાકીનાં આઠ સ્પર્શવાળાં ગુરુલઘુ છે – એમ નિશ્ચયનયનું મત છે. વ્યવહારનયથી તો ગુરુ, લઘુ, ગુરુલઘુ, અને અગુરુલઘુ એમ ચારે પ્રકારનાં દ્રવ્યો હોય છે: ઢેકું ગુરુ છે; ધુમાડો લઘુ (હળવો) છે; વાયુ ગુરુલઘુ છે; અને આકાશ અગુરુલઘુ છે.

૧. અહીં ચોટવાની યોગ્યતા – એટલો જ અર્થ અભિપ્રેત છે. સરખાવો નૈયાયિકાદિનો મત.

૨. બે પરમાણુ સૂક્ષ્મ હોવાથી તેમાં ચીકાશ નથી હોતી. પરંતુ જ્યારે ત્રણ, ચાર કે પાંચ વગેરે પરમાણુ ભેગા થાય છે ત્યારે તેમાં સ્થૂલપણું આવે છે; તેથી તેમાં ચીકાશ પણ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! અન્યતીર્થિકો જે એ બધું કહે છે, તે ખોટું છે. હું એમ કહું છું કે બે પરમાણુપુદ્ગલો એક એક પરસ્પર ચોંટી જાય છે. બે પરમાણુપુદ્ગલોમાં ચીકાશ છે માટે બે પરમાણુપુદ્ગલો એક એક પરસ્પર ચોંટી જાય છે. જો તે બે પરમાણુપુદ્ગલોના બે ભાગ કરવામાં આવે તો એક તરફ એક પરમાણુપુદ્ગલ આવે, અને બીજી તરફ એક આવે.[1] તે પ્રમાણે ત્રણ અને ચારનું પણ સમજવું. પાંચ પરમાણુપુદ્ગલો એક એકને ચોંટીને સ્કંધ બને ખરો; તથા તે હાનિવૃદ્ધિ પણ પામે; 'પરંતુ તે દુઃખ – કર્મ – પણે ન સંભવે. કારણ કે કર્મ અનંત પરમાણુરૂપ હોવાથી અનંત સ્કંધરૂપ છે. પાંચ પરમાણુ તો માત્ર સ્કંધરૂપ જ છે. કર્મ જો પાંચ જ પરમાણુરૂપ હોય તો અસંખ્યાત પ્રદેશવાળા જીવને કેવી રીતે ઢાંકી શકે? વળી કર્મને શાશ્વત માનવામાં આવે તો તેનો ક્ષયોપશમ વગેરે ન થવાથી જ્ઞાનાદિની હાનિ અને વૃદ્ધિ ન સંભવે, માટે કર્મ શાશ્વત ન હોવું જોઈએ. તેનો ચય અને નાશ સંભવે જ છે.'

વિવરણ: પુદ્ગલો સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળાં છે. જ્યાં સ્પર્શ હોય ત્યાં બધે રસ, ગંધ અને રૂપ પણ હોય. માટે પૃથ્વીની પેઠે પાણીમાં, વાયુમાં અને તેજમાં પણ એ ચારે ગુણો છે; તથા પૃથિવીપરમાણુની પેઠે જળમાં પણ

---

૧. જો એક બાજુ દોઢ આવે, તો અડધા પરમાણુમાં પણ ચીકાશ સ્વીકારી; તો પછી બે પરમાણુ ન ચોંટે એમ કહેવાનો પણ અર્થ શો? વળી જેનો અડધો ભાગ થઈ શકે, તે પરમાણુ પણ શાનો?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એ ચારે ગુણો છે; કારણકે મન સર્વવ્યાપી નથી; અને જે ચીજ સર્વવ્યાપી નથી હોતી તેમાં એ ચારે ગુણો હોય છે.

સ્પર્શો આઠ છે: નરમ, ખરબચડો; ભારે, હળવો; ઠંડો, ઊનો; ચીકાશવાળો અને લૂખો. એ આઠમાંના ચાર જ સ્પર્શો પરમાણુઓમાં હોઈ શકે. ચીકાશદાર, લૂખો, ઠંડો અને ઊનો[૧]. અને મોટા સ્કંધોમાં તો એ આઠે સ્પર્શો યથોચિતપણે હોઈ શકે. પરમાણુ સૂક્ષ્મ છે, તથા નિત્ય છે. તેમાં એક રસ, એક વર્ણ, અને એક ગંધ હોય છે, તથા ઉપરના ચાર સ્પર્શોમાંના કોઈ પણ બે અવિરુદ્ધ સ્પર્શ એક પરમાણુમાં એક જ કાળે હોય છે. તેમાં નિયમ એ છે કે, જેમાં સરખી ચીકાશ હોય અને જેમાં સરખી લૂખાશ હોય તેવા પુદ્ગલો પરસ્પર ચોટતા નથી; પણ એકબીજા કરતાં ઓછી વધતી (એટલે કે બેગણી કે તેથી વધુ) ચીકાશ અને લૂખાશવાળા પુદ્ગલો પરસ્પર ચોટી જાય છે. એટલે કે જેમ એકબીજા કરતાં ઓછીવધતી ચીકાશવાળા બે પરમાણુ પરસ્પર ચોટી જાય, તેમ એકબીજા કરતાં ઓછીવધતી લૂખાશવાળા પણ પરસ્પર ચોટી જાય છે.[૨]

—શતક ૧, ઉદ્દે૦ ૧૦

૪

ગૌ૦—હે ભગવન્! પરમાણુપુદ્ગલ કંપે?

ભ૦—હે ગૌતમ! કદાચ કંપે અને કદાચ ન કંપે.

૧. એટલે કે એ ચારમાંથી અવિરોધી એવા ગમે તે બે, ગમે તે એક પરમાણુમાં હોય.

૨. આ વિષે વધુ વિગત માટે જુઓ તત્ત્વાર્થસૂત્ર, અધ્ય૦ ૫, સૂ. ૩૨–૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! એ પ્રદેશનો સ્કંધ કંપે?

મ૦—હે ગૌતમ! કદાચ કંપે, કદાચ ન કંપે; કદાચ એક ભાગ કંપે, એક ભાગ ન કંપે. એ પ્રમાણે બેથી અનંત પ્રદેશવાળા સ્કંધો માટે સમજવું.

ગૌ૦—હે ભગવન્! પરમાણુપુદ્ગલ તરવારની ધારનો આશ્રય કરે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! તે ધાર ઉપર આશ્રિત પરમાણુ છેદાય-ભેદાય?

મ૦—ના ગૌતમ! પરમાણુઓમાં શસ્ત્ર ક્રમણ કરી ન શકે. નહિ તો તે પરમાણુ જ ન કહેવાય. તે જ પ્રમાણે અસંખ્ય પ્રદેશવાળા સ્કંધ સુધીના સ્કંધ પણ શસ્ત્ર દ્વારા ન છેદાય કે ભેદાય.[૧]

ગૌ૦—હે ભગવન્! અનંત પ્રદેશવાળો સ્કંધ તરવારની ધારથી છેદાયભેદાય?

મ૦—હે ગૌતમ! કોઈ એક છેદાય અને કોઈ એક ન ભેદાય: સૂક્ષ્મપરિણામવાળા[૨] કેટલાક ન છેદાય; અને સ્થૂલ-પરિણામવાળા કેટલાક છેદાય. —શતક ૫, ઉદ્દે૦ ૭.

૫

ગૌ૦—હે ભગવન્! શું પરમાણુપુદ્ગલ અર્ધસહિત છે, મધ્યમસહિત છે, અને પ્રદેશસહિત છે, કે તે બધાથી રહિત છે?

---

૧. કારણ કે તે સૂક્ષ્મ હોય છે.

૨. અનંત પરમાણુનો સ્કંધ પણ સૂક્ષ્મ પરિણામવાળો હોય તો ન છેદાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભ૦—હે ગૌતમ! તે બધાથી રહિત છે. પણ બેકી સંખ્યાવાળા — બે, ચાર, છ, આઠ ઇત્યાદિ સંખ્યાવાળા — પ્રદેશોયુક્ત સ્કંધ, અર્ધસહિત કહેવાય. પરંતુ વિષમ-સંખ્યાવાળા — એકી સંખ્યાવાળા — ત્રણ, પાંચ, સાત ઇત્યાદિ સંખ્યાવાળા — પ્રદેશોયુક્ત સ્કંધ સમધ્ય — મધ્ય-ભાગસહિત કહેવાય.

ગૌ૦—હે ભગવન્! પરમાણુને સ્પર્શ કરતો પરમાણુ (૧) એક ભાગ વડે એક ભાગનો સ્પર્શ કરે? (૨) એક ભાગ વડે ઘણા ભાગોને સ્પર્શ કરે, (૩) એક ભાગ વડે સર્વનો સ્પર્શ કરે, (૪) ઘણા ભાગો દ્વારા એક દેશને સ્પર્શે, (૫) ઘણા દેશો દ્વારા ઘણા દેશોને સ્પર્શે, (૬) ઘણા દેશો દ્વારા સર્વને સ્પર્શે, (૭) સર્વ વડે એક ભાગને સ્પર્શે, (૮) સર્વ વડે ઘણા ભાગોને સ્પર્શે, (૯) કે સર્વ વડે સર્વને સ્પર્શે?

ભ૦—હે ગૌતમ! સર્વ વડે સર્વને સ્પર્શે. કારણ કે પરમાણુ ભાગરહિત છે, તેથી બાકીના વિકલ્પોનો તેમાં સંભવ નથી.

એ પ્રમાણે બે પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો પરમાણુ સાતમા અને નવમા વિકલ્પ વડે સ્પર્શે, એટલે કે સર્વ વડે એક ભાગને સ્પર્શે, કે સર્વ વડે સર્વને સ્પર્શે.[૧]

---

૧. બે પરમાણુ ભેગા થઈને કાંતો આકાશના બે પ્રદેશને રોકે, અથવા એક પ્રદેશને પણ રોકે. પરમાણુમાં એવી એક પ્રકારની યોગ્યતા છે કે, અનેક પરમાણુઓ પણ કોઈ વાર એક દેશમાં જ સ્થિત હોય. એ પ્રમાણે જ્યારે બે પરમાણુ એક જ પ્રદેશમાં સ્થિત હોય, ત્યારે પેલો પરમાણુ તેને સર્વ વડે સર્વને સ્પર્શે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે ત્રણ પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો પરમાણુ સાતમા, આઠમા અને નવમા વિકલ્પ વડે સ્પર્શે; એટલે કે સર્વથી દેશને, સર્વથી ઘણા ભાગોને, અને સર્વથી સર્વને. એ પ્રમાણે ચાર–પાંચ એમ અનંત પ્રદેશવાળા સ્કંધની સાથે સમજવું.

ગૌ૦—હે ભગવન્! પરમાણુને સ્પર્શતો એ પ્રદેશવાળો સ્કંધ કેવી રીતે સ્પર્શે?

ભ૦—હે ગૌતમ! ત્રીજા અને નવમા વિકલ્પ વડે સ્પર્શે. એવી રીતે એ પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો દ્વિપ્રદેશિક સ્કંધ પ્રથમ, તૃતીય, સપ્તમ અને નવમા વિકલ્પ વડે સ્પર્શે; ત્રણ પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો દ્વિપ્રદેશિક સ્કંધ પહેલા ત્રણ વિકલ્પો વડે તેમ જ છેલ્લા ત્રણ વિકલ્પો વડે સ્પર્શે. એ પ્રમાણે ચાર–પાંચ અને અનંત પ્રદેશવાળા સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! પરમાણુને સ્પર્શ કરતો ત્રણ પ્રદેશવાળો સ્કંધ કેવી રીતે સ્પર્શે?

ભ૦—હે ગૌતમ! ત્રીજા, છઠ્ઠા અને નવમા વડે સ્પર્શે. દ્વિપ્રદેશિકને સ્પર્શ કરતો ત્રિપ્રદેશિક પ્રથમ, તૃતીય, ચતુર્થ, પંચમ, સપ્તમ અને નવમા વડે સ્પર્શે. ત્રિપ્રદેશિકને સ્પર્શ કરતો ત્રિપ્રદેશિક નવે વિકલ્પ વડે સ્પર્શે. તે પ્રમાણે ચાર, પાંચ અને અનંત પ્રદેશવાળા સુધી જાણવું.

—શતક ૫, ઉદ્દે૦ ૭

૬

રાજગૃહનગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! એ પરમાણુ એકઠા થાય તો શું થાય?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! તેમનો દ્વિપ્રદેશિક સ્કંધ થાય; અને તેનો જો ભેદ થાય, તો તેના બે વિભાગ થાય; એક તરફ એક રહે અને બીજી તરફ બીજો રહે. જો ત્રણ પરમાણુ ભેગા થાય તો તેનો ત્રિપ્રદેશિક સ્કંધ થાય. જો તેનો ભેદ થાય તો તેના બે કે ત્રણ વિભાગ થાય. જો બે વિભાગ થાય, તો એક તરફ એક પરમાણુ, અને બીજી તરફ દ્વિપ્રદેશિક સ્કંધ રહે; અને જો ત્રણ વિભાગ થાય તો દરેકમાં એક એક પરમાણુ રહે.

તે પ્રમાણે ચાર, પાંચ, છ એમ દશ પરમાણુઓ સુધી જાણવું. જેમકે તે દશ પરમાણુનો એક દશપ્રદેશિક સ્કંધ થાય; અને જો તેના વિભાગ કરવામાં આવે તો એથી દશ વિભાગ થાય.

બે વિભાગનું સ્વરૂપ — ૧-૯, ૨-૮, ૩-૭, ૪-૬, ૫-૫.

ત્રણ વિભાગ— ૧-૧-૮; ૧-૨-૭; ૧-૩-૬; ૧-૪-૫; ૨-૩-૫; ૨-૪-૪; ૩-૩-૪;

એ પ્રમાણે આગળ જાણવું.

તે પ્રમાણે સંખ્યાતા પરમાણુઓ એકસાથે મળે તો સંખ્યાતા પ્રદેશનો સ્કંધ થાય. અને તેનો વિભાગ થાય તો એથી દશ કે સંખ્યાતા વિભાગ થાય. તે જેમકે:

[સં૦ એટલે સંખ્યાત ગણવા.]

બે વિભાગનું સ્વરૂપ — ૧ પરમાણુ-સં૦; ૨-સં૦, ૩-સં૦ એ પ્રમાણે ૧૦-સં૦ અથવા સં૦-સં૦.

ત્રણ વિભાગ: ૧-૧-સં૦; ૧-૨-સં૦; ૧-૩-સં૦ એ પ્રમાણે ૧-૧૦-સં૦; અથવા ૧-સં૦-સં૦; ૨-સં૦-સં૦; એ પ્રમાણે ૧૦-સં૦-સં૦ અથવા સં૦-સં૦-સં૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રમાણે ૧૦ વિભાગ સુધી ગણ્યા કરવું.

જો તેના સંખ્યાતા વિભાગ કરવામાં આવે, તો સંખ્યાત પરમાણુ થાય.

અસંખ્યાતા પરમાણુ એકઠા મળે તો અસંખ્યાત-પ્રદેશિક સ્કંધ થાય. તેનો વિભાગ કરીએ તો બેથી ૧૦ સુધીના તેમજ સંખ્યાતા કે અસંખ્યાતા વિભાગ થાય. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે :

બે વિભાગનું સ્વરૂપ : ૧-અસં૦ એ પ્રમાણે ૧૦-અસં૦; અથવા સં૦-અસં૦; અથવા અસં૦-અસં૦.

ત્રણ વિભાગ : ૧-૧-અસં૦, ૧-૨-અસં૦ એ પ્રમાણે ૧-૧૦-અસં૦; અથવા ૧-સં૦-અસં૦. અથવા ૧-અસં૦-અસં૦; અથવા ૨-અસં૦-અસં૦, એ પ્રમાણે ૧૦-અસં૦-અસં૦; અથવા સં૦-અસં૦-અસં૦ અથવા અસં૦-અસં૦-અસં૦. એ પ્રમાણે દશ સુધી જવું.

જો સંખ્યાતા વિભાગ કરવામાં આવે તો :

સં૦પરમાણુ-અસં૦; સં૦દ્વિપ્રદેશિકસ્કંધ-અસંખ્યાત; એ પ્રમાણે સં૦દશપ્રદેશિક-અસંખ્યાત; અથવા સંખ્યાત સંખ્યાતપ્રદેશિક-અસં૦, અથવા સંખ્યાતા અસંખ્યાત-પ્રદેશિક સ્કંધો.

જો તેના અસંખ્ય વિભાગ કરવામાં આવે તો અસંખ્ય પરમાણુપુદ્ગલો થાય છે.

હવે અનંતપરમાણુના અનંતપ્રદેશાત્મક સ્કંધના વિભાગ કરવામાં આવે, તો બે થી દશ, તેમ જ સંખ્યાત, અસંખ્યાત અને અનંત વિભાગ થાય :

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એ વિભાગનું સ્વરૂપ — ૧-અનં૦ એમ દશ સુધી; અથવા અનં૦-અનં૦.

ત્રણ વિભાગ : ૧-૧-અનં૦; ૧-૨-અનં૦ એમ દશ સુધી; અથવા ૧-અસં૦-અનં૦; અથવા ૧-અનં૦-અનં૦, અથવા ૨-અનં૦-અનં૦ એમ દશ સુધી. અથવા સં૦-અનં૦-અનં૦; અસં૦-અનં૦-અનં૦. એ પ્રમાણે દશ સુધી ગણવું.

જો સંખ્યાત વિભાગ કરવામાં આવે, તો એ બધા સંયોગો અસંખ્યાતની પેઠે અનંતને પણ કહેવા; પરંતુ એક અનંત શબ્દ અધિક કહેવો : સંખ્યાત સંખ્યાતપ્રદેશિક–અનંત-પ્રદેશિક; સંખ્યાત અનંતપ્રદેશિક–અનંતપ્રદેશિક; અથવા સંખ્યાત અનંતપ્રદેશિક.

જો તેના અસંખ્યાત વિભાગ કરીએ તો એક તરફ અસંખ્યાત પરમાણુ અને એક તરફ એક અનંતપ્રદેશિક સ્કંધ; અથવા એક તરફ અસંખ્યાત દ્વિપ્રદેશિક–અનંત; એ પ્રમાણે દશ સુધી. અથવા અસંખ્યાત સંખ્યાતપ્રદેશિક સ્કંધો–અનંત૦. અથવા એક તરફ અસંખ્યાતા અસંખ્યાત-પ્રદેશિક સ્કંધો–અનંત૦; અથવા અસંખ્યાત અનંતપ્રદેશિક સ્કંધો. જો તેના અનંત વિભાગ કરવામાં આવે તો અનંતપરમાણુ થાય.

— શતક ૧૨, ઉદ્દે૦ ૪

૭

ગૌ૦—હે ભગવન્! પરમાણુ કાળથી (એકરૂપે) કયાં સુધી રહે?

ભ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય; અને વધારેમાં વધારે અસંખ્યકાળ સુધી. એ પ્રમાણે અનંતપ્રદેશિક સ્કંધ સુધી સમજી લેવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! એક આકાશપ્રદેશમાં સ્થિત પુદ્ગલ જ્યાં હોય તે સ્થળે અથવા બીજે સ્થાને કાળથી કયાં સુધી સકંપ રહે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે આવલિકાના અસંખ્યેય ભાગ સુધી સકંપ રહે.[૧] એ પ્રમાણે આકાશના અસંખ્યેય[૨] પ્રદેશમાં સ્થિત પુદ્ગલ સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! પુદ્ગલ એકગણું કાળું કાળથી કયાં સુધી રહે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અસંખ્યેય કાળ સુધી. એ પ્રમાણે અનંતગણા કાળા પુદ્ગલ સુધી જાણવું. તથા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ . . . એમ અનંતગણા રૂક્ષ સુધી જાણવું. એ પ્રમાણે સૂક્ષ્મપરિણત તેમ જ બાદરપરિણત પુદ્ગલ માટે જાણવું.

ગૌ૦—હે ભગવન્! શબ્દપરિણત પુદ્ગલ કાળથી કયાં સુધી રહે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે આવલિકાના અસંખ્યેય ભાગ સુધી રહે. અશબ્દ-પરિણત પુદ્ગલ તો એકગણા કાળા પુદ્ગલની જેમ સમજવું.

ગૌ૦—હે ભગવન્! જે પુદ્ગલ પરમાણુરૂપે છે, તે પરમાણુપણું તજી, સ્કંધાદિરૂપે પરિણમે; પછી તેને પરમાણુપણું પાછું પ્રાપ્ત કરતાં કાળથી કેટલું લાંબુ અંતર હોય?

---

૧. પુદ્ગલનું સકંપત્વ તો આકસ્મિક હોવાથી, નિષ્કંપત્વની પેઠે ચલનનો અસંખ્યેય કાળ નથી હોતો.

૨. કોઈ પણ પુદ્ગલ આકાશના અનંત પ્રદેશાવગાઢ નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અસંખ્યેયકાળ સુધીનું અંતર હોય.

ગૌ૦—હે ભગવન્! દ્વિપ્રદેશિક સ્કંધને કેટલું હોય?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અનંતકાળનું અંતર[૧] છે; એ પ્રમાણે અનંત પ્રદેશિકસ્કંધ સુધી જાણી લેવું.

ગૌ૦—હે ભગવન્! એક પ્રદેશમાં સ્થિત સકંપ પુદ્ગલને પોતાનું કંપન પડતું મૂકી, ફરીથી સકંપન થતાં કેટલો કાળ જાય?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય અને વધારમાં વધારે અસંખ્યકાળ. એ પ્રમાણે અસંખ્ય-પ્રદેશસ્થિત સ્કંધો માટે પણ સમજવું.

ગૌ૦—હે ભગવન્! એક પ્રદેશમાં સ્થિત નિષ્કંપ પુદ્ગલને પોતાની નિષ્કંપતા છોડી દઈ ફરીથી નિષ્કંપ થતાં કેટલો કાળ જાય?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય, અને વધારેમાં વધારે આવલિકાનો અસંખ્યેય ભાગ. એ પ્રમાણે અસંખ્યપ્રદેશસ્થિત સ્કંધો માટે પણ જાણવું. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સૂક્ષ્મ અને બાદરપરિણતોને માટે આગળ જણાવેલો સ્થિતિકાળ જ અંતરકાળ[૨] સમજી લેવો.

---

૧. બે પ્રદેશવાળાને તો બાકીના સ્કંધરૂપે થવાનો કાળ અને પરમાણુરૂપે થવાનો કાળ તે અંતરકાળ છે, અને તે અનંત છે; કારણકે બાકીના સર્વ સ્કંધો અનંત છે.

૨. એક સ્થિતિ છોડી, ફરી તે સ્થિતિ પ્રાપ્ત કરતાં વચમાં જતું કાળનું અંતર.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! શબ્દપરિણત પુદ્ગલને ફરી શબ્દરૂપે પરિણમતા પહેલાં કાળનું કેટલું અંતર થાય?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય; અને વધારેમાં વધારે અસંખ્યકાળ.

ગૌ૦—હે ભગવન્! અશબ્દપરિણતને ફરી અશબ્દપરિણત થતાં કાળથી કેટલું અંતર વીતે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછો એક સમય, અને વધારેમાં વધારે આવલિકાનો અસંખ્યેય ભાગ.

—શતક ૫, ઉદ્દે૦ ૭

૮

રાજગૃહમાં કાલોદાયી[૧] પૂછે છે:

કા૦—હે ભગવન્! અચિત્ત છતાં પણ કયા પુદ્ગલો પ્રકાશ કરે?

મ૦—હે કાલોદાયિ! ક્રોધાયમાન થયેલા સાધુની તેજોલેશ્યા દૂર જઈને દૂર પડે છે. જ્યાં જ્યાં તે પડે છે, ત્યાં ત્યાં (તેના) અચિત્ત પુદ્ગલો પણ પ્રકાશ કરે છે.

—શતક ૭, ઉદ્દે૦ ૧૦

૯

ગૌ૦—હે ભગવન્! પુદ્ગલનો પરિણામ કેટલા પ્રકારનો છે?

મ૦—હે ગૌતમ! પાંચ પ્રકારનો છે: વર્ણપરિણામ, ગંધપરિણામ, રસપરિણામ, સ્પર્શપરિણામ અને સંસ્થાનપરિણામ.

ગૌ૦—હે ભગવન્! વર્ણપરિણામ કેટલા પ્રકારનો છે?

---

૧. તેની કથા માટે જુઓ આગળ અન્યતીર્થિક ખંડ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભ૦—હે ગૌતમ! પાંચ પ્રકારનો. એ પ્રમાણે ગંધ-પરિણામ બે પ્રકારનો, રસપરિણામ પાંચ પ્રકારનો, અને સ્પર્શપરિણામ આઠ પ્રકારનો જાણવો.

ગૌ૦—હે ભગવન્! સંસ્થાન(આકૃતિ)પરિણામ કેટલા પ્રકારનો છે?

ભ૦—હે ગૌતમ! પાંચ પ્રકારનો છેઃ પરિમંડલ (કડા જેવો), વૃત્તાકાર (રૂપિયા જેવો), ત્રયસ્ર (ત્રિકોણ), ચતુરસ્ર (ચોખૂણ), અને આયત (લાંબો).

— શતક ૨૫, ઉદ્દે૦ ૩

ગૌ૦—હે ભગવન્! સંસ્થાનો – પુદ્ગલસ્કંધના આકારો – કેટલાં કહ્યાં છે?

ભ૦—હે ગૌતમ! છ કહ્યાં છેઃ પરિમંડલ, વૃત્ત, ત્રયસ્ર, ચતુરસ્ર, આયત (દીર્ઘ) અને અનિત્થંસ્થ (પરિમંડલાદિથી ભિન્ન આકારવાળું). તે બધાં સંસ્થાનો દ્રવ્યાર્થરૂપે અનંત છે.

ગૌ૦—હે ભગવન્! પરિમંડલાદિ સંસ્થાનોમાં કોણ કોનાથી અધિક છે?

ભ૦—હે ગૌતમ! પરિમંડલ સૌથી થોડાં છે, તેથી વૃત્ત સંસ્થાનો સંખ્યાતગણાં છે, તેથી ચતુરસ્ર, તેથી ત્રયસ્ર, તેથી આયત, અને તેથી અનિત્થંસ્થ સંસ્થાનો અસંખ્યાતગણાં છે.*

* જે સંસ્થાન જે સંસ્થાનની અપેક્ષાએ બહુ પ્રદેશાવગાહી હોય, તે સ્વાભાવિક રીતે થોડાં છે. પરિમંડલ સંસ્થાન ઓછામાં ઓછું ૨૦ પ્રદેશની અવગાહનાવાળું હોય છે; અને વૃત્ત, ચતુરસ્ર, ત્રયસ્ર અને આયત સંસ્થાન અનુક્રમે ઓછામાં ઓછા પાંચ, ચાર, ત્રણ અને બે પ્રદેશની અવગાહનાવાળાં છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લોક પરિમંડલ સંસ્થાનવાળા પુદ્ગલસ્કંધો વડે નિરંતર ભરેલો છે. તેમાં તુલ્ય પ્રદેશોવાળાં, તુલ્ય પ્રદેશાવગાહી, અને તુલ્ય વર્ણાદિ પર્યાયવાળાં જે જે પરિમંડલ દ્રવ્યો હોય, તે બધાંને કલ્પનાથી એક એક પંક્તિમાં સ્થાપિત કરતાં તથા તેની ઉપર તેમ જ નીચે એક એક જાતિવાળાં પરિમંડલ દ્રવ્યો એક એક પંક્તિમાં સ્થાપિત કરતાં, તેમાં અલ્પત્વબહુત્વ થવાથી પરિમંડલ સંસ્થાનોનો સમુદાય યવના આકારવાળો થાય છે. તેમાં જઘન્યપ્રદેશિક દ્રવ્યો સ્વભાવથી અલ્પ હોવાથી પ્રથમ પંક્તિ નાની હોય છે, અને ત્યાર પછી બાકીની પંક્તિ અધિક – અધિકતર પ્રદેશવાળી હોવાથી અનુક્રમે મોટી અને વધારે મોટી થાય છે. ત્યાર પછી ક્રમશઃ ઘટતાં છેવટે ઉત્કૃષ્ટ પ્રદેશવાળાં દ્રવ્યો અત્યંત અલ્પ હોવાથી છેવટની પંક્તિ અત્યંત નાની હોય છે. આમ યવાકાર ક્ષેત્ર થાય છે.

ગૌ૦—હે ભગવન્! વૃત્ત સંસ્થાન કેટલા પ્રદેશવાળું છે? અને કેટલા આકાશપ્રદેશમાં અવગાઢ રહેલું છે?

ભ૦—હે ગૌતમ! વૃત્ત સંસ્થાન ઘનવૃત્ત અને પ્રતરવૃત્ત એમ બે પ્રકારનું છે. તેમાં પ્રતરવૃત્ત બે પ્રકારનું છે: ઓજ પ્રદેશવાળું (એકી સંખ્યાવાળું) અને યુગ્મસંખ્યાપ્રદેશવાળું (એટલે કે બેકી સંખ્યાવાળું). તેમાં જે ઓજ પ્રદેશવાળું પ્રતરવૃત્ત છે, તે ઓછામાં ઓછું પાંચ પ્રદેશવાળું, અને પાંચ આકાશપ્રદેશમાં અવગાઢ છે; અને વધારેમાં વધારે અનંત પ્રદેશવાળું, અને અસંખ્યાત આકાશપ્રદેશમાં અવગાઢ છે.

ઘનવૃત્ત પણ ઓજપ્રદેશિક (એકીસંખ્યાવાળું) અને યુગ્મપ્રદેશિક (બેકી સંખ્યાવાળું) એમ બે પ્રકારનું છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં ઓજપ્રદેશિક ઓછામાં ઓછું સાત પ્રદેશવાળું, અને સાત આકાશપ્રદેશમાં અવગાઢ છે, અને વધારેમાં વધારે અનંત પ્રદેશવાળું અને અસંખ્યાત આકાશપ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે યુગ્મપ્રદેશિક ઘનવૃત્ત છે, તે ઓછામાં ઓછું બત્રીશ પ્રદેશવાળું, અને ૩૨ આકાશપ્રદેશમાં અવગાઢ છે; અને વધારેમાં વધારે અનંત પ્રદેશવાળું અને અસંખ્ય આકાશપ્રદેશમાં અવગાઢ છે.

તે જ પ્રમાણે ત્ર્યસ્રના પણ વિભાગો સમજવા: પરંતુ ઓજપ્રદેશિક પ્રતરત્ર્યસ્રના ઓછામાં ઓછા ત્રણ પ્રદેશ સમજવા. અને યુગ્મપ્રદેશિક પ્રતરત્ર્યસ્રના ઓછામાં ઓછા છ પ્રદેશ સમજવા. તથા ઓજપ્રદેશિક ઘનત્ર્યસ્રના ઓછામાં ઓછા ૩૫ પ્રદેશ અને યુગ્મપ્રદેશિક ઘનત્ર્યસ્રના ઓછામાં ઓછા ચાર પ્રદેશ સમજવા.

તે જ પ્રમાણે ચતુરસ્રના પણ વિભાગો સમજવા, પરંતુ ઓજ૦પ્રતરના ઓછામાં ઓછા નવ પ્રદેશ, અને યુગ્મ૦પ્રતરના ઓછામાં ઓછા ચાર પ્રદેશ જાણવા. તથા ઓજ૦ઘનના ઓછામાં ઓછા ૨૭ તથા યુગ્મ૦ઘનના ઓછામાં ઓછા આઠ જાણવા.

આયત સંસ્થાનના ત્રણ પ્રકાર જાણવા: શ્રેણિઆયત, પ્રતરાયત અને ઘનાયત.[1] બાકી બધું ઉપર પ્રમાણે જાણવું. પરંતુ ઓજ૦શ્રેણી૦ને ઓછામાં ઓછું ત્રણ પ્રદેશવાળું,

---

૧. બે ત્રણ ઇત્યાદિ વિષ્કમ્ભશ્રેણિરૂપ પ્રતરાયત કહેવાય છે. જાડાઈ અને વિષ્કંભ સહિત અનેક શ્રેણિઓને ઘનાયત કહે છે. શ્રેણિઆયત ઓછામાં ઓછું ત્રિપ્રદેશિક હોય છે; અને યુગ્મ પ્રદેશિક શ્રેણ્યાયત દ્વિપ્રદેશિક છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તથા યુગ્મ૰શ્રેણી૰ને બે પ્રદેશવાળું જાણવું. ઓજ૰પ્રતર ને ઓછામાં ઓછું ૧૫ પ્રદેશવાળું, અને યુગ્મ૰પ્રતર ને છ પ્રદેશવાળું સમજવું. તથા ઓજ૰ઘન૰ને ઓછામાં ઓછા ૪૫ પ્રદેશવાળું, અને યુગ્મ૰ઘન૰ને ૧૨ પ્રદેશવાળું જાણવું.

પરિમંડલ સંસ્થાન પણ બે પ્રકારનું છે : ઘનપરિમંડલ, અને પ્રતર પરિમંડલ. પણ તે બંને માત્ર યુગ્મપ્રદેશિક જ છે. પ્રતરપરિમંડલ ઓછામાં ઓછું ૨૦ પ્રદેશવાળું અને ઘનપરિમંડલ ૪૦ પ્રદેશવાળું છે.

ગૌ૰—હે ભગવન્! આકાશપ્રદેશની શ્રેણીઓ દ્રવ્યરૂપે સંખ્યાતી છે, અસંખ્યાતી છે કે અનંત છે?

મ૰—હે ગૌતમ! અનંત છે.

ગૌ૰—હે ભગવન્! પૂર્વ અને પશ્ચિમ લાંબી શ્રેણીઓ દ્રવ્યરૂપે સંખ્યાતી છે, અસંખ્યાતી છે કે અનંત છે?

મ૰—હે ગૌતમ! અનંત છે. એ પ્રમાણે જ દક્ષિણ અને ઉત્તર લાંબી, તથા ઊર્ધ્વ અને અધો લાંબી શ્રેણીઓ સંબંધે જાણવું.

પરંતુ લોકાકાશની શ્રેણીઓ દ્રવ્યરૂપે અસંખ્યાતી છે; તેમ જ તેની પૂર્વપશ્ચિમ આદિ શ્રેણીઓ પણ અસંખ્યાતી છે. પરંતુ અલોકાકાશની સર્વ પ્રકારની શ્રેણીઓ અનંત જાણવી.

આકાશની સર્વ પ્રકારની શ્રેણીઓ પ્રદેશરૂપે અનંત છે. પરંતુ લોકાકાશની શ્રેણીઓ પ્રદેશરૂપે કોઈ સંખ્યાત પ્રદેશરૂપ છે, તથા કોઈ અસંખ્યાત પ્રદેશરૂપ છે, પણ અનંત પ્રદેશરૂપ નથી. (વૃત્તાકાર લોકના અલોકમાં ગયેલા દંતકની શ્રેણીઓ સંખ્યાત પ્રદેશાત્મક છે, અને બાકીની અસંખ્યાત પ્રદેશાત્મક

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે.) તે પ્રમાણે પૂર્વ અને પશ્ચિમ તથા દક્ષિણ અને ઉત્તર લાંબી શ્રેણીઓ જાણવી. પરંતુ ઊર્ધ્વ અને અધો લાંબી લોકાકાશની શ્રેણીઓ સંખ્યાત પ્રદેશરૂપ નથી, પણ અસંખ્યાત પ્રદેશાત્મક છે.

અલોકાકાશની શ્રેણીઓ કોઈક સંખ્યાત પ્રદેશરૂપ હોય, કોઈ અસંખ્યાત પ્રદેશરૂપ હોય, અને કોઈ અનંત પ્રદેશાત્મક હોય. (લોકમધ્યવર્તી ક્ષુલ્લક પ્રતરની નજીકમાં આવેલી ઊર્ધ્વ–અધો લાંબી અધોલોકની શ્રેણીઓમાં જે પ્રારંભની છે તે સંખ્યાત પ્રદેશની છે, અને ત્યાર પછી આવેલી અસંખ્યાત પ્રદેશની છે. તીરછી લાંબી અલોકાકાશની શ્રેણીઓ તો અવશ્ય અનંત પ્રદેશરૂપ હોય છે.) પૂર્વ અને પશ્ચિમ લાંબી, તથા દક્ષિણ અને ઉત્તર લાંબી અલોકાકાશની શ્રેણીઓ અનંત પ્રદેશની છે.

ગૌ૦—હે ભગવન્! શ્રેણીઓ શું સાદિ–સાન્ત છે, સાદિ–અનંત છે, અનાદિ–સાંત છે, કે અનાદિ–અનંત છે?

મ૦—હે ગૌતમ અનાદિ અને અનંત છે.

ગૌ૦—હે ભગવન્! લોકાકાશની શ્રેણીઓ સાદિ–સાંત છે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! અલોકાકાશની શ્રેણીઓ સાદિ–સાન્ત છે?

મ૦—ના ગૌતમ! કોઈક સાદિ–સાન્ત છે; કોઈ સાદિ–અનંત છે; કોઈક અનાદિ–સાન્ત છે; તથા કોઈક અનાદિ–અનંત છે. (મધ્યલોકવર્તી ક્ષુલ્લક પ્રતરની નજીક આવેલી ઊર્ધ્વ અને અધો લાંબી શ્રેણીઓ સાદિ–સાંત છે; લોકાન્તથી આરંભી ચોતરફ જતી સાદિ–અનંત છે;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લોકાન્તની પાસે બધી શ્રેણીઓનો અંત થતો હોવાથી તેની અપેક્ષાએ અનાદિ-સાંત છે; અને લોકને છોડીને જે શ્રેણીઓ આવેલી છે, તે અનાદિ અનંત છે. એ પ્રમાણે પૂર્વ-પશ્ચિમ લાંબી, અને દક્ષિણ-ઉત્તર લાંબી શ્રેણીઓ સંબંધી જાણવું, પણ તે સાદિ-સાંત નથી. કારણ કે અલોક વિષે પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ શ્રેણીઓને આદિ છે, પણ અંત નથી.)

ગૌ૦—હે ભગવન્! કેટલી શ્રેણીઓ છે?

ભ૦—હે ગૌતમ! સાત શ્રેણીઓ છે:

વિવરણ: જ્યાં જીવ અને પુદ્ગલની ગતિ થાય, તે આકાશપ્રદેશની પંક્તિ, તેનું નામ શ્રેણી. તેના સાત પ્રકાર છે. ૧. ઋજ્વાયત – સીધી અને લાંબી. (ઊર્ધ્વલોકાદિમાંથી અધોલોકાદિમાં સીધા જાય ત્યારે). ૨. એકતઃવક્રા – એક તરફ વાંકા (સીધા જઈને વક્રગતિ કરે, અર્થાત્ બીજી શ્રેણીમાં પ્રવેશ કરે ત્યારે). ૩. ઉભયતઃવક્રા – બે તરફ વાંકા (એટલે કે બે વાર વક્રગતિ કરે – બે વાર બીજી શ્રેણીમાં પ્રવેશ કરે ત્યારે. આ શ્રેણી ઊર્ધ્વલોકની આગ્નેયી દિશાથી અધોલોકની વાયવી દિશામાં જે ઉત્પન્ન થાય તેને હોય છે. પ્રથમ સમયે આગ્નેયી દિશામાંથી તીરછો નૈઋતી દિશામાં જાય, ત્યાંથી બીજા સમયે તીરછો વાયવી દિશામાં જાય, અને ત્યાંથી ત્રીજા સમયે અધો – નીચે વાયવી દિશામાં જાય). ૪. એકતઃખા – એટલે કે એક તરફ લોકનાડી સિવાયના આકાશવાળી. (ત્રસ નાડીના વામપાર્શ્વાદિ ભાગથી ત્રસનાડીમાં પ્રવેશ કરે, અને પુનઃ તે ત્રસનાડી દ્વારા જઈને તેના વામપાર્શ્વાદિ ભાગમાં ઉત્પન્ન થાય તે એકતઃખા શ્રેણી કહેવાય. કારણકે તેની એક દિશામાં ખ એટલે લોકનાડી

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સિવાયનું આકાશ આવેલ છે. આ શ્રેણી બે, ત્રણ અને ચાર સમયની વક્રગતિ સહિત હોવા છતાં ક્ષેત્રની વિશેષતાથી જુદી કહી છે). ૫. ઉભયતઃખા – બે તરફ લોકનાડી સિવાયના આકાશવાળી. (ત્રસનાડીની બહાર તેના વામપાર્શ્વાદિ ભાગથી પ્રવેશ કરીને તે ત્રસનાડી દ્વારા જઈને તેના જ દક્ષિણ પાર્શ્વાદિ ભાગમાં ઉત્પન્ન થાય તે ઉભયતઃખા શ્રેણી કહેવાય છે. કેમકે તેને ત્રસનાડીની બહારના વામ અને દક્ષિણ આકાશની બાજુનો સ્પર્શ થાય છે). ૬. જે શ્રેણી દ્વારા પરમાણુ વગેરે ગોળ ભમીને ઉત્પન્ન થાય તે ચક્રવાલ; અને ૭. અર્ધગોળ ભમીને ઉત્પન્ન થાય તે અર્ધચક્રવાલ.

—શતક ૨૫, ઉદ્દે૦ ૩

૧૦

ગૌ૦—હે ભગવન્! પરમાણુપુદ્ગલ એક સમયમાં લોકના પૂર્વ છેડાથી પશ્ચિમ છેડામાં, પશ્ચિમ છેડામાંથી પૂર્વ છેડામાં, દક્ષિણ છેડામાંથી ઉત્તર છેડામાં, ઉત્તર છેડામાંથી દક્ષિણ છેડામાં, ઉપરના છેડામાંથી નીચેના છેડામાં, અને નીચેના છેડામાંથી ઉપરના છેડામાં જાય?

ભ૦—હા ગૌતમ! જાય.

૧૧

ગૌ૦—હે ભગવન્! પરમાણુપુદ્ગલ વાયુકાય વડે સ્પૃષ્ટ (વ્યાપ્ત) છે કે, વાયુકાય પરમાણુપુદ્ગલ વડે સ્પૃષ્ટ – વ્યાપ્ત છે?

ભ૦—હે ગૌતમ! પરમાણુપુદ્ગલ વાયુકાય વડે વ્યાપ્ત છે. પણ વાયુકાય પરમાણુપુદ્ગલ વડે વ્યાપ્ત નથી. એ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે અસંખ્યાત પ્રદેશિક સ્કંધ સુધી જાણવું. પરંતુ અનંતપ્રદેશિક સ્કંધ વાયુકાય વડે સ્પૃષ્ટ છે; પણ વાયુકાય અનંતપ્રદેશિક સ્કંધ વડે કદાચ સ્પૃષ્ટ[1] હોય અને કદાચ સ્પૃષ્ટ ન હોય.

ગૌ૦—હે ભગવન્! મસક વાયુકાય વડે સ્પૃષ્ટ છે કે વાયુકાય મસકવડે સ્પૃષ્ટ છે?

મ૦—હે ગૌતમ! મસક વાયુકાય વડે વ્યાપ્ત છે, પણ વાયુકાય મસક વડે વ્યાપ્ત નથી.

—શતક ૧૮, ઉદ્દે૦ ૧૦

૧૨

ગૌ૦—હે ભગવન્! પરમાણુપુદ્ગલ કેટલા વર્ણવાળો, કેટલા ગંધવાળો, કેટલા રસવાળો અને કેટલા સ્પર્શવાળો છે?

મ૦—હે ગૌતમ! તે એક વર્ણવાળો, એક ગંધવાળો, એક રસવાળો અને બે સ્પર્શવાળો છે. જો તે એક વર્ણવાળો હોય તો કદાચ કાળો, કદાચ લીલો, કદાચ રાતો, કદાચ પીળો અને કદાચ ધોળો હોય. જો તે એક ગંધવાળો હોય તો કદાચ સુગંધી અને કદાચ દુર્ગંધી હોય. જો તે એક રસવાળો હોય, તો કદાચ કડવો, કદાચ તીખો, કદાચ તૂરો, કદાચ ખાટો અને કદાચ મધુર હોય. જો તે બે સ્પર્શવાળો[2] હોય તો કદાચ શીત અને સ્નિગ્ધ, કદાચ શીત અને રૂક્ષ, કદાચ ઉષ્ણ અને સ્નિગ્ધ તથા કદાચ ઉષ્ણ અને રૂક્ષ હોય છે.

---

૧. જ્યારે તે મોટો હોય ત્યારે.

૨. પરમાણુમાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ એ ચારમાંના કોઈ પણ અવિરોધી બે સ્પર્શ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિપ્રદેશિક સ્કંધ કદાચ એક વર્ણવાળો, કદાચ બે વર્ણવાળો, કદાચ એક ગંધવાળો, કદાચ બે ગંધવાળો, કદાચ એક રસવાળો, કદાચ બે રસવાળો, કદાચ બે સ્પર્શવાળો, કદાચ ત્રણ સ્પર્શવાળો અને કદાચ ચાર સ્પર્શવાળો પણ હોય. જ્યારે બંને પ્રદેશોનો એક વર્ણરૂપે પરિણામ થાય છે, ત્યારે તેના કાળો વગેરે પાંચ વિકલ્પ થાય; જ્યારે બંને પ્રદેશોના ભિન્ન ભિન્ન વર્ણરૂપે પરિણામ થાય, ત્યારે તેના દ્વિકસંગથી (કાળો–રાતો, કાળો–પીળો ઇત્યાદિ) ૧૦ વિકલ્પ થાય. એ પ્રમાણે ગંધ, રસ અને સ્પર્શનું સમજવું.

ત્રિપ્રદેશિક સ્કંધ એ પ્રમાણે એક વર્ણવાળો, બે વર્ણવાળો, અને કદાચ ત્રણ વર્ણવાળો હોય; એમ રસ સંબંધે પણ . . . ત્રણ સુધી ગણવું. બાકી બધું દ્વિપ્રદેશિક સ્કંધ પ્રમાણે.

એમ ચતુષ્પ્રદેશિક સ્કંધ વિષે પણ જાણવું. પણ એકથી માંડીને ચાર વર્ણ વગેરે ગણવા.

એમ પંચપ્રદેશિક સ્કંધ વિષે પણ સમજવું, પણ એકથી માંડીને પાંચ વર્ણ વગેરે ગણવા. તે પ્રમાણે અસંખ્યાતપ્રદેશિક સ્કંધ સુધી પણ કહેવું.

સૂક્ષ્મપરિણામવાળા અનંતપ્રદેશિક સ્કંધને પંચપ્રદેશિક સ્કંધની માફક જ કહેવું.[૧]

પરંતુ સ્થૂલપરિણામવાળો અનંતપ્રદેશિક સ્કંધ ૧ થી પાંચ વર્ણવાળો, ૧ થી બે ગંધવાળો, ૧ થી પાંચ રસવાળો,

---

૧. અનંતપ્રદેશિક સ્કંધ પણ સૂક્ષ્મ હોય, તો તેમાં નરમપણું કે અરથચડપણું તથા ભારેપણું કે હળવાપણું સંભવતું નથી, જ્યારે સ્થૂલ સ્કંધમાં તે સંભવે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પણ કદાચ ચાર સ્પર્શવાળો, કદાચ પાંચ સ્પર્શવાળો, કદાચ છ સ્પર્શવાળો, કદાચ સાત સ્પર્શવાળો તથા કદાચ આઠ સ્પર્શવાળો પણ હોય.[૧]

ગૌ૦—હે ભગવન્! ફાણિત — ગોળની રાબમાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય?

ભ૦—હે ગૌતમ! અહીં પારમાર્થિક (નૈશ્ચયિક) અને વ્યાવહારિક એમ બે નયો (દૃષ્ટિબિંદુઓ)થી જવાબ આપી શકાય. વ્યાવહારિક નયની અપેક્ષાએ ફાણિત ગોળ મધુર

---

૨. ચાર સ્પર્શવાળો હોય તો સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત, અને સર્વ સ્નિગ્ધ હોય; કે સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત અને સર્વ રૂક્ષ હોય; ઇત્યાદિ મૃદુ, લઘુ, ઉષ્ણ, અને રૂક્ષના ૧૬ વિકલ્પો સમજવા.

પાંચ સ્પર્શવાળો હોય તો સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત, એકદેશ સ્નિગ્ધ અને એકદેશ રૂક્ષ હોય (અથવા છેવટના બેમાં અનેકદેશ સ્નિગ્ધ અને એકદેશ રૂક્ષ હોય, અથવા એકદેશ સ્નિગ્ધ અને અનેકદેશ રૂક્ષ હોય, અથવા અનેકદેશ સ્નિગ્ધ અને અનેકદેશ રૂક્ષ હોય.) એમ ગમે તે એક જોડકાને એકદેશાદિ રૂપે ગણી ૩૨ વિકલ્પો કરવા.

છ સ્પર્શવાળો હોય તો સર્વ કર્કશ, સર્વ ગુરુ, એકદેશ શીત, એકદેશ ઉષ્ણ, એકદેશ સ્નિગ્ધ, એક રૂક્ષ, એમ ગમે તે બે જોડકાંને એકદેશાદિ રૂપે ગણતાં ૩૮૪ વિકલ્પો થાય.

સાત સ્પર્શવાળો હોય, તો સર્વ કર્કશ, એકદેશ ગુરુ, એકદેશ લઘુ, એકદેશ શીત, એકદેશ ઉષ્ણ, એકદેશ સ્નિગ્ધ, એકદેશ રૂક્ષ એમ ગમે તે ત્રણ જોડકાંને એકદેશાદિરૂપે ગણતાં ૫૧૨ વિકલ્પો થાય. અને આઠ સ્પર્શવાળામાં ચારે જોડકાં એકદેશાદિ રૂપે ગણતાં ૧૨૯૬ વિકલ્પો થાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રસવાળો કહ્યો છે, પણ નૈશ્ચયિક નયની અપેક્ષાએ તેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શો છે. [એટલે કે, તેમાં પાંચે વર્ણ છે, પણ અમુક એક પ્રધાન વર્ણને તેનો વર્ણ વ્યવહારમાં કહેવામાં આવે છે ઇત્યાદિ.]

— શતક ૧૮, ઉદ્દે૦ ૬

૧૩

ગૌ૦—હે ભગવન્! પરમાણુ સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે!

મ૦—હે ગૌતમ! અનંત છે. એ પ્રમાણે અનંત પ્રદેશવાળા સ્કંધો સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! આકાશના એક પ્રદેશમાં રહેલાં પુદ્ગલો સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે?

મ૦—હે ગૌતમ! અનંત છે. એ પ્રમાણે અસંખ્યાત પ્રદેશમાં રહેલાં પુદ્ગલો સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! એક સમયની સ્થિતિવાળાં પુદ્ગલો કેટલાં છે?

મ૦—હે ગૌતમ! અનંત છે. એ પ્રમાણે અસંખ્યાત સમયની સ્થિતિવાળાં પુદ્ગલો સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! એકગુણ કાળાં પુદ્ગલો કેટલાં છે?

મ૦—હે ગૌતમ! અનંત છે. એ પ્રમાણે અનંતગુણ કાળાં સંબંધી તેમ જ બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સંબંધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! પરમાણુ અને દ્વિપ્રદેશિક સ્કંધ, એમાં દ્રવ્યાર્થરૂપે કોણ કોનાથી વિશેષાધિક છે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ ! દ્વિપ્રદેશિક કરતાં પરમાણુઓ દ્રવ્યાર્થ-રૂપે[૧] ઘણાં છે. તે પ્રમાણે ત્રિપ્રદેશિક કરતાં દ્વિપ્રદેશિક સ્કંધો ઘણા છે. . . એ પ્રમાણે દશ પ્રદેશવાળા કરતાં નવ પ્રદેશવાળા વધારે છે. પરંતુ દશ પ્રદેશવાળા સ્કંધો કરતાં સંખ્યાત પ્રદેશવાળા સ્કંધો ઘણા[૨] છે, અને સંખ્યાતપ્રદેશિક સ્કંધો કરતાં અસંખ્યાતપ્રદેશિક સ્કંધો ઘણા[૨] છે. પરંતુ અનંત પ્રદેશિક સ્કંધો કરતાં અસંખ્યાત પ્રદેશિક સ્કંધો ઘણા છે.[૩]

પરંતુ પ્રદેશાર્થપણે વિશેષાધિકત્વ વિચારીએ, તો પરમાણુ કરતાં દ્વિપ્રદેશિક સ્કંધો ઘણા[૪] છે, એ પ્રમાણે નવપ્રદેશિક કરતાં દશપ્રદેશિક ઘણા છે, દશપ્રદેશિક કરતાં સંખ્યાતપ્રદેશિક ઘણા છે; સંખ્યાત૦ કરતાં અસંખ્યાતપ્ર૦ ઘણા છે, અને અનંતપ્ર૦ કરતાં અસંખ્યપ્ર૦ ઘણા છે.

ગૌ૦—હે ભગવન્ ! એક પ્રદેશમાં રહેલાં અને બે પ્રદેશમાં રહેલાં પુદ્ગલોમાં દ્રવ્યાર્થરૂપે કયાં કોનાથી વિશેષાધિક છે ?

મ૦—હે ગૌતમ ! બે પ્રદેશમાં રહેલાં કરતાં એક

---

૧. આણુ કરતાં દ્વિપ્રદેશિક થોડા છે, કારણ કે તે સ્થૂલ છે. બીજા એમ પણ કહે છે કે, તેનું કારણ વસ્તુસ્વભાવ જ છે.

૨. તેમનાં સ્થાન વધારે હોવાથી. —ટીકા.

૩. કારણ કે અનંતપ્રદેશિક સ્કંધનો તથાવિધ સૂક્ષ્મ પરિણામ થાય છે.

૪. જેમકે દ્રવ્યત્વ વડે પરિમાણથી પરમાણુ સો હોય, અને દ્વિપ્રદેશિક ૬૦ હોય; તોપણ પ્રદેશાર્થપણે પરમાણુઓ તો સો જ થયા, પણ દ્વિપ્રદેશિકો તો ૧૨૦ થયા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રદેશમાં રહેલાં વિશેષાધિક છે.[૧] . . એમ દશ કરતાં નવ પ્રદેશવાળાં અધિક છે. એમ દશ કરતાં સંખ્યાત પ્રદેશવાળાં, અને સંખ્યાત કરતાં અસંખ્યાત પ્રદેશમાં રહેલાં પુદ્ગલો દ્રવ્યાર્થપણે અધિક છે.

પણ પ્રદેશાર્થપણે વિચારતાં એક કરતાં બે પ્રદેશમાં રહેલાં પુદ્ગલો અધિક છે, એમ નવ કરતાં દશ પ્રદેશમાં રહેલાં અને દશ કરતાં સંખ્યાત પ્રદેશમાં રહેલાં, અને સંખ્યાત કરતાં અસંખ્યાત પ્રદેશમાં રહેલાં અધિક છે.

ગૌ૦—હે ભગવન્! એક સમયની સ્થિતિવાળાં અને બે સમયની સ્થિતિવાળાં પુદ્ગલોમાં દ્રવ્યાર્થરૂપે કયાં પુદ્ગલો કોનાથી અધિક છે?

મ૦—જેવું અવગાહનાનું (એક પ્રદેશમાં રહેલ અને બે પ્રદેશોમાં રહેલ ઇ૦નું કહ્યું) તેવું સ્થિતિનું સમજવું.

ગૌ૦—હે ભગવન્! એકગુણ કાળાં અને દ્વિગુણ કાળાં પુદ્ગલોમાં દ્રવ્યાર્થરૂપે કયાં પુદ્ગલો કોનાથી વિશેષાધિક છે?

મ૦—પરમાણુપુદ્ગલાદિની પેઠે બધું કહેવું. એ પ્રમાણે બધા વર્ણ, ગંધ અને રસ સંબંધે કહેવું.

ગૌ૦—હે ભગવન્! એકગુણ કર્કશ, અને દ્વિગુણ કર્કશ પુદ્ગલોમાં દ્રવ્યાર્થપણે કોણ કોનાથી અધિક છે?

મ૦—હે ગૌતમ! એકગુણ કર્કશ કરતાં દ્વિગુણ કર્કશ-પુદ્ગલો અધિક છે. એમ નવગુણ કરતાં દશગુણ કર્કશ

---

૧. એટલું યાદ રાખવું કે પરમાણુથી માંડીને અનંતપ્રદેશિક સ્કંધ પણ એકપ્રદેશાવગાઢ હોય છે; અને દ્વયણુકથી માંડી અનંતાણુક સ્કંધ બે પ્રદેશાવગાઢ હોય છે ઇ૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ છે; દશગુણ કરતાં સંખ્યાતગુણ, સંખ્યાતગુણ કરતાં અસંખ્યાતગુણ, અને અસંખ્યાતગુણ કરતાં અનંતગુણ કર્કશ પુદ્ગલો અધિક છે. એ પ્રમાણે પ્રદેશાર્થપણે સમજવું, અને એ પ્રમાણે મૃદુ, ગુરુ અને લઘુસ્પર્શ વિષે પણ કહેવું. પણ શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષસ્પર્શ વિષે વર્ણની પેઠે કહેવું.

ગૌ૦—હે ભગવન્! એ પરમાણુપુદ્ગલો, તથા સંખ્યાત-પ્રદેશિક, અસંખ્યાતપ્રદેશિક અને અનંતપ્રદેશિક સ્કંધોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે કયાં કોનાથી વિશેષાધિક છે?

મ૦—હે ગૌતમ! દ્રવ્યાર્થરૂપે સૌથી થોડા અનંત-પ્રદેશિક સ્કંધો છે, તેથી પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થરૂપે અનંતગણા છે, તેથી સંખ્યાતપ્રદેશિક દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગણા છે, અને તેથી અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણા છે. પ્રદેશાર્થરૂપે — અનંતપ્રદેશવાળા સ્કંધો પ્રદેશાર્થરૂપે સૌથી થોડા છે; તેથી પરમાણુપુદ્ગલો અપ્રદેશાર્થરૂપે[૧] અનંતગણા છે. તેથી સંખ્યાતપ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થરૂપે સંખ્યાતગણા છે, અને તેથી અસંખ્યાતપ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણાં છે, દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે: દ્રવ્યાર્થરૂપે અનંતપ્રદેશિક સ્કંધો સૌથી થોડા છે, અને તે જ સ્કંધો પ્રદેશાર્થરૂપે અનંતગણા છે. તેથી પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થ–અપ્રદેશાર્થરૂપે અનંતગણા છે; તેથી સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગણા છે, અને તેથી તે જ સ્કંધો પ્રદેશાર્થરૂપે સંખ્યાતગણા છે;

---

૧. પરમાણુને પ્રદેશ ન હોવાથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણા છે, અને તેથી તે જ સ્કંધો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણા છે.

ગૌ૦—હે ભગવન્! એક પ્રદેશમાં રહી શકે તેવાં, સંખ્યાતપ્રદેશોમાં રહી શકે તેવાં, અને અસંખ્યાત પ્રદેશમાં રહી શકે તેવાં પુદ્ગલોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે કોણ કોનાથી અધિક છે?

મ૦—હે ગૌતમ! એકપ્રદેશી દ્રવ્યાર્થરૂપે સૌથી થોડાં છે, તેથી સંખ્યાત પ્રદેશમાં રહી શકે તેવાં પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગણાં છે; અને તેથી અસંખ્યાત પ્રદેશમાં રહી શકે તેવાં પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણાં છે. **પ્રદેશાર્થરૂપે:** એક પ્રદેશમાં રહી શકે તેવાં પુદ્ગલો અપ્રદેશાર્થપણે સૌથી થોડાં છે, તેથી સંખ્યાતા પ્રદેશમાં રહી શકે તેવાં પુદ્ગલો પ્રદેશાર્થરૂપે સંખ્યાતગણાં છે; અને તેથી અસંખ્યાત પ્રદેશમાં રહેલાં પુદ્ગલો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણાં છે. **દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે:** એક પ્રદેશમાં રહી શકે તેવાં પુદ્ગલો દ્રવ્યાર્થ–અપ્રદેશાર્થરૂપે સૌથી થોડાં છે; તેથી સંખ્યાતા પ્રદેશમાં રહી શકે તેવાં પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગણાં છે, અને તે જ પુદ્ગલો પ્રદેશાર્થરૂપે સંખ્યાતગણાં છે. તેથી અસંખ્યાત પ્રદેશમાં રહી શકે તેવાં પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણાં છે, અને તેથી તે જ પુદ્ગલો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણાં છે.

અવગાહના સંબંધે અલ્પત્વબહુત્વ કહ્યું છે તેમ સ્થિતિ સંબંધે (એક સમયની સ્થિતિવાળાં, સંખ્યાત સમયની સ્થિતિવાળાં અને અસંખ્યાત સમયની સ્થિતિવાળાંનું અલ્પત્વ-બહુત્વ) કહેવું. પરમાણુપુદ્ગલનું અલ્પત્વબહુત્વ કહ્યું તેમ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

(એકગુણ કાળા, સંખ્યાતગુણ કાળા, અસંખ્યાતગુણ કાળા અને અનંતગુણ કાળા એમ) વર્ણ, ગંધ અને રસ સંબંધે જાણવું.

ગૌ૦—હે ભગવન્! એકગુણ કર્કશ, સંખ્યાતગુણ કર્કશ, અસંખ્યાતગુણ કર્કશ અને અનંતગુણ કર્કશ એ પુદ્ગલોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે તથા દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી વિશેષાધિક છે?

મ૦—હે ગૌતમ! એકગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થપણે સૌથી થોડાં છે; તેથી સંખ્યાતગુણ કર્કશ દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગણાં છે; તેથી અસંખ્યાતગુણ કર્કશ દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણાં છે; તેથી અનંતગુણ કર્કશ દ્રવ્યાર્થરૂપે અનંતગણાં છે. પ્રદેશાર્થરૂપે પણ એમ જ જાણવું; પરંતુ સંખ્યાતગુણ કર્કશ પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણાં કહેવાં.

દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે: એકગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે સૌથી થોડાં છે; તેથી સંખ્યાતગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગણાં છે, અને તે જ પુદ્ગલો પ્રદેશાર્થરૂપે સંખ્યાતગણાં છે; તેથી અસંખ્યાતગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગણાં છે, અને તે જ પુદ્ગલો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગણાં છે. અનંતગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે તેથી અનંતગણાં છે, અને તે જ પુદ્ગલો પ્રદેશાર્થરૂપે તેથી અનંતગણાં છે. એ જ રીતે મૃદુ, ગુરુ અને લઘુ સ્પર્શોનું જાણવું; પરંતુ શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શોનું વર્ણ પ્રમાણે જાણવું.

—શતક ૨૫, ઉદ્દે૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪

ગૌ૦—હે ભગવન્! સકંપ પરમાણુપુદ્ગલ પોતાની કંપાયમાન અવસ્થાથી અંધ પડી, પાછો કેટલે કાળે કંપે?

મ૦—હે ગૌતમ! સ્વસ્થાનની અપેક્ષાએ (એટલે કે પરમાણુરૂપે જ રહે ત્યારે) ઓછામાં ઓછો એક સમય, અને વધારેમાં વધારે અસંખ્ય કાળનું અંતર હોય; પરંતુ પરસ્થાનની અપેક્ષાએ (એટલે કે તે જ્યારે દ્વિપ્રદેશાદિક સ્કંધની અંતર્ગત હોય ત્યારે) ઓછામાં ઓછું એક સમયનું અંતર હોય; (પણ જ્યારે તે અસંખ્યાત કાળપર્યંત દ્વિપ્રદેશાદિક સ્કંધરૂપે રહી, પુનઃ તેમાંથી જુદો પડીને કંપે, ત્યારે) વધારેમાં વધારે અસંખ્યાતકાળનું હોય.

એ પ્રમાણે નિષ્કંપ પરમાણુપુદ્ગલ કંપીને પાછો નિષ્કંપ થાય તેનું અંતર સ્વસ્થાનની અપેક્ષાએ ઓછામાં ઓછો એક સમય, અને વધારેમાં વધારે આવલિકાનો અસંખ્ય ભાગ હોય. પરંતુ પરસ્થાનની અપેક્ષાએ (એટલે કે નિશ્ચલ થઈ પોતાના સ્થાનથી ચલિત થાય અને ઓછામાં ઓછો એક સમય દ્વિપ્રદેશાદિ સ્કંધરૂપે રહીને પુનઃ નિશ્ચલ થાય ત્યારે) ઓછામાં ઓછો એક સમય, અને વધારેમાં વધારે (એટલે કે, જ્યારે અસંખ્યાતકાળ સુધી દ્વિપ્રદેશાદિ સ્કંધરૂપે રહી, તેથી જુદો થઈને સ્થિર થાય ત્યારે) અસંખ્યકાળનું અંતર હોય.

તે જ પ્રમાણે સકંપ એ પ્રદેશવાળા સ્કંધને સ્વસ્થાનની અપેક્ષાએ ઓછામાં ઓછો એક સમય, અને વધારેમાં વધારે અસંખ્યાતકાળ; અને પરસ્થાનની અપેક્ષાએ ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે (એટલે કે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિપ્રદેશિક સ્કંધ ચલિત થઈને અનંતકાળ પર્યંત ઉત્તરોત્તર બીજા અનંતપુદ્ગલોની સાથે સંબંધ કરતો પુનઃ તે જ પરમાણુની સાથે સંબદ્ધ થઈને પુનઃ ચાલે ત્યારે) અનંતકાળનું અંતર હોય.

એ પ્રદેશવાળા નિષ્કંપ સ્કંધને સ્વસ્થાનની અપેક્ષાએ ઓછામાં ઓછું એક સમયનું અને વધારેમાં વધારે આવલિકાના અસંખ્ય ભાગનું; તથા પરસ્થાનની અપેક્ષાએ ઓછામાં ઓછા એક સમયનું અને વધારેમાં વધારે અનંતકાળનું અંતર હોય. એ પ્રમાણે અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! સકંપ અને નિષ્કંપ પરમાણુઓમાં કોણ કોનાથી વિશેષાધિક છે?

ભ૦—હે ગૌતમ! સકંપ સૌથી થોડાં છે, અને નિષ્કંપ અસંખ્યાતગણાં છે. એ પ્રમાણે અસંખ્યાત પ્રદેશવાળા સ્કંધો સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! સકંપ અને નિષ્કંપ અનંત પ્રદેશવાળા સ્કંધોમાં કોણ કોનાથી વિશેષાધિક છે?

ભ૦—હે ગૌતમ! અનંત પ્રદેશવાળા નિષ્કંપ સ્કંધો સૌથી થોડા છે, અને તેથી અનંત પ્રદેશવાળા સકંપ અનંતગણા છે.*

ગૌ૦—હે ભગવન્! પરમાણુ અમુક અંશે કંપે, સર્વ અંશે કંપે, કે નિષ્કંપ હોય?

ભ૦—હે ગૌતમ! તે સર્વ અંશે કંપે અને કદાચ નિષ્કંપ પણ હોય.

* મૂળમાં એ બધાના પાછા દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને ઉભયાર્થરૂપે વિશેષાધિકત્વના અનેક વિકલ્પો આપ્યા છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ દ્વિપ્રદેશિક સ્કંધ કદાચ અમુક અંશે કંપે, કદાચ સર્વ અંશે કંપે અને કદાચ નિષ્કંપ પણ રહે.[૧]

— શતક ૨૫, ઉદ્દે૦ ૪

૧૫

ગૌ૦—હે ભગવન્! પરમાણુપુદ્ગલોના સંયોગ અને ભેદના સંબંધથી અનંતાનંત પુદ્ગલપરિવર્તો[૨] જાણવા યોગ્ય છે. સંયોગ અને ભેદના યોગથી એ પરમાણુપુદ્ગલોના અનંતાનંત પુદ્ગલપરિવર્તો થાય છે. કારણ કે એક જ પરમાણુ દ્વયણુકથી માંડી અનંતાણુક દ્રવ્યો સાથે સંયોજનો અનંત પરિવર્તો પામે છે; અને પરમાણુ અનંત છે; તથા દરેક પરમાણુએ અનંત પરિવર્તો સંભવતા હોવાથી, પરમાણુપુદ્ગલોના પરિવર્તો અનંતાનંત થાય છે. તો તે પુદ્ગલપરિવર્તો કેટલા પ્રકારના છે?

મ૦—હે ગૌતમ! (પુદ્ગલપરમાણુના સાત પ્રકાર પ્રમાણે) તે સાત પ્રકારના છે: ઔદારિક પુદ્ગલપરિવર્ત, વૈક્રિય પુદ્ગલપરિવર્ત, તૈજસ પુદ્ગલપરિવર્ત, કાર્મણ પુદ્ગલપરિવર્ત, મન પુદ્ગલપરિવર્ત, વચન પુદ્ગલપરિવર્ત, અને આનપાન પુદ્ગલપરિવર્ત.

ગૌ૦—હે ભગવન્! ઔદારિક પુદ્ગલપરિવર્તનું તે નામ શાથી છે?

મ૦—હે ગૌતમ! ઔદારિક શરીરમાં વર્તતા જીવે

---

૧. મૂળમાં આને માટે પણ કાળનું અંતર, અને પછી તે બધાના દ્રવ્યાર્થાદિપણે વિશેષાધિકત્વની વિગતો છે.

૨. પુદ્ગલ દ્રવ્યો સાથે પરિવર્ત – એટલે કે પરમાણુઓનાં મિલન, તે પુદ્ગલપરિવર્ત.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઔદારિક શરીરને યોગ્ય દ્રવ્યો ઔદારિકશરીરપણે ગ્રહણ કરેલાં છે, તથા તેપણે તે પરિણામ પામેલાં છે, નિર્જરાયેલાં છે, જીવપ્રદેશથી નીકળેલાં છે અને જીવપ્રદેશથી છૂટાં થયેલાં છે, માટે તે ઔદારિક પુદ્ગલપરિવર્ત કહેવાય છે. એ પ્રમાણે બીજાનું પણ સમજી લેવું.

ગૌ૦—હે ભગવન્! ઔદારિકપુદ્ગલપરિવર્ત કેટલા કાળે નીપજે?

ભ૦—હે ગૌતમ! અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી[૧] વડે નીપજે. એ પ્રમાણે અન્યનું પણ સમજવું.

ગૌ૦—હે ભગવન્! એ બધાની નિષ્પત્તિકાળમાં કયો કાળ કોનાથી વિશેષાધિક છે?

ભ૦—હે ગૌતમ! સર્વથી થોડો કાર્મણનો છે (કારણ કે, તે સૂક્ષ્મ તથા બહુતમ પરમાણુનિષ્પન્ન હોય છે, એક વારે બહુ સ્વીકારાય છે, તથા સર્વ નારકાદિપદમાં વર્તમાન જીવ વડે તે નિરંતર ગ્રહણ કરાતા હોવાથી, તે સઘળાં પુદ્ગલોનું ગ્રહણ થોડા વખતમાં થઈ શકે); તેનાથી અનંતગણો તૈજસનો છે (કાર્મણથી સ્થૂલ હોવાથી); તેનાથી અનંતગણો ઔદારિકનો (તેનાથી સ્થૂલ હોવાથી.); તેનાથી અનંતગણો આનપ્રાણુનો[૨]; તેનાથી અનંતગણો

---

૧. એટલે કે એક જીવ ગ્રાહક હોવાથી, અને પુદ્ગલ અનંત હોવાથી, તથા પૂર્વે ગ્રહણ કરેલાં ગણવાનાં ન હોવાથી.

૨. જોકે તે ઔદારિક પુદ્ગલ કરતાં સૂક્ષ્મ હોય છે, તથા બહુપ્રદેશિક હોય છે; છતાં અપર્યાપ્ત અવસ્થામાં તેમનું ગ્રહણ હોતું નથી; તથા પર્યાપ્ત અવસ્થામાં પણ ઔદારિક શરીરનાં પુદ્ગલો કરતાં તે થોડાં લેવાતાં હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મન૦નો[1]; તેનાથી અનંતગણો વચન૦નો[2]; અને તેનાથી અનંતગણો વૈક્રિય૦નો છે.[3]

—શતક ૧૨, ઉદ્દે૦ ૪

૬૬

ગૌ૦—હે ભગવન્! પરમાણુ શાશ્વત છે કે અશાશ્વત?

મ૦—હે ગૌતમ! દ્રવ્યાર્થરૂપે તે શાશ્વત છે, અને વર્ણાદિ પર્યાયવડે તે અશાશ્વત છે.

ગૌ૦—હે ભગવન્! પરમાણુ ચરમ છે કે અચરમ છે?

મ૦—હે ગૌતમ! દ્રવ્યની અપેક્ષાએ ચરમ નથી; પણ અચરમ છે; ક્ષેત્રની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે. કાલની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે, અને કદાચ અચરમ છે; તથા ભાવની અપેક્ષાએ કદાચિત્ ચરમ છે અને કદાચિત્ અચરમ છે.

—શતક ૧૪, ઉદ્દે૦ ૪

[વિવરણ: જે પરમાણુ વિવક્ષિત પરિણામથી રહિત થઈને પુનઃ તે પરિણામને પામશે નહીં, તે પરમાણુ તે પરિણામની અપેક્ષાએ ચરમ કહેવાય છે; અને જે પરમાણુ પુનઃ તે પરિણામ પામશે, તે અપેક્ષાએ તે અચરમ છે. દ્રવ્યની અપેક્ષાએ પરમાણુ ચરમ નથી; કારણ કે સ્કંધ બનવા છતાં તે ફરી પરમાણુ બનશે; ક્ષેત્રસામાન્યની દૃષ્ટિએ તો તે અચરમ છે; કારણ કે પરમાણુ ફરીથી ત્યાં આવશે;

---

૧. એકેન્દ્રિયાદિ કાયમાં તેનું ગ્રહણ ન હોવાથી.

૨. મનોદ્રવ્યથી ભાષાદ્રવ્ય અતિસ્થૂલ હોવાથી એક સાથે ઘોડાં જ લેવાય છે તેથી.

૩. વૈક્રિય શરીર બહુ કાલે પ્રાપ્ત થતું હોવાથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ અમુક કેવલજ્ઞાનીએ સમુદ્ઘાત કર્યો હોય, તે કેવલજ્ઞાનીના સંબંધવિશિષ્ટ પરમાણુ કોઈ પણ સમયે તે ક્ષેત્રનો આશ્રય નહીં કરે, કારણ કે તે કેવલીનું નિર્વાણ થવાથી તે ક્ષેત્રમાં પુનઃ કદી નથી આવવાના. માટે તે અપેક્ષાએ તે ચરમ છે. તે પ્રમાણે પૂર્વાહ્ણાદિ કાળને વિષે જે કેવલીએ સમુદ્ઘાત કર્યો, તે કાલને વિષે જે પરમાણુ રહેલો છે, તે પરમાણુ તે કેવલિસમુદ્ઘાતવિશિષ્ટ તે કાળને કદી પણ પ્રાપ્ત નહીં કરે માટે તે ચરમ છે; પણ વિશેષણરહિત કાલની અપેક્ષાએ તે અચરમ છે. તે જ પ્રમાણે કેવલિસમુદ્ઘાતને અવસરે જે પરમાણુ વર્ણાદિ વિશેષભાવને પ્રાપ્ત થયો હતો, તે પરમાણુ વિવક્ષિત કેવલિસમુદ્ઘાતવિશિષ્ટ વર્ણાદિપરિણામની અપેક્ષાએ ચરમ છે.]

૧૭

ગૌ૦—હે ભગવન્! કેટલા પ્રકારના પુદ્ગલો કહ્યા છે?

મ૦—હે ગૌતમ! ત્રણ પ્રકારના પુદ્ગલો કહ્યા છે. ૧. પ્રયોગપરિણત—એટલે કે જીવના વ્યાપારથી શરીરાદિરૂપે પરિણામ પામેલા. ૨. મિશ્રપરિણત (પ્રયોગ અને સ્વભાવ બંનેના સંબંધથી પરિણામ પામેલા*), અને ૩. વિસ્રસાપરિણત (સ્વભાવથી પરિણમેલા).

* પ્રયોગપરિણામનો ત્યાગ કર્યા વિના વિસ્રસા—સ્વભાવથી પરિણામાન્તરને પ્રાપ્ત થયેલા મૃત કલેવરાદિ પુદ્ગલો તે મિશ્ર પરિણત; અથવા વિસ્રસાથી પરિણત થયેલી તથા ઔદારિકાદિ શરીરપણે પરિણામ પામેલી ઔદારિકાદિ વર્ગણાઓ જીવના પ્રયોગથી જ્યારે ઔદારિકાદિ શરીર વગેરે રૂપે પરિણત થાય ત્યારે તે પણ મિશ્રપરિણત કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! પ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે?

ભ૦—હે ગૌતમ! પાંચ પ્રકારના કહ્યા છે: એકેંદ્રિય-પ્રયોગપરિણત (એટલે કે એકેંદ્રિય જીવના વ્યાપાર વડે પરિણામ પામેલા, એ ઇંદ્રિયપ્રયોગપરિણત, એમ પંચેંદ્રિય-પ્રયોગપરિણત.[૧]

ગૌ૦—હે ભગવન્! મિશ્રપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે?

ભ૦—હે ગૌતમ! પાંચ પ્રકારના કહ્યા છે; તે આ પ્રમાણે: એકેન્દ્રિયમિશ્રપરિણત.....એમ પંચેંદ્રિય સુધી.

ગૌ૦—હે ભગવન્! વિસ્રસાપરિણત—સ્વભાવથી પરિણામને પ્રાપ્ત થયેલ પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે?

ભ૦—હે ગૌતમ! પાંચ પ્રકારના કહ્યા છે: વર્ણપરિણત, ગંધપરિણત, રસપરિણત, સ્પર્શપરિણત અને સંસ્થાન-પરિણત.[૨]

---

૧. મૂળમાં પછી તે દરેકના પેટા વિભાગો પણ જણાવેલા છે; જેમકે એકેંદ્રિયના પૃથ્વી, આદિ પાંચ; પંચેંદ્રિયના નૈરયિક, તિર્યંચ, દેવ, અને મનુષ્ય. પાછા તે દરેકના સૂક્ષ્મ, બાદર, જલચર, સ્થલચર, પર્યાપ્ત, અપર્યાપ્ત, ગર્ભજ, સંમૂર્છિમ — એમ જેટલા પેટાવિભાગ પ્રસિદ્ધ છે, તે ગણાવેલા છે.

૨. તે વર્ણ વગેરેના પેટાવિભાગો પણ મૂળમાં ગણાવ્યા છે. મૂળમાં આની પછી પ્રયોગના મન—વાણી—કાયના પ્રયોગ એમ ત્રણ પેટાવિભાગ પાડયા છે, અને મન—વાણીના પાછા સત્ય, મિથ્યા આદિ પેટાવિભાગ પાડયા છે. કાયપ્રયોગમાં ઔદારિકાદિ શરીરરૂપે પેટાવિભાગ પાડયા છે; અને તે દરેકના

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! પ્રયોગપરિણત, મિશ્રપરિણત અને વિસ્રસાપરિણત એ પુદ્ગલોમાં કયાં પુદ્ગલો કોનાથી વિશેષાધિક છે?

ભ૦—હે ગૌતમ! સૌથી થોડાં પ્રયોગપરિણત[1] છે; તેથી મિશ્ર અનંતગણા છે અને તેથી વિસ્રસાપરિણત અનંતગણા છે.

ગૌ૦—હે ભગવન્! તે એમ જ છે. હે ભગવન્! તે એમ જ છે.

— શતક ૮, ઉદ્દે૦ ૧

પાછા એકેન્દ્રિયાદિ રૂપે પેટાવિભાગ પાડયા છે. તે જ પ્રમાણે મિશ્રના પણ મનોમિશ્ર, વચનમિશ્રાદિ પેટાવિભાગ પાડયા છે અને વિસ્રસાના વર્ણાદિ પેટાવિભાગ પાડયા છે; તે વર્ણાદિના પણ કૃષ્ણાદિ પેટાવિભાગ પાડયા છે.

આમ એક દ્રવ્યની અપેક્ષાઓ આટલો વિસ્તાર કરી, પાછું બે દ્રવ્યોની અપેક્ષાએ તે બધું ગણાવ્યું છે. તેમાં એક અમુક રીતે અને બીજું બીજી રીતે એવા પણ વિભાગો સંભવતા હોવાથી વિસ્તારનો પાર નથી રહ્યો. એ પ્રમાણે પાછો ત્રણ દ્રવ્યોનો, અને અંતે ચાર દ્રવ્યોનો એમ અસંખ્યાત અને અનંત દ્રવ્યોનો ઉલ્લેખ કરી પ્રકરણ પૂરું કર્યું છે.

૧. કારણકે પ્રયોગપરિણત એટલે શરીરાદિરૂપે પરિણત; પરંતુ જીવપુદ્ગલનો સંબંધકાળ થોડો છે, તેથી તે થોડાં છે; વિસ્રસા૦ તો અનંત છે, કારણકે જીવથી ગ્રહણ ન થાય તેવાં પણ અનંત પુદ્ગલો છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૫

અસ્તિકાય અને કાલવિભાગ

૧ : અસ્તિકાય

૧

વિવરણ : 'અસ્તિ' એટલે પ્રદેશ, અને 'કાય' એટલે સમૂહ. એ પ્રમાણે 'અસ્તિકાય' એટલે પ્રદેશોનો સમૂહ. જીવ, પુદ્ગલ વગેરે પાંચ દ્રવ્યોને અસ્તિકાય પણ કહેવામાં આવે છે; કારણકે તે દ્રવ્યો પ્રદેશોના સમૂહરૂપ છે; તેઓ એક પ્રદેશરૂપ અથવા એક અવયવરૂપ નથી. પુદ્ગલ જો કે અવયવરૂપ તથા અવયવપ્રચયરૂપ એમ બંને પ્રકારનું છે.

જૈનદર્શન જીવ સિવાય બીજું અજીવતત્ત્વ માને છે. તે અજીવતત્ત્વ પાંચ પ્રકારનું છે: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ, અને પુદ્ગલાસ્તિકાય. તેમાં કાલનો પ્રદેશસમૂહ સંભવતો ન હોવાથી તેને અસ્તિકાય કહેવામાં નથી આવતો. ઉપરાંત કેટલાક આચાર્યો તો તેને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વતંત્ર તત્ત્વ પણ નથી માનતા. એટલે અજીવતત્ત્વમાં ચાર અસ્તિકાયો છે, અને પાંચમો જીવાસ્તિકાય, એમ કુલ પાંચ અસ્તિકાયો થયા.

એમાં જીવ, આકાશ અને પુદ્ગલ એ તત્ત્વો તો વૈશેષિક, ન્યાય, સાંખ્ય આદિ દર્શનોને પણ માન્ય છે; જો કે પુદ્ગલાસ્તિકાયને બદલે બીજાં દર્શનોમાં પ્રકૃતિ, પરમાણુ આદિ શબ્દોનો ઉપયોગ થાય છે. પરંતુ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બંને તત્ત્વો જૈનદર્શન સિવાય બીજું કોઈ પણ દર્શન માનતું નથી.

બધાં દ્રવ્યો આકાશમાં અવકાશ મેળવીને રહેલાં છે. તે પ્રમાણે ધર્મ, અધર્મ જીવ, અને પુદ્ગલ પણ આકાશમાં જ સ્થિત છે. તેમાં જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યો જ ગતિશીલ અને ગતિપૂર્વક સ્થિતિશીલ છે; અર્થાત્ ગતિ અને સ્થિતિનું ઉપાદાનકારણ જીવ અને પુદ્ગલ જ છે. તો પણ નિમિત્તકારણ કે જે કાર્યની ઉત્પત્તિમાં અવશ્ય અપેક્ષિત છે, તે ઉપાદાનકારણથી ભિન્ન હોવું જ જોઈએ. એથી જીવ–પુદ્ગલની ગતિમાં નિમિત્તરૂપે ધર્માસ્તિકાયની અને સ્થિતિમાં નિમિત્તરૂપે અધર્માસ્તિકાયની સિદ્ધિ થઈ જાય છે. આ અભિપ્રાયથી શાસ્ત્રમાં ધર્માસ્તિકાયનું લક્ષણ જ 'ગતિશીલ પદાર્થોની ગતિમાં નિમિત્ત થવું' અને અધર્માસ્તિકાયનું લક્ષણ 'સ્થિતિમાં નિમિત્ત થવું' એટલું બતાવ્યું છે.

એ ધર્મ અને અધર્મનું કાર્ય આકાશથી સિદ્ધ થઈ શકે તેમ નથી. કેમકે તે અનંત અને અખંડ હોવાથી જડ તથા ચેતન દ્રવ્યને પોતાનામાં સર્વત્ર ગતિ અને સ્થિતિ કરતાં રોકી શકે નહીં. એટલે અનંત પુદ્ગલ અને અનંત જીવવ્યક્તિઓ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત પરિમાણુ વિસ્તૃત આકાશક્ષેત્રમાં રોકાયા વિના સંચાર કરશે; તેથી તે એવી પૃથક્ થઈ જશે કે જેથી એમનું ફરીથી મળવું અને નિયત સૃષ્ટિ રૂપે નજરે આવી પડવું એ અસંભવિત તો નહીં, તો કઠિન તો જરૂર થશે. આ કારણથી ઉપરનાં ગતિશીલ દ્રવ્યોની ગતિમર્યાદાને નિયંત્રિત કરતા તત્ત્વનો સ્વીકાર જૈન દર્શન કરે છે. એ જ તત્ત્વ ધર્માસ્તિકાય કહેવાય. એ જ દલીલથી એ રીતે સ્થિતિમર્યાદાના નિયામકરૂપે અધર્માસ્તિકાય તત્ત્વનો સ્વીકાર થાય છે.

એ ધર્મ આદિ દ્રવ્યો સમગ્ર આકાશમાં નથી રહેતાં, પણ આકાશના અમુક પરિમિત ભાગમાં જ સ્થિત છે. જેટલા ભાગમાં તે સ્થિત છે, તેટલો ભાગ લોક – લોકાકાશ કહેવાય છે. આ ભાગની બહાર આસપાસ ચારે તરફ જે અનંત આકાશ વિદ્યમાન છે, તે અલોકાકાશ કહેવાય છે.

ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્ય નિત્ય છે, અર્થાત્ તે પોત-પોતાના સામાન્ય તથા વિશેષરૂપથી કદાપિ ચ્યુત થતાં નથી; તે પાંચે સ્થિર પણ છે — એટલે કે તેમની સંખ્યામાં કયારેય ઓછાવત્તાપણું થતું નથી. ધર્મ, અધર્મ, આકાશ અને જીવ એ ચાર અરૂપી છે; પુદ્ગલ રૂપી (મૂર્ત) છે. વળી ધર્મ, અધર્મ અને આકાશ એક એક વ્યક્તિરૂપ છે. એમની એ અથવા એથી અધિક વ્યક્તિઓ નથી હોતી. એ જ રીતે તે ત્રણે નિષ્ક્રિય પણ છે.

'કાય' એટલે સમૂહ, એ ઉપરથી એવું સૂચિત કર્યું છે કે તે પાંચે પ્રદેશસમૂહરૂપ છે. પ્રદેશ એટલે એવો સૂક્ષ્મ અંશ કે જેના બીજા અંશોની કલ્પના સર્વજ્ઞની બુદ્ધિથી પણ ન થઈ શકે. ધર્મ અને અધર્મ બંને એક એક વ્યક્તિરૂપ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે; અને એમના પ્રદેશ અસંખ્યાત છે. અર્થાત્ ઉક્ત બંને દ્રવ્યો એક એવા અખંડ સ્કંધરૂપ છે કે જેના અસંખ્યાત અવિભાજ્ય અંશ ફક્ત બુદ્ધિથી કલ્પી શકાય છે, પણ વસ્તુભૂત સ્કંધથી અલગ કરી શકાતા નથી.

જીવદ્રવ્ય વ્યક્તિરૂપે અનંત છે. પ્રત્યેક જીવ એક અખંડ વસ્તુ છે. તેને પણ અસંખ્યાત પ્રદેશ છે.

આકાશદ્રવ્ય બીજાં બધાં દ્રવ્યોથી મોટો સ્કંધ છે કેમકે તે અનંતપ્રદેશપરિમાણ છે.

પુદ્ગલદ્રવ્યના સ્કંધ નિયતરૂપ નથી હોતા; કોઈ સંખ્યાત પ્રદેશનો, કોઈ અસંખ્યાત પ્રદેશનો, કોઈ અનંત-પ્રદેશનો તો કોઈ અનંતાનંત પ્રદેશનો પણ હોય છે. પુદ્ગલના પ્રદેશ પોતાના સ્કંધથી જુદા પણ થઈ શકે છે.

ગૌ૦—હે ભગવન્! અસ્તિકાયો કેટલા છે?

મ૦—હે ગૌતમ! પાંચ છે: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય.

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાયમાં કેટલા રંગ, ગંધ, રસ અને સ્પર્શ છે?

મ૦—હે ગૌતમ! ધર્માસ્તિકાય અરૂપી છે, તેથી તેમાં રંગ, ગંધાદિ નથી. તે અરૂપી, અજીવ, અને શાશ્વત અવસ્થિત લોકદ્રવ્ય છે. દ્રવ્યથી ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે; ક્ષેત્રથી તે લોક જેવડો છે; કાળથી તે નિત્ય છે; ભાવથી તે રંગ ગંધાદિ-વિનાનો છે. ગુણથી તે ગતિગુણવાળો છે; એ પ્રમાણે અધર્માસ્તિકાય સ્થિતિગુણવાળો છે. આકાશસ્તિકાય તો લોકા-લોક જેવડો છે, અને ગુણથી અન્ય દ્રવ્યોને અવકાશ આપવારૂપ અવગાહનાગુણવાળો છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! જીવાસ્તિકાય કેટલાં રૂપગંધાદિવાળો છે?

મ૦—હે ગૌતમ! જીવાસ્તિકાય પણ અરૂપી હોઈ, રૂપગંધાદિ વિનાનો છે. દ્રવ્યથી તે અનંત દ્રવ્યરૂપ છે; ક્ષેત્રથી તે લોક જેવડો છે; કાળથી તે નિત્ય છે; ભાવથી રંગ-ગંધાદિ વિનાનો તથા ગુણથી બોધવ્યાપારરૂપ ઉપયોગગુણવાળો છે.

ગૌ૦—હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયમાં કેટલા રંગ ગંધાદિ છે?

મ૦—હે ગૌતમ! તે પાંચ રંગ, પાંચ રસ, બે ગંધ, અને આઠ સ્પર્શવાળો છે, મૂર્ત છે, અજીવ છે, શાશ્વત છે, અને અવસ્થિત લોકદ્રવ્ય છે. દ્રવ્યથી તે અનંત દ્રવ્યરૂપ છે; ક્ષેત્રથી લોક જેવડો છે; કાળથી નિત્ય છે; ભાવથી રંગગંધાદિવાળો છે, અને ગુણથી તે (પરસ્પર સંબંધરૂપ) ગ્રહણગુણવાળો છે.[૧]

ગૌ૦— હે ભગવન્! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ તે 'ધર્માસ્તિકાય' એમ કહેવાય?

મ૦—ના ગૌતમ! એ પ્રમાણે બે ત્રણ કે અસંખ્યેય પ્રદેશો પણ ન કહેવાય; જ્યાં સુધી ધર્માસ્તિકાયનો એક પ્રદેશ પણ ઊણો છે ત્યાં સુધી તેને ધર્માસ્તિકાય ન કહેવાય. કારણ કે, ચક્રનો ભાગ તે ચક્ર ન કહેવાય; તે આખું હોય

---

૧. કારણ કે ઔદારિકાદિ અનેક પુદ્ગલો સાથે જીવનો સંબંધ છે, અથવા પ્રાણધારી જીવ ઔદારિકાદિ અનેક જાતનાં પુદ્ગલોનું ગ્રહણ કર્યા કરે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે જ ચક્ર કહેવાય. તે પ્રમાણે, જ્યારે ધર્માસ્તિકાય પૂરો હોય ત્યારે જ ધર્માસ્તિકાય એમ કહેવાય.

—શતક ૨, ઉદ્દે૦ ૧૦

૨

ગૌ૦—હે ભગવન્! આકાશના કેટલા પ્રકાર છે?

મ૦—હે ગૌતમ! બે પ્રકાર છે: લોકાકાશ અને અલોકાકાશ. જે ક્ષેત્રમાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો રહે છે, તે ક્ષેત્ર, તે દ્રવ્યો સહિત લોક—લોકાકાશ કહેવાય છે; અને તેથી ઊલટું તે અલોકાકાશ. અલોકાકાશમાં જીવાદિ દ્રવ્યો નથી.

આકાશ પોતે અગુરુલઘુ છે;

—શતક ૨, ઉદ્દે૦ ૧૦

૩

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાય કેટલો મોટો છે?

મ૦—હે ગૌતમ! તે લોકપ્રમાણ છે, લોકને સ્પર્શેલો તથા લોકને જ અડીને રહેલો છે.

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાયના કેટલા ભાગને અધોલોક સ્પર્શે છે?

મ૦—હે ગૌતમ! અધોલોક ધર્માસ્તિકાયના અડધાથી વધારે ભાગને અડકે છે.[૧]

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાયના કેટલા ભાગને તિર્યગ્લોક સ્પર્શે છે?

---

૧. કારણકે ૧૪ રજ્જુપ્રમાણ લોકમાં અધોલોક સાત રજ્જુ પ્રમાણથી વધારે છે. રજ્જુ માટે જુઓ આગળ પા. પમ૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! અસંખ્યેય ભાગને[1].

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાયના કેટલા ભાગને ઊર્ધ્વલોક સ્પર્શે છે?

મ૦—હે ગૌતમ! ધર્માસ્તિકાયના કાંઈક ઓછા અર્ધ ભાગને અડકે છે.

—શતક ૨, ઉદ્દે૦ ૧૦

૩

ગૌ૦—હે ભગવન્! આ લોક કેવો કહેવાય છે?

મ૦—હે ગૌતમ! આ લોક પંચાસ્તિકાયરૂપ કહેવાય છે.

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાય વડે જીવોની શી પ્રવૃત્તિ થાય?

મ૦—હે ગૌતમ! ધર્માસ્તિકાય વડે જીવોનું ગમનાગમન, ભાષા, ઉન્મેષ, મનોયોગ, વચનયોગ અને કાયયોગ પ્રવર્તે છે; તે સિવાય તેવા પ્રકારના જે બીજા ગમનશીલ ભાવો છે, તે સર્વ ધર્માસ્તિકાયથી પ્રવર્તે છે; કેમકે ધર્માસ્તિકાય ગતિલક્ષણ છે.

ગૌ૦—હે ભગવન્! અધર્માસ્તિકાય વડે જીવોની શી પ્રવૃત્તિ થાય?

મ૦—હે ગૌતમ! અધર્માસ્તિકાયવડે જીવોનું ઊભા રહેવું, બેસવું, સૂવું, અને મનને સ્થિર કરવું વગેરે જે કાંઈ સ્થિર ભાવો છે તે પ્રવર્તે છે; કારણકે, અધર્માસ્તિકાય સ્થિતિલક્ષણ છે.

---

૧. કારણકે તિર્યગ્લોકનું પ્રમાણ ૧૮૦૦ યોજનનું છે; અને ધર્માસ્તિકાયનું તો અસંખ્યયોજન છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! આકાશાસ્તિકાયવડે જીવોની અને અજીવોની શી પ્રવૃત્તિ થાય?

મ૦—હે ગૌતમ! આકાશાસ્તિકાય એ જીવ અને અજીવદ્રવ્યોના આશ્રયરૂપ છે. (જેમ એક ઓરડાનું આકાશ એક દીવાના પ્રકાશથી ભરાય, અને બીજા સહસ્ત્ર દીવાનો પ્રકાશ પણ ત્યાં જ સમાય, તેમ પુદ્ગલના પરિણામની વિચિત્રતાને લીધે) એક કે બે પરમાણુથી પૂર્ણ એક આકાશ પ્રદેશની અંદર સો પરમાણુ પણ માય અને હજાર કરોડ—કે અનંત સુધીનાં પરમાણુઓ પણ સમાય.

ગૌ૦—હે ભગવન્! જીવાસ્તિકાયવડે જીવોનું શું પ્રવર્તે?

મ૦—હે ગૌતમ! જીવાસ્તિકાય વડે જીવ અનંત આભિનિબોધિક જ્ઞાનના (મતિજ્ઞાનના) અને અનંત શ્રુતજ્ઞાનના પર્યાયોના — એમ કેવલજ્ઞાન અને દર્શનના અનંતપર્યાયોના — એમ તે તે જ્ઞાન અને દર્શનના ઉપયોગને પ્રાપ્ત થાય છે. કેમકે ઉપયોગ (બોધવ્યાપાર) એ જીવનું લક્ષણ છે.

ગૌ૦—હે ભગવન્! પુદ્ગલાસ્તિકાય વડે શું પ્રવર્તે?

મ૦—હે ગૌતમ! તેના વડે જીવોને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, (અને) કાર્મણ (શરીર), શ્રોત્રેન્દ્રિયથી માંડીને સ્પર્શનેન્દ્રિય સુધીની ઇંદ્રિયો, મનોયોગ, વચનયોગ, કાયયોગ અને શ્વાસોચ્છ્વાસનું ગ્રહણ પ્રવર્તે છે. કેમકે ગ્રહણલક્ષણ પુદ્ગલાસ્તિકાય છે.

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શાયેલો હોય?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછા ત્રણ, અને વધારેમાં વધારે છ. (કારણકે લોકાન્તે આવેલા ત્રિકોણ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ખૂણામાં આવેલા ધર્માસ્તિકાયને એક ઉપરનો અને બે બાજુના એમ ત્રણ જ ધર્માસ્તિકાયના પ્રદેશોની સ્પર્શના હોય. જ્યારે તેવો ખૂણો ન હોય, ત્યારે ચાર દિશાના ચાર, એક ઉપરનો અને એક નીચેનો મળીને કુલ છ થાય).

ગૌ૦—હે ભગવન્! તે કેટલા અધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શાયેલો હોય?

ભ૦—હે ગૌતમ! ઓછામાં ઓછા ચાર, અને વધારેમાં વધારે સાત.[૧]

ગૌ૦—ભગવન્! તે કેટલા આકાશાસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શાયેલો હોય?

ભ૦—હે ગૌતમ! સાત. (લોકાન્તે પણ આકાશ હોવાથી તેને 'ઓછામાં ઓછું' એ વિકલ્પ સંભવતો નથી).

ગૌ૦—હે ભગવન્! તે કેટલા જીવાસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શાયેલો હોય?

ભ૦—હે ગૌતમ! અનંત પ્રદેશો વડે. (કારણકે તે એક જ ઠેકાણે અનંત જીવોના પ્રદેશો આવી રહેલા હોય છે.)

ગૌ૦—હે ભગવન્! તે કેટલા પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શાયેલો હોય?

ભ૦—હે ગૌતમ! અનંત પ્રદેશો વડે.

ગૌ૦—હે ભગવન્! તે કેટલા કાલ (અદ્ધા)ના સમયો વડે સ્પર્શાયેલો હોય?

---

૧. કારણકે ધર્માસ્તિકાયના પ્રદેશોની પેઠે ત્રણ અને છ તો ખરા જ; ઉપરાંત જ્યાં ધર્માસ્તિકાયનો પ્રદેશ છે ત્યાં અધર્માસ્તિકાયનો પણ છે. તેથી એક વધ્યો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! કદાચિત્ સ્પર્શાયેલો હોય, અને કદાચિત્ ન સ્પર્શાયેલો હોય.[૧] જો સ્પર્શાયેલો હોય તો અનંત સમયો વડે[૨] સ્પર્શાયેલો હોય.

[અધર્માસ્તિકાયમાં પણ તે પ્રમાણે જ છે.]

ગૌ૦—હે ભગવન્! આકાશાસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલો હોય?

મ૦—હે ગૌતમ! કદાચિત્! (લોકની અપેક્ષાએ) સ્પર્શ કરાયેલો હોય, અને (અલોકની અપેક્ષાએ) સ્પર્શ કરાયેલો ન હોય. જો સ્પર્શ કરાયેલો હોય, તો ઓછામાં ઓછા એક,[૩] બે, ત્રણ કે ચાર વડે સ્પર્શ કરાયેલો હોય; અને વધારેમાં વધારે સાત પ્રદેશો વડે સ્પર્શ કરાયેલા હોય.[૪] તે પ્રમાણે અધર્માસ્તિકાયનું પણ જાણવું. આકાશાસ્તિકાયના છ પ્રદેશો વડે તે સ્પૃષ્ટ હોય; જીવાસ્તિકાયના પ્રદેશો વડે કદાચિત્ સ્પૃષ્ટ

૧. કારણકે લોકમાં પણ કાલ તો માત્ર અઢી દ્વીપમાં જ વ્યાપેલો છે.

૨. કારણકે તે અનાદિ હોવાથી તેને અનંત સમયની સ્પર્શના હોય છે; અથવા વર્તમાન સમયવિશિષ્ટ અનંત દ્રવ્યો તે અનંત સમય કહેવાય છે, માટે.

૩. અલોકાકાશના અગ્રભાગમાં વર્તતો આકાશપ્રદેશ લોકાન્તમાં વર્તતા એક ધર્માસ્તિકાયના પ્રદેશને જ સ્પર્શે. વક્રગત આકાશ-પ્રદેશ બે વડે સ્પૃષ્ટ હોય; જે અલોકાકાશના પ્રદેશની આગળ, નીચે અને ઉપર ધર્મ૦ના પ્રદેશો હોય, તે ત્રણ વડે સ્પૃષ્ટ હોય; લોકાન્તને વિષે ખૂણામાં રહેલો આકાશપ્રદેશ ઉપર,-નીચે, અને બે દિશામાં રહેલા બે એમ ચાર પ્રદેશો વડે સ્પૃષ્ટ હોય.

૪. જે આકાશનો પ્રદેશ ઉપર-નીચે, ચાર દિશા અને પોતે છે ત્યાં જ રહેલા પ્રદેશ વડે સ્પર્શાય તે સાત વડે સ્પર્શાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હોય કે ન હોય; હોય તો અવશ્ય અનંત પ્રદેશો વડે સ્પૃષ્ટ હોય. એ પ્રમાણે પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો અને કાલના સમયોની સ્પર્શના જાણવી.

ગૌ૦—હે ભગવન્! જીવાસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ હોય!

ભ૦—હે ગૌતમ! ઓછામાં ઓછા ચાર અને વધારેમાં વધારે સાત વડે. એ પ્રમાણે અધર્માસ્તિકાયનું પણ જાણવું. આકાશાસ્તિકાયના સાત પ્રદેશ વડે સ્પર્શાયેલ હોય; બાકી બધું ધર્માસ્તિકાય પ્રમાણે જાણવું.

ગૌ૦—હે ભગવન્! પુદ્ગલાસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ હોય?

ભ૦—હે ગૌતમ! જીવાસ્તિકાયની પેઠે બધું જાણવું[૧].

ગૌ૦—હે ભગવન્! કાલનો એક સમય કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પૃષ્ટ હોય?

ભ૦—હે ગૌતમ! સાત પ્રદેશો વડે[૨]. અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાયનું એ મુજબ જ જાણવું. જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો વડે સ્પૃષ્ટ હોય; વળી અદ્ધાકાલ સમયવિશિષ્ટ અણુદ્રવ્યને પણ અદ્ધાસમય કહીએ, તો અનંત અદ્ધાસમયો વડે પણ સ્પૃષ્ટ હોય છે એમ કહેવું જોઈએ.

---

૧. મૂળમાં અહીં પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશો, ત્રણ પ્રદેશો એમ સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશોની પણ ગણના છે. તે દરેકમાં બુદ્ધિને તો થોડી કસરત મળે છે; પણ બીજી રીતે તે નિરુપયોગી હોવાથી તેને અહીં પડતી મૂકી છે.

૨. અહીં 'ઓછામાં ઓછું' એવો વિકલ્પ સંભવતો નથી; કારણ કે લોકાન્તના ખૂણા વિષે કાલ છે જ નહિ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાયદ્રવ્ય ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પર્શ કરાયેલ હોય?

ભ૦—હે ગૌતમ! એક પણ પ્રદેશ વડે સ્પર્શ કરાયેલ ન હોય; પરંતુ અધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો વડે, આકાશાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો વડે, જીવાસ્તિકાયના અનંત પ્રદેશો વડે, અને પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો વડે સ્પૃષ્ટ હોય. પરંતુ અદ્ધા—કાલ—સમયો વડે તો કદાચ સ્પૃષ્ટ હોય, અને કદાચ સ્પૃષ્ટ નહોય. (કારણ કે અદ્ધા—સમય—માત્ર અઢીદ્વીપમાં જ છે.) એ પ્રમાણે બીજે બધે પણ સમજવું.

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય, ત્યાં બીજા કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો અવગાઢ હોય?

ભ૦—હે ગૌતમ! એક પણ નહિ; પણ અધર્માસ્તિકાયનો એક, આકાશાસ્તિકાયનો એક, જીવાસ્તિકાયના અનંત અને પુદ્ગલાસ્તિકાયના અનંત હોય; અદ્ધા—સમયના તો કદાચ હોય અને કદાચ ન હોય. હોય તો અનંત હોય.

એ પ્રમાણે અધર્માસ્તિકાયનું સમજવું. આકાશાસ્તિકાયનો એક પ્રદેશ હોય, ત્યાં પણ એ મુજબ જ જાણવું; પરંતુ આકાશાસ્તિકાયમાં સર્વત્ર ધર્માદિ નથી; તેથી આકાશના પ્રદેશ આગળ કદાચ ધર્માદિનો પ્રદેશ ન પણ હોય.

જીવાસ્તિકાયના પ્રદેશ આગળ ધર્મ૦ પ્રમાણે જ સમજવું; પરંતુ એના પ્રદેશ આગળ જીવના પણ અનંત પ્રદેશો હોય

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એમ જાણવું.[૧] પુદ્ગલાસ્તિકાય જીવની પેઠે જ જાણવો પરંતુ પુદ્ગલાસ્તિકાયના બે વગેરે પ્રદેશો અવગાઢ હોય ત્યાં ધર્માસ્તિકાયાદિના કેટલા હોય તે પ્રશ્નને પ્રસંગે જો પુદ્ગલના પ્રદેશો અલગ રહ્યા હોય, તો તેની સંખ્યા મુખ્ય જાણવા; પણ તેના પ્રદેશો મળીને એક જ થઈ ગયો હોય, તો એક જ જાણવો. જીવ, પુદ્ગલ અને અદ્ધા સમયના તો દરેક ઠેકાણે અનંત જ ગણવા.

ગૌ૦—હે ભગવન્! જ્યાં એક ધર્માસ્તિકાય અવગાઢ હોય, ત્યાં કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો રહેલા હોય?

મ૦—એક પણ નહિ. પણ અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના અસંખ્યાત હોય; પરંતુ જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધા—સમયના અનંત હોય. એમ બધે સમજી લેવું.

ગૌ૦—હે ભગવન્! આ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયને વિષે કોઈ પુરુષ બેસવાને, ઊભો રહેવાને, અને આળોટવાને શક્તિમાન છે?

મ૦—ના ગૌતમ! પરંતુ તે સ્થાને અનંત જીવો અવગાઢ છે. જેમ કોઈ ઓરડાનાં બારણાં બંધ કરી, તેમાં હજાર દીવા સળગાવો, તો તે દીવાઓનું તેજ પરસ્પર મળીને એકરૂપે થઈ ને રહે, છતાં તેમાં કોઈ પુરુષ આળોટવા-બેસવાને

---

૧ કારણ કે, ધર્માદિ તો એક જ વ્યક્તિરૂપ છે, એટલે જ્યાં તેનો પ્રદેશ હોય, ત્યાં તેનો બીજો ન હોઈ શકે; પરંતુ જીવ તો અનંત વ્યક્તિ હોવાથી, કોઈ જીવના એક પ્રદેશ આગળ અન્ય અનંત જીવના પ્રદેશ હોઈ શકે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શક્તિમાન ન થાય; અને છતા ત્યાં હજાર દીવાનો પ્રકાશ રહેલો છે; તેમ. — શતક ૧૩, ઉદ્દે૦ ૪

૪

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાયના મધ્ય પ્રદેશો કેટલા છે?

મ૦—હે ગૌતમ! આઠ[૧] છે.

એ પ્રમાણે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને જીવાસ્તિકાયનું પણ સમજવું.

ગૌ૦—હે ભગવન્! જીવાસ્તિકાયના એ આઠ મધ્ય-પ્રદેશો આકાશાસ્તિકાયના કેટલા પ્રદેશોમાં સમાઈ શકે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછા એક, બે, ત્રણ, ચાર, પાંચ અને છ પ્રદેશમાં સમાય; તથા વધારેમાં વધારે આઠમાં સમાય; પણ સાતમાં ન સમાય[૨].

ગૌ૦—હે ભગવન્! તે એમ જ છે, હે ભગવન્! તે એમ જ છે. — શતક ૨૫, ઉદ્દે૦ ૫

૫

ગૌ૦—હે ભગવન્! ધર્માસ્તિકાયનાં અભિવચનો — અભિધાયક શબ્દો — પર્યાયો — કેટલાં છે?

---

૧. મેરુના મધ્યભાગમાં આવેલા આઠ રુચક પ્રદેશોથી આઠ દિશાઓની શરૂઆત થાય છે, તેની અપેક્ષાએ આ મધ્યભાગો ગણ્યા હોય એમ લાગે છે.—ટીકા.

૨. જીવપ્રદેશોનો સંકોચ અને વિકાસ ધર્મ હોવાથી એકથી માંડીને છ આકાશપ્રદેશોમાં સમાય. પણ વસ્તુસ્વભાવથી સાતમાં ન સમાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભ૦—હે ગૌતમ! અનેક છે: ધર્મ, ધર્માસ્તિકાય, પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદવિરમણ ..... એમ પરિગ્રહ-વિરમણ સુધી; ક્રોધવિવેક.....એમ મિથ્યાદર્શનશલ્યના ત્યાગ સુધી; ઈર્યાદિ પાંચ સમિતિ, અને મનાદિ ત્રણ ગુપ્તિ — એ બધાં તથા તેના જેવા બીજા શબ્દો તે સર્વે ધર્માસ્તિકાયનાં અભિવચન છે.[૧]

તે પ્રમાણે અધર્માસ્તિકાયનાં અભિવચન આ પ્રમાણે છે: અધર્મ, અધર્માસ્તિકાય – અને પ્રાણાતિપાતથી માંડીને કાલની અગુપ્તિ – એ બધાં અને તેના જેવાં બીજાં જે અનેક વચનો છે, તે બધાં.

આકાશાસ્તિકાયનાં આ પ્રમાણે છે: આકાશ, આકાશાસ્તિકાય, ગગન, નભ, સમ, વિષમ, ખહ, વિહાય, વીચિ, વિવર, અંબર, અંબરસ (અંબ – જલરૂપ રસ જેનાથી પ્રાપ્ત થાય છે તે), છિદ્ર, શુષિર, માર્ગ, વિમુખ (મુખ આદિ રહિત), અર્દ [(અદ્) જે દ્વારા ગમન કરાય તે], વ્યર્દ, આધાર, વ્યોમ, ભાજન, અંતરિક્ષ, શ્યામ, અવકાશાંતર, અગમ (ગમનક્રિયા રહિત), સ્ફટિક (સ્વચ્છ) અને અનંત – એ તથા એના જેવાં બીજાં અનેક.

જીવાસ્તિકાયનાં આ પ્રમાણે છે: જીવ, જીવાસ્તિકાય, પ્રાણ, ભૂત, સત્ત્વ, વિજ્ઞ, ચેતા (પુદ્ગલોનો ચય કરનાર), જેતા (કર્મરૂપી શત્રુને), આત્મા, રંગણ (રાગયુક્ત), હિંડુક (ગમન કરનાર), પુદ્ગલ, માનવ (નવીન નહીં, પણ પ્રાચીન), કર્તા, વિકર્તા (વિવિધરૂપે કર્મોનો), જગત

૧. અહીં ધર્માસ્તિકાય દ્રવ્યની સાથે અહિંસાદિ ધર્મો ગણાવ્યા છે, તે ધ્યાનમાં રાખવા જેવું છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

(ગમન શીલ), જંતુ, યોનિ (ઉત્પાદક), સ્વયંભૂતિ, શરીરી, નાયક (કર્મનો) અને અંતરાત્મા. આ તથા તેના જેવા બીજા અનેક શબ્દો જીવાસ્તિકાયનાં અભિવચનો છે.

—શતક ૨૦, ઉદ્દે૦ ૨

૨ : કાલ

૧

ગૌ૦—હે ભગવન્! આ સમયક્ષેત્ર શું કહેવાય?

મ૦—હે ગૌતમ! આ જંબુદ્વીપ, તેની આસપાસ આવેલો લવણસમુદ્ર,[૧] તેની આસપાસ આવેલો ધાતકીખંડ દ્વીપ, તેની આસપાસ આવેલો કાલોદધિ, અને તેની આસપાસ આવેલા પુષ્કરદ્વીપનો અર્ધોભાગ એમ અઢીદ્વીપ અને બે સમુદ્ર એ સમયક્ષેત્ર છે.

વિવરણ: ઉપર જણાવેલો ભાગ મનુષ્યલોક પણ કહેવાય છે. સૂર્યની ગતિથી ઓળખાતો દિવસ અને માસાદિરૂપ કાળ મનુષ્યક્ષેત્રમાં જ છે, પણ આગળ નથી; કારણકે આગળ રહેનારા સૂર્યો ગતિવાળા નથી. મનુષ્યલોકમાં જે જ્યોતિષ્ક છે, તે સદા ભ્રમણ કરે છે. એમનું ભ્રમણ મેરુની ચારે બાજુ થાય છે. મનુષ્યલોકમાં કુલ સૂર્ય અને ચંદ્ર એકસોબત્રીસ

---

૧. જંબુદ્વીપ થાળી જેવો ગોળ છે. તેની આસપાસ લવણસમુદ્ર કડાની પેઠે ગોળ વીંટળાયેલો છે, તેની આસપાસ ધાતકીખંડ અને તેની આસપાસ કાલોદધિ પણ તે જ રીતે કડાની પેઠે ગોળ વીંટળાયેલા છે. તેની આસપાસ પુષ્કરદ્વીપ પણ કડાની પેઠે ગોળ વીંટળાયેલો છે. તે પુષ્કરદ્વીપની બંડાઈના ગોળ ફરતા બે ભાગ કરતી વચ્ચેની લીંટી જેવો માનુષ્યોત્તર પર્વત છે. તેની આ તરફનો ભાગ તે અર્ધો પુષ્કરદ્વીપ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એકસોબત્રીસ છે. જેમકે જંબુદ્વીપમાં બે–બે; લવણસમુદ્રમાં ચાર–ચાર; ધાતકીખંડમાં બાર–બાર; કાલોદધિમાં ૪૨–૪૨; અને પુષ્કરાર્ધમાં ૭૨–૭૨. એક એક ચંદ્રનો પરિવાર વીશ નક્ષત્ર, અઠ્ઠાશી ગ્રહ, અને છાસઠ હજાર નવસો ને પંચોતેર કોટાકોટી તારાઓ છે.

મનુષ્યલોકમાં મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ ઇત્યાદિ રૂપે અનેક પ્રકારનો કાળવ્યવહાર થાય છે; તેની બહાર નહિ. મનુષ્યલોકની બહાર જો કોઈ કાળવ્યવહાર કરવાવાળું હોય અને એવો વ્યવહાર કરે, તો પણ તે મનુષ્યલોકમાં પ્રસિદ્ધ વ્યવહાર પ્રમાણે જ કરી શકે. કેમકે વ્યાવહારિક કાળવિભાગનો મુખ્ય આધાર નિયત ક્રિયા છે. આવી ક્રિયા સૂર્ય ચંદ્ર આદિ જ્યોતિષ્કોની ગતિ જ છે. પરંતુ મનુષ્યલોકની બહારના સૂર્ય આદિ જ્યોતિષ્કો સ્થિર છે. આ કારણથી તેમની સ્થિતિ અને પ્રકાશ એકરૂપે છે. —શતક ૨, ઉદ્દે૦ ૯

૨

ગૌ૦—હે ભગવન્! નરકમાં રહેલા નૈરયિકો એમ જાણે કે, સમય, આવલિકા, ઉત્સર્પિણી, અને અવસર્પિણી?

મ૦—ના ગૌતમ! તે સમયાદિનું માન અહીં મનુષ્યલોકમાં જ[૧] છે. તેઓનું પ્રમાણ અહીં છે, અને તેઓને અહીં એ પ્રમાણે જણાય છે. પરંતુ નૈરયિકોને એ પ્રમાણે જણાતું નથી. તે જ પ્રમાણે મનુષ્યક્ષેત્રની અંદરના કેટલાક પંચેંદ્રિય તિર્યંચો, ભવનપતિઓ, વ્યંતરો અને જ્યોતિષ્કો પણ મનુષ્યલોકમાં છે, તો પણ તે કાળના અવ્યવહારી છે.

—શતક ૫, ઉદ્દે૦ ૯

---

૧. સૂર્યાદિની ગતિને કારણે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૬

લોકવિભાગ

૧ : લોક

૧

તે કાલે, તે સમયે શ્રમણભગવંત મહાવીરના શિષ્ય રોહ નામે અનગાર હતા; તે સ્વભાવે ભદ્ર, કોમળ, વિનયી, શાંત, ઓછાં ક્રોધ-માન-માયા અને લોભવાળા, અત્યંતં નિરભિમાની, ગુરુને આશરે રહેનારા, કોઈને સંતાપ ન કરે તેવા, અને ગુરુભક્ત હતા. તે રોહ નામના અનગાર પોતે ઊભડક રહેલા, નીચે નમેલ મુખવાળા, ધ્યાનરૂપ કોઠામાં પેઠેલા, તથા સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા, શ્રમણભગવંત મહાવીરની આજુબાજુ વિહરે છે.

તે રોહ અનગારને એક વખત નીચેની શંકા થતાં તેઓ ભગવાનને આવી પૂછવા લાગ્યા.

પ્ર૦—હે ભગવન્! પહેલો લોક છે અને પછી અલોક છે, કે પહેલો અલોક છે અને પછી લોક છે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ૦—હે રોહ! લોક અને અલોક બંને પહેલા પણ છે, અને પછી પણ છે. એ બંને શાશ્વત ભાવ છે. હે રોહ! એ એમાં 'અમુક પહેલો અને અમુક પછી', એવો ક્રમ નથી.

એ પ્રમાણે જીવ-અજીવ, સંસારી-સિદ્ધ, ઈંડું-કૂકડી, વગેરે ભાવોનું પણ જાણવું.

— શતક ૧, ઉદ્દે૦ ૬

૨

આગળ આવેલ સ્કંદકની કથામાંથી.[૧]

સ્કં૦— શું લોક અંતવાળો છે, કે અંત વિનાનો છે?

મ૦—હે સ્કંદક! મેં લોકને ચાર પ્રકારનો જણાવ્યો છે: દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી. તેમાં જે દ્રવ્યલોક છે, તે એક છે અને અંતવાળો છે. જે ક્ષેત્રલોક છે, તે અસંખ્ય કોડાકોડી યોજન સુધી લંબાઈ અને પહોળાઈવાળો છે; તથા તેનો પરિધિ અસંખ્ય યોજન કોડાકોડીનો છે. વળી તેનો છેડો છે. જે કાળલોક છે, તે હમેશાં હતો, હમેશાં છે અને હમેશાં રહેશે. તે ધ્રુવ, શાશ્વત, અને નિત્ય છે. વળી તેનો અંત નથી. જે ભાવલોક છે, તે અનંત વર્ણ-પર્યવ, અનંત ગંધપર્યવ, અનંત રસપર્યવ અને અનંત સંસ્થાનપર્યવરૂપ છે. વળી તેનો અંત નથી.

— શતક ૨, ઉદ્દે૦ ૧

૩

ગૌ૦—હે ભગવન્! લોક કેટલો મોટો છે?

મ૦—હે ગૌતમ! લોક અત્યંત મોટો છે. તે પૂર્વ પશ્ચિમ બધી દિશાએ અસંખ્ય કોટાકોટિ યોજન લાંબો પહોળો છે.

---

૧. જુઓ પા. ૧૭૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! એવડા મોટા આ લોકમાં એવો કોઈ પરમાણુ જેટલો પણ પ્રદેશ છે કે જ્યાં આ જીવ ઉત્પન્ન થયો ન હોય કે મરણ પામ્યો ન હોય?

ભ૦—હે ગૌતમ! એ અર્થ બરાબર નથી. જેમ કોઈ એક પુરુષ સો બકરી માટે એક વાડો કરે; અને તેમાં વધારેમાં વધારે હજાર બકરી પૂરે; અને તે વાડામાં ઘણું પાણી અને ચરવાનું સ્થળ હોવાથી તે બકરીઓ ત્યાં વધારેમાં વધારે છ માસ સુધી રહે; તો હે ગૌતમ! તે વાડાનો એવો કોઈ પરમાણુ જેટલો પ્રદેશ હોય કે જે તે બકરીઓની લીંડીઓથી, મૂત્રથી, રોમથી, શીંગડાથી, ખરીથી અને નખથી પૂર્વે સ્પર્શ ન કરાયેલો હોય? "ના, એવો ન હોય." હે ગૌતમ! તો પણ એમ માની શકાય કે એ વાડામાં એકાદ પ્રદેશ એવો હોય કે જ્યાં તે બકરીની લીંડી વગેરેનો સ્પર્શ ન થયો હોય; પરંતુ આ લોક તો શાશ્વત હોવાથી, સંસાર અનાદિ હોવાથી, જીવ નિત્ય હોવાથી, તથા કર્મની અને જન્મ—મરણની બહુલતા હોવાથી એવો એક પણ પ્રદેશ નથી કે જ્યાં આ જીવ જન્મ્યો ન હોય કે મર્યો ન હોય.

—શતક ૧૨, ઉદ્દે૦ ૭

૪

ગૌ૦—હે ભગવન્! લોકના પૂર્વ ચરમાંતમાં (પૂર્વ બાજુના છેડાને અંતે) જીવો, જીવદેશો, જીવપ્રદેશો, અજીવો કે તેમના દેશ પ્રદેશો છે?

ભ૦—હે ગૌતમ! ત્યાં જીવો નથી, પણ જીવદેશો અને જીવપ્રદેશો છે, (લોકનો છેલ્લો ભાગ વિષમ એટ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રદેશના પ્રતરરૂપ હોવાથી તેમાં અસંખ્ય પ્રદેશાવગાહી જીવનો સદ્ભાવ નથી; પરંતુ જીવદેશો અને જીવપ્રદેશોનો તો એક પ્રદેશને વિષે પણ અવગાહ સંભવે છે, તેથી તે તો છે.) હવે જે જીવદેશો છે, તેમાં પૃથિવ્યાદિ એકેન્દ્રિય જીવના દેશો લોકાન્તે અવશ્ય હોય છે, અથવા (૧) એકેન્દ્રિયોના ઘણા દેશો અને બે ઇંદ્રિયનો એક[1] દેશ, અથવા (૨) એકેન્દ્રિયોના દેશો અને બેઇંદ્રિયના અનેક દેશો, અથવા (૩) એકેન્દ્રિયોના દેશો અને બે ઇંદ્રિયોના દેશો હોય. એમ પાંચે ઇંદ્રિયોવાળા સુધી ત્રણ ત્રણ વિકલ્પો જાણવા. અનિન્દ્રિય જીવ એટલે ઉપયોગરહિત કેવલજ્ઞાની જ્યારે કેવલિ-સમુદ્ઘાત કરે ત્યારે તેના દેશ પણ ત્યાં સંભવે છે; પરંતુ આગ્નેયી વગેરે દિશાની પેઠે પૂર્વ દિશામાં ત્રણ વિકલ્પો ન લેવા, પરંતુ 'એકેન્દ્રિયોના દેશો અને અનિન્દ્રિયનો દેશ' એ વિકલ્પ છોડી દેવો; કારણકે કેવલિસમુદ્ઘાતાવસ્થામાં આત્મ-પ્રદેશો કપાટના આકારના થાય, ત્યારે પૂર્વ દિશાના ચરમાન્તે પ્રદેશની વૃદ્ધિ–હાનિ વડે વિષમતા થતી હોવાથી લોકના છાંતાઓમાં અનિંદ્રિય જીવના ઘણા દેશોનો સંભવ છે, પણ એક દેશનો સંભવ નથી.

વળી ત્યાં પુદ્ગલસ્કંધો, તથા ધર્માસ્તિકાયાદિના દેશો અને પ્રદેશો હોવાથી અજીવો, અજીવદેશો અને અજીવ-પ્રદેશો તો હોય જ છે. ત્યાં જે અરૂપી અજીવો રહેલા છે તે ધર્માસ્તિકાયદેશ, અધર્માસ્તિકાયદેશ અને આકાશા-

---

૧. લોકાન્તે દ્વિઇંદ્રિય હોય જ નહીં; પણ જે દ્વિઇંદ્રિય એકેંદ્રિયમાં ઉત્પન્ન થવાની ઇચ્છાવાળો થઈ, મારણાંતિક સમુદ્ઘાત કરે, તેની અપેક્ષાએ અહીં વિકલ્પ ઘટમેરાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તિકાયદેશ તથા ત્રણેના પ્રદેશ એમ કુલ છ પ્રકારના છે. ત્યાં અદ્ધાસમય (કાળ) નથી; કારણ કે તે તો અઢીદ્વીપમાં જ હોય છે. રૂપીઅજીવના તો સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ચાર પ્રકાર છે.

એ જ પ્રમાણે લોકના દક્ષિણ દિશાના ચરમાંતમાં, તથા પશ્ચિમ અને ઉત્તર ચરમાંતમાં પણ જાણવું.

પરંતુ લોકના ઉપરના ચરમાંતમાં થોડોક ફેર છે. ત્યાં સિદ્ધ હોવાથી ત્યાં એકેંદ્રિયોના દેશોની માફક અનિંદ્રિયોના દેશો અવશ્ય હોય છે. તેથી ત્યાં જે જીવદેશો છે, તે અવશ્ય એકેંદ્રિયોના દેશો અને અનિંદ્રિયોના દેશો છે; અથવા એકેંદ્રિયોના દેશો, અનિંદ્રિયોના દેશો અને બે ઇંદ્રિયનો એક દેશ છે;[1] અથવા એકેંદ્રિયોના દેશો, અનિંદ્રિયોના દેશો અને બે ઇંદ્રિયોના દેશો છે. એ પ્રમાણે વચલા વિકલ્પ સિવાયના બીજા બધા વિકલ્પો પંચેંદ્રિયો સુધી કહેવા. ત્યાં જે જીવ-પ્રદેશો છે, તે અવશ્ય એકેંદ્રિયોના પ્રદેશો, અને અનિંદ્રિયોના પ્રદેશો છે; અથવા એકેંદ્રિયોના પ્રદેશો, અનિંદ્રિયોના પ્રદેશો અને એક બેઇંદ્રિયના પ્રદેશો છે; અથવા એકેંદ્રિયોના

---

૧. અહીં ઉપરના પૂર્વ દિશાના ચરમાન્તની પેઠે 'એકે-દ્રિયોના દેશો, અનિંદ્રિયોના દેશો અને બે ઇંદ્રિયના દેશો' એવો વિકલ્પ નથી; કારણ કે, પ્રદેશની હાનિવૃદ્ધિથી થયેલ વિષમભાગ અહીં ન હોવાથી પૂર્વ ચરમાન્તની પેઠે ત્યાં બે ઇંદ્રિયના અનેક દેશો સંભવતા નથી. પૂર્વ ચરમાન્તમાં તો પ્રદેશની હાનિવૃદ્ધિ થતી હોવાથી અનેકપ્રતરાત્મક લોકદન્તક હોવાથી ત્યાં બેઇંદ્રિય જીવના અનેક દેશ સંભવે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રદેશો,[૧] અનિંદ્રિયોના પ્રદેશો અને બેઇંદ્રિયોના પ્રદેશો છે. એ પ્રમાણે પંચેંદ્રિય સુધી જાણવું. અજીવોના ત્યાં દશ પ્રકાર સમજવા : રૂપીઅજીવના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ચાર, તથા ધર્મ, અધર્મ અને આકાશના દેશ અને પ્રદેશો એ છ મળીને કુલ ૧૦.

લોકના હેઠળના ચરમાંતમાં જે જીવદેશો છે, તે અવશ્ય એકેંદ્રિયોના દેશો છે; અથવા એકેંદ્રિયોના દેશો અને બે ઇંદ્રિયનો દેશ છે,[૨] અથવા એકેંદ્રિયોના દેશો અને બે ઇંદ્રિયોના દેશો છે. એ પ્રમાણે અનિંદ્રિયો સુધી જાણવું. સર્વના પ્રદેશોની બાબતમાં પૂર્વ ચરમાંતના પ્રશ્નોત્તર પ્રમાણે જાણવું, પણ તેમાં 'એકેંદ્રિયોના પ્રદેશો અને બેઇંદ્રિયનો પ્રદેશ' એ વિકલ્પ અસંભવિત હોવાથી ઘટિત નથી.[૧] અજીવોની બાબતમાં તો ઉપરના ચરમાંત પ્રમાણે જાણવું.

રત્નપ્રભાના ચરમાંત માટે એ પ્રમાણે પ્રશ્ન પૂછતાં, લોકના ચાર ચરમાંત કહ્યા તેમ તેના પણ ચારે કહેવા. પણ ઉપરના ચરમાંતમાં જીવદેશો અવશ્ય એકેંદ્રિયના દેશો હોય છે; અથવા (૧) એકેંદ્રિય દેશો અને બેઇંદ્રિયનો દેશ;

---

૧. અહીં પછીનો 'એકેંદ્રિયોના પ્રદેશો, અનિંદ્રિયોના પ્રદેશો અને બેઇંદ્રિયનો પ્રદેશ' એવો વિકલ્પ ન ગણવો; કારણ કે તેમાં 'બેઇંદ્રિયનો પ્રદેશ' એ અંશનો અસંભવ છે. કેવલિસમુદ્‌ઘાત સમયે લોકવ્યાપક અવસ્થા સિવાય જીવોનો જ્યાં એક પ્રદેશ હોય ત્યાં અસંખ્યાતા પ્રદેશો હોય છે.

૨ અહીં 'એકેંદ્રિયોના દેશો અને બેઇંદ્રિયના દેશો' એ પછીનો વિકલ્પ લોકદંતકના અભાવથી નથી થતો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા (૨) એકેંદ્રિયદેશો અને બેઇંદ્રિયદેશો, અથવા (૩) એકેંદ્રિય દેશો અને બેઇંદ્રિયોના દેશો — એમ ત્રણે વિકલ્પો થાય છે, કારણકે રત્નપ્રભામાં બેઇંદ્રિયો રહે છે, અને તેઓ એકેંદ્રિયની અપેક્ષાએ થોડા હોય છે, તેથી તેના ઉપરના ચરમાંતમાં બે ઇંદ્રિયનો એક, અથવા અનેક દેશ સંભવિત છે. એ પ્રમાણે અનિંદ્રિય સુધી જાણવું.

જીવના જે પ્રદેશો છે, તે અવશ્ય એકેંદ્રિયના છે. અથવા એકેંદ્રિય પ્રદેશો અને બેઇંદ્રિયના પ્રદેશો;[૧] અથવા એકેંદ્રિયજીવપ્રદેશો અને બેઇંદ્રિયોના પ્રદેશો — એમ બે બે વિકલ્પ જાણવા. ત્યાં રૂપી અજીવના ચાર અને અરૂપી અજીવના સાત પ્રકાર જાણવા; કારણ કે તે સમયક્ષેત્રની અંદર હોવાથી ત્યાં અદ્ધાસમય પણ હોય છે.

રત્નપ્રભાનો નીચલો ચરમાંત લોકના નીચલા ચરમાંતની પેઠે જાણવો; પણ વિશેષ એ કે, જીવદેશો સંબંધે લોકના નીચેના ચરમાંતમાં બેઇંદ્રિયાદિના મધ્યમ વિકલ્પ રહિત બે બે વિકલ્પો કહ્યા છે. પણ અહીં પંચેંદ્રિય એકલાની બાબતમાં ત્રણે વિકલ્પ કહેવા; કારણકે રત્નપ્રભાના નીચેના ચરમાંતમાં દેવરૂપ પંચેંદ્રિયોનાં ગમનાગમન દ્વારા પંચેંદ્રિયનો દેશ અને તેના દેશો સંભવે છે. અને બેઇંદ્રિયાદિ તો રત્નપ્રભાના નીચેના ચરમાન્તમાં મરણસમુદ્‌ઘાતથી જાય ત્યારે જ તેનો સંભવ હોવાથી ત્યાં તેમનો દેશ જ સંભવિત છે પરંતુ દેશો સંભવતા નથી; કેમકે રત્નપ્રભાનો નીચેનો ચરમાંત એક પ્રતરરૂપ હોવાથી અનેક દેશનો હેતુ થતો નથી.

---

૧. અહીં પછીનો 'એકેંદ્રિયપ્રદેશો અને બેઇંદ્રિયનો પ્રદેશ' એ વિકલ્પ ન સંભવવાના કારણ માટે જુઓ પા. ૫૪૨ નો. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રત્નપ્રભાના ચાર ચરમાંતની પેઠે શર્કરાપ્રભાના પણ ચાર ચરમાંત કહેવા; અને રત્નપ્રભાના નીચેના ચરમાંતની પેઠે શર્કરાપ્રભાનો ઉપલો તથા નીચલો ચરમાંત સમજવો. એ પ્રમાણે સાતમી પૃથિવી સુધી જાણવું[૧]. તથા સૌધર્મ દેવલોકથી અચ્યુત સુધીના દેવલોક સંબંધી પણ એમ જ જાણવું. ગ્રૈવેયક વિમાનો માટે પણ એમ જ જાણવું. પણ તેમાં વિશેષ એ કે, ઉપલા અને હેઠલા ચરમાંત વિષે જીવદેશો સંબંધે પંચેંદ્રિયોમાં પણ વચલો વિકલ્પ ન કહેવો — કારણકે ગ્રૈવેયક તથા અનુત્તર વિમાનમાં દેવોનું ગમનાગમન ન હોવાથી[૨] પંચેંદ્રિયમાં પણ અન્યે વિકલ્પ છે.

—શતક ૧૬, ઉદ્દે૦ ૮

૫

ગૌતમ ! હે ભગવન્ ! મોટી ઋદ્ધિવાળો દેવ લોકાંતમાં ઊભો રહી અલોકમાં પોતાના હાથ ઇત્યાદિને સંકોચવા કે પસારવા સમર્થ છે ?

મ૦—ના ગૌતમ ! ધર્માસ્તિકાયના અભાવથી અલોકમાં જીવ અને પુદ્ગલ હોય નહી; માટે ત્યાં જીવ અને પુદ્ગલની ગતિ નથી. જીવોની સાથે રહેલા પુદ્ગલો આહારરૂપે, શરીર-રૂપે, કલેવરરૂપે તથા શ્વાસોચ્છ્વાસાદિરૂપે ઉપચિત થયેલા હોય છે; અર્થાત પુદ્ગલો હંમેશાં જીવાનુગામી સ્વભાવવાળા હોય

---

૧. દેવોનું ગમનાગમન તો ત્રીજી નરકપૃથ્વી સુધી જ છે. ત્યાંથી આંગળની નરકપૃથ્વી વિષે દેવોનું ગમનાગમન ન હોવાથી પંચેંદ્રિયના બે વિકલ્પો જ હોય છતાં ત્રણ કહ્યા છે. તે વિચારણીય છે.—ટીકા.

૨. અચ્યુત દેવલોક સુધી દેવોના ગમનાગમનનો સંભવ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે; જે ક્ષેત્રમાં જીવો છે ત્યાં જ પુદ્ગલોની ગતિ હોય છે, તેમ જ પુદ્ગલોને આશરીને જીવોનો અને પુદ્ગલોનો ગતિ-ધર્મ હોય છે.

—શતક ૧૬, ઉદ્દે૦ ૮

૨ : લોકનો આકાર

વિવરણ : લોકના અધો, મધ્યમ અને ઊર્ધ્વ એવા ત્રણ ભાગ છે. નીચેનો ભાગ મેરુ પર્વતની સમતલ ભૂમિની નીચે નવસો યોજનના ઊંડાણ પછી ગણાય છે, જેનો આકાર ઊંધા કરેલા શકોરા જેવો છે; અથવા નીચે નીચે વિસ્તીર્ણ છે. સમતલની નીચે નવસો યોજન તેમ જ તેની ઉપરના નવસો યોજન એમ કુલ ૧૮૦૦ યોજનનો મધ્યમ લોક છે, જેનો આકાર ઝાલરની પેઠે બરાબર લંબાઈ પહોળાઈવાળો છે. મધ્યમ લોકની ઉપરનો સંપૂર્ણ લોક ઊર્ધ્વ લોક છે, જેનો આકાર પખાજ જેવો છે.

નારકોના નિવાસસ્થાનની સાત નરકભૂમિઓ અધો-લોકમાં આવેલી છે. તે સાતે એકબીજાથી નીચે છે, તથા તે દરેક નીચેની નીચેની ભૂમિની લંબાઈ પહોળાઈ અધિક અધિક છે. તે સાતે ભૂમિઓ એકબીજાથી નીચે છે, પણ એકબીજાને અડીને રહેલી નથી. અર્થાત્ તે દરેકની વચ્ચમાં બહુ જ મોટું અંતર છે. આ અંતરમાં ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અને આકાશ, ક્રમથી નીચે નીચે છે. અર્થાત્ પહેલી નરકભૂમિની નીચે ઘનોદધિ છે, ઘનોદધિની નીચે ઘનવાત છે, ઘનવાતની નીચે તનુવાત અને તનુવાતની નીચે આકાશ છે. તેની પછી બીજી નરકભૂમિ છે. તેની નીચે પાછો ઘનોદધિ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આદિનો એ જ ક્રમ છે. ઉપરની અપેક્ષાએ નીચેની પૃથ્વીની જાડાઈ ઓછી ઓછી છે. જેમકે ૧૮૦ હજાર યોજન, ૧૩૨ હજાર યોજન, ૧૨૮ હજાર યોજન, ૧૨૦ હજાર યોજન, ૧૧૮ હજાર યોજન, ૧૧૬ હજાર યોજન, અને ૧૦૮ હજાર યોજન. તે સાતેની નીચે જે સાત ઘનોદધિ છે તેમની જાડાઈ એક સરખી એટલે વીશ વીશ હજાર યોજનની છે. અને જે સાત ઘનવાત અને સાત તનુવાત છે તેમની જાડાઈ સામાન્યરૂપથી અસંખ્યાત યોજનપ્રમાણ હોવા છતાં એક એકથી નીચેનાની જાડાઈ વિશેષ છે.

નરકની પહેલી ભૂમિ રત્નપ્રધાન હોવાથી રત્નપ્રભા કહેવાય છે; એ રીતે શર્કરા એટલે કાંકરાની બહુલતાને લીધે બીજી શર્કરાપ્રભા; વાલુકા એટલે રેતીની મુખ્યતાને લીધે ત્રીજી વાલુકાપ્રભા; પંક એટલે કાદવની અધિકતાથી ચોથી પંકપ્રભા; ધૂમ એટલે કે ધૂમાડાની અધિકતાથી પાંચમી ધૂમપ્રભા; તમઃ એટલે કે અંધારાની વિશેષતાથી છઠ્ઠી તમઃપ્રભા; અને મહાતમઃ એટલે કે ઘન અંધકારની પ્રચુરતાથી સાતમી મહાતમઃપ્રભા કહેવાય છે.

તેમાં રત્નપ્રભા ભૂમિના પાછા ત્રણ કાંડ છે. પહેલો ખરકાંડ રત્નપ્રચુર છે, જે સૌથી ઉપર છે. તેની જાડાઈ ૧૬ હજાર યોજન પ્રમાણ છે. એની નીચેનો ૮૪ હજાર યોજન જાડાઈવાળો કાંડ પંકબહુલ છે; અને એની નીચેનો ત્રીજો જલબહુલ છે. તેની જાડાઈ ૮૦ હજાર યોજન છે. બીજીથી લઈ સાતમી ભૂમિ સુધીમાં આવો વિભાગ નથી. તેમાં શર્કરા આદિ જે જે પદાર્થો છે તે બધી જગાએ એક સરખા છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાતે ભૂમિઓની જેટજેટલી જાડાઈ કહી છે, એની ઉપર તથા નીચેના એક એક હજાર યોજન છોડતાં બાકીના મધ્ય ભાગમાં નરકવાસ છે. દરેક નરકભૂમિમાં માળવાળા ઘરનાં તળની પેઠે પ્રતર છે. રત્નપ્રભામાં તેવાં ૧૩, શર્કરાપ્રભામાં ૧૧ એમ દરેક નીચેની ભૂમિમાં બે બે ઓછાં કરતાં સાતમીમાં એક જ પ્રસ્તર છે. એ પ્રસ્તરોમાં નરક છે. એ પ્રસ્તર અને બીજા પ્રસ્તર વચ્ચે જે અવકાશ છે, તેમાં નરક નથી. દરેક પ્રતરની જાડાઈ જે ત્રણ ત્રણ હજાર યોજનની માનવામાં આવે છે, એમાં એ વિવિધ સંસ્થાન (આકાર) વાળાં નરક છે.

પહેલીથી સાતમી ભૂમ સુધીનાં નરક વધતી જતી અશુભતાયુક્ત રચનાવાળાં છે. રત્નપ્રભાને છોડીને બાકીની છ ભૂમિઓમાં નથી દ્વીપ, સમુદ્ર, પર્વત, સરોવર, ગામ કે શહેર વગેરે. નથી વૃક્ષલતાદિ, કે નથી એકેંદ્રિયથી લઈને પંચેંદ્રિય પર્યંત તિર્યંચ; નથી મનુષ્ય કે નથી દેવ. રત્નપ્રભાને છોડીને એમ કહેવાનું કારણ એ કે, એની ઉપરનો થોડો ભાગ મધ્યલોકમાં સંમિલિત છે. તેથી તેમાં દ્વીપાદિ મળી આવે છે. રત્નપ્રભા સિવાયની બાકીની છ ભૂમિઓમાં ફક્ત નારક અને કેટલાક એકેંદ્રિય જીવ હોય છે. એ ભૂમિઓમાં કયારેક કોઈ સ્થાન ઉપર મનુષ્ય, દેવ અને પંચેંદ્રિય તિર્યંચોનો પણ સંભવ છે. મનુષ્યનો સંભવ એ અપેક્ષાએ છે કે કેવલિસમુદ્‌ઘાત કરતો મનુષ્ય સર્વલોકવ્યાપી હોવાથી એ ભૂમિઓમાં પણ આત્મપ્રદેશ ફેલાવે છે. એ ઉપરાંત વૈક્રિયલબ્ધિવાળા મનુષ્યો અને તિર્યંચો પણ ત્યાં પહોંચે છે. કેટલાક દેવો પણ કયારેક પોતાના પૂર્વજન્મના

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મિત્ર નારકોની પાસે એમને દુઃખમુક્ત કરવાના ઉદ્દેશથી જાય છે. એ રીતે જનારા પણ ફક્ત ત્રણ ભૂમિઓ સુધી જઈ શકે છે. આગળ નહીં; પરમાધાર્મિક નામના નરકપાલ દેવો જન્મથી જ પહેલી ત્રણ ભૂમિઓમાં હોય છે; બીજા દેવો ફક્ત પહેલી ભૂમિમાં જ હોય છે.

મધ્યમલોકની આકૃતિ ઝાલર જેવી છે. મધ્યમલોકમાં દ્વીપ અને સમુદ્ર અસંખ્યાત છે. તે, ક્રમથી દ્વીપની પછી સમુદ્ર અને સમુદ્રની પછી દ્વીપ એ રીતે ગોઠવાયેલા છે. જંબુદ્વીપ થાળી જેવો ગોળ છે, અને બીજા બધા દ્વીપ–સમુદ્રની આકૃતિ વલયના જેવી એટલે કે ચૂડીના જેવી છે.

સૌથી પ્રથમ જંબુદ્વીપ[1] બધાની વચમાં છે. તેનો પૂર્વ પશ્ચિમ તથા ઉત્તર દક્ષિણ વિસ્તાર લાખલાખ યોજનનો છે. તેને વીંટનાર લવણસમુદ્રનો વિસ્તાર એનાથી બમણો છે. ધાતકીખંડ લવણસમુદ્રને વીંટીને આવેલો છે, અને તેનો વિસ્તાર તેથી બમણો છે. ધાતકીખંડને વીંટનાર કાલોદધિનો વિસ્તાર તેનાથી બમણો છે, તેને વીંટનાર પુષ્કરવરદ્વીપનો કાલોદધિથી બમણો છે, અને પુષ્કરોદધિનો તેનાથી બમણો છે. આ જ ક્રમ છેવટના દ્વીપ સ્વયંભૂરમણ, અને છેવટના સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવો.

જંબુદ્વીપની મધ્યમાં મેરુ પર્વત છે. તથા તેમાં સાત ક્ષેત્રો છે. તેમાં પહેલું ભરત છે; તે દક્ષિણ તરફ છે.

---

૧. મૂળમાં શતક ૯, ઉદ્દે૦ ૧માં, 'જંબુદ્વીપ કેવો છે, અને કયે સ્થળે રહેલો છે' એ પ્રશ્નના જવાબમાં 'અહીં આખી જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ (૫-૧૫, ૧-૩૦૮,૧) કહેવી', એમ જણાવ્યું છે. એમ આખું પુસ્તક આ ગ્રંથમાં ઉતારવું નિરર્થક હોવાથી ઉતાર્યું નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભરતની ઉત્તરે હૈમવત, હૈમવતની ઉત્તરે હરિ, હરિની ઉત્તરે વિદેહ, વિદેહની ઉત્તરે રમ્યક, રમ્યકની ઉત્તરે હિરણ્યવત્, અને હિરણ્યવતની ઉત્તરે ઐરવત્ છે. સાતે ક્ષેત્રોને એક બીજાથી જુદાં પાડવા માટે તેમની વચમાં છ પર્વતો છે. તે વર્ષધર કહેવાય છે. તે બધા પૂર્વથી પશ્ચિમ લાંબા છે. ભરત અને હૈમવતની વચ્ચે હિમવાન છે; તે પ્રમાણે પછીનાનાં નામ મહાહિમવાન, નિષધ, નીલ; રુક્મી અને શિખરી છે.

જંબુદ્વીપની અપેક્ષાએ ધાતકીખંડદ્વીપમાં મેરુ, વર્ષ અને વર્ષધરની સંખ્યા બમણી છે. જોકે તેમનાં નામ એક-સરખાં છે. વલયાકૃતિ ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એમ બે ભાગ છે. તેમનો વિભાગ બે પર્વતથી થાય છે. તે દક્ષિણથી ઉત્તર ફેલાયેલા છે અને બાણ સમાન સરળ છે. પ્રત્યેક ભાગમાં એક એક મેરુ, સાત સાત વર્ષ, અને છ છ વર્ષધર છે.

મેરુ, વર્ષ અને વર્ષધરોની જે સંખ્યા ધાતકીખંડમાં છે, તે જ પુષ્કરાર્ધદ્વીપમાં છે. એટલે કે એમાં પણ બે મેરુ આદિ છે. તે પણ બાણાકાર પર્વતોથી વિભક્ત થયેલા પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં રહેલા છે. આ રીતે સરવાળો કરતાં અઢીદ્વીપમાં કુલ પાંચ મેરુ, ત્રીશ વર્ષધર, પાંત્રીશ ક્ષેત્રો, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ, પાંચ મહાવિદેહના ૧૦૮ વિજય, (ક્ષેત્રવિશેષો) અને પાંચ ભરત તેમ જ પાંચ ઐરવતના અસો પંચાવન આર્યદેશ છે. અંતરદ્વીપ ફક્ત લવણસમુદ્રમાં પડે છે.[૧] જેમાં મોક્ષમાર્ગને જાણનારા

૧. નવમા શતકમાં ત્રીજા ઉદ્દેશકમાં 'જીવાભિગમસૂત્રમાં જણાવ્યા પ્રમાણે અંતરદ્વીપોનું વર્ણન કહેવું અને એમ ૨૮ ઉદ્દેશકો ગણી લેવા', એમ જણાવ્યું છે. પરંતુ એ રીતે (પ્રતિ ૩,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેનો ઉપદેશ કરનાર, તીર્થંકર પેદા થઈ શકે તે જ કર્મભૂમિ છે. અઢીદ્વીપમાં મનુષ્યની પેદાશવાળાં પાંત્રીશ ક્ષેત્રો અને ૫૬ અંતરદ્વીપ કહેવાય છે. (બાકીના મનુષ્ય-ક્ષેત્રમાં તે વિદ્યા અથવા લબ્ધિના નિમિત્તથી દેખાય છે.)

ઊર્ધ્વલોકમાં દેવો હોય છે. દેવોના ચાર સમૂહ અથવા જાતિ છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિક.

ભવનપતિના અસુરકુમારાદિ દશ, વ્યંતરનિકાયના કિન્નરાદિ આઠ, જ્યોતિષ્કના સૂર્યચંદ્રાદિ પાંચ અને વૈમાનિકના કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ બે મુખ્ય ભેદો છે. તેમાં સૌધર્માદિ ૧૨ કલ્પ અથવા સ્વર્ગમાં રહેનારા તે કલ્પોપપન્ન છે. તે ૧૨ કલ્પોની ઉપર અનુક્રમે નવ વિમાન ગ્રૈવેયક દેવોનાં છે; એની ઉપર વિજય, વૈજયંત, જયંત,

---

૬૦ ૧. પૃષ્ઠ ૧૪૪-૨ – ૧૫૬-૧) બીજા ગ્રંથનો આખો હિસ્સો આ ગ્રંથમાં ઉતારવો ઠીક ન લાગવાથી ઉતાર્યો નથી. તે અંતર-દ્વીપોમાંના એકોરુક દ્વીપનું વર્ણન મૂળમાં આટલું આપ્યું છે:

"હે ગૌતમ! જંબુદ્વીપ નામના દ્વીપમાં આવેલા મેરુપર્વતની દક્ષિણે ચુલ્લહિમવંત નામે વર્ષધર પર્વતના પૂર્વના છેડાથી ઈશાનકોણમાં ત્રણસો યોજન લવણસમુદ્રમાં ગયા પછી, એ સ્થળે દક્ષિણ દિશાના એકોરુક (એક ઊરુ-જાંઘ-વાળા) મનુષ્યોનો એકોરુક નામે દ્વીપ કહ્યો છે. એ દ્વીપની લંબાઈ અને પહોળાઈ ત્રણસો યોજન છે. અને તેનો પરિધિ નવસો ઓગણપચાસ યોજનથી કંઈક ન્યૂન છે. . . . એ દ્વીપના મનુષ્યો મરીને દેવગતિમાં ઉપજે છે. એ બધું તથા બીજા અંતરદ્વીપોનું વર્ણન જીવાભિગમસૂત્રમાંથી સમજી લેવું."

આ જ વસ્તુ ૧૦મા શતકના ૭ થી ૩૪ ઉદ્દેશકો માટે પણ સમજી લેવાનું મૂળમાં કહ્યું છે!

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અપરાજિત અને સર્વાર્થસિદ્ધ એ પાંચ અનુત્તરવિમાન છે. એ બધા કલ્પાતીત કહેવાય છે. કલ્પોપપન્નમાં સ્વામીસેવક ભાવ છે; કલ્પાતીતમાં બધા ઇંદ્ર જેવા અહમિંદ્ર છે. મનુષ્યલોકમાં જવાનું થાય તો પણ કલ્પોપપન્ન દેવો જ જાય છે; કલ્પાતીત દેવો પોતાનું સ્થાન છોડી કયાંય જતા નથી. તેથી ઉપર પછી ઇષત્પ્રાગ્‌ભારાપૃથ્વી અથવા સિદ્ધ લોકોનું સ્થાન જેની ઉપર આવેલું છે તે છે. પછી લોકાન્ત છે.

વિવરણ : એટલું યાદ રાખવાનું કે સમસ્ત લોક જીવોથી ભરેલો છે. પરંતુ વિવિધ પ્રકારના ને વિવિધ વર્ગના જીવ સરખા પ્રમાણમાં સર્વત્ર આવેલા નથી, પણ અમુક પ્રકારે વહેંચાયેલા છે.

પ્રથમ તો નિગોદ એટલે કે અત્યંત સૂક્ષ્મ – આપણી ઇંદ્રિયોને અગોચર – એવા સ્થાવર જીવો છે. નિગોદના બે વર્ગ છે : નિત્યનિગોદ – એટલે કે જેમાંના જીવો આ નીચતમ વર્ગમાંથી કદી બહાર નીકળવાના નથી. અને ૨. ઇતરનિગોદ – એટલે કે જેમાંના જીવો ઊંચા વર્ગમાં જઈ શકે, પણ તેમનાં કર્મથી પાછા આ વર્ગમાં આવી પડે.

ત્રસ જીવો વિશ્વના અમુક ભાગમાં એટલે કે ત્રસનાડીમાં રહેલા છે. આ ત્રસનાડી લોકની આરપાર ઉપરથી નીચે સુધી આવેલી છે. તે ૧૪ રજ્જુ[૧] ઊંચી, ૧ રજ્જુ પહોળી અને ૧ રજ્જુ લાંબી છે. ત્રસનાડીમાં સ્થાવર અને તિર્યંચ સર્વત્ર હોય છે, પણ મનુષ્યો માત્ર મધ્યલોકમાં અને તેમાં પણ અઢી

૧. કોઈ દેવ એક પલકમાં ૨૦૫૭૧૫૨ યોજન કાપે. તે રીતે ૬ માસમાં જેટલું ક્ષેત્ર તે ઓળંગે તેટલાને 'રજ્જુ' કહે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વીપમાં જ વસે છે. ત્રસનાડીની બહાર સ્થાવરનાડી છે. તેમાં કેવળ સ્થાવર જીવ જ હોય.

ગૌ૦—હે ભગવન્! લોકનું સંસ્થાન (આકાર) કેવું કહ્યું છે?

મ૦—હે ગૌતમ! લોક શરાવના આકાર જેવો છે. [એટલે કે મૃદંગના મોં જેટલા તળિયાવાળા] શરાવ (કોડિયા) ને ઊંધું વાળી, તેના ઉપર મૃદંગ ઊભું મૂક્યું હોય તેવો છે. અથવા કેડથી નીચે પહોળો થતો ઘાઘરો૰ પહેરી હાથ કોણીએથી વાળી કેડે મૂકી ઊભેલા પુરુષ જેવું છે.] તે નીચે વિસ્તીર્ણ – પહોળો છે, અને ઉપર ઊભા મૃદંગના આકારે સ્થિત છે.

— શતક ૭, ઉદ્દે૰ ૧

૨

ગૌ૰—હે ભગવન્! લોકનો બરાબર સમ (પ્રદેશની હાનિ વૃદ્ધિરહિત) ભાગ કયાં આવેલો છે? તથા લોકનો સર્વથી સંક્ષિપ્ત–સાંકડો ભાગ કયાં આવેલો છે?

મ૰—હે ગૌતમ! રત્નપ્રભા પૃથ્વીનો ઉપરનો ક્ષુદ્ર પ્રતર, જ્યાંથી ઉપર પ્રતરની વૃદ્ધિ થવા માંડે છે, તથા નીચેનો પ્રતર, જ્યાંથી નીચે પ્રતરની વૃદ્ધિ થવા માંડે છે, ત્યાં લોકનો સમભાગ તેમ જ સાંકડો ભાગ છે.

ગૌ૰—હે ભગવન્! આ અધોલોક, તિર્યગ્ લોક અને ઊર્ધ્વલોકમાં કોણ કોનાથી વિશેષાધિક છે?

મ૰— સૌથી થોડો તિર્યગ્લોક છે; તેથી અસંખ્યાતગણો ઊર્ધ્વલોક છે; અને તેથી વિશેષાધિક અધોલોક છે.

શતક ૧૩, ઉદ્દે૰ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩

ગૌ૦—હે ભગવન્! ક્ષેત્રલોક કેટલા પ્રકારનો કહ્યો છે?

મ૦—હે ગૌતમ! ત્રણ પ્રકારનો કહ્યો છે: અધો, તિર્યગ્ અને ઊર્ધ્વ. તેમાં અધોલોક સાત પ્રકારનો છે: (રત્નપ્રભાથી અધઃસપ્તમપૃથ્વી સુધીની સાત પૃથ્વીઓ પ્રમાણે).

તિર્યગ્લોક અસંખ્ય પ્રકારનો છે. (જંબુદ્વીપથી માંડીને સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના દ્વીપ-સમુદ્રો પ્રમાણે).

ઊર્ધ્વલોક પંદર પ્રકારનો છે. (સૌધર્મથી માંડીને અચ્યુત સુધીના ૧૨ કલ્પો, ગ્રૈવેયક વિમાન, અનુત્તરવિમાન, અને ઈષત્પ્રાગ્ભારપૃથિવી પ્રમાણે).

ગૌ૦—હે ભગવન્! અધોલોક કેવા આકારે છે?

મ૦—હે ગૌતમ! ત્રાપાને આકારે. તિર્યગ્લોક ઝાલરને આકારે છે: અને ઊર્ધ્વલોક ઊભા મૃદંગને આકારે છે.

ગૌ૦—હે ભગવન્! અલોક કેવા આકારનો છે?

મ૦—હે ગૌતમ! પોલા ગોળાના આકારનો છે.

ગૌ૦—હે ભગવન! લોક કેટલો મોટો કહ્યો છે?

મ૦—હે ગૌતમ! આ જંબુદ્વીપ સર્વ દ્વીપોની અંદર છે; અને ત્રણ લાખ, સોળ હજાર, અસો સત્તાવીશ યોજન, ત્રણ કોશ, એકસો અઠ્ઠાવીશ ધનુષ અને કાંઈક અધિક સાડાતેર આંગળ પરિધિવાળો છે. હવે મોટી દિવ્ય ઋદ્ધિ—શક્તિવાળા છ દેવો જંબુદ્વીપમાં મેરુપર્વતની ચૂલિકાને ચારે તરફ વીંટાઈને ઊભા રહે. પછી નીચે મોટી ચાર દિક્કુમારીઓ ચાર બલિપિંડને ગ્રહણ કરી, જંબુદ્વીપની ચારે દિશામાં બહાર મુખ રાખીને ઊભી રહે. પછી તે ચારે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બલિંપિંડને તેઓ એક સાથે બહાર ફેંકે, તો પણ હે ગૌતમ! તેમાંનો એક દેવ તે ચારે પિંડને પૃથ્વી ઉપર પડ્યા પહેલાં શીઘ્ર ગ્રહણ કરવા સમર્થ છે. હે ગૌતમ! એવી ગતિવાળા તે દેવોમાંથી એક દેવ ત્વરિત ગતિ વડે પૂર્વ દિશા તરફ જાય, એક દક્ષિણ તરફ જાય, એક પશ્ચિમ તરફ, એક ઉત્તર તરફ, એક ઊર્ધ્વદિશામાં અને એક અધોદિશામાં જાય. હવે તે જ વખતે હજાર વર્ષના આયુષ્યવાળો એક બાળક ઉત્પન્ન થાય, ત્યાર પછી તે બાળકનાં માતાપિતા મરણ પામે, પણ તે દેવો લોકના અંતને ન પામી શકે. ત્યાર પછી તે બાળકનું આયુષ્ય પૂરું થાય, તોપણ તે દેવો લોકોના અંતને ન પામી શકે. પછી તે બાળકનાં અસ્થિ અને મજ્જા પણ નાશ પામે; છતાં તે દેવો લોકાંતને પામી શકે નહિ. પછી તે બાળકની સાત પેઢી સુધીના કુલવંશ નષ્ટ થાય, તો પણ તે દેવો લોકાંતને પ્રાપ્ત કરી શકે નહીં. પછી તે બાળકનું નામગોત્ર પણ નષ્ટ થઈ જાય, છતાં તે દેવો લોકના અંતને પામે નહિ; ત્યારે પણ તે દેવોએ નહિ ઓળંગેલો માર્ગ ઓળંગેલા માર્ગ કરતાં અસંખ્યાતમા ભાગ જેટલો બાકી રહ્યો હોય. હે ગૌતમ! લોક એટલો મોટો કહ્યો છે.

ગૌ૦—હે ભગવન્! અલોક કેટલો મોટો કહ્યો છે?

ભ૦—હે ગૌતમ! આ મનુષ્યક્ષેત્ર લંબાઈ અને પહોળાઈમાં ૪૫ લાખ યોજન છે. [પછીની ઉપમા ઉપર પ્રમાણે જાણવી. પરંતુ દેવો દશ ગણવા, દિક્કુમારીઓ અને બલિપિંડ આઠ આઠ ગણવાં; અને તે દેવો મનુષ્ય-લોકની ચારે બાજુ ઊભા હોય, તથા દિક્કુમારીઓ માનુષોત્તર પર્વતની ચારે દિશા—અને ચારે વિદિશામાં બાહ્યાભિમુખ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઊભી રહી માનુષોત્તર પર્વતની બહારની દિશામાં પિંડ ફેંકે, એમ ગણવું. આ દાખલામાં જન્મેલા બાળકનું આયુષ એક લાખ વર્ષનું ગણવું. અને અંતે ગમન કરાયેલા ક્ષેત્ર કરતાં નહીં ગમન કરાયેલું ક્ષેત્ર અનંતગણું ગણવું.] હે ગૌતમ! અલોક એટલો મોટો છે.

ગૌ૦—હે ભગવન્! લોકના એક આકાશપ્રદેશમાં જે એકેંદ્રિય જીવોના પ્રદેશો છે. . . તેમજ બે ઇંદ્રિયથી માંડીને પંચેંદ્રિયના પ્રદેશો અને અનિંદ્રિયના પ્રદેશો છે, તે બધા પરસ્પર બદ્ધ, સ્પૃષ્ટ અને સંબદ્ધ છે? વળી હે ભગવન્! તે બધા પરસ્પર એકબીજાને આબાધા ઉત્પન્ન કરે તથા અવયવનો છેદ કરે?

મ૦—હે ગૌતમ! એ વાત બરાબર નથી. જેમ શૃંગારના આકાર સહિત, સુંદર વેશવાળી અને સંગીતાદિને વિષે નિપુણતાવાળી કોઈ એક નર્તકી હોય, અને તે સેંકડો અથવા લાખો માણસોથી ભરેલા રંગસ્થાનમાં બત્રીશ પ્રકારના નાટચમાંનું કોઈ પણ એક પ્રકારનું નાટચ દેખાડે, તો હે ગૌતમ! તે પ્રેક્ષકો શું તેને અનિમેષ દૃષ્ટિએ ચોતરફથી જુએ? 'હા ભગવન્! જુએ!' તો હે ગૌતમ! તે પ્રેક્ષકોની દૃષ્ટિઓ તે નર્તકીને વિષે ચારે બાજુથી પડેલી હોવા છતાં તેને કાંઈ આબાધા ઉત્પન્ન કરે અથવા તેના અવયવનો છેદ કરે? 'ના ભગવન્!' અથવા તે નર્તકી તે પ્રેક્ષકોની દૃષ્ટિઓને કાંઈ આબાધાદિ ઉત્પન્ન કરે! 'ના ભગવન્!' તે પ્રમાણે ઉપર પણ સમજવું.

ગૌ૦—હે ભગવન્! લોકના એક આકાશપ્રદેશમાં ઓછામાં ઓછા રહેલા જીવપ્રદેશો, વધારેમાં વધારે રહેલા

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીવપ્રદેશો અને સર્વ જીવો – એ ત્રણમાં કોણ કોનાથી વિશેષાધિક છે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછા રહેલા જીવપ્રદેશો સૌથી થોડા છે; તેના કરતાં સર્વ જીવો અસંખ્યાતગણા છે, અને તે કરતાં પણ વધારેમાં વધારે રહેલા જીવપ્રદેશો વિશેષાધિક છે.

—શતક ૧૧, ઉદ્દે૦ ૧૦

૩ : લોકની સ્થિતિ

ગૌ૦—હે ભગવન્! લોકની સ્થિતિ કેટલા પ્રકારની કહી છે?

મ૦—હે ગૌતમ! લોકની સ્થિતિ આઠ પ્રકારની કહી છે: વાયુ આકાશને આધારે રહેલો છે; ઉદધિ વાયુને આધારે રહેલો છે; પૃથ્વી[1] ઉદધિને આધારે રહેલી છે; ત્રસ – જંગમ – જીવો, અને સ્થાવર જીવો પૃથ્વીને આધારે રહેલા છે; જડ પદાર્થો જીવને આધારે રહેલા છે; જીવો[2] કર્મને આધારે રહેલા છે; અજીવોને જીવોએ સંધરેલા છે, અને જીવોને કર્મોએ સંધરેલા છે.

જેમ કોઈ પુરુષ ચામડાની મસકને પવન વડે ફુલાવે, અને તેનું મુખ બંધ કરી, મસકને વચલે ભાગે ગાંઠ બાંધે.

---

૧. સિદ્ધશિલા પૃથ્વી ઘનોદધિને આધારે નથી રહી, પણ આકાશને આધારે રહેલી છે, પરંતુ બાકીની (રત્નપ્રભાદિ) સાત પૃથ્વીઓનો ઘનોદધિને આધાર હોવાથી, ઔપચારિક પ્રયોગ કર્યો છે

૨. એટલે કે, સંસારી જીવો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પછી મસકનું મોં ઉઘાડું કરી તે ભાગનો પવન કાઢી નાખે, પછી તે મસકના ઉપરના ભાગમાં પાણી ભરી, પાછું તે મસકનું મુખ બાંધી દે; અને પછી તેની વચલી ગાંઠ છોડી દે, તો હે ગૌતમ! તે ભરેલું પાણી તે પવનની ઉપર ઉપરના ભાગમાં રહે? 'હા રહે!' અથવા હે ગૌતમ! જેમ કોઈ એક પુરુષ ચામડાની મસકને ફુલાવી પોતાની કેડે બાંધે; પછી તે પુરુષ ખૂબ ઊંડા પાણીમાં પ્રવેશ કરે; તો હે ગૌતમ! તે પુરુષ પાણીનાં ઉપર ઉપરના ભાગમાં રહે? 'હા રહે!' તે કારણથી હે ગૌતમ! લોકની સ્થિતિ આઠ પ્રકારની કહી છે. —શતક ૧, ઉદ્દે૦ ૬

૨

ગૌ૦—હે ભગવન્! લવણસમુદ્રનો આકાર કેવો છે?

મ૦—હે ગૌતમ! ગોતીર્થ જેવો, નૌકા જેવો, છીપના સંપુટ જેવો, અશ્વસ્કંધ જેવો, તથા વલભી જેવો વૃત્ત અને વલયના આકારનો છે.

ગૌ૦—હે ભગવન્! તેનું માપ શું છે?

મ૦—હે ગૌતમ! લવણસમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજનનો છે. તેનો ઘેરાવો પંદર લાખ, એકાશી હજાર, અને એકસો ઓગણચાલીસ યોજન ઉપરાંત થોડો ઘણો વત્તો ઓછો છે. તેનો ઉદ્વેધ એકહજાર યોજન છે; તેનો ઉત્સેધ સોળ હજાર યોજન છે; અને તેનું સર્વાગ્ર ૧૭ હજાર યોજન છે.

ગૌ૦—હે ભગવન્! તો પછી એવડો મોટો લવણસમુદ્ર આ જંબુદ્વીપ નામના દ્વીપને શા માટે ડુબાડતો નથી? અને જલમય કરી દેતો નથી?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! જંબુદ્વીપ નામના આ દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રોમાં અરહંતો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો, ચારણો, વિદ્યાધરો, શ્રમણો, શ્રમણીઓ, શ્રાવિકાઓ, અને એક ધર્મવાળા મનુષ્યો રહે છે; તેઓ સ્વભાવે ભદ્ર, વિનીત, અને ઉપશાંત હોય છે; સ્વભાવથી જ તેઓના ક્રોધાદિ કષાયો મંદ હોય છે; તેઓ સરળ અને કોમળ હોય છે; તથા તેઓ જિતેંદ્રિય, ભદ્ર, અને નમ્ર હોય છે. તેવાં મનુષ્યોના પ્રભાવથી લવણસમુદ્ર જંબુદ્વીપને ડુબાડતો નથી, અને જલમય કરી શકતો નથી.

—શતક ૫, ઉદ્દે૦ ૨

૪: કર્મ અને અકર્મભૂમિ

ગૌ૦—હે ભગવન્! કર્મભૂમિઓ કેટલી છે?

મ૦—હે ગૌતમ! પંદર છે: પાંચ ભરત, પાંચ ઐરવત, અને પાંચ મહાવિદેહ.

ગૌ૦—હે ભગવન્! અકર્મભૂમિઓ કેટલી કહી છે?

મ૦—હે ગૌતમ! ત્રીશ કહી છે: પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યકવર્ષ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ.[૧]

ગૌ૦—હે ભગવન્! એ ત્રીશ અકર્મભૂમિઓમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ કાળ છે? ઉ૦ નથી.

---

૧. દેવકુરુ અને ઉત્તરકુરુ વિભાગો વિદેહની અંદરના છે; છતાં તે કર્મભૂમિઓ નથી. કેમકે ત્યાં યુગલધર્મ (જોડકાંરૂપે જન્મવું, અને તે જ જોડકાએ પતિપત્નીરૂપે રહેવું ઇ૦) હોવાથી ચારિત્રનો સંભવ નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! પાંચ ભરતોમાં અને પાંચ ઐરવતોમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ કાળ છે?

મ૦—હા, ગૌતમ! છે.

ગૌ૦—હે ભગવન્! પાંચ મહાવિદેહમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ છે?

મ૦—નથી. હે આયુષ્માન્ શ્રમણ! ત્યાં એકરૂપે અવસ્થિત કાળ કહ્યો છે.

ગૌ૦—હે ભગવન્! એ પાંચ મહાવિદેહોમાં અરહંત ભગવાનો પાંચ મહાવ્રતવાળા અને પ્રતિક્રમણસહિત ધર્મનો ઉપદેશ કરે છે?[૧]

મ૦—હે ગૌતમ! પાંચ ભરતોમાં અને પાંચ ઐરવતોમાં પહેલા અને છેલ્લા એ બે અરહંત ભગવંતો પાંચ મહાવ્રતવાળા તથા પ્રતિક્રમણસહિત ધર્મનો ઉપદેશ કરે છે; બાકીના અરહંત ભગવંતો ચાર મહાવ્રતવાળા ધર્મનો ઉપદેશ કરે છે. વળી પાંચ મહાવિદેહમાં પણ અરહંત ભગવંતો ચાર મહાવ્રતવાળા ધર્મનો ઉપદેશ કરે છે.

ગૌ૦—હે ભગવન્! જંબુદ્વીપ નામે દ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં કેટલા તીર્થંકરો થયા છે?

મ૦—હે ગૌતમ! ચોવીશ તીર્થંકરો થયા છે: ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, સુપ્રભ, સુપાર્શ્વ,

---

૧. એ બે વસ્તુઓ પાર્શ્વના સિદ્ધાંતથી જુદી પડતી મહાવીરના માર્ગની વિશેષતાઓ છે. પાર્શ્વ ચાર મહાવ્રત જ ઉપદેશતા: બ્રહ્મચર્યને અપરિગ્રહમાં સમાવી લેવામાં આવતું. અને પ્રતિક્રમણ પણ હંમેશ કરવાને બદલે પ્રસંગ આવ્યે જ કરવામાં આવતું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શશી-ચંદ્રપ્રભ, પુષ્પદંત-સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ અને વર્ધમાન.[૧]

ગૌ૦—હે ભગવન્! એ ચોવીશ તીર્થંકરોનાં ૨૩ જિનાંતરોમાં કયા જિનના અંતરમાં કાલિક[૨] શ્રુતનો વિચ્છેદ કહ્યો છે?

મ૦—હે ગૌતમ! એ ૨૩ જિનાંતરોમાં પહેલાં અને છેલ્લાં આઠ આઠ જિનાંતરોમાં કાલિકશ્રુતનો અવિચ્છેદ કહ્યો છે, અને વચલાં સાત જિનાંતરોમાં કાલિકશ્રુતનો વિચ્છેદ કહ્યો છે. દૃષ્ટિવાદનો વિચ્છેદ તો બધાંય જિનાંતરોમાં કહ્યો છે.

ગૌ૦—હે ભગવન્! જંબુદ્વીપ નામે દ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં આપ દેવાનુપ્રિયનું પૂર્વગત શ્રુત કેટલા કાળ સુધી રહેશે?

મ૦—હે ગૌતમ! એક હજાર વર્ષ સુધી રહેશે.

ગૌ૦—હે ભગવન્! આકી બધા તીર્થંકરોનું પૂર્વગત શ્રુત કેટલા કાળ સુધી રહ્યું હતું?

મ૦—હે ગૌતમ! કેટલાક તીર્થંકરોનું સંખ્યાતા કાળ સુધી અને કેટલાકનું અસંખ્યાત કાળ સુધી.

---

૧. તેમનાં જન્મસ્થાનાદિ માટે જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક પા. ૧૭૭.

૨. જેનાં અધ્યયનાદિ કાળે—દિવસ અને રાત્રીના પહેલા તથા છેલ્લા પ્રહરે જ થઈ શકે, તે આચારાંગાદિ કાલિક શ્રુત કહેવાય છે; અને જેનાં અધ્યયનાદિ બધા કાળે થઈ શકે તે દશવૈકાલિકાદિ ઉત્કાલિક શ્રુત કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! જંબુદ્વીપ નામે દ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણી કાળમાં આપ દેવાનુપ્રિયનું તીર્થ કેટલા કાળ સુધી રહેશે?

મ૦—હે ગૌતમ! એકવીશ હજાર વર્ષ સુધી રહેશે?

ગૌ૦—હે ભગવન્! તેવી રીતે ભાવી તીર્થંકરોમાંના છેલ્લા તીર્થંકરનું તીર્થ કેટલા કાળ સુધી રહેશે?

મ૦—હે ગૌતમ! કોશલ દેશના ઋષભદેવ અર્હતનો જેટલો જિનપર્યાય કહ્યો છે, તેટલાં (હજાર વર્ષ ન્યૂન લાખ પૂર્વ)[૧] વર્ષ સુધી.

ગૌ૦—હે ભગવન્! તીર્થ એ તીર્થ છે કે તીર્થંકર તીર્થ છે?

મ૦—હે ગૌતમ! અર્હત તો અવશ્ય તીર્થંકર છે; પરંતુ ચાર પ્રકારનો શ્રમણપ્રધાન સંઘ : સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, તે તીર્થરૂપ છે.

ગૌ૦—હે ભગવન્! પ્રવચન એ પ્રવચન છે કે પ્રવચની એ પ્રવચન છે?

મ૦—હે ગૌતમ! અર્હત તો અવશ્ય પ્રવચની (પ્રવચનના ઉપદેશક) છે; અને દ્વાદશાંગ ગણિપિટક (આચારાંગાદિ ૧૨ અંગગ્રંથ) પ્રવચન છે.

ગૌ૦—હે ભગવન્! આ જે ઉગ્રકુલના, ભોગકુલના, રાજન્યકુલના, ઇક્ષ્વાકુકુલના, જ્ઞાતકુલના અને કૌરવ્યકુલના ક્ષત્રિયો આ ધર્મમાં પ્રવેશ કરે છે, અને પ્રવેશ કરીને આઠ પ્રકારના કર્મરૂપ રજોમલને ધુએ છે, તેઓ ત્યાર પછી સિદ્ધ

---

૧. તેની સંખ્યા માટે જુઓ આગળ પા. ૨૧૪.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે, અને સર્વ દુઃખનો અંત કરે છે ?

મ૦—હા ગૌતમ ! પરંતુ કેટલાક કોઈ એક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

—શતક ૨૦, ઉદ્દે૦ ૯

૫

ગૌ૦—હે ભગવન્ ! જંબુદ્વીપ નામના દ્વીપમાં આ અવસર્પિણીમાં ઉત્તમ અર્થોને પ્રાપ્ત સુષમસુષમા કાળમાં ભારતવર્ષનો આકાર અને ભાવોનો આવિર્ભાવ કેવો હતો ?

મ૦—હે ગૌતમ ! ભૂમિભાગ બહુ સમ હોવાથી રમણીય હતો; તે જેમકે, આલિંગ પુષ્કર—તબલાનું મુખપુટ—હોય તેવો ભારતવર્ષનો ભૂમિભાગ હતો. [અહીંથી આગળ, જીવાજીવાભિગમસૂત્રમાં ઉત્તરકુરુના વર્ણનમાં આપેલી વિગતો, જેવી કે ભૂમિભાગમાં રહેલાં તૃણ અને મણિઓના પાંચ વર્ણ, સુરભિ ગંધ, કોમળ સ્પર્શ, સારા શબ્દ, વાવ વગેરે, વાવ વગેરેમાં અનુગત ઉત્પાતપર્વતાદિ, ઉત્પાતપર્વતાદિને આશ્રિત હંસાસનાદિ, લતાગૃહાદિ અને શલાપકૂકાદિનું વર્ણન સમજી લેવું—એમ ટીકાકાર કહે છે.[૧]] તે કાળમાં ભારતવર્ષમાં તે તે દેશોમાં કુશ અને વિકુશથી વિશુદ્ધ વૃક્ષમૂલો તથા (ત્યાંથી માંડીને) છ પ્રકારના માણસો હતા : તે જેમકે પદ્મ સમાન ગંધવાળા, કસ્તુરી સમાન ગંધવાળા, મમત્વ વિનાના, તેજસ્વી અને કૃપાળા, સહનશીલ તથા ઉતાવળ વિનાના (શનૈશ્ચારી).

---

૧. એ પ્રકારનાં વર્ણનો જુદા જુદા પ્રદેશનાં તે તે જાતનાં વર્ણનો માટે સમાન જેવાં જ હોઈ, તેમની વિગતોમાં મહત્ત્વનું કશું ન હોવાથી, અહીં ઉતાર્યાં નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! તે એ પ્રમાણે છે, હે ભગવન્! તે એ પ્રમાણે છે.

—શતક ૬, ઉદ્દે૦ ૭

૬

ગૌ૦—હે ભગવન્! જંબુદ્વીપ નામે દ્વીપમાં ભારતવર્ષને વિષે આ અવસર્પિણીમાં દુઃષમાદુઃષમા કાલ અત્યંત ઉત્કટ અવસ્થાને પ્રાપ્ત થશે, ત્યારે ભારતવર્ષનો આકાર અને ભાવોનો આવિર્ભાવ કેવે પ્રકારે થશે?

મ૦—હે ગૌતમ! હાહાભૂત (જે કાળે દુઃખી લોકો 'હાહા' શબ્દ કરશે), ભંભાભૂત (જે કાળે દુઃખાર્ત પશુઓ ભાં ભાં શબ્દ કરશે), અને કોલાહલભૂત (જ્યારે દુઃખ-પીડિત પક્ષીઓ કોલાહલ કરશે) એવો તે કાલ થશે. કાલના પ્રભાવથી ઘણા કઠોર, ધૂળથી મેલા, અસહ્ય, અનુચિત અને ભયંકર વાયુ, તેમ જ સંવર્તક વાયુ (ભભરિયા વાયુ) વાશે. આ કાળે વારંવાર ચારે બાજુએ ધૂળ ઊડતી હોવાથી રજથી મલિન, અને અંધકાર વડે પ્રકાશરહિત દિશાઓ ધૂમાડા જેવી ઝાંખી દેખાશે. કાલની રૂક્ષતાથી ચંદ્રો અધિક શીતતા આપશે અને સૂર્યો અત્યંત તપશે. વળી વારંવાર ઘણા ખરાબ રસવાળા, વિરુદ્ધ રસવાળા, ખારા, ખાતર સમાન (ખાટા) પાણીવાળા, અગ્નિની માફક દાહક પાણી વાળા, વીજળીયુક્ત, કરા વરસાવનારા કે પર્વત ભેદનારા અશનિમેઘ, વિષમેઘ તથા વ્યાધિ-રોગ-વેદના ઉત્પન્ન કરનાર પાણીવાળા અને મનને રુચે નહીં તેવા પાણીવાળા મેઘો તીક્ષ્ણ ધારાઓ નાખતા પુષ્કળ વરસશે. તેથી ભારતવર્ષમાં ગામ-નગર વગેરે ઠેકાણે રહેલાં મનુષ્યો, ચોપગાં, ખેચર,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ જ ગામ અને જંગલમાં ચાલતા જંગમ જીવો તથા બહુ પ્રકારનાં વૃક્ષો, ગુલ્મો, લતાઓ, વેલડીઓ, ઘાસ, શેરડી વગેરે, ધરો વગેરે, શાલી વગેરે તથા પ્રવાહો અને અંકુરાદિ તૃણવનસ્પતિઓ નાશ પામશે. વૈતાઢ્ય[1] સિવાયના પર્વતો, ડુંગરો, ધૂળનાં ઊંચાં સ્થળો તથા રજ વિનાની ભૂમિઓ નાશ પામશે. ગંગા અને સિંધુ સિવાય પાણીના ઝરાઓ, ખાડાઓ તથા દુર્ગમ અને વિષમ ભૂમિમાં રહેલાં ઊંચાં અને નીચાં સ્થળો સરખાં થશે.

તે વખતે ભારતવર્ષની ભૂમિ પણ અંગાર જેવી, છાણાંના અગ્નિ જેવી, ભસ્મીભૂત, તપી ગયેલ કડાયા જેવી, અગ્નિ સરખી, બહુ રજવાળી, બહુ કીચડવાળી, બહુ સેવાળ-વાળી, ઘણા કાદવવાળી, અને પ્રાણીઓને ચાલવું મુશ્કેલ પડે તેવી થશે.

તે વખતે ભારતવર્ષનાં મનુષ્યો ખરાબ રૂપવાળાં, ખરાબ વર્ણવાળાં, ખરાબ ગંધવાળાં, દુષ્ટ રસવાળાં, ખરાબ સ્પર્શવાળાં, અનિષ્ટ, અમનોજ્ઞ, મનને ન ગમે તેવાં, હીન સ્વરવાળાં, દીન સ્વરવાળાં, અનિષ્ટ સ્વરવાળાં, મનને ન ગમે તેવા સ્વરવાળાં, જેનાં વચન અને જન્મ અગ્રાહ્ય છે એવાં, નિર્લજ્જ; કૂડકપટ, કલહ, વધ, બંધ અને વૈરમાં આસક્ત; મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં મુખ્ય, અકાર્ય કરવામાં નિત્ય તત્પર, માતપિતાદિને અવશ્ય કરવા યોગ્ય વિનયથી

---

૧. ભરતક્ષેત્રના મધ્યમાં આવેલો કહેવાતો પર્વત. ચુલ્લ હિમવંત પર્વત ઉપરથી નીકળેલ ગંગા અને સિંધુ નદીઓ એ પર્વતની ગુફામાં થઈને દક્ષિણાર્ધ ભરતમાં દાખલ થાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રહિત, બેડોળ રૂપવાળાં, વધેલા નખ–કેશ–દાઢી–મૂછ અને રોમવાળાં, કાળાં, અત્યંત કઠોર, શ્યામવર્ણ વાળાં, છૂટા કેશવાળાં, ધોળા કેશવાળાં, બહુ સ્નાયુથી બાંધેલ હોવાને લીધે દુર્દર્શનીય રૂપવાળાં, વાંકાં અને કરચલીઓવાળાં પ્રત્યેક અંગયુક્ત, વૃદ્ધાવસ્થાયુક્ત પુરુષ જેવાં, છૂટા અને સડી ગયેલા દાંતની શ્રેણિવાળાં, ભયંકર એવો ડોક પાછળનો ભાગ અને મુખવાળાં, વિષમ નેત્રવાળાં, વાંકી નાસિકાવાળાં, વાંકાં અને વલિઓથી વિકૃત થયેલાં, ભયંકર મુખવાળાં, ખસ અને ખરજથી વ્યાપ્ત, કૃષ્ણ અને તીક્ષ્ણ નખો વડે ખજવાળવાથી વિકૃત થયેલાં, દરાજ-કોઢ-અને કરોળિયાવાળાં, ફાટી ગયેલ અને કઠોર ચામડીવાળાં, વિચિત્ર અંગવાળાં, ઊષ્ટ્રાદિના જેવી ગતિવાળાં, સાંધાના વિષમ બંધનવાળાં, યોગ્ય સ્થાને નહીં ગોઠવાયેલ તથા છૂટાં દેખાતાં હાડકાંવાળાં, દુર્બલ, ખરાબ બાંધાવાળાં, ખરાબ પ્રમાણવાળાં, ખરાબ આકૃતિવાળાં, ખરાબ રૂપવાળાં, ખરાબ સ્થાન અને આસનવાળાં, ખરાબ શય્યાવાળાં, ખરાબ ભોજનવાળાં, જેઓનાં પ્રત્યેક અંગ અનેક વ્યાધિઓથી પીડિત છે તેવાં, સ્ખલનાયુક્ત વિહ્વલ ગતિવાળાં, ઉત્સાહરહિત, સત્ત્વરહિત, વિકૃત ચેષ્ટાવાળાં, તેજરહિત; વારંવાર શીત, ઉષ્ણ, અને કઠોર પવન વડે વ્યાપ્ત, જેઓનાં અંગ ધૂળ વડે મલિન અને રજ વડે વ્યાપ્ત છે એવાં; બહુ ક્રોધ, માન અને માયાવાળાં, બહુ લોભવાળાં, અશુભ દુઃખનાં ભાગી, પ્રાયઃ ધર્મસંજ્ઞા અને સમ્યક્ત્વથી ભ્રષ્ટ, વધારેમાં વધારે એક હાથ પ્રમાણ શરીરવાળાં, વધારેમાં વધારે સોળ અને વીશ વર્ષના આયુષવાળાં, પુત્રપૌત્રાદિ પરિવારમાં અત્યંત સ્નેહવાળાં (ઘણા પુત્રપૌત્રાદિનું પાલન કરનારાં), બીજના જેવાં, અને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બીજમાત્ર એવાં મનુષ્યોનાં બહોંતેર કુટુંબો ગંગા, અને સિંધુ એ બે મહાનદીઓ અને વૈતાઢ્ય પર્વતનો આશ્રય કરીને દરમાં રહેનારાં થશે.

ગૌ૦—હે ભગવન્! તે મનુષ્યો કેવા પ્રકારનો આહાર કરશે?

મ૦—હે ગૌતમ! તે કાળે અને તે સમયે રથના માર્ગ જેટલા વિસ્તારવાળી ગંગા અને સિંધુ એ મહાનદીઓ રથની ધરીને પેસવાના છિદ્ર જેટલા ભાગમાં પાણીને વહેશે. તે પાણી ઘણાં માછલાં અને કાચબા વગેરેથી ભરેલું હશે, પણ તેમાં ઘણું પાણી નહિ હોય. ત્યારે તે મનુષ્યો સૂર્ય ઊગ્યા પછી એક મુહૂર્તની અંદર અને સૂર્ય આથમ્યા પછી એક મુહૂર્તમાં પોતપોતાનાં દરોમાંથી બહાર નીકળશે અને માછલાં તથા કાચબા વગેરેને જમીનમાં દાટશે. પછી ટાઢ અને તડકા વડે બફાઈ ગયેલાં માછલાં અને કાચબા વગેરેથી તેઓ એકવીશ હજાર વર્ષ સુધી આજીવિકા કરતાં ત્યાં રહેશે.

—શતક ૭, ઉદ્દે૦ ૬

૭

પરચૂરણ વિભાગ

૧ : ચાલતું ચાલ્યું કહેવાય

૧

વિવરણ: મહાવીરના સમયમાં જે અનેક દાર્શનિક હતા, તેમાં જમાલિ નામના મહાવીરના ભાણેજ પણ એક દાર્શનિક તરીકે હતા.[૧] મહાવીરનો આગમ અનેકાંતવાદપૂર્ણ છે, એટલે તે એક જ પદાર્થને પણ અનેક પ્રકારની દૃષ્ટિઓથી ભિન્ન ભિન્ન રૂપે જોઈ શકે છે. જમાલિ અને મહાવીર વચ્ચે જે એક બાબતમાં મતભેદ હતો એમ જણાય છે, તેનું ઉદાહરણ નીચે પ્રમાણે છે: એક શાળવીને આપણે સૂતર આપી વણવાનું કહ્યું. તે શાળવીએ કપડું વણવાનું શરૂ પણ કર્યું. પછી બે ચાર દિવસ બાદ આપણે તેને પૂછીશું કે સૂતરનું શું થયું? ત્યારે તે કહેશે કે કપડું વણાયું

---

૧. જુઓ ચારિત્ર ખંડમાં તેમનું ચરિત્ર, પા. ૨૬૨.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ખરી રીતે તો હજુ પૂરું કપડું વણાયું નથી; છતાં લોકમાં તેવો વ્યવહાર ચાલે છે.

આ પ્રસંગમાં જમાલિનું મંતવ્ય એવું છે કે શાળવીનું કહેણ અને તેને સાચું માની વ્યવહાર કરનાર સમસ્ત લોક ખોટો છે; કારણકે કપડું પૂરું વણાયું નથી છતાં શાળવી અને લોક 'કપડું વણાયું છે' એમ માને છે. મહાવીરનો સિદ્ધાંત એવો છે કે શાળવીનું વક્તવ્ય અને લોકમત બંને સાચાં પણ છે. પારમાર્થિક દૃષ્ટિએ (નિશ્ચયનયથી) કપડાનો સૂક્ષ્મ ભાગ વણાયો હોય તો પણ 'કપડું વણાયું' એમ બોલવામાં અસત્યતા નથી; જોકે વ્યવહારનયથી તો પૂરું કપડું વણાય ત્યારે જ કપડું વણાયું કહેવાય. જમાલિના મતનું નામ 'બહુરતદૃષ્ટિ' છે. કાર્યને બહુ – તદ્દન પૂરું – થયું દેખે ત્યારે જ તેને કૃત કાર્ય કહે છે, માટે જે મંતવ્ય બહુ ભાગમાં – સ્થૂલ ભાગમાં – રત હોય, તે 'બહુરત' કહેવાય.

ગૌ૦—હે ભગવન્! જે ચાલતું હોય તે ચાલ્યું કહેવાય?

મ૦—હા ગૌતમ! ચાલતું હોય તે ચાલ્યું કહેવાય.

ટીકામાંથી: કપડું વણાતું હોય, ત્યારે પ્રથમ તંતુનો પ્રવેશકાળ શરૂ થયો તેટલાથી જ 'કપડું વણાયું', એવો વ્યવહાર શરૂ થાય છે. જો પ્રથમ સમયે પણ પટ ઉત્પન્ન થતો નથી એમ માનવામાં આવે, તો પ્રથમ સમયની પટોત્પાદિકા ક્રિયા નિષ્ફળ ગઈ ગણાય. કારણકે ઉત્પન્ન થતા પદાર્થોને ઉત્પન્ન કરવાને માટે જ ક્રિયાઓ હોય છે; અને ક્રિયા વિદ્યમાન હોવા છતાં કાર્ય ન થાય, તો

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે ક્રિયા નકામી ગણાય છે. તો પછી પટ જેમ પ્રથમ સમયે ઉત્પન્ન થતો નથી, તેમ ઉત્તર સમયોને વિષે પણ ઉત્પન્ન ન જ થવો જોઈએ. કારણકે ઉત્તર સમયની ક્રિયાઓમાં શું વિશેષતા છે કે, જેથી પ્રથમ સમયની ક્રિયાથી પટ ઉત્પન્ન ન થાય અને ઉત્તર સમયની ક્રિયાઓથી થાય?' તાત્પર્ય એ છે કે જ્યારે અંત્ય સમયે આપણે પટને ઉત્પન્ન થયેલો જોઈએ છીએ, ત્યારે તે પટને અંત્ય સમયની પહેલા આદિ દરેક સમયમાં અંશે અંશે ઉત્પન્ન થતો માનવો જ જોઈએ. અર્થાત્ ઉત્પદ્યમાન પટ ઉત્પન્ન થાય છે, એ મંતવ્ય નિર્વિવાદ છે.

—શતક ૧, ઉદ્દે૦ ૧, ૧૦

૨

રાજગૃહનગરમાં ગુણશિલક ચૈત્યની આસપાસ થોડે દૂર ઘણા અન્યતીર્થિકો રહેતા હતા. તેઓ ભગવાનના સ્થવિરોને આવીને કહેવા લાગ્યા કે, "તમે અસંયમી અને પાપી છો. કારણ કે તમે અદત્ત (કોઈએ નહિ આપેલ) પદાર્થનું ગ્રહણ કરો છો, અદત્ત પદાર્થને ખાઓ છો અને અદત્તનો સ્વાદ લો છો. કારણ કે તમને આપવામાં આવતો પદાર્થ જ્યાં સુધી પાત્રમાં પડ્યો નથી, તેવામાં વચમાંથી કોઈ તે પદાર્થને લઈ લે, તો દાતા ગૃહસ્થના પદાર્થનું અપહરણ થયું કહેવાય; પણ તમારા પદાર્થનું અપહરણ થયું ન કહેવાય. માટે તમે અદત્તનું ગ્રહણ અને ભોજન કરો છો. એમ કહેવાય. અને તે કારણે તમે જરૂર અસંયમી ઇત્યાદિ છો!"

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે સ્થવિરોએ તેમને કહ્યું કે, "હે આર્યો! અમારા મતમાં[૧] અપાતું તે અપાયેલું, ગ્રહણ કરાતું તે ગ્રહણ કરાયેલું અને પાત્રમાં નંખાતું તે નંખાયેલું છે. તેથી હે આર્યો! અપાતો પદાર્થ જ્યાં સુધી પાત્રમાં નથી પડ્યો, તેવામાં વચમાં કોઈ પદાર્થનો તે અપહાર કરે, તો તે અમારા પદાર્થનો અપહાર થયો એમ કહેવાય. માટે અમે દત્તનું જ ગ્રહણ કરીએ છીએ, અને ભોજન કરીએ છીએ. તેથી અમે અસંયમી વગેરે નથી."

—શતક ૮, ઉદ્દે૦ ૭

૨ : કેટલા મતો છે?

અનેક પ્રકારના પરિણામવાળા જીવો જેને વિષે રહે, તે 'સમવસરણ'—મત અથવા દર્શન કહેવાય છે.

ગૌ૦—હે ભગવન્! કેટલાં સમવસરણો—મતો કહ્યાં છે?

મ૦—હે ગૌતમ! ચાર સમવસરણો કહ્યાં છે: ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, અને વિનયવાદી.

વિવરણ: આ મતોના સંબંધે સવિસ્તર હકીકત મળી શકતી નથી. સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના બારમા 'સમવસરણ' અધ્યયનમાં[૨] આ મતોનું સંક્ષિપ્ત વર્ણન

---

૧. મૂળમાં તો, પેલા અન્યતીર્થિકો, 'તમારે મતે અપાતું તે અપાયેલું નથી' માટે તમે દોષી છો એવો આક્ષેપ કરે છે. કદાચ જમાલિ જૈન હોવા છતાં તેનો મત ઉપર પ્રમાણે હોવાથી પેલાઓએ આ જૈનોને પણ એમ કહ્યું હોય.

૨. જુઓ આ માળાનું સંયમધર્મ પુસ્તક, પા. ૧૩૪.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે.[૧] પરંતુ તે ઉપરથી તેમની ચોક્કસ માન્યતા શી હતી તે સ્પષ્ટ જાણી શકાતું નથી. તોપણ એટલું જાણી શકાય છે કે ક્રિયાવાદી વગેરે સ્વતંત્ર મતો નહીં હોય, પરંતુ મહાવીર ભગવાનના સમયમાં જે મતો પ્રચલિત હતા, તે બધાનો પૂર્વોક્ત ચાર પ્રકારમાં સમાવેશ કર્યો હશે.

૧. ક્રિયાવાદી : આ મતોની ભિન્ન ભિન્ન વ્યાખ્યા છે. પ્રથમ વ્યાખ્યા પ્રમાણે, કર્તા સિવાય ક્રિયા સંભવતી નથી; માટે ક્રિયાના કર્તા તરીકે આત્માના અસ્તિત્વને માનનાર ક્રિયાવાદી કહેવાય છે. બીજી વ્યાખ્યા પ્રમાણે, ક્રિયા પ્રધાન છે, અને જ્ઞાનનું કાંઈ પણ પ્રયોજન નથી એવી માન્યતાવાળા ક્રિયાવાદી છે. ત્રીજી વ્યાખ્યા પ્રમાણે જીવાદિ પદાર્થના અસ્તિત્વને માનનારા ક્રિયાવાદી કહેવાય છે. ક્રિયાવાદીના કુલ એંશી પ્રકાર કહેવાય છે.

૨. અક્રિયાવાદી : તેઓનું મંતવ્ય એ છે કે, કોઈ પણ અનવસ્થિત પદાર્થમાં ક્રિયા હોતી નથી. જો તેમાં ક્રિયા હોય, તો તેની અનવસ્થિતિ ન હોય. માટે ક્રિયાના અભાવને માનનારા અક્રિયાવાદી છે. અથવા, ક્રિયાનું શું પ્રયોજન છે ? માત્ર ચિત્તશુદ્ધિ જ આવશ્યક છે—એવી માન્યતાવાળા અક્રિયાવાદી કહેવાય. અથવા જીવાદિના નાસ્તિત્વને માનનારા અક્રિયાવાદી કહેવાય. અક્રિયાવાદીના ૮૪ પ્રકાર કહેવાય છે.

૩. અજ્ઞાનવાદી : 'અજ્ઞાન શ્રેયરૂપ છે, કારણકે જ્ઞાનથી કર્મનો તીવ્ર બંધ થાય છે; અને અજ્ઞાનપૂર્વક કર્મબંધ

---

૧. તથા જુઓ આચારાંગ ટીકા, અધ્ય૦ ૧, ઉદ્દે૦ ૧, પૃ૦ ૧૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નિષ્ફળ થાય છે' – એવી માન્યતાવાળા અજ્ઞાનવાદી કહેવાય છે. તેમના સડસઠ પ્રકાર છે.

૪. વિનયવાદી : સ્વર્ગાપવર્ગાદિ શ્રેયનું કારણ વિનય છે – એમ વિનયને જ પ્રધાનપણે માનનારા અને જેને કોઈ પણ નિશ્ચિત લિંગ, આચાર કે શાસ્ત્ર નથી, તે વિનયવાદી કહેવાય છે. તેમના બત્રીશ પ્રકાર છે.*

ગૌ૦—હે ભગવન્! લેશ્યાયુક્ત જીવો કયા વાદવાળા હોય?

ભ૦—હે ગૌતમ! ચારે વાદ વાળા હોય.

ગૌ૦—હે ભગવન્! લેશ્યારહિત જીવો કયા વાદવાળા હોય?

ભ૦—હે ગૌતમ તેઓ ક્રિયાવાદી હોય.[૧] તે પ્રમાણે કૃષ્ણપાક્ષિક[૨] જીવો છેલ્લા ત્રણના વાદવાળા હોય છે; શુક્લ-પક્ષિકો ચારે વાદવાળા હોય. સમ્યગ્દૃષ્ટિ જીવો ક્રિયાવાદી જ હોય. મિથ્યાદૃષ્ટિ જીવો છેલ્લા ત્રણ વાદવાળા હોય. સમ્યગ્-મિથ્યાદૃષ્ટિ જીવો અજ્ઞાનવાદી અને વિનયવાદી જ[૩] હોય.

---

* આ ચારે વર્ગો મિથ્યાવાદીના છે; છતાં અહીં ક્રિયાવાદી જીવાદિના અસ્તિત્વને માનતા હોવાથી સમ્યગ્દૃષ્ટિ જાણવા.

૧. કારણકે અયોગિકેવલિ અને સિદ્ધો જ અલેશ્ય હોય છે. તેઓને તો ક્રિયાવાદના હેતુભૂત યથાસ્થિત દ્રવ્યસ્વરૂપનું જ્ઞાન હોય છે.

૨. જેમને અર્ધ પુદ્ગલાવર્ત જેટલો સમય સંસારમાં ભટકવાનું છે તે જીવો. અને જેને તેની અંદર મોક્ષે જવાનું છે તે શુક્લપાક્ષિક. જુઓ પા. ૮૬, નોંધ ૧.

૩. કારણકે તેઓ નાસ્તિક પણ નથી, કે આસ્તિક પણ નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ જ્ઞાન વાળાઓમાંનો દરેક ક્રિયાવાદી જ હોય. પરંતુ ત્રણ અજ્ઞાનવાળા જીવો પછીના ત્રણ વાદવાળા હોય.[૧]

નૈરયિકો ચારે વાદવાળા હોય. પૃથિવીકાયિકો માત્ર અક્રિયાવાદી અને અજ્ઞાનવાદી હોય[૨]. એમ જ ચતુરિંદ્રિય સુધીનું જાણવું.

ગૌ૦—હે ભગવન્! ક્રિયાવાદી જીવો કોનું આયુષ્ય બાંધે ?

મ૦—હે ગૌતમ! નૈરયિક અને તિર્યંચયોનિકનું ન બાંધે, પણ મનુષ્ય[૩] અને દેવનું બાંધે. દેવનું બાંધે તો વૈમાનિકનું જ બાંધે.

અક્રિયાવાદીઓ નૈરયિકથી માંડીને દેવ સુધીનું બાંધે. એ પ્રમાણે અજ્ઞાનવાદી અને વિનયવાદી વિષે પણ જાણવું.

લેશ્યાવાળા ક્રિયાવાદી મનુષ્ય અને દેવનું બાંધે. કૃષ્ણલેશ્યાવાળા ક્રિયાવાદી મનુષ્યનું બાંધે. કૃષ્ણલેશ્યાવાળા અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી નૈરયિક, તિર્યંચ,

---

૧. એ પ્રમાણે મૂળમાં સંજ્ઞાઓવાળા, નોસંજ્ઞાવાળા, વેદવાળા, કષાયી, યોગવાળા, ઉપયોગવાળા વગેરેના ઉલ્લેખો છે. પણ તેમાં સ્મૃતિની કસરત સિવાય બીજું મહત્ત્વ નથી. તેથી અહીં તે બધા ઉતાર્યા નથી.

૨. તેઓ મિથ્યાદૃષ્ટિ છે તેથી તેઓ અક્રિયાવાદીઓ અને અજ્ઞાનવાદીઓ જ હોય. કોઈ પણ વાદનો અભાવ હોય તો પણ તે બે વાદને યોગ્ય જીવનો પરિણામ સંભવે છે. મૂળમાં આ ઉપરાંત અન્ય યોનિઓના પણ ઉલ્લેખ છે.

૩. જે દેવો અને નારકો છે તેઓ મનુષ્યનું, અને મનુષ્યો તથા પંચેંદ્રિયતિર્યંચો દેવોનું બાંધે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દેવ અને મનુષ્યનું બાંધે. એ જ નીલ અને કાપોત માટે પણ જાણવું. તેજોલેશ્યાવાળા ક્રિયાવાદીઓ મનુષ્ય અને દેવનું બાંધે. તેજોલેશ્યાવાળા અક્રિયાવાદીઓ તિર્યંચ, મનુષ્ય અને દેવનું બાંધે. તે જ પ્રમાણે તેજોલેશ્યાવાળા અજ્ઞાનવાદી અને વિનયવાદીનું પણ જાણવું. તથા તેજોલેશ્યા પ્રમાણે પદ્મ અને શુક્લવાળાનું પણ જાણવું. લેશ્યારહિત જીવો કોઈનું આયુષ નથી બાંધતા.

કૃષ્ણપાક્ષિક અક્રિયાવાદી ચારે પ્રકારનાં આયુષ બાંધે. કૃષ્ણપાક્ષિક અજ્ઞાનવાદી અને વિનયવાદી પણ ચારે પ્રકારનાં આયુષ બાંધે. શુક્લપાક્ષિક મનુષ્ય અને દેવનું બાંધે.

સમ્યગ્દૃષ્ટિ ક્રિયાવાદી મનુષ્ય અને દેવનું બાંધે. મિથ્યાદૃષ્ટિ ચારે પ્રકારનાં બાંધે. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનવાદી કોઈનું ન બાંધે. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ વિનયવાદી કોઈનું ન બાંધે.

જ્ઞાની, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની, મનુષ્ય અને દેવનું બાંધે. મનઃપર્યવજ્ઞાની (ક્રિયાવાદી) દેવનું (વૈમાનિકનું) બાંધે. કેવલજ્ઞાની કોઈનું ન બાંધે.

ક્રિયાવાદી નૈરયિકો મનુષ્યનું બાંધે. અક્રિયાવાદી નૈરયિકો તિર્યંચ અને મનુષ્યનું બાંધે. અજ્ઞાનવાદી અને વિનયવાદી નૈરયિકો તિર્યંચ અને મનુષ્યનું બાંધે.

અક્રિયાવાદી પૃથ્વીકાયિકો[૧] તિર્યંચ અને મનુષ્યનું બાંધે. અજ્ઞાનવાદી પૃથ્વીકાયિકો તિર્યંચ અને મનુષ્યનું બાંધે.

---

૧. લેશ્યાવાળા પૃથ્વીકાયિકોના પ્રશ્ન વખતે તેજોલેશ્યામાં 'કોઈનું ન બાંધે' એમ કહેવું; કારણ કે તે લેશ્યા તેમને ઇંદ્રિયપર્યાપ્તિ પૂરી થવા પહેલાં હોય છે. અને ઇંદ્રિયપર્યાપ્તિ પૂરી થયા પછી જ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલા મતો છે ?

ક્રિયાવાદી પંચેંદ્રિય તિર્યંચ, દેવનું બાંધે. અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી પંચેંદ્રિય તિર્યંચો ચારે પ્રકારનાં બાંધે. કૃષ્ણલેશ્યાવાળા ક્રિયાવાદી પંચેંદ્રિય તિર્યંચ કોઈનું ન બાંધે.[૧] કૃષ્ણલેશ્યાવાળા, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી પંચેંદ્રિય તિર્યંચો ચારે પ્રકારનું બાંધે. તેમજ નીલ અને કાપોત લેશ્યાવાળા પંચેંદ્રિય તિર્યંચોનું પણ જાણવું. તેજોલેશ્યાવાળા ક્રિયાવાદી પંચેંદ્રિય તિર્યંચો વૈમાનિક દેવનું જ બાંધે. પરંતુ તેજોલેશ્યાવાળા અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી પંચેંદ્રિયતિર્યંચો દેવ, તિર્યંચ અને મનુષ્યનું બાંધે. એમ જ પદ્મ અને શુક્લવાળાનું પણ જાણવું.

સમ્યગ્દૃષ્ટિ વૈમાનિકનું જ બાંધે. મિથ્યાદૃષ્ટિને કૃષ્ણપાક્ષિકોની જેમ જાણવા. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ એક પણ ન બાંધે.[૨]

પરભવનું આયુષ બંધાય છે. અપ્કાયિક અને વનસ્પતિકાયનું પૃથ્વીકાયિક પ્રમાણે જ જાણવું. અગ્નિકાય અને વાયુકાય તિર્યંચનું જ બાંધે. બે ઇંદ્રિયથી ચાર ઇંદ્રિય સુધીના પણ પૃથ્વીકાય પ્રમાણે જાણવા. પણ સમ્યક્ત્વ અને જ્ઞાનમાં તેઓ એક પણ આયુષ નથી બાંધતા. કારણ કે તેમને તેનો કાળ અલ્પ હોય છે.

૧. કારણ કે જ્યારે સમ્યગ્દૃષ્ટિ પંચેંદ્રિય તિર્યંચ કૃષ્ણાદિ અશુભ લેશ્યાના પરિણામવાળા હોય છે, ત્યારે તેઓ કોઈ પણ આયુષનો બંધ નથી કરતા. અને તેજોલેશ્યાદિ શુભ પરિણામવાળા હોય છે ત્યારે જ કેવળ વૈમાનિકાયુષનો બંધ કરે છે.

૨. આમ આ ઉપરાંત અન્ય લાંબો વિસ્તાર મૂળમાં છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! શું ક્રિયાવાદી જીવો ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક?

મ૦—હે ગૌતમ! તેઓ ભવસિદ્ધિક છે. બાકીના ત્રણે વાદી બંને છે.[1]

—શતક ૩૦, ઉદ્દે૦ ૧

૩: તુલ્યના પ્રકાર

ગૌતમ૦—હે ભગવન્! તુલ્યના કેટલા પ્રકાર કહેલ છે?

મ૦—હે ગૌતમ! છ પ્રકારે તુલ્ય કહેલ છે: દ્રવ્યતુલ્ય, ક્ષેત્ર૦, કાલ૦, ભવ૦, ભાવ૦, અને સંસ્થાન તુલ્ય.

૧. એક પરમાણુ બીજા પરમાણુ સાથે દ્રવ્યથી તુલ્ય છે.

૨. આકાશના એક પ્રદેશમાં રહેલ પુદ્ગલ એક પ્રદેશમાં રહેલ પુદ્ગલદ્રવ્યની સાથે ક્ષેત્રથી તુલ્ય છે.

૩. એક સમયની સ્થિતિવાળું પુદ્ગલદ્રવ્ય, એક સમયની સ્થિતિવાળા પુદ્ગલની સાથે કાલથી તુલ્ય છે.

૪. નારક જીવ નારકની સાથે ભવરૂપે તુલ્ય છે.

૫. એકગુણ કાળા વર્ણવાળું પુદ્ગલ દ્રવ્ય, એકગુણ કાળા વર્ણવાળા પુદ્ગલદ્રવ્યની સાથે ભાવથી તુલ્ય છે.

૬. પરિમંડલ[2] સંસ્થાન, પરિમંડલ સંસ્થાન સાથે સંસ્થાન વડે તુલ્ય છે.

—શતક ૧૪, ઉદ્દે૦ ૭

---

૧. અહીં પાછો લેશ્યાવાળા, જ્ઞાનોવાળા, કષાયવાળા વગેરેનો આખો લાંબો ક્રમ મૂળમાં આવે છે.

૨. સંસ્થાન એટલે આકારવિશેષ. તેના વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયત એમ અન્ય પ્રકારો માટે જુઓ આગળ પા. ૪૬૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪ : પરચૂરણ બાબતે

ગૌ૦—હે ભગવન્! હંમેશાં સૂક્ષ્મ સ્નેહકાય – અપ્કાય (એક જાતનું પાણી) માપપૂર્વક પડે છે?

મ૦—હા ગૌતમ! પડે છે. તે ઊંચે પડે છે, નીચે પણ પડે છે, અને તીરછે પણ પડે છે.

ગૌ—હે ભગવન્! તે સૂક્ષ્મ અપ્કાય, આ સામાન્ય સ્થૂલ અપ્કાયની (પાણીની) સાથે પરસ્પર સમાયુક્ત થઈને લાંબાકાળ સુધી રહે?

મ૦—ના ગૌતમ! તે શીઘ્ર નાશ પામી જાય છે.

— શતક ૧, ઉદ્દે૦ ૬

૨

ગૌ૦—હે ભગવન્! અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે, અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! તે શું પ્રયોગથી – જીવના વ્યાપારથી તેમ પરિણામે છે કે સ્વભાવથી?

મ૦—હે ગૌતમ! તે પ્રયોગથી અને સ્વભાવથી એમ બંને પ્રકારે પરિણામે છે.

— શતક ૧, ઉદ્દે૦ ૩

૩

ગૌતમ૦—હે ભગવન્! જંબુદ્વીપમાં આ ભારતવર્ષમાં આ અવસર્પિણીના કાળમાં કેટલા કુલકરો થયા?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! સાત કુલકરો થયા: વિમલવાહન, ચક્ષુષ્માન, યશોમાન, અભિચંદ્ર, પ્રસેનજિત્, મરુદેવ, અને નાભિ.[૧]

વિવરણ: આ અવસર્પિણીના પ્રથમ સુષમસુષમા નામના આરામાં લોકો સુખી હતા; તેમનામાં રોગ, રાજ્ય કે નાતજાત નહોતાં; બધા સમાનભાવે વસતા. એમને કશી ચીજ માટે પ્રયત્ન કરવો પડતો નહોતો; કારણ કે કલ્પવૃક્ષો તેમને બધી ચીજો આપતાં. બધાં બાળક (સ્ત્રી-પુરુષના) યુગલરૂપે અવતરતાં, અને તે બે જ પતિપત્ની થતાં; ૪૯ દિવસમાં તો તેમને માબાપની સંભાળની જરૂર રહેતી નહીં. કલ્પવૃક્ષનાં ફળ પણ તેમને ત્રણ ત્રણ દિવસે ખાવાં પડતાં. ત્યાર પછીના સુષમા આરામાં વસ્તુસ્થિતિ બગડતી ગઈ; ફળ તેમને બે બે દિવસે ખાવાં પડતાં, અને બાળકોને મોટા થતાં ૬૪ દિવસ લાગતા. પરંતુ અહીં સુધી મરીને તેઓ દેવપણે જ ઊપજતા. પરંતુ પછીના સુષમદુઃષમા આરામાં વસ્તુસ્થિતિ વધુ બગડી. બાળકો ૭૯ દિવસે મોટાં થતાં; મરીને પણ ચારે ગતિએ જન્મતાં; ફળ રોજ ખાવાં પડતાં. મનુષ્યોના સદ્‌ગુણ ઘટ્યા અને તેઓની માનસિક વૃત્તિઓ બગડવા લાગી. તેથી કાયદાની જરૂર પડવા લાગી. તે વખતે અનુક્રમે સાત કુલકર થયા, અને તેમણે માનવજીવન માટે

---

૧. અહીં પછી તીર્થંકરો, તેમની માતાઓ, પિતાઓ, ચક્રવર્તીઓ, તેમની સ્ત્રીઓ, વાસુદેવો, બલદેવો, વાસુદેવનાં માત-પિતા, વાસુદેવના પ્રતિશત્રુઓ વગેરેને લગતી વિશેષનામ આપવા પૂરતી માહિતી સમવાયાંગસૂત્રમાંથી લેવી, એવું મૂળમાં જણાવેલું છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નિયમ આંધ્યા. દિગંબરો ૧૪ કુલકર માને છે, અને તેમને 'મનુ' પણ કહે છે. બ્રાહ્મણગ્રંથોમાં એ રીતે મનુઓએ વ્યવસ્થા દાખલ કર્યાની હકીકત આવે જ છે. ધીમેધીમે કલ્પવૃક્ષ ઓછાં થવાથી તથા દરેક વસ્તુ માટે લડાલડી થવાથી અનુક્રમે દરેક કુલકરે મનુષ્યોને જમીનની સીમાઓ નક્કી કરી આપી, હાથીઘોડા ઉપર બેસવાનું શીખવાડયું, (પર્વતો અને નદીઓ થતાં) પર્વત ઉપર ચડતાં અને વહાણ બાંધતાં શીખવાડયું, (નાળ સાથે બાળકો અવતરવા લાગતાં) નાળ વધેરવાનું શીખવ્યું, વગેરે રસિક વર્ણન આપવામાં આવે છે. એ છેલ્લા કુલકર નાભિના પુત્ર તે જ પ્રથમ તીર્થંકર ઋષભદેવ.

ઋષભદેવને નાભિની સૂચનાથી જ લોકોએ રાજા બનાવ્યા. પૃથ્વી ઉપર એ પ્રથમ જ રાજા થયા. તેમણે જ પહેલી વાર પોતાનાં પુત્રપુત્રીનાં લગ્ન વખતે જોડકાનાં ભાઈ બહેન પરણાવવાની પ્રથા તોડી. કલ્પદ્રુમ તેમના સમયમાં જ એકસાથે નિષ્ફળ થવા લાગ્યાં તેથી મનુષ્યોને ઉદરનિર્વાહ અર્થે પ્રયત્ન કરવો પડયો. ઋષભદેવે જ પોતાની પ્રજાને કુંભારનું, દરજીનું, હજામનું, ચિત્રકારનું અને વણકરનું એ પાંચ કામ શીખવ્યાં. (પાછલા શુભ આરાઓમાં મનુષ્યોને વાળ-નખ વધતા નહોતા.) વળી એમણે એમને ખેતી, વેપાર અને રાંધવાની કળા શીખવી તેમ જ લિપિ, ગણિત અને પુરુષોની ૭૨ અને સ્ત્રીઓની ૬૪ કળાઓ પણ શીખવી. તેમના મરણ વખતે જ અગ્નિસંસ્કારની પ્રણાલી દેવોએ દાખલ કરી. ત્યાં સુધી મડદાને વનમાં જ મૂકી આવવામાં આવતું. ઋષભના નિર્વાણ પછી ૩ વર્ષ અને

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૮½ માસે સુષમદુષમા આરાનો અંત આવ્યો. પછીના (ચોથા) દુઃષમસુષમા આરામાં વસ્તુસ્થિતિ બગડી ગઈ, અને તેમાં બાકીના બધા શલાકાપુરુષો[1] થયા. છેલ્લા તીર્થંકર મહાવીરના નિર્વાણ પછી ૩ વર્ષ અને ૮½ માસે દુઃષમ-સુષમાનો અંત આવ્યો. આપણે હાલ ૨૧૦૦૦ વર્ષ ચાલનાર દુઃષમા નામના પાંચમા આરામાં છીએ. તેમાં બધું અશુભ જ છે. જગતમાં ધર્મમાત્રને દેખાડનાર કોઈ તીર્થંકર આ આરામાં નથી; તથા લોકને પ્રબળ હાથે વ્યવસ્થામાં રાખી શકે તેવા ચક્રવર્તી આદિ પણ થનાર નથી. મહાવીર પછી ૬૪ વર્ષે ત્રીજા આચાર્ય જંબુસ્વામીના નિર્વાણ પછી તો પરમાવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન અને નિર્વાણ પણ લુપ્ત થઈ ગયાં. તે બધાં માટે જે દૈવી શક્તિઓ જોઈએ તે હવે અપ્રાપ્ય થઈ ગઈ છે. મહાવીરે પ્રવર્તાવેલો જિન-કલ્પોનો કડક આચાર પણ તે પછી બંધ થયો છે. છેલ્લા દુઃષમદુઃષમા આરામાં કેવી સ્થિતિ થશે, તે આગળ આ ગ્રંથમાં (પા. ૫૬૩) આવી છે. ત્યાર પછી ઉત્સર્પિણી શરૂ થશે અને બધી સ્થિતિ ધીરેધીરે શુભ થતી જશે.

—શતક ૫, ઉદ્દે૦ ૫

---

૧. ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતિવાસુદેવ એમ કુલ ૬૩ શલાકાપુરુષો — મોપવાના ગજ જેવા — ધડો લેવા લાયક પુરુષો કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતી-સાર

ખંડ ૪ થો

અન્યતીર્થિક-ખંડ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અન્યતીર્થિકો

૧

એક સાથે એક જ વેદ હોય

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ધર્મકથાદિ પતી જવાથી લોકો વેરાઈ ગયા બાદ ગૌતમમુનિ મહાવીર ભગવાનને આવીને પોતાની શંકા પૂછે છે:

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો[૧] એમ કહે છે કે, 'કોઈ પણ નિર્ગ્રંથ મર્યા પછી દેવ થાય તો, તો તે દેવ ત્યાં બીજા દેવો સાથે કે બીજા દેવોની દેવીઓ સાથે વિષયસેવન કરતો નથી, તેમ જ પોતાની દેવીઓને વશ કરીને તેઓની સાથે પણ વિષયસેવન કરતો નથી. પરંતુ તે દેવ પોતે જ પોતાનાં નવાં બે રૂપ કરે છે. તેમાં એક રૂપ દેવનું અને બીજું દેવીનું હોય છે. તે પ્રમાણે બે રૂપ બનાવી તે દેવ કૃત્રિમ દેવી સાથે વિષયસેવન કરે છે. એ પ્રમાણે એક જીવ એક જ કાળે બે વેદ અનુભવે છે: પુરુષવેદ અને સ્ત્રીવેદ.' હે ભગવન્! એવું કેમ કરીને હોય?

---

૧. અન્યના તીર્થને – માર્ગને – સિદ્ધાંતને – અનુસરનારા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! એ લોકોનું એ બધું કહેવું ખોટું છે. હું તો એમ કહું છું કે, તે દેવ બીજા દેવો સાથે તથા બીજા દેવની દેવીઓ સાથે તેઓને વશ કરીને વિષયસેવન કરે છે, અને પોતાની દેવીઓને વશ કરીને તેઓની સાથે પણ વિષયસેવન કરે છે. પણ પોતે પોતાનાં બે રૂપ બનાવીને વિષયસેવન કરતો નથી. એક જીવ એક સમયે એક જ વેદ અનુભવે છે. બે કદી નહિ.

—શતક ૨, ઉદ્દે૦ ૫

૨

કર્મ પ્રમાણે જ વેદના ન અનુભવે

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, સર્વ ભૂતપ્રાણો જે પ્રમાણે કર્મ બાંધ્યું હોય તે પ્રમાણે જ વેદના અનુભવે છે. તે એમ શાથી છે?

મ૦—હે ગૌતમ! તેમનું તે કહેવું ખોટું છે. હું તો એમ કહું છું કે, કેટલાક જીવો કર્મ પ્રમાણે વેદનાને અનુભવે છે, જ્યારે કેટલાક તેથી જુદી વેદના અનુભવે છે.

ગૌ૦—હે ભગવન્! એ કેવી રીતે?

મ૦—હે ગૌતમ! જેઓ કર્મ અનુસાર વેદના અનુભવે છે, તેઓ કર્મ અનુસાર વેદના અનુભવે છે; અને જેઓ તેથી જુદી અનુભવે છે, તેઓ તેથી જુદી અનુભવે છે.[૧]

—શતક ૫, ઉદ્દે૦ ૫

---

૧. મહાવીરનો જવાબ કશો નવો ખુલાસો નથી આપતો. ટીકાકાર ઉમેરે છે કે: કર્મની સ્થિતિ, રસ વગેરેમાં પુરુષપ્રયત્નથી ફેરફાર કરી શકાય છે. તેથી કેટલાક કર્મ પ્રમાણે જ વેદના નથી અનુભવતા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩

અહીં નથું દુઃખ જ નથી

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, સર્વ જીવો એકાંત દુઃખરૂપ વેદનાને અનુભવે છે. તે એમ કેમ હોય?

મ૦—હે ગૌતમ! તેઓનું તે કહેવું ખોટું છે. હું એમ કહું છું કે, કેટલાક જીવો એકાંત દુઃખરૂપ વેદના અનુભવે છે, અને કદાચિત્ સુખ પણ અનુભવે છે; જ્યારે કેટલાક એકાંત સુખ અનુભવે છે અને કદાચિત્ દુઃખ અનુભવે છે. વળી કેટલાક કદાચિત્ સુખ અને કદાચિત્ દુઃખ એમ વિવિધ પ્રકારે વેદનાને અનુભવે છે.

જેમકે: નારકો એકાંત દુઃખરૂપ વેદના અનુભવે છે અને કદાચિત્ સુખ અનુભવે છે.[૧] દેવો એકાંત સુખરૂપ વેદના અનુભવે છે અને કદાચિત્ દુઃખને અનુભવે છે.[૨] જ્યારે પૃથ્વીકાયથી માંડીને મનુષ્યો સુધીના જીવો (કદાચિત્ સુખ અને કદાચિત્ દુઃખ એમ) વિવિધ પ્રકારે વેદના અનુભવે છે. —શતક ૬, ઉદ્દે૦ ૧૦

૪

એકાંતબાલ

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, 'જિનોને મતે શ્રમણો સર્વ પાપસ્થાનોમાંથી વિરતિવાળા હોવાથી

---

૧. તીર્થંકરના જન્માદિ પ્રસંગે તથા પૂર્વજન્મના મિત્ર દેવના પ્રયોગ દ્વારા.

૨. પરસ્પર આહનનમાં, અને પ્રિય વસ્તુના વિયોગાદિમાં.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પંડિત કહેવાય છે, અને શ્રમણોપાસકો દેશ – એટલે કે અમુક અંશે – વિરતિવાળા હોવાથી બાલપંડિત કહેવાય છે. પરંતુ જે જીવને એક પણ જીવના વધની અવિરતિ છે, તે જીવ બાલપંડિત ન કહેવાવો જોઈએ.' તો હે ભગવન્! તેઓનું આમ કહેવું સત્ય છે?

ભ૦—હે ગૌતમ! તેઓનું આમ કહેવું મિથ્યા છે. હું તો એમ કહું છું કે, જે જીવે એક પણ પ્રાણીના વધની વિરતિ કરી છે, તે જીવ 'એકાંતબાલ' ન કહેવાય, પરંતુ બાલપંડિત કહેવાય.

ગૌ૦—હે ભગવન્! જીવો બાલ એટલે કે વિરતિરહિત છે? પંડિત એટલે કે સર્વ વિરતિવાળા છે, કે બાલપંડિત અર્થાત્ દેશવિરતિવાળા છે?

ભ૦—હે ગૌતમ! જીવો બાલ પણ છે, પંડિત પણ છે અને બાલપંડિત પણ છે. તેમાં નૈરયિકોથી ચાર ઇંદ્રિયોવાળા જીવો સુધીનાઓ બાલ હોય છે; પંચેંદ્રિય તિર્યંચો બાલ અને બાલપંડિત હોય છે; મનુષ્યો બાલ, પંડિત અને બાલપંડિત હોય છે; તથા વાનવ્યંતર વગેરે દેવો બાલ છે.

—શતક ૧૭, ઉદ્દે૦ ૨

• ૫

કેવલજ્ઞાની અને યક્ષ

રાજગૃહ નગરનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, કેવલી યક્ષના આવેશથી આવિષ્ટ થઈને કદાચ બે પ્રકારની ભાષા બોલે છે: મૃષાભાષા, અને સત્ય-મૃષા ભાષા. તો હે ભગવન્! એ ખરું છે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! તેમનું તે કહેવું ખોટું છે. હું તો એમ કહું છું કે, કેવલજ્ઞાની યક્ષના આવેશથી આવિષ્ટ થતા નથી; તેથી તેઓ તો પાપવ્યાપાર વિનાની અને બીજાનો ઉપઘાત ન કરે તેવી બે ભાષા કદાચ બોલે છે: સત્ય અને નસત્ય-નમૃષા.[૧]

—શતક ૧૮, ઉદ્દે૦ ૭.

૬

રાજગૃહનગરનો ઊના પાણીનો કુંડ

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, રાજગૃહનગરથી બહાર વૈભાર પર્વતની નીચે એક મોટો પાણીનો હ્રદ આવેલો છે. તેની લંબાઈ અને પહોળાઈ અનેક યોજન જેટલી છે; તથા તેનો આગળનો ભાગ અનેક જાતના વૃક્ષખંડોથી સુશોભિત છે. તેમાં અનેક ઉદાર મેઘો વરસવાની તૈયારીમાં હોય છે અને વરસે છે. વળી તે ઉપરાંત તે હ્રદમાંથી હમેશાં ઊનુંઊનું પાણી ઝર્યા કરે છે. હે ભગવન્! એમ કેમ હોય?

મ૦—હે ગૌતમ! તેઓએ જે કાંઈ કહ્યું છે, તે ખોટું છે. હું તો આ પ્રમાણે કહું છું કે, રાજગૃહનગરની બહાર વૈભાર પર્વતની પાસે 'મહાતપોપતીરપ્રભવ' નામનું ઝરણું છે. તેની લંબાઈ અને પહોળાઈ પાંચસેં ધનુષ જેટલી છે. તેનો આગળનો ભાગ અનેક જાતના વૃક્ષખંડોથી સુશોભિત છે. તે ઝરણામાં અનેક ઉષ્ણ યોનિવાળા જીવો

---

૧. સંબોધન, આજ્ઞા વગેરેમાં વપરાતી ભાષા સત્ય નથી કે અસત્ય નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને પુદ્ગલો પાણીપણે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ચ્યવે છે અને ઉપચય પામે છે. તદુપરાંત તે ઝરણામાંથી હંમેશ ઊનુંઊનું પાણી ઝર્યા કરે છે. એ 'મહાતપોપતીર પ્રભવ' નામના ઝરણાનો અર્થ છે.[૧]

—શતક ૨, ઉદ્દે૦ ૫

૭

મિથ્યાદૃષ્ટિનું વિપરીત જ્ઞાન

ગૌ૦—હે ભગવન્! રાજગૃહનગરમાં રહેલો મિથ્યાદૃષ્ટિ (અન્ય મતવાળો) ભાવિતાત્મા સાધુ વીર્યલબ્ધિથી, વૈક્રિયલબ્ધિથી અને વિભંગજ્ઞાનલબ્ધિથી વારાણસી નગરીનું વિકુર્વણ કરીને તદ્ગત રૂપોને જાણે-જુએ?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! શું તે જેવું છે તેવું જાણે અને જુએ, કે વિપરીત રીતે જાણે અને જુએ?

મ૦—હે ગૌતમ! તે વિપરીત રીતે જાણે અને જુએ. કારણ કે તેના મનમાં તો એમ થાય છે કે વારાણસીમાં રહેલો હું રાજગૃહ નગરીની વિકુર્વણા કરીને તદ્ગત રૂપોને જાણું છું અને જોઉં છું. એવું તેનું દર્શન વિપરીત હોય છે. વળી તેને એવો ખ્યાલ નથી હોતો કે આ જે દેખાય છે તે

---

૧. મહા-આતપ = મોટો તાપ; તેની પાસે જેની પેદાશ છે તે. મહાવીરે વિશેષ શું કહ્યું, તથા પ્રત્યક્ષવસ્તુમાં કેવળજ્ઞાની કે સામાન્યજ્ઞાનીના વર્ણનમાં શો ફેર પડે, તે ઉપરના દાખલાથી તો સમજાતું નથી. કદાચ પછીના દાખલામાં તેનો કાંઈક ખુલાસો છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મારી વીર્યલબ્ધિ આદિથી ઊભું થયેલું છે. તે તો તેને વાસ્તવિક માને છે. આવું તેનું દર્શન વિપરીત હોય છે.

પરંતુ અમાયી, સમ્યગ્દૃષ્ટિ ભાવિતાત્મા અનગાર તો રૂપોને જેમ હોય તેમ જાણે છે. તેના મનમાં થાય છે કે હું રાજગૃહનગરમાં રહીને વારાણસીનગરીની વિકુર્વણા કરીને તદ્‌ગત રૂપોને જાણું છું તથા જોઉં છું. વળી તે સાધુના મનમાં એમ થાય છે કે આ વારાણસીનગરી નથી; પણ એ મારી વીર્યલબ્ધિ, વૈક્રિયલબ્ધિ, કે અવાધજ્ઞાનલબ્ધિ છે. એ મેં મેળવેલાં ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય અને પુરુષકાર–પરાક્રમરૂપ છે. તેથી તે સાધુ તથાભાવે જાણે છે અને જુએ છે, પણ અન્યથાભાવે નથી જોતો.

—શતક ૩, ઉદ્દે૦ ૬

૮

નારકલોક

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, જેમ કોઈ યુવતી ને યુવાન હાથમાં હાથ ભિડાવીને ઊભેલાં હોય, અથવા જેમ આરાઓથી ભિડાયેલી ચક્રની નાભિ હોય, તે પ્રમાણે ચારસેં પાંચસેં યોજન સુધી મનુષ્યલોક મનુષ્યોથી ખીચોખીચ ભરેલો છે. હે ભગવન્! તે એ પ્રમાણે કેમ હોઈ શકે?

મ૦—હે ગૌતમ! તેઓ જે કહે છે, તે ખોટું છે. હું એમ કહું છું કે, એ પ્રમાણે તો નારકલોક નારકોથી ખીચોખીચ ભરેલો છે. કારણ કે તેઓ મોટી મોગરી, કરવત, તરવાર, હળ, ગદા, મુશળ, ચક્ર, નારાચ, કુંત (ભાલો), તોમર, શૂળ,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તથા લાકડી આદિનાં[1] એક કે અનેક સંખ્યેય રૂપો વિકુર્વી શકે છે. તે બધાં સંબદ્ધ હોય છે, અસંબદ્ધ નથી હોતાં; વળી તે સદશ હોય છે, અસદશ નથી હોતાં. એ રૂપોને વિકુર્વીને એક બીજાના શરીરને અભિહણતા અભિહણતા તેઓ વિપુલ, પ્રગાઢ, કર્કશ, પરુષા, નિષ્ઠુરા, ચંડ, તીવ્ર, દુઃખરૂપ, દુર્ગ, અને દુરધિસહ્ય વેદનાને ઊભી કરે છે.

—શતક ૫, ઉદ્દે૦ ૬

૯

સુખદુઃખ દેખાડી શકાય નહિ

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, રાજગૃહનગરમાં જેટલા જીવો છે, તેટલા જીવોને કોઈ બોરના ઠળિયા જેટલું પણ, વાલ જેટલું પણ, કલાય કે ચોખા જેટલું પણ, અડદ જેટલું પણ, મગ જેટલું પણ, જૂ જેટલું પણ, અને લીખ જેટલું પણ સુખ યા દુઃખ કાઢીને દેખાડવા સમર્થ નથી. હે ભગવન્! તે એમ કેવી રીતે હોઈ શકે?

મ૦—હે ગૌતમ! તે લોકો જે કહે છે તે મિથ્યા છે. હું એમ કહું છું કે, સર્વ લોકમાં પણ સર્વ જીવોને કોઈ સુખ યા દુઃખ દેખાડવા સમર્થ નથી. કોઈ મહા ઋદ્ધિ અને પ્રભાવવાળો દેવ એક મોટો ગંધદ્રવ્યનો દાબડો લઈને ઉઘાડે અને તેને ઉઘાડી, સંપૂર્ણ જંબુદ્વીપને ત્રણ ચપટી વગાડે તેટલામાં ૨૧ વાર ફરી શીઘ્ર પાછો આવે, તો હે

---

૧. મૂળમાં તે ઉપરાંત મુસુંઢિ, શક્તિ, ભિંડમાળ આદિ વધારે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ ! તે સંપૂર્ણ જંબુદ્વીપ તે ગંધપુદ્ગલોના સ્પર્શવાળો થયો કે નહીં ? 'હા ! થયો !' હે ગૌતમ ! કોઈ તે ગંધ-પુદ્ગલોને બોરના ઠળિયા જેટલાં પણ દર્શાવવા સમર્થ છે ? 'ના' ! તેમ, હે ગૌતમ ! સુખાદિને પણ કોઈ દર્શાવવા સમર્થ નથી.[૧] —શતક ૬, ઉદ્દે૦ ૧૦

૧૦

નિંદા એ સંયમ છે ?

પાર્શ્વનાથના વંશમાં થયેલ કાલાસ્યવેષિપુત્ર નામનો સાધુ એક વખત મહાવીરના સ્થવિર ભગવંતો પાસે આવીને કહેવા લાગ્યો : હે આર્યો ! સામાયિક[૨] એટલે શું, પ્રત્યાખ્યાન એટલે શું, સંયમ એટલે શું, સંવર એટલે શું વિવેક એટલે શું અને વ્યુત્સર્ગ એટલે શું, તે તમે જાણો છો ? ત્યારે તે સ્થવિરોએ કહ્યું કે, 'હે આર્ય ! અમારો આત્મા એ જ સામાયિક છે. અમારો આત્મા જ પ્રત્યાખ્યાન છે તથા અમારો આત્મા જ સંયમ, સંવર, વિવેક અને વ્યુત્સર્ગ છે.[૩]

૧. ટીકાકાર એ આખાનો સાર ટૂંકમાં જણાવે છે કે, અતિસૂક્ષ્મપણાને લીધે ગંધનાં પુદ્ગલો અમૂર્ત તુલ્ય હોવાથી જેમ કોઈ દર્શાવવા સમર્થ નથી, તેમ સુખ અને દુઃખ પણ દેખાડી શકાય નહીં.

૨. સામાયિક એટલે સમભાવ; પ્રત્યાખ્યાન એટલે નિયમપૂર્વક પાપકર્માદિનો ત્યાગ; સંયમ એટલે પૃથ્વી વગેરે જીવોને સાચવવા તે; સંવર એટલે ઇંદ્રિય-મનની પ્રવૃત્તિઓ અટકાવવી તે; વિવેક એટલે વિશેષજ્ઞાન, અને તેને પરિણામે હેયવસ્તુઓનો ત્યાગ; વ્યુત્સર્ગ એટલે શરીર વગેરેમાં અનાસક્તપણું.

૩. 'કર્મનું નહિ બાંધવું' વગેરે જીવના ગુણો છે; અને જીવના ગુણોથી જીવ જુદો નથી; માટે સામાયિકનો અર્થ પણ આત્મા છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્ર૦—તો પછી હે આર્યો જો આત્મા જ સામાયિક વગેરે હોય તો તમે ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરી, શા માટે તે ક્રોધ વગેરેને નિંદો છો ?[૧]

ઉ૦—હે કાલાસ્યવેષિપુત્ર ! સંયમને માટે અમે ક્રોધાદિકને નિંદીએ છીએ.[૨]

પ્ર૦—હે ભગવંતો ! નિંદા એ સંયમ છે કે અનિંદા ?

ઉ૦—હે કાલાસ્યવેષિપુત્ર ! (અહીં) નિંદા એ સંયમ છે, પણ અનિંદા નહિ. (દોષોની) નિંદા બધા દોષોનો નાશ કરે છે. આત્મા સર્વ મિથ્યાત્વને (અવિરતિને) જાણીને નિંદા દ્વારા બધા દોષોને ત્યાગ કરે છે. એ પ્રમાણે અમારો આત્મા (નિંદા દ્વારા ઊલટો) સંયમમાં સ્થાપિત થાય છે.

આ સાંભળી કાલાસ્યવેષિપુત્રને ભાન આવ્યું. અને તે પેલા ભગવંતોને નમસ્કાર કરી બોલ્યાઃ હે ભગવંત! પૂર્વે અજ્ઞાન હોવાથી, સચ્છાસ્ત્રનું શ્રવણ ન હોવાથી, તથા જિનધર્મની પ્રાપ્તિ ન થયેલી હોવાથી આવાં પદો મેં સાંભળ્યાં ન હતાં, ચિંતવ્યાં ન હતાં, નિર્ણીત કર્યાં ન હતાં, તથા તેઓમાં મેં શ્રદ્ધા, પ્રીતિ, કે તથા રુચિ કરી ન હતી. પરંતુ હવે તો હું તેઓમાં શ્રદ્ધા, પ્રીતિ તથા રુચિ કરું છું. હે ભગવંતો! તમે જેમ કહો છો તે એ પ્રમાણે જ છે.

ત્યારબાદ તે ભગવંતોની અનુજ્ઞાથી કાલાસ્યવેષિપુત્રે ચાર

---

૧. આત્મા એ જ સામાયિક (સમભાવ) રૂપ છે એમ માનનાર કશાની નિંદા કેવી રીતે કરી શકે ?—એવો ભાવ છે.

૨. અર્થાત્ પાપની નિંદા કરવાથી સંયમ થઈ શકે છે. કારણકે તેનાથી પાપસંબંધી અનુમતિનો વ્યવચ્છેદ થાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવ્રતવાળો[૧] ધર્મ સૂક્યો, પ્રતિક્રમણવાળો[૨] અને પાંચ મહાવ્રતવાળો ધર્મ સ્વીકાર્યો, ત્યાર પછી તે સાધુએ ઘણાં વર્ષો સુધી સાધુપણું પાળ્યું. અને એ પ્રયોજન સારુ નગ્નપણું, મુંડપણું, સ્નાન ન કરવું, દાતણ ન કરવું, છત્ર ન રાખવું, જોડા ન પહેરવા, ભોંયપથારી કરવી, પાટિયા ઉપર સૂવું, લાકડા ઉપર સૂવું, કેશનો લોચ કરવો, બ્રહ્મચર્યપૂર્વક રહેવું, ભિક્ષા માટે બીજાને ઘેર જવું, ભિક્ષા મળે કે ન મળે અથવા ઓછી મળે એ સહન કરવું; તથા અનુકૂલ અને પ્રતિકૂલ બાવીશ પરિષહોને સહન કરવા – એ બધું કર્યું. પછી છેલ્લા શ્વાસોચ્છ્વાસ વખતે તે કાલાસ્યવેષિપુત્ર સિદ્ધ થયો, બુદ્ધ થયો અને મુક્ત થયો. — શતક ૧, ઉદ્દે૦ ૯

૧૧
આજીવિક સિદ્ધાંત

ગૌ૦—હે ભગવન્! જે શ્રમણોપાસકને પૂર્વે (સ્થૂલ) હિંસાદિના ત્યાગનો નિયમ (પ્રત્યાખ્યાન) ન હોય, તે પછીથી તે નિયમ લેતો શું કરે?

મ૦—હે ગૌતમ! ભૂતકાળમાં કરેલ હિંસાદિને નિંદે, વર્તમાન હિંસાદિનો સંવર — રોધ કરે, અને ભવિષ્યકાળનાં હિંસાદિનું પ્રત્યાખ્યાન – 'નહીં કરું એવી પ્રતિજ્ઞા' – કરે.

---

૧. પરિગ્રહેલી સ્ત્રી ભોગવાય છે, એમ કરીને પાર્શ્વનાથના મતમાં મૈથુનને પરિગ્રહમાં જ સમાવ્યું છે.

૨. પાર્શ્વનાથનો ધર્મ પ્રતિક્રમણ વિનાનો છે. કારણ કે તેમના સાધુઓ કારણ હોય ત્યારે જ પ્રતિક્રમણ કરે છે. જ્યારે મહાવીરના સાધુઓ કારણ હોય કે ન હોય, તો પણ પ્રતિક્રમણ ચોક્કસ કરે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેવો શ્રમણોપાસક પછી મન-વાણી-કાયાથી કે કરવા-કરાવવા -અનુમતિ આપવાથી તે હિંસાદિ કરતો નથી. આવા પ્રકારના શ્રમણોપાસકો હોય છે, પણ આવા પ્રકારના આજીવિક (ગોશાલક) ના ઉપાસકો નથી હોતા.

તેઓનો સિદ્ધાંત એવો છે કે, દરેક જીવ, જીવને જ ખાય છે: ભક્ષે પછી તે હણીને, છેદીને, ભેદીને, લોપીને[૧], વિલોપીને[૨], કે વિનાશ કરીને ખાય.

પણ આજીવિકના મતમાં આ બાર આજીવિકોપાસકો કહ્યા છે: તાલ, તાલપ્રલંબ, ઉદ્વિધ, સંવિધ, અવવિધ, ઉદય, નામોદય, નર્મોદય, અનુપાલક, શંખપાલક, અયંપુલ અને કાતર. તેઓનો દેવ અર્હત્ (ગોશાલક) છે. માતાપિતાની સેવા કરનારા તેઓ પણ આ પાંચ પ્રકારના ફળને ખાતા નથી: ઉંબરાનાં ફળ, વડનાં ફળ, બોર, સતરનાં ફળ અને પીંપળાનાં ફળ. તેઓ કુંગળી, લસણ અને કંદમૂલના વિવર્જક છે. તેઓ નહિ ખસી કરેલા, તથા નહીં નાથેલા એવા બળદો વડે જંગમ જીવોની હિંસારહિત વ્યાપાર વડે આજીવિકા કરે છે. જ્યારે એ ગોશાલકના શ્રાવકો પણ એ પ્રકારે (અહિંસા) ધર્મને ઇચ્છે છે, તો પછી જે આ શ્રમણોપાસકો છે, તેઓને માટે શું કહેવું? તેઓએ આ પંદર કર્માદાનો[૩] પોતે ન કરવાં, બીજા પાસે ન કરાવવાં, કે કરનારને અનુમતિ ન આપવી.

---

૧. પાંખ વગેરેના કાપવા વડે.

૨. ચામડી ઉતારવા વડે.

૩. કર્મબંધનના હેતુરૂપ વ્યાપારો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧. અંગારકર્મ (અંગારા પાડવા, વેચવા કે ઈંટોના ભઠ્ઠા પકવવા વગેરે). ૨. વનકર્મ (વન છેદવું, વેચવું ઇ૦) ૩. શકટકર્મ (ગાડાં ફેરવવાં, તૈયાર કરવાં, વેચવાં ઇ૦). ૪. ભાટકર્મ (બીજાની વસ્તુઓ ભાડે ગાડાં ભરીને બીજે ઠેકાણે લઈ જવી ઇ૦). ૫. સ્ફોટકર્મ (જમીનને હળ કોદાળી વગેરે વડે ફોડવી). દંતવાણિજ્ય (હાથીદાંત, ચર્મ, ચામર વગેરેનો વેપાર). ૭. લાક્ષાવાણિજ્ય (લાખ વગેરેનો વેપાર). ૮. કેશવાણિજ્ય (કેશવાળાં ગાય, ભેંસ, સ્ત્રી વગેરેનો વેપાર). ૯. રસવાણિજ્ય (દારૂ વગેરેનો વેપાર). ૧૦. વિષવાણિજ્ય (ઝેર, શસ્ત્ર વગેરેનો વેપાર). ૧૧. યંત્રપીલનકર્મ (કોલુ, ઘાણી વગેરે ચલાવવાં). ૧૨. નિર્લાંછનકર્મ (પશુઓને ખસી કરવાં વગેરે). ૧૩. દવાગ્નિદાપન (દવ સળગાવવા ઇ૦). ૧૪. સરોવર–તળાવ વગેરેનું શોષણ; અને ૧૫. અસતીપોષણ (દાસી વગેરે રાખી કમાણી કરવી).

આ કર્માદાનો ત્યાગનારા શ્રમણોપાસકો પવિત્ર (શુક્લ) અને પવિત્રતાપ્રધાન થઈ ને, મરણકાળે મરણ પામી, કોઈ પણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. — શતક ૮, ઉદ્દે૦ ૫

૧૨

અસ્તિકાયનો સિદ્ધાંત

રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યની પાસે થોડે દૂર ઘણા અન્યતીર્થિકો રહેતા હતા. તેમનાં નામ આ પ્રમાણે હતાં: કાલોદાયી, શૈલોદાયી, સેવાલોદાયી, ઉદય, નામોદય, નર્મોદય,[૧] અન્યપાલક, શૈલપાલક, શંખપાલક,[૧] અને સુહસ્તી ગૃહપતિ.

૧. આ નામો તથા ઉપર જણાવેલ આજીવિક શ્રાવકોનાં નામોમાંનાં ઘણાં મળતાં આવે છે. પા. પ૬૪.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ એક વાર એકઠા બેસી વાતો કરતા હતા. તે વખતે તેમને થયું કે, શ્રમણ જ્ઞાતપુત્ર (મહાવીર) પાંચ અસ્તિકાયો[૧] ઉપદેશે છે. તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ અજીવકાય છે; અને જીવાસ્તિકાય એ જીવકાય છે. વળી ધર્મ૦ અધર્મ૦ આકાશ૦ અને જીવ૦ એ ચાર અસ્તિકાયો અરૂપી છે; અને પુદ્ગલાસ્તિકાય રૂપી છે. આ બધું કેમ માની શકાય?

તે અરસામાં જ ભગવાન મહાવીર ફરતા ફરતા રાજગૃહમાં આવી પહોંચ્યા અને ગુણશિલ ચૈત્યમાં ઊતર્યા. એક વખત મહાવીરના મોટા શિષ્ય ગૌતમગોત્રી ઇંદ્રભૂતિ રાજગૃહમાં ભિક્ષા માગી પાછા ફરતા હતા, ત્યારે પેલા અન્યતીર્થિકોએ તેમને બોલાવીને પોતાનો અભિપ્રાય તેમની આગળ વ્યક્ત કર્યો. ત્યારે ગૌતમે તેમને કહ્યું, 'હે દેવાનુપ્રિયો! અમે વિદ્યમાન વસ્તુને અવિદ્યમાન નથી કહેતા અને અવિદ્યમાનને વિદ્યમાન નથી કહેતા. અમે તો અસ્તિભાવને જ અસ્તિ કહીએ છીએ અને નાસ્તિભાવને નાસ્તિ કહીએ છીએ. માટે હે દેવાનુપ્રિયો! જ્ઞાન વડે તમે સ્વયમેવ એ અર્થનો વિચાર કરો'. આમ કહી ગૌતમ ચાલ્યા ગયા.

ત્યાર પછી એક વખત મહાવીર ભગવાન ઘણાં માણસોને ધર્મકથા સંભળાવતા હતા, ત્યારે કાલોદાયી ત્યાં આવ્યો. તેને આવ્યો જાણી ભગવાને તેને પૂર્વે બીજાઓ સાથે મળીને અસ્તિકાયના સિદ્ધાંત વિષે તેણે કરેલો વિચાર કહી સંભળાવ્યો અને તેને પૂછ્યું કે, એ વાત યથાર્થ છે કે

૧. જુઓ ખંડ ત્રીજો, વિભાગ ૫.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ? ત્યારે કાલોદાયીએ તેની હા પાડી.[1] પછી ભગવાને તેને કહ્યું કે, હે કાલોદાયિ! એ વાત સત્ય છે. હું પાંચ અસ્તિકાયનો સિદ્ધાંત ઉપદેશું છું.

ત્યારે કાલોદાયીએ તેમને કહ્યું, 'હે ભગવન્! એ અરૂપી અજીવકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાયમાં બેસવા-સૂવા-આળોટવાને કોઈ શક્તિમાન છે?'

ભ૦—ના; પરંતુ હે કાલોદાયિ! એક રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયમાં બેસવા-સૂવા-આળોટવાને કોઈ પણ શક્તિમાન છે.

કા૦—હે ભગવન્! એ રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયને જીવોનાં અશુભ ફલસહિત પાપકર્મો લાગે?

ભ૦—ના કાલોદાયિ! પરંતુ અરૂપી જીવકાયને ફલ સહિત કર્મો લાગે.

અહીં કાલોદાયી બોધ પામ્યો, અને તેણે ભગવાન પાસે સ્કંદની પેઠે પ્રવજ્યા સ્વીકારી.

—શતક ૭, ઉદ્દે૦ ૧૦

૧૩
એકસાથે બે ક્રિયા ન હોય

ગૌ૦—હે ભગવન્! અન્યતીર્થિકો એમ કહે છે કે, એક જીવ એક સમયે બે ક્રિયાઓ કરે છે: ઐર્યાપથિકી અને

---

૧. આ પ્રમાણે શંકા પૂછવા આવનારને તેની શંકા કહેતા પહેલાં દિવ્યજ્ઞાનથી જાણી લઈ કહી બતાવવાની અને શંકા કરનારમાં દલીલ કરતાં ચમત્કારથી વિશ્વાસ ઉત્પન્ન કરાવવાની હકીકત આ ગ્રંથમાં ઠેર ઠેર આવે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાંપરાયિકી. જ્યારે તે ઐર્યાપથિકી કરે છે, ત્યારે સાંપરાયિકી કરે છે, અને જ્યારે સાંપરાયિકી કરે છે ત્યારે ઐર્યાપથિકી કરે છે. તથા ઐર્યાપથિકી કરવાથી સાંપરાયિકી કરે છે, અને સાંપરાયિકી કરવાથી ઐર્યાપથિકી કરે છે. હે ભગવન્! તે એ પ્રમાણે કેવી રીતે હોય?

મ૦—હે ગૌતમ! તેઓનું એ કહેવું ખોટું છે. હું એ પ્રમાણે કહું છું કે, એક જીવ એક સમયે એક ક્રિયા જ કરે છે.[૧]

— શતક ૧, ઉદ્દે૦ ૧૦

---

૧. કારણ કે ઐર્યાપથિકીનું કારણ કષાય વિનાની સ્થિતિ છે. અને સાંપરાયિકીનું કારણ કષાયવાળી સ્થિતિ છે માટે તે બંને પરસ્પર વિરુદ્ધ ક્રિયાની ઉત્પત્તિ એક જ કાળે કેવી રીતે હોઈ શકે? — ટીકા.

આગળ (પા. ૪૭૧) ઉપર 'એક કાળે એક જીવ બે આયુષ્ય ઉપાર્જી શકે છે' એવું માનનારાનો મત જણાવ્યો છે. તે મત અને આ મતને બહુ અંતર હોય એમ જણાતું નથી. કારણ કે, એક કાળે બે આયુષ્ય ઉપાર્જવાનું માનનારે પણ એક કાળે બે ક્રિયા કરવાનું માનવું જોઈએ. વિશેષાવશ્યકસૂત્રમાં (ગા. ૨૪૨૪–૫) ગંગ નામના આચાર્ય તથા તેમના સામે કાંઠે રહેનારા ધનગુપ્ત નામના ગુરુની કથા છે. ગંગ એક વખત ગુરુને વંદન કરવા ચાલતા નદી પાર કરતા હતા; તે વખતે ઉપર તાપથી તેમના ટાલિયા માથાને તાપ લાગતો હતો, અને નીચે પગ પાણીમાં હોવાથી ઠંડક લાગતી હતી. તેથી તેમણે એક કાળે બે ક્રિયાના અનુભવનો સિદ્ધાંત કાઢ્યો પછી મણિનાગ નામના મહાવીરના અનુયાયી નાગે તેમને કરડીને મારી નાખવાની ધમકી આપી, ત્યારે તે ઉપદેશ આપવાનું તેમણે છોડ્યું!

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતી-સાર

ખંડ ૫ મો

વિજ્ઞાન-ખંડ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧

ખગોળ

૧. સૂર્ય

૧

ગૌ૦—હે ભગવન્! જેટલે દૂરથી ઊગતો સૂર્ય શીઘ્ર નજરે પડે છે, તેટલે જ દૂરથી આથમતો સૂર્ય પણ શીઘ્ર નજરે જોવાય છે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! ઊગતો સૂર્ય પોતાના તાપ દ્વારા જેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે, તેટલા જ ક્ષેત્રને આથમતો સૂર્ય પણ પ્રકાશિત કરે છે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! સૂર્ય જે ક્ષેત્રને પ્રકાશિત કરે છે, તે ક્ષેત્ર સૂર્યથી સ્પર્શાયેલું હોય છે કે અસ્પર્શાયેલું?

મ૦—હે ગૌતમ! સ્પર્શાયેલું હોય છે.

—શતક ૧, ઉદ્દે૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨

ચંપા નગરીમાં પૂર્ણભદ્ર ચૈત્યમાં મહાવીર ભગવાન ઊતર્યા હતા, ત્યારનો પ્રસંગ છે.

ગૌ૦—હે ભગવન્! જંબુદ્વીપમાં સૂર્યો ઈશાનખૂણામાંથી ઊગીને અગ્નિખૂણામાં આથમે છે, અગ્નિખૂણામાં ઊગીને નૈઋર્ત્યખૂણામાં આથમે છે, નૈઋર્ત્યખૂણામાં ઊગીને વાયવ્યખૂણામાં આથમે છે, અને વાયવ્યખૂણામાં ઊગીને ઈશાનખૂણામાં આથમે છે?

મ૦—હા ગૌતમ! એ જ પ્રમાણે ચંદ્રનું પણ જાણવું.

વિવરણ: જૈન માન્યતા અન્ય માન્યતાઓ કરતાં જુદી છે. 'એક જ સૂર્ય પશ્ચિમ તરફના દરિયામાં પેસી, પાતાળમાં જઈને ફરી પૂર્વ તરફના સમુદ્ર ઉપર ઊગે છે,' એમ જૈનો નથી માનતા. તેઓની માન્યતા મુજબ થાળી જેવા જંબુદ્વીપના મધ્યમાં મેરુ છે. તેની આસપાસ સૂર્યચંદ્રાદિ ફર્યા કરે છે. એક અહોરાત્રનાં ૩૦ મુહૂર્તમાં સૂર્ય વગેરે મેરુ પર્વતની આસપાસનું માત્ર અર્ધું જ વર્તુળ ફરી શકે છે. જેથી ભરતવર્ષમાં રાત જ્યારે પૂરી થાય, ત્યારે જે સૂર્ય આગલે દિવસે પ્રકાશ્યો હતો, તે મેરુ પર્વતની વાયવ્ય દિશાએ આવી શકે. તેથી તે સમયે ભરતવર્ષની પૂર્વમાં જે સૂર્ય ઊગે છે, તે આગલી સંધ્યાએ આથમેલો સૂર્ય ન હોઈ શકે, પણ તેનાથી બીજો જ સૂર્ય હોઈ શકે. ત્રીજે દિવસે સવારે પાછો પહેલા દિવસનો સૂર્ય તે દરમ્યાન આગ્નેયી દિશાએ આવી પહોંચીને ઊગે છે. અને એ વ્યવસ્થા નિરંતર ચાલ્યા કરે છે. આથી જૈનો જંબુદ્વીપમાં બે ચંદ્ર, બે સૂર્ય એ પ્રમાણે બધું એવડું માને છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભરતવર્ષમાં તો એક કાળે એમાંથી એકેક જ દેખાય છે, પણ બંને અત્યંત સમાન હોવાથી દેખાવમાં કશો ભેદ પડતો નથી.

જંબુદ્વીપ ઉપર જેટલા જ્યોતિષ્કો છે, તેથી બીજા દ્વીપો અને સમુદ્રો ઉપર સ્વાભાવિક રીતે જ વધારે હોય છે. કારણ કે તે મેરુથી બહુ દૂર આવેલા છે. એમ લવણ-સમુદ્રમાં જૈનો ચાર સૂર્ય માને છે, ધાતકીખંડમાં ૧૨, કાલોદધિમાં ૪૨, અને અર્ધા પુષ્કરદ્વીપમાં ૭૨. એ રીતે મનુષ્યલોકમાં સૌ મળીને ૧૩૨ સૂર્ય તથા ૧૩૨ ચંદ્ર છે.

જોકે સૂર્ય બધી દિશાઓમાં ગોળ ફરે છે, તો પણ તેનો પ્રકાશ મર્યાદિત છે. તેથી જેટલી હદ સુધી સૂર્યનો પ્રકાશ જેટલો વખત પહોંચે, તેટલી હદમાં તેટલો વખત દિવસ કહેવાય છે. અને બાકીનામાં રાત્રી કહેવાય છે. વળી જગતમાં બે સૂર્યની હાજરી હોવાથી એક જ વખતે બે દિશામાં દિવસ હોય, અને બે દિશામાં રાત્રી હોય.

ગૌ૦—હે ભગવન્! જ્યારે જંબુદ્વીપના દક્ષિણ તરફના ભાગમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તર તરફના ભાગમાં પણ દિવસ હોય છે, અને તે વખતે મેરુની પૂર્વ પશ્ચિમે રાત્રી હોય છે?

મ૦—હા ગૌતમ! તે પ્રમાણે પૂર્વપશ્ચિમમાં દિવસ હોય, ત્યારે ઉત્તરદક્ષિણે રાત્રી હોય.

વળી, મોટામાં મોટો દિવસ અઢાર મુહૂર્તનો અને નાનામાં નાની રાત્રી બાર મુહૂર્તની હોય છે. જે ક્રમ પ્રમાણે દિવસનું માપ ઓછું થાય, તે ક્રમ પ્રમાણે રાત્રીનું માપ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્ષુનું જાય. એમ બાર મુહૂર્તનો નાનામાં નાનો દિવસ અને ૧૮ મુહૂર્તની મોટામાં મોટી રાત્રી થાય.[૧]

— શતક ૫, ઉદ્દે૦ ૧

૩

ગૌ૦—હે ભગવન્! જંબુદ્વીપમાં બે સૂર્યો ઊગવાને સમયે દૂર છતાં પાસે દેખાય છે, મધ્યાહ્ન સમયે પાસે છતાં દૂર દેખાય છે, અને આથમવાને સમયે દૂર છતાં પાસે દેખાય છે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! જંબુદ્વીપમાં બે સૂર્યો ઊગવાને સમયે, મધ્યાહ્ન સમયે અને આથમવાને સમયે ઊંચાઈમાં સરખા છે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! તો પછી ઊગવાને અને આથમવાને સમયે તે પાસે કેમ દેખાય છે, અને મધ્યાહ્ન સમયે દૂર કેમ દેખાય છે?

મ૦—હે ગૌતમ! તેજના પ્રતિઘાતથી તેમ બને છે.

૧. ટીકામાં જણાવ્યા પ્રમાણે સૂર્યનાં બધાં મળી ૧૮૪ મંડળ છે. તેમાં જ્યારે સૌથી અંદરના મંડળમાં સૂર્ય હોય ત્યારે ૧૮ મુહૂર્તનો સૌથી મોટો દિવસ હોય. અને જ્યારે સૌથી બહારના મંડળમાં સૂર્ય હોય, ત્યારે નાનામાં નાનો ૧૨ મુહૂર્તનો દિવસ હોય. રાત્રી અને દિવસનાં બધાં મળી ૩૦ મુહૂર્ત છે. માટે દિવસ વધે તેમ રાત્રી ઘટે; અને રાત્રી વધે ત્યારે દિવસ ઘટે. કારણ કે કુલ ૩૦ મુહૂર્ત થવાં જોઈએ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! જંબુદ્વીપમાં સૂર્ય કેટલું ક્ષેત્ર ઊંચે તપાવે છે, કેટલું નીચે તપાવે છે, અને કેટલું તીરછું તપાવે છે?

મ૦—હે ગૌતમ! સો યોજન ઊંચેનું, અઢારસો યોજન નીચેનું, અને સુડતાલીસ હજાર બસેં ત્રેસઠ યોજન તથા એક યોજનના સાઠિયા એકવીશ ભાગ જેટલું તીરછું ક્ષેત્ર તપાવે છે.

ગૌ૦—હે ભગવન્! માનુષોત્તર પર્વતની અંદર જે ચંદ્રો, સૂર્યો, ગ્રહગણ, નક્ષત્ર અને તારારૂપ દેવો છે, તે શું (કલ્પ-સ્વર્ગથી પણ) ઉપર આવેલા છે, કલ્પોમાં આવેલા છે, સામાન્ય વિમાનોમાં આવેલા છે, જ્યોતિશ્ચક્રની મંડલગતિના ક્ષેત્રમાં આવેલા છે, જ્યોતિશ્ચક્રના સ્થિતિક્ષેત્રમાં[૧] આવેલા છે, ગતિમાં પ્રીતિવાળા છે, તથા ગતિયુક્ત છે?

મ૦—હે ગૌતમ! તેઓ કલ્પની ઉપર, કલ્પમાં કે વિમાનોમાં નથી આવેલા, પણ જ્યોતિશ્ચક્રની મંડલગતિના ક્ષેત્રમાં આવેલા છે, તથા ગતિમાં પ્રીતિવાળા તથા ગતિયુક્ત છે. પરંતુ માનુષક્ષેત્રની બહાર જે ચંદ્રાદિ છે, તેઓ ગતિ વિનાના છે.

—શતક ૮, ઉદ્દે૦ ૮.

૪.

એક વખત ભગવંત ગૌતમે તુરતનો ઊગેલો અને જાસૂમણાના પુષ્પના પુંજ જેવો રાતો બાલસૂર્ય જોયો. તે

---

૧. જે જ્યોતિષ્કો સ્થિર રહે છે, મંડલગતિ કરતા નથી. તેમના ક્ષેત્રમાં.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈને તે મહાવીર ભગવાન પાસે આવીને પૂછવા લાગ્યા, 'હે ભગવન્! સૂર્ય એ શું છે? અને હે ભગવન્! સૂર્યનો અર્થ શો છે?'

મ૦—હે ગૌતમ! સૂર્ય એ શુભ પદાર્થ છે, અને સૂર્યનો અર્થ પણ શુભ છે.[૧]

—શતક ૧૪, ઉદ્દે૦ ૬

૨. ચંદ્ર

રાજગૃહ નગરમાં ગૌતમ સ્વામી પૂછે છે: હે ભગવન્! જંબુદ્વીપમાં કેટલા ચંદ્રોએ પ્રકાશ કર્યો, કેટલા પ્રકાશ કરે છે, અને કેટલા પ્રકાશ કરશે?

મ૦—હે ગૌતમ! જંબુદ્વીપમાં બે ચંદ્રે પ્રકાશ કર્યો છે, કરે છે, અને કરશે; તે જ પ્રમાણે સૂર્ય પણ બે સમજવા. એકેક ચંદ્ર તથા સૂર્યનો પરિવાર ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર, અને ૬૬૭૫ ઉપર ૧૪ મીંડાં એટલા તારાઓ છે.

—શતક ૬, ઉદ્દે૦ ૨

૩. ગ્રહણ

ગૌ૦—હે ભગવન્! ઘણા માણસો પરસ્પર એમ કહે છે કે, રાહુ ચંદ્રને ગ્રસે છે. હે ભગવન્! એમ કેમ હોય?

---

૧. આનો શો અર્થ થયો? ટીકાકાર જણાવે છે કે, સૂર્ય વિમાનમાં આવેલા પૃથ્વીકાયિકોની આતપ નામની પુણ્ય પ્રકૃતિના ઉદયમાં રહેલ હોવાથી સૂર્યવસ્તુ શુભસ્વરૂપી છે; વળી લોકોમાં પણ તે પ્રશસ્ત જ મનાય છે; તથા જ્યોતિષ્કોનો તે ઇંદ્ર છે. સૂર્યનો અર્થ: સૂર એટલે કે ક્ષમાવીર, તપવીર, દાનવીર, સંગ્રામવીર ઇત્યાદિ વીરો પ્રત્યે હિતકારક તે સૂર્ય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ ! એ લોકો જે કહે છે, તે અસત્ય કહે છે. હું તો આ પ્રમાણે કહું છું : રાહુ મહા ઋદ્ધિવાળો, મહા સુખવાળો, ઉત્તમ વસ્ત્રો, ઉત્તમ માલા, ઉત્તમ સુગંધ અને ઉત્તમ આભૂષણ ધારણ કરનાર દેવ છે. તે રાહુ દેવનાં નવ નામો કહ્યાં છે : શૃંગાટક, જટિલક, ક્ષત્રક, ખર, દર્દુર, મકર, મત્સ્ય, કચ્છપ અને કૃષ્ણસર્પ. તે રાહુદેવનાં વિમાનો પાંચ વર્ણવાળાં છે : કાળાં, લીલાં, લાલ, પીળાં અને શુક્લ. તેમાં રાહુનું જે કાળું વિમાન છે, તે કાજળના જેવા વર્ણવાળું છે. જે લીલું વિમાન છે, તે કાચા તુંબડાના વર્ણ જેવું છે. જે લાલ વર્ણનું વિમાન છે, તે મજીઠના વર્ણ જેવું છે. જે પીળું વિમાન છે, તે હળદરના વર્ણ જેવું છે. અને જે ધોળું વિમાન છે, તે રાળના ઢગલાના વર્ણ જેવું છે. જ્યારે આવતો કે જતો, વિવિધરૂપ ધારણ કરતો કે કામક્રીડા કરતો રાહુ પૂર્વમાં રહેલા ચંદ્રના પ્રકાશને આવરીને પશ્ચિમ તરફ જાય, ત્યારે ચંદ્ર પૂર્વમાં દેખાય છે અને રાહુ પશ્ચિમમાં દેખાય છે. એ પ્રમાણે અન્ય દિશાઓનું પણ જાણવું.

પરંતુ જ્યારે આવતો કે જતો, વિવિધ રૂપ ધારણ કરતો કે કામક્રીડા કરતો રાહુ ચંદ્રની જ્યોત્સ્નાનું આવરણ કરતો કરતો સ્થિતિ કરે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે કે, 'રાહુ ચંદ્રને ગ્રસે છે.' એ પ્રમાણે જ્યારે રાહુ આવતો કે જતો, ચંદ્રના પ્રકાશને આવરીને પાસે થઈને નીકળી જાય, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે કે, 'ચંદ્રે રાહુની કુક્ષિ ભેદી,' અર્થાત્ રાહુની કુક્ષિમાં પ્રવેશ કર્યો. એ પ્રમાણે જ્યારે રાહુ ચંદ્રની લેશ્યાને ઢાંકીને પાછો વળે,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે કે, 'રાહુએ ચંદ્રને વમ્યો.' એ પ્રમાણે જ્યારે રાહુ ચંદ્રના પ્રકાશને ચારે દિશાએ આવરીને રહે, ત્યારે મનુષ્યો કહે છે કે, 'રાહુએ ચંદ્રને ગ્રસ્યો.'

ગૌ૦—હે ભગવન્! રાહુ કેટલા પ્રકારના કહ્યા છે?

ભ૦—હે ગૌતમ! રાહુ બે પ્રકારના કહ્યા છે: ધ્રુવરાહુ (નિત્યરાહુ) અને પર્વરાહુ. તેમાં જે ધ્રુવરાહુ છે, તે કૃષ્ણપક્ષના પડવાથી માંડીને (પ્રતિદિવસ) પોતાના પંદરમા ભાગ વડે ચંદ્રબિંબના પંદરમા ભાગને ઢાંકતો રહે છે: પડવાને દિવસે પ્રથમ ભાગને ઢાંકે છે, બીજને દિવસે બીજા ભાગને .....એમ અમાવાસ્યાને દિવસે ચંદ્રના પંદરમા ભાગને ઢાંકે છે, અને કૃષ્ણપક્ષને છેલ્લે સમયે ચંદ્ર સર્વથા આચ્છાદિત થાય છે. પછી શુક્લપક્ષના પડવાથી માંડીને દરરોજ રાહુ ચંદ્રની લેશ્યાના પંદરમા ભાગને વધુ ને વધુ દેખાડતો જાય છે, અને શુક્લપક્ષને છેવટને સમયે ચંદ્ર રાહુથી સર્વથા મુક્ત હોય છે. પર્વરાહુ તો ઓછામાં ઓછા છ માસે ચંદ્રને કે સૂર્યને ઢાંકે છે; અને વધારેમાં વધારે ૪૨ માસે ચંદ્રને અને વધારેમાં વધારે અડતાલીસ વર્ષે સૂર્યને ઢાંકે છે.[૧]

---

૧. ટીકામાંથી: શંકા — ચંદ્રનું વિમાન તો ૫૬૧ ભાગ ઓછું એવું એક યોજન છે; જ્યારે રાહુનું વિમાન ગ્રહવિમાન હોવાથી, અર્ધું યોજન છે. તો પછી પોતાનાથી મોટા એવા ચંદ્ર વિમાનને રાહુનું વિમાન આખું શી રીતે ઢાંકે? સમા૦—ગ્રહવિમાનનું માપ અર્ધો યોજન જણાવ્યું છે, તે તો સામાન્યતઃ જણાવ્યું છે. એટલે રાહુનું વિમાન મોટું પણ હોઈ શકે. બીજા એમ પણ કહે છે કે, રાહુનું વિમાન તો નાનું જ છે, પણ એનાં અંધારાં કિરણોનું જાળ મોટું હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! શાથી ચંદ્રને 'સસી'—સશ્રી—એ પ્રમાણે કહે છે?

ભ૦—હે ગૌતમ! જ્યોતિષ્કના ઇંદ્ર અને જ્યોતિષ્કના રાજા ચંદ્રના મૃગાંક વિમાનમાં મનોહર દેવો, મનોહર દેવીઓ, મનોહર આસન, શયન, સ્તંભ તથા સુંદર પાત્ર વગેરે ઉપકરણો છે; તથા ચંદ્ર પોતે પણ સૌમ્ય, કાંત, સુભગ, પ્રિયદર્શન, અને સુરૂપ છે. તે માટે ચંદ્ર 'સસી'—સશ્રી—શોભાસહિત કહેવાય છે.

ગૌ૦—હે ભગવન્! શા હેતુથી સૂર્યને આદિત્ય (આદિમાં થયેલો) એમ કહેવાય છે?

ભ૦—હે ગૌતમ! સમયો, આવલિકાઓથી માંડીને ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓનો આદિભૂત—કારણ—સૂર્ય છે, માટે આદિત્ય આદિમાં થનાર કહેવાય છે. [અર્થાત્ કાલના સમય, આવલિકા, આદિ ભેદો સૂર્યની અપેક્ષાએ થાય છે, માટે સૂર્ય અહોરાત્રાદિ કાલનો આદિભૂત હોવાથી આદિત્ય કહેવાય છે.]

—શતક ૧૨, ઉદ્દે૦ ૬

૪. અજવાળું-અંધારું

ગૌ૦—હે ભગવન્! દિવસે અજવાળું અને રાત્રીએ અંધારું શાથી હોય છે?

ભ૦—હે ગૌતમ! દિવસે સારાં પુદ્ગલો હોય છે અને સારો પુદ્ગલપરિણામ હોય છે. તથા રાત્રિમાં અશુભ પુદ્ગલો હોય છે અને અશુભ પુદ્ગલ-પરિણામ હોય છે. તેથી તેમ થાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! નૈરયિકોને પ્રકાશ હોય છે કે અંધકાર?

ભ૦—હે ગૌતમ! અંધકાર હોય છે. કારણ કે નૈરયિકોને[૧] અશુભ પુદ્ગલ તથા અશુભ પુદ્ગલપરિણામ છે.

ગૌ૦—હે ભગવન્! અસુરકુમારોને પ્રકાશ છે કે અંધકાર?

ભ૦—હે ગૌતમ! પ્રકાશ હોય છે. કારણ કે તેઓને શુભપુદ્ગલો છે અને શુભ પુદ્ગલપરિણામ છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

પૃથ્વીકાયિકથી માંડીને ત્રેઇંદ્રિય સુધીના જીવોને નૈરયિકો જેવા જાણવા.[૨]

ચતુરિન્દ્રિયોને પ્રકાશ પણ હોય છે.[૩] કારણ કે તેમને શુભ અને અશુભ પુદ્ગલ હોય છે તથા શુભ અને અશુભ પુદ્ગલ પરિણામ હોય છે. તે પ્રમાણે મનુષ્યો સુધી જાણી

---

૧. એટલે કે તેઓના ક્ષેત્રમાં.

૨. તેઓ આ ક્ષેત્રમાં પણ છે, અને અહીં સૂર્યનાં કિરણ વગેરેનો સંબંધ પણ છે, છતાં તેઓને અંધકાર કહ્યો તેનું કારણ એ છે કે, તેઓને નેત્ર ઇંદ્રિય નથી. માટે તેઓ તરફ શુભ પુદ્ગલનું કાર્ય ન થતું હોવાથી તેઓને અપેક્ષી અશુભ પુદ્ગલો કહે છે.

૩. ચતુરિંદ્રિય જીવોને આંખ હોવાને લીધે રવિકિરણાદિનો સદ્ભાવ હોય ત્યારે દૃશ્ય પદાર્થના જ્ઞાનમાં હેતુ હોવાથી શુભ પુદ્ગલો કહ્યાં છે, અને રવિકિરણાદિનો સંસર્ગ ન હોય ત્યારે પદાર્થજ્ઞાનનાં અજનક હોવાથી અશુભ પુદ્ગલો કહ્યાં છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લેવું. જેમ અસુરકુમારો કહ્યા, તેમ વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક માટે જાણવું.

— શતક ૫, ઉદ્દે૦ ૯

૫. તમસ્કાય

તમસ્ – અંધારાં પુદ્ગલો – નો કાય – એટલે રાશિ તે તમસ્કાય. આ લોકમાં આવેલો એક ખાસ તમસ્કાય અહીં વિવક્ષિત છે. તે તમસ્કાય કાં તો પૃથ્વીકાય હોઈ શકે કે અપ્કાય હોઈ શકે. કારણ કે એ બે કાયો સિવાયનો કોઈ તમસ્કાય જેવો હોઈ શકે નહીં. તેમાં શંકા છે:

ગૌ૦—હે ભગવન્! આ તમસ્કાય પૃથ્વીતમસ્કાય છે કે પાણીતમસ્કાય છે?

ભ૦—હે ગૌતમ! તે પાણી–તમસ્કાય છે. કારણ કે કેટલોક મણિ વગેરે જેવો પૃથ્વીકાય તો પ્રકાશિત પણ હોય છે; પરંતુ પાણીતમસ્કાય તો અંધારો જ હોય.

ગૌ૦—હે ભગવન્! એ તમસ્કાય ક્યાંથી શરૂ થયો છે અને તેનો અંત ક્યાં છે?

ભ૦—હે ગૌતમ! જંબુદ્વીપની બહાર તીરછે અસંખ્ય દ્વીપો અને સમુદ્રો ઓળંગ્યા પછી અરુણવરદ્વીપ આવે છે. તે દ્વીપની બહારની વેદિકાના અંતથી અરુણોદય સમુદ્રમાં ૪૨ હજાર યોજન દૂર જઈએ, ત્યારે ઉપરિતન જલાંત આવે છે. ત્યાંથી એક પ્રદેશની શ્રેણીએ[૧] તમસ્કાય શરૂ થાય છે. ત્યાંથી શરૂ થઈ તે ૧૭૨૧ યોજન ઊંચો જઈ, ત્યાંથી પાછો તીરછો વિસ્તાર પામતો સૌધર્મ,

૧. એટલે કે સમભિત્તિપણે; નહિ કે એક પ્રદેશવાળી શ્રેણીએ.—ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઈશાન, સનત્કુમાર, અને માહેંદ્ર એ ચારે કલ્પોને પણ આચ્છાદીને ઊંચે પણ બ્રહ્મલોક કલ્પમાં રિષ્ટવિમાનના પ્રસ્તર સુધી તે પહોંચ્યો છે.

તેનો આકાર નીચેની બાજુ કોડિયાના નીચેના ભાગ જેવો છે; અને ઉપર કૂકડાના પાંજરા જેવો છે. કોઈ દેવ આ જંબુદ્વીપને ત્રણ ચપટી વાગતાંમાં ૨૧ વાર ફરી આવે. તેવો દેવ પણ છ મહિના ચાલે છતાં તેના સંખ્યેય વિસ્તૃત ભાગને તો પહોંચે, પણ અસંખ્યેય વિસ્તૃત ભાગને તો ન પહોંચે.[1] તે તમસ્કાયમાં ગામ, ઘર કે સંનિવેશાદિ કાંઈ નથી. માત્ર તેમાં મેઘપુદ્ગલો એકઠાં થવાથી મોટા મેઘ ઉત્પન્ન થાય છે, અને વરસે છે. તે પણ દેવ, અસુર અથવા નાગને કારણે થાય છે. તેમાં જે સ્થૂલ ગર્જના અને વીજળી છે, તે પણ દેવ, અસુર અથવા નાગને કારણે જ છે.[2] તમસ્કાયમાં સ્થૂલ પૃથ્વી અને અગ્નિની હયાતી નથી હોતી. પણ જે બાદર (સ્થૂલ) પૃથ્વી અને બાદર અગ્નિ વિગ્રહ-ગતિમાં વર્તતા હોય છે, તેઓ જ ત્યાં હોઈ શકે છે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ તમસ્કાયમાં નથી, પણ તેને પડખે છે. તેમની પ્રભા તમસ્કાયમાં જાય છે ખરી, પણ ઊલટી પોતે જ અંધારારૂપ થઈ જાય છે. તે તમસ્કાયનો

---

૧. આ બે ભાગોનું કારણ, તેનો કોડિયા જેવો વધતી વિસ્તૃતતાવાળો આકાર છે.

૨. એટલે કે અહીં સ્થૂલ વીજળી શબ્દથી તેજસ્કાયિકો ન સમજવા; કારણકે અહીં તેઓનો નિષેધ કરવાનો છે. પણ દેવના પ્રભાવથી ઉત્પન્ન થયેલાં ભાસ્વર પુદ્ગલોને અહીં સ્થૂલ તેજરૂપે સમજવાનાં છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણ એટલો કાળો, ગંભીર, રૂંવાટાં ઊભાં કરનાર તથા ભયંકર છે, કે તેને જોઈને જ કેટલાકને દેવો પણ ક્ષોભ પામે. અને કદાચ કોઈ દેવ તેમાં પ્રવેશ કરે તોય પણ તે શરીરની ત્વરાથી અને મનની ત્વરાથી તેને જલદી ઉલ્લંઘી જાય. તે તમસ્કાયનાં તેર નામ છે: તમ, તમસ્કાય, અંધકાર, મહાંધકાર, લોકાંધકાર, લોકતમિસ્ર, દેવાંધકાર, દેવતમિસ્ર, દેવારણ્ય, દેવવ્યૂહ, દેવપરિઘ, દેવપ્રતિક્ષોભ અને અરુણોદક સમુદ્ર.

ગૌ૦—હે ભગવન્! તમસ્કાય પૃથ્વીનો પરિણામ છે, પાણીનો પારણામ છે, જીવનો પરિણામ છે કે પુદ્ગલનો પારણામ છે?

મ૦—હે ગૌતમ! તે પાણીનો પણ પરિણામ છે, જીવનો પણ પરિણામ છે અને પુદ્ગલનો પણ પરિણામ છે.[૧] પણ પૃથ્વીનો પારણામ નથી. તે તમસ્કાયમાં સર્વ પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો સ્થૂલ વાયુ, સ્થૂલ વનસ્પતિ અને ત્રસ-પણે અનેક વાર અથવા અનંત વાર પૂર્વે ઉત્પન્ન થયાં છે, પણ સ્થૂલ પૃથ્વીકાયિકપણે અને સ્થૂલ અગ્નિકાયિકપણે નથી થયાં.

— શતક ૬, ઉદ્દે૦ ૫

૬. કૃષ્ણરાજિ

કૃષ્ણરાજિ એટલે કાળાં પુદ્ગલોની રેખા. તેવી આઠ કૃષ્ણરાજિઓ છે.[૨] ઉપર સનતકુમાર–માહેન્દ્ર કલ્પમાં અને

૧. પાણી એ જીવ અને પુદ્ગલના પરિણામરૂપ જ છે.

૨. આ આખો વિભાગ તમસ્કાય જેવો હોવાથી તેમાંથી પ્રશ્નોત્તરો દૂર કર્યા છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નીચે બ્રહ્મલોક કલ્પમાં (અ)રિષ્ટ વિમાનના પ્રસ્તરમાં તે આવેલી છે. તે જેમકે: બે પૂર્વમાં, બે પશ્ચિમમાં, બે દક્ષિણમાં અને બે ઉત્તરમાં. તેમાં પૂર્વ-અભ્યંતર કૃષ્ણરાજિ દક્ષિણ-બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શેલી છે; દક્ષિણ-અભ્યંતર રાજિ પશ્ચિમ-બાહ્યને સ્પર્શેલી છે; પશ્ચિમ-અભ્યંતર રાજિ ઉત્તર-બાહ્યને સ્પર્શેલી છે; અને ઉત્તર-અભ્યંતર રાજિ પૂર્વ-બાહ્યને સ્પર્શેલી છે. પૂર્વની અને પશ્ચિમની બે બાહ્ય રાજિઓ છખૂણી છે. ઉત્તરની અને દક્ષિણની બે બાહ્ય રાજિઓ ત્રાંસી–ત્રિખૂણી છે. પૂર્વની અને પશ્ચિમની બે અભ્યંતર રાજિઓ ચોખંડી છે; અને ઉત્તરની અને દક્ષિણની બે અભ્યંતર રાજિઓ પણ ચોખંડી છે.

તે રાજિઓનો આયામ અસંખ્યેય યોજનસહસ્ર છે, વિષ્કંભ સંખ્યેય યોજનસહસ્ર છે, અને પરિક્ષેપ અસંખ્યેય યોજનસહસ્ર છે. એક વિપળ જેટલા વખતમાં આખા જંબુદ્વીપને એકવીસ વાર ફરી આવે એવો દેવ લાગલાગટ અડધો માસ ચાલે તો પણ તેના સંખ્યેય ભાગને પહોંચે પરંતુ અસંખ્યેય ભાગને ન પહોંચે.

તે રાજિઓમાં ગામ વગેરે નથી. મોટા મેઘો છે; પણ તેને દેવ કરે છે; અસુર કે નાગ નહીં[૧]. સ્થૂલ ગર્જનાના શબ્દોનું મેઘ પ્રમાણે જાણવું. વિગ્રહગતિવાળા સિવાય ત્યાં સ્થૂલ અપ્કાય, સ્થૂલ અગ્નિકાય, અને સ્થૂલ વનસ્પતિકાય હોઈ શકે નહિ. ત્યાં ચંદ્ર કે સૂર્યની પ્રભા પણ નથી. તે

---

૧. કૃષ્ણરાજિ આગળ અસુરકુમારો અને નાગકુમારોનું ગમન સંભવતું નથી.—ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કાળી તથા મહાભયંકર – દેવને પણ ડરાવે તેવી છે. તે કૃષ્ણરાજિનાં આઠ નામ છે : કૃષ્ણરાજિ, મેઘરાજિ, મઘા, માઘવતી, વાતપરિઘા, વાતપરિક્ષોભા, દેવપરિઘા, દેવપરિક્ષોભા.

કૃષ્ણરાજિ પૃથ્વીનો પરિણામ છે, પણ જલનો પરિણામ નથી. તથા જીવનો પણ પરિણામ છે અને પુદ્ગલનો પણ પરિણામ છે. તેમાં સર્વ પ્રાણો ભૂતો વગેરે પૂર્વે અનેક વાર અથવા અનંત વાર ઉત્પન્ન થયાં છે, પણ સ્થૂલ અપ્કાયપણે, સ્થૂલ અગ્નિકાયપણે, અને સ્થૂલ વનસ્પતિકાયપણે ઉત્પન્ન થયાં નથી.

— શતક ૬, ઉદ્દે૦ ૫

૨ : ભૂગોળ

૧

ઋતુઓ

ગૌ૦—હે ભગવન્! જ્યારે જંબુદ્વીપના દક્ષિણાર્ધમાં વર્ષાની મોસમનો પ્રથમ સમય હોય, ત્યારે ઉત્તરાર્ધમાં પણ હોય; તથા દક્ષિણાર્ધમાં વરસાદની શરૂઆત થાય છે તે જ સમય પછી તુરત જ બીજા સમયે મંદર (મેરુ) પર્વતની પૂર્વ પશ્ચિમે પણ વરસાદની શરૂઆત હોય?

મ૦—હા ગૌતમ! એ જ પ્રમાણે અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર એ બધાં સંબંધે પણ સમયની પેઠે જાણવું. (પાંચ વરસનો) યુગ, વર્ષશત, વર્ષસહસ્ર, તથા એમ છેક પલ્યોપમ અને સાગરોપમ સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! જ્યારે જંબુદ્વીપમાં દક્ષિણાર્ધમાં પ્રથમ અવસર્પિણી હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ પ્રથમ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અવસર્પિણી હોય છે; અને જ્યારે ઉત્તરાર્ધમાં પણ તેમ હોય છે, ત્યારે જંબુદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમે અવસર્પિણી નથી તેમ ઉત્સર્પિણી નથી, પણ ત્યાં અવસ્થિત કાળ છે?

મ૦—હા ગૌતમ!

—શતક ૫, ઉદ્દે૦ ૧

૨

વાયુઓ

ગૌ૦—હે ભગવન્! ઈષત્પુરોવાત (એટલે કે થોડી ભીનાશવાળા[૧]), પથ્યવાત (એટલે વનસ્પતિ વગેરેને હિતકર), મંદવાયુ, અને મહાવાયુ વાય છે?

મ૦—હા ગૌતમ! તે વાયુઓ બધી દિશાઓમાં અને ખૂણાઓમાં છે. જ્યારે પૂર્વમાં ઈષત્પુરોવાત વગેરે વાયુઓ વાય છે, ત્યારે તે બધા પશ્ચિમમાં પણ વાય છે; અને જ્યારે પશ્ચિમમાં તે બધા વાય છે, ત્યારે પૂર્વમાં પણ તે બધા વાય છે. એમ બધી દિશાઓ અને ખૂણાઓમાં સમજવું.

વળી, તે બધા વાયુઓ દ્વીપોમાં તેમ જ સમુદ્રોમાં પણ હોય છે. પરંતુ એટલો ફેર છે કે, જ્યારે દ્વીપના વાયુ વાતા હોય છે, ત્યારે સમુદ્રના નથી વાતા; અને જ્યારે સમુદ્રના વાતા હોય ત્યારે દ્વીપના નથી વાતા.[૨]

---

૧. પુરોગામી વાયુમાં પ્રાયઃ ભીનાશ હોય છે એમ લૌકિક વાયુશાસ્ત્રીઓ કહે છે. ત્રેહને 'ઓસ' પણ કહે છે.

૨. ગરમીની મોસમમાં જે શીત વાયુઓ વાય છે તે સમુદ્ર તરફથી આવેલા હોય છે. તે વખતે જમીનના ઉષ્ણ વાયુઓ વાતા નથી. આમ જમીનના અને સમુદ્રના વાયુમાં પરસ્પર વિરુદ્ધ ગુણ હોવાથી તે બંને એક સાથે વાઈ શકે નહીં.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! ઇષિતપુરોવાત વગેરે વાયુઓ કયારે વાય છે?

મ૦—હે ગૌતમ! જ્યારે વાયુકાય પોતાના સ્વભાવપૂર્વક ગતિ કરે છે, ત્યારે તે બધા વાયુ વાય છે. અથવા વાયુકાય વૈક્રિયશરીર બનાવીને ગતિ કરે છે, ત્યારે તે બધા વાયુ વાય છે. અથવા જ્યારે વાયુકુમારો અને વાયુકુમારીઓ પોતાને, બીજાને કે બંને માટે વાયુકાયને ઉદીરે છે, ત્યારે તે બધા વાયુઓ વાય છે.

— શતક ૫, ઉદ્દે૦ ૨

૪

ભરતીઓટ

ગૌ૦—હે ભગવન્! લવણસમુદ્ર ચૌદશને દિવસે, આઠમને દિવસે, અમાસને દિવસે, અને પૂનમને દિવસે વધારે કેમ વધે છે અને વધારે કેમ ઘટે છે?

મ૦—હે ગૌતમ! લવણસમુદ્રની વચ્ચે ચારે દિશામાં ચાર મોટા પાતાળકળશો છે: વડવામુખ, કેયૂપ, યૂપ અને ઇશ્વર. તેમનો ઉદ્વેધ એક લાખ યોજનનો છે. તેમનો મૂળનો વિષ્કંભ દશહજાર યોજનનો છે, મધ્યમ વિષ્કંભ લાખ યોજનનો છે, અને મુખભાગનો વિષ્કંભ દશહજાર યોજનનો છે. તે કલશોના ત્રણ ભાગ છે — નીચેનો, વચલો અને ઉપરનો. તેમાં જે નીચેનો ભાગ છે તેમાં વાયુ છે, વચલામાં પાણી અને વાયુ છે, તથા ઉપરના ભાગમાં પાણી છે. એ ઉપરાંત લવણસમુદ્રમાં બીજા પણ નાના (એકહજાર યોજનના ઉદ્વેધવાળા, તથા સો, સો હજાર અને સો યોજનના

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમે વિષ્કંભવાળા) સાત હજાર આઠસો ચોરાશી ક્ષુદ્ર કલશો છે. તે દરેકના ત્રણ ભાગોમાં પણ એ રીતે વાયુ, વાયુ-પાણી અને પાણી રહેલાં છે. જ્યારે તે કલશોના વાયુઓમાં વિક્ષોભ થાય છે, ત્યારે લવણસમુદ્રમાં પાણીના વધારો ઘટાડો દેખાય છે.

— શતક ૩, ઉદ્દે૦ ૩

૪

વૃષ્ટિ

ગૌ૦—હે ભગવન્! શું એમ છે કે કાળે વરસનાર પર્જન્ય (મેઘ) વૃષ્ટિકાય (જલસમૂહ) ને વરસાવે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! જ્યારે દેવેન્દ્ર અને દેવનો રાજા શક્ર વૃષ્ટિ કરવાની ઇચ્છાવાળો હોય, ત્યારે તે કેવી રીતે વૃષ્ટિ કરે?

મ૦—હે ગૌતમ! ત્યારે દેવેન્દ્ર શક્ર અભ્યન્તર પરિષદના દેવોને બોલાવે છે, તે દેવો મધ્યમ પરિષદના દેવોને બોલાવે છે, તે દેવો બહારની પરિષદના દેવોને બોલાવે છે, ત્યાર પછી તે દેવો બહાર-બહારના દેવોને બોલાવે છે. પછી તે દેવો આભિયોગિક (દાસ) દેવોને બોલાવે છે; તે દેવો વૃષ્ટિકાયિક (વૃષ્ટિ કરનારા) દેવોને બોલાવે છે. પછી તે વૃષ્ટિકાયિક દેવો વૃષ્ટિ કરે છે.

ગૌ૦—હે ભગવન્! અસુરકુમાર દેવો પણ શું વૃષ્ટિ કરે છે?

મ૦—હા ગૌતમ! અરિહંત ભગવંતોના જન્મદીક્ષા —

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનોત્પત્તિ — નિર્વાણના ઉત્સવ પ્રસંગે તેઓ પણ વૃષ્ટિ કરે છે. એમ વૈમાનિક સુધીના દેવો માટે સમજવું.[1]

— શતક ૧૪, ઉદ્દે૦ ૬

૫
દિશાઓ

ગૌ૦—હે ભગવન્! આ પૂર્વ દિશા એ શું કહેવાય છે?

મ૦—હે ગૌતમ! (ત્યાં એકેન્દ્રિયાદિ જીવ રહેલ હોવાથી) તે જીવરૂપ, તેમ જ (ત્યાં પુદ્ગલાસ્તિકાય વગેરે અજીવ પદાર્થ રહેલા હોવાથી) અજીવરૂપ પણ કહેવાય છે. એ પ્રમાણે બધી દિશાઓનું જાણવું. દિશાઓ દશ છે: પૂર્વ, પૂર્વદક્ષિણ (અગ્નિકોણ), દક્ષિણ, દક્ષિણપશ્ચિમ (નૈઋર્તકોણ) પશ્ચિમ, પશ્ચિમોત્તર (વાયવ્યકોણ), ઉત્તર, ઉત્તરપૂર્વ (ઈશાનકોણ), ઊર્ધ્વ અને અધો. તેમનાં અનુક્રમે નામો (તેમના સ્વામી દેવોના નામ પ્રમાણે) ઐન્દ્રી (પૂર્વ) આગ્નેયી (અગ્નિકોણ), યામ્યા (દક્ષિણ), નૈઋર્તી (નૈઋર્તકોણ), વારુણી (પશ્ચિમ), વાયવ્યા, સોમ્યા (ઉત્તર), ઐશાની (ઈશાનકોણ), વિમલા (ઊર્ધ્વ દિશા પ્રકાશ યુક્ત હોવાથી), અને તમા (અધો દિશા અંધકાર-યુક્ત હોવાથી).

---

૧. એ પ્રમાણે જ્યારે તમરકાય (અંધારું) કરવું હોય ત્યારે તમરકાયિક (તમરકાય કરનાર) દેવોને બોલાવવામાં આવે અને તેઓ તમરકાય કરે. અસુરકુમાર દેવો પણ ક્રીડા કે રતિ નિમિત્તે, શત્રુને મોહ પમાડવા માટે, છુપાવેલા દ્રવ્યને સાચવવા માટે અને પોતાના શરીરને ઢાંકી દેવા માટે તમરકાય કરે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! ઐન્દ્રી (પૂર્વ) દિશા જીવરૂપ છે. જીવના દેશરૂપ છે, કે જીવના પ્રદેશરૂપ છે? અથવા અજીવરૂપ છે, અજીવના દેશરૂપ છે, કે અજીવના પ્રદેશરૂપ છે?

ભ૦—હે ગૌતમ! તેમાં જે જીવો છે, તે અવશ્ય એકેંદ્રિય, બે ઇંદ્રિય, એમ પંચેંદ્રિય સુધી, તથા અનિંદ્રિય (સિદ્ધો) છે. જીવના દેશો અને પ્રદેશો પણ તે બધાના જાણવા. જે અજીવો છે, તે બે પ્રકારના છે: રૂપી અને અરૂપી. તેમાં જે રૂપી અજીવ છે તે ચાર પ્રકારના છે: સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણુ-પુદ્ગલ. જે અરૂપી અજીવો છે, તે સાત પ્રકારના છે: નોધર્માસ્તિકાયરૂપ[1] ધર્માસ્તિકાયનો દેશ, ધર્માસ્તિકાયના પ્રદેશો, નોઅધર્માસ્તિકાયરૂપ અધર્માસ્તિકાયનો દેશ, અધર્માસ્તિકાયના પ્રદેશો, નોઆકાશાસ્તિકાયરૂપ આકાશાસ્તિકાયનો દેશ, આકાશાસ્તિકાયના પ્રદેશો, અને અદ્ધાસમય (કાલ).

ગૌ૦—હે ભગવન્! આગ્નેયી દિશા (અગ્નિકોણ) શું જીવસ્વરૂપ છે, જીવદેશરૂપ છે. . . (ઉપર પ્રમાણે) અજીવના પ્રદેશરૂપ પણ છે.

ભ૦—હે ગૌતમ! અગ્નિકોણ નોજીવરૂપ[2] જીવના દેશ

---

૧. પ્રાચીન દિશાને અખંડ ધર્માસ્તિકાયરૂપ ન કહી શકાય; તેથી તે નોધર્માસ્તિકાયરૂપ છે. તે પ્રમાણે નોઅધર્માસ્તિકાયરૂપ પણ જાણવી.

૨. આગ્નેયી દિશા જીવસ્વરૂપ નથી. કારણ કે દરેક વિદિશાનો વ્યાસ એક પ્રદેશરૂપ છે. અને એક પ્રદેશમાં જીવનો સમાવેશ થતો નથી; કેમકે તેની અવગાહના અસંખ્યેય પ્રદેશાત્મક છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને પ્રદેશરૂપ છે; અજીવરૂપ છે, અજીવના દેશરૂપ છે, અને અજીવના પ્રદેશરૂપ પણ છે. તેમાં જે જીવના દેશો છે ત અવશ્ય એકેન્દ્રિય જીવના દેશો[૧] છે, અથવા એકેન્દ્રિયોના દેશો અને બે ઇંદ્રિયનો દેશ[૧] છે, અથવા એકેંદ્રિયોના દેશો અને બે ઇંદ્રિયના દેશો છે; અથવા એકેંદ્રિયોના દેશો અને બે ઇંદ્રિયોના દેશો છે. અથવા એકેંદ્રિયોના દેશો અને ત્રિઇંદ્રિયનો દેશ છે. એમ અહીં પણ ત્રણ વિકલ્પો જાણવા. એમ અનિંદ્રિય સુધી ત્રણ વિકલ્પો જાણવા.

તેમાં જે જીવના પ્રદેશો છે, તે અવશ્ય એકેંદ્રિયોના પ્રદેશો છે, અથવા એકેંદ્રિયોના પ્રદેશો અને બે ઇંદ્રિયના પ્રદેશો છે, અથવા એકેંદ્રિયોના પ્રદેશો અને બે ઇંદ્રિયોના પ્રદેશો છે. એમ સર્વત્ર પ્રથમ સિવાયના બે વિકલ્પો જાણવા[૨] એ પ્રમાણે અનિંદ્રિય સુધી જાણવું. અજીવો માટેનું બધું ઉપર પ્રમાણે જાણવું.

યામ્યા (દક્ષિણા), વારુણી (પશ્ચિમ), અને સોમ્યા (ઉત્તર) દિશાઓને માટે પૂર્વ દિશાની પેઠે જાણવું. અને નૈર્ઋતી, વાયવ્ય, અને ઐશાની દિશાઓ માટે આગ્નેયી પેઠે જાણવું. વિમલા (ઊર્ધ્વ) દિશામાં[૩] આગ્નેયીની પેઠે

---

૧. કારણ કે એકેંદ્રિય જીવો સકલલોકમાં વ્યાપેલા હોવાથી આગ્નેયીમાં પણ તે તો અવશ્ય હોય જ. પરંતુ દ્વિઇંદ્રિય તો અલ્પ જ હોવાથી કદાચિત્ એક પણ સંભવે.

૨. કારણ કે લોકવ્યાપી અવસ્થામાં રહેલા અનિન્દ્રિય (મુક્ત) જીવ સિવાય બધા જીવોનો જ્યાં એક પ્રદેશ હોય છે, ત્યાં તે અસંખ્ય હોય છે.

૩. વિમલામાં જીવોનો અવગાહ ન હોવાથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીવો જાણવા; અને ઐન્દ્રીની પેઠે અજીવો જાણવા. એ પ્રમાણે તમા (અધો) દિશા માટે પણ જાણવું; પરંતુ તેમાં અરૂપી જીવો છ પ્રકારના જ કહેવા; કારણ કે ત્યાં અદ્ધા-સમય (કાલ) નથી.[૧]

—શતક ૧૦, ઉદ્દે૦ ૧

હે ગૌતમ! જંબુદ્વીપમાં મેરુ પર્વતના અરોબર મધ્ય ભાગને વિષે આ રત્નપ્રભા પૃથ્વીના ઉપર અને નીચેના ક્ષુદ્ર (સર્વ કરતાં લઘુ) એવા બે પ્રતરો છે. તેને વિષે તિર્યગ્-લોકના મધ્યભાગરૂપ આઠ પ્રદેશનો રુચક કહેલો છે; ત્યાંથી આ દશ દિશાઓ નીકળે છે.

તેમાં ઐન્દ્રી દિશાની આદિમાં રુચક છે. તેની આદિમાં બે પ્રદેશો છે. બે પ્રદેશની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. લોકની અપેક્ષાએ તે અસંખ્યાત પ્રદેશવાળી છે, અને અલોકની અપેક્ષાએ અનંત પ્રદેશાત્મક છે. લોકની અપેક્ષાએ આદિ અને અંત સહિત છે અને અલોકની અપેક્ષાએ સાદિ અને અનંત છે. લોકની અપેક્ષાએ તે મૃદંગને આકારે છે અને અલોકની અપેક્ષાએ ગાડાની ઊધને આકારે કહેલી છે.

આગ્નેયી દિશા પણ એ પ્રમાણે જાણવી. પરંતુ તેની આદિમાં એક પ્રદેશ છે. તે ઉત્તરોત્તર વૃદ્ધિ રહિત છે,

---

૧. સમયનો વ્યવહાર સૂર્યના પ્રકાશ ઉપર અવલંબિત છે. તે પ્રકાશ તમા વિષે નથી, માટે ત્યાં અદ્ધાસમય (કાલ) નથી. વિમલાને વિષે પણ ગતિમાન સૂર્યનો પ્રકાશ નથી; તો પણ મેરુપર્વતના સ્ફટિક કાંડને વિષે ગતિમાન સૂર્યના પ્રકાશનો સંક્રમ થાય છે. — ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક પ્રદેશના વિસ્તારવાળી છે. તે તૂટી ગયેલી મોતીની માળાને આકારે છે.

ઐન્દ્રી પ્રમાણે ચારે દિશા ગણવી, અને આગ્નેયી પ્રમાણે વિદિશાઓ જાણવી.

વિમલા દિશાની આદિમાં ચાર પ્રદેશ છે. તે બે પ્રદેશના વિસ્તારવાળી છે. ઉત્તરોત્તર વૃદ્ધિ રહિત છે. બાકી બધું આગ્નેયી પ્રમાણે જાણવું, પણ તેનો આકાર રુચક જેવો જાણવો. એ પ્રમાણે તમાદિશા પણ જાણવી.

— શતક ૧૩, ઉદ્દે૦ ૪

૩ : ઓષધિ

૧

ગૌ૦—હે ભગવન્! ઓદન, કુલ્માષ અને મદિરા એ ત્રણે દ્રવ્યો કયા જીવનાં શરીરો કહેવાય?

ભ૦—હે ગૌતમ! તે ત્રણેમાં જે ઘન (કઠણ) પદાર્થ છે, તે તેમના જૂના આકારની અપેક્ષાએ વનસ્પતિજીવનાં શરીરો છે. અને જ્યારે તે ખાણિયા વગેરે શસ્ત્રોથી કુટાય છે, નવા આકારનાં ધારક થાય છે, અને અગ્નિથી તેમના વર્ણો (રંગો) બદલાય છે, અગ્નિથી પોતાના પૂર્વ સ્વભાવને છોડનારાં થાય છે, અને અગ્નિથી નવા આકારનાં ધારક થાય છે, ત્યારે તે દ્રવ્યો અગ્નિનાં શરીરો કહેવાય છે. વળી સુરા (મદિરા) માં જે પ્રવાહી પદાર્થ છે, તે તેના જૂના આકારની અપેક્ષાએ પાણીના જીવનાં શરીરો છે; અને જ્યારે તે પ્રવાહી ભાગ શસ્ત્રથી કુટાય છે . . . તથા અગ્નિથી જુદા રંગને ધારણ કરે છે, ત્યારે તે ભાગ અગ્નિકાયનાં શરીરો છે એમ કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે પ્રમાણે લોહું, તાંબુ, કોયલો, કાટ વગેરે દ્રવ્યો તેમના જૂના આકારની અપેક્ષાએ પૃથ્વીજીવનાં શરીરો છે, અને પછી શસ્ત્ર દ્વારા કુટાયા પછી...અગ્નિજીવનાં શરીરો કહેવાય છે. તે પ્રમાણે માત્ર હાડકું વગેરે ત્રસજીવનાં શરીર છે; પણ આગથી વિકૃત થયેલ હાડકું, ચામડું વગેરે જૂના આકારની અપેક્ષાએ ત્રસજીવનાં શરીર હોઈ, શસ્ત્ર દ્વારા સંઘટ્ટિત થયા બાદ અગ્નિના જીવનાં શરીર કહેવાય. તે પ્રમાણે અંગારો, રાખ, (બળેલું)[૧] છાણું વગેરે જૂના આકારની અપેક્ષાએ એકેંદ્રિય જીવનાં શરીર કહેવાય કે યથાસંભવ પંચેંદ્રિય જીવનાં[૧] શરીર પણ કહેવાય. પરંતુ શસ્ત્ર દ્વારા સંઘટ્ટિત થયા પછી...અગ્નિના જીવનાં શરીરો કહેવાય.

— શતક ૫, ઉદ્દે૦ ૨

૨

ગૌ૦—હે ભગવન્! શાલી, વ્રીહિ, ઘઉં, જવ, અને જવજવ એ બધાં ધાન્યો કોઠલામાં હોય, વાંસના પાલામાં હોય, માંચામાં હોય, માળમાં હોય, છાણથી લિપ્ત હોય, ઢાંકેલાં હોય, માટી વગેરે વડે મુદ્રિત કરેલાં હોય, તો તેઓની યોનિ – અંકુરની ઉત્પત્તિમાં હેતુભૂત શક્તિ કેટલો કાળ કાયમ રહે?

---

૧. અંગારો અને રાખ તો મૂળ અવસ્થામાં લીલા લાકડામાંથી થયેલ સૂકા લાકડાની બને છે, અને તે લાકડું તો એકેંદ્રિય જીવ જ છે. પણ છાણ તો ગાય વગેરેએ જ્યારે ઘાસ ખાઈને કર્યું હોય ત્યારે એકેંદ્રિય જીવના શરીરરૂપ હોય છે, પણ જ્યારે બે ઇંદ્રિયવાળા ત્રણ ઇંદ્રિયવાળા વગેરે જીવોનું ભક્ષણ કરીને કરેલું હોય, ત્યારે તે બે ઇંદ્રિયોવાળા વગેરે જીવના શરીરરૂપ હોય છે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભ૦—હે ગૌતમ ! ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત, અને વધારેમાં વધારે ત્રણ વરસ કાયમ રહે. ત્યારબાદ તે યોનિ મ્લાન થાય છે, અને પ્રતિધ્વંસ પામે છે. પછી તે બીજ અ–બીજ થાય છે.

તે પ્રમાણે કલાય, મસૂર તલ, મગ, અડદ, વાલ, કળથી, ચોળા, તુવેર અને ગોળ ચણાનું પણ જાણવું. પણ વધારેમાં વધારે પાંચ વર્ષ જાણવાં. તે પ્રમાણે અળસી, કુસુંભ, કોદરા, કાંગ, બંટી, શણ, સરસવ એને મૂલકબીજનું પણ જાણવું, પણ વધારેમાં વધારે સાત વર્ષ જાણવાં.

—શતક ૬, ઉદ્દે૦ ૭

૩

ગૌ૦—હે ભગવન્ ! વનસ્પતિકાયિકો કયા કાળે સૌથી અલ્પ આહારવાળા હોય છે, અને કયા કાળે સૌથી મહા-આહારવાળા હોય છે ?

ભ૦—હે ગૌતમ ! શ્રાવણ, ભાદરવો અને કારતકમાં મહાઆહારવાળા હોય છે. પછી શરદમાં, પછી હેમાંતમાં, પછી વસંતમાં અને પછી ગ્રીષ્મઋતુમાં અનુક્રમે અલ્પ આહારવાળા હોય છે. ગ્રીષ્મમાં સૌથી અલ્પ આહારવાળા હોય છે.

ગૌ૦—હે ભગવન્ ! ગ્રીષ્મમાં જે વનસ્પતિકાયિક સૌથી અલ્પ આહારવાળા હોય, તો ઘણા વનસ્પતિકાયિકો ગ્રીષ્મમાં પાંદડાંવાળા, પુષ્પવાળા, ફળવાળા, લીલાછમ દીપતા અને વનની શોભા વડે અત્યંત સુશોભિત કેમ હોય છે ?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! ગ્રીષ્મઋતુમાં ઘણા ઉષ્ણયોનિવાળા જીવો અને પુદ્ગલો વનસ્પતિકાયપણે ઊપજે છે, અને વધે છે, તેથી ગ્રીષ્મઋતુમાં તેમ થાય છે.

ગૌ૦—હે ભગવન્! મૂલો મૂલના જીવથી વ્યાપ્ત છે, કંદો કંદના જીવથી વ્યાપ્ત છે, અને એમ બીજો બીજના જીવથી વ્યાપ્ત છે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! જો મૂલો મૂલના જીવથી વ્યાપ્ત છે ઇ૦, તો વનસ્પતિકાયિક કેવી રીતે આહાર કરે અને કેવી રીતે પરિણમાવે?

મ૦—હે ગૌતમ! મૂલો મૂલના જીવથી વ્યાપ્ત છે, અને તે પૃથ્વીના જીવ સાથે સંબદ્ધ છે, માટે વનસ્પતિકાયિકજીવો આહાર કરે છે અને તેને પરિણમાવે છે. એ પ્રમાણે બીજો બીજના જીવથી વ્યાપ્ત છે, અને તે ફલના જીવ સાથે સંબદ્ધ છે, માટે તે આહાર કરે છે અને તેને પરિણમાવે છે.

ગૌ૦—હે ભગવન્! આલુ (બટાટા), મૂળા, આદુ, હિરિલી, સિરિલિ, સિસ્સિરિલિ, કિટ્ટિકા, છિરિયા, છીરવિદારિકા, વજ્રકંદ, સૂરણકંદ, એલુડા, આર્દ્રભદ્રમોથ, પિંડહરિદ્રા, રોહિણી, હૂથીહૂ, થિરુગા, મુદ્ગપર્ણી, અશ્વકર્ણી, સિંહકર્ણી, સીહંઢી, મુસુંઢી અને તેવા પ્રકારની બીજી વનસ્પતિઓ શું અનંત જીવવાળી, અને ભિન્ન ભિન્ન જીવવાળી છે?

મ૦—હા ગૌતમ!

—શતક ૭, ઉદ્દે૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

ગૌ૦—હે ભગવન્! વૃક્ષો કેટલા પ્રકારનાં કહ્યાં છે?

મ૦—હે ગૌતમ! વૃક્ષો ત્રણ પ્રકારનાં કહ્યાં છે: સંખ્યાત જીવવાળાં, અસંખ્યાત જીવવાળાં (તાડ, તમાલ, નાળિયેરી વગેરે)[૧] અને અનંત જીવવાળાં (બટાકા, આદુ, વગેરે). તેમાં અસંખ્યાત જીવવાળાંના બે પ્રકાર છે: એક બીજવાળાં (નિંબ, આમ્ર, જાંબુ, ઇ૦); અને બહુ બીજવાળાં (કોદું, બીલું, ઉંબરો વગેરે.) —શતક ૮, ઉદ્દે૦ ૩

૫

ગૌ૦—હે ભગવન્! ઉત્પલ એક જીવવાળું છે કે અનેક જીવવાળું છે?

મ૦—હે ગૌતમ! તે એક જીવવાળું છે, પણ અનેક જીવવાળું નથી. ત્યાર પછી જ્યારે તે ઉત્પલને બીજા જીવો — જીવાશ્રિત પાંદડાં વગેરે અવયવો — ઊગે છે, ત્યારે તે ઉત્પલ એક જીવવાળું નથી, પણ અનેક જીવવાળું છે.[૨]

ગૌ૦—હે ભગવન્! તે જીવો ક્યાંથી આવીને ઊપજે છે?

મ૦—હે ગૌતમ! તે જીવો નૈરયિકથી આવીને ઊપજતા નથી, પણ તિર્યંચથી, મનુષ્યથી કે દેવથી[૩] આવીને ઊપજે છે.

---

૧. જુઓ પ્રજ્ઞાપના પદ ૧, પૃ૦ ૩૩–૧.

૨. જ્યાં સુધી એક જ પાન હોય છે, ત્યાં સુધી એક જ જીવ હોય; પણ પછી પાન વધતાં જાય, તેમ તેમ બહુ જીવો ત્યાં ઉત્પન્ન થાય.

૩. દેવમાં પણ સનત્કુમારથી ઉપરના લોકોમાંથી નહીં. વળી શાલી, ઘઉં વગેરેના મૂળપણે દેવ કદી ન ઉત્પન્ન થાય, પણ પુષ્પાદિ શુભ અંગમાં ઉત્પન્ન થાય. —શતક ૨૧, ઉદ્દે૦ ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! તે જીવો ઉત્પલ જાતિમાં એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય?

ભ૦—ઓછામાં ઓછા એક, બે કે ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત કે અસંખ્યાત જીવો એક સમયમાં ઉત્પન્ન થાય. અને સમયે સમયે અસંખ્ય કાઢવામાં આવે તો અસંખ્ય અવસર્પિણી અને ઉત્સર્પિણી જવા છતાં પૂરા કાઢી ન શકાય. તેમના શરીરની* અવગાહના ઓછામાં ઓછી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અને વધારેમાં વધારે કંઈક અધિક હજાર યોજન હોય છે.[૧]

તે જીવ અથવા જીવો જ્ઞાનાવરણીયથી અંતરાય સુધીના કર્મના બંધક છે; આયુષ્યકર્મના બંધક કે અબંધક, કે બંને પણ છે.[૨] જ્ઞાનાવરણીય કર્મથી માંડીને અંતરાય કર્મ સુધીના કર્મના વેદકત્વનું પણ તે પ્રમાણે જાણવું. તે પ્રમાણે તેમને સાતાના તેમ જ અસાતાના વેદક જાણવા; તેઓ જ્ઞાનાવરણીયથી અંતરાય સુધીનાં કર્મોના ઉદયવાળા છે; તે કર્મોના ઉદીરક પણ છે. પરંતુ વેદનીય અને આયુષ કર્મના ઉદીરણની અપેક્ષાએ કોઈ ઉદીરક છે, કોઈ નથી. વનસ્પતિજીવને પ્રથમ ચાર લેશ્યાઓ હોય. એટલે ઉત્પલના જીવોનું પણ તેમ જાણવું.

---

* શાલી, વ્રીહિ વગેરેના મૂળના જીવના શરીરની વધારેમાં વધારે અવગાહના એથી નવ ધનુષ્ય જેટલી છે.

— શતક ૨૧, ઉદ્દે૦ ૧.

૧. અસંખ્ય સમુદ્રો વગેરેમાંથી તેવા પ્રકારના કોઈ સમુદ્રમાં તેટલી મોટા અવગાહના હશે. — ટીકા.

૨. એક છોડમાં અનેક જીવ હોવાથી કોઈ બાંધતો હોય, કોઈ ન બાંધતો હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે જીવો મિથ્યાદૃષ્ટિ છે; અજ્ઞાની છે; [મન-વાણીના યોગ સિવાય] માત્ર કાયયોગી છે; સાકાર કે નિરાકાર ઉપયોગવાળા છે; તેમનાં શરીરો પાંચ વર્ણવાળાં, પાંચ રસવાળાં, બે એ ગંધવાળાં અને આઠ સ્પર્શવાળાં છે. તે જીવો પોતે વર્ણાદિરહિત છે; ઉચ્છ્વાસક-નિઃશ્વાસક છે, (તથા અપર્યાપ્ત અવસ્થામાં) અનુચ્છ્વાસક-નિઃશ્વાસક પણ છે; તે જીવો આહારક છે અને વિગ્રહગતિમાં અનાહારક પણ છે; તેઓ અવિરતિવાળા છે; સક્રિય છે; સાત અથવા આઠ કર્મના બંધક છે; આહાર-ભય-મૈથુન-પરિગ્રહ સંજ્ઞાના ઉપયોગવાળા છે; ક્રોધ-માન-માયા-લોભ કષાયવાળા છે; નપુંસક વેદવાળા જ છે; પણ સ્ત્રીવેદના, પુરુષવેદના તેમ જ નપુંસકવેદના બંધક તો છે; તેઓ અસંજ્ઞી છે; તથા એકેન્દ્રિયવાળા છે.

તે ઉત્પલનો જીવ ઉત્પલપણે કાળની અપેક્ષાએ ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત સુધી રહે અને વધારેમાં વધારે અસંખ્ય-કાલ સુધી રહે. તે ઉત્પલનો જીવ પૃથ્વીકાયિકમાં આવે અને ફરી પાછો ઉત્પલમાં આવે એ પ્રમાણે ભવની અપેક્ષાએ ઓછામાં ઓછા બે ભવ[1] અને વધારેમાં વધારે અસંખ્યાત ભવ સુધી ગમનાગમન કરે. એમ વાયુકાયિક સુધી સમજવું. પણ વનસ્પતિમાં આવે તો ઓછામાં ઓછા બે ભવ અને વધારેમાં વધારે અનંત ભવ સુધી ગમનાગમન કરે. બે ઇન્દ્રિયની અપેક્ષાએ ઓછામાં ઓછા બે ભવ, અને વધારેમાં વધારે સંખ્યાત ભવો ગમનાગમન કરે. એમ ચતુરિંદ્રિય જીવ સુધી ગમનાગમનનો કાલ સમજવો.

---

૧. પ્રથમ ભવ પૃથ્વીકાયિકપણે, અને બીજો ઉત્પલપણે, ત્યાર પછી મનુષ્યાદિ ગતિમાં આવે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પંચેંદ્રિય તિર્યંચની અપેક્ષાએ ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે આઠ ભવ કરે. એમ મનુષ્યની અપેક્ષાએ પણ જાણવું.

તેમનું આયુષ્ય ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે દશ હજાર વર્ષ છે.[૧] તેમને વેદના–કષાય–મારણાંતિક એ ત્રણ સમુદ્‌ઘાત હોય છે. તેઓ મરીને તરત નૈરયિકોમાં ન ઉત્પન્ન થાય, પરંતુ તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પન્ન થાય, પણ દેવોમાં ન ઉત્પન્ન થાય. સર્વ જીવો અનેક વાર અથવા અનંત વાર ઉત્પલના મૂલપણે, કંદપણે ઇત્યાદિપણે પૂર્વે ઉત્પન્ન થયા છે.

— શતક ૧૧, ઉદ્દે૦ ૧

ટિપ્પણો

ટિપ્પણ નં. ૧:

આ પ્રકરણમાં જેમ ઉત્પલના જીવ સંબંધે કહ્યું, તથા ૨૧મા શતકમાં શાલી વગેરેના મૂળ તથા કંદ માટે કહ્યું તેમ અનેક ધાન્યો તથા વનસ્પતિ માટે ઉપર જણાવેલ બધી વિગતોએ મૂળ ગ્રંથમાં વક્તવ્યતા છે. તે બધીમાં કોઈ ખાસ વિશેષ નથી; પણ શરીરની અવગાહના કે આયુષમાં વગેરેમાં

---

૧. શાલી વ્રીહિ વગેરેના મૂળના જીવની વધારેમાં વધારે સ્થિતિ એથી નવ વર્ષ જેટલી છે. — શતક ૨૧, ઉદ્દે૦ ૧. આ ઉપરાંત તે કેકાણે તે બધાના સ્કંધ, ત્વચા, કંદ, શાખા, પ્રવાલ, પાંદડાં, પુષ્પ, ફળ અને બીજના જીવોની પણ વક્તવ્યતા છે. વધુ માટે જુઓ પ્રકરણને અંતે ટિપ્પણ નં. ૧. પુષ્પના જીવોમાં દેવ પણ ઉત્પન્ન થાય છે એટલો વિશેષ છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કાંઈ ફેર પડતો હોય છે. તે બધાંનાં નામ સંધરાય તે દૃષ્ટિએ અહીં જુદા જુદા વર્ગોનાં નામ ઉતાર્યાં છે:

૧. કલાય–વટાણા, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કલથી, આલિસંદક, સટિન, અને પલિમંથક–ચણા. (શાલી મુજબ).

૨. અળસી, કુસુંબ, કોદરા, કાંગ, રાળ, તુવેર, કોદ્રૂસા, સણ, સરસવ, અને મૂળકબીજ. (શાલી મુજબ)

૩. વાંસ, વેણુ, કનક, કર્કાવંશ, ચારુવંશ, દંડા, કુડા, વિમા, અંડા, વેણુકા અને કલ્યાણી. (શાલી મુજબ: પણ અહીં કોઈ ઠેકાણે દેવ ઉત્પન્ન નથી થતા, તથા ત્રણ જ લેસ્યા ગણવી.)

૪. ઇક્ષુ–શેરડી, ઇક્ષુવાટિકા, વીરણ, ઇક્કડ, ભમાસ, સૂંડ, શર, વેત્ર (નેતર), તિમિર, સતપોરગ અને નડ. (શાલી મુજબ. પણ સ્કંધની બાબતમાં દેવો પણ ઉત્પન્ન થાય છે, તથા તેઓને ચાર લેસ્યાઓ હોય છે એમ કહેવું.)

૫. સેડિય, ભંતિય, દર્ભ, કોંતિય, દર્ભકુશ, પર્વક, પોટ્ટેઇલિ (પોઇદઇલિ), અર્જુન (અંજન), આષાઢક, રોહિતક, સમુ, અ(ત)વખીર, ભુસ, એરંડ, કુરુકુંદ, કરકર, સૂંઠ, વિભંગ, મધુરયણ (મધુવયણ), થુરગ, શિલ્પિક અને સુંકલીતૃણ. (વાંસના વર્ગ મુજબ.)

૬. અભ્રરુહ,[1] વાયણ, હરિતક, તાંદળજો, તૃણ, વત્થુલ, પોરક, માર્જારક, વિલ્લિ (ચિલ્લિ), પાલક્ક, દગપિપ્પલી, દવ્વિદર્વી, સ્વસ્તિક, શાકમંડુકી, મૂલક, સરસવ, અંબિલશાક, જિયંતગ. (વાંસના વર્ગ મુજબ.)

૧. વૃક્ષ ઉપર થતી અમુક પ્રકારની વનસ્પતિ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૭. તુલસી, કૃષ્ણ, દરાલ, કૃષ્ણેજ્જા, અજ્જા, ચૂતણા, ચોરા, જીરા, દમણા, મરુયા, ઇંદીવર અને શતપુષ્પ. (વાંસના વર્ગ મુજબ.)

—શતક ૨૧

૪ : ગતિ અને બંધ

૧

ગતિ

ગૌતમ—હે ભગવન્! ગતિપ્રપાતો કેટલા પ્રકારના છે?

મ૦—હે ગૌતમ! પાંચ પ્રકારના છે: ૧. પ્રયોગગતિ—એટલે કે મન-વાણી-કાયાના વ્યાપારો વડે મન વગેરેના પુદ્ગલોની ગતિ. ૨. ततगति—એટલે કે ગામ જવું વગેરેરૂપ વિસ્તારવાળી ગતિ. ૩. બંધનછેદન ગતિ—એટલે કે બંધનના છેદનથી થતી ગતિ, જેમકે જીવમુક્ત શરીરની કે શરીરમુક્ત જીવની. ૪. ઉપપાતગતિ—એટલે કે ક્ષેત્રાદિકમાં ગતિ, જેમકે આકાશાદિકમાં નારકાદિ જીવો, સિદ્ધ જીવો અથવા પુદ્ગલોની ગતિ. અને ૫. વિહાયોગતિ—એટલે કે આકાશમાં ગમન કરવું તે; જેમકે પરમાણુની લોકાન્ત સુધીની.

—શતક ૮, ઉદ્દે૦ ૭

૨

બંધ

ગૌ૦—હે ભગવન્! બંધ કેટલા પ્રકારનો કહ્યો છે?

મ૦—હે ગૌતમ! બે પ્રકારનો છે: પ્રયોગ (કૃત્રિમ) બંધ અને વિસ્રસા (સ્વાભાવિક) બંધ. ૧. તેમાં વિસ્રસાબંધ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બે પ્રકારનો છે: આદિ અને અનાદિ. તેમાં અનાદિ વિસ્રસાબંધ ત્રણ પ્રકારનો છે: ધર્માસ્તિકાયનો અન્યોન્ય અનાદિ વિસ્રસાબંધ, તેમ જ અધર્માસ્તિકાયનો અને આકાશાસ્તિકાયનો.[૧]

સાદિવિસ્રસાબંધ ત્રણ પ્રકારનો છે: (૧) બંધન-પ્રત્યયિક — એટલે કે સ્નિગ્ધત્વાદિ ગુણ દ્વારા દ્વિપ્રદેશિકાદિ પરમાણુઓનો બંધ. (૨) ભાજનપ્રત્યયિક — એટલે કે ભાજન — આધારને નિમિત્તે થતો બંધ.[૨] અને (૩) પરિણામ-પ્રત્યયિક — એટલે કે રૂપાન્તર નિમિત્તે થતો બંધ.[૩]

૨. પ્રયોગબંધના ત્રણ પ્રકાર છે: (૧) અનાદિ અનંત. (૨) સાદિ અનંત અને (૩) સાદિ સાંત.

પ્રયોગબંધ એટલે જીવના વ્યાપારવડે જીવપ્રદેશોનો અને ઔદારિકાદિ શરીરના પુદ્ગલોનો જે બંધ થાય તે.

---

૧. તે બંધ દેશબંધ છે, પણ સર્વબંધ નથી. ધર્માસ્તિકાયાદિના પ્રદેશોનો બીજા પ્રદેશો સાથે પરસ્પર સંબંધ તે દેશબંધ. ને તેમનો સર્વબંધ હોય તો એક પ્રદેશમાં બીજા સર્વ પ્રદેશોનો અંતર્ભાવ થાય, અને તેથી ધર્માસ્તિકાયાદિ એક એક પ્રદેશરૂપ થાય.— ટીકા. વળી તે ત્રણેનો તે બંધ સર્વકાલ સુધી હોય છે.

૨. નવી મદિરાનો, નવા ગોળનો અને નવા ચોખાનો ભાજનપ્રત્યયિક બંધ છે. એક ભાજનમાં રહેલી નવી મદિરા ઘટ્ટ થાય છે અને નવા ગોળ તથા ચોખાનો પિંડ થાય છે.

૩. વાદળાં, ઇંદ્રધનુષ, સંધ્યા, ગાંધર્વનગર, વીજળી, દિગ્દાહ, ધૂળની વૃષ્ટિ, ધૂમિકા, મહિકા, ચંદ્રગ્રહણ, કિરણના લીસોટા ઇ૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) અનાદિ અનંત બંધ તો જીવના આઠ મધ્ય પ્રદેશોનો છે. [જીવ અસંખ્યાત પ્રદેશિક છે. પણ તેમાં વચ્ચેના જે આઠ પ્રદેશો છે તે ગમે ત્યારે (એટલે કે કેવલિસમુદ્‌ઘાત વખતે પણ, કે જ્યારે જીવ સમગ્રલોકને વ્યાપીને રહે છે, ત્યારે) પણ તેવી જ સ્થિતિમાં રહે છે. બાકીના જીવ-પ્રદેશોમાં સંકોચ વિકાસરૂપે વિપરિવર્તન થયાં કરે છે. એટલે આ આઠ પ્રદેશોનો બંધ અનાદિઅનંત છે.[૧]]

(૨) સાદિ અનંત બંધ સિદ્ધના જીવપ્રદેશોનો છે. (૩) સાદિ સાંત બંધ ચાર પ્રકારનો છેઃ અ. આલાપન બંધ —એટલે કે રજ્જુ વગેરેથી તૃણાદિનો બંધ. આ. આલીન બંધ — એટલે કે લાખ વગેરેથી થતો બંધ. ઇ. શરીરબંધ — એટલે કે સમુદ્‌ઘાત કરવામાં વિસ્તારિત અને સંકોચિત જીવપ્રદેશોના સંબંધથી તૈજસાદિ શરીરપ્રદેશોનો સંબંધ.[૨] અને ઈ. શરીરપ્રયોગબંધ — એટલે કે ઔદારિકાદિ શરીરના વ્યાપારથી શરીરના પુદ્‌ગલોને ગ્રહણ કરવારૂપ બંધ.

આ. તેમાં આલીનબંધ ચાર પ્રકારનો છેઃ શ્લેષણાબંધ (શિખરોનો, ફરસબંધીનો, સ્તંભોનો, પ્રાસાદોનો, લાકડાંઓનો, ચામડાંઓનો, ઘડાઓનો, કપડાંઓનો અને સાદડીઓનો ચૂના વડે, કચરા વડે, વજ્રલેપ વડે, લાખ વડે, તથા મીણ ઇત્યાદિ શ્લેષણ દ્રવ્ય વડે થતો બંધ). ઉચ્ચય બંધ (તૃણ, કાષ્ઠ, પત્ર, તુષ,

---

૧. એ આઠ પ્રદેશોમાં પણ કોઈ પણ એક પ્રદેશનો તેની પાસે રહેલા બે પ્રદેશો અને ઉપર કે નીચે રહેલા એક પ્રદેશ સાથે એમ ત્રણ ત્રણ પ્રદેશ સાથે અનાદિઅનંત બંધ છે.—ટીકા.

૨. અથવા સમુદ્‌ઘાત કરવામાં સંકુચિત થયેલા આત્મપ્રદેશોનો સંબંધ તે શરીરબંધ, એમ અન્ય આચાર્ય માને છે.—ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂસું, છાણ, કચરા વગેરેના ઢગલાનો બંધ). સમુચ્ચય બંધ (કૂવા, તળાવ, નદી ધરા, વાપી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવરો, બિલ, દેવકુલ, સભા, પરબ, સ્તૂપ, ખાઈ, પરિખ, કિલ્લા, કાંગરા, ચારકો, દ્વાર, ગોપુર, તોરણ, પ્રાસાદ, ઘર, શરણ, લેણ (ગૃહવિશેષ), હાટ, શૃંગાટકાકારમાર્ગ, ત્રિકમાર્ગ, ચતુષ્કમાર્ગ, ચત્વરમાર્ગ, ચતુર્મુખમાર્ગ અને રાજમાર્ગાદિનો ચૂના દ્વારા, કચરા દ્વારા અને વજ્રલેપના સમુચ્ચય વડે થતો બંધ). અને સંહનનબંધ. તે બે પ્રકારનો છે: દેશસંહનનબંધ (એટલે કે કોઈ વસ્તુના અંશથી કોઈ વસ્તુના અંશનો શકટાદિ[૧] અવયવોની પેઠે પરસ્પર સંબંધરૂપ બંધ.) અને સર્વસંહનનબંધ (એટલે કે ક્ષીરનીરાદિની પેઠે સર્વાત્મ-સંબંધરૂપ બંધ.)

૬. શરીરબંધ બે પ્રકારનો છે: પૂર્વપ્રયોગપ્રત્યયિક (–એટલે કે વેદના, કષાયાદિ સમુદ્‌ઘાતરૂપ જીવનો વ્યાપાર, તે નિમિત્તે થયેલો જીવપ્રદેશોનો કે તદાશ્રિત તૈજસ–કાર્મણ શરીરનો બંધ) અને પ્રત્યુત્પન્નપ્રયોગપ્રત્યયિક (એટલે કે વર્તમાન કાલે કેવલિસમુદ્‌ઘાતરૂપ જીવવ્યાપારથી થયેલો તૈજસ–કાર્મણ શરીરનો બંધ.[૨])

---

૧. ગાડાં, રથ, યાન, યુગ્યવાહન, ગિલ્લી (બંબાડી), થિલ્લિ (પલાણ), શિબિકા, સ્યન્દમાની (પુરુષ જેટલું મોટું વાહન); તેમ જ લોઢી, લોઢાનાં કડાયાં, કડછા, આસન, શયન, સ્તંભો, ભાંડ (માટીનાં વાસણ), પાત્ર અને નાના પ્રકારનાં ઉપકરણ.

૨. કેવલિસમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાત કરતા અને તે સમુદ્‌ઘાતથી પાછા ફરતા, વચ્ચે મંથાનાવસ્થામાં વર્તતા

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઈ. શરીરપ્રયોગબંધ પાંચ પ્રકારનાં શરીર પ્રમાણે પાંચ પ્રકારનો છે: જેમકે ઔદારિકશરીરપ્રયોગબંધ[૧] ઇત્યાદિ.

એ ઔદારિકશરીરપ્રયોગબંધ જીવની સવીર્યતા, સયોગતા, અને સદ્દ્રવ્યતાથી, પ્રમાદરૂપ હેતુથી, કર્મ, યોગ (કાયયોગ), ભવ અને આયુષને આશરી ઔદારિકશરીર-પ્રયોગનામકર્મના ઉદયથી થાય છે.[૨]

ઔદારિકશરીરપ્રયોગબંધ દેશબંધ પણ છે અને સર્વબંધ પણ છે. [જેમ ઘૃતાદિથી ભરેલી અને તપી ગયેલી કડાઈમાં નાંખેલો પૂડલો પ્રથમ સમયે ઘૃતાદિકને કેવળ ગ્રહણ કરે છે, અને બાકીને સમયે તો ગ્રહણ કરે છે અને છોડે છે, તેમ જીવ જ્યારે પૂર્વ શરીરને છોડીને બીજું શરીર ગ્રહણ કરે છે, ત્યારે પ્રથમ સમયે ઉત્પત્તિસ્થાનકે રહેલા શરીરયોગ્ય પુદ્ગલોને કેવળ ગ્રહણ કરે છે, માટે એ સર્વબંધ છે; ત્યારપછી દ્વિતીયાદિ સમયે તે શરીરપ્રાયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે અને છોડે છે માટે તે દેશબંધ છે.[૨]]

કેવલજ્ઞાની અનગારના તૈજસ અને કાર્મણ શરીરનો બંધ. તે વખતે આત્મપ્રદેશો સંઘાત પામતા હોવાથી તૈજસ અને કાર્મણ શરીરનો બંધ થાય છે.

૧. મૂળમાં ઔદારિકાદિના પાછા એકેંદ્રિય ઔદારિક...એમ પંચેંદ્રિય ઔદારિક, તથા એકેંદ્રિયના પાછા પૃથ્વીકાયિકાદિ એમ અપર્યાપ્ત ગર્ભજ મનુષ્યપંચેંદ્રિય ઔદારિકશરીરપ્રયોગબંધ સુધી પેટાવિભાગો પાડ-પાડ કર્યા છે.

૨. એ પ્રમાણે અન્ય પેટાવિભાગોનું વર્ણન મૂળમાં છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઔદારિકશરીરપ્રયોગબંધમાં સર્વબંધ કાળની અપેક્ષાએ એક સમય અને દેશબંધ ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે એક સમય ન્યૂન ત્રણ પલ્યોપમ સુધી હોય છે.[૧]

ઔદારિક શરીરના બંધનું અંતર કાલથી ગણીએ તો સર્વબંધનું અંતર ઓછામાં ઓછું ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ પર્યંત છે; અને વધારેમાં વધારે સમયાધિક પૂર્વકોટી અને તેત્રીશ સાગરોપમ છે. દેશબંધનું અંતર ઓછામાં ઓછું એક સમય અને વધારેમાં વધારે ત્રણ સમય અધિક તેત્રીશ સાગરોપમ છે.[૨]

---

૧. પૂડલાના ઉદાહરણમાં જણાવ્યા પ્રમાણે સર્વબંધ એક સમય જ હોય. અને જ્યારે વાયુકાયિક કે મનુષ્યાદિ વૈક્રિય શરીર કરીને અને તેને છોડીને ઔદારિક શરીરનો એક સમય સર્વબંધ કરે, અને પુનઃ તેનો દેશબંધ કરી, એક સમય પછી તરત જ મરણ પામે, ત્યારે ઓછામાં ઓછો એક સમય દેશબંધ થાય. ઔદારિક શરીરવાળાની વધારેમાં વધારે સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. તેમાં પ્રથમ સમયે તેઓ સર્વબંધક છે; અને પછી એક સમય ન્યૂન ત્રણ પલ્યોપમ સુધી દેશબંધક છે. પેટાવિભાગમાં દરેકની વધારેમાં વધારે સ્થિતિ અલગ અલગ જાણવી. અહીં વિસ્તાર પડતો મૂક્યો છે.

૨. કોઈ જીવ મનુષ્યાદિ ગતિમાં અવિગ્રહગતિએ આવી ત્યાં પ્રથમ સમયે સર્વબંધક થઈ, પૂર્વકોટીવર્ષ પર્યંત ત્યાં રહી, તે ત્રીશ સાગરોપમની સ્થિતિવાળો નારક કે સર્વાર્થસિદ્ધ દેવ થાય; અને પછી તે ત્રણ સમયની વિગ્રહગતિએ ઔદારીકશરીરધારી થાય; વિગ્રહગતિના બે સમયમાં તે અનાહારક હોય અને ત્રીજે સમયે તે ઔદારિકશરીરનો સર્વબંધક થાય. હવે તેમાં વિગ્રહગતિના

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

[મૂળમાં એના પેટાવિભાગોનાં તથા પછીથી એ બધી રીતે વૈક્રિયાદિ શરીરનાં વક્તવ્યો છે. એમ કુલ આ વિભાગનાં ૧૧૦ સૂત્ર છે.]

ઔદારિક શરીરના સર્વબંધવાળો જીવ વૈક્રિયશરીરનો અબંધક છે. (કારણકે ઔદારિક અને વૈક્રિયનો બંધ એક સમયે ન હોય); આહારક શરીરનો પણ અબંધક છે; તૈજસનો દેશબંધક છે, (કારણકે તે શરીર સદા રહે છે તેથી). તથા કાર્મણનો પણ દેશબંધક છે. ઔદારિક શરીરના દેશબંધવાળા જીવનું પણ તે પ્રમાણે જાણવું.

વૈક્રિયશરીરના સર્વબંધવાળો જીવ ઔદારિક અને આહારકનો અબંધક છે; પણ તૈજસ અને કાર્મણ શરીરનો દેશબંધક છે. વૈક્રિયશરીરના દેશબંધવાળો જીવ ઉપર પ્રમાણે જ જાણવો.

આહારક શરીરના સર્વબંધવાળો જીવ ઔદારિક અને વૈક્રિયનો અબંધક છે, પણ તૈજસ અને કાર્મણનો દેશબંધક છે. દેશબંધવાળાનું તેમ જ જાણવું.

તૈજસશરીરના દેશબંધવાળો જીવ ઔદારિકનો બંધક છે, તેમ જ અબંધક પણ છે[૧]. વૈક્રિય અને અહારકનું પણ તેમ જ

જે બે સમય અનાહારક છે, તેમાંથી એક સમય પૂર્વકોટીના સર્વબંધસ્થાને પ્રક્ષિપ્ત કરીએ, તેથી પૂર્વકોટી પૂર્ણ થઈ અને એક અધિક થયો. એ રીતે સર્વબંધનું ઉત્કૃષ્ટ અંતર સમયાધિક પૂર્વકોટિ અને તેત્રીશ સાગરોપમ થાય.

૧. વિગ્રહગતિમાં અબંધક છે; અવિગ્રહસ્થ બંધક છે. બંધક પણ દેશબંધક તેમ જ સર્વબંધક એમ બંને પ્રકારે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવું. કાર્મણનો બંધક જ છે. અબંધક નથી. બંધક પણ દેશબંધક જ છે.

કાર્મણશરીરનો દેશબંધક જ હોય. તે જીવનું બધું તૈજસશરીરની પેઠે જાણવું. તૈજસ શરીરનો દેશબંધક છે.

ગૌ૦—હે ભગવન્! ઔદારિકાદિ શરીરના દેશબંધક, સર્વબંધક, અને અબંધક એવા સર્વ જીવોમાં કયા જીવો કયા જીવોથી વિશેષાધિક છે?

મ૦—હે ગૌતમ! સૌથી થોડા જીવો આહારક શરીરના સર્વબંધક છે.[૧] તેથી તેના દેશબંધક સંખ્યાતગણા છે. તેથી વૈક્રિય શરીરના સર્વબંધક અસંખ્યાતગણા છે; તેથી તેના દેશબંધક અસંખ્યાતગણા છે. તેથી તૈજસ અને કાર્મણ-શરીરના અબંધક જીવો અનંતગણા અને પરસ્પરતુલ્ય છે.[૨] તેથી ઔદારિક શરીરના સર્વબંધક અનંતગણા છે;[૩] તેથી તેના અબંધક વિશેષાધિક[૪] છે; તેનાથી તેના દેશબંધક જીવો અસંખ્યેયગણા છે;[૫] તેનાથી તૈજસ અને કાર્મણ શરીરના દેશબંધક વિશેષાધિક છે;[૬] તેથી વૈક્રિય શરીરના અબંધક

---

૧. ચતુર્દશપૂર્વ જાણનારા જ તે શરીર બનાવતા હોવાથી; તથા સર્વબંધ પ્રથમ સમયે જ હોવાથી.

૨. કારણ કે તેઓ તો સિદ્ધો જ છે. અને તેઓ વનસ્પતિ સિવાયના સર્વ જીવો કરતાં અનંતગણા છે.

૩. કારણ કે તેમાં વનસ્પતિજીવ આવ્યા.

૪. કારણ કે તેઓ વિગ્રહગતિવાળા તથા સિદ્ધો છે.

૫. વિગ્રહસમય કરતાં દેશબંધસમય અસંખ્યાતગણો છે.

૬. કારણ કે સર્વે સંસારી જીવો તે બે શરીરના બંધક છે — મોક્ષ સુધી તે બંને કાયમ રહેતાં હોવાથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીવો વિશેષાધિક છે,[૧] તથા તેથી આહારક શરીરના અબંધક જીવો વિશેષાધિક છે.[૨]

શતક ૮, ઉદ્દે૦ ૯

ભગવાનના શિષ્ય માકંદિપુત્ર રાજગૃહમાં પૂછે છે:

મા૦—હે ભગવન્! બંધ કેટલા પ્રકારનો છે?

ભ૦—હે માકંદિપુત્ર! બે પ્રકારનો છે: દ્રવ્યબંધ અને ભાવબંધ. દ્રવ્યબંધના બે પ્રકાર છે: પ્રયોગબંધ અને વિસ્રસાબંધ. ભાવબંધના બે પ્રકાર છે: મૂલપ્રકૃતિબંધ અને ઉત્તરપ્રકૃતિબંધ.[૩]

— શતક ૧૮, ઉદ્દે૦ ૩

ગૌ૦—હે ભગવન્! બંધ કેટલા પ્રકારનો છે?

ભ૦—હે ગૌતમ! ત્રણ પ્રકારનો છે: (૧) જીવપ્રયોગ-બંધ — એટલે કે જીવના મન-વાણી-કાયાના વ્યાપાર વડે કર્મપુદ્ગલોનો આત્મા સાથે બંધ થવો તે. (૨) અનંતરબંધ — એટલે કે કર્મપુદ્ગલોનો બંધ થયા પછીના સમયનો બંધ. (૩) અને પરંપરબંધ — એટલે કે ત્યાર પછીના દ્વિતીયાદિ સમયે થતો બંધ.

— શતક ૨૦, ઉદ્દે૦ ૭

---

૧. કારણ કે મુખ્યત્વે દેવો અને નારકો જ વૈક્રિયના બંધક છે: બાકીના બધા તથા સિદ્ધો અબંધક છે.

૨. કારણ કે માત્ર કેટલાક મનુષ્યો જ આહારકના બંધક છે.

૩. જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો તે મૂલપ્રકૃતિ છે; અને તે દરેકના પાછા અવાંતરભેદ તે ઉત્તરપ્રકૃતિ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૫ : પરચૂરણ

૧

આશીવિષો

વિવરણ : આશી એટલે દાઢ, તેમાં જેઓને વિષ હોય તે પ્રાણીઓ આશીવિષ કહેવાય છે. તેમના બે પ્રકાર છે : જાતિ (એટલે કે જન્મથી) આશીવિષ, અને કર્માશીવિષ. સાપ વીંછી વગેરે જાતિઆશીવિષ છે; અને કર્મ એટલે શાપાદિકથી બીજાને ઉપઘાત કરનારા કર્માશીવિષ છે. પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યને તપશ્ચર્યા આદિકથી અથવા બીજા કોઈ કારણથી આશીવિષલબ્ધિ ઉત્પન્ન થાય છે, અને તેથી તેઓ શાપાદિકથી બીજાનો નાશ કરવાની શક્તિવાળા હોય છે. તેઓ આશીવિષલબ્ધિના સ્વભાવથી સહસ્રાર દેવલોક સુધીના દેવોમાં ઉત્પન્ન થાય છે. અને પૂર્વે તેમણે આશીવિષ ભાવનો અનુભવ કરેલો હોવાથી અપર્યાપ્ત અવસ્થામાં તે દેવો કર્માશીવિષલબ્ધિવાળા હોય છે.

ગૌ૦—હે ભગવન્! આશીવિષો કેટલા પ્રકારના છે?

ભ૦—હે ગૌતમ! આશીવિષો બે પ્રકારના છે: જાતિઆશીવિષ અને કર્માશીવિષ. તેમાં જાતિઆશીવિષો ચાર પ્રકારના કહ્યા છે: ૧. વૃશ્ચિકજાતિઆશીવિષ, ૨. મંડૂકજાતિઆશીવિષ, ૩. ઉરગજાતિઆશીવિષ, અને ૪. મનુષ્યજાતિઆશીવિષ.

તેમાં વૃશ્ચિકજાતિઆશીવિષનું વિષ અર્ધભરતક્ષેત્ર પ્રમાણ શરીરને વિષ વડે વિદલિત કરવા સમર્થ છે: પણ તે તેનું માત્ર સામર્થ્ય છે; કદી તેઓએ તેમ કર્યું નથી, કરતા નથી,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને કરશે પણ નહિ. મંડૂકજાતિઆશીવિષ પોતાના વિષથી ભરતક્ષેત્રપ્રમાણ શરીરને તે પ્રમાણે વ્યાપ્ત કરવા સમર્થ છે; ઉરગજાતિઆશીવિષ જંબુદ્વીપપ્રમાણક્ષેત્રને અને મનુષ્યજાતિ-આશીવિષ મનુષ્યક્ષેત્રપ્રમાણ શરીરને.

જે કર્માશીવિષ છે, તે તિર્યંચયોનિક કર્માશીવિષ છે, મનુષ્યકર્માશીવિષ છે, અને દેવકર્માશીવિષ છે.

જે તિર્યંચયોનિક કર્માશીવિષ છે, તે પર્યાપ્ત, સંખ્યાતવર્ષના આયુષ્યવાળા, ગર્ભજ, કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા પંચેંદ્રિય તિર્યંચયોનિક જાણવા.

જે મનુષ્યકર્માશીવિષ છે, તે પણ પર્યાપ્ત, સંખ્યાતવર્ષના આયુષ્યવાળા, ગર્ભજ અને કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા મનુષ્ય જાણવા.

જે દેવકર્માશીવિષ છે, તે અપર્યાપ્ત[૧] અવસ્થાવાળા ભવનવાસી, વાનવ્યંતર, જ્યોતિષ્ક, અને સહસ્રાર કલ્પ સુધીના વૈમાનિક દેવો છે. —શતક ૮, ઉદ્દે૦ ૨

૨
દીવો

ગૌ૦—હે ભગવન્! બળતા દીવામાં શું બળે છે? દીવો, દીવી, વાટ, તેલ, દીવાનું ઢાંકણું કે જ્યોતિ બળે છે?

મ૦—હે ગૌતમ! જ્યોતિ બળે છે. તે પ્રમાણે બળતા ઘરમાં પણ ઘર, ભીંતો, ત્રાટી, ધારણ (મોભની નીચેના સ્તંભ), મોભ, વાંસ, મલ્લ (ભીંતોના આધારસ્તંભ), છીંદરીઓ, છાપરું, કે છાદન નથી બળતું પણ જ્યોતિ બળે છે. —શતક ૮, ઉદ્દે૦ ૬

૧. જુઓ પ્રકરણની શરૂઆતમાં વિવરણ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૩

સ્વપ્ન

ગૌ૦—હે ભગવન્! સ્વપ્નદર્શન કેટલા પ્રકારનું છે?

મ૦—હે ગૌતમ! પાંચ પ્રકારનું છે: ૧. યથાતથ્ય સ્વપ્નદર્શન—એટલે કે સત્ય અથવા તાત્ત્વિક સ્વપ્નદર્શન. તેના દૃષ્ટાર્થાવિસંવાદી અને ફલાવિસંવાદી એવા બે પ્રકાર છે. સ્વપ્નમાં જોયેલા અર્થને અનુસારે જાગૃત અવસ્થામાં બનાવ બને, તે દૃષ્ટાર્થાવિસંવાદી કહેવાય; અને સ્વપ્નના અનુસાર સંપત્તિ આદિ ફળ અવશ્ય મળે તો તે ફલાવિસંવાદી કહેવાય. ૨. પ્રતાનસ્વપ્નદર્શન—એટલે કે વિસ્તારવાળું સ્વપ્ન. તે યથાતથ્ય પણ હોય કે અન્યથા પણ હોય. ૩. ચિંતા-સ્વપ્નદર્શન—એટલે કે જાગૃત અવસ્થામાં જે અર્થનું ચિંતન કરેલું હોય તેને સ્વપ્નામાં જુએ તે. ૪. તદ્વિપરીત સ્વપ્ન-દર્શન—એટલે કે જેવું સ્વપ્ન જોયું હોય, તેથી વિરુદ્ધ વસ્તુની જાગૃત અવસ્થામાં પ્રાપ્તિ થાય તે. અને ૫. અવ્યક્ત સ્વપ્ન-દર્શન—એટલે કે સ્વપ્નમાં અસ્પષ્ટ અર્થનો અનુભવ કરવો તે.

સૂતેલો પ્રાણી સ્વપ્ન ન જુએ, કે જાગતો પ્રાણી સ્વપ્ન ન જુએ, પણ સૂતો—જાગતો પ્રાણી સ્વપ્નને જુએ.[૧]

---

૧. અહીં મૂળમાં 'સૂતેલા' અને 'જાગતા' ના બે અર્થ બતાવ્યા છે: નિદ્રાયુક્ત જીવ દ્રવ્યથી સૂતેલો કહેવાય; અને વિરતિરહિત જીવ ભાવથી સૂતેલો કહેવાય. નૈરયિકો ભાવથી સૂતેલા છે; એ પ્રમાણે ચતુરિંદ્રિય સુધી જાણવું. પંચેંદ્રિયતિર્યંચો ભાવથી સૂતેલા છે અને સૂતેલા-જાગતા છે, પણ તદ્દન જાગતા નથી. મનુષ્યો સૂતેલા છે, જાગૃત પણ છે અને સૂતા-જાગતા પણ છે. વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકોને નૈરયિકો જેવા જાણવા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંવૃત (સંયમી) જીવ સત્ય સ્વપ્ન જુએ, અસંવૃત સત્ય પણ જુએ અને અસત્ય પણ જુએ; અને સંવૃતાસંવૃત અસંવૃત જેવું જુએ.

સ્વપ્ન ૪૨ પ્રકારનાં છે, અને મહાસ્વપ્ન ૩૨ પ્રકારનાં છે. વળી કુલ ૭૨ સ્વપ્નો છે. [અહીં તીર્થંકરનો જીવ ગર્ભમાં ઊતરે ત્યારે તેમની માતાઓ કેટલાં સ્વપ્ન જુએ વગેરે બધું આગળ પા. ૨૧૬ મુજબ જાણવું.]

જ્યારે શ્રમણ ભગવંત મહાવીર છદ્મસ્થપણામાં હતા, ત્યારે તેઓ એક રાત્રિના છેલ્લા પ્રહારમાં આ દશ મહાસ્વપ્નો જોઈને જાગ્યા હતા: ૧. એક ભયંકર તાડ જેવા પિશાચને પરાજિત[૧] કર્યો; ૨. એક ધોળી પાંખવાળા નરકોયલને જોયો;[૨] ૩. એક ચિત્રવિચિત્ર પાંખવાળા નરકોયલને જોયો;[૩] ૪. એક સર્વરત્નમય માલાયુગલ જોયું;[૪] ૫. એક ધોળી ગાયોના ધણને જોયું.[૫] ૬. ચોતરફ ખીલેલા પદ્મસરોવરને જોયું.[૬] ૭. એક મહાસાગરને હાથ વડે તર્યો;[૭] ૮. એક તેજસ્વી

---

૧. તેના ફળરૂપે તેમણે મોહનીય કર્મને મૂલથી નષ્ટ કર્યું.

૨. તેના ફળરૂપે શુક્લધ્યાનને પ્રાપ્ત કર્યું.

૩. તેના ફળરૂપે દ્વાદશાંગ ગણિપિટક કહ્યું.

૪. તેના ફળરૂપે સાધુનો અને ગૃહસ્થનો એમ બે પ્રકારનો ધર્મ કહ્યો.

૫. તેના ફળરૂપે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સંઘ પ્રાપ્ત થયો.

૬. તેના ફળરૂપે ચારે પ્રકારના દેવોને પ્રતિબોધ કર્યો.

૭ તેના ફળરૂપે સંસારને તર્યા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મોટા સૂર્યને જોયો;[૧] ૯. મોટા માનુષોત્તર પર્વતને પોતાના લીલા વર્ણના આંતરડા વડે સર્વ બાજુએથી આવેષ્ટિત, પરિવેષ્ટિત કરેલો જોયો.[૨] અને ૧૦. મેરુ પર્વતની ચૂલિકા ઉપર સિંહાસન ઉપર બેઠેલ પોતાના આત્માને[૩] જોયો.

સ્વપ્નને અંતે[૪] અશ્વ, ગજ કે બળદની પંક્તિ જુએ અને તેના ઉપર ચડે તથા તેના ઉપર પોતાને ચઢેલો માને,[૫] તો તે તે જ ભવમાં સિદ્ધ થાય.

સમુદ્રને બંને પડખે અડકેલું તથા પૂર્વ અને પશ્ચિમ તરફ લાંબું મોટું દામણ જુએ અને તેમાં વીંટાળે; બંને બાજુએ લોકાન્તને સ્પર્શેલું તથા પૂર્વ અને પશ્ચિમ લાંબું મોટું દોરડું જુએ, અને તેને કાપી નાખે; કાળું અથવા[૬] ધોળું સૂતર જુએ અને તેને ઉકેલે; લોઢું, તાંબું, કથીર કે સીસાનો ઢગલો જુએ અને તેના ઉપર ચઢે; રૂપાના, સુવર્ણના, રત્નના કે વજ્રના ઢગલાને જુએ અને તેના ઉપર ચઢે; ઘાસના, કાષ્ઠના, પાંદડાના, છાલના, ફોતરાના, ભૂસાના, છાણના કે

---

૧. તેના ફળરૂપે કેવલજ્ઞાન અને દર્શન પ્રાપ્ત કર્યાં.

૨. તેના ફળરૂપે દેવલોકમાં, મનુષ્યલોકમાં અને અસુરલોકમાં ઉદાર કીર્તિ, સ્તુતિ, અને સન્માન પ્રાપ્ત કર્યાં.

૩. તેના ફળરૂપે દેવ મનુષ્ય અને અસુરયુક્ત પરિષદમાં કેવળી થઈને ધર્મ કહ્યો.

૪. એટલે કે એ સ્વપ્ન જોઈને તરત જાગે. અહીં જોનાર સ્ત્રી કે પુરુષ બંને ગણવાનાં છે. જુઓ નીચે નોંધ ૫.

૫. આ ભાગ પછીનાં સ્વપ્નમાં ફરી નથી લખ્યો; પણ અહીં સમજી લેવો.

૬. કાળા રંગથી માંડીને ધોળા સુધીનું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કચરાના ઢગલાને જુએ અને તેને વિખેરે; શરસ્તંભને, વીરણસ્તંભને, વંશીમૂલસ્તંભને, કે વલ્લિમૂલસ્તંભને જુએ અને તેને ઉખેડે; ક્ષીરકુંભને, દધિકુંભને, ઘૃતકુંભને કે મધુકુંભને જુએ અને તેને ઉપાડે; સુરાના, સૌવીરના, તૈલના કે વસાના મોટા કુંભને જુએ અને તેને ભેદી નાખે; કુસુમિત મોટા પદ્મસરોવરને જુએ અને તેમાં પ્રવેશ કરે; મોટા સાગરને જુએ અને તેને તરી જાય; સર્વરત્નમય મોટું ભવન જુએ અને તેમાં પ્રવેશ કરે; તથા સર્વરત્નમય મોટું વિમાન જુએ અને તેના ઉપર ચઢે; — તો તે સિદ્ધ થાય.

— શતક ૧૬, ઉદ્દે૦ ૬

૪

રંગ

ગૌ૦—હે ભગવન્! પ્રવાહી ગોળ (ફાણિત) કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળો હોય છે?

મ૦—હે ગૌતમ! અહીં બે પ્રકારના નયો (દૃષ્ટિબિંદુઓ) વિવક્ષિત છે. નૈશ્ચયિક (પારમાર્થિક) નય પ્રમાણે તો તે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શવાળો છે; પણ વ્યાવહારિક નયની અપેક્ષાએ તે મધુર રસવાળો છે.

એ પ્રમાણે ભ્રમરનો કાળો વર્ણ, પોપટની લીલી પાંખ, રાતી મજીઠ, પીળી હળદર, ધોળો શંખ, સુગંધી કુષ્ઠ, દુર્ગંધી મડદું, કડવો લીમડો, તીખી સૂંઠ, તૂરું કાંકું, ખાટી આમલી, ગળી ખાંડ, કર્કશ વજ્ર, સુંવાળું માખણ, ભારે લોઢું, હળવું એરડીનું પાન, ઠંડો હિમ, ઉષ્ણ અગ્નિકાય, અને સ્નિગ્ધ તેલ માટે જાણવું. રાળ લૂખા સ્પર્શવાળી છે. પુદ્ગલ એક વર્ણ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વાળો, એક ગંધવાળો, એક રસવાળો અને બે સ્પર્શવાળો હોય છે. દ્વિપ્રદેશિક સ્કંધ કદાચ એક વર્ણવાળો કે કદાચ બે વર્ણવાળો કે કદાચ એક ગંધવાળો કે કદાચ બે ગંધવાળો, કદાચ એક રસવાળો કે કદાચ બે રસવાળો, કદાચ બે સ્પર્શવાળો, કદાચ ત્રણ સ્પર્શવાળો, અને કદાચ ચાર સ્પર્શવાળો હોય. એ પ્રમાણે ત્રિપ્રદેશક સ્કંધ જાણવો; પણ તે કદાચ ત્રણ વર્ણવાળો અને ત્રણ રસવાળો પણ હોય. એ પ્રમાણે ચતુષ્પ્રદેશિક સ્કંધ વિષે પણ જાણવું, પણ તે કદાચ ચાર વર્ણવાળો અને ચાર રસવાળો પણ હોય; એ પ્રમાણે. પંચપ્રદેશિક સ્કંધને વિષે પણ જાણવું. પણ તે કદાચ પાંચ વર્ણ અને પાંચ રસવાળો પણ હોય. તેમ છેક અસંખ્યાત પ્રદેશિક સ્કંધ સુધી જાણવું. તથા સૂક્ષ્મ પરિણામવાળો અનંત પ્રદેશિક સ્કંધ પણ તેમ જ જાણવો. તેમ જ સ્થૂલ પરિણામ વાળો અનંતપ્રદેશિક સ્કંધ પણ જાણવો, પણ તે કદાચ પાંચથી આઠ સુધીના સ્પર્શવાળો પણ હોય.[૧]

— શતક ૧૮, ઉદ્દે૦ ૭

૫

શબ્દ

ગૌ૦ — હે ભગવન્! છદ્મસ્થ મનુષ્ય વગાડવામાં આવતા શંખ, રણશિંગું, શંખલી, કાહલી, કુક્કરના ચામડાથી મઢેલ મોઢાવાળું વાજું, ઢોલ, ઢોલકી, ડાકલું, હોરંભી,[૨] ઝાલર,

---

૧. કારણ કે સ્થૂલ સ્કંધોમાં જ આઠેય સ્પર્શ હોય છે.

૨. એનો અર્થ રૂઢિથી જાણવો – એમ ટીકાકાર પણ સૂચવે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દુંદુભિ, વીણા વગેરે તત વાજાં, ઢોલ વગેરે વિતતવાજાં, નક્કર વાજાં, અને પોલાં વાજાંના શબ્દો સાંભળે છે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! તે શબ્દો કાન સાથે અથડાયા પછી સંભળાય છે કે અથડાયા વિના?

મ૦—હે ગૌતમ! અથડાયા પછી સંભળાય છે. વળી તે ઓરે રહેલા શબ્દોને જ સાંભળે છે, પરે રહેલાને નહીં. પરંતુ કેવળી તો ઓર કે પરે રહેલા આદિ અને અંત વિનાના સર્વ પ્રકારના શબ્દને જાણે છે. કારણ કે તે સર્વ દિશાની મિત તેમ જ અમિત વસ્તુને પણ જાણે છે અને જુએ છે. તે બધું જાણે છે અને બધું જુએ છે. તે સર્વકાળે સર્વ પદાર્થો–ભાવોને જાણે છે અને જુએ છે. તેનું અનંત જ્ઞાન અને અનંત દર્શન છે. વળી તે જ્ઞાન અને દર્શન કોઈ જાતના આવરણવાળું નથી.

—શતક ૫, ઉદ્દે૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતી-સાર

ખંડ ૬ ઠ્ઠો

ગણિત-ખંડ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧

પ્રવેશનકનું ગણિત

બીજી ગતિમાંથી આવીને દ્વિતીય ગતિમાં જીવનો પ્રવેશ–ઉત્પાદ થવો તે પ્રવેશનક કહેવાય.

નરકો સાત છે : રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભા. અહીં તેમના વિષે ગણિત છે.

વાણિજ્યગ્રામના દ્યુતિપલાશ ચૈત્યમાં પાર્શ્વપ્રભુના શિષ્ય ગાંગેય પ્રશ્ન પૂછે છે :

ગાં૦—હે ભગવન્! એક નારક જીવ નૈરયિક પ્રવેશનક દ્વારા પ્રવેશ કરતો રત્નપ્રભામાં હોય, શર્કરાપ્રભામાં હોય. . . એમ તમસ્તમઃપ્રભા પૃથ્વીમાં હોય?

મ૦—હે ગાંગેય! તે રત્નપ્રભામાં પણ હોય, શર્કરા-પ્રભામાં પણ હોય. . . એમ તમસ્તમઃપ્રભા પૃથ્વીમાં પણ હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બેનું ગણિત

૧. બે નારકો નૈરયિક પ્રવેશનકદ્વારા પ્રવેશ કરતા હોય, તો તે બંને રત્નપ્રભામાં હોય, કે શર્કરાપ્રભામાં હોય. . . એમ તમસ્તમઃપ્રભા પૃથ્વીમાં હોય.

૨. અથવા એક રત્નપ્રભામાં હોય, અને એક શર્કરાપ્રભામાં હોય; અથવા એક રત્નપ્રભામાં હોય અને એક વાલુકાપ્રભામાં હોય . . . એમ એક રત્નપ્રભામાં હોય અને એક તમસ્તમઃપ્રભા પૃથ્વીમાં હોય.

૩. અથવા એક શર્કરાપ્રભામાં હોય અને એક વાલુકાપ્રભામાં હોય; . . . એમ એક શર્કરાપ્રભામાં હોય . . . અને એક તમસ્તમઃપ્રભા પૃથ્વીમાં હોય.

એમ આગળ આગળ જતા જવું. જેથી બે નૈરયિકોને આશરી દ્વિકસંયોગી કુલ ૬-૫-૪-૩-૨-૧ એમ ૨૧ વિકલ્પો થશે.

ત્રણનું ગણિત

ત્રણ નૈરયિકો પ્રવેશ કરે તેનો હિસાબ ગણવો :

૧. તે ત્રણે રત્નપ્રભામાં પણ હોય, શર્કરાપ્રભામાં પણ હોય, . . . એમ તમસ્તમઃપ્રભામાં પણ હોય.

૨. અથવા એક રત્નપ્રભામાં અને બે શર્કરાપ્રભામાં, ... એમ એક રત્નપ્રભામાં અને બે તમસ્તમઃપ્રભામાં હોય. અથવા બે રત્નપ્રભામાં અને એક શર્કરાપ્રભામાં . . . એમ બે રત્નપ્રભામાં અને એક તમસ્તમઃપ્રભામાં હોય.

૩. અથવા એક શર્કરાપ્રભામાં હોય અને બે વાલુકાપ્રભામાં હોય . . . એમ એક શર્કરાપ્રભામાં અને બે તમસ્તમઃ-

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભામાં હોય. અથવા બે શર્કરાપ્રભામાં અને એક વાલુકા-પ્રભામાં . . . એમ બે શર્કરાપ્રભામાં અને એક તમસ્તમઃ-પ્રભામાં હોય.

તેમ આગળની પૃથ્વીઓની વક્તવ્યતા કહેવી. તે રીતે રત્નપ્રભાના કુલ ૧૨ વિકલ્પ, શર્કરાપ્રભાના ૧૦, વાલુકા-પ્રભાના ૮, પંકપ્રભાના ૬, ધૂમપ્રભાના ૪, અને તમઃ પ્રભાના ૨ એમ કુલ ૪૨ વિકલ્પો થશે.

૪. અથવા એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, અને એક વાલુકાપ્રભામાં હોય; અથવા એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં અને એક પંકપ્રભામાં . . . એમ એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં અને એક તમસ્તમઃપ્રભામાં હોય. (કુલ પાંચ)

અથવા એક રત્નપ્રભામાં, એક વાલુકાપ્રભામાં અને એક પંકપ્રભામાં હોય; . . . અથવા એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક તમસ્તમઃપ્રભામાં હોય (કુલ ચાર વિકલ્પ)

અથવા એક રત્નપ્રભામાં, એક પંકપ્રભામાં અને ધૂમપ્રભામાં હોય; . . . અથવા એક રત્નપ્રભામાં, એક પંકપ્રભામાં અને એક તમસ્તમઃપ્રભામાં હોય. (કુલ ત્રણ વિકલ્પ).

એ પ્રમાણે પંકપ્રભા છોડીને કુલ બે વિકલ્પ; તથા ધૂમપ્રભા છોડીને એક વિકલ્પ. એમ કુલ રત્નપ્રભાના ૫–૪–૩–૨–૧ મળીને ૧૫ વિકલ્પ થાય.

એ પ્રમાણે શર્કરાપ્રભાના ૪–૩–૨–૧ મળીને ૧૦ વિકલ્પ થાય. એ પ્રમાણે વાલુકાપ્રભાના ૩–૨–૧ મળીને ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિકલ્પ થાય. એ પ્રમાણે પંકપ્રભાના ૧–૧–૧ મળીને ૩ વિકલ્પ થાય. એ પ્રમાણે ધૂમપ્રભાનો ૧ વિકલ્પ થાય.

એમ ત્રણ નૈરયિકોને આશરીને એકસંયોગી ૭, દ્વિકસંયોગી ૪૨, અને ત્રિકસંયોગી ૩૫ મળીને કુલ ૮૪ વિકલ્પ થાય છે.

તે પ્રમાણે ચાર નૈરયિકોના એકસંયોગી ૭, દ્વિકસંયોગી ૬૩, ત્રિકસંયોગી ૧૦૫, અને ચતુઃસંયોગી ૩૫ મળી કુલ ૨૧૦ વિકલ્પ ગણવા.

પાંચનું ગણિત

તે પ્રમાણે પાંચ નૈરયિકોના અનુક્રમે ૭–૮૪–૨૧૦–૧૪૦–૨૧ મળી કુલ ૪૬૨ વિકલ્પ ગણવા.

તે પ્રમાણે છ નૈરયિકોના અનુક્રમે ૭–૧૦૫–૩૫૦–૩૫૦–૧૦૫–૭ મળી કુલ ૯૨૪ વિકલ્પો થાય છે.

તે પ્રમાણે સાત નૈરયિકોના ૭–૧૨૬–૫૨૫–૭૦૦–૩૧૯–૪૨–૧ મળી કુલ ૧૭૧૬ વિકલ્પો થાય છે.

તે પ્રમાણે આઠ નૈરયિકોના ૭–૧૪૭–૭૩૫–૧૨૨૫–૭૩૫–૧૪૭–૭ મળી કુલ ૩૦૦૩ વિકલ્પ થાય છે.

તે પ્રમાણે નવ નૈરયિકોના ૭–૧૬૮–૯૮૦–૧૯૬૦–૧૪૭૦–૩૯૨–૨૮ મળી કુલ ૫૦૦૫ વિકલ્પો થાય.

તે પ્રમાણે દશ નૈરયિકોના ૭–૧૮૯–૧૨૬૦–૨૯૪૦–૨૬૪૬–૮૮૨–૮૪ મળી કુલ ૮૦૦૮ વિકલ્પ થાય છે.

સંખ્યાતનું ગણિત

૧. જ્યારે સંખ્યાત[1] નારકો તે સાત પૃથ્વીઓમાં

---

૧. અહીં ૧૧થી માંડીને શીર્ષપહેલિકા (જુઓ પા. ૨૧૪) સુધીની સંખ્યાને સંખ્યાત ગણવી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવેશ કરતા હોય, ત્યારે તેઓ રત્નપ્રભામાં પણ હોય. એમ તમસ્તમઃપ્રભામાં પણ હોય. [એમ એકસંયોગી ૭ વિકલ્પ].

૨. અથવા એક રત્નપ્રભામાં હોય અને સંખ્યાતા શર્કરાપ્રભામાં હોય. . . . એમ એક રત્નપ્રભામાં હોય અને સંખ્યાતા તમસ્તમઃપ્રભામાં હોય [૭ વિકલ્પ].

અથવા બે રત્નપ્રભામાં અને સંખ્યાતા શર્કરાપ્રભામાં હોય. . . . એમ ૨ રત્નપ્રભામાં અને સંખ્યાતા તમસ્તમઃ-પ્રભામાં હોય (૭ વિકલ્પ). એમ ત્રણ રત્નપ્રભામાં. એમ દશરત્નપ્રભામાં અને સંખ્યાત તમસ્તમઃપ્રભામાં.

અથવા સંખ્યાતા રત્નપ્રભામાં અને સંખ્યાતા શર્કરાપ્રભામાં. . . . એમ સંખ્યાતા રત્નપ્રભામાં અને સંખ્યાતા તમસ્તમઃપ્રભામાં.

એમ શર્કરાપ્રભા આદિનું પણ ગણી લેવું. એમ દ્વિકસંયોગી ૨૩૧ વિકલ્પો થશે.

૩. અ. અથવા એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં અને સંખ્યાતા વાલુકાપ્રભામાં . . . એમ એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં અને સંખ્યાતા તમસ્તમઃપ્રભામાં.

અથવા એક રત્નપ્રભામાં, બે શર્કરાપ્રભામાં અને સંખ્યાતા વાલુકાપ્રભામાં . . . એમ એક રત્નપ્રભામાં, દશ શર્કરાપ્રભામાં અને સંખ્યાતા વાલુકાપ્રભામાં. પછી એક રત્નપ્રભામાં, સંખ્યાતા શર્કરાપ્રભામાં અને સંખ્યાતા વાલુકા-પ્રભામાં હોય. પછી બે રત્નપ્રભામાં, સંખ્યાતા શર્કરાપ્રભામાં અને સંખ્યાતા વાલુકાપ્રભામાં . . . એમ ૧૦ રત્નપ્રભામાં સંખ્યાતા શર્કરાપ્રભામાં અને સંખ્યાતા વાલુકાપ્રભામાં. પછી

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંખ્યાતા રત્નપ્રભામાં, સંખ્યાતા શર્કરાપ્રભામાં અને સંખ્યાતા વાલુકાપ્રભામાં.

એ જ પ્રમાણે એક રત્નપ્રભામાં, એક વાલુકાપ્રભામાં અને સંખ્યાતા પંકપ્રભામાં હોય — એમ ગણતાં ગણતાં પાછા સંખ્યાતા રત્નપ્રભામાં સંખ્યાતા વાલુકાપ્રભામાં અને સંખ્યાતા પંકપ્રભામાં હોય, એ જગાએ આવવું.

એમ પછીની બધી પૃથ્વીઓનું ગણવું. એમ ત્રિકસંયોગથી કુલ ૭૩૫ વિકલ્પો થશે.

૪. હવે એક રત્નપ્રભામાં, એક શર્કરાપ્રભામાં, એક વાલુકાપ્રભામાં અને સંખ્યાતા પંકપ્રભામાં. ત્યારબાદ પૂર્વોક્ત ક્રમથી ત્રીજી પૃથ્વીમાં બે થી માંડીને સંખ્યાત પદનો સંચાર કરતાં બીજા દશ વિકલ્પ થાય છે. એમ બીજી તથા પ્રથમ પૃથ્વીમાં પણ બેથી માંડીને સંખ્યાત પદનો સંચાર કરતાં ૨૦ વિકલ્પ થાય. એમ બધા મળીને ૩૧ વિકલ્પ થાય. તે ૩૧ વિકલ્પો સાથે સાત નરકનાં ચતુષ્કસંયોગી ૩૫ પદનો ગુણાકાર કરતાં કુલ ૧૦૮૫ વિકલ્પો થશે.

એમ આદિની પાંચ પૃથ્વીઓ સાથે પંચસંયોગ કરવો. તેમાં પ્રથમ ચારમાં એક એક, અને પાંચમીમાં સંખ્યાતા એમ પ્રથમ વિકલ્પ થાય. ત્યારબાદ ચોથી પૃથ્વીમાં અનુક્રમે બેથી માંડીને સંખ્યાત પદ સુધી સંચાર કરવો. એ રીતે બાકીની ત્રીજી, બીજી અને પ્રથમ પૃથ્વીમાં પણ કરવો. એમ બધા મળીને પંચકયોગી ૪૧ વિકલ્પો થાય. તેની સાથે નરકપૃથ્વીના પંચસંયોગી ૨૧ પદોનો ગુણાકાર કરતાં કુલ ૮૬૧ વિકલ્પો થશે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ષટ્કસંયોગમાં પૂર્વોક્ત ક્રમથી ૫૧ વિકલ્પો થાય છે. તેની સાથે સાત નરકનાં ષટ્કયોગી ૭ પદોનો ગુણાકાર કરતાં ૩૫૭ વિકલ્પો થાય છે.

સપ્તસંયોગમાં તો પૂર્વોક્ત ભાવનાથી ૬૧ વિકલ્પો થાય છે. એ પ્રમાણે સંખ્યાત નૈરયિકોને આશરીને ૭-૨૩૧-૭૩૫-૧૦૮૫-૮૬૧-૩૫૭-૬૧ મળી કુલ ૩૩૩૭ વિકલ્પો ગણવા.

અસંખ્યાતનું ગણિત

૧ થી ૧૦, પછી સંખ્યાત અને પછી અસંખ્યાતપદ ઉમેરી અસંખ્યાતનું ગણિત ગણવું. તેના ૭-૨૫૨-૮૦૫-૧૧૬૦-૬૪૫-૩૬૨-૬૭ મળી કુલ ૩૬૫૮ વિકલ્પો થશે.

આ પ્રમાણે એકેંદ્રિય, દ્વિઇંદ્રિય, ત્રિઇંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય તિર્યંચયોનિકપ્રવેશનકમાં એક તિર્યંચયોનિક જીવથી માંડીને અસંખ્યાત જીવ સુધીનું ગણિત ગણવું.

મનુષ્યપ્રવેશનક સંમૂર્છિમ અને ગર્ભજ એમ બે પ્રકારનું છે. તેનું પણ એક મનુષ્યથી માંડીને અસંખ્યાત મનુષ્ય સુધીનું ગણિત ગણવું.

દેવપ્રવેશનક ચાર પ્રકારનું છેઃ ભવનવાસિદેવપ્રવેશનક, વાનવ્યંતરદેવ૦ જ્યોતિષ્કદેવ૦ અને વૈમાનિકદેવપ્રવેશનક. તેનું પણ એક દેવથી માંડીને અસંખ્ય દેવ સુધીનું ગણિત ગણવું.

— શતક ૬, ઉદ્દે૦ ૩૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨

રાશિઓ

૧

રાજગૃહનગરમાં ભગવાન ગૌતમ પૂછે છે.

ગૌ૦—હે ભગવન્! યુગ્મો અથવા રાશિઓ કેટલી છે?

મ૦—હે ગૌતમ! ચાર છે: કૃતયુગ્મ, ત્યોજ, દ્વાપરયુગ્મ, અને કલ્યોજ. જે રાશિમાંથી ચાર ચાર કાઢતાં છેવટે ચાર બાકી રહે, તે રાશિ કૃતયુગ્મ કહેવાય. જે રાશિમાંથી ચાર ચાર કાઢતાં છેવટે ત્રણ બાકી રહે, તે રાશિ ત્યોજ કહેવાય. જેમાંથી ચાર ચાર કાઢતાં છેવટે બે બાકી રહે, તે રાશિ દ્વાપરયુગ્મ કહેવાય. અને જે રાશિમાંથી ચાર ચાર કાઢતાં એક બાકી રહે, તે રાશિને કલ્યોજ કહે છે.

ગૌ૦—હે ભગવન્! નૈરયિકો કૃતયુગ્મરાશિરૂપ છે, ત્યોજ૦ છે, દ્વાપરયુગ્મ૦ છે કે કલ્યોજ૦રૂપ છે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભ૦—હે ગૌતમ! તેઓ જઘન્યપદે (ઓછામાં ઓછી સંખ્યાએ) કૃતયુગ્મ છે, અને ઉત્કૃષ્ટપદે (વધારેમાં વધારે સંખ્યાએ) ત્યોજ છે;[૧] તથા મધ્યમપદે કદાચ કૃતયુગ્મરૂપ હોય.....થી માંડીને કલ્યોજરૂપ પણ હોય. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું.

વનસ્પતિકાયિકો તો જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદની અપેક્ષાએ અપદ છે—અર્થાત્ તેમાં જઘન્ય પદ અને ઉત્કૃષ્ટ પદનો સંભવ નથી.[૨] પણ મધ્યમપદની અપેક્ષાએ તેઓ કદાચ કૃતયુગ્મથી માંડીને કદાચ કલ્યોજરૂપ હોય છે.

બેઇંદ્રિય જીવો જઘન્યપદની અપેક્ષાએ કૃતયુગ્મ અને ઉત્કૃષ્ટપદે દ્વાપરયુગ્મ અને મધ્યમપદે ચારે રાશિરૂપ હોય. એમ ચતુરિંદ્રિય જીવો સુધી જાણવું. બાકીના એકેંદ્રિયો બેઇંદ્રિયોની પેઠે જાણવા. પંચેંદ્રિય તિર્યંચથી માંડીને વૈમાનિકો સુધી નૈરયિકોની પેઠે જાણવા. અને સિદ્ધો વનસ્પતિકાયિકોની પેઠે જાણવા.[૩]

સ્ત્રીઓ જઘન્યપદે કૃતયુગ્મ છે; ઉત્કૃષ્ટપદે પણ કૃતયુગ્મ છે, અને મધ્યપદે ચારે ય છે. એ પ્રમાણે અસુરકુમારથી

---

૧. આમ કહેવાનું કારણ શું એ પ્રશ્નના જવાબમાં ટીકાકાર જણાવે છે કે તેવી માત્ર 'આજ્ઞા' છે.

૨. જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદ તો નિયત સંખ્યારૂપ છે; અને તે નૈરયિકાદિને વિષે કાળાન્તરે પણ ઘટી શકે. પરંતુ વનસ્પતિ વિષે તે ઘટી શકતું નથી. કારણકે તે અનંત હોવાથી અનિયત સ્વરૂપે હોય છે.

૩. કારણકે તેઓની સંખ્યા વધતી જતી હોવાથી તેઓ અનિયત પરિમાણરૂપ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તનિતકુમાર સુધીની સ્ત્રીઓ હોય છે. તિર્યંચયોનિક સ્ત્રીઓ, તેમ જ મનુષ્યસ્ત્રીઓથી માંડીને વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકદેવની સ્ત્રીઓ પણ તેમ જ જાણવી.

જેટલા અલ્પઆયુષ્યવાળા અંધકવહ્નિ જીવો છે, તેટલા ઉત્કૃષ્ટઆયુષ્યવાળા અંધકવહ્નિ[1] જીવો છે.

—શતક ૧૮, ઉદ્દે૦ ૪

૨

પરિમંડલ વગેરે સંસ્થાનો એટલે આકૃતિઓ વિષે આગળ પા. ૪૯૬ ઉપર આવી ગયેલું છે.

ગૌ૦—હે ભગવન્! પરિમંડલ સંસ્થાન શું કૃતયુગ્મ-પ્રદેશાવગાઢ છે કે . . . કલ્યોજપ્રદેશાવગાઢ છે?

ભ૦—હે ગૌતમ! માત્ર કૃતયુગ્મપ્રદેશાવગાઢ છે.[2] તે પ્રમાણે વૃત્ત સંસ્થાન દ્વાપરયુગ્મ સિવાય કૃતયુગ્માદિ[3] ત્રણે પ્રકાર વડે અવગાઢ હોય. ત્ર્યસ્રસંસ્થાન કલ્યોજ સિવાય

---

૧. બાદર અગ્નિકાયિક જીવ.—ટીકા. બીજા આચાર્યો સૂક્ષ્મ અગ્નિકાયિક જીવ, એવો અર્થ કરે છે,

૨. કારણ કે પરિમંડલ સંસ્થાન ઓછામાં ઓછા વીસ પ્રદેશની અવગાહનાવાળું કહ્યું છે.

૩. કારણકે જે પ્રતરવૃત્ત ૧૨ પ્રદેશિક છે, અને જે ઘનવૃત્ત ૩૨ પ્રદેશિક છે, તેને તો ચારે ભાગતાં કાંઈ બાકી ન રહે તેથી કૃતયુગ્મ. જે ઘનવૃત્ત સાત પ્રદેશિક છે, તેને ચારે ભાગતાં ત્રણ વધે છે, માટે તે ત્ર્યોજ૦. જે પ્રતરવૃત્ત પાંચ પ્રદેશિક છે, તેને ચારે ભાગતાં એક વધે, માટે કલ્યોજ૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અન્ય ત્રણ વડે[૧] અવગાઢ હોય. ચતુરસ્રસંસ્થાન વૃત્ત-સંસ્થાન જેવું જાણવું.[૨] આયતસંસ્થાન તો ચારે પ્રકારનું[૩] હોય.

—શતક ૨૫, ઉદ્દે૦ ૩

૩

ધર્માસ્તિકાયથી માંડીને અદ્ધાસમય (કાલ) સુધીનાં છ દ્રવ્યો છે. ધર્માસ્તિકાય દ્રવ્યાર્થરૂપે કલ્યોજ છે; કારણ કે તે એક દ્રવ્યરૂપ હોવાથી ચારે ભાગતાં એક જ બાકી રહે છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનું પણ

---

૧. જે ઘનત્र્યસ્ર ચાર પ્રદેશવાળું છે, તે કૃતયુગ્મ૦; જે પ્રતરત્र્યસ્ર ત્રણ પ્રદેશાવગાઢ છે, અને જે ઘનત્र્યસ્ર ૩૫ પ્રદેશાવગાઢ છે, તેને ચારે ભાગતાં ત્રણ વધતા હોવાથી ત્र્યોજ૦; અને જે પ્રતરત્र્યસ્ર ૬ પ્રદેશિક છે તેને ચારે ભાગતાં બે વધતા હોવાથી દ્વાપર૦.

૨. જે પ્રતરચતુરસ્ર ચાર પ્રદેશિક છે, તથા જે ઘનચતુરસ્ર આઠ પ્રદેશિક છે તેની અપેક્ષાએ કૃતયુગ્મ૦; જે ઘનચતુરસ્ર ૨૭ પ્રદેશિક છે, તેની અપેક્ષાએ ત્र્યોજ૦; તથા જે પ્રતરચતુરસ્ર નવપ્રદેશિક છે તેની અપેક્ષાએ કલ્યોજ૦.

૩. જે શ્રેણીઆયત દ્વિપ્રદેશિક છે, અને જે પ્રતરાયત ૬ પ્રદેશિક છે તેની અપેક્ષાએ દ્વાપર૦; જે શ્રેણીઆયત ત્રણ પ્રદેશાવગાઢ છે, અને જે પ્રતરાયત પંદર પ્રદેશિક છે, તેની અપેક્ષાએ ત્र્યોજ૦; જે ઘનાયત ૧૨ પ્રદેશિક છે તેની અપેક્ષા કૃતયુગ્મ૦; તથા જે ઘનાયત ૪૫ પ્રદેશિક છે, તેની અપેક્ષાએ કલ્યોજ૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવું. જીવાસ્તિકાય દ્રવ્યાર્થપણે કૃતયુગ્મરૂપ છે; કારણ કે તે અનંત હોવાથી કૃતયુગ્મરૂપ જ છે. પુદ્ગલાસ્તિકાય પણ અનંત છે, પણ તેના સંઘાત અને ભેદથી તેનું અનંતપણું અનવસ્થિત હોવાથી તે ચારે રાશિરૂપ હોય છે. અદ્ધા સમયને જીવાસ્તિકાય જેવો જાણવો.

ધર્માસ્તિકાયના અવસ્થિત અનંત પ્રદેશો હોવાથી તે પ્રદેશાર્થરૂપે કૃતયુગ્મ જ છે. એમ અદ્ધાસમય સુધી જાણવું.

જીવ દ્રવ્યાર્થરૂપે કલ્યોજરૂપ છે. કારણ કે જીવ દ્રવ્યરૂપે એક જ વ્યક્તિ છે. અને જીવો દ્રવ્યાર્થરૂપે અનંત અવસ્થિત હોવાથી તેઓ કૃતયુગ્મરૂપ જ હોય છે. જીવપ્રદેશની અપેક્ષાએ જીવો કૃતયુગ્મ છે, કારણ કે સમસ્ત જીવોના પ્રદેશો અવસ્થિત અનંતરૂપ છે, અને એક જીવના પ્રદેશો અવસ્થિત અસંખ્યાત છે. તેથી તેમને ચારે ભાગતાં ચાર બાકી રહે. પરંતુ શરીરપ્રદેશની અપેક્ષાએ સામાન્યરૂપે સર્વ જીવના શરીરપ્રદેશો સંઘાત અને ભેદથી અનવસ્થિત અનંતરૂપે હોવાથી ભિન્ન ભિન્ન સમયે તેમાં ચતુર્વિધ રાશિનો સમવતાર થઈ શકે. વિશેષરૂપે એક એક જીવશરીરના પ્રદેશોમાં ચારે રાશિનો સમવતાર થાય છે. કારણ કે કોઈકિ જીવશરીરના પ્રદેશો કૃતયુગ્મરૂપ હોય છે, તો અન્યના બીજા રાશિરૂપ હોય છે. સિદ્ધો પ્રદેશાર્થપણે કૃતયુગ્મ જ છે.

જીવ આકાશના કૃતયુગ્મપ્રદેશોને આશરીને રહેલો હોય કે.....એમ કલ્યોજ પ્રદેશોને આશરીને રહેલો હોય. કારણ કે ઔદારિકાદિશરીરોની અવગાહના વિચિત્ર હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમસ્તજીવો સામાન્યરૂપે[૧] આકાશના કૃતયુગ્મ પ્રદેશોને આશરીને જ રહેલા છે. કારણ કે સમસ્ત જીવો વડે અવગાઢ પ્રદેશો અસંખ્ય છે; અને વિશેષરૂપે[૨] ચારે પ્રકારની રાશિવાળા પ્રદેશોને આશરીને રહેલા હોય.

નારકો સામાન્યરૂપે[૧] ચારે પ્રકારની રાશિવાળા પ્રદેશોને આશરીને રહેલા હોય; કારણકે તેમનાં પરિણામ વિચિત્ર છે, તથા તેમના શરીરનું પ્રમાણ પણ વિચિત્ર છે. વિશેષ રૂપે પણ તેમ જ ગણવું. એકેંદ્રિય અને સિદ્ધ સિવાય બાકીના બધા જીવો માટે એમ જ જાણવું. સિદ્ધો અને એકેંદ્રિયો સામાન્ય જીવોની પેઠે જાણવા.

જીવ કૃતયુગ્મ સમયની સ્થિતિવાળો છે. કારણકે સામાન્ય જીવની સ્થિતિ સર્વ કાળમાં શાશ્વત છે, અને સર્વકાળ નિયત અનંત સમયાત્મક છે.

પરંતુ નૈરયિક ચારે પ્રકારની રાશિવાળા સમયની સ્થિતિવાળો હોય; તેવું જ વૈમાનિક સુધી જાણવું. કારણકે નારકાદિની ભિન્ન ભિન્ન સ્થિતિ હોવાથી કોઈ વાર તે કૃતયુગ્મ સમયની સ્થિતિવાળો હોય...તો કોઈ વાર કલ્યોજ સમયની સ્થિતિવાળો હોય. સિદ્ધને જીવની પેઠે જાણવું.

જીવના કાળા વર્ણના પર્યાયો, શરીરના વર્ણની અપેક્ષાએ ચારે પ્રકારના હોય. એમ વૈમાનિક સુધી જાણવું. સિદ્ધ

---

૧. એક સમયે જ નહીં, એ અર્થમાં. અયૌગપદ્ય.
૨. એક સમયે–યુગપત્.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધે આ વિષય બાબત કાંઈ ન પૂછવું. કારણકે તેમને શરીર ન હોય.

એમ બધા વર્ણો અને સ્પર્શો સુધી જાણવું.

જીવના આભિનિબોધિકજ્ઞાનપર્યાયો કદાચ કૃતયુગ્મરૂપ હોય, એમ ચારે પ્રકારના હોય. કારણકે આવરણના ક્ષયોપશમની વિચિત્રતાથી આભિનિબોધિક જ્ઞાનની વિશેષતાઓ અને તેના સૂક્ષ્મ અવિભાજ્ય અંશો અનંત છે. પણ ક્ષયોપશમની વિચિત્રતાથી તેનું અનંતપણું ચોક્કસ નથી. આમ એકેંદ્રિય સિવાયના વૈમાનિક સુધીના જીવો માટે જાણવું. એકેંદ્રિય જીવને સમ્યક્ત્વ ન હોવાથી આભિનિબોધિક જ્ઞાન હોતું નથી.

શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના પર્યાયો સંબંધે પણ એમ જ જાણવું; પણ વિકલેંદ્રિય જીવોને અવધિજ્ઞાન ન કહેવું. એમ મનઃપર્યવજ્ઞાનના પર્યાયો સંબંધે પણ જાણવું, પરંતુ તે સામાન્ય જીવો અને મનુષ્યોની અપેક્ષાએ કહેવું. બાકીનાઓને ન કહેવું. જીવના કેવલજ્ઞાનના પર્યાયો કૃતયુગ્મરૂપ છે. એ પ્રમાણે મનુષ્ય તથા સિદ્ધ સંબંધે પણ જાણવું.

મતિઅજ્ઞાનના પર્યાયોની બાબતમાં આભિનિબોધિક જ્ઞાનની પેઠે કહેવું. શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન, ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન અને અવધિદર્શનના પર્યાયો સંબંધે પણ એ પ્રમાણે કહેવું. જેને જે હોય તે તેને કહેવું. કેવલદર્શનના પર્યાયો સંબંધે કેવલજ્ઞાનના પર્યાયોની પેઠે સમજવું.

— શતક ૨૫, ઉદ્દે૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

પરમાણુપુદ્ગલ દ્રવ્યાર્થરૂપે કલ્યોજરૂપ છે; કારણકે તે એક જ છે. પરંતુ પરમાણુપુદ્ગલો સામાન્યરૂપે ચારે પ્રકારનાં હોય. કારણકે તેઓ છે તો અનંત, પણ સંઘાત-ભેદથી તેમનું સ્વરૂપ અનવસ્થિત છે,

દ્વિપ્રદેશિક સ્કંધ દ્વાપરયુગ્મ છે; ત્રિપ્રદેશિક સ્કંધ ત્યોજ છે. ચારપ્રદેશિક સ્કંધ કૃતયુગ્મ છે. એમ આગળ ચાલવું.

સંખ્યાતપ્રદેશિક સ્કંધ, અસંખ્યાતપ્રદેશિક સ્કંધ, તથા અનંતપ્રદેશિક સ્કંધ ચારે પ્રકારના હોય.

પરમાણુ પુદ્ગલ કલ્યોજપ્રદેશાવગાઢ હોય; દ્વિપ્રદેશિક સ્કંધ કદાચ દ્વાપરયુગ્મ કે કદાચ કલ્યોજ પ્રદેશાશ્રિત હોય.[૧]

ત્રિપ્રદેશિક સ્કંધ ત્યોજ, દ્વાપર, કે કલ્યોજપ્રદેશાશ્રિત હોય; ચતુઃપ્રદેશાશ્રિત ચારેરૂપ હોય, એમ અનંતપ્રદેશિક સ્કંધો સુધી જાણવું.

પરમાણુપુદ્ગલ કદાચ કૃતયુગ્મની સ્થિતિવાળું હોય, ...એમ ચારે પ્રકારની સ્થિતિવાળું હોય; એમ અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું.

—શતક ૨૫, ઉદ્દે૦ ૪

૫

રાજગૃહનગરમાં ગૌતમ પૂછે છે: હે ભગવન્! ક્ષુદ્ર (નાનાં) યુગ્મો કેટલાં છે?

---

૧. કારણકે તે એક પ્રદેશમાં સ્થિત પણ હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! ચાર ક્ષુદ્રયુગ્મો કહ્યાં છે: કૃતયુગ્મ, ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ. વિવરણ: લઘુસંખ્યાવાળા રાશિવિશેષને ક્ષુદ્રયુગ્મ કહે છે. તેમાં ચાર, આઠ, બાર વગેરે સંખ્યાવાળા રાશિને ક્ષુદ્રકૃતયુગ્મ કહે છે; ત્રણ, સાત, અગિયાર વગેરે રાશિને ક્ષુદ્ર ત્યોજ; બે, છ વગેરે રાશિને ક્ષુદ્ર દ્વાપરયુગ્મ; અને એક, પાંચ વગેરે સંખ્યાવાળા રાશિને ક્ષુદ્ર કલ્યોજ કહેવામાં આવે છે.

ગૌ૦—હે ભગવન્! કેટલાં મહાયુગ્મો—મહારાશિઓ કહ્યાં છે?

મ૦—હે ગૌતમ! સોળ મહાયુગ્મો કહ્યાં છે. તે આ પ્રમાણે:

૧. કૃતયુગ્મકૃતયુગ્મ—એટલે કે જે રાશિમાંથી પ્રતિ સમય ચાર ચાર કાઢીએ તો છેવટે ચાર બાકી રહે, અને તે જેટલી વાર કાઢ્યા તે સંખ્યામાંથી પણ ચાર ચાર કાઢીએ તો ચાર બાકી રહે, તે.[1] [તે પ્રમાણે] ૨. કૃતયુગ્મત્યોજ[2] ૩. કૃતયુગ્મ દ્વાપરયુગ્મ ૪. કૃતયુગ્મકલ્યોજ ૫. ત્યોજકૃતયુગ્મ. ૬. ત્યોજત્યોજ. ૭. ત્યોજદ્વાપરયુગ્મ. ૮. ત્યોજકલ્યોજ. ૯. દ્વાપરયુગ્મકૃતયુગ્મ. ૧૦. દ્વાપરયુગ્મત્યોજ. ૧૧. દ્વાપરયુગ્મદ્વાપરયુગ્મ. ૧૨. દ્વાપરયુગ્મકલ્યોજ. ૧૩. કલ્યોજ-

---

૧. જેમકે ૧૬માંથી ચાર ચાર કાઢીએ તો અંતે ચાર રહે છે; અને જેટલીવાર કાઢયા તે સંખ્યા પણ ચાર છે.

૨. જેમકે ૧૯માંથી ચાર-ચાર કાઢીએ તો ત્રણ વધે; અને જેટલીવાર કાઢયા તેની સંખ્યા ચાર છે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કૃતયુગ્મ. ૧૪. કલ્યોજ-ત્યોજ. ૧૫. કલ્યોજ-દ્વાપરયુગ્મ. ૧૬. કલ્યોજ-કલ્યોજ.[૧]

૬

આવલિકા અસંખ્યાતા સમયરૂપ છે. તે જ પ્રમાણે સ્તોકથી માંડીને શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી અને ઉત્સર્પિણીના સમયો સુધી જાણવું;[૨] પુદ્ગલપરિવર્ત[૩] અનંતસમયરૂપ છે. તે જ પ્રમાણે ભૂતકાળ, ભવિષ્યકાળ તથા સર્વકાળનું પણ જાણવું.

આનપ્રાણુ સંખ્યાતી આવલિકારૂપ છે. એ પ્રમાણે શીર્ષપ્રહેલિકા સુધી જાણવું. પલ્યોપમ અસંખ્યાતી આવલિકારૂપ છે. એમ સાગરોપમ, અવસર્પિણી અને ઉત્સર્પિણી સંબંધે પણ જાણવું. પુદ્ગલપરિવર્ત અનંત આવલિકારૂપ છે. એ પ્રમાણે સર્વકાળ સુધી જાણવું.

સ્તોકમાં કેટલા આનપ્રાણ છે — વગેરે બધું આવલિકાની પેઠે જાણવું. એ પ્રમાણે શીર્ષપ્રહેલિકા સુધી સમજવું.

સાગરોપમ સંખ્યાતા પલ્યોપમરૂપ છે. એ પ્રમાણે અવસર્પિણી અને ઉત્સર્પિણીનું પણ જાણવું. પુદ્ગલપરિવર્ત અનંત પલ્યોપમરૂપ છે. એ પ્રમાણે સર્વકાળ સુધી જાણવું.

અવસર્પિણી કેટલાં સાગરોપમરૂપ છે, એ બાબતમાં પલ્યોપમ જેવું બધું જાણવું.

---

૧. અહીં બધે, જેટલીવાર કાઢ્યા તે પદ પહેલું છે; અને જેટલા વધ્યા તેની અપેક્ષાએ બીજું પદ છે.

૨. જુઓ પા. ૨૧૩–૫.

૩. જુઓ પા. ૮૯. નોંધ ૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પુદ્ગલપરિવર્ત અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ છે. એ પ્રમાણે સર્વકાળ સુધી જાણવું.

ભૂતકાળ અનંત પુદ્ગલપરિવર્તોરૂપ છે. એ પ્રમાણે અનાગતકાળ અને સર્વકાળ સંબંધી જાણવું. ભવિષ્યકાળ ભૂતકાળથી એક સમય અધિક છે. સર્વકાળ ભૂતકાળ કરતાં કાંઈક અધિક અમણો છે; અને ભવિષ્યકાળ કરતાં કાંઈક ન્યૂન અમણો છે.

—શતક ૨૫, ઉદ્દે૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતી-સાર

ખંડ ૭ મો

કુતૂહલ-ખંડ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧

વિવિધ પ્રશ્નો

૧

ગૌ૦—હે ભગવન્! લોકનો અંત અલોકના અંતને સ્પર્શે, અને અલોકનો પણ અંત લોકના અંતને સ્પર્શે?

ભ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! જે સ્પર્શાય છે તે શું સ્પૃષ્ટ છે?

ભ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! બેટનો છેડો સમુદ્રના છેડાને સ્પર્શે? સમુદ્રનો પણ છેડો બેટના છેડાને સ્પર્શે?

ભ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! એ પ્રમાણે પાણીનો છેડો વહાણના છેડાને સ્પર્શે; કાણાનો છેડો વસ્ત્રના છેડાને સ્પર્શે અને છાયાનો છેડો તડકાના છેડાને સ્પર્શે?

ભ૦—હા ગૌતમ!

—શતક ૧, ઉદ્દે૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨

ગૌ૦—હે ભગવન્! વાદળું (મેઘ) એક મોટું સ્ત્રીરૂપ વગેરે પરિણમાવવા સમર્થ છે? તથા તેવું રૂપ કરીને અનેક યોજનો સુધી જવા સમર્થ છે?

મ૦—હા ગૌતમ!

ગૌ૦—હે ભગવન્! મેઘ આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી?

મ૦—હે ગૌતમ! તે પરઋદ્ધિથી[૧] ગતિ કરે છે; તથા પરકર્મ અને પરપ્રયોગથી.

ગૌ૦—હે ભગવન્! એ મેઘ સ્ત્રી છે?

મ૦—ના ગૌતમ! તે સ્ત્રી નથી, પણ મેઘ છે. એ પ્રમાણે પુરુષ, ઘોડો તથા હાથી વગેરે વિષે પણ જાણવું.

ગૌ૦—હે ભગવન્! તે મેઘ એક મોટા વાહનનું રૂપ કરી, અનેક યોજનો સુધી ગતિ કરે?

મ૦—હા ગૌતમ! વળી તે એક તરફ પૈડું રાખીને પણ ચાલે, અને બંને તરફ પૈડું રાખીને પણ ચાલે!

—શતક ૩, ઉદ્દે૦ ૪

૩

ગૌ૦—હે ભગવન્! તરતનો સળગાવેલો અગ્નિ બાળવારૂપ મહાક્રિયાવાળો હોય છે; પણ પછી તે ક્ષણે ક્ષણે ઓછો થતો જાય, બુઝાઈ જાય, અંગારરૂપ થાય, મુર્મુરરૂપ થાય, અને પછી ભસ્મરૂપ થઈને અલ્પ ક્રિયાવાળો થાય?

મ૦—હા ગૌતમ!

—શતક ૫, ઉદ્દે૦ ૬

---

૧. વાયુ કે દેવ દ્વારા પ્રેરિત થઈને. —ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

ગૌ૦—હે ભગવન્! રાજગૃહનગર પૃથ્વી કહેવાય, જલ કહેવાય, ફૂટ કહેવાય, શૈલ કહેવાય કે અચિત્ત અને મિશ્ર દ્રવ્યો કહેવાય?

મ૦—હે ગૌતમ! તે બધાંનો સમુદાય એ રાજગૃહ-નગર છે.

—શતક ૫, ઉદ્દે૦ ૬

૫

ગૌ૦—હે ભગવન્! લવણસમુદ્ર ઊછળતા પાણીવાળો છે કે અક્ષુબ્ધ પાણીવાળો છે?

મ૦—હે ગૌતમ! તે ઊછળતા પાણીવાળો છે!

—શતક ૬, ઉદ્દે૦ ૮

૬

ગૌ૦—હે ભગવન્! દુઃખી જીવ દુઃખથી વ્યાપ્ત હોય કે, અદુઃખી જીવ દુઃખથી વ્યાપ્ત હોય?

મ૦—હે ગૌતમ! દુઃખી જીવ દુઃખથી વ્યાપ્ત હોય. એ પ્રમાણે દુઃખી નારક દુઃખથી વ્યાપ્ત હોય; પણ દુઃખરહિત નારક દુઃખથી વ્યાપ્ત ન હોય. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.

—શતક ૭, ઉદ્દે૦ ૧

૭

ગૌ૦—હે ભગવન્! ઘોડો દોડતો હોય છે, ત્યારે 'ખુખુ' શબ્દ કેમ કરે છે?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હે ગૌતમ! જ્યારે તે દોડતો હોય છે, ત્યારે હૃદય અને યકૃતની વચ્ચે કર્કટ નામે વાયુ ઉત્પન્ન થાય છે, તેથી ઘોડો તે શબ્દ કરે છે.

—શતક ૧૦, ઉદ્દે૦ ૩

૮

ગૌ૦—હે ભગવન્! આ ઉંબર વૃક્ષની શાખા મરણ સમયે મરણ પામીને ક્યાં ઉત્પન્ન થશે?

મ૦—હે ગૌતમ! તે આ જ જંબુદ્વીપના ભારતવર્ષમાં પાટલિપુત્ર નામના નગરમાં પાટલિવૃક્ષપણે ઉત્પન્ન થશે; અને ત્યાં તે અર્ચિત, વંદિત અને પૂજનીય થશે.[1]

—શતક ૧૪, ઉદ્દે૦ ૮

૯

ગૌ૦—હે ભગવન્! અવ્યાબાધ દેવો 'અવ્યાબાધ' એટલે કે પીડા નહિ કરનારા કેમ કહેવાય છે?

મ૦—હે ગૌતમ! એક એક અવ્યાબાધ દેવ એક એક પુરુષની એક એક પાંપણ ઉપર તે પુરુષને જરાય દુઃખ થવા દીધા સિવાય બત્રીશ પ્રકારનો નાટ્યવિધિ બતાવી શકવા સમર્થ છે; તેથી તે અવ્યાબાધ કહેવાય છે.

ગૌ૦—હે ભગવન્! દેવના ઇંદ્ર શક્ર કોઈ પુરુષના માથાને હાથ વડે તરવારથી કાપી નાખી કમંડલુમાં નાખવા સમર્થ છે?

---

૧. મૂળમાં આવા બે ત્રણ પ્રશ્નો છે. જેમકે શાલવૃક્ષનો, શાલવૃક્ષની નાની શાખાઓનો ઇ૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મ૦—હા ગૌતમ! તે તેના માથાને છેદી છેદીને, ભેદી ભેદીને, કૂટી કૂટીને અને ચૂર્ણ કરીને કમંડલુમાં નાખે, અને છતાં તે પુરુષને જરા પણ પીડા ન થાય.

ગૌ૦—હે ભગવન્! જૃંભક દેવો જૃંભક (સ્વચ્છંદચારી) કેમ કહેવાય છે?

મ૦—હે ગૌતમ! તેઓ હંમેશાં પ્રમોદવાળા, અત્યંત ક્રીડાશીલ, કંદર્પને વિષે રતિવાળા, અને મૈથુન સેવવાના સ્વભાવવાળા હોય છે. જે તે દેવોને ગુસ્સે થયેલા જુએ છે. તે ઘણો અપયશ પામે છે, અને જે તેઓને તુષ્ટ થયેલા જુએ છે, તે ઘણો યશ પામે છે. તેમના દશ પ્રકાર છેઃ અન્નજૃંભક, પાનજૃંભક, વસ્ત્રજૃંભક, ગૃહજૃંભક, શયનજૃંભક, પુષ્પજૃંભક, ફલજૃંભક, પુષ્પ-ફલજૃંભક, વિદ્યાજૃંભક અને અવ્યક્તજૃંભક.[1] તેઓ બધા દીર્ઘ વૈતાઢ્યોમાં, ચિત્ર, વિચિત્ર, યમક અને સમક પર્વતોમાં તથા કાંચનપર્વતોમાં વસે છે. તેમની સ્થિતિ એક પલ્યોપમની છે.

—શતક ૧૪, ઉદ્દે૦ ૮

૧૦

ગૌ૦—હે ભગવન્! ઉદાયી[2] નામનો હાથી કઈ ગતિમાંથી આવ્યો છે, અને મરીને કયાં જવાનો છે?

મ૦—હે ગૌતમ! તે અસુરકુમાર દેવોમાંથી આવ્યો છે, અને મરીને રત્નપ્રભાપૃથ્વીમાં એક સાગરોપમની વધારેમાં

---

૧. અન્નાદિ વિભાગ વિના સામાન્યરૂપે સ્વચ્છંદચારી—ટીકા.
૨. કૂણિકનો હાથી. જુઓ પા. ૨૫૪–૫.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વધારે સ્થિતિવાળા નરકાવાસમાં નારકપણે ઉત્પન્ન થવાનો છે.

તે પ્રમાણે ભૂતાનંદ હાથીનું પણ જાણવું.

—શતક ૧૭, ઉદ્દે૦ ૧

૧૧

ગૌ૦—હે ભગવન્! દેવ અને અસુરોનો સંગ્રામ થાય છે?

મ૦—હા ગૌતમ! જ્યારે તેમનો સંગ્રામ થતો હોય, ત્યારે દેવો તણખલું, લાકડું, પાંદડું કે કાંકરો વગેરે જે કોઈ વસ્તુનો સ્પર્શ કરે, તે વસ્તુ તેમને શસ્ત્રરૂપે પરિણત થાય છે. પણ અસુરકુમાર દેવોને તો હંમેશાં વિકુર્વેલાં શસ્ત્રરત્નો હોય છે.

ગૌ૦—હે ભગવન્! મોટા પ્રભાવવાળો દેવ હજાર રૂપો વિકુર્વીને, પરસ્પર સંગ્રામ કરાવવા સમર્થ છે?

મ૦—હા ગૌતમ! તે બધાં શરીરો એક જીવ સાથે સંબંધવાળાં હોય છે, અને કોઈ પુરુષ તે શરીરો વચ્ચેના આંતરાઓને પોતાના હાથ વડે કે શસ્ત્ર વડે સ્પર્શ કરે, તો પણ જીવને કશી પીડા ઉત્પન્ન કરી શકે નહીં.

—શતક ૧૮, ઉદ્દે૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતી-સાર

ખંડ ૮ મો

દેવખંડ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧

સામાન્યકથન

દેવોના પ્રકાર

ગૌ૦—હે ભગવન્! દેવો કેટલા પ્રકારના કહ્યા છે?

મ૦—હે ગૌતમ! ચાર પ્રકારના કહ્યા છે: ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક.

—શતક ૨, ઉદ્દે૦ ૭

ગૌ૦—હે ભગવન્! દેવો કેટલા પ્રકારના કહ્યા છે?

ગૌ૦—હે ભગવન્! દેવો પાંચ પ્રકારના કહ્યા છે: ૧. ભવિષ્યમાં દેવપણાને પ્રાપ્ત થનાર 'ભવ્યદ્રવ્યદેવ.' ૨. મનુષ્યોમાં દેવની પેઠે પૂજ્ય 'નરદેવ.' ૩. શ્રુતાદિ ધર્મ વડે દેવો જેવા 'ધર્મદેવ.' ૪. પારમાર્થિક દેવપણું હોવાથી સામાન્ય દેવો કરતાં અધિક—શ્રેષ્ઠ 'દેવાધિદેવ'. અને ૫. દેવગત્યાદિ કર્મના ઉદયથી દેવપણાનો અનુભવ કરનાર 'ભાવદેવ.'

અરિહંત ભગવંતો ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શનને ધારણ કરનારા વગેરે હોવાથી 'દેવાધિદેવ' કહેવાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભવનપતિ, વાનવ્યંતર જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો દેવગતિ સંબંધી નામ અને ગોત્ર કર્મોને અનુભવે છે માટે 'ભાવદેવ' કહેવાય છે.

ગૌ૦—હે ભગવન્! ભવ્યદ્રવ્યદેવો કયાંથી આવીને ઉત્પન્ન થાય?

મ૦—હે ગૌતમ! નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય, તેમ જ તિર્યંચોથી, મનુષ્યોથી અને દેવોથી પણ આવીને ઉત્પન્ન થાય.[૧]

નરદેવો નૈરયિકોથી અને દેવોથી આવીને ઉત્પન્ન થાય, પણ તિર્યંચ અને મનુષ્યોથી આવીને ઉત્પન્ન ન થાય. નારકોમાં પણ રત્નપ્રભાના નારકોમાંથી જ આવે, અન્યમાંથી નહીં. ધર્મદેવો ચારે ગતિ થકી આવીને ઉત્પન્ન થાય[૨] દેવાધિદેવો નૈરયિકો અને દેવોમાંથી જ આવીને ઉત્પન્ન થાય. નૈરયિકોમાં પણ પ્રથમ ત્રણ પૃથ્વીમાંથી જ આવે; અને દેવોમાં પણ વૈમાનિકથી માંડીને સર્વાર્થસિદ્ધ દેવો સુધીનામાંથી જ આવે. ભાવદેવો પણ ચારે ગતિમાંથી જાણવા.[૩]

ભવ્યદ્રવ્યદેવો (વૈક્રિયલબ્ધિસંપન્ન મનુષ્ય કે તિર્યંચ) એક રૂપ ધારણ કરવાને તેમ અનેક રૂપો ધારણ કરવાને પણ સમર્થ છે. તે રૂપો સંખ્યાત, અસંખ્યાત, સંબદ્ધ, અસંબદ્ધ, સમાન કે અસમાન પણ હોય. એ રૂપો ધારણ કર્યા પછી

૧. વિશેષ વિગતો માટે જુઓ પ્રજ્ઞાપનાસૂત્ર, પદ ૬, પૃ. ૨૧૫.

૨. વિગતો માટે જુઓ પ્રજ્ઞા૦ પદ ૬, પૃ. ૨૧૫.

૩. વિગતો પ્રજ્ઞાપના૦ પદ ૬, પૃ. ૧૧૧ માં ભવનવાસીઓના ઉપપાત પ્રમાણે જાણવી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે પોતાનાં યથેષ્ટ કાર્યો કરે છે. એ પ્રમાણે નરદેવ અને ધર્મદેવ સંબંધે પણ કહેવું. દેવાધિદેવમાં પણ તે બધી શક્તિ છે, પણ ઔત્સુક્યના અભાવથી તેમણે તેમ કર્યું નથી, કરતા નથી અને કરશે પણ નહીં. ભાવદેવોનું ભવ્યદ્રવ્યદેવો જેવું જ જાણવું.

ભવ્યદ્રવ્યદેવો મરીને દેવોમાં જ ઉત્પન્ન થાય; નરદેવો તો નૈરયિકોમાં જ[1] થાય. ધર્મદેવો વૈમાનિકથી ઉપરના દેવોમાં જ ઉત્પન્ન થાય છે; દેવાધિદેવો તો મરણ પામીને સિદ્ધ – બુદ્ધ – મુક્ત થાય છે. ભાવદેવો તિર્યંચયોનિકોમાં અને મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય.

સૌથી થોડા નરદેવો છે; તે કરતાં દેવાધિદેવો સંખ્યાતગણા છે; તે કરતાં ધર્મદેવો સંખ્યાતગણા છે; તે કરતાં ભવ્યદ્રવ્યદેવો અસંખ્યાતગણા છે, અને તે કરતાં ભાવદેવો અસંખ્યાતગણા છે. — શતક ૧૨. ઉદ્દે૦ ૯

૨

દેવોની સ્થિતિ

આલભિકા નગરીમાં શંખવન ચૈત્ય હતું. તે નગરીમાં ઘણા શ્રાવકો રહેતા હતા. એક વખત એકઠા થયેલા અને બેઠેલા તે શ્રાવકોમાં વાર્તાલાપ થયો કે, 'દેવલોકમાં દેવોની કેટલા કાલ સુધી સ્થિતિ કહી છે?' ત્યારે દેવસ્થિતિ સંબંધી સત્ય હકીકત જાણનાર ઋષિભપુત્રે તેમને કહ્યું કે,

---

૧. કોઈ ચક્રવર્તી દેવમાં પણ ઉત્પન્ન થાય છે, પરંતુ તે નરદેવપણું છોડીને ધર્મદેવપણું પામે તો જ. કામભોગનો ત્યાગ કર્યા સિવાય તો તે નૈરયિકમાં જ ઊપજે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

'હે આર્યો! દેવલોકમાં દેવોની ઓછામાં ઓછી સ્થિતિ દશ હજાર વર્ષની કહી છે; અને વધારેમાં વધારે સ્થિતિ તેત્રીસ સાગરોપમ વર્ષની કહી છે.[૧] તેથી ઉપરની સ્થિતિના દેવો કે દેવલોકો નથી.' પરંતુ શ્રાવકોને તેના કહ્યા ઉપર શ્રદ્ધા થઈ નહીં.

પછી એક વખત ભગવાન મહાવીર ત્યાં આવતાં તે શ્રાવકોએ તેમને તે બાબત પૂછ્યું, ત્યારે ભગવાન મહાવીરે ઋષિભપુત્રના કહેલાને અનુમોદન આપ્યું. તેથી તે શ્રાવકોએ જઈને ઋષિભપુત્રની ક્ષમા માગી.

પછી તે ઋષિભપુત્ર ઘણાં શીલવ્રતો વગેરે પાળતો, ઘણાં વરસ સુધી શ્રમણપણું ધારીને અંતે ૬૦ ટંકના ઉપવાસથી મરણ પામી, સૌધર્મકલ્પમાં અરુણાભ નામે વિમાનમાં દેવ થયો; ત્યાં તેની સ્થિતિ ચાર પલ્યોપમની હતી. ત્યાંથી તે મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધિપદ પામશે.

* * *

આલભિકામાં શંખવન ચૈત્યથી થોડે દૂર પુદ્ગલ નામનો બ્રાહ્મણધર્મી પરિવ્રાજક રહેતો હતો. તેને નિરંતર છ ટંકના ઉપવાસ કરતાં અને હાથ ઊંચા રાખી તડકો તપતાં તપતાં શિવરાજર્ષિની પેઠે વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું; અને તેથી તે બ્રહ્મલોક કલ્પમાં રહેલા દેવોની સ્થિતિ જાણવા તથા જોવા લાગ્યો; અને કહેવા લાગ્યો કે દેવોમાં વધારેમાં વધારે સ્થિતિ દશ સાગરોપમ વર્ષોની છે. પરંતુ પછી એક

---

૧. દરેક દેવલોકની સ્થિતિના વિગતો માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુ. પા. ૨૬૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વખત મહાવીર ભગવાન એ નગરીમાં આવતાં, અને તેમને મોઢે તેત્રીસ સાગરોપમની વધારેમાં વધારે સ્થિતિ જાણતાં સ્કંદકની પેઠે પુદ્‌ગલ પણ તેમની પાસે પ્રવ્રજિત થયો. ત્યાર પછીનું બધું શિવરાજર્ષિની પેઠે જાણવું.

— શતક ૧૧, ઉદ્દે૦ ૧૨.

૩

દેવોના આવાસ

ગૌતમના પ્રશ્નો છે.

અસુરકુમારના ચોસઠ લાખ આવાસો છે. તેમાં જે આવાસો નાના છે, તે સંખ્યાત યોજન વિસ્તારવાળા છે, અને મોટા છે, તે અસંખ્ય યોજન વિસ્તારવાળા છે.

તેમાં સંખ્યાત યોજન વિસ્તારવાળા આવાસોમાં એક સમયે ઓછામાં ઓછા એક બે કે ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત અસુરકુમારો ઉત્પન્ન થાય છે. ઓછામાં ઓછા એક બે કે ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાતા કાપોતાદિ-ચાર લેશ્યાવાળા ઉત્પન્ન થાય છે; કારણકે ત્યાં કાપોતાદિ ચાર-લેશ્યા હોય છે; તે પ્રમાણે કૃષ્ણપાક્ષિક, શુકલપાક્ષિક, સંજ્ઞી, અસંજ્ઞી, ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિ-જ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની તથા વિભંગજ્ઞાનીનું પણ જાણવું. ચક્ષુર્દર્શનવાળા જીવો ઉત્પન્ન થતા નથી; પરંતુ ઓછામાં ઓછા એક બે અથવા ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાતા અચક્ષુર્દર્શનવાળા જીવો ઉત્પન્ન થાય છે. (કારણકે ઉત્પત્તિ સમયે સામાન્ય ઉપયોગરૂપ અચક્ષુર્દર્શન હોય છે.) એમ અવધિદર્શનવાળા પણ જાણવા. એમ આહારસંજ્ઞા, ભવસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞાવાળાનું પણ જાણવું. તે પ્રમાણે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રી અને પુરુષ વેદવાળા ઉત્પન્ન થાય છે, (પણ નપુંસક વેદવાળા ત્યાં ઉપજતા નથી.) ઉપર પ્રમાણે ક્રોધકષાયીથી માંડીને લોભકષાયી સુધીના જાણવા. શ્રોત્રેંદ્રિયાદિના ઉપયોગવાળા ઉત્પન્ન થતા નથી, પણ નોઈંદ્રિય (મન) ના ઉપયોગવાળા ઉત્પન્ન થાય છે.[૧] તે પ્રમાણે કાયયોગવાળા ઉત્પન્ન થાય છે (પણ મનયોગી અને વચનયોગી ઉત્પન્ન થતા નથી.) એ પ્રમાણે સાકારોપયોગવાળા અને એ રીતે અનાકારોપયોગવાળા પણ ઉત્પન્ન થાય છે.

વળી એ સંખ્યાતા યોજનવાળા આવાસોમાંથી એક સમયે ઓછામાં ઓછા એક બે કે ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાતા અસુરકુમારો ઉદ્વર્તે – મરણ પામે. એ પ્રમાણે કાપોતલેશ્યાવાળા ઉદ્વર્તે ઇત્યાદિ જાણવું.[૨] વિશેષ એટલો કે, અવધિજ્ઞાની અને અવધિદર્શની ત્યાંથી નીકળતા નથી (કારણકે અસુરકુમારાદિથી નીકળેલા તીર્થંકરાદિ ન થાય; અને અવધિજ્ઞાન અને અવધિદર્શન સહિત તો તીર્થંકરાદિ જ ઉદ્વર્તે.) ચક્ષુર્દર્શની ઉદ્વર્તતા નથી; શ્રોત્રેંદ્રિયાદિના ઉપયોગવાળા ઉદ્વર્તતા નથી; મનોયોગી અને વચનયોગી પણ ઉદ્વર્તતા નથી.

સંખ્યાત યોજન વિસ્તારવાળા અસુરકુમારાવાસોને વિષે સંખ્યાતા અસુરકુમારો છે; સંખ્યાતા કાપોતલેશ્યાવાળા છે, ત્યાંથી માંડીને સંખ્યાતા સંજ્ઞીજીવો સુધી એમ જ જાણવું.

---

૧. યદ્યપિ અહીં અપર્યાપ્તાવસ્થામાં મનઃપર્યાપ્તિનો અભાવ હોવાથી દ્રવ્યમન હોતું નથી; પણ ચૈતન્યરૂપ ભાવમન હંમેશ હોય છે

૨. ઈશાન દેવલોક સુધીના દેવો પૃથ્વીકાયાદિ અસંજ્ઞીમાં ઉપજે છે, માટે અસંજ્ઞી પણ આવી ગયા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અસંજ્ઞી કદાચ હોય છે અને કદાચ નથી હોતા.[૧] સંખ્યાતા ભવસિદ્ધિક કહેલા છે, એમ સંખ્યાતા પુરુષવેદવાળા છે ત્યાં સુધી કહેવું. ક્રોધકષાયવાળા કદાચ હોય છે, અને કદાચ નથી હોતા. એ પ્રમાણે માન, માયા સંબંધે પણ જાણવું.[૨] લોભકષાયવાળા તો સંખ્યાતા હોય છે. કારણકે દેવગતિમાં લોભકષાયી ઘણા હોય છે. શ્રોત્રેન્દ્રિયાદિ ઉપયોગવાળા સંખ્યાતા છે. નોઇંદ્રિયના ઉપયોગવાળા અસંજ્ઞીની પેઠે જાણવા. સંખ્યાતા મનોયોગી છે; એ પ્રમાણે અનાકારોપયોગી સુધી જાણવું.

ચરમ—એટલે કે જેને છેલ્લો જ અસુરકુમારભવ બાકી છે, અથવા અસુરકુમારભવને છેલ્લે સમયે વર્તતા જીવો કદાચિત્ હોય છે અને કદાચિત્ નથી હોતા. હોય તો અસંજ્ઞીની પેઠે જાણવા.

અસંખ્યાતા યોજન વિસ્તારવાળા આવાસોમાં પણ બધું એ પ્રમાણે જ જાણવું, પણ સંખ્યાતને બદલે અસંખ્યાત પદ મૂકવું.

નાગકુમારને ૮૪ લાખ ભવનો છે, સુવર્ણકુમારને ૭૨ લાખ, વાયુકુમારને ૯૬ લાખ, દ્વીપકુમાર, દિક્કુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમારના

---

૧. અસંજ્ઞીઓમાંથી મરણ પામીને જેઓ અસુરકુમારપણે ઉત્પન્ન થયા છે, તેઓ અપર્યાપ્તાવસ્થામાં ભૂતભાવની અપેક્ષાએ અસંજ્ઞી કહેવાય છે. તેઓ અલ્પ હોય છે, માટે કદાચ હોય છે અને કદાચ નથી હોતા એમ કહ્યું છે.

૨. દેવોમાં ક્રોધ, માન, અને માયાના ઉદયવાળા કોઈક સમયે જ હોય છે તેથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક યુગલને ૭૬ લાખ ભવનો હોય છે. બાકીનું બધું ઉપર પ્રમાણે જ જાણવું.

વાનવ્યંતર દેવોના આવાસ અસંખ્ય લાખ છે. અને તે સંખ્યાત યોજન વિસ્તારવાળા જ છે. બાકીનું બધું અસુરકુમારોના સંખ્યાત પદમાં કહ્યું તેમ જાણવું.

જ્યોતિષિક દેવોના[૧] અસંખ્યલાખ આવાસ છે. બાકીનું બધું વાનવ્યંતર પ્રમાણે જાણવું. પણ અહીં માત્ર તેજોલેશ્યા કહેવી; અને ઉત્પાદ તથા સત્તાને વિષે અસંજ્ઞી જીવો ઊપજતા કે ઉદ્વર્તતા નથી એમ કહેવું.

સૌધર્મ દેવલોકમાં સંખ્યાત તેમ જ અસંખ્યાત યોજન વિસ્તારવાળા ૩૨ લાખ વિમાનાવાસ છે. બાકી બધું જ્યોતિષિક પ્રમાણે જાણવું. પણ ત્રણે આલાપકોમાં 'સંખ્યાતા' પાઠ કહેવો. અહીંથી નીકળીને તીર્થંકરાદિ થાય છે માટે 'અવધિજ્ઞાની અને અવધિદર્શની ચ્યવે એમ કહેવું. બાકી બધું પૂર્વ પ્રમાણે. અસંખ્યાત યોજન વિસ્તારવાળા વિમાનાવાસોમાં 'અસંખ્યાત' પદ મૂકીને એમ જ કહેવું પણ અવધિજ્ઞાની અને અવધિદર્શની સંખ્યાતા ચ્યવે છે એમ કહેવું. કારણ કે તીર્થંકરાદિક જ અવધિજ્ઞાન અને અવધિદર્શન સહિત ચ્યવે; અને તે સંખ્યાતા જ હોય.

સૌધર્મની પેઠે ઈશાનનું પણ કહેવું. સનત્કુમારનું પણ તેમ જ જાણવું, પણ અહીં સ્ત્રીવેદવાળા ઉત્પન્ન થતા નથી, તેમજ સત્તામાં પણ હોતા નથી. ત્રણે આલાપકોને વિષે

---

૧. પૃથ્વીકાયિકના પણ અસંખ્યેય લાખ આવાસો કહ્યા છે. —શતક, ૧, ઉદ્દે૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અસંજ્ઞી ન કહેવા, કારણ કે અહીં સંજ્ઞીથી આવીને ઊપજે છે અને સંજ્ઞીને વિષે જાય છે. એ પ્રમાણે સહસ્રાર સુધી જાણવું; પરંતુ વિમાનો[૧] અને લેશ્યાઓમાં[૨] વિશેષ છે; બાકી બધું પૂર્વ પેઠે જાણવું.

આનત અને પ્રાણતમાં સંખ્યાત અને અસંખ્યાત યોજન વિસ્તારવાળા ચારસો વિમાનાવાસ છે. સંખ્યાત યોજન વિસ્તારવાળા વિમાનાવાસોને વિષે ત્રણ આલાપકો સહસ્રાર દેવલોકની પેઠે કહેવા; અસંખ્યાત યોજન વિસ્તારવાળાં વિમાનોને વિષે ઉત્પાદ અને ચ્યવન સંબંધે એ પ્રમાણે 'સંખ્યાતા' પદ કહેવું,[૩] માત્ર સત્તામાં અસંખ્યાત પદ કહેવું. મનના (નોઇંદ્રિયના) ઉપયોગવાળા ઓછામાં ઓછા એક, બે કે ત્રણ અને વધારેમાં વધારે

૧. પહેલા સ્વર્ગમાં ૩૨ લાખ વિમાનો છે, બીજામાં ૨૮ લાખ, ત્રીજામાં ૧૨ લાખ, ચોથામાં આઠ લાખ, પાંચમામાં ૪ લાખ, છઠ્ઠામાં પચાસ હજાર, સાતમામાં ચાલીસ હજાર, આઠમામાં છ હજાર, નવમાથી બારમા સુધી સાતસો, અધોવર્તી ત્રણ ગ્રેવેયકમાં ૧૧૧, મધ્યમ ત્રણમાં ૧૦૭, અને ઊર્ધ્વ ત્રણમાં ૧૦૦, તથા અનુત્તરમાં પાંચ.

૨. શુક્રાદિ વિમાનવાસીની લેશ્યાઓ અનુક્રમે આ પ્રમાણે છે: તેજ, તેજ, તેજ, પદ્મા, પદ્મશુક્લા, શુક્લા, પરમશુક્લા. અહીં તો સર્વ શુક્રાદિ દેવસ્થાનોમાં પરમશુક્લા જાણવી.

૩. આનતાદિમાં અસંખ્યાત યોજનવાળાં વિમાનોમાં પણ ઉત્પાદ અને ચ્યવન વિષે સંખ્યાતા પદ મૂકવાનું કારણ એ કે, ગર્ભજ મનુષ્ય થકી જ આનતાદિમાં ઉત્પન્ન થાય છે; અને તે દેવો ત્યાંથી ચ્યવીને ગર્ભજ મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે, અને તે સંખ્યાતા જ હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંખ્યાત ઊપજે અને સત્તામાં અસંખ્યાત હોય એમ કહેવું. આનત અને પ્રાણતની પેઠે આરણ અને અચ્યુતને વિષે કહેવું. પણ વિમાનાવાસો ત્રણસો કહેવા. એ પ્રમાણે ગ્રૈવેયકનું પણ જાણવું.

અનુત્તર વિમાનો પાંચ છે; તેમાં સર્વાર્થસિદ્ધ સંખ્યાત યોજનવાળું છે. બાકીનાં અસંખ્ય યોજનવાળાં છે. સર્વાર્થસિદ્ધમાં સંખ્યાત વિસ્તારવાળાં ગ્રૈવેયક સંબંધે કહ્યું તેમ કહેવું. વિશેષ એ કે, કૃષ્ણપાક્ષિકો, અભવ્યો અને ત્રણ અજ્ઞાનવાળા અહીં ઊપજતા નથી, ચ્યવતા નથી અને સત્તામાં પણ હોતા નથી. વળી અહીં ચરમ જ હોય છે.[૧] અસંખ્ય વિસ્તારવાળાંને પણ પૂર્વોક્ત કૃષ્ણપાક્ષિકાદિ ન કહેવાં; પણ ત્યાં અચરમ (જેને છેલ્લો ભવ નથી એવા પણ) ઊપજે છે. બાકી બધું ગ્રૈવેયક પ્રમાણે.[૨]

અસુરકુમારાવાસોમાં સમ્યગ્દૃષ્ટિ અસુરકુમારો પણ ઊપજે, તથા મિથ્યાદૃષ્ટિ પણ ઊપજે, પરંતુ સમ્યગ્મિથ્યાદૃષ્ટ ન ઊપજે. ચ્યવનની બાબતમાં પણ એ પ્રમાણે જાણવું. વળી તે આવાસો સમ્યગ્દૃષ્ટિ અસુરકુમારો વડે અવિરહિત છે, પણ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ વડે કદાચ અવિરહિત છે, અને કદાચ વિરહિત છે. એમ ગ્રૈવેયક અને અનુત્તર સુધી જાણવું. પણ વિશેષ એટલો કે અનુત્તર વિમાનમાં મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ ન કહેવા.

—શતક ૧૩, ઉદ્દે૦ ૨

---

૧. સંખ્યાત.

૨. ચરમ અસંખ્યાત.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

દેવોની વધઘટ

ગૌ૦—હે ભગવન્! નૈરયિકો કેટલા કાળ સુધી વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછા એક સમય સુધી, અને વધારેમાં વધારે આવલિકાના અસંખ્ય ભાગ સુધી તેઓ વધે છે. એ પ્રમાણે ઘટવાનો કાળ પણ જાણવો.

પરંતુ ઓછામાં ઓછો એક સમય સુધી અને વધારેમાં વધારે ૨૪ મુહૂર્ત સુધી તેઓ અવસ્થિત રહે છે.[૧] એમ સાતે પૃથ્વીઓમાં જાણવું. પણ એટલો ભેદ છે કે, રત્નપ્રભામાં ૪૮ મુહૂર્ત, શર્કરાપ્રભામાં ૧૪ રાત્રિદિવસ, વાલુકાપ્રભામાં એક માસ, પંકપ્રભામાં બે માસ, ધૂમપ્રભામાં ચાર માસ, તમઃપ્રભામાં આઠ માસ, અને તમસ્તમાપ્રભામાં બાર માસ અવસ્થાનકાળ છે.

જેમ નૈરયિકો માટે કહ્યું તેમ અસુરકુમારો માટે પણ જાણવું. પરંતુ ઓછામાં ઓછા એક સમય સુધી અને વધારેમાં વધારે ૪૮ મુહૂર્ત સુધી તેઓ અવસ્થિત રહે છે. એમ દશે પ્રકારના ભવનપતિનું જાણવું.

---

૧. સાતે પૃથ્વીઓમાં બાર મુહૂર્ત સુધી કોઈ જીવ ઉત્પન્ન થાય નહિ, અને કોઈનું મરણ થાય નહિ એ પ્રકારનો વધારેમાં વધારે વિરહકાળ હોવાથી તેટલો કાળ તેઓ અવસ્થિત રહે છે. તથા બીજા બાર મુહૂર્ત સુધી જેટલા જીવ નૈરયિકમાં ઉત્પન્ન થાય, તેટલા જ મરે એવો પણ નૈરયિકનો અવસ્થાનકાળ હોવાથી—એ બંને મળી ચોવીસ મુહૂર્ત સુધી નૈરયિકની એકપરિમાણતા હોવાથી તેઓની અવસ્થિતતા જાણવી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એકેંદ્રિયો વધે પણુ[૧] છે, ઘટે પણ છે, અને અવસ્થિત પણ રહે છે. એ ત્રણેનો કાળ ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે આવલિકાનો અસંખ્ય ભાગ જાણવો.

બેઇંદ્રિયો તથા ત્રણઇંદ્રિયો તે જ પ્રમાણે વધે છે કે ઘટે છે. તેઓનું અવસ્થાન ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે બે અંતર્મુહૂર્ત[૨] જાણવું. એ પ્રમાણે ચતુરિંદ્રિય સુધી જાણવું. બાકીના બધા જીવોનો વધવા-ઘટવાનો કાળ પૂર્વ પ્રમાણે જાણવો, પણ તેઓના અવસ્થાન-કાળમાં આ પ્રમાણે ભેદ છે : સંમૂર્છિમ પંચેંદ્રિયતિર્યંચનો બે અંતર્મુહૂર્ત; ગર્ભજ પંચેંદ્રિયતિર્યંચનો ચોવીસ મુહૂર્ત; સંમૂર્છિમ મનુષ્યનો ૪૮ મુહૂર્ત; ગર્ભજ મનુષ્યનો ૨૪ મુહૂર્ત; વાનવ્યંતર, જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાનમાં ૪૮ મુહૂર્ત; સનતકુમારમાં ૧૮ રાત્રીદિવસ અને ૪૦ મુહૂર્ત; માહેંદ્રદેવલોકમાં ૨૪ રાત્રીદિવસ અને ૨૦ મુહૂર્ત; બ્રહ્મલોકમાં ૪૫ રાત્રીદિવસ; લાંતકમાં ૯૦ રાત્રીદિવસ; મહાશુક્રમાં ૧૬૦ રાત્રીદિવસ; સહસ્રારમાં ૨૦૦ રાત્રીદિવસ; આનત અને

---

૧. તેઓ નિરંતર ઉત્પન્ન થતા હોવાથી, તેમને વિરહકાળ છે જ નહિ, પણ ઘણા ઉત્પન્ન થતા હોવાથી અને થોડાનું મરણ થતું હોવાથી, 'વધે પણ છે' એમ કહ્યું છે; ઘણાનું મરણ થવાથી અને થોડાની ઉત્પત્તિ થવાથી 'ઘટે પણ છે' એમ કહ્યું; તથા સરખાની ઉત્પત્તિ થવાથી અને સરખાનું મરણ થવાથી 'અવસ્થિત પણ છે' એમ કહ્યું.

૨. એક અંતર્મુહૂર્ત વિરહકાલ છે, અને બીજું અંતર્મુહૂર્ત તો સરખી સંખ્યાવાળાઓના ઉત્પાદ અને મરણનો સમય છે. એમ વિરહકાળ બધે અવસ્થાનકાળથી અર્ધો જાણવો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાણતમાં સંખ્યેય માસો; આરણ અને અચ્યુતમાં સંખ્યેય વર્ષો; અને ગ્રૈવેયક,[૧] વિજય, વૈજયંત, જયંત અને અપરાજિતમાં અસંખ્ય હજાર વર્ષ; તથા સર્વાર્થસિદ્ધમાં પલ્યોપમનો સંખ્યેય ભાગ.

સિદ્ધો ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે આઠ સમય સુધી વધે છે; અને ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે છ માસ સુધી અવસ્થિત રહે છે.

— શતક ૫, ઉદ્દે૦ ૮

૫

દેવોનો વિષયભોગ

ગૌ૦—હે ભગવન્! દેવોનો ઇન્દ્ર અને દેવોનો રાજા શક્ર જ્યારે ભોગવવા યોગ્ય દિવ્ય ભોગોને ભોગવવાને ઇચ્છે, ત્યારે તે તેમને તે વખતે કેવી રીતે ભોગવે?

મ૦—હે ગૌતમ! તે વખતે તે એક મોટું શક્રના જેવું સ્થાન વિકુર્વે છે.[૨] તેની લંબાઈ અને પહોળાઈ એક લાખ

૧. ગ્રૈવેયકના નીચલા ત્રણ ભાગમાં સંખ્યાત શત વર્ષો; મધ્યમ ત્રિકમાં સંખ્યાત હજાર વર્ષ અને ઉપરના ત્રણ ભાગમાં સંખ્યાત લાખ વર્ષ વિરહકાળ છે. વિજયાદિમાં તો અસંખ્યાત-કાળ વિરહ છે. સર્વાર્થસિદ્ધમાં પલ્યોપમનો સંખ્યેય ભાગ વિરહકાળ છે. આનત પ્રાણતનો સંખ્યાત માસ અને આરણ-અચ્યુતનો સંખ્યાત વર્ષ વિરહકાળ છે.

૨. શક્રને સુધર્માસભા ભોગસ્થાન છે, તોપણ તેમાં માણવક સ્તંભને વિષે ઢાળડામાં જિનનાં અસ્થિઓ છે; અને તેની પાસે મૈથુનનિમિત્ત વિષયભોગ ન કરવા પડે માટે તે બીજું સ્થાન વિકુર્વે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

યોજનની અને પરિધિ ત્રણ લાખ, સોળ હજાર બસેા સત્તાવીસ યોજન, ત્રણ કોસ, એકસો અઠાવીસ ધનુષ, અને કાંઈક અધિક સાડાતેર આંગળ છે. તે સ્થાનની ઉપર સમ અને રમણીય ભૂમિભાગ હોય છે. તેના મધ્યભાગે એક સુંદર પ્રાસાદ હોય છે. તેની ઊંચાઈ પાંચસો યોજન અને તેનો વિસ્તાર અઢીસો યોજન હોય છે. તેમાં આઠ યોજન ઊંચી એક મણિપીઠિકા હોય છે. તેની ઉપર એક મોટી દેવશય્યા હોય છે. ત્યાં તે શક્ર પોતપોતાના પરિવારયુક્ત આઠ પટરાણીઓ સાથે નાટચ, ગીત અને વાદિત્રના શબ્દો વડે ભોગવવા યોગ્ય દિવ્ય ભોગો ભોગવે છે. શક્રની પેઠે ઈશાનનું પણ સમજવું. એ પ્રમાણે સનત્કુમારનું પણ જાણવું, પરંતુ તે મહેલ ૬૦૦×૩૦૦ યોજનનો જાણવો; તથા મણિપીઠિકા ઉપર શય્યાને બદલે સિંહાસન કહેવું. કારણકે ત્યાં સ્પર્શમાત્રથી વિષયભોગનું ફળ હોય છે.* તે પ્રમાણે પ્રાણત તથા અચ્યુત સુધી જાણવું. પણ જેનો જેટલો પરિવાર હોય તેનો તેટલો અહીં કહેવો. પોતપોતાના કલ્પનાં વિમાનોની

---

* ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને પહેલા તથા બીજા કલ્પના વૈમાનિક, આટલા દેવો મનુષ્યની માફક કામસુખ ભોગવે છે. ત્રીજા અને ચોથા કલ્પમાં સ્ત્રીના સ્પર્શ દ્વારા, પાંચમા અને છઠ્ઠા કલ્પમાં દેવીઓનાં રૂપ જોઈને જ; સાતમા અને આઠમામાં દેવીઓના શબ્દ સાંભળીને જ; અને નવમા-દશમા તથા ૧૧-૧૨માંમાં દેવીઓના ચિંતનથી જ. સારાંશ કે બીજા સ્વર્ગ સુધી જ દેવીઓની ઉત્પત્તિ છે. પછી તો આઠમા સ્વર્ગ સુધીના દેવોની ઇચ્છા મુજબ તેઓ ત્યાં ઉપર પહોંચી જાય છે. બારમા કલ્પ ઉપરના દેવોને કામસુખની અપેક્ષા નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઊંચાઈ જેટલી મહેલની ઊંચાઈ જાણવી અને ઊંચાઈનો અડધા ભાગ જેટલો વિસ્તાર જાણવો.[૧]

— શતક ૧૪, ઉદ્દે૦ ૬

ગૌ૦—હે ભગવન્! જ્યોતિષ્કના ઇંદ્ર અને રાજા ચંદ્ર અને સૂર્ય કેવા પ્રકારના કામભોગોને ભોગવતા વિહરે છે?

મ૦—હે ગૌતમ! જેમ પ્રથમ યુવાવસ્થાના પ્રારંભમાં બલવાન કોઈ એક પુરુષે પ્રથમ ઊગતી યુવાવસ્થામાં બળવાળી ભાર્યા સાથે તાજે જ વિવાહ કર્યો; પછી ધન મેળવવા તે ૧૬ વર્ષ સુધી પરદેશ ચાલ્યો ગયો. પછી, તે ધનને મેળવી, કાર્ય સમાપ્ત કરી, વિઘ્નરહિતપણે પાછો પોતાને ઘેર આવ્યો. પછી તેણે સ્નાન કરી, બલિકર્માદિ કરી અઢાર પ્રકારના શાકાદિથી યુક્ત મનોજ્ઞ અને શુદ્ધ ભોજન કર્યું; પછી સુંદર શયનોપચારયુક્ત વાસગૃહમાં ઉત્તમ શૃંગારના ગૃહરૂપ, સુંદર વેષવાળી, કલાયુક્ત, અત્યંત રાગયુક્ત અને મનને અનુકૂલ એવી સ્ત્રી સાથે ઇષ્ટ શબ્દાદિ પાંચ પ્રકારના મનુષ્યસંબંધી કામભોગ ભોગવતો વિહરે, તો હે ગૌતમ! તે પુરુષ કામશાંતિ સમયે કેવા પ્રકારના સુખને અનુભવે? 'હે

---

૧. ઊંચાઈ પહોળાઈ: સનત્કુમાર અને માહેન્દ્રમાં ૬૦૦×૩૦૦; બ્રહ્મ અને લાન્તકમાં ૭૦૦×૩૫૦; શુક્ર અને સહસ્રાર ૮૦૦×૪૦૦, આનત, પ્રાણત અને આરણ-અચ્યુતના ૯૦૦×૪૫૦. સનત્કુમારથી માંડીને આગળના ઇંદ્રો પરિવાર સહિત ભોગ ભોગવે છે; કારણ કે સ્પર્શમાત્રનો ભોગ બીજાની હાજરીમાં અવિરુદ્ધ છે. પણ શક્ર અને ઈશાનેંદ્ર તો શરીર દ્વારા વિષયભોગ કરતા હોવાથી પરિવાર સહિત જતા નથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આયુષ્યમન્ શ્રમણ ! તે પુરુષ ઉદાર સુખો અનુભવે.' હે ગૌતમ ! તે પુરુષના કામભોગો કરતાં વાનવ્યંતરદેવોને અનંતગણા વિશિષ્ટતર કામભોગો હોય છે, તેમનાથી અસુરેંદ્ર સિવાયના ભવનવાસી દેવોને, તેમનાથી અસુરકુમાર દેવોને, તેમનાથી ગ્રહો, નક્ષત્રો અને તારાઓને, અને તેમનાથી ચંદ્ર અને સૂર્યને અનંતગણા વિશિષ્ટતર કામભોગો હોય છે.

— શતક ૧૨, ઉદ્દે૦ ૬

૬

દેવોની ભાષા

ગૌ૦—હે ભગવન્ ! દેવો સંયત કહેવાય ?

મ૦—ના ગૌતમ ! તેમ કહેવું એ ખોટું છે; પરંતુ તેમને અસંયત કહેવા એ નિષ્ઠુર વચન છે; તેમને સંયતાસંયત કહેવા એ અછતું છતું કરવા જેવું છે; પણ તેમને નોસંયત કહેવા.

ગૌ૦—હે ભગવન્ ! દેવો કઈ ભાષામાં બોલે છે ?

મ૦—હે ગૌતમ ! દેવો અર્ધમાગધી ભાષામાં બોલે છે. અને ત્યાં બોલાતી ભાષાઓમાં પણ તે જ ભાષા વિશિષ્ટરૂપ છે.[૧]

— શતક ૫, ઉદ્દે૦ ૪

---

૧. 'પ્રાકૃત, સંસ્કૃત, માગધી, પૈશાચી, શૌરસેની અને અપભ્રંશ એ મુખ્ય છ ભાષામાંની માગધી ભાષાનું અને પ્રાકૃતભાષાનું કાંઈક કાંઈક લક્ષણ જે ભાષામાં છે, તે અર્ધમાગધી કહેવાય'.—ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૭

દેવોની શક્તિ

ગૌ૦—હે ભગવન્! દેવ પોતાની શક્તિ વડે ચાર પાંચ દેવવાસોને ઉલ્લંઘન કરે, અને ત્યાર પછી બીજાની શક્તિ વડે ઉલ્લંઘન કરે?

મ૦—હા ગૌતમ! અસુરકુમારો પણ આત્મશક્તિથી અસુરકુમારોના આવાસોનું ઉલ્લંઘન કરે; ત્યાર પછી બીજાની શક્તિ વડે ઉલ્લંઘન કરે. એ રીતે વૈમાનિક સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! અલ્પ ઋદ્ધિવાળો દેવ મહા ઋદ્ધિવાળા દેવની વચ્ચે થઈને જાય?

મ૦—ના ગૌતમ! તે પ્રમાણે સમાન ઋદ્ધિવાળો પણ સમાન ઋદ્ધિવાળાની વચ્ચે થઈને ન જાય; પણ જો તે પ્રમત્ત હોય તો તેમની વચ્ચે થઈને જાય.

ગૌ૦—હે ભગવન્! શું તે દેવ સામેના દેવને વિમોહ પમાડીને જઈ શકે, કે વિમોહ પમાડ્યા વિના જઈ શકે?

મ૦—હે ગૌતમ! વિમોહ પમાડીને જઈ શકે.[૧] મહાઋદ્ધિવાળો દેવ તો અલ્પ ઋદ્ધિવાળા દેવની વચ્ચે થઈને—તેને વિમોહ પમાડ્યા વિના, કે વિમોહ પમાડીને—જઈ શકે.

એ પ્રમાણે અલ્પ શક્તિવાળો અસુરકુમાર મહાશક્તિવાળા અસુરકુમારની વચ્ચે થઈને જઈ શકે વગેરે વૈમાનિક

---

૧. એ પ્રમાણે શસ્ત્રપ્રહાર કરીને જઈ શકે, એ વિકલ્પ પણ જાણવો.

—શતક ૧૪, ઉદ્દે૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સુધીના વિકલ્પો સમજવા. એ પ્રમાણે અલ્પ શક્તિવાળો દેવ અને મહાશક્તિવાળી દેવી વગેરે; તથા અલ્પ શક્તવાળી દેવી અને મહાશક્તિવાળો દેવ વગેરે; તથા અલ્પ શક્તિવાળી દેવી અને મોટી શક્તિવાળી દેવી વગેરે માટે પણ સમજવું.

—શતક ૧૦, ઉદ્દે૦ ૩

ગૌ૦—હે ભગવન્! મોટા પરિવારવાળો દેવ ભાવિતાત્મા અનગારની વચ્ચે થઈને જાય?

ભ૦—હે ગૌતમ! દેવો બે પ્રકારના છે : માયિમિથ્યાદૃષ્ટિ, અને અમાયિસમ્યગ્દૃષ્ટિ. તેમાં જે માયિ૦ છે તે તો અનગારને જોઈને વંદતો નથી, તેથી તે તેની વચ્ચે થઈને જાય; પણ જે અમાયિ૦ છે, તે તો તેને જોઈને નમે છે તેથી તે ન જાય.

ગૌ૦—હે ભગવન્! નારકોમાં સત્કાર, સન્માન, વંદન, અભ્યુત્થાન, અંજલિકરણ, આસનપ્રદાન, આસનાનુપ્રદાન,[૧] સામા જવું, બેઠેલાની સેવા કરવી, અને જાય ત્યારે તેની પાછળ જવું, ઇત્યાદિ વિનય છે?

ભ૦—ના ગૌતમ! તેવું જ પૃથ્વીકાયિકથી માંડીને ચતુરિંદ્રિય જીવો સંબંધે પણ જાણવું. પંચેંદ્રિય તિર્યંચોમાં સત્કારાદિ હોય છે, પણ આસન આપવું, અને ફેરવવું એ બે નથી. અસુરકુમારાદિ દેવો તથા મનુષ્યોમાં તે બધો વિનય છે.

—શતક ૧૪, ઉદ્દે૦ ૩

---

૧. ગૌરવ યોગ્ય વ્યક્તિ માટે આસનને એક સ્થાનથી બીજે સ્થાને લાવવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મોટી ઋદ્ધિવાળો દેવ હજારરૂપો ધારણ કરી હજાર ભાષા બોલવા સમર્થ છે.

—શતક ૧૪, ઉદ્દે૦ ૯

૮

દેવ મરીને ક્યાં જાય ?

ગૌ૦—હે ભગવન્ ! મહાઋદ્ધિવાળો દેવ મરણ પામીને તુરત જ બે શરીરને જ ધારણ કરનારા નાગોમાં (એટલે કે જેઓ નાગનું શરીર છોડીને મનુષ્ય શરીર પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્ત કરશે તેઓમાં) ઉત્પન્ન થાય ?

મ૦—હા ગૌતમ ! ત્યાં તે નાગના જન્મમાં અર્ચિત, વંદિત, પૂજિત, દિવ્ય, પ્રધાન, સત્ય, તથા સત્યાવપાતરૂપ (જેની સેવા સફલ છે તેવો), થઈને તે સંસારનો અંત કરે, અને પાસે રહેલા પૂર્વના સંબંધી દેવોએ જેનું પ્રતિહારકર્મ કર્યું છે, તેવો થાય. ત્યાંથી મરણ પામીને તે સિદ્ધ થાય, અને મુક્ત થાય. એ પ્રમાણે બે શરીરવાળા મણિમાં અને બે શરીરવાળાં વૃક્ષોમાં પણ જાણવું. પણ જે વૃક્ષમાં ઉત્પન્ન થાય, તે વૃક્ષ સમીપમાં રહેલા દેવ વડે કૃતપ્રાતિહાર્ય (રક્ષણાદિ કાર્ય)વાળું થાય, તથા તેની આસપાસ છાણ વગેરે વડે લીંપેલ અને ખડી વગેરે વડે ધોળેલ ચોતરો હોય.

—શતક ૧૨, ઉદ્દે૦ ૮

૯

દેવો વગેરે ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ?

૧. નૈરયિકો

પ્ર૦—નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ?

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ૦—મનુષ્યોમાંથી અને તિર્યંચયોનિકોમાંથી. (૧) અ. તે તિર્યંચો પણ પંચેંદ્રિય, પર્યાપ્ત સંજ્ઞી અને અસંજ્ઞી જાણવા. તેમાં અસંજ્ઞી, પંચેંદ્રિય તિર્યંચ સાતે નરક-પૃથ્વીમાં ઉત્પન્ન થાય. તેમાં રત્નપ્રભામાં ઉત્પન્ન થનારા વિષે નીચેની વિગતો સમજવી : તેઓ એક સમયે ઓછામાં ઓછા એક, બે, ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય; તેમનાં શરીર છેવટ્ટું[૧] સંહનન(બાંધા)વાળાં હોય; તેમની ઉંચાઈ ઓછામાં ઓછી આંગળના અસંખ્યાતમા ભાગની અને વધારેમાં વધારે એક હજાર યોજનની હોય; તેમનું સંસ્થાન (શરીરાકૃતિ) હુંડક હોય;[૨] તેમને પ્રથમ ત્રણ લેશ્યાઓ હોય; તેઓ મિથ્યાદૃષ્ટિ હોય, તેમને મતિ અને શ્રુત બે અજ્ઞાન હોય; વચન અને કાય બે બે વ્યાપાર હોય, આહાર-ભય-મૈથુન-પરિગ્રહ એ ચાર સંજ્ઞા હોય; ચારે કષાય હોય; પાંચે ઇંદ્રિય હોય; વેદના-કષાય-મારણાંતિક એ ત્રણ સમુદ્‌ઘાત હોય; સુખ અને દુઃખ બંને વેદના હોય; નપુંસકવેદ હોય; તથા તેમનાં અધ્યવસાનો પ્રશસ્ત તેમ જ અપ્રશસ્ત હોય. તે નૈરયિક થાય, ફરી તિર્યંચ થાય અને ફરી નૈરયિક થાય એવું ગમનાગમન બે ભવ પર્યંત કરે;[૩] આ પ્રમાણે બીજી અનેક વિગતોએ તથા અનેક વિભાગો પાડીને મૂળમાં વિસ્તાર

---

૧. એટલે કે સેવાર્ત — છટ્ઠું. છ સંહનનોની વિગતો માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ' પુસ્તક, પા. ૧૨૯.

૨. જુઓ ઉપરનું પુસ્તક, પા. ૧૩૦.

૩. અર્થાત્ બીજા ભવમાં નારક થઈ તે ફરી અસંજ્ઞી પં૦-તિર્યંચ ન થાય, પણ અવશ્ય સંજ્ઞીપણું પ્રાપ્ત કરે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છે.[૧] તે જેમકે : જો તે જઘન્ય આયુષવાળા રત્નપ્રભાના નારકી તરીકે ઉત્પન્ન થાય તો; ઉત્કૃષ્ટ આયુષવાળા નારકી તરીકે ઉત્પન્ન થાય તો; અથવા તે અસંજ્ઞી તિર્યંચ પોતે જઘન્ય સ્થિતિવાળો હોય તો;[૨] અથવા ઉત્કૃષ્ટ સ્થિતિવાળો હોય તો; પાછો પોતે જઘન્ય આયુષવાળો હોઈ રત્નપ્રભામાં જઘન્ય આયુષવાળો થાય, અથવા ઉત્કૃષ્ટ આયુષ્યવાળો થાય; તથા પોતે ઉત્કૃષ્ટ આયુષવાળો હોઈ રત્નપ્રભામાં જઘન્ય અથવા ઉત્કૃષ્ટ આયુષવાળો થાય — એ પ્રમાણે.[૩] આ. સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચ સંખ્યાતવર્ષ આયુષ્યવાળા તથા પર્યાપ્તમાંથી જ આવે; અને સાતે પૃથ્વીઓમાં ઉત્પન્ન થાય. તેમની બાબતમાં રત્નપ્રભામાં છયે સંહનન કહેવાં, છયે સંસ્થાન કહેવાં; છયે લેશ્યા કહેવી; ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે કહેવાં; ત્રણ યોગ, ત્રણ વેદનાઓ અને પાંચ સમુદ્‌ઘાતો કહેવા.[૪] અને ગમનાગમન બેથી આઠ ભવ સુધી કહેવું. પોતે જઘન્ય સ્થિતિવાળો હોય તો તેની ઊંચાઈ આંગળના અસંખ્યાતમા ભાગથી માંડી બેથી નવ ધનુષ સુધીની કહેવી; ત્રણ લેશ્યા, મિથ્યાદૃષ્ટિ, બે અજ્ઞાન અને ત્રણ સમુદ્‌ઘાત

---

૧. તેની બધી વિગતો આપવી નિરર્થક છે. જે જે વિશેષતાઓ છે તે નોંધ વગેરેમાં ટૂંકમાં આપી છે.

૨. તેને અપ્રશસ્ત અધ્યવસાયો જ હોય; તેનું આયુષ અંતર્મુહૂર્તનું જ હોય.

૩. નિર્વિશેષણ, પર્યાપ્ત, અને અસંજ્ઞી, તથા એ ત્રણ જઘન્ય સ્થિતિને અપેક્ષી તથા ઉત્કૃષ્ટ સ્થિતિને અપેક્ષી એમ કુલ નવ વિકલ્પો ગણવા.

૪. અંત્ય બે મનુષ્યને જ હોય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવા. એ પ્રમાણે શર્કરાપ્રભાદિનું જાણવું. પણ વાલુકા-પ્રભામાં પાંચ સંહનન, પંકપ્રભામાં ચાર, ધૂમપ્રભામાં ત્રણ, તમઃપ્રભામાં બે અને તમસ્તમઃપ્રભામાં પ્રથમ સંહનન કહેવું. વળી તેમાં સ્ત્રીવેદ[૧] ન કહેવો. વળી જો ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકોમાં ઉત્પન્ન થાય તો ત્રણથી પાંચ ભવ કહેવા; તે પોતે જઘન્ય સ્થિતિવાળો હોય તો ત્રણથી સાત ભવ કહેવા; તથા ઉત્કૃષ્ટ સ્થિતિવાળામાં ઉત્પન્ન થવાનો હોય તો ત્રણથી પાંચ ભવ કહેવા. તેવું ઉત્કૃષ્ટ સ્થિતિવાળો ઉત્કૃષ્ટ સ્થિતિવાળામાં થવાનો હોય તો જાણવું.

૨. જો તે મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય તો પર્યાપ્ત, સંખ્યાત આયુષ્યવાળા સંજ્ઞીમાંથી જ આવે, અને સાતે પૃથ્વીમાં ઉત્પન્ન થાય. રત્નપ્રભામાં છ સંહનન, ઊંચાઈ બેથી નવ આંગળથી માંડીને પાંચસો ધનુષ; (બાકી બધું સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચની પેઠે; પણ) ચાર જ્ઞાન, અને ત્રણ અજ્ઞાન વિકલ્પે,[૨] તથા છ સમુદ્‌ઘાત કહેવા. જો તે મનુષ્ય પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો હોય તો ઊંચાઈ બેથી નવ આંગળ કહેવી; ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે કહેવાં; પાંચ સમુદ્‌ઘાત[૩] કહેવા; અને જો તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળો હોય, તો ઊંચાઈ પાંચસો ધનુષ કહેવી.

---

૧. સ્ત્રીઓ છઠ્ઠી નરક પૃથ્વી સુધી જ ઊપજે છે.

૨. જે મનુષ્ય અવધિ, મનઃપર્યવ અને આહારક શરીર પ્રાપ્ત કરી નરકમાં ઊપજે, તેને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય.

૩. ઉત્કૃષ્ટ સ્થિતિવાળાને જ આહારક સમુદ્‌ઘાત સંભવે તેથી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શર્કરાપ્રભામાં ઊંચાઈ એથી નવ હાથથી માંડીને પાંચસે ધનુષ સુધી કહેવી. જો તે પોતે જઘન્ય સ્થિતિવાળો હોય તો તેની ઊંચાઈ એથી નવ હાથ કહેવી; અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળો હોય તો પાંચસો ધનુષ કહેવી. એ પ્રમાણે છઠ્ઠી પૃથ્વી સુધી જાણવું; પણ ત્રીજી પૃથ્વીથી એક એક સંહનન ઘટાડવું. સપ્તમ નરકમાં પ્રથમ સંહનન કહેવું; સ્ત્રીવેદ ન કહેવો; અને બે ભવ કહેવા.

૨. ભવનવાસી

૧. અસુરકુમારો તિર્યંચો અને મનુષ્યોમાંથી આવે– (એ વિગત નૈરયિકો પ્રમાણે જાણવી). ૧. અ. પર્યાપ્ત અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચ પોતે જઘન્ય સ્થિતિવાળો હોય તો તેને પ્રશસ્ત અધ્યવસાય કહેવા.

આ. સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચ સંખ્યાત તેમ જ અસંખ્યાત આયુષવાળામાંથી આવીને ઉત્પન્ન થાય. તેમાં અસંખ્યાત૦ને પ્રથમ સંહનન, ઊંચાઈ એથી નવ ધનુષથી માંડીને છ ગાઉની, સમચતુરસ્ર સંસ્થાન, મિથ્યાદૃષ્ટિ, બે અજ્ઞાન, ત્રણ યોગ, ચાર સંજ્ઞા, ચાર કષાય, પાંચ ઇંદ્રિયો, ત્રણ સમુદ્‌ઘાત,[૧] બે વેદના, બે વેદ,[૨] બે અધ્યવસાયો, અને બે ભવ કહેવા. પોતે જઘન્ય આયુષવાળો હોય તો ઊંચાઈ એથી નવ ધનુષ અને કાંઈક અધિક એક હજાર ધનુષ કહેવી.

---

૧. તે સમુદ્‌ઘાત કરીને પણ મરે છે અને કર્યા વિના પણ મરે છે.

૨. અસંખ્યાત વર્ષવાળા નપુંસકવેદવાળા ન થાય. — ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૬ સંખ્યાત વર્ષવાળામાંથી આવે તો, રત્નપ્રભા સમાન જાણવું; પણ લેશ્યા ચાર કહેવી, અધ્યવસાય પ્રશસ્ત કહેવા.

૨. મનુષ્યોથી આવે તો સંજ્ઞીમાંથી આવે, સંખ્યાત તથા અસંખ્યાત વર્ષ આયુષવાળામાંથી આવે; અસંખ્યાત-વર્ષવાળાના શરીરની ઊંચાઈ ઓછામાં ઓછી કાંઈક અધિક પાંચસો ધનુષ અને વધારેમાં વધારે ત્રણ ગાઉ કહેવી. બાકી તિર્યંચયોનિકોની પેઠે કહેવું. પણ પોતે જઘન્ય-સ્થિતિવાળો હોય તો શરીરની ઊંચાઈ કાંઈક અધિક પાંચસો ધનુષ કહેવી. અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળો હોય તો ત્રણ ગાઉની કહેવી.

સંખ્યાતવર્ષવાળા પર્યાપ્તમાંથી જ આવે. તેમનું રત્ન-પ્રભામાં ઉત્પન્ન થનાર મનુષ્યો જેવું કહેવું.

૨. નાગકુમારો તિર્યંચો અને મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે. તિર્યંચોની બાબતમાં અસુરકુમારો જેવું કહેવું; સંજ્ઞી પંચેંદ્રિય સંખ્યાત તેમ જ અસંખ્યાત વર્ષના આયુષવાળાં કહેવાં. સંખ્યાત વર્ષવાળાં પર્યાપ્તમાંથી જ આવે. મનુષ્યોમાં સંજ્ઞીઓમાંથી આવે. બીજું અસુરકુમારની પેઠે કહેવું. અસંખ્યાત વર્ષવાળા સંજ્ઞી મનુષ્યની ઊંચાઈ કાંઈક અધિક પાંચસો ધનુષથી ત્રણ ગાઉ સુધીની કહેવી. સંખ્યાત-વર્ષવાળા પર્યાપ્તમાંથી જ આવે.

એમ સ્તનિતકુમાર સુધી કહેવું.

૩. એકેંદ્રિયાદિ તિર્યંચ

પૃથ્વીકાયિકો તિર્યંચ, મનુષ્ય અને દેવોથી આવીને ઉત્પન્ન થાય છે.

૧. જો તિર્યંચમાંથી આવે, તો એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય તિર્યંચમાંથી આવે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અ. જો પૃથ્વીકાયિકમાંથી જ આવે, તો તેમનું સંહનન છેવટ્ટું હોય; તેઓ નિરંતર અસંખ્યાતા ઉત્પન્ન થાય; તેઓનું શરીર ઓછામાં ઓછું અને વધારેમાં વધારે આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું હોય; તેઓની આકૃતિ મસૂરની દાળ જેવી હોય. તેઓને ચાર લેશ્યા, મિથ્યાદૃષ્ટિ, મતિ અને શ્રુત બે અજ્ઞાન, કાયયોગ, ચાર સંજ્ઞા, ચાર કષાય, સ્પર્શેંદ્રિય, ત્રણ સમુદ્‌ઘાત, બે વેદના, નપુંસક વેદ, બંને પ્રકારના અધ્યવસાય, અને બેથી માંડીને સંખ્યાત ભવ હોય.

ઉત્કૃષ્ટ સ્થિતિવાળામાં ઉત્પન્ન થાય, તો તે નિરંતર એક–બે–ત્રણ, સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય; તેમને બેથી આઠ ભવ હોય. પોતે જઘન્ય સ્થિતિવાળો હોય, તો ત્રણ લેશ્યાઓ[1] કહેવી, તથા અપ્રશસ્ત અધ્યવસાય કહેવા. પોતે જઘન્ય સ્થિતિવાળો હોઈ, ઉત્કૃષ્ટ સ્થિતિવાળામાં ઉત્પન્ન થાય, તો એક–બે–ત્રણ, સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય એમ કહેવું, તથા બેથી આઠ ભવ કહેવા.

આ. અપ્‌કાયિકમાંથી આવે, તો તેના શરીરની આકૃતિ સ્તિબુક – પરપોટા – જેવી કહેવી; બેથી આઠ ભવ કહેવા, કે અસંખ્યાત ભવ કહેવા.

ઇ. તેજસ્કાયિકનું શરીર સોયના સમૂહ જેવું કહેવું, ત્રણ લેશ્યાઓ કહેવી.[2]

---

૧. જઘન્ય સ્થિતિવાળામાં દેવો ઉત્પન્ન નથી થતા, તેથી તેમાં તેજોલેશ્યા ન હોય. — ટીકા.

૨. અપ્‌કાયિકમાં તો દેવ પણ ઉત્પન્ન થાય એટલે ચાર કહી હતી. — ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઈ. વાયુકાયિકનું શરીર ધ્વજના આકારનું કહેવું.

ઉ. વનસ્પતિકાયિકની આકૃતિ અનેક પ્રકારની કહેવી; શરીરનું પ્રમાણ આંગળના અસંખ્યાતમા ભાગથી માંડીને એક હજાર યોજન જેટલું કહેવું.

ઊ. બેઇંદ્રિયથી આવે તો પર્યાપ્ત અને અપર્યાપ્ત બંનેમાંથી આવે; એક સમયે એક-બે-ત્રણ, સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય. તેમને છેવટું સંહનન, ઊંચાઈ આંગળના અસંખ્યાતમા ભાગથી ૧૨ યોજન સુધીની, હુંડક સંસ્થાન, ત્રણ લેશ્યા, બે દૃષ્ટિ, બે જ્ઞાન અને બે અજ્ઞાન (અવશ્ય), વચન અને કાય એ બે યોગ, ચાર સંજ્ઞા, ચાર કષાય, બે ઇંદ્રિય, તથા ત્રણ સમુદ્‌ઘાત કહેવા; બાકીનું પૃથ્વીકાયિકની પેઠે કહેવું. બેથી માંડીને સંખ્યાત ભવ કહેવા. પોતે જઘન્ય સ્થિતિવાળો હોય, તો આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર, મિથ્યાદૃષ્ટિ, બે અજ્ઞાન, કાયયોગ, અપ્રશસ્ત અધ્યવસાય, તથા બેથી આઠ ભવ કહેવા.

ઋ. ત્રણ ઇંદ્રિયોનું પણ તે પ્રમાણે જાણવું. પણ શરીરની ઊંચાઈ વધારેમાં વધારે ત્રણ ગાઉ કહેવી. ત્રણ ઇંદ્રિયો કહેવી.

ૠ. ચતુરિંદ્રિયનું પણ તે પ્રમાણે; પણ વધારેમાં વધારે ચાર ગાઉની ઊંચાઈ તથા ચાર ઇંદ્રિયો કહેવી.

એ. પંચેંદ્રિયમાંથી આવે તો સંજ્ઞી અને અસંજ્ઞી બંનેમાંથી આવે; અસંજ્ઞીઓ પર્યાપ્ત અને અપર્યાપ્ત બંનેમાંથી આવે; શરીરની ઊંચાઈ આંગળના અસંખ્યાતમા ભાગથી માંડીને એક હજાર યોજન કહેવી; પાંચ ઇંદ્રિય; તથા બેથી

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આઠ ભવ કહેવા. સંજ્ઞીઓ સંખ્યાત વર્ષ આયુષવાળામાંથી જ આવે. શરીરની ઊંચાઈ આંગળના અસંખ્યાતમા ભાગથી માંડી એક હજાર યોજન કહેવી; પોતે જઘન્ય સ્થિતિવાળા હોય, તો ઊંચાઈ માત્ર આંગળનો અસંખ્યાતમો ભાગ કહેવી. ત્રણ લેશ્યા, મિથ્યાદૃષ્ટિ, બે અજ્ઞાન, કાયયોગ, ત્રણ સમુદ્‌ઘાતો અને અપ્રશસ્ત અધ્યવસાયો કહેવા.

૨. જો મનુષ્યથી આવે તો સંજ્ઞી અને અસંજ્ઞી બંનેમાંથી આવે. સંજ્ઞી સંખ્યાત વર્ષના આયુષવાળામાંથી જ આવે; તથા પર્યાપ્ત અને અપર્યાપ્ત બંનેમાંથી આવે. સંખ્યાતવર્ષવાળાનું શરીર આંગળના અસંખ્યાતમા ભાગથી માંડીને પાંચસો ધનુષ જેટલું કહેવું.

૩. જો દેવોમાંથી આવે તો ચારે વર્ગોમાંથી આવે.

અ. અસુરકુમારો એક–બે–ત્રણ, સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય; તેઓ છયે સંહનન રહિત હોય (કારણકે તેમને અસ્થિ, શિરા અને સ્નાયુ ઇત્યાદિ નથી; પણ તેમનાં પુદ્‌ગલો ઇષ્ટ, અને મનોજ્ઞ છે.) તેમના શરીરની ઊંચાઈ આંગળના અસંખ્યાતમા ભાગથી માંડીને સાત હાથની કહેવી. અને વૈક્રિયશરીરની આંગળના સંખ્યાતમા ભાગથી માંડીને એક લાખ યોજન કહેવી. સંસ્થાન સમચતુરસ્ર કહેવું; વૈક્રિયનું અનેક પ્રકારનું કહેવું. ચાર લેશ્યાઓ, ત્રણે દૃષ્ટિ, ત્રણે જ્ઞાન (અવશ્ય) અને ત્રણ અજ્ઞાન (વિકલ્પે[૧]), ત્રણ યોગ, ચાર

---

૧. સમ્યગદૃષ્ટિને ત્રણ જ્ઞાન અવશ્ય હોય; મિથ્યાદૃષ્ટિને ત્રણ અજ્ઞાન હોય છે, પણ જેઓ અસંજ્ઞીમાંથી આવે તેઓને અપર્યાપ્ત અવસ્થામાં વિભંગ નથી હોતું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંજ્ઞા, ચાર કષાય, પાંચ ઇંદ્રિય, પાંચ સમુદ્‌ઘાત, બે વેદના, બે વેદ, બંને અધ્યવસાયો, અને બે ભવ હોય છે. નાગકુમાર વગેરેનું પણ તેમ જ જાણવું. આ. વાનવ્યંતરનું પણ તેમ જ. ઇ. તેવું જ જ્યોતિષ્કોનું : પણ તેમને એક તેજોલેશ્યા જ કહેવી. તથા ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન અવશ્ય કહેવાં. ઈ. વૈમાનિકોમાં કલ્પોપપન્નમાંથી જ આવે; અને તે પણ સૌધર્મ અને ઇશાન એ બેમાંથી જ. તેમનું જ્યોતિષ્ક પ્રમાણે જાણવું.

* * *

અપ્કાયિકોનું પૃથ્વીકાયિકોની જેમ જાણવું. તેવું જ તેજસ્કાયિકનું પણ; પરંતુ તેઓ દેવોમાંથી આવતા નથી એમ કહેવું. વાયુકાયિકનું પણ તેજસ્કાયિકની જેમ જાણવું. વનસ્પતિકાયિકનું પૃથ્વીકાયિકની જેમ જાણવું. પણ અમુક વર્ગમાં નિરંતર અનંત જીવ ઉત્પન્ન થાય છે એમ કહેવું; અને ભવ એથી માંડીને અનંત કહેવા.

* * *

બેઇંદ્રિયજીવો, પૃથ્વીકાયિકની જેમ જાણવા. પણ અપ્કાયિકથી માંડીને ચતુરિંદ્રિયો સાથે આઠ અને સંખ્યાત ભવો કહેવા. પંચેંદ્રિય તિર્યંચો અને મનુષ્યો સાથે આઠ ભવો કહેવા. દેવોમાંથી આવતા નથી એ પણ કહેવું.

તેવું સામાન્ય રીતે ત્રણઇંદ્રિયનું જાણવું. તથા ચારઇંદ્રિયનું પણ જાણવું.

* * *

પંચેંદ્રિય તિર્યંચો નૈરયિક, તિર્યંચો, મનુષ્યો અને દેવોમાંથી પણ આવે છે. અ. નૈરયિકોમાંથી આવે તો સાતે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વીના નૈરયિકોમાંથી આવે. રત્નપ્રભાના નારકનું અસુરકુમાર જેવું કહેવું; પણ તેનાં પુદ્ગલો અનિષ્ટ અને અમનોજ્ઞ કહેવાં. શરીરની અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગથી માંડીને સાત ધનુષ્ય, ત્રણ હાથ અને ૬ આંગળની કહેવી. વૈક્રિયની આંગળના સંખ્યાતમા ભાગથી પંદર ધનુષ અને અઢી હાથ કહેવી. તેમને હુંડક સંસ્થાન, કાપોતલેશ્યા, ચાર સમુદ્ઘાત, નપુંસકવેદ, અને એથી આઠ ભવ કહેવા. શર્કરાપ્રભાનું પણ એ પ્રમાણે કહેવું. પણ અવગાહના પ્રજ્ઞા૦ પદ ૨૧, પૃ, ૪૧૭–૧૭ માં કહ્યા પ્રમાણે કહેવી. તથા ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન અવશ્ય કહેવાં. એમ છઠ્ઠી સુધી જાણવું. પણ અવગાહના, લેશ્યા આદિમાં ફેર સમજી લેવો.

સાતમી પૃથ્વીના નારકને એથી ૭ ભવ, કહેવા.

આ. જો તિર્યંચોમાંથી આવે તો બધું પૃથ્વીકાયિક પ્રમાણે જાણવું. પૃથ્વીકાયિકને એથી આઠ ભવ કહેવા; એમ ચતુરિંદ્રિય સુધી જાણવું. પંચેંદ્રિયમાંથી આવે તો સંજ્ઞી-અસંજ્ઞી બંનેમાંથી આવે ૪૦, પૃથ્વીકાયિક પ્રમાણે જાણવું. અસંજ્ઞી ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળામાં ઉત્પન્ન થાય તો રત્નપ્રભા પેઠે જાણવું, પણ પરિમાણ એક-બે-ત્રણ અને સંખ્યાતા કહેવું. પોતે જઘન્ય સ્થિતિવાળો હોય, તો પૃથ્વીકાયિક પેઠે જાણવું. પણ એથી આઠ ભવ કહેવા.

સંજ્ઞી સંખ્યાત વર્ષના આયુષવાળામાંથી જ આવે. જો તે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળામાં ઉત્પન્ન થાય, તો પરિમાણ એક-બે-ત્રણ અને સંખ્યાત કહેવું. શરીર આંગળના

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અસંખ્યાતમા ભાગથી માંડીને એક હજાર યોજન કહેવું. બાકી બધું રત્નપ્રભા પ્રમાણે.

૬. જો મનુષ્યોમાંથી આવે તો સંજ્ઞી અને અસંજ્ઞી બંનેમાંથી આવે. સંજ્ઞી સંખ્યાતવર્ષ આયુષવાળામાંથી આવે; તથા તે પર્યાપ્ત અને અપર્યાપ્ત બંનેમાંથી આવે. સંજ્ઞી મનુષ્યની બધી વક્તવ્યતા પૃથ્વીકાયિકની પેઠે જાણવી. જો તે ઉત્કૃષ્ટ કાયવાળામાં જન્મે તો શરીરપ્રમાણ એથી નવ આંગળથી માંડીને પાંચસો ધનુષ કહેવું. અને બે ભવ કહેવા.

૭. દેવોમાંથી આવે તો ચારે વર્ગોમાંથી આવે. વૈમાનિકમાંથી આવે તો કલ્પોપપન્નમાંથી અને તે પણ સહસ્રાર કલ્પ સુધીનામાંથી આવે. સૌધર્મદેવને એથી આઠ ભવ કહેવા. લેશ્યા સનત્કુમાર, માહેન્દ્ર, અને બ્રહ્મલોકમ એક પદ્મ કહેવી; અને બાકી બધાને શુક્લ કહેવી. વેદમાં પુરુષવેદ કહેવો.

૪. મનુષ્ય

મનુષ્યો ચારે ગતિમાંથી આવે. અ. નારકોમાં સાતમી પૃથ્વીનામાંથી ન આવે.[૧] આ. તિર્યંચોમાં તેજસ્કાય અને વાયુકાયમાંથી ન આવે. દેવોમાંથી આવે તો ચારે ગતિમાંથી આવે.

એ પ્રમાણે બધું પંચેંદ્રિયતિર્યંચ પ્રમાણે સહસ્રાર દેવો સુધી કહેવું. આનત પ્રાણત, આરણ અને અચ્યુતનું પણ તેમ સમજી લેવું.

---

૧. પરિમાણ બધે વધારેમાં વધારે સંખ્યાતા કહેવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પાતીતમાં પણ ગ્રૈવેયક અને અનુત્તરૌપપાતિક એનેમાંથી આવે. ગ્રૈવેયકદેવને વૈક્રિય શરીર ન કહેવું; તેની અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગથી માંડીને બે હાથની કહેવી. સમચતુરસ્ર સંસ્થાન, તથા પાંચ સમુદ્‌ઘાતો કહેવા, પણ વૈક્રિય તથા તૈજસ તેઓ કરી શકતા નથી કે કરશે પણ નહિ, એમ કહેવું.

અનુત્તરૌપપાતિકમાં પણ પાંચેમાંથી આવે. પ્રથમ ચારનું ગ્રૈવેયક મુજબ જાણવું; પણ અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગથી માંડીને એક હાથ કહેવી. સમ્યગ્‌દૃષ્ટ કહેવી. ત્રણ જ્ઞાન અવશ્ય કહેવાં. એથી ચાર ભવ કહેવા. સર્વાર્થસિદ્ધની બાબતમાં તે પ્રમાણે જાણવું. પણ બે ભવ કહેવા.

૫. દેવો

વાનવ્યંતર દેવોનું નાગકુમારો જેવું જાણવું.

જ્યોતિષિકોનું પણ તેમ જ જાણવું; પરંતુ તિર્યંચોમાં તે સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચોથી ઉત્પન્ન થાય એમ કહેવું. તેઓ સંખ્યાતા કે અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળામાંથી આવે. અસંખ્ય વર્ષવાળાનું શરીરપ્રમાણ એથી નવ અને ૧૮૦૦ ધનુષથી કાંઈક વધારે કહેવું.

અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યની અવગાહના કાંઈક અધિક નવસો ધનુષ્યથી ત્રણ ગાઉ સુધીની જાણવી.

સૌધર્મદેવોનું જ્યોતિષિક ઉદ્દેશ પ્રમાણે જાણવું. અસંખ્યાત વર્ષવાળા સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચને બે દૃષ્ટિઓ કહેવી; બે જ્ઞાન કે અજ્ઞાન અવશ્ય કહેવાં. સંખ્યાત વર્ષવાળાને બે દૃષ્ટિ, બે જ્ઞાન અને બે અજ્ઞાન અવશ્ય કહેવાં.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અસંખ્ય વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્યનું પ્રમાણ એકથી ત્રણ ગાઉનું કહેવું.

સનત્કુમારોની ઉત્પત્તિ શર્કરાપ્રભાની પેઠે જાણવી. માહેંદ્ર, બ્રહ્મલોક અને સહસ્રાર સુધી એ પ્રમાણે જાણવું. લાંતક વગેરેમાં જઘન્ય સ્થિતિવાળા તિર્યંચયોનિકને છ લેશ્યાઓ કહેવી; બ્રહ્મલોક અને લાંતકમાં પાંચ સંહનન કહેવાં તથા મહાશુક્ર અને સહસ્રારમાં ચાર કહેવાં.[૧]

આનત દેવોમાં તિર્યંચયોનિકો ઉત્પન્ન નથી થતા. સંખ્યાત વર્ષવાળા પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યને ત્રણ સંહનન કહેવાં; અને ત્રણથી સાત ભવ કહેવા. ગ્રૈવેયક દેવોને એ સંહનન કહેવાં. વિજય, વૈજયંત, જયંત અને અપરાજિતમાં પ્રથમ સંહનન કહેવું અને ત્રણથી પાંચ ભવ કહેવા. મનુષ્યની બાબતમાં પ્રથમ સંહનન કહેવું. સર્વાર્થસિદ્ધ દેવોની બાબતમાં સંજ્ઞી મનુષ્યોને ત્રણ ભવ કહેવા. સંજ્ઞી મનુષ્ય પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો હોય, તો પ્રમાણ એથી નવ હાથ કહેવું.

— શતક ૨૪

૧૦

દેવની શરમ

ગૌ૦—હે ભગવન્! મોટી ઋદ્ધિવાળો દેવ મરણ સમયે ચ્યવતો શરમને લીધે કેટલાક કાળ સુધી આહાર નથી કરતો?

મ૦—હા ગૌતમ! જ્યારે દેવ મરવાની તૈયારીમાં હોય છે, ત્યારે પોતે જ્યાં ઉત્પન્ન થવાનો છે તે કેકાણાને — પુરુષ દ્વારા ભોગવાતી સ્ત્રીના ગર્ભાશયને — જોઈને શરમાય છે. તથા તેને ઘૃણા આવે છે. કારણકે પોતાની ઉત્પત્તિમાં ગંદકીરૂપ

૧. આ વક્તવ્યતા તિર્યંચો અને મનુષ્યોને આશરીને જાણવી.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વીર્ય વગેરે કારણ છે એમ તે જુએ છે. આમ અરતિને લીધે ચેન ન પડવાથી તે દેવ આહાર નથી કરતો.[૧] પરંતુ પછી ભૂખથી થતી પીડા લાંબો કાળ સહન ન થવાથી આહાર કરે છે. પછી તેનું દેવઆયુષ સર્વથા નષ્ટ થતાં તે જ્યાં ઉત્પન્ન થાય છે, ત્યાંનું આયુષ ભોગવે છે. તે આયુષ મનુષ્યનું જાણવું.[૨]

— શતક ૧, ઉદ્દે૦ ૭

ટિપ્પણ

દેવલોકો વિષે થોડીક સામાન્ય હકીકત અત્રે એકત્રિત કરી છે :

૧. દેવોના ચાર વર્ગોમાંથી ત્રીજા વર્ગ—જ્યોતિષ્કમાં માત્ર પીત—તેજોલેશ્યા જ છે. અહીંયાં લેશ્યાનો અર્થ દ્રવ્યલેશ્યા એટલે કે શારીરિક વર્ણ સમજવો. અધ્યવસાય-વિશેષરૂપ ભાવલેશ્યા તો ચારે નિકાયોના દેવોમાં છયે હોય છે.

૨. ઉપરના ચારે દેવવર્ગો ઇંદ્ર, સામાનિક આદિ દશ વિભાગોમાં વિભક્ત છે. ૧. સામાનિક આદિ બધા પ્રકારના દેવોના સ્વામી ઇંદ્ર કહેવાય. ૨. આયુષ આદિમાં ઇંદ્રની સમાન એટલે કે જે અમાત્ય, પિતા, ગુરુ આદિની માફક પૂજ્ય છે, પરંતુ જેનામાં ફક્ત ઇંદ્રત્વ નથી, તે

---

૧. દેવનો આહાર એટલે તથાવિધ પુદ્ગલોને મનથી ગ્રહણ કરવાં તે.

૨. મહાઋદ્ધિવાળો દેવ મરીને નારક કે દેવ તથા તિર્યંચ નથી થતો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સામાનિક કહેવાય છે. ૩. મંત્રી અથવા પુરોહિત જેવા તે ત્રાયસ્ત્રિંશ. ૪. મિત્ર જેવા તે પારિષદ્ય. ૫. શસ્ત્ર ઉગામીને પીઠ પછવાડે ઊભા રહે તે આત્મરક્ષક. ૬. સરહદની રક્ષા કરે તે લોકપાલ. ૭. સૈનિક કે સેનાપતિ જેવા તે અનીક. ૮. નગરવાસી જેવા તે પ્રકીર્ણક. ૯. દાસ જેવા તે આભિયોગ્ય અને ૧૦ અત્યંજ જેવા તે કિલ્બિષિક.

પરંતુ વ્યંતરો અને જ્યોતિષ્કોમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ નથી.

ભવનવાસીમાં અને વ્યંતરોમાં બે બે ઇંદ્ર છે: ચમર અને બલિ અસુરકુમારોમાં; ધરણ અને ભૂતાનંદ નાગકુમારોમાં ઇ૦.[૧]

૩. ભવનપતિ અને વ્યંતર જાતિના દેવોમાં શારીરિક વર્ણરૂપ દ્રવ્યલેશ્યા ચાર જ છે: કૃષ્ણ, નીલ, કાપોત અને તેજ.

૪. દશે પ્રકારના ભવનપતિ જંબુદ્વીપમાં આવેલા સુમેરુ પર્વત નીચે, એના દક્ષિણ અને ઉત્તર ભાગમાં તીરછા અનેક કોટાકોટી લક્ષ યોજન સુધી રહે છે. અસુરકુમારો મોટે ભાગે આવાસોમાં અને કયારેક ભવનોમાં વસે છે તથા નાગકુમાર આદિ મોટે ભાગે ભવનોમાં જ વસે છે. રત્ન-પ્રભાના પૃથ્વીપિંડમાંથી ઊંચે નીચે એક એક હજાર યોજન છોડી દઈને, વચલા એક લાખ અઠોત્તેર હજાર યોજન પરિમાણ ભાગમાં આવાસો દરેક જગાએ છે. પરંતુ ભવનો

---

૧. જુઓ વિદ્યાપીઠ પ્રકાશિત તત્ત્વાર્થસૂત્ર પા. ૧૭૬; અ૦ ૪, સૂ૦ ૬.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તો રત્નપ્રભામાં નીચે જેવું હજાર યોજનપ્રમાણ ભાગમાં જ છે. આવાસો મોટા મંડપ જેવા હોય છે, અને ભવન નગર જેવાં હોય છે.

૫. અવધિજ્ઞાનનો વિષય : અવધિજ્ઞાનનું સામર્થ્ય ઉપર ઉપરના દેવોમાં વધારે છે. પહેલા અને બીજા સ્વર્ગના દેવોને નીચેના ભાગમાં રત્નપ્રભા સુધી, તીરછા ભાગમાં અસંખ્યાત લાખ યોજન સુધી અને ઊંચા ભાગમાં પોત-પોતાના વિમાન સુધી જાણવાનું સામર્થ્ય હોય છે. ત્રીજા અને ચોથા સ્વર્ગના દેવોને નીચેના ભાગમાં શર્કરાપ્રભા સુધી, તીરછા ભાગમાં અસંખ્યાત લાખ યોજન સુધી અને ઊર્ધ્વ ભાગમાં પોતપોતાના ભવન સુધી જોવાનું સામર્થ્ય છે. એ રીતે વધતાં વધતાં અનુત્તર વિમાનવાસી દેવો સંપૂર્ણ લોકનાલીને જોઈ શકે છે.

૬. ગમનક્રિયાની શક્તિ અને પ્રવૃત્તિ ઉપર ઉપરના દેવોમાં ઓછાં હોય છે. કેમકે ઉપર ઉપરના દેવોમાં ઉત્તરોત્તર મહાનુભાવતા અને ઉદાસીનતા અધિક હોવાથી દેશાંતર વિષયક ક્રીડા કરવાની રતિ ઓછી થતી જાય છે. શક્તિ ગમે તેટલી હોય તોપણ કોઈ દેવ નીચેના ભાગમાં ત્રીજા નરકથી આગળ ગયો નથી અને જશે નહિ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૨

વિશેષ કથન

૧

ભવનવાસી દેવો

૧

ગૌ૦—હે ભગવન્! બધા અસુરકુમારો સરખા આહાર-વાળા અને સરખા શરીરવાળા છે?

મ૦—ના ગૌતમ! અસુરકુમારો બે પ્રકારના છે: મોટાશરીરવાળા અને નાના શરીરવાળા.[૧] તેમાં મોટા શરીરવાળા ઘણા પુદ્ગલોનો આહાર કરે છે, ઘણો ઉચ્છ્વાસ-નિશ્વાસ લે છે, વારંવાર આહાર કરે છે;[૨] તથા વારંવાર

---

૧. તેમનું નાનામાં નાનું શરીર આંગળના અસંખ્યેય ભાગ જેટલું છે, અને મોટામાં મોટું સાત હાથનું છે. વૈક્રિય શરીર તો મોટામાં મોટું એક લાખ યોજનનું છે.

૨. એના સંબંધમાં સામાન્ય નિયમ એ છે કે દશ હજાર વર્ષના આયુષવાળા દેવો એક એક દિવસ વચમાં છોડીને આહાર લે છે; પલ્યોપમના આયુષવાળા દેવો દિનપૃથક્ત્વની પછી (બેથી નવ સુધી) આહાર લે છે; અને સાગરોપમના આયુષવાળા માટે એવો નિયમ છે કે, જેનું આયુષ જેટલા સાગરોપમનું તે તેટલા હજાર વર્ષ પછી આહાર લે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉચ્છ્વાસનિઃશ્વાસ લે છે.[૧] પણ નાના શરીરવાળા તેથી ઊલટું કરે છે.

ગૌ૦—હે ભગવન્! બધા અસુરકુમારો સરખા કર્મવાળા છે?

ભ૦—ના ગૌતમ! જેઓ પહેલાં ઉત્પન્ન થયેલા છે, તેઓએ ઘણું અશુભ કર્મ એકઠું કર્યું[૨] હોવાથી મહાકર્મવાળા છે; અને જે પછી ઉત્પન્ન થયેલા છે, તેઓ અલ્પ કર્મવાળા છે. તે પ્રમાણે પહેલાં ઉત્પન્ન થયેલાઓનું શુભકર્મ ક્ષીણ થયું હોવાથી તેઓનો શુભ વર્ણ અને શુભ લેશ્યા પણ ઘટી જાય છે.

ગૌ૦—હે ભગવન્! બધા અસુરકુમારો સરખી વેદનાવાળા છે?

ભ૦—ના ગૌતમ! જે અસુરકુમારો સંજ્ઞિભૂત છે,[૩]

---

૧. સામાન્ય નિયમ એવો છે કે, જેમ જેમ દેવોની સ્થિતિ વધતી જાય, તેમ તેમ ઉચ્છ્વાસનું કાલમાન પણ વધતું જાય. જેમકે દશ હજાર વર્ષના આયુષવાળા દેવોને એક એક ઉચ્છ્વાસ સાત સાત સ્તોકપરિમાણ કાળમાં થાય; એક પલ્યોપમ આયુષવાળાનો એક દિવસમાં એક જ હોય; અને સાગરોપમ આયુષ્યવાળાનું આયુષ જેટલા સાગરોપમનું હોય તેનો એક એક ઉચ્છ્વાસ તેટલે પખવાડિયે થાય છે.

૨. તેઓનું ચિત્ત અતિ કંદર્પ અને દર્પ યુક્ત હોવાથી અનેક પ્રકારની યાતના વડે નારકોને પીડા પમાડતા તેઓ ઘણું અશુભ કર્મ એકઠું કરે છે.—ટીકા

૩. સંજ્ઞા એટલે સમ્યગ્દર્શન. પહેલાં અસંજ્ઞી હોઈ પછી સંજ્ઞી થયા હોય, અર્થાત્ મિથ્યાદર્શન છોડીને જેઓ જન્મથી સમ્યગ્દર્શનયુક્ત ઉત્પન્ન થયેલા હોય તે સંજ્ઞિભૂત કહેવાય

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓને પોતે કરેલી ચારિત્રની વિરાધના યાદ આવતી હોવાથી ચિત્તને સંતાપ થાય છે, તેથી તેઓ મહા વેદનાવાળા છે. પણ જે અસંજ્ઞિભૂત–મિથ્યાદૃષ્ટિઓ છે તેઓનું મન ઉપતાપ-રહિત છે, માટે તેઓ ઓછી પીડાવાળા છે.

—શતક ૧, ઉદ્દે૦ ૨

એ પ્રમાણે રત્નપ્રભાપૃથ્વીના નૈરયિકોનું સુખ જાણવું.

૨

ગૌ૦—હે ભગવન્! અસુરકુમારોના ઇંદ્ર અને તેઓના રાજા ચમરની સુધર્મા નામની સભા ક્યાં રહેલી છે?

મ૦—હે ગૌતમ! જંબુદ્વીપમાં રહેલ મેરુપર્વતની દક્ષિણ બાજુએ તીરછા અસંખ્ય દ્વીપ અને સમુદ્રો ઓળંગ્યા પછી અરુણવર નામનો દ્વીપ આવે છે. તે દ્વીપની વેદિકાના આંયલા છેડાથી આગળ વધીએ ત્યારે અરુણોદય નામનો સમુદ્ર આવે છે. તેમાં ૪૨ લાખ યોજન ઊંડા ઊતર્યા બાદ તે ઠેકાણે તિગિચ્છકકૂટ નામનો ઉત્પાતપર્વત[1] આવે છે. તે પર્વત મૂળમાં વિસ્તૃત છે, વચ્ચે સાંકડો છે અને ઉપર વિશાળ છે. તે પહાડ આખો રત્નમય છે. તે પર્વતના ઉપરના સમતળ ભાગમાં એક મોટો મહેલ છે. તે તિગિચ્છક-કૂટ પર્વતની દક્ષિણે અરુણોદય સમુદ્રમાં છસેં કરોડ, પંચાવન કરોડ, પાંત્રીસ લાખ અને પચાસ હજાર યોજન તીરછું ગયા પછી, તથા નીચે રત્નપ્રભા પૃથ્વીનો ૪૦હજાર યોજન જેટલો ભાગ અવગાહ્યા પછી, અસુરના રાજા ચમરની ચમરચંચા નામની

---

૧. તિર્યગ્લોકમાં જવા સારુ જ્યાં આવીને ચમર ઉત્પતન કરે–ઊડે તે સ્થળનું નામ 'ઉત્પાતપર્વત' કહેવાય.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાજધાની આવે છે. તેનો કિલ્લો ૧૫૦ યોજન ઊંચો છે. તે કિલ્લો નીચે ૫૦ યોજન પહોળો છે અને ઉપર તેર યોજન પહોળો છે. તેને એક એક બાહુમાં પાંચસેં પાંચસેં દરવાજા છે. તેની ઊંચાઈ ૨૫૦ યોજન છે, અને વિસ્તાર ૧૨૫ યોજન છે. તેમાં તેની સુધર્માસભા વગેરે[૧] આવેલાં છે.

— શતક ૨, ઉદ્દે૦ ૮.

મોકા નગરીના નંદન ચૈત્યમાં ભગવાનના બીજા શિષ્ય અગ્નિભૂતિ[૨] પૂછે છે : હે ભગવન્! અસુરરાજ ચમર કેવી ઋદ્ધિ, કાંતિ, બળ, કીર્તિ, સુખ, પ્રભાવ અને વિકુર્વણા શક્તિવાળો છે?

મં૦—હે ગૌતમ! તે ત્યાં ૩૪ લાખ ભવનાવાસો ઉપર, ૬૪ હજાર સામાનિક દેવો ઉપર, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો ઉપર, ચાર લોકપાલો ઉપર, પાંચ પટરાણીઓ ઉપર સાત સેનાઓ ઉપર, તથા બે લાખ ૫૬૦૦૦ આત્મરક્ષક દેવો ઉપર અને બીજા નગરવાસી દેવો ઉપર સત્તાધીશપણું ભોગવતો વિહરે છે. એ ચમર આખો જંબુદ્વીપ તો શું, પણ આ તીરછા લોકમાં પણ અસંખ્ય દ્વીપ અને સમુદ્ર સુધીનું

---

૧. વિગત માટે જુઓ જીવાભિગમસૂત્ર પર૧–૬૩૨.

૨. તેમનો જન્મ મગધદેશના ગોબર ગામમાં ગૌતમગોત્રીય વિપ્ર શ્રીવસુભૂતિને ત્યાં પૃથ્વીદેવીની કૂખે થયો હતો. દીક્ષા સમયે તે ૪૩ વર્ષના હતા. બાદ તે ૧૨ વર્ષ છદ્મસ્થપણે અને ૧૬ વર્ષ કેવળીપણે વિદ્યમાન હતા. તેમનું કુલ આયુષ્ય ૭૪ વર્ષનું હતું. તેમનું નિર્વાણ મહાવીરના જીવનકાળમાં જ રાજગૃહમાં થયું હતું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થળ અસુરકુમારદેવો અને દેવીઓથી ગાઢ ભરાઈ જાય તેટલાં બધાં રૂપો વિકુર્વી શકે છે.[૧]

— શતક ૩, ઉદ્દે૦ ૧

ત્રીજા કાશ્યપગોત્રીય વાયુભૂતિ[૨] અનગાર ભગવાનને અસુરરાજ બલિ વિષે પૂછે છે. તેનાં ભવનો ત્રીસ લાખ, સામાનિકો ૬૦ હજાર; બીજું બધું ચમર પ્રમાણે જાણવું. અગ્નિભૂતિ નાગરાજ ધરણ વિષે પૂછે છે. તેના ભવનાવાસો ૪૪ લાખ, સામાનિકો છ હજાર, ત્રાયસ્ત્રિંશકો ૩૩, લોકપાલો ૪, પટરાણીઓ છ, આત્મરક્ષકો ૨૪ હજાર : બીજું બધું ઉપર પ્રમાણે.

એ પ્રમાણે સ્તનિતકુમારો, વાનવ્યંતરો તથા જ્યોતિષકો પણ જાણવા. વિશેષ એ કે, દક્ષિણ દિશાના બધા ઇંદ્રો વિષે અગ્નિભૂતિ પૂછે છે, અને ઉત્તર દિશાના વિષે વાયુભૂતિ પૂછે છે.

વ્યંતરોને અને જ્યોતિષિકોને ત્રાયસ્ત્રિંશો તથા લોકપાલો નથી હોતા. તેઓને ચાર હજાર સામાનિકો અને

---

૧. અસુરકુમારોમાં જે મિથ્યાદૃષ્ટિ છે, તે ધારે તેથી ઘણું રૂપ વિકુર્વી શકે છે; પણ જે સમ્યગ્દૃષ્ટિ છે, તે જેવું ધારે તેવું રૂપ વિકુર્વે છે. — શતક ૧૮, ઉદ્દે૦ ૫

૨. તેં પણ ઇંદ્રભૂતિ અને અગ્નિભૂતિ એ બે ગણધરોના સગા ભાઈ હતા. તેમની દીક્ષા સમયે ઉંમર ૪૨ વર્ષ હતી. તે ૧૦ વર્ષ છદ્મસ્થ રહ્યા અને ૧૮ વર્ષ કેવલીપણે રહ્યા. કુલ આયુષ ૭૦ વર્ષનું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬૦૦૦ આત્મરક્ષકો હોય છે. દરેકને ચાર ચાર પટરાણી હોય છે.*

— શતક ૩, ઉદ્દે૦ ૧

ચમર વગેરે ઇંદ્રોને ત્રણ ત્રણ સભાઓ હોય છે. તેમનાં નામ શમિકા, ચંડા અને જાતા છે. પહેલી સ્થિર સ્વભાવવાળી છે, બીજી ચંડ છે, અને ત્રીજી કોપ વગેરે ભાવોને વગર પ્રયોજને પણ ભજનારી છે. એ ત્રણે સભા ક્રમપૂર્વક અભ્યંતરા, મધ્યમા અને બાહ્યા છે. પ્રથમ સભામાં ૨૪૦૦૦ સભાસદો છે, બીજીમાં ૨૮૦૦૦ અને ત્રીજીમાં ૩૨૦૦૦. પ્રથમ સભામાં ૩૫૦ દેવીઓ, બીજીમાં ૩૦૦ અને છેલ્લીમાં ૨૫૦ દેવીઓ સભાસદ છે. એ પ્રમાણે બલિ વગેરેનું પણ જાણવું. પણ સભાસદ બધેથી ચાર ચાર હજાર ઓછા કરવા, અને દેવીઓમાં સો સો ઉમેરવી.[1]

— શતક ૩, ઉદ્દે૦ ૧૦

૨
વૈમાનિકો
૧

ઇશાનેંદ્રના લોકપાલો, તેમનાં વિમાનો, અને રાજધાનીઓ માટે શતક ૪, ઉદ્દે૦ ૧–૮; માં જોયું. શક્રરાજના લોકપાલો વગેરેના વર્ણન માટે જુઓ શતક ૩, ઉદ્દે૦ ૭. તેને ચાર લોકપાલો છે: સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ. સોમરાજાની

* અસુરકુમાર વગેરેની પટરાણીઓનાં નામ વગેરેનું વર્ણન શતક ૧૦, ઉદ્દે૦ ૫માં છે.

૧. એમ બીજે ઠેકાણે પણ થતા ફેરફારને માટે જુઓ જીવાભિગમ સૂત્ર પૃ. ૧૬૪-૧૭૪ તથા ૩૮૮-૩૯૦.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આજ્ઞામાં આ દેવો રહે છે : સોમકાયિકો, સોમદેવકાયિકો, વિદ્યુત્કુમારો, વિદ્યુત્કુમારીઓ, અગ્નિકુમારો, અગ્નિકુમારીઓ, વાયુકુમારો, વાયુકુમારીઓ, ચંદ્રો, સૂર્યો, ગ્રહો, નક્ષત્રો, તારાઓ વગેરે. અંતરિક્ષમાં જે ઉત્પાતો થાય છે, તે બધા સોમ મહારાજાની જાણમાં (વશમાં) છે. તે જેવાકે : ગ્રહદંડ,[૧] ગ્રહમુસલ,[૧] ગ્રહગર્જના, ગ્રહયુદ્ધ,[૨] અભ્રવૃક્ષ, ગંધર્વનગર, ઉલ્કાપાત, દિગ્દાહ, યૂપક,[૩] યક્ષદીપ્ત, ધૂમિકા, મહિકા, રજઉદ્ઘાત,[૪] ચંદ્રોપરાગ (ગ્રહણ), સૂર્યોપરાગ, પ્રતિચંદ્ર (બીજા ચંદ્રો); ઉદકમત્સ્ય (ઇંદ્રધનુષના ખંડો); કપિહસિત (વાદળાં વિનાના આકાશમાં વીજળીનો ઝબકારો); અમોઘ (સૂર્યના ઉદય અને અસ્ત વખતે સૂર્યના કિરણના વિકારથી થતા લાંબા લીસોટા); પૂર્વાદિ દિશાના પવનો, વાતોદ્ભ્રામ (ઠેકાણા વિનાના પવનો), વાતોત્કલિકા (સમુદ્રના કલ્લોલની પેઠે વાતા પવનો), મંડલિકાવાત (પવનની ઓળીઓ), ગુંજતા પવનો (ગુંજવાતો), ઝંઝાવાતો અને (તણખલાં વગેરે ફેરવનારા) સંવર્તક વાતો.

યમરાજાને નીચેની વસ્તુઓ જાણમાં (વશમાં) છે : ડિંબ (વિઘ્નો), ડમર (એક રાજ્યમાં જ રાજકુમાર વગેરેએ

---

૧. ત્રણ ચાર ગ્રહોની લાંબી હાર થવી.

૨. એક દક્ષિણમાં અને એક ઉત્તરમાં એવી રીતે સામસામી હારમાં બે ગ્રહોનું રહેવું તે.

૩. અજવાળિયાના દિવસોમાં પડવો, બીજ અને ત્રીજ સુધી જે વડે સંધ્યાના છેડા ઢંકાય છે તે.

૪. દિશાઓનું રજસ્વલપણું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કરેલા ઉપદ્રવો.), કલહ, બોલ, ખાર (પરસ્પર મત્સર), મહાયુદ્ધો, મહાપુરુષનાં મરણો, દુર્ભૂતો (માણસ, અનાજ વગેરેને નુકસાન પહોંચાડનારા નહારા જીવો), રોગો, મહામારીઓ, વેદનાઓ, વળગાડો, એકાંતરિયા વગેરે તાવો, દાહ, સડો, અજીર્ણ, પાંડુરોગ, શૂળ, મરકી, મહામારી વગેરે.

વરુણરાજાની જાણમાં અતિવૃષ્ટિ, મંદવૃષ્ટિ, સુવૃષ્ટિ, દુર્વૃષ્ટિ, ઉદકોદ્ભેદ (પહાડ વગેરેમાંથી પાણીની ઉત્પત્તિ), ઉદકોત્પીલ (તળાવ વગેરેમાં પાણીનો સમૂહ), અપવાહ (પાણીનું થોડું વહેવું), પાણીનો પ્રવાહ, ગામનું તણાઈ જવું, પ્રાણક્ષય, વગેરે બધા છે.

વૈશ્રમણના તાબામાં લોઢાની વગેરે ખાણો, માલ્યાદિની વૃષ્ટિ, અન્નાદિની વૃદ્ધિ-હાનિ, નધણિયાતાં ઘરો, જમીનમાં દાટેલી સંપત્તિ વગેરે છે.

—શતક ૩, ઉદ્દે૦ ૭

૨

લવસત્તમદેવો લવસત્તમ એટલા માટે કહેવાય છે, કે કોઈ જુવાન તથા કુશળ પુરુષ શીઘ્રતાપૂર્વક ડાંગર ઘઉં વગેરેના સાત લવ (કાળી) જેટલા સમયમાં તીક્ષ્ણ દાતરડાથી કાપી નાખે, તેટલું આયુષ (સાત લવ જેટલું) તેમને વધારે હોત, તો તે દેવો તે જ ભવમાં સિદ્ધ થાત.

અનુત્તરૌપપાતિક દેવો પાસે અનુત્તર (સર્વોત્તમ) શબ્દાદિ હોય છે, માટે તે અનુત્તરૌપપાતિક કહેવાય છે. છ ટંકના તપ વડે જેટલા કર્મની નિર્જરા થાય તેટલું કર્મ બાકી રહે ત્યારે અનુત્તરૌપપાતિક દેવપણે ઉત્પન્ન થવાય.

—શતક ૧૪, ઉદ્દે૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લોકાંતિક વિમાનો આઠ કૃષ્ણરાજિઓનાં આઠ અવકાશાંતરમાં આવેલાં છે. અને વચમાં રિષ્ટાભ વિમાન છે. આઠ લોકાંતિક વિમાનોમાં આઠ જાતના લોકાંતિક દેવો રહે છે: સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ અને આગ્નેય; તથા વચમાં રિષ્ટદેવ રહે છે. લોકાંતિક વિમાનોમાં સ્થિતિ આઠ સાગરોપમની છે. અસંખ્ય હજાર યોજનને અંતરે લોકાંતિક વિમાનોથી લોકાંત આવેલો છે. આ વિમાનોમાં અનેક વાર તથા અનંત વાર પૂર્વે સર્વ જીવો પૃથ્વીકાયિકાદિ પણે ઉત્પન્ન થયા છે; પણ દેવપણે અનંત વાર નથી ઉત્પન્ન થયા.

—શતક ૬, ઉદ્દે૦ ૫

૩

અસુરકુમારોની સ્થિતિ ઓછામાં ઓછી દશ હજાર વર્ષની, અને વધારેમાં વધારે સાગરોપમ કરતાં વધારે કહી છે. તેઓ ઓછામાં ઓછા સાત સ્તોક વડે, અને વધારેમાં વધારે પખવાડિયા કરતાં વધારે કાળ ગયા પછી શ્વાસ લે અને નિઃશ્વાસ મૂકે. તેઓ આહારના* અભિલાષી છે.

---

* તેમને આહારમાં આવતાં પુદ્ગલો પીળાં, ધોળાં, સુગંધી, ખાટાં, મધુરાં, કોમળ, હળવાં, ચીકણાં અને ઇષ્ણ હોય છે. પણ નારકોમાં કાળાં, નીલાં, દુર્ગંધી, તીખાં, કડવાં, કર્કશ, ભારે, ટાઢાં અને લૂખાં હોય છે. નારકો અને દેવોને અચિત્ત આહાર કહેવો પણ પૃથ્વીથી માંડીને મનુષ્યને સચિત્ત, અચિત્ત અને મિશ્ર આહાર કહેવો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનો આહાર બે પ્રકારનો છે : આભોગનિર્વર્તિત એટલે કે જ્ઞાનપૂર્વક કરેલો, અને અનાભોગનિર્વર્તિત એટલે અજ્ઞાનપૂર્વક કરેલો. જે આભોગનિર્વર્તિત આહાર છે તેનો અભિલાષ તેઓને ઓછામાં ઓછી ચાર ટંક — એક દિવસ પછી — અને વધારેમાં વધારે હજાર વર્ષ કરતાં વધારે કાળ ગયા પછી થાય છે. અનાભોગનિર્વર્તિતનો અભિલાષ તો નિરંતર થયા કરે છે.[1]

નાગકુમારોની ઓછામાં ઓછી સ્થિતિ દશ હજાર વર્ષની, અને વધારેમાં વધારે કાંઈક ઊણાં બે પલ્યોપમની છે. તેઓ ઓછામાં ઓછા સાત સ્તોકો અને વધારેમાં વધારે બે થી નવ મુહૂર્તની અંદર શ્વાસ લે અને મૂકે. તેઓને આભોગ૦ આહારનો અભિલાષ ઓછામાં ઓછો એક દિવસ પછી અને વધારેમાં વધારે બે થી નવ દિવસની અંદર થાય છે. એમ સ્તનિતકુમારો સુધી કહેવું.

નૈરયિકોની સ્થિતિ ઓછામાં ઓછી દશ હજાર વર્ષની અને વધારેમાં વધારે ૩૩ સાગરોપમની છે. તેઓ અત્યંત દુઃખી હોવાથી સતત શ્વાસ મૂકે છે અને લે છે; તેઓને આભોગનિર્વર્તિત આહારનો અભિલાષ અંતર્મુહૂર્ત બાદ થયા કરે છે.

---

૧. વર્ષાકાળમાં મૂત્ર વગેરે વધારે થાય છે, તેથી એમ જણાય છે કે શરીરમાં શીત પુદ્ગલો અધિક ગયાં હોવાં જોઈએ. જેમ તે શીત પુદ્ગલોનો આહાર અભિપ્રાય વિના — અનાભોગનિર્વર્તિત છે — તેમ જ અસુરકુમારોને પણ અનાભોગનિર્વર્તિત આહાર હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વીકાયિકોની સ્થિતિ ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે બાવીસ હજાર વર્ષની કહી છે. તેઓ વિમાત્રાએ એટલે વિવિધ કાળે શ્વાસ લે છે. તેઓને આહારનો અભિલાષ નિરંતર હોય છે, તેઓ વ્યાઘાત ન હોય તો છયે દિશામાંથી આહાર લે છે. પણ જો વ્યાઘાત હોય, તો ત્રણ દિશામાંથી, ચાર દિશામાંથી અને પાંચ દિશામાંથી લે છે.[૧]

એ પ્રમાણે જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક તથા વનસ્પતિકાયિક સુધી જાણવું. વિશેષ એ કે જેની જે સ્થિતિ હોય તે કહેવી અને વિવિધપણે ઉચ્છ્વાસ જાણવો.[૨]

બેઇંદ્રિયની સ્થિતિ બાર વર્ષની છે, અને ઉચ્છ્વાસ વિમાત્રાએ છે. આહારનો અભિલાષ અસંખ્યેય સમયવાળા અંતર્મુહૂર્તમાં વિમાત્રાએ થાય છે.

બેઇંદ્રિય જીવોનો આહાર બે પ્રકારનો કહ્યો છે : રોમાહાર, એટલે કે રૂંવાં દ્વારા લેવાતો આહાર, અને પ્રક્ષેપાહાર, એટલે કે મુખમાં લેવાઈને થતો આહાર. તેમાં

---

૧. તે વ્યાઘાત તેમને લોકાંતના ખૂણાઓ વિષે સંભવે છે; ત્યારે પૃથ્વીકાયનો જીવ નીચેના અથવા ઉપરના ખૂણા વિષે રહેલો હોય, ત્યારે નીચે અલોક હોય છે, તેમ જ પૂર્વ તથા દક્ષિણને વિષે અલોક હોય. આ પ્રમાણે ત્રણ દિશા અલોક વડે આચ્છાદિત હોવાથી અન્ય ત્રણમાંથી આહાર સંભવે છે.

૨. તે સર્વની ઓછામાં ઓછી સ્થિતિ અંતર્મુહૂર્તની છે, અને વધારેમાં વધારે અપ્કાયની સાતહજાર વર્ષ, તૈજસની ત્રણ અહોરાત્રની, વાયુની ત્રણ હજાર વર્ષની અને વનસ્પતિકાયની દશ હજાર વર્ષની છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ જે પુદ્ગલોને રોમાહારપણે ગ્રહે છે, તે બધાં સંપૂર્ણપણે ખાવામાં આવે છે; અને જે પુદ્ગલો પ્રક્ષેપાહારપણે લેવામાં આવે છે, તેમાંનો અસંખ્ય ભાગ ખાવામાં આવે છે, અને બીજા અનેક હજાર ભાગો ચખાયા વિના તેમ જ સ્પર્શાયા વિના જ નાશ પામે છે. તેમાં નહીં સ્પર્શાયેલા પુદ્ગલો ચખાયેલા કરતાં અનંતગણા છે.

ત્રણઇંદ્રિયવાળાની વધારેમાં વધારે સ્થિતિ ૪૯ રાત્રીદિવસ, તથા ચાર ઇંદ્રિયવાળાની છ માસની છે. બાકી બધું પૂર્વ પ્રમાણે.

પંચેંદ્રિય તિર્યંચોની વધારેમાં વધારે સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. તેઓનો ઉચ્છ્વાસ વિમાત્રાએ છે. તેઓનો આભોગ૰ આહાર ઓછામાં ઓછો અંતર્મુહૂર્તે અને વધારેમાં વધારે છ ટંક – એ દિવસ ગયા પછી – હોય છે. તે પ્રમાણે મનુષ્યોનું જાણવું; પણ આહાર ઓછામાં ઓછો અંતર્મુહૂર્તે અને વધારેમાં વધારે આઠ ટંક – ત્રણ દિવસ ગયા પછી હોય છે.

વાનવ્યંતરોની ઓછામાં ઓછી સ્થિતિ દશહજાર વર્ષની, અને વધારેમાં વધારે પલ્યોપમની છે. બાકી બધું નાગકુમારોની પેઠે જાણવું. એ પ્રમાણે જ્યોતિષ્ક દેવોનું પણ જાણવું. પણ તેમને ઓછામાં ઓછું અને વધારેમાં વધારે એથી નવ મુહૂર્ત પછી શ્વાસોચ્છ્વાસ હોય છે. અને આહાર ઓછામાં ઓછો અને વધારેમાં વધારે એથી નવ દિવસ પછી હોય છે. તેઓની ઓછામાં ઓછી સ્થિતિ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પલ્યોપમના આઠમા ભાગની, અને વધારેમાં વધારે પલ્યોપમ ઉપરાંત એક લાખ વર્ષની છે.

વૈમાનિકોની સ્થિતિ પલ્યોપમથી આરંભી તેત્રીસ સાગરોપમ સુધી જાણવી. તેમાં ઓછામાં ઓછી સૌધર્મને આશરીને અને વધારેમાં વધારે અનુત્તર વિમાનવાસીઓને આશરીને સમજવી. ઉચ્છ્વાસનું પણ ઓછામાં ઓછું પ્રમાણ ઓછી સ્થિતિવાળાઓને આશરીને અને વધારેમાં વધારે પ્રમાણ વધારે સ્થિતિવાળાને આશરીને જાણવું. વૈમાનિકોમાં જેની જેટલા સાગરોપમની સ્થિતિ હોય, તેટલા પખવાડિયે તેમનો ઉચ્છ્વાસ અને તેટલા હજાર વર્ષે આહાર સમજવો.[૧]

—શતક ૧, ઉદ્દે૦ ૧

---

૧. ઓછામાં ઓછો બેથી નવ દિવસ પછી અને વધારેમાં વધારે તેત્રીસ હજાર વર્ષ પછી. [પ્રથમ આંકડા ઓછામાં ઓછાના, અને પછીના વધારેમાં વધારેના એમ ગણતાં: સૌધર્મ બેથી નવ દિવસ–બે હજાર વર્ષ; ઇશાન તેનાથી થોડો વધારે સમય બંનેમાં; સનત્કુમાર બે હજાર વર્ષ–સાત હજાર વર્ષ; માહેંદ્ર તેથી થોડો વધારે સમય; (હવે પછીના બધા આંકડા તેટલા હજાર વર્ષના ગણવા). બ્રહ્મલોક ૭–૧૦; લાંતક ૧૦–૧૪; મહાશુક્ર ૧૪–૧૭; સહસ્રાર ૧૭–૧૮; આનત ૧૮–૧૯; પ્રાણત ૧૯–૨૦; આરણ ૨૦–૨૧; અચ્યુત ૨૧–૨૨; ગ્રૈવેયકની ત્રણ ત્રિકો અનુક્રમે ૨૨–૨૩, ૨૩–૨૪, ૨૪–૨૫, ૨૫–૨૬, ૨૬–૨૭, ૨૭–૨૮, ૨૮–૨૯, ૨૯–૩૦, ૩૦–૩૧; વિજયથી માંડી અપરાજિત ૩૧–૩૩; અને સર્વાર્થસિદ્ધ ૩૩–૩૩.]

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આહાર વિષે બીજી કેટલીક વિગતો આ પ્રમાણે છે :

વર્તમાન ભાવની અપેક્ષાએ નૈરયિકો પાંચ ઇંદ્રિયવાળા જીવોનાં શરીરો જ ખાય છે. તેવું સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથ્વીકાયિકો એકેંદ્રિયનાં શરીરો ખાય છે એમ બે ઇંદ્રિયવાળા બે ઇંદ્રિયજીવોનાં, ત્રણ ઇંદ્રિયોવાળા ત્રણ ઇંદ્રિયવાળા જીવોનાં અને ચાર ઇંદ્રિયવાળા ચાર ઇંદ્રિયવાળા જીવોનાં શરીરને ખાય છે. જે જીવ જેટલી ઇંદ્રિયોનો ધણી હોય, તેટલી ઇંદ્રિયવાળા જીવોનાં શરીર ખાય છે. તે પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.

નૈરયિકો રોમાહારવાળા જ છે, પ્રક્ષેપાહારવાળા નથી. એ પ્રમાણે એક ઇંદ્રિયવાળા જીવો અને બધા દેવો વિષે પણ સમજવું. બે ઇંદ્રિયવાળા જીવોથી માંડીને મનુષ્ય પર્યંતના રોમાહાર તેમ જ પ્રક્ષેપાહાર કરનારા છે.

આહારીના વળી બે પ્રકાર છે: ઓજાહારી એટલે આખા શરીર દ્વારા થઈ શકે તેવો આહાર કરનારા, અને મનોભક્ષી.

નૈરયિકો ઓજાહારી છે; એ પ્રમાણે બધા ઔદારિક શરીરધારી માટે સમજવું. વૈમાનિક સુધીના બધા દેવો ઓજાહારી છે તેમ જ મનોભક્ષી પણ છે. જેઓ મનોભક્ષી દેવો છે, તેઓને 'અમે મનોભક્ષણ કરવાને ઇચ્છીએ છીએ' એવી ઇચ્છા થતાં જ તે દેવોને ઇષ્ટ અને પ્રિય પુદ્ગલો તે દેવોના ભક્ષણરૂપે આવે છે. એ રીતે મનોભક્ષણ કર્યા બાદ તેમનું ઇચ્છામન ચાલ્યું જાય છે.

પ્રજ્ઞાપના પૃ. ૪૯૮–૫૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪

રત્નપ્રભા પૃથ્વીમાં નારકોનું નાનું શરીર આંગળના અસંખ્યેય ભાગ જેટલું છે; અને વધારેમાં વધારે સાત ધનુષ ત્રણ હાથ અને છ આંગળ છે. ત્યાંના નારકોને ત્રણ શરીર કહ્યાં છે: વૈક્રિય, તૈજસ અને કાર્મણ. તેઓનાં શરીર સંહનન—બાંધા વિનાનાં છે: તેમના શરીરમાં હાડકાં, શિરા અને સ્નાયુ નથી. તેમના શરીરનાં પુદ્ગલો અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ વગેરે છે. તેમનાં શરીરો બે પ્રકારનાં છે:. ભવધારણીય—જ્યાં સુધી જીવે ત્યાં સુધી રહેનારાં; અને ઉત્તરવૈક્રિય. તે બંને પ્રકારનાં શરીરો હુંડ સંસ્થાન (આકૃતિ)[૧]વાળાં છે.

તેમની લેશ્યા કાપોત છે. તેઓ સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે. તેમાં જેઓ જ્ઞાની છે, તેઓને ત્રણ જ્ઞાન નિયમપૂર્વક[૨] હોય છે, અને જેઓ અજ્ઞાની છે, તેઓને ત્રણ અજ્ઞાન[૩] વિકલ્પે હોય છે. તેઓને મન-વાણી-કાયા ત્રણેના વ્યાપારો છે.

---

૧. સર્વ અંગોપાંગ કુલક્ષણ—હીનાધિક હોય તે હુંડ સંસ્થાન કહેવાય. જુઓ 'અંતિમ ઉપદેશ' પા. ૧૩૦.

૨. જેઓ સમ્યક્ત્વસહિત ઉત્પન્ન થાય છે, તેઓને જન્મકાળથી માંડીને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય.

૩. જેઓ સંજ્ઞીઓથી ઉત્પન્ન થયેલા હોય છે, તેઓને ભવપ્રત્યય વિભંગ હોવાથી તેઓ ત્રણ અજ્ઞાનવાળા હોય છે, અને જેઓ અસંજ્ઞીઓથી ઉત્પન્ન થયેલા હોય છે તેઓને જન્મ લીધા પછી પ્રથમ અંતર્મુહૂર્ત વીત્યા બાદ વિભંગજ્ઞાન ઉપજે છે; માટે તેઓને પહેલાં તો બે અજ્ઞાન હોય છે, અને પછી ત્રણ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એમ સાથે પૃથ્વીઓમાં જાણવું. માત્ર લેશ્યામાં ભેદ છે: પહેલી અને બીજીમાં કાપોત લેશ્યા છે, ત્રીજીમાં મિશ્ર (કાપોત–નીલ) છે, ચોથીમાં નીલ છે, પાંચમીમાં મિશ્ર (નીલ–કૃષ્ણ) છે, છઠ્ઠીમાં કૃષ્ણ છે, અને સાતમીમાં પરમ-કૃષ્ણ છે.

અસુરકુમારોના કષાયો ક્રોધ, માન, માયા, લોભ એમ ન ગણવા, પણ લોભ, માયા, માન અને ક્રોધ એ પ્રકારે ગણવા. તેમનાં શરીર પણ સંહનન વિનાનાં છે. તેમના શરીરનાં પુદ્ગલો ઇષ્ટ અને સુંદર હોય છે. તેમનું શરીર સમચોરસ સંસ્થાનવાળું છે. તેઓને કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો-લેશ્યા એમ ચાર લેશ્યા છે.

પૃથ્વીકાયિકોને ત્રણ શરીર ગણવાં: ઔદારિક, તૈજસ અને કાર્મણ. તેમનાં શરીર પણ સંહનન વિનાનાં છે. તેમના શરીરનાં પુદ્ગલો સારાં અને નરસાં બંને કહેવાં. તેમને બે પ્રકારનું શરીર ન કહેવું. તેમને ચાર લેશ્યાઓ કહેવી. તેઓને મિથ્યાદૃષ્ટિ જ જાણવા. તેઓને પ્રથમ બે અજ્ઞાન જ હોય, તથા કાયયોગ જ હોય.

અપ્કાયિકોમાં પણ પૃથ્વીકાયિકોની પેઠે કોઈ દેવ કે દેવો દેવલોકથી ચ્યવીને ઉત્પન્ન થાય છે, ત્યારે તેઓમાં તેજોલેશ્યા પણ હોય છે. એટલે ચારે લેશ્યા ગણવી. બાકી બધું પૃથ્વીકાયિક પેઠે જાણવું. તેજસ્કાયિકમાં દેવો ઉત્પન્ન નથી થતા, એટલે તેજોલેશ્યા ન કહેવી. વાયુકાયમાં ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એમ ચાર

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શરીર કહેવાં. વનસ્પતિકાયિકો પૃથ્વીકાયિકોની પેઠે જ જાણવા.

બે ઇંદ્રિયથી માંડીને ચાર ઇંદ્રિયો સુધીના વિકલેંદ્રિયને સમ્યગ્‌દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એમ બે દૃષ્ટિ કહેવી,[૧] અને (સમ્યક્ત્વ હોવાને કારણે જ) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ કહેવાં, તથા બે અજ્ઞાન પણ કહેવાં. તેમને વચનયોગ અને કાયયોગ એમ બે યોગ જાણવા. તેજોલેશ્યા અહીં ન કહેવી.

પંચેંદ્રિય તિર્યંચોને પણ નૈરયિકોની પેઠે કહેવા. તેમનાં શરીર ચાર કહેવાં: ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ. તેમને છ સંહનન કહેવાં; અને છયે સંસ્થાન કહેવાં. તેઓને લેશ્યા પણ છયે કહેવી.

મનુષ્યોને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એમ પાંચ શરીર કહેવાં; છયે સંહનન કહેવાં; છયે સંસ્થાન કહેવાં, પાંચે જ્ઞાન કહેવાં, છયે લેશ્યાઓ કહેવી.

ભવનવાસીની પેઠે વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક જાણવા. વ્યંતરોની બાબતમાં જ લોભને આદિમાં મૂકવો, બાકીનામાં નહિ. જ્યોતિષ્કોને એક તેજોલેશ્યા જ કહેવી; ત્રણ જ્ઞાન કહેવાં અને ત્રણ અજ્ઞાન કહેવાં.[૨]

---

૧. આસ્વાદનભાવે અહીં સમ્યક્ત્વ સંભવે છે.

૨. કારણકે ત્યાં અસંજ્ઞી જીવોનો ઉત્પાદ નથી, માટે અપર્યાપ્તાવસ્થામાં પણ વિભંગજ્ઞાન હોય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વૈમાનિકોની બાબતમાં તેજોલેશ્યાથી માંડીને ત્રણ લેશ્યાઓ કહેવી. બાકી ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન કહેવાં.

—શતક ૧, ઉદ્દે૦ ૫

નૈરયિકો આરંભવાળા છે, અને પરિગ્રહવાળા છે. કારણકે, તેઓ પૃથ્વીકાયથી માંડીને ત્રસકાયનો સમારંભ કરે છે; તેઓએ શરીર, કર્મો, તથા સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યો પરિગૃહીત કર્યાં છે. અસુરકુમારો પણ તેવા જ છે; તેઓએ તો ઉપરાંતમાં દેવો, દેવીઓ, આસન અને શયન વગેરે પરિગૃહીત કર્યાં છે.

નૈરયિકોની પેઠે એકેંદ્રિયોનું જાણવું. તેઓએ પ્રત્યાખ્યાન ન કરેલું હોવાથી તેઓને પરિગ્રહી ગણવા. બેઇંદ્રિયથી માંડીને ચતુરિંદ્રિય સુધીનું પણ તેમ જ જાણવું. પંચેંદ્રિયોએ પર્વતો, શિખરો, જલ, સ્થલ, બિલ, ગુહા, ઝરા, જલસ્થાન, કચારા, કૂવા, તળાવ, ઉદ્યાન, વન, વૃક્ષ, દેવકુલ, આશ્રમ, પરબ, સ્તૂપ, ખાઈ, કિલ્લા, દેવભુવન, રાજભુવન, સામાન્ય ઘર, હાટ, શૃંગાટક (સિંગોડાના આકારનો) માર્ગ, ત્રિકમાર્ગ, ચતુષ્કમાર્ગ, ચત્વર (જ્યાં સર્વ રસ્તા ભેગા થાય તે), શકટ, યાન, અંબાડી, ઘોડાનાં પલાણ, ડોળી, મેના, સુખપાલ, લોઢી, લોઢાનાં કડાયાં, ભવનપતિના નિવાસો, દેવ, મનુષ્યો, તિર્યંચો અને આસન–શયનાદિ પરિગૃહીત કર્યાં છે. તેમ જ મનુષ્યો જાણવા. વાનવ્યંતરો જ્યોતિષ્કો અને વૈમાનિકોને ભવનવાસીઓની જેમ જાણવા.

—શતક ૫. ઉદ્દે૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતી-સાર

ખંડ ૯ મો

નારક-ખંડ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧

સામાન્ય કથન

૧

ગૌ૦—હે ભગવન્! સાતે નરકપૃથ્વીઓમાં નારકીનાં રહેઠાણો કેટલાં કહ્યાં છે?

મ૦—હે ગૌતમ! સાત નરકભૂમિઓમાં નારકીનાં રહેઠાણોની સંખ્યા નીચે મુજબ છે: પહેલીમાં ત્રીસ લાખ, બીજીમાં પચીસ લાખ, ત્રીજીમાં પંદર લાખ, ૪થીમાં દસ લાખ, પાંચમીમાં ત્રણ લાખ; છઠ્ઠીમાં નવ્વાણું હજાર, નવસેં પંચાણું, અને સાતમીમાં પાંચ જ છે.

—શતક ૧, ઉદ્દે૦ ૫

બધા નૈરયિકો સરખા આહાર, શરીર ઇત્યાદિવાળા નથી. જે મોટા શરીરવાળા[૧] છે તે ઘણા પુદ્ગલોનો

૧. મોટામાં મોટું પાંચસેં ધનુષ, અને ઓછામાં ઓછું આંગળના અસંખ્ય ભાગ જેટલું. વૈક્રિય શરીર મોટામાં મોટું એક હજાર ધનુષનું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આહાર કરે છે, ઘણો ઉચ્છ્વાસ નિઃશ્વાસ લે છે, અને તે બધું વારંવાર કરે છે. નાના શરીરવાળાનું તેથી ઊલટું જાણવું. જે નૈરયિકો પૂર્વે ઉત્પન્ન થયેલા છે, તેઓ અલ્પ કર્મવાળા છે, કારણકે તેમણે પોતાનાં આયુષ વગેરે કર્મોનો મોટો ભાગ અનુભવી લીધો છે; અને જે નવા ઉત્પન્ન થયા છે, તે વધારે કર્મવાળા છે. તે જ રીતે જેઓ પૂર્વે ઉત્પન્ન થયા છે, તે વિશુદ્ધ વર્ણવાળા છે, અને પછી ઉત્પન્ન થયેલા અવિશુદ્ધ વર્ણવાળા છે. તેવું જ લેશ્યાનું પણ જાણવું. વેદનાની બાબતમાં, જે સંજ્ઞિભૂત છે, તે મોટી વેદનાવાળા છે; કારણ કે તેમને પસ્તાવો થાય છે. અને અસંજ્ઞિભૂત ઓછી વેદના વાળા છે. વળી તેઓમાં જે સમ્યગ્દૃષ્ટિ છે, તેઓને મિથ્યાદૃષ્ટિપ્રત્યયા* સિવાયની બીજી આરંભિકી આદિ ચારે ક્રિયા હોય છે, અને મિથ્યાદૃષ્ટિને પાંચે હોય છે.

—શતક ૧, ઉદ્દે૦ ૨

૨

ગૌ૦—હે ભગવન્! નૈરયિકો ભારે (ગુરુ) છે કે હળવા (લઘુ) છે, ભારે-હળવા (ગુરુલઘુ) છે કે (અગુરુલઘુ) નહીં ભારે—નહીં હળવા છે!

મ૦—હે ગૌતમ! તેઓ ગુરુ-લઘુ છે, તથા અગુરુલઘુ છે. કારણકે વૈક્રિય અને તૈજસ શરીરની અપેક્ષાએ તેઓ ગુરુલઘુ છે; અને જીવ તથા કર્મની અપેક્ષાએ અગુરુલઘુ છે.

—શતક ૧, ઉદ્દે૦ ૬

* જુઓ આગળ પા. ૧૦૭.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! નરકગતિ કેટલા કાળ સુધી ઉપપાત વિનાની કહી છે? [અર્થાત્ કેાઈ નવેા નારકી ન ઊપજે એવું કેટલેા સમય બને?]

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછેા એક સમય, અને વધારેમાં વધારે બાર મુહૂર્ત. તેવું જ પંચેંદ્રિય તિર્યંચ ગતિમાં, મનુષ્યગતિમાં અને દેવગતિમાં જાણવું. રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓમાં ઉત્પાદ-વિરહકાળ અનુક્રમે આ પ્રમાણે છે: ૨૪ મુહૂર્ત, સાત અહેારાત્ર, પંદર અહેારાત્ર, એક માસ, બે માસ, ચાર માસ અને છ માસ. ઓછામાં ઓછેા ઉત્પાદવિરહ એક સમયનેા છે. એ પ્રમાણે ઉદ્વર્તનાના વિરહ સંબંધી પણ જાણવું. અને સંખ્યા: એક-બે-ત્રણ-સંખ્યેય અને અસંખ્યેય જીવેા એક સમયે ઊપજે છે, ચ્યવે છે અને ઉદ્વર્તે છે.

તિર્યંચગતિમાં, વિકલેંદ્રિયેા અને સંમૂર્છિમેાનેા વધારેમાં વધારે વિરહકાળ ભિન્ન મુહૂર્તનેા છે, અને ગર્ભજ જીવેાનેા બાર મુહૂર્તનેા છે; એ બધાનેા ઓછામાં ઓછેા વિરહકાળ એક સમયનેા છે. એક ઇંદ્રિયવાળા જીવેાનેા વિરહકાળ જ નથી. મનુષ્યગતિમાં ગર્ભજોનેા વધારેમાં વધારે વિરહકાળ બાર મુહૂર્તનેા છે, અને સંમૂર્છિમનેા ૨૪ મુહૂર્તનેા છે. બંનેનેા ઓછામાં ઓછેા વિરહકાળ એક સમયનેા છે.

દેવગતિમાં ભવનપતિ, વાનવ્યંતર, જ્યેાતિષિક, સૌધર્મ અને ઈશાન એ પાંચેમાં વધારે વિરહકાલ ૨૪ મુહૂર્તનેા છે, અને ઓછેા એક સમયનેા છે. એ પ્રમાણે ત્રીજા સ્વર્ગમાં નવ દિવસ અને વીસ મુહૂર્ત, ચેાથામાં બાર દિવસ અને દશ મુહૂર્ત, પાંચમામાં સાડીવીસ દિવસ, છઠ્ઠામાં ૪૫ દિવસ,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાતમામાં ૮૦ દિવસ, આઠમામાં સો દિવસ, અને નવમા-દશમામાં એક વર્ષની અંદર, તથા ૧૧–૧૨ માં સો વર્ષની અંદર – એટલો કાળ જાણવો.

નીચલા ગ્રૈવેયકમાં સંખ્યેય સો વર્ષ, વચલામાં સંખ્યેય હજાર વર્ષ, અને ઉપલામાં સંખ્યેય લાખ વર્ષ છે. વિજય વગેરેમાં વધારેમાં વધારે પલ્યોપમનો અસંખ્ય ભાગ, અને એ બધામાં ઓછામાં ઓછો એક સમયનો વિરહકાળ જાણવો.

ઉદ્વર્તનાકાળ પણ એ જ પ્રમાણે જાણવો,

સિદ્ધગતિમાં ઉપપાત-વિરહકાળ ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે છ માસ જાણવો. ત્યાંનો ઉદ્વર્તના કાળ છે જ નહીં, કારણ કે ત્યાં ગયા પછી મરણ હોતું નથી.

— શતક ૧, ઉદ્દે૦ ૧૦

નૈરયિકો સાંતર તેમ જ નિરંતર ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથ્વીકાયિકો નિરંતર ઉત્પન્ન થાય છે. એમ વનસ્પતિકાયિક સુધી જાણવું. બે-ઇંદ્રિયોથી માંડીને વૈમાનિકો સુધીના નૈરયિકોની પેઠે જાણવા. એવું જ ચ્યવન વિષે જાણવું.

— શતક ૯, ઉદ્દે૦ ૩૨

નારકો નરકગતિમાં એક સમય, બે સમય, અને ત્રણ સમયની ગતિ વડે ઉત્પન્ન થાય છે. તેમાં ઋજુગતિ એક સમયની હોય છે, અને વિગ્રહગતિ બે અથવા ત્રણ સમયની હોય છે. હાથ પસારતાં, મૂઠી ઉઘાડતાં કે આંખ મીંચતાં–

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉઘાડતાંમાં તો અસંખ્ય સમય વીતી જાય છે. તેની અપેક્ષાએ આ ત્રણ સમયની ગતિ તો કેટલી બધી શીઘ્ર કહેવાય? એકેંદ્રિય જીવને વધારેમાં વધારે ચાર સમયની વિગ્રહગતિ હોય છે. બાકી બધાને નૈરયિકોની પેઠે જાણવું.

—શતક ૧૪, ઉદ્દે૦ ૧

ગૌ૦—હે ભગવન્! નારક અગ્નિકાયના મધ્યમાં થઈને જાય?

મ૦—હે ગૌતમ! નારક બે પ્રકારના છે: ૧ વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા, અને ૨. ઉત્પત્તિક્ષેત્રને પ્રાપ્ત થયેલા. તેમાં જે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા છે, તે અગ્નિકાયની મધ્યમાં થઈને જાય; પણ તેને અગ્નિરૂપ શસ્ત્ર અસર કરતું નથી. ઉત્પત્તિક્ષેત્રને પ્રાપ્ત થયેલો નારક અગ્નિકાયની મધ્યે થઈને જતો નથી, કારણ કે નારક ક્ષેત્રને વિષે બાદર અગ્નિકાયનો અભાવ છે.

એ પ્રમાણે અસુરકુમારોથી સ્તનિતકુમારો સુધી જાણવું. તેવું જ બે ઇંદ્રિયથી ચતુરિંદ્રિય સુધી જાણવું; પણ તેઓ અગ્નિ વચ્ચે થઈને જાય ત્યારે બળે એમ કહેવું.

પંચેંદ્રિયમાં પણ જે વિગ્રહગતિવાળા છે, તે નૈરયિક જેવા જાણવા; પણ જે ઉત્પત્તિક્ષેત્રને પ્રાપ્ત થયેલા છે, તેમના પાછા બે પ્રકાર છે: વૈક્રિયલબ્ધિયુક્ત, અને વૈક્રિયલબ્ધિરહિત. તેમાં જે લબ્ધિયુક્ત છે તેઓ અગ્નિમાં ન બળે; બીજા બળે. એ પ્રમાણે મનુષ્ય સંબંધે પણ જાણવું. વાનવ્યંતરથી વૈમાનિક સુધીનાનું અસુરકુમારોની જેમ જાણવું.

નારકો દશ સ્થાનોને અનુભવતા વિહરે છે: અનિષ્ટ શબ્દ, અનિષ્ટ રૂપ, અનિષ્ટ ગંધ, અનિષ્ટ રસ, અનિષ્ટ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પર્શ, અનિષ્ટ ગતિ (નરકગતિરૂપ), અનિષ્ટ સ્થિતિ (નરકમાં રહેવારૂપ), અનિષ્ટ લાવણ્ય, અનિષ્ટ યશઃકીર્તિ, અને અનિષ્ટ ઉત્થાન-કર્મ-બલ-વીર્ય-પુરુષકારપરાક્રમ.

અસુરકુમારોથી સ્તનિતકુમારોને ઇષ્ટ શબ્દ, ઇષ્ટ રૂપ વગેરે કહેવું. પૃથ્વીકાયિકોને ઇષ્ટાનિષ્ટ ગતિ . . . ઇષ્ટાનિષ્ટ પુરુષકારપરાક્રમ. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી જાણવું.

બેઇંદ્રિય જીવો સાત સ્થાનોને અનુભવે છે: ઇષ્ટાનિષ્ટ રસ...ઇષ્ટાનિષ્ટ પુરુષકારપરાક્રમ. ત્રણ ઇંદ્રિયમાં તે ઉપરાંત ગંધ ઉમેરી આઠ સ્થાન કહેવાં. ચતુરિંદ્રિયમાં રૂપ ઉમેરી નવ કહેવાં; અને પંચેંદ્રિયમાં શબ્દ ઉમેરી દશ કહેવાં. વાનવ્યંતરથી વૈમાનિક સુધીનાને અસુરકુમારની પેઠે કહેવું.

— શતક ૧૪, ઉદ્દે૦ ૫

સાત નરકપૃથ્વીઓ છે. તેમાં અધઃસપ્તમમાં પાંચ અત્યન્ત મોટા નરકાવાસો છે. તે નરકાવાસો છઠ્ઠીના નરકાવાસો કરતાં અત્યંત મોટા વિસ્તારવાળા કે અવકાશ-વાળા, ઘણા જન રહિત, અને શૂન્ય છે. તેમાં ઘણા જીવોનો પ્રવેશ નથી; તેથી તે અત્યંત સંકીર્ણ અને વ્યાપ્ત નથી. તેમાં રહેલા નારકો છઠ્ઠીના નારકો કરતાં મહાકર્મ, મહાક્રિયા, મહાઆશ્રવ અને મહાવેદનાવાળા છે. વળી તે અત્યંત અલ્પ ઋદ્ધિ અને અલ્પ દ્યુતિવાળા છે. એમ દરેક આગળની પૃથ્વીને તેથી આગળની પૃથ્વીને મુકાબલે કહેતા જવું.

રત્નપ્રભાના નારકો અનિષ્ટ અને મનને પ્રતિકૂલ એવા પૃથ્વીના સ્પર્શને અનુભવતા વિહરે છે. એમ સાતે પૃથ્વીનું

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવું. એ રીતે અનિષ્ટ અને પ્રતિકૂલ પાણીના સ્પર્શને એમ વનસ્પતિના સ્પર્શને અનુભવે છે.

— શતક ૧૩, ઉદ્દે૦ ૪

અધોલોકના આયામ – લંબાઈ – નો મધ્યભાગ ચોથી પંકપ્રભા પૃથ્વીના આકાશના ખંડનો કંઈક અધિક અરધો ભાગ ઉલંઘન કર્યા પછી આવે છે. લોકની લંબાઈનો મધ્ય ભાગ રત્નપ્રભાપૃથ્વીના આકાશનો અસંખ્યાતમો ભાગ ઉલ્લંઘન કર્યા આદ આવે છે. ઊર્ધ્વલોકની લંબાઈનો મધ્ય ભાગ, સનતકુમાર અને માહેન્દ્ર દેવલોકની ઉપર અને બ્રહ્મલોકની નીચે રિષ્ટ નામના ત્રીજા પ્રતર વિષે છે. અને તિર્યગ્લોકના આયામનો મધ્યભાગ, જંબુદ્વીપમાં મેરુપર્વતના અરોબર મધ્યભાગને વિષે આ રત્નપ્રભા પૃથ્વીના ઉપર અને નીચે ક્ષુદ્ર એવા જે આઠ પ્રતરો છે, તેમને વિષે છે. તેને જ આઠ પ્રદેશનો રુચક કહે છે, અને ત્યાંથી દશે દિશા નીકળે છે.

— શતક ૧૩, ઉદ્દે૦ ૪

ગૌ૦—હે ભગવન્! ભંવ્યદ્રવ્યનૈરયિકો છે? અને જો હોય તો તે તેમ શાથી કહેવાય છે.

મ૦—હે ગૌતમ! ભૂત અથવા ભાવી પર્યાયનું કારણ દ્રવ્ય કહેવાય છે. ભાવી નારકપર્યાયનું કારણ પંચેંદ્રિય તિર્યંચ કે મનુષ્ય ભવ્યદ્રવ્યનૈરયિક કહેવાય છે. તે પ્રમાણે જે તિર્યંચ મનુષ્ય કે દેવ પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય છે, તે ભવ્યદ્રવ્યપૃથ્વીકાયિક કહેવાય છે. તે પ્રમાણે અપ્કાયિક અને વનસ્પતિકાયિક જાણવા. અગ્નિકાય

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વાયુકાય, દ્વિઇંદ્રિય, ત્રીંદ્રિય, અને ચઉરિંદ્રિય વિષે જે કોઈ તિર્યંચ કે મનુષ્ય થવાને યોગ્ય હોય તે ભવ્યદ્રવ્ય-આત્મકાયિકાદિ કહેવાય છે. જે કોઈ નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, કે દેવ પંચેંદ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય, તે ભવ્યદ્રવ્યપંચેંદ્રિયતિર્યંચયોનિક કહેવાય છે. એ પ્રમાણે મનુષ્યો સંબંધે જાણવું. વાનવ્યંતરથી વૈમાનિક સુધીનાને નૈરયિકની પેઠે જાણવા.

ભવ્યદ્રવ્યનૈરયિક ઓછામાં ઓછો અંતર્મુહૂર્તની સ્થિતિવાળો હોય, અને વધારેમાં વધારે પૂર્વકોટિ વર્ષની સ્થિતિવાળો[૧] હોય. અસુરકુમારથી માંડીને સનતિકુમાર સુધી ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની, ભવ્ય૦પૃથ્વીકાયિકની ઉત્કૃષ્ટ. કાંઈક અધિક બે સાગરોપમની,[૨] એ પ્રમાણે અપ્કાયિકની. ૦અગ્નિકાયિકની અને ૦વાયુકાયિકની નૈરયિક પ્રમાણે. વનસ્પતિ કાયિકની પૃથ્વી૦ પ્રમાણે, ૦બેઇંદ્રિયથી ચતુરિંદ્રિયની નૈરયિક પ્રમાણે, ૦પંચેંદ્રિયતિર્યંચની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ; એ જ પ્રમાણે મનુષ્યની; વાનવ્યંતરથી વૈમાનિકો સુધીનાની અસુરકુમારોની પેઠે જાણવી.

શતક ૧૮, ઉદ્દ૦ ૯

---

૧. જે સંજ્ઞી કે અસંજ્ઞી અંતર્મુહૂર્તના આયુષવાળા મરીને નરકગતિમાં જવાના છે, તે અપેક્ષાએ અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ આયુષવાળો સંજ્ઞી નરકગતિમાં જાય તે અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ.

૨. કારણકે તેમાં ઈશાનદેવલોકનો દેવ પણ આવે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મોટો આસ્રવ, મોટી ક્રિયા, મોટી વેદના અને મોટી નિર્જરા. તેમાં નૈરયિકો થોડી નિર્જરાવાળા હોય, પણ મોટો આસ્રવ, મોટી ક્રિયા અને મોટી વેદનાવાળા હોય. (મૂળમાં તો સોળ વિકલ્પો જુદા જુદા ગણાવ્યા છે.) અસુરકુમારોથી માંડીને સ્તનિતકુમારોને અલ્પ વેદનાવાળા અને અલ્પ નિર્જરાવાળા કહેવા; બાકી મોટી ક્રિયા અને મોટા આસ્રવવાળા કહેવા. પૃથ્વીકાયિકોથી માંડીને મનુષ્યો સુધી અલ્પ આસ્રવ, તેમ જ મોટો આસ્રવ, એમ ચારે બાબતો બંને પ્રકારે કહેવી. વાનવ્યંતરથી માંડીને વૈમાનિકોને અસુરકુમાર જેવા કહેવા.

— શતક ૧૯, ઉદ્દે૦ ૫

૧. જે અપ્રાપ્તકાળે આયુષનો ક્ષય કરી શકે તે સોપક્રમ આયુષવાળા કહેવાય, અને બીજા નિરુપક્રમ આયુષવાળા કહેવાય. દેવો, નૈરયિકો, અસંખ્યાત વર્ષના આયુષવાળા તિર્યંચ અને મનુષ્યો, ઉત્તમ પુરુષો તથા ચરમશરીરી નિરુપક્રમ આયુષવાળા છે; બાકીના સર્વ સંસારી સોપક્રમ તેમ જ નિરુપક્રમ આયુષવાળા છે.

૨. નૈરયિકોથી માંડીને વૈમાનિકો સુધીના બધા પોતે પોતાના વડે જ પૂર્વભવના આયુષને ઘટાડીને ઉત્પન્ન થાય છે, અન્ય વડે ઘટાડીને ઉત્પન્ન થાય છે, કે કોઈ પણ રીતે આયુષનો ઘટાડ્યા સિવાય પૂરેપૂરું ભોગવીને જ ઉત્પન્ન થાય છે.

૩. નૈરયિકોથી સ્તનિતકુમારો સુધીના નિરુપક્રમ આયુષ વડે ઉદ્વર્તે છે; પૃથ્વીકાયિકથી મનુષ્ય સુધીના ત્રણે વડે ઉદ્વર્તે છે, બાકી બધા નૈરયિકોની પેઠે જાણવા. વિશેષ એ કે જ્યોતિષ્કો અને વૈમાનિકો 'ચ્યવે છે' એમ કહેવું.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૪. કતિસંચિત એટલે એક સમયે સંખ્યાત ઉત્પન્ન થયેલા; અકતિસંચિત એટલે એક સમયે અસંખ્યાત ઉત્પન્ન થયેલા; અને અવક્તવ્યસંચિત એટલે એક સમયે એક જ એમ ઉત્પન્ન થયેલા.

નૈરયિકો એ ત્રણે પ્રકારના છે : પૃથ્વીકાયિકો અકતિસંચિત છે; કારણ કે તેઓ એક સાથે અસંખ્ય પ્રવેશ કરે છે. એમ વનસ્પતિકાયિક સુધી જાણવું. બે ઇંદ્રિયથી વૈમાનિકો સુધીનાને નૈરયિકોની જેમ જાણવા. સિદ્ધો કતિસંચિત, અને અવક્તવ્યસંચિત છે, પણ અકતિસંચિત નથી.

એ ત્રણે પ્રકારના નૈરયિકોમાં અવક્તવ્યસંચિત સૌથી થોડા છે, કતિસંચિત સંખ્યાતગણા છે અને અકતિસંચિત અસંખ્યાતગણા છે. એમ એકેંદ્રિય સિવાય સર્વને કહેવું. એકેંદ્રિયોનું અલ્પત્વબહુત્વ નથી. સિદ્ધોમાં કતિસંચિત સૌથી થોડા છે, અને અવક્તવ્યસંચિત સંખ્યાતગણા છે.

૫. એક સમયે છની સંખ્યામાં ઉત્પન્ન થાય તે ષટ્કસમર્જિત કહેવાય; એકથી આરંભી પાંચ સુધીની સંખ્યામાં ઉત્પન્ન થાય, તે નોષટ્કસમર્જિત કહેવાય.

નૈરયિકો ષટ્કસમર્જિત પણ છે, અને નોષટ્કસમર્જિત પણ છે. વળી એક ષટ્ક અને એક નોષટ્કરૂપે ઉત્પન્ન થયેલા છે; વળી અનેક ષટ્કની સંખ્યા વડે તેમ જ અનેક ષટ્ક અને એક નોષટ્કની સંખ્યા વડે પણ ઉત્પન્ન થયેલા છે. એમ સ્તનિતકુમારો સુધી જાણવું. પણ પૃથ્વીકાયિકો માત્ર અનેક ષટ્કવડે અને અનેક ષટ્ક તથા નોષટ્ક વડે સમર્જિત છે. એમ વનસ્પતિકાયિક સુધી જાણવું. બે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંદ્રિયથી આરંભી વૈમાનિકો અને સિદ્ધો નૈરયિકોની જેમ જાણવા. તેમાં એક ષટ્કસમર્જિત નૈરયિકો સૌથી થોડા છે; નોષટ્ક૦ તેથી સંખ્યાતગણા છે; તેથી એક ષટ્ક અને નોષટ્ક૦ સંખ્યાતગણા છે; તેથી અનેકષટ્ક૦ અસંખ્યાતગણા છે; અને તેથી અનેક ષટ્ક અને નોષટ્ક૦ સંખ્યાતગણા છે. એમ સ્તનિતકુમારો સુધી જાણવું.

પૃથ્વીકાયિકોમાં અનેકષટ્ક૦ સૌથી થોડા છે; અને તેથી અનેકષટ્ક૦ તથા નોષટ્ક૦ સંખ્યાતગણા છે. એમ વનસ્પતિકાયિક સુધી જાણવું. બે ઇંદ્રિયથી વૈમાનિક સુધીના નૈરયિકની પેઠે જાણવા.

સિદ્ધોમાં અનેકષટ્ક૦ તથા નોષટ્ક૦ સૌથી થોડા છે; અને તેથી અનેકષટ્ક૦ સંખ્યાતગણા છે; તેથી એકષટ્ક તથા નોષટ્ક૦ સંખ્યાતગણા છે; તેથી ષટ્ક૦ સંખ્યાતગણા છે; અને તેથી નોષટ્ક૦ સંખ્યાતગણા છે.

એ પ્રમાણે મૂળમાં પાછું દ્વાદશસમર્જિત, તથા ચોરાસી સમર્જિતની પણ ગણતરીઓ છે.

—શતક ૨૦, ઉદ્દે૦ ૧૦

ગૌ૦—હે ભગવન્! નૈરયિક જીવો કેવી રીતે ઉત્પન્ન થાય છે?

મ૦—હે ભગવન્! જેમ કોઈ કૂદનારો હોય, અને તે જેમ કૂદતો કૂદતો અધ્યવસાય—ઇચ્છાજન્યકરણ—ક્રિયાના સાધન વડે—તે સ્થળને તજી આગળના બીજા સ્થાનકે જાય છે, તેમ નારકો પણ પૂર્વવર્તી ભવને છોડી અધ્યવસાયરૂપ કારણ વડે (પરિણામજન્ય કર્મરૂપ ક્રિયાના સાધનથી) આગળના ભવને પ્રાપ્ત કરે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ પોતાના પરિણામરૂપ અને મન વગેરેના વ્યાપારરૂપ કરણોપાય—કર્મબંધના હેતુ દ્વારા—પરભવનું આયુષ બાંધે છે.

તે જીવોના આયુષનો ક્ષય થવાથી, અને તે જીવોની સ્થિતિનો વિનાશ થવાથી તે જીવોની ગતિ પ્રવર્તે છે.

તેઓ પોતાની ઋદ્ધિથી, પોતાના કર્મથી અને પોતાના પ્રયોગ—વ્યાપારથી ઊપજે છે, પણ પરની ઋદ્ધિ, કર્મ કે પ્રયોગથી ઊપજતા નથી.

—શતક ૨૫, ઉદ્દે૦ ૮

તે નૈરયિક જીવો આત્માના યશ—સંયમથી નથી ઉત્પન્ન થતા, પણ અયશ—અસંયમથી ઉત્પન્ન થાય છે. તેઓ આત્માના અસંયમનો આશ્રય કરે છે. અસુરકુમારો પણ ઉત્પન્ન અસંયમથી થાય છે, અને આશ્રય અસંયમનો પણ કરે છે.

—શતક ૪૧, ઉદ્દે૦ ૧

ગૌ૦—હે ભગવન્! આ રત્નપ્રભાની નીચે ગૃહો, ગૃહાપણો કે ગ્રામો વગેરે છે?

ભ૦—ના, ગૌતમ! પણ તેની નીચે મોટા મેઘો એકઠા થાય છે અને વરસે છે. તેમને દેવ પણ કરે છે, અસુર પણ કરે છે અને નાગ પણ કરે છે. તે પૃથ્વીમાં સ્તનિત શબ્દો છે, તથા તેનો પણ ઉપરના ત્રણે કરે છે. તે પૃથ્વીમાં નીચે બાદર અગ્નિકાય નથી.[૧] ત્યાં ચંદ્રથી માંડીને તારાઓ કે તેમની પ્રભાઓ પણ નથી. એ પ્રમાણે બીજી

---

૧. આ નિષેધ વિગ્રહગતિસમાપન્નક સિવાયના માટે જાણવો.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વીમાં પણ કહેવું; અને ત્રીજીમાં પણ કહેવું; પણ ત્રીજીમાં નાગોનો નિષેધ કરવો. કારણ તે ત્રીજીથી આગળ જઈ શકતા નથી. ચોથીમાં પણ એમ જ કહેવું, પણ ત્યાં અસુરકુમાર તેમ જ નાગકુમાર બંનેનો નિષેધ કરવો. એ પ્રમાણે બધી નીચેની પૃથ્વીઓમાં એકલો દેવ વૃષ્ટિ આદિ કરે છે.

સૌધર્મકલ્પ અને ઈશાનકલ્પમાં મેઘની બાબતમાં દેવ અને અસુરને કહેવા. તેમ જ સ્તનિત શબ્દનું પણ જાણવું. ત્યાં બાદર પૃથ્વીકાય કે બાદર અગ્નિકાય નથી. ચંદ્ર વગેરે કે તેમનો પ્રકાશ નથી, તથા ગ્રામાદિ નથી.

એ પ્રમાણે સનત્કુમાર અને માહેન્દ્રમાં પણ જાણવું, પણ ત્યાં એકલો દેવ વૃષ્ટિ આદિક કરે છે એમ કહેવું. એમ બ્રહ્મલોક અને તેની ઉપર પણ જાણવું.

— શતક ૬, ઉદ્દે૦ ૮

ગૌ૦—હે ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વીમાં સંખ્યાતયોજન વિસ્તારવાળા અને અસંખ્યાતયોજન વિસ્તારવાળા નરકાવાસો છે. તેમાંના સંખ્યાતયોજન વિસ્તારવાળા નરકાવાસોમાં એક સમયે કેટલા નારક જીવો ઉત્પન્ન થાય?

મ૦—હે ગૌતમ! ઓછામાં એક બે કે ત્રણ અને વધારેમાં વધારે સંખ્યાતા નારકો ઉત્પન્ન થાય. તે કાપોત લેશ્યાવાળા હોય, સંજ્ઞી હોય, અસંજ્ઞી હોય, કૃષ્ણપાક્ષિક હોય, શુક્લપાક્ષિક હોય, ભવસિદ્ધિક હોય, અભવસિદ્ધિક હોય. મતિજ્ઞાનવાળા હોય, શ્રુતજ્ઞાનવાળા હોય, અવધિજ્ઞાનવાળા હોય, (એમ ત્રણે અજ્ઞાનવાળા પણ કહેવા). ચક્ષુર્દર્શન-

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વાળા ન હોય, અચક્ષુર્દર્શનવાળા હોય[૧], અવધિદર્શનવાળા હોય, આહારસંજ્ઞાવાળા હોય, ભયસંજ્ઞાવાળા હોય, મૈથુન સંજ્ઞાવાળા હોય, પરિગ્રહસંજ્ઞાવાળા હોય, નપુંસકવેદવાળા હોય, ક્રોધવાળા હોય, માનવાળા હોય, માયાવાળા હોય, લોભવાળા હોય, શ્રોત્રથી માંડીને સ્પર્શેંદ્રિયના ઉપયોગવાળા ન હોય, પણ નોઇંદ્રિયના ઉપયોગવાળા હોય.[૨] તથા મનયોગી અને વચનયોગી ન હોય, પણ કાયયોગવાળા હોય.

ઉદ્વર્તના પણ સંખ્યાતની હોય; અસંજ્ઞી ન ઉદ્વર્તે;[૩] વિભંગજ્ઞાની અને ચક્ષુર્દર્શની ન ઉદ્વર્તે; શ્રોત્રેન્દ્રિયથી માંડીને સ્પર્શેંદ્રિયના ઉપયોગવાળા ન ઉદ્વર્તે; મનયોગી અને વચનયોગી ન ઉદ્વર્તે.

રત્નપ્રભામાં સંખ્યાત નારકો છે; એ પ્રમાણે બધું પહેલાં મુજબ; પણ અસંજ્ઞી કદાચિત જ કહેવા.[૪] માન-માયા-લોભ-કષાયી (અસંજ્ઞીની પેઠે) કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતા નથી.

---

૧. કારણકે ઉત્પત્તિ સમયે સામાન્ય ઉપયોગરૂપ અચક્ષુ-ર્દર્શન હોય છે.

૨. ભાવમનની અપેક્ષાએ.

૩. ઉદ્વર્તના પરભવને પ્રથમ સમયે જ હોય, અને નારકી અસંજ્ઞી વિષે ન ઊપજે.

૪. અસંજ્ઞીથી મરણ પામીને જેઓ નારકપણે ઉત્પન્ન થયા છે, તેઓ અપર્યાપ્તાવસ્થામાં ભૂતભવની અપેક્ષાએ અસંજ્ઞી કહેવાય છે. તેઓ અલ્પ હોય છે, માટે કદાચ હોય છે અને કદાચ નથી હોતા.—ટીકા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હવે અસંખ્યાતનું ગણવું. તેમાં સંખ્યાતને બદલે અસંખ્યાત શબ્દ કહેવો. બાકીબધું પ્રથમ પ્રમાણે. માત્ર લેશ્યાને વિષે વિશેષતા છે.[૧] સંખ્યાત તેમ જ અસંખ્યાત વિસ્તારવાળા બંનેમાં અવધિજ્ઞાની અને અવધિદર્શની સંખ્યાતા જ ચ્યવે છે એમ કહેવું. કારણ કે અવધિજ્ઞાની અને અવધિદર્શની તીર્થંકરાદિ જ હોય; અને તે થોડા જ હોય.

શર્કરાપ્રભાનું રત્નપ્રભાની પેઠે જ જાણવું; પણ અસંજ્ઞી ન કહેવા; કારણ કે અસંજ્ઞી પ્રથમ પૃથ્વી વિષે જ ઊપજે છે. વાલુકાપ્રભાનું તેમ જ જાણવું; પણ લેશ્યા વિષે વિશેષતા છે.[૧] પંકપ્રભામાંથી અવધિજ્ઞાની અને અવધિદર્શની ચ્યવતા નથી.[૨] ધૂમપ્રભાનું પંકપ્રભાની જેમ જ જાણવું. તેમ જ તમાનું પણ. સાતમીમાં સંખ્યાત યોજન વિસ્તરવાળામાં પંકપ્રભાની પેઠે જાણવું, પણ અહીં ત્રણ જ્ઞાન સહિત નથી ઊપજતા ને નથી ચ્યવતા.[૩] એમ અસંખ્યાત યોજન વિસ્તારવાળા માટે પણ સમજવું. (પણ અસંખ્યાત શબ્દ વાપરવો).

રત્નપ્રભામાં સમ્યગ્ અને મિથ્યા એ બે દૃષ્ટિઓવાળા જ ઊપજે; ચ્યવનાર પણ એ જ કહેવા. સત્તામાં પણ તે બે હોય; પણ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ કદાચ હોય અને કદાચ ન

---

૧. પ્રજ્ઞા. ૧૭ ઉ૦ ૨, પૃ૦ ૬૪૩–૨. પ્રથમની બેમાં કાપોત, ત્રીજીમાં કાપોત-નીલ મિશ્ર; ચતુર્થમાં નીલ, પાંચમીમાં કૃષ્ણ–નીલ મિશ્ર, છઠ્ઠીમાં કૃષ્ણ અને સાતમીમાં પરમકૃષ્ણ.

૨. ચોથીમાંથી નીકળેલા તીર્થંકર ન થાય.

૩. કેમકે સમ્યક્ત્વભ્રષ્ટ જ ત્યાં ઊપજે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હોય. એમ તમા સુધી જાણવું. સાતમીમાં મિથ્યાદૃષ્ટિ જ ઊપજે;[૧] એ પ્રમાણે ઉદ્વર્તના પણ કહેવી. સત્તા સંબંધે રત્નપ્રભાની પેઠે કહેવું.

—શતક ૧૩, ઉદ્દે૦ ૧

---

૧. સમ્યગ્મિથ્યાદૃષ્ટિમાં તો કોઈ મરે જ નહીં.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીભગવતી-સાર

ખંડ ૧૦ મો

અન્યજીવ-ખંડ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭

પૃથ્વીકાયિકાદિ જીવો

પૃથ્વીકાયિકોનો આહાર, કર્મ, વર્ણ અને લેશ્યા એ બધું નૈરયિકોની[૧] પેઠે જાણવું. પૃથ્વીકાયિકોની વેદના સરખી જ ગણવી; કારણકે તે બધા અસંજ્ઞીઓ છે. વળી તે બધા માયી અને મિથ્યાદૃષ્ટિ છે તેથી તેમને આરંભિકી આદિ પાંચ ક્રિયાઓ નિયમપૂર્વક હોય છે. તેમની પેઠે જ બેઇંદ્રિયથી માંડીને ચારઇંદ્રિયવાળા કહેવા. પંચેંદ્રિય તિર્યંચો નૈરયિકોની પેઠે જાણવા; પણ તે ત્રણ પ્રકારના છે: સમ્યગ્‌દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્‌દૃષ્ટિ છે, તે બે પ્રકારના છે: અસંયત અને સંયતાસંયત. તેમાં સંયતાસંયતને આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયા એમ ત્રણ ક્રિયાઓ છે; જે અસંયત છે તેમને ચાર, અને મિથ્યાદૃષ્ટિ તથા સમ્યગ્‌-મિથ્યાદૃષ્ટિને પાંચ.

મનુષ્યોના આહારાદિ નૈરયિકોની પેઠે જ કહેવા: પણ મોટા શરીરવાળા કદાચિત્ આહાર કરે છે,[૨] અને નાના

૧. જુઓ પા. ૭૩૫ ઇ૦.

૨. કારણકે તે દેવકુરુ આદિના મિથુનકો છે; અને તેઓ કદાચિત્ જ (ત્રણ દિવસ પછી) કવલાહારપૂર્વક આહાર કરે છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરવાળા વારંવાર કરે છે એમ કહેવું. મનુષ્યોની ક્રિયાઓ નીચે પ્રમાણે કહેવી. તેમના ત્રણ પ્રકાર છે: સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. તેમાં સમ્યગ્દૃષ્ટિના ત્રણ પ્રકાર છે: સંયત, સંયતાસંયત, અને અસંયત. તેમાં જે સંયત છે તે બે પ્રકારના છે: સરાગસંયત અને વીતરાગસંયત. તેમાં જે વીતરાગસંયત છે, તે ક્રિયા વિનાના છે. જે સરાગસંયત છે, તે પાછા બે પ્રકારના છે: પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત. તેમાં જે અપ્રમત્તસંયત છે તેઓને એક માયાપ્રત્યયાક્રિયા છે. અને પ્રમત્તસંયતને આરંભિકી અને માયાપ્રત્યયા એ બે છે. જે સંયતાસંયત છે, તેઓને પ્રથમની ત્રણ છે; અને અસંયતોને ચાર છે. મિથ્યાદૃષ્ટિઓને તથા સમ્યગ્મિથ્યાદૃષ્ટિઓને પાંચે હોય છે.

વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકોને અસુરકુમારોની પેઠે કહેવા. વેદનામાં ભેદ છે. જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં જે માયિમિથ્યાદૃષ્ટિ છે, તે ઓછી વેદનાવાળા છે અને જે અમાયિસમ્યગ્દૃષ્ટિ છે, તે મોટી વેદનાવાળા છે.

લેશ્યાવાળા બધા જીવોની અપેક્ષાએ વિચાર કરીએ તો વિશેષણ વિનાના નારકાદિનો, સલેશ્યોનો અને શુક્લલેશ્યાવાળાઓનો સામાન્ય પાઠ છે. કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યાવાળાઓનો પાઠ પણ સરખો છે. પણ વેદનામાં ભેદ છે: સંજ્ઞિભૂત અને અસંજ્ઞિભૂતનો ભેદ કહેવાને બદલે માયી અને મિથ્યાદૃષ્ટિ અને અમાયી તથા સમ્યગ્દૃષ્ટિ કહેવા. તથા માયી-મિથ્યાદૃષ્ટિઓ અશુભ સ્થિતિ વિશેષ ઉત્પન્ન કરતા હોવાથી મહાવેદનાવાળા કહેવા. કૃષ્ણ અને નીલમાં મનુષ્યો સરાગસંયત, વીતરાગસંયત, પ્રમત્તસંયત કે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્રમત્તસંયત ન કહેવા. કારણ કે કૃષ્ણ અને નીલ વખતે સંયમનો નિષેધ છે. કાપોતલેશ્યાવાળાને પણ એમ જ કહેવું; પણ નારકોને સંજ્ઞિભૂતાદિ કહેવું. તેજ ને પદ્મ લેશ્યાવાળાને પણ તેમ જ કહેવા, પણ મનુષ્યોના સરાગ અને વીતરાગ એવા ભેદ ન કહેવા. કારણ કે તે લેશ્યાઓ વખતે વીતરાગપણું સંભવતું નથી.

—શતક ૧, ઉદ્દે૦ ૨

ગૌ૦—હે ભગવન્! અસંજ્ઞી જીવ કેટલા પ્રકારનું આયુષ બાંધે છે?

મ૦—હે ગૌતમ! ચાર પ્રકારનું બાંધે છે: નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, અને દેવ. નૈરયિકનું આયુષ્ય કરતો અસંજ્ઞી જીવ ઓછામાં ઓછું દશ હજાર વર્ષનું અને વધારેમાં વધારે પલ્યોપમના અસંખ્યેયભાગ જેટલું આયુષ્ય કરે. તિર્યંચયોનિકનું આયુષ કરતો ઓછામાં ઓછું અંતર્મુહૂર્તનું અને વધારેમાં વધારે પલ્યોપમના અસંખ્યેય ભાગ જેટલું કરે. એ જ પ્રમાણે મનુષ્યનું પણ સમજવું. દેવનું નૈરયિકની પેઠે સમજવું. તેમાં દેવઅસંજ્ઞિઆયુષ સૌથી થોડું છે; તે કરતાં મનુષ્ય૦ અસંખ્યેયગણું છે, તે કરતાં તિર્યંચ૦ અસંખ્યેયગણું છે અને તે કરતાં નૈરયિકઅસંજ્ઞિઆયુષ અસંખ્યેયગણું છે.

—શતક ૧, ઉદ્દે૦ ૨

ગૌ૦—હે ભગવન્! જે આ બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા અને પાંચ ઇંદ્રિયવાળા જીવો છે, તેઓનો શ્વાસોચ્છ્વાસ આપણે જાણીએ છીએ અને દેખીએ છીએ. પણ આ એકેંદ્રિય પૃથ્વીના, પાણીના, વાયુના,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અગ્નિના અને વનસ્પતિના જીવો છે, તેઓના શ્વાસોચ્છ્વાસને આપણે દેખતા અને જાણતા નથી. તો શું તેઓને શ્વાસોચ્છ્વાસ છે?

મ૦—હા ગૌતમ!

—શતક ૨, ઉદ્દે૦ ૧

ગૌ૦—હે ભગવન્! વાયુકાય વાયુકાયમાં જ અનેક લાખવાર મરીને (બીજે જઈને) પાછો ત્યાં જ (વાયુકાયમાં જ) ઉત્પન્ન થાય?

મ૦—હા ગૌતમ! તે વાયુકાય સ્વજાતિના કે પરજાતિના જીવો સાથે અથડાવાથી મરણ પામે, પણ કોઈ સાથે અથડાયા સિવાય ન મરણ પામે. તેને ચાર શરીર છે: ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ. મરતી વખતે તે ઔદારિક અને વૈક્રિયને છોડીને જાય છે.

—શતક ૨, ઉદ્દે૦ ૧

પૃથ્વીકાયિકોના અસંખ્યેય લાખ આવાસો છે.

ગૌ૦—હે ભગવન્! પૃથ્વીકાયિકો કેટલા વર્ણવાળા છે?

મ૦—હે ગૌતમ! ઔદારિક અને તૈજસ પુદ્ગલોની અપેક્ષાએ પાંચ વર્ણવાળા . . . થી માંડીને આઠ સ્પર્શવાળા છે. કાર્મણની અપેક્ષાએ પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને ચાર સ્પર્શવાળા છે. અને જીવની અપેક્ષાએ વર્ણાદિરહિત છે. એ જ પ્રમાણે ચતુરિંદ્રિય સુધીનું જાણવું. પણ વિશેષ એ છે કે, વાયુકાયિકો ઔદારિક, વૈક્રિય અને તૈજસ પુદ્ગલોની અપેક્ષાએ પાંચ વર્ણ . . . થી માંડીને આઠ સ્પર્શવાળા છે. નૈરયિકો વૈક્રિય અને તૈજસ પુદ્ગલોની

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અપેક્ષાએ પાંચ વર્ણ . . . થી માંડીને આઠ સ્પર્શવાળા છે. પંચેંદ્રિય તિર્યંચોને વાયુકાયિકની પેઠે જાણવા. મનુષ્યો ઔદારિક, વૈક્રિય, આહારક, અને તૈજસ પુદ્ગલોની અપેક્ષાએ પાંચ વર્ણ . . . થી માંડીને આઠ સ્પર્શવાળા કહ્યા છે. વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકને નૈરયિકની જેમ જાણવા. કૃષ્ણલેશ્યા બાદર પુદ્ગલપરિણામરૂપ હોવાથી પાંચ વર્ણ . . . થી માંડીને આઠ સ્પર્શવાળી છે, પણ ભાવલેશ્યા આંતરપરિણામરૂપ હોવાથી વર્ણાદિરહિત છે.

જીવ કર્મવડે વિવિધ મનુષ્યાદિરૂપે પરિણમે છે; જગત કર્મ વડે વિવિધરૂપે પરિણમે છે; કર્મથી જીવ અને જગતનો સમૂહ વિવિધરૂપે પરિણમે છે.

—શતક ૧૨, ઉદ્દે૦ ૫

જ્યાં એક પૃથ્વીકાયિક જીવ અવગાઢ છે ત્યાં બીજા અસંખ્યાત પૃથ્વીકાયિકો રહેલા હોય; અસંખ્ય અપ્કાયિકો હોય, અસંખ્ય તેજઃકાયિકો હોય, અસંખ્ય વાયુકાયિક હોય, અને અનંત વનસ્પતિકાયિક હોય.

—શતક ૧૩, ઉદ્દે૦ ૪

ગૌ૦—હે ભગવન્! એરણ ઉપર હથોડો મારતી વખતે વાયુકાય ઉત્પન્ન થાય?

મ૦—હા ગૌતમ! તે વાયુકાયનો બીજા કોઈ પદાર્થ સાથે સ્પર્શ થાય તો જ તે મરે.

ગૌ૦—હે ભગવન્! સગડીમાં અગ્નિકાય કેટલા કાળ સુધી રહે?

મ૦—હે ગૌતમ! ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે ત્રણ રાત્રિદિવસ. વળી ત્યાં અન્ય વાયુકાયિક

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીવો પણ ઉત્પન્ન થાય છે; કારણકે વાયુકાય વિના અગ્નિકાય પ્રજ્વલિત થતો નથી.

— શતક ૧૬, ઉદ્દે૦ ૧

ગૌ૦—હે ભગવન્! જીવો ધર્મમાં સ્થિત હોય, અધર્મમાં સ્થિત હોય કે ધર્માધર્મમાં[1] સ્થિત હોય?

ભ૦—હે ગૌતમ! ત્રણેમાં સ્થિત હોય. નૈરયિકોથી માંડીને ચતુરિંદ્રિય સુધી અધર્મમાં સ્થિત હોય. પંચેંદ્રિય તિર્યંચો અધર્મમાં અને ધર્માધર્મમાં સ્થિત હોય. મનુષ્યો ત્રણેમાં સ્થિત હોય. વાનવ્યંતરો, જ્યોતિષ્કો અને વૈમાનિકો નારકો જેવા જાણવા.

— શતક ૧૭, ઉદ્દે૦ ૨

ગૌ૦—હે ભગવન્! કદાચ બે, ચાર, પાંચ પૃથ્વીકાયિકો ભેગા થઈને એક સાધારણ શરીર બાંધે, તથા બાંધ્યા પછી આહારાદિ કરી શરીરનો બંધ કરે?

ભ૦—ના, ગૌતમ! પૃથ્વીકાયિકો પ્રત્યેક જુદો જુદો આહાર કરવાવાળા અને ભિન્ન ભિન્ન શરીર બાંધનારા છે.

ગૌ૦—હે ભગવન્! તેઓને કેટલી લેશ્યાઓ છે?

ભ૦—હે ગૌતમ! ચાર લેશ્યાઓ છે. તેઓ મિથ્યાદૃષ્ટિ છે; અવશ્ય બે અજ્ઞાનવાળા છે, કાયયોગવાળા છે; તેઓને 'અમે આહાર કરીએ છીએ' એવી સંજ્ઞા, પ્રજ્ઞા મન અને વચન નથી, છતાં તેઓ આહાર કરે છે; એવું જ સ્પર્શનું સમજવું. તેઓ પ્રાણાતિપાતાદિમાં રહેલા છે, તથા તેઓ જે બીજા પૃથ્વીકાયિકાદિની હિંસાદિ કરે છે, તેઓને પણ 'આ અમારી હિંસા કરનાર છે', એવો ભેદ જ્ઞાત નથી. તેમની

---

૧. દેશવિરતિ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઓછામાં ઓછી સ્થિતિ અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે ૨૨૦૦૦ વર્ષની છે. તેમને ત્રણ સમુદ્‌ઘાત છે. તેવું અપ્‌કાયિકોનું જાણવું; પણ તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત હજાર વર્ષની જાણવી. તેવું જ તેજસ્કાયિકનું જાણવું. પણ તેમની સ્થિતિ ત્રણ અહોરાત્રની કહેવી તથા તેમને ત્રણ લેશ્યા કહેવી. તેવું જ વાયુકાયિકનું જાણવું. પણ તેમને ચાર સમુદ્‌ઘાત કહેવા.

વનસ્પતિકાયિકોનું પણ અગ્નિકાયિકોનું પેઠે જાણવું, પણ અનંત વનસ્પતિકાયિકો ભેગા થઈને એક સાધારણ શરીર બાંધે એમ કહેવું; તથા સ્થિતિ અંતર્મુહૂર્તની કહેવી.

પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ ચારમાં સૂક્ષ્મ વનસ્પતિકાયિક સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે; પ્રથમ ચારમાં વાયુકાય સૂક્ષ્મ છે; પ્રથમ ત્રણમાં અગ્નિકાય સૂક્ષ્મ છે; પ્રથમ બેમાં અપ્‌કાય સૂક્ષ્મ છે. વળી એ પાંચમાં (પ્રત્યેક) વનસ્પતિકાય સૌથી બાદર અને બાદરતર છે, પ્રથમ ચારમાં પૃથ્વીકાય. અપ્, અગ્નિ અને વાયુમાં અપ્, અને અગ્નિ તથા વાયુમાં અગ્નિ બાદર તથા બાદરતર છે.

અનંત સૂક્ષ્મ વનસ્પતિકાયિકોનાં જેટલાં શરીર થાય, તેટલું એક સૂક્ષ્મ વાયુકાયનું શરીર છે; અસંખ્ય સૂક્ષ્મ વાયુકાયનાં શરીરો જેટલું એક સૂક્ષ્મ અગ્નિકાયનું શરીર છે; અસંખ્ય સૂક્ષ્મ અગ્નિકાયનાં શરીરો જેટલું એક સૂક્ષ્મ અપ્‌કાયનું; અસંખ્ય સૂક્ષ્મ અપ્‌કાય જેટલું એક સૂક્ષ્મ પૃથ્વીકાયનું; અસંખ્ય સૂક્ષ્મ પૃથ્વીકાય જેટલું એક બાદર વાયુકાયનું, અસંખ્ય બાદર વાયુકાય જેટલું એક બાદર અગ્નિકાયનું, અસંખ્ય બાદર અગ્નિકાય જેટલું એક બાદર

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્કાયનું, અને અસંખ્ય બાદર અપ્કાય જેટલું એક બાદર પૃથ્વીકાયનું શરીર છે.

તો પણ, ચક્રવર્તી રાજાની કોઈ યુવાન, બલવાન નીરોગી, ઉમરલાયક દાસી ચૂર્ણ વાટવાની વજ્રની કઠણ શિલા ઉપર વજ્રમય કઠણ પાષાણ વડે લાખના દડા જેટલા એક મોટા પૃથ્વીકાયના પિંડને લઈને તેને વારંવાર એકડો કરી કરીને તેનો સંક્ષેપ કરી કરીને વાટે, અને એકવીસ વાર પીસે, તો પણ કેટલાએક પૃથ્વીકાયિકોને તે શિલા અને વાટવાના પાષાણનો માત્ર સ્પર્શ થાય છે, અને કેટલાએકને સ્પર્શ પણ નથી થતો; કેટલાએક મરે છે અને કેટલાએક નથી મરતા; કેટલાએક પિસાય છે અને કેટલાએક નથી પિસાતા. પૃથ્વીકાયના શરીરની એટલી સૂક્ષ્મ અવગાહના કહી છે.

ગૌ૦—હે ભગવન્! જ્યારે પૃથ્વીકાય દબાય ત્યારે તે કેવી પીડાનો અનુભવ કરે?

મ૦—હે ગૌતમ! જેમ કોઈ એક જુવાન અને બલવાન પુરુષ, કોઈ ઘડપણથી જીર્ણ થયેલા શરીરવાળા દુબળા તથા ગ્લાન પુરુષના માથામાં પોતાના બંને હાથ મારે તો તે વૃદ્ધ કેવી પીડા અનુભવે? 'હે આયુષ્મન્ શ્રમણ! તે વૃદ્ધ ઘણી જ અનિષ્ટ પીડાને અનુભવે.' હે ગૌતમ! તેથી પણ અનિષ્ટતર, અપ્રિય અને અણગમતી એવી ઘણી વેદના પૃથ્વીકાય દબાય છે ત્યારે અનુભવે છે.

શતક ૧૯, ઉદ્દે૦ ૪

'અંતર્મુહૂર્ત બાકી હોય, ત્યારે મરણાન્ત દુઃખથી પીડિત થયેલ જીવ પોતાના આત્મ-પ્રદેશો વડે મુખાદિ

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છિદ્રોને પૂરીને તથા શરીરપ્રમાણ પહોળાઈ અને જાડાઈ રાખી તથા લંબાઈમાં ઉત્પત્તિસ્થાન પર્યંત ક્ષેત્રને વ્યાપીને અંતર્મુહૂર્તમાં મરણ પામે અને આયુષકર્મના ઘણા પુદ્ગલોનો ક્ષય કરે, તે મરણસમુદ્‌ઘાત કહેવાય છે. કોઈ એક જીવ સમુદ્‌ઘાત કરીને ભવાન્તરમાં ઉત્પન્ન થાય છે, અને ત્યાં આહાર કરે છે તથા શરીર બાંધે છે; જ્યારે, કોઈ જીવ સમુદ્‌ઘાતથી નિવૃત્ત થઈ, પોતાના શરીરમાં આવીને ફરી સમુદ્‌ઘાત કરી ભવાન્તરમાં ઉત્પન્ન થાય છે.

'જીવો દેશથી અને સર્વથી એમ બે પ્રકારે મરણ-સમુદ્‌ઘાત કરે છે. જ્યારે દેશથી મરણસમુદ્‌ઘાત કરે છે ત્યારે તે મરણસમુદ્‌ઘાતથી નિવૃત્ત થઈ, પૂર્વના શરીરને સર્વથા છોડી દડાની ગતિથી જાય છે; અને પ્રથમ ઉત્પન્ન થઈને પછી આહાર કરે છે. પણ જે સર્વસમુદ્‌ઘાત કરે છે, તે ઋજુગતિ (ઇયળની) ગતિથી ત્યાં જઈ પછી શરીરનો ત્યાગ કરે છે. તેથી પ્રથમ આહાર કરે છે, અને પછી ઉત્પન્ન થાય છે. અર્થાત્ પૂર્વના શરીરમાં રહેલા જીવપ્રદેશોને ઇયળની પેઠે સંહરી, સમસ્ત જીવપ્રદેશો સાથે ઉત્પત્તિસ્થાને જાય, ત્યારે પ્રથમ આહાર (પુદ્ગલગ્રહણ) કરે, અને પછી ઉત્પન્ન થાય.

— શતક ૧૭, ૬, ઉદ્દે૦ ૬

તેને આશરીને અનેક પ્રશ્નો ઉપર જણાવેલ શતકોમાં તેમ જ શતક ૨૦, ઉદ્દે૦ ૬માં છે. તેનો એક નમૂનો આ પ્રમાણે છે:

ગૌ૦—હે ભગવન્! મારણાંતિક સમુદ્‌ઘાત વડે સમવહત થઈને જે જીવ અસંખ્યેય લાખ પૃથ્વીકાયના આવાસોમાંના

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ પણ આવાસમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે ત્યાં જઈને આહાર કરે અને શરીર બાંધે ?

મ૦—હે ગૌતમ ! કેટલાક ત્યાં જઈને આહાર કરે અને શરીર બાંધે અને કેટલાક ત્યાંથી પાછા વળે છે, અને પાછા વળી અહીં શીઘ્ર આવે છે, અને ફરી વાર મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત થાય છે. પછી કોઈ પૃથ્વીકાયપણે ઉત્પન્ન થાય છે, આહાર કરે છે, અને શરીર બાંધે છે.

—શતક ૬, ઉદ્દે૦ ૬

ગૌ૦—હે ભગવન્! એકેંદ્રિય જીવો કેટલા પ્રકારના છે ?

મ૦—હે ગૌતમ ! પાંચ પ્રકારના છે: પૃથ્વીકાયિકથી માંડીને વનસ્પતિકાયિક. તેમાં પૃથ્વીકાયિકના બે પ્રકાર છે: સૂક્ષ્મ અને બાદર. પાછા તે દરેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે. તે બધાને (જ્ઞાનાવરણીયાદિ) આઠ કર્મપ્રકૃતિઓ હોય. તેઓ બધા સાત કે આઠ કર્મપ્રકૃતિઓને બાંધે. (આયુષ ન બાંધે[1] ત્યારે સાત; નહિ તો આઠ).

તે બધા કેટલી કર્મપ્રકૃતિઓ વેદે એ પ્રશ્નના જવાબમાં કહેવું કે, 'ચૌદ કર્મપ્રકૃતિઓ વેદે. જેમકે: જ્ઞાનાવરણીયથી અંતરાય સુધીની આઠ, પછી શ્રોત્રેંદ્રિયથી માંડીને જિહ્વેંદ્રિય સુધીની ચાર ઇંદ્રિયાવરણ; સ્ત્રીવેદાવરણ અને પુરુષવેદાવરણ.

—શતક ૩૩, ઉદ્દે૦ ૧

---

૧. કારણકે આયુષ તો જીવનકાળમાં એક જ વખત બંધાય છે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌ૦—હે ભગવન્! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ, જે આ રત્નપ્રભા પૃથ્વીના પૂર્વ ચરમાન્તમાં મરણસમુદ્‌ઘાત કરીને આ રત્નપ્રભા પૃથ્વીના પશ્ચિમ ચરમાન્તમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય?

ભ૦—હે ગૌતમ! એક, બે કે ત્રણ સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય. શ્રેણીઓ સાત છે: ઋજ્વાયત (સીધી – લાંબી), એક તરફ વક્ર, દ્વિધા વક્ર, એકતઃખા (એક તરફ ત્રસ નાડી સિવાયના આકાશવાળી), દ્વિધાખા (બંને તરફ ત્રસનાડી સિવાયના આકાશવાળી), ચક્રવાલ (મંડલાકાર), અને અર્ધચક્રવાલ (અર્ધમંડલાકાર). જો પૃથ્વીકાયિક ઋજ્વાયત શ્રેણીથી ઉત્પન્ન થાય તો તે એક સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય. જો એકવક્ર શ્રેણીથી ઉત્પન્ન થાય, તો બે સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય; જો દ્વિધાવક્ર શ્રેણીથી ઉત્પન્ન થાય. તો ત્રણ સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય.

તે જ જીવ પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાનો હોય, તો પણ એ જ સમજવું. એમ બાદર અપર્યાપ્તપણે તેમ જ પર્યાપ્તપણે ઉત્પન્ન થવાનો હોય તો પણ સમજવું. એમ અપ્‌કાયિકને માટે પણ સમજવું. પણ તેજસ્કાયિકમાં બાદર પર્યાપ્ત અને અપર્યાપ્ત ન કહેવા; કારણ કે બાદર તેજસ્કાયિકનો રત્નપ્રભાના પશ્ચિમ ચરમાન્તમાં અસંભવ છે. પણ મનુષ્યક્ષેત્રમાં ઉત્પત્તિ કહેવી હોય તો બાદરના તે બંને વિકલ્પો કહેવા.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સૂક્ષ્મ અને બાદર અપ્કાયિકની પેઠે સૂક્ષ્મ અને બાદર વાયુકાયિકમાં પણ ઉપપાત કહેવો. વનસ્પતિકાયિકમાં પણ એ પ્રમાણે જાણવું.

એ પ્રમાણે પછી પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકને સમુદ્ઘાત કરાવી, એ વીસે સ્થાનોમાં ઉત્પન્ન કરાવવો. એ પ્રમાણે અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિક અને પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકને પણ જાણવું. એમ અપ્કાયિકને પણ ચારે ગમકને આશરીને, તથા અપર્યાપ્ત અને પર્યાપ્ત બંને પ્રકારના સૂક્ષ્મ તેજસ્કાયને પણ.

મૂળમાં પછી એ પ્રમાણે અનેક પ્રકારનો વિસ્તાર છે. કેટલીક વિશેષતાઓ આ પ્રમાણે છે : અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક શર્કરાપ્રભાના પૂર્વ ચરમાન્તમાં મરણસમુદ્ઘાત કરી પશ્ચિમ ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય તો એ સમયની (એક વક્ર) અને ત્રણ સમયની (દ્વિધાવક્ર) વિગ્રહગતિથી ઉત્પન્ન થાય એમ કહેવું. એ રીતે પર્યાપ્ત બાદર તેજસ્કાયિક સંબંધે કહેવું. બાકી બધું રત્નપ્રભાની જેમ જાણવું.

પણ જે પર્યાપ્ત અને અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો સમયક્ષેત્રમાં સમુદ્ઘાત કરી, બીજી પૃથ્વીના પશ્ચિમ ચરમાંતમાં ચારે પ્રકારના પૃથ્વીકાયિકો વિષે, ચારે પ્રકારના અપ્કાયિકો વિષે, બે પ્રકારના તેજસ્કાયિકોને વિષે, ચારે પ્રકારના વાયુકાયિકોને વિષે, અને ચારે પ્રકારના વનસ્પતિકાયિકોને વિષે ઉત્પન્ન થાય છે, તેઓને પણ બે સમયની કે ત્રણ સમયની વિગ્રહગતિએ ઉત્પન્ન કરાવવા. જ્યારે પર્યાપ્ત અને અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો તેઓમાં જ ઉત્પન્ન થાય ત્યારે એક, બે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અને ત્રણ સમયની વિગ્રહગતિ સમજવી. એમ અધઃસપ્તમ પૃથ્વી સુધી જાણવું.

ગૌ૦—હે ભગવન્! જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ અધોલોકની ત્રસનાડીની બહારના ક્ષેત્રમાં મરણસમુદ્‌ઘાત કરી, ઊર્ધ્વ લોકની ત્રસનાડીની બહારના ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલા સમયની વિગ્રહગતિ ઉત્પન્ન થાય?

ભ૦—હે ગૌતમ! ત્રણ કે ચાર સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય. જે એક પ્રતરમાં સમશ્રેણીમાં ઉત્પન્ન થાય છે, તે ત્રણ સમયની વિગ્રહગતિથી થાય છે, અને જે વિશ્રેણીમાં ઉત્પન્ન થાય છે, તે ચાર સમયની વિગ્રહગતિથી થાય છે. તે જ જીવ જો સમયક્ષેત્રમાં અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકપણે ઉત્પન્ન થવાનો હોય તો બે કે ત્રણ સમયની વિગ્રહગતિ કહેવી. અપર્યાપ્ત બાદર તેજસ્કાયિક સમયક્ષેત્રમાં મરણસમુદ્‌ઘાત કરી, ઊર્ધ્વલોકક્ષેત્રની ત્રસનાડીના બહારના ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાનો હોય તો બે, ત્રણ કે ચાર સમય કહેવા.

તે જ જીવ જો સમયક્ષેત્રમાં અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકપણે ઉત્પન્ન થવાનો હોય, તો એક, બે કે ત્રણ સમય કહેવા.

અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક લોકના પૂર્વચરમાંતમાં મરણસમુદ્‌ઘાત કરી લોકના પૂર્વચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાનો હોય, તો એક, બે, ત્રણ કે ચાર સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય. જો ઋજ્વાયત શ્રેણીથી ઉત્પન્ન થાય, તો એક સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય; એક તરફ વક્ર શ્રેણીથી ઉત્પન્ન થાય, તો બે

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમયની વિગ્રહગતિથી થાય, ઉભયતઃવક્ર શ્રેણીથી ઉત્પન્ન થાય તો જે એક પ્રતરમાં – સમશ્રેણીમાં ઉત્પન્ન થવાનો છે, તે ત્રણ સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય, અને વિશ્રેણીમાં ઉત્પન્ન થવાનો છે, તે ચાર સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય. ઇત્યાદિ વિસ્તાર અનેક વિગતોએ મૂળમાંથી જાણવો.

— શતક ૩૪, ઉદ્દે૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લેખકનું સ્તવન

ગૌતમાદિ ગણધરોને નમસ્કાર! ભગવતીસૂત્રને નમસ્કાર! દ્વાદશાંગ ગણિપિટકને નમસ્કાર!

કાચબાની પેઠે સુંદર ચરણકમલવાળી, નહીં ચોળાયેલ કોરંટ વૃક્ષની કળી સમાન એવી પૂજ્ય શ્રુતદેવી મારા મતિ-અજ્ઞાનનો નાશ કરો!

આ સૂત્રના આદિના આઠ શતકના બબ્બે ઉદ્દેશકોનો એક એક દિવસે ઉપદેશ કરાય છે. પરંતુ પ્રથમ દિવસે ચોથા શતકના આઠ ઉદ્દેશકો અને બીજે દિવસે બે ઉદ્દેશકો ઉપદેશાય છે. નવમા શતકથી આરંભી જેટલું જેટલું જાણી શકાય તેટલું તેટલું એક એક દિવસે ઉપદેશાય છે. વધારેમાં વધારે એક શતકનો એક દિવસે ઉપદેશ કરાય છે; મધ્યમ-પણે બે દિવસે શતકનો, અને ઓછામાં ઓછું ત્રણ દિવસે શતકનો. એમ વીસમા શતક સુધી જાણવું. પણ પંદરમા ગોશાલક શતકનો એક દિવસે ઉપદેશ કરાય છે. જો બાકી રહે, તો તેનો એક આયંબિલ કરીને ઉપદેશ કરાય છે;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છતાં બાકી રહે તો બે આયંબિલ કરીને ઉપદેશ કરાય છે. એકવીસમા, બાવીસમા અને તેવીસમા શતકનો એક એક દિવસે ઉપદેશ કરાય છે. ચોવીસમું શતક એક એક દિવસે છ છ ઉદ્દેશકો, એમ બે દિવસે ઉપદેશાય છે. પચ્ચીસમું શતક છ છ ઉદ્દેશકો વડે બે દિવસે ઉપદેશાય છે. બંધિશતકાદિ આઠ શતકો એક દિવસે, શ્રેણિશતાદિ બાર શતકો એક દિવસે, એકેંદ્રિયના બાર મહાયુગ્મ શતકો એક દિવસે, એમ બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિયનાં બાર બાર શતકો, તથા સંજ્ઞી પંચેંદ્રિયનાં એકવીસ મહાયુગ્મ શતકો અને રાશિયુગ્મશતકો એક એક દિવસે ઉપદેશાય છે.

જેના હાથમાં વિકસિત કમળ છે, જેણે અજ્ઞાનનો નાશ કર્યો છે, અને બુધો (પંડિતો), અને વિબુધો (દેવો)એ જેને હંમેશાં નમસ્કાર કર્યો છે, એવી શ્રુતાધિષ્ઠિત દેવી મને પણ બુદ્ધિ આપો !

અમે શ્રુતદેવતાને પ્રણામ કરીએ છીએ, જેની કૃપાથી જ્ઞાનની શિક્ષા મળી છે. અને તે સિવાય શાંતિ કરનાર પ્રવચન દેવીને પણ નમસ્કાર કરું છું.

શ્રુતદેવતા, કુંભધર યક્ષ, બ્રહ્મશાન્તિ વૈરોટ્યા, વિદ્યા અને અંતહુંડી લેખકને અવિઘ્ન અર્પો !

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સૂચિ

અકૃતિસંચિત ૭૪૪
અકર્મભૂમિ ૭૪,૩૪૧,૫૫૮
અક્રિયાવાદ ૫૭૦
અગુરુલઘુ ૧૭૫,૩૧૩,૪૦૫,૪૮૩, ૭૩૬
અગ્નિ ૬૭૨; –સળગાવવામાં પાપ ૧૧૦; –કાય ૭૫૭
અગ્નિભૂતિ ૭૧૭
અજવાળું અને અંધારું ૬૦૬
અજીવપરિણામ ૩૧૨
અજ્ઞાન –ના ત્રણ પ્રકાર ૩૨૬; –વાદ ૫૭૦
અતિથિસંવિભાગવ્રત ૬
અતિમુક્તક ૨૪૬
અધર્માસ્તિકાય (જુઓ અસ્તિકાય); –નાં અભિવચન ૫૩૪; –ની રાશિ ૬૬૨
અધઃસપ્તમ પૃથ્વી ૭૪૦
અધિકરણ ૩૬૭
અધોલોક ૫૪૫; –નો આયામમધ્ય ૭૪૧
અદ્ધાકાલ ૨૧૩
અનંતાનુબંધી કષાય ૨૬,૩૮૭
અનાભોગનિર્વર્તિત આહાર ૭૨૩
અનાર્ય જાતિઓ ૧૬૬
અનાહારક ૮૫,૪૧૧,૪૧૩
અનુત્તર દેવલોક ૩૩,૨૫૦,૩૪૩, ૫૫૧,૬૮૮,૭૨૧
અન્યતીર્થિક ૩૧,૪૧,૧૦૬,૨૩૭, ૪૭૧,૪૮૪,૫૬૬,૫૮૩ ૬૦
અપરિત્તજીવ ૪૬૩
અપર્યાપ્ત ૩૧૬,૩૫૧
અપૂર્વકરણ ૨૧
અપ્કાય ૭૦૩,૭૨૬; –(વિશિષ્ટ) ૫૭૭; –(સામાન્ય) ૩૩૬
અપ્રત્યાખ્યાનાવરણીયકષાય ૨૬, ૩૮૭
અભવસિદ્ધિક ૪૫
અભવ્ય ૪૫
અભીચિ ૨૨૬
અયંપુલ ૨૬૭
અયોધ્યા ૨૬૪
અરુણવરદ્વીપ ૬૧૧,૭૧૬
અરુણોદય સમુદ્ર ૬૧૧,૭૧૬
અર્જુન ગૌતમપુત્ર ૨૮૮,૨૬૨
અર્હંત ૩
અલોક ૫૩૭,૫૫૪
અવક્તવ્યસંચિત ૭૪૪
અવગ્રહ ૩૨૧
અવધિજ્ઞાન ૨૦,૨૭,૩૨૦; –ના બે પ્રકાર ૩૨૩, ૩૩૧; – દેવોનું ૭૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અવધિલબ્ધિ ૧૨ (જુઓ લબ્ધિ)
અવસર્પિણી ૭૫,૬૬૭
અવસ્થાનકાળ –જીવોનો ૬૬૦
અવંતીગંગા ૨૬૦
અવાય ૩૨૧
અવ્યાબાધ ૨૪૨; –દેવો ૬૭૪
અશોકવનખંડ ૨૦૦
અશ્રુત્વાકેવલજ્ઞાની ૨૩
અષ્ટાંગ મહાનિમિત્ત ૨૭૮
અસંજ્ઞી જીવ ૧૩૪, ૩૫૩; –નું આયુષ ૭૫૫
અસંવૃત અનગાર ૬૩
અસુરકુમારો ૧૬૩, ૫૫૦, ૭૦૫; –ના આવાસ ૧૬૭, ૬૮૩; –અને અન્ય અપ્સરાઓ ૧૬૬; –ની વધઘટ ૬૮૬; –નો આહાર, વેદનાદિ ૭૧૪, ૭૨૨; –ની સ્થિતિ અને શ્વાસોચ્છ્વાસ ૭૨૨; –નાં શરીર લેશ્યાદિ ૭૨૬; –ના શબ્દાદિ વિષય ૭૪૦; –નાં ક્રિયા નિર્જરાદિ ૭૪૩; –કેવી રીતે ઉત્પન્ન થાય ? ૭૪૫
અસ્તિકાય –પાંચ ૨૩૭,૫૨૦, ૫૬૫ .
અહમિંદ્ર ૭૭,૫૫૧
અંગગ્રંથ ૧૨,૧૬૪
અંગમંદિર ચૈત્ય ૨૬૨
અંતરદ્વીપ ૩૪૧,૫૫૦
અંતરાય ૨૬
અંતરાલગતિ ૩૫૫
અંતર્મુહૂર્ત ૫૭
આકાશાસ્તિકાય (અભિવચન) ૫૩૪
આગમ –ના બે પ્રકાર ૩૩૮; –જ્ઞાન ૧૫૫
આચાર્ય ૩,૧૨૨
આજીવક ૬૭,૩૧૫; –મત ૨૭૭, ૫૬૩; –ઉપાસકો, બાર ૫૬૪
આતાપના ૧૧૩
આત્મા, આઠ પ્રકારના ૩૪૬
આધાકર્મદોષ ૧૦૦,૨૬૭
આધિકરણિકી ક્રિયા ૩૫, ૧૦૩
આનંદ ૨૮૧,૨૮૫
આનંદરક્ષિત ૧૦
આભિનિબોધિકજ્ઞાન ૨૭,૩૨૦, ૩૨૧,૩૩૧
આભિયોગિક –દેવ ૬૭,૧૮૮,૭૧૨; –સાધુ ૬૭
આભોગનિર્વર્તિત આહાર ૭૨૩
આયુષ ૪૪૦,૪૫૬,૪૭૦,૪૭૨; –છ પ્રકારનું ૪૭૩; –બે પ્રકારનું ૭૪૩
આરંભિકી ક્રિયા ૧૦૬
આરાધક ૩૧
આરાધના ૩૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આર્તધ્યાન ૧૫૦
આર્ય ૩૪૧; –દેશ ૫૪૯
આલભિકા ૨૯૨, ૬૮૧, ૬૮૨
આલોચના ૧૪૧ ૬૦
આવલિકા ૨૧૩,૬૬૭
આશીવિષ ૨૬૭, ૬૪૧
આસ્રવ ૨૬
આહાર (ચતુર્વિધ) ૨૮૦; –જુદી જુદી યોનિઓનો ૭૧૫ ૬૦; –ના બે પ્રકાર ૭૨૩
આહારક ૮૫,૪૧૧; –શરીર ૭૩, ૩૫૪
આંબેલ ૧૮૦
ઇજ્ય ૧૬૨
ઇંદ્રભૂતિ ગૌતમ ૧૧,૨૪૬
ઇંદ્રિયો (પાંચ) ૩૫૬
ઈશાનેંદ્ર ૧૮૮,૭૧૬
ઈહા ૩૨૧
ઉજ્જયિની ૨૫૨
ઉત્તરાસંગ ૬
ઉત્પલ ૬૨૭
ઉત્પલા ૨૨૦
ઉત્પાતપર્વત ૭૧૬
ઉત્સર્પિણી ૭૫,૬૬૭
ઉદકગર્ભ ૪૨૦
ઉદાયન ૨૨૫,૨૨૬,૨૫૨,૨૬૨
ઉદાયી રાજા ૨૫૧
ઉદાયી હાથી ૨૫૪,૬૭૫
ઉદીરણા ૮૪,૪૭૬
ઉદંડપુર ૨૬૨
ઉદ્વર્તનાકાળ, જુદાજુદા જીવોનો ૭૪૮-૬
ઉન્માદ –બે પ્રકારનો ૧૫૬
ઉન્માન (પ્રમાણ) ૧૭૩
ઉપધિ –ત્રણ પ્રકારનો ૧૫૬
ઉપપાતસભા ૧૬૪
ઉપયોગ ૨,૩૧૫; –ના બે પ્રકાર ૮૧,૩૬૨
ઉપાધ્યાય ૩
ઉંબરવૃક્ષ ૬૭૪
ઊનોદરી ૬૬, ૧૪૭
ઊર્ધ્વલોક ૫૫૦
ઋતુઓ ૬૧૫
ઋષભદત્ત ૨૫૬
ઋષભદેવ ૫૬૧,૫૭૬
ઋષિભદ્રપુત્ર ૬૮૧
એકાંતબાલ ૫૮૫
એકેંદ્રિયો –ના પ્રકાર ૭૬૨; –ની વધઘટ ૬૬૦; –ક્યાંથી આવે? ૭૦૨; –ની સ્થિતિ, આહાર અને શ્વાસોચ્છ્વાસ ૭૨૪,૭૫૫; –નાં શરીરની સરખામણી ૭૫૬
એજના ૧૨૫
એણેયક ૨૬૨
ઐર્યાપથિકી ક્રિયા ૩૬,૧૦૮,૫૬૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઔદારિક શરીર ૭૩,૩૫૪
ઔદ્દેશિક ભિક્ષા ૨૬૭
કૃતિસંચિત ૭૪૪
કરણ –પાંચ પ્રકારનું ૩૭૦; –ઇન્દ્રિય ૩૫૬; –વીર્ય ૩૧૬; –સત્ય ૧૬૮
કર્કશવેદનીયકર્મ ૪૮૧
કર્મ –ની સ્થિતિ ૪૫૬; –ના બંધક ૪૫૬; –નાં વર્ણ-ગંધાદિ ૪૬૭; –અને વેદના ૫૮૪
કર્મપ્રકૃતિ (આઠ) ૪૫૩
કર્મબંધ (ચાર પ્રકારનો) ૬૨
કર્મભૂમિ ૨૨, ૭૪, ૩૪૧, ૫૫૦, ૫૫૮
કર્માદાનો ૧૫, ૫૬૪
કલ્પ (દશ) ૬૧
કલ્પાતીત ૩૩,૩૪૩,૫૫૦,૫૫૧
કલ્પોપપન્ન ૩૩,૩૪૩,૫૫૦
કલ્યોજ રાશિ ૬૫૮
કષાય –ચાર ૨૬; –ની ચાર કોટી ૨૬
કાકંદી ૨૦૬
કાપોતલેશ્યા ૧૨૬
કામમહાવિન ૨૬૨
કામો ૧૩૧
કાય ૩૬૬
કાયભવ ૪૨૧
કાયોત્સર્ગ ૧૮૬
કાર્તિક શેઠ ૨૩૬
કાર્મણશરીર ૭૩,૩૫૪
કાલ ૫૩૫ ૬૦; –ના ચાર પ્રકાર ૨૧૨
કાલાસ્યવેષિપુત્ર ૫૬૧
કાલિકપુત્ર ૧૦
કાલિકશ્રુત ૫૬૦
કાલોદાયી ૧૦૬, ૨૩૭,૪૬૫,૫૬૫
કાશ્યપ ૧૦
કાંક્ષાપ્રદોષ ૪૮૦
કાંક્ષામોહનીય કર્મ ૪૭૫
કાંદર્પિક સાધુ ૬૭
કિલ્વિષિક દેવ ૭૭,૨૭૫,૭૧૨; –સાધુ ૬૭
કુત્રિકાપણ ૭, ૨૬૯
કુલકર (આઠ) ૫૭૭
કુંડિયાયન ૨૬૨; –ચૈત્ય ૨૬૨
કુંભ (પ્રમાણ) ૩૦૨
કુશીલનિર્ગ્રંથ ૫૬
કૂણિક ૨૫૧
કૂર્મગ્રામ ૨૮૨
કૃતયુગ્મરાશિ ૬૫૮
કૃષ્ણપાક્ષિક જીવ ૪૩૭
કૃષ્ણરાજિ ૬૧૩,૭૨૨
કેવલજ્ઞાન ૨૧,૨૮,૩૨૦
કેવલજ્ઞાની ૧૨૩; –અને યક્ષ ૫૮૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કેશિકુમાર ૨૨૯
કોલ્લાકસંનિવેશ ૨૮૧
કોશલદેશ ૫૬૧
કોષ્ઠક ચૈત્ય ૨૭૨
કૌતુકકર્મ ૮,૬૭,૨૫૪
કૌશાંબી ૨૨૫,૨૫૨
કૌંડિન્યાયન ગોત્ર ૨૮૮
ક્રિયાઓ –પાંચ ૩૫; –બે ૩૯; –એક સાથે બે ? ૫૯૭
ક્રિયાવાદ ૫૭૦
ક્રોધ ૩૭૮; –ના વિશેષ ૪૬૭
ક્ષત્રિયકુંડ ૨૫૯,૨૬૨
ક્ષુદ્રયુગ્મો ૬૬૬
ગણરાજ્ય ૨૫૨
ગણિપિટક ૧૬૩,૫૬૧
ગતિ ૪૦૯; –ના પાંચ પ્રકાર ૬૩૨; –દિવ્ય ૧૯૩; –પરિણામ ૩૧૩
ગર્ભશાસ્ત્ર ૪૧૬,૪૨૭
ગંગદત્ત ૨૩૩
ગંગા (પ્રમાણ) ૨૯૦; –નદી ૫૬૬
ગંધહસ્તી ૨૫૩
ગાંગેય ૪૪૯
'ગુણરત્ન સંવત્સર' તપ ૧૮૧
ગુણવ્રત ૬
ગુણશિલક ચૈત્ય ૧૧
ગુણસ્થાન ૧૪,૬૦,૮૩,૩૪૪
ગોબહુલ ૨૭૯
ગોશાલક ૨૭૭,૩૧૫,૫૬૪
ગૌતમ (જુઓ ઇંદ્રભૂતિ)
ગ્રહણ ૬૦૬
ગ્રૈવેયકસ્વર્ગ ૩૩,૩૪૩,૫૫૦
ઘનવાત ૫૪૬
ઘનોદધિ ૫૪૫
ઘોડાનો શબ્દ ૬૭૩
ચતુર્થભક્ત ૪૮,૧૪૬
ચમરચંચાનગરી ૧૬૭,૭૧૬
ચમરેંદ્ર ૧૬૭,૨૫૫; –ની સભા ૭૧૬,૭૧૯; –ની શક્તિ ૭૧૭
ચરકપરિવ્રાજક ૬૭
ચરમ (આઠ) ૨૬૬
ચંદ્ર ૬૦૬; –નું કામસુખ ૬૬૩
ચંદ્રાવતરણ ચૈત્ય ૨૨૫,૨૬૨
ચંપા ૨૫૧,૨૬૨
ચાર મહાવ્રત ધર્મ ૬,૫૫૬
ચારિત્ર (ઐહભવિક) ૩૨૦
ચારિત્રમોહનીય ૨૫
ચારિત્રલબ્ધિ ૩૭૭
ચેલ્લણા ૨૫૨
ચૌદશ –નો જન્મ ૨૦૧
છદ્મસ્થ ૬૦,૧૨૩; –સરાગ ૧૬૨
છેદોપસ્થાપનીય ચારિત્ર ૫૬,૭૦, ૩૭૮
છેવટ્ઠ સંહનન ૬૬૮
જમાલિ ૨૫૨,૨૬૨ ૪૦; ૫૬૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જયંતી ૨૨૪
જંઘાચારણ ૧૨૭
જંબુદ્વીપ ૫૪૮
જગરિકા (ત્રણ) ૨૨૩
જિનકલ્પ ૭૦
જીવો —ના બે પ્રકાર ૩૧૭; —ના છ વર્ગ ૩૩૯; —ના ૧૪ પ્રકાર ૩૫૦; —નું ભારેપણું ૫૧,૨૨૬; —નું અલ્પાયુષીપણું ૫૧; —આત્મારંભ ૩૧૭; —સાદિ સાંત ? ૪૩૦; —ની વધઘટ ૪૩૧,૬૮૯ ૬૦; —ના પ્રદેશ ૪૩૩; —ની ક્રિયા ૪૩૫; —અને પાપબંધ ૪૩૭; —અને કર્મબંધ ૪૪૦; —સકંપ ? ૪૪૪; —નો સંસાર-સંસ્થાનકાળ ૪૪૭; —ની સ્વયં કે અસ્વયં ઉત્પત્તિ ૪૫૦; —ની રાશિ ૬૬૨; —પરિણામ ૩૧૨; —નો અવસ્થાનકાળ ૬૯૦; —ની સ્થિતિ, આહાર અને શ્વાસોચ્છ્વાસ ૭૨૨; —નો પરિગ્રહ ૭૩૧; —નો વિરહકાળ ૭૩૭; —ની વિગ્રહગતિ ૭૩૮; —ની ઉત્પત્તિ ૭૪૫; —ના ધર્માધર્મ ૭૫૮
જીવાસ્તિકાય (અભિવચન) ૫૩૪
જૃંભક દેવ ૬૭૫
જ્યોતિષ્ક ૩૪૩,૫૫૦; —ના આવાસ ૬૮૬
જ્ઞાન (પાંચ) ૨૭,૩૨૦; -(ઐહભવિક) ૩૧૯
જ્ઞાનાવરણીયકર્મ ૨૪,૪૪૦
તનુવાત ૫૪૫
તપ (ના પ્રકાર) ૧૪૫
તમસ્કાય ૬૧૧
તમઃપ્રભા ૫૪૬
તમસ્તમઃપ્રભા (જુઓ મહાતમઃપ્રભા)
તર્ક ૪૭૯
તલવર ૧૯૨
તામલી ૧૯૦
તામ્રલિપ્તી ૧૯૦
તિગિચ્છકૂટ ૭૧૬
તિર્યગ્લોક (જુઓ મધ્યમલોક)
તિર્યંચ ૩૪૧
તીર્થંકર ૨૪,૩૨૮,૫૫૯,૬૮૬
તુલ્યના પ્રકાર ૫૭૬
તુંગિકા નગરી ૫
તેજસ્કાયિક ૩૩૯,૭૦૩
તેજોલેશ્યા ૧૨,૨૮૪,૨૯૪,૩૦૨
તૈજસ શરીર ૭૩,૩૫૪
ત્ર્યોજ રાશિ ૬૫૮
ત્રસકાયિક ૩૪૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રસનાડી ૫૫૧
ત્રાયસ્ત્રિંશ દેવ ૭૭,૨૦૬ ઇ૦, ૭૧૨
ત્રિશલા ૨૫૨
દત્તિ ૧૭૯
દધિવાહન ૨૫૨
દર્શન (ઉપયોગ) ૮૧
દર્શનમોહનીય ૨૫
દર્શનલબ્ધિ ૩૭૭
દાનામા દીક્ષા ૨૦૦
દિશાઓ (દશ) ૬૧૯
દિશાપ્રોક્ષક તાપસ ૨૦૮
દીવો ૬૪૨
દુઃષમદુઃષમા ૫૬૩
દુઃષમા ૭૫
દ્રુતિપલાશચૈત્ય ૨૦૬
દૃઢપ્રતિજ્ઞ ૩૦૬
દૃષ્ટિઓ (ત્રણ) ૩૭૧,૩૭૭
દૃષ્ટિવાદ ૫૬૦
દૃષ્ટિવિષ સર્પ ૨૮૬૰
દેવો —ની શક્તિ ૬૭૬; —ના પ્રકાર ૬૭૯; —ની સ્થિતિ ૬૮૧; —ના આવાસ ૬૮૩; —ની વધઘટ ૬૮૯; —નો વિષયભોગ ૬૯૧; —ની ભાષા ૬૯૪; —સંયમી ? ૬૯૪; —ની શક્તિ ૬૯૫; —મરીને ક્યાં જાય ? ૬૯૭; —ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ૬૯૭; —ની શરમ ૬૧૦; —ની વિભૂતિ ૭૧૭ ઇ૦; —નો વિરહકાળ ૭૩૭
દેવસેન ૩૦૨
દેવાધિદેવ ૬૭૯
દેવાનંદા ૨૫૯
દેવાસુર સંગ્રામ ૬૭૬
દેશો (સોળ) ૨૯૬
દ્રવ્ય (બે) ૩૦૯
દ્રવ્યેંદ્રિય ૩૫૯
દ્વાપરયુગ્મરાશિ ૬૫૮
ધન (ચાર) ૧૯૦
ધનુષ (માપ) ૨૧૫
ધર્મઘોષ ૨૧૭
ધર્મદેવ ૬૭૯
ધર્માસ્તિકાય (જુઓ અસ્તિકાય) —નાં અભિવચન ૫૩૩; —ની રાશિ ૬૬૧
ધાતકીખંડ ૫૪૯
ધાન્યની યોનિશક્તિ ૬૨૪
ધારણા ૩૨૧
ધારિણી ૨૦૮
ધૂમ્રપ્રભા ૫૪૬
ધ્યાન (ચાર) ૧૫૦
નય ૭
નરક (સાત) ૩૪૦,૫૪૫; —માં જીવોત્પત્તિ ૭૪૭
નરદેવ ૬૭૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નંદન –વન ૧૨૮; –ચૈત્ય ૭૧૭
નંદીવર્ધન ૨૫૨
નંદીશ્વર દ્વીપ ૧૨૮
નાગ ૨૫૭
નાગ કુમારો (જુઓ ભવનપતિ) –નો આહાર, શ્વાસ અને સ્થિતિ ૭૨૩
નાટક (બત્રીસ) ૧૮૯
નારકલોક ૫૮૯; –નાં રહેઠાણો ૭૩૫
નારકો –અને વેદના ૪૭; –ની સંખ્યા ૭૪૭
નાલંદા ૨૮૦
નિગોદજીવ ૫૫૧
નિદાન ૮
નિરાકારોપયોગ ૬૯૩
નિરુપક્રમ આયુષ ૭૪૩
નિર્ગ્રંથ ૫૭; –પાંચ ૫૫
નિર્વર્તનિક મંડળ ૧૯૨
નિર્વૃત્તિઇંદ્રિય ૩૫૯
નિદાના વિશેષો ૫૩
નૈરયિકો –ની વધઘટ ૬૮૯; –ક્યાંથી આવે ૬૯૭; –નો આહાર, સ્થિતિ અને શ્વાસોચ્છ્વાસ ૭૨૩,૭૩૬; –નાં શરીર લેશ્યા ઇત્યાદિ ૭૨૮, ૭૩૬; –નો પરિગ્રહ ૭૩૧; –ભારે ? ૭૩૬; –નો વિરહકાળ ૭૩૭; –ની ઉત્પત્તિ ૭૩૮, ૭૪૫, ૭૪૭; –ના શબ્દાદિ ૭૩૯; –નાં ક્રિયા નિર્જરાદિ ૭૪૩; –કેવી રીતે ઉત્પન્ન થાય ? ૭૪૫
નૈષેધિકી ૧૨૩
નોષધકસમન્વિત ૭૪૪
પદ્માવતી ૨૫૩
પણિયભૂમિ ૨૮૨
પરમાણુની રાશિ ૬૬૫
પરમાવધિજ્ઞાની ૧૨૭
પરમાવંતી ગંગા ૨૯૦
પરિગ્રહ (ત્રણ) ૧૬૦; –જુદા જુદા જીવોનો ૭૩૧
પરિઘરત્ન ૨૦૨
પરિત્તજીવ ૪૬૩
પરિમંડલ સંસ્થાન ૪૯૬,૬૬૦
પરિષહો ૭,૧૬૧
પરિહારવિશુદ્ધિક ચારિત્ર ૫૯, ૭૦,૩૭૮
પર્યંકાસન ૧૮૫
પર્યાપ્ત ૩૫૧
પર્યાપ્તિ ૩૫૧
પર્યાય (બે) ૩૧૨
પલ્યોપમ ૨૧૪,૬૬૭
પંકપ્રભા ૫૪૬
પંચમુષ્ટિક લોચ ૨૭૨
પંચેંદ્રિય તિર્યંચ ૩૪૦,૭૦૪;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

—નો આહાર, સ્થિતિ ૬૦ ૭૨૫; —નાં શરીર લેશ્યાદિ ૭૩૦
પાટલિપુત્ર ૨૫૧
પાદપોપગમન મરણ ૧૪૬
પાનક (ચાર) ૨૬૬
પાપસ્થાનો (અઢાર) ૫૧
પારિગ્રહિકી ક્રિયા ૧૦૭
પારિતાપનિકી ક્રિયા ૩૫,૧૦૩
પાર્શ્વનાથ ૭,૫૬૧,૫૬૩
પાંડુકવન ૧૨૮
પિંગલ ૧૭૨
પુદ્ગલપરાવર્ત ૮૮,૬૬૭
પુદ્ગલ —નો બંધ ૪૮૭; —નાં સ્પર્શાદિ ૪૮૬,૫૦૩; —નો રૂપ ૪૮૬,૫૧૨; —નો પરિણામ ૪૬૫; —અને વાયુકાય ૫૦૨; —ની સંખ્યા ૫૦૬
પુદ્ગલ બ્રાહ્મણ ૬૮૨
પુદ્ગલપરિવર્ત ૫૧૪
પુદ્ગલાસ્તિકાય ૪૮૩
પુલાકનિર્ગ્રંથ ૫૫
પુષ્કરદ્વીપ ૫૪૬
પુષ્કલસંવર્તમેઘ ૨૬૬
પુષ્કલી ૨૨૨
પુષ્પવતી ચૈત્ય ૬
પુંડ્રદેશ ૩૦૧
પૂરણ ૨૦૦
પૂર્ણભદ્ર ૨૬૭,૩૦૨
પૂર્વ—ગ્રંથ ૧૨૭; —ગતશ્રુત ૫૬૦ —વર્ષ ૨૧૪
પૃથ્વીકાયિક ૩૩૬; —નો શ્વાસોચ્છ્વાસ ૧૧૨,૭૨૪,૭૫૫; —નો આહાર અને સ્થિતિ ૭૨૪, ૭૫૩; —નાં શરીર લેશ્યાદિ ૭૨૮,૭૫૮,૭૫૬; —ના શબ્દ આદિ વિષય ૭૪૦; —નાં ક્રિયા નિર્જરાદિ ૭૪૩; —ની દૃષ્ટિ તથા ક્રિયા ૭૫૩; —ના અવાસો ૭૫૬; —ના વર્ણાદિ ૭૫૬; —ના હિંસાદિ ૭૫૮; —ની વેદના ૭૬૦
પૌષધવ્રત ૬; —ના બે પ્રકાર ૨૨૧
પ્રક્ષેપાહાર ૭૨૪
પ્રણિધાન (ત્રણ) ૧૬૦
પ્રતિક્રમણ ૧૪૫
પ્રતિમાઓ (બાર) ૧૭૬
પ્રતિસેવના ૭૧,૧૪૧
પ્રત્યનીક (ત્રણ) ૧૫૭
પ્રત્યાખ્યાન ૬,૧૪,૧૩૫ ૬૦, ૫૬૧; —નો વિધિ ૫૬૩
પ્રત્યાખ્યાનાવરણીય કષાય ૨૬, ૩૮૭
પ્રદ્યોત ૨૫૨
પ્રભાવતી રાણી ૨૧૬,૨૨૬,૨૫૨
પ્રમાણ —ચાર ૩૩૭; —(માન)૧૭૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાદ ૪૭૭
પ્રવચનમાતા ૭૨
પ્રવૃત્તપરિહાર ૨૮૯
પ્રવેશનક ૬૫૨ ઇ૦
પ્રાણાતિપાતક્રિયા ૩૫,૧૦૪
પ્રાણામા દીક્ષા ૧૯૧
પ્રાસકાલ ચૈત્ય ૨૯૨
પ્રાયશ્ચિત્ત (દશ) ૧૪૫
પ્રાસુકવિહાર ૨૪૨
પ્રિયદર્શના ૨૫૨,૨૬૨
પ્રીતિદાન ૨૧૮
બકુશનિર્ગ્રંથ ૫૬
બલરાન્ન ૨૧૬
બલિચંચા ૧૯૩,૧૯૭
બહુપુત્રિક ચૈત્ય ૨૩૬
બહુરતદૃષ્ટિ ૫૬૮
બહુલ ૨૮૧
બહુશાલકચૈત્ય ૨૫૮
બંધ (બે) ૪૦,૬૩૨; –પરિણામ ૩૧૨
બાલપંડિત ૫૮૬
બાલમરણ (બાર) ૧૭૬
બ્રાહ્મણકુંડગ્રામ ૨૯૯
બ્રાહ્મીલિપિ ૩
ભક્તપ્રત્યાખ્યાન ૧૪૬
ભદ્રા ૨૭૯,૩૦૧
ભરતીઓટ ૬૧૭
ભવધારણીયશરીર ૭૨૮
ભવનવાસી (દશ) ૩૦૫, ૩૪૩, ૫૫૦; –ના આવાસ ૬૮૫, ૭૧૨; –ની વધઘટ ૬૮૬; –ક્યાંથી આવે ? ૭૦૧; –નો આહાર, કર્મ અને વેદના ૭૧૪ ઇ૦; –નો આહાર, સ્થિતિ, અને શ્વાસોચ્છ્વાસ ૭૨૨ ઇ૦; –નાં શરીર લેશ્યાદિ ૭૩૦; –નો પરિગ્રહ ૭૩૧
ભવસિદ્ધિક ૪૫,૨૨૬
ભવ્યદ્રવ્ય –દેવ ૬૮૦; –નૈરયિક ૭૪૧
ભારતવર્ષ ૫૬૪
ભારદ્વાજ ૨૯૨
ભાવ (પાંચ) ૬૦,૩૭૨; –સત્ય ૧૬૮; –દેવ ૬૭૯
ભાવિતાત્મા ૭
ભાવેંદ્રિય ૩૫૯
ભાષા (બાર) ૧૫૮,૩૬૨
ભિક્ષા ૯૬ ઇ૦; –દોષ ૯૯
ભૂતાનંદ હાથી ૨૫૫
ભેદ (પાંચ) ૧૩૦,૩૧૩
ભોગો ૧૩૧
મણિભદ્ર ૨૯૭,૩૦૨
મતિજ્ઞાન (જુઓ આભિનિબોધિકજ્ઞાન)
મતિઅજ્ઞાન ૩૨૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મટ્ઠક ૨૩૭
મધ્યમલોક ૫૪૫,૫૪૮
મન ૩૬૭,૪૭૯
મનઃપર્યવ –જ્ઞાન ૨૭,૩૨૦,૩૨૩; –લબ્ધિ ૧૨ (જુઓ લબ્ધિ)
મનુષ્ય ૩૪૧; –ક્યાંથી આવે ૭૦૮; –નાં શરીર લેશ્યાદિ ૭૩૦; –ની દૃષ્ટિ તથા ક્રિયા ૭૫૪; –ના આહારાદિ ૭૫૪
મનુષ્યલોક ૫૩૫
મનોજ્ઞભૂમિ ૨૮૨
મરણ –બે ૧૭૫; –પાંચ ૪૦૮
મરણસમુદ્‌ઘાત ૭૬૧
મલ્લકિ રાજાઓ ૨૫૪
મલ્લરામ ૨૯૨
મહાકલ્પ ૨૮૯
મહાગંગા ૨૮૯
'મહાતપોપતીરપ્રભવ' તીર્થ ૫૮૭
મહાતમઃપ્રભા ૫૪૬
મહાપદ્મ ૩૦૨
મહાબલ ૨૧૭
મહામાનસ (કાળ) ૨૯૦
મહાયુગ્મો ૬૬૬
મહાવીર –નાં સ્વપ્ન ૬૪૪
મહાશિલાકંટક સંગ્રામ ૨૫૧,૨૯૬
મહાસેન ૨૨૯
માંણલિ ૨૭૬
માંડિક ૨૯૨
માંડિક ચૈત્ય ૨૯૨
માંડિતપુત્ર ૩૪,૪૬
માકંદિપુત્ર ૧૨૭,૪૦૬,૪૬૬
માડંબિક ૧૯૨
માન –ના વિશેષ ૪૬૮; –નું પ્રમાણ ૧૭૩
માનસસર (કાળ) ૨૯૦
માનુષોત્તર પર્વત ૧૨૮
માયા –ના વિશેષ ૪૬૮
માયાપ્રત્યયિકી ક્રિયા ૧૦૭
માળા (ચાર) ૨૭૦
મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ૧૦૭
મિથ્યાદૃષ્ટિ ૬૭; –નું વિપરીત જ્ઞાન ૫૮૮
મિથ્યાશ્રુત ૩૨૬
મૂળ (નો જીવ) ૬૨૬
મૃગવન ૨૨૯
મૃગાવતી ૨૨૫,૨૫૨
મૃત્યુગંગા ૨૯૦
મેઘ ૬૧૨,૬૧૪; –ની શક્તિ ૬૭૨
મેધિલ ૧૦
મેંઢિકગ્રામ ૩૦૦
મોકાનગરી ૭૧૭
મોહનીય (બે) ૪૭૫
મૌર્યવંશી તામલી ૧૯૦
મ્લેચ્છ ૩૪૧
યથાખ્યાત ચારિત્ર ૬૦,૭૦,૩૭૬
યમરાજ ૨૦૬,૭૧૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

યાત્રા ૨૪૨
યાપનીય ૨૪૨
યોગ –પંદર ૩૮૪; –ત્રણ ૩૮૪; –સત્ય ૧૬૮
યોનિના પ્રકાર ૪૧૪
યોનિભૂતવીર્ય ૪૨૨
રજ્જુ (પ્રમાણ) ૫૫૧
રત્નપ્રભા ૫૪૬,૭૨૮; –માં ગ્રામ, મેધાદિ ૭૪૬
રથમુશલસંગ્રામ ૨૫૫
રાજગૃહ ૬૭૩; –નો કુંડ ૫૬૭
રાશિઓ (ચાર) ૬૫૮ ૬૦
રાહુ ૬૦૬
રિષ્ટદેવ ૭૨૨
રિષ્ટાભ વિમાન ૭૨૨
રુચક પ્રદેશો (આઠ) ૬૨૨
રેવતી ૩૦૦
રોમાહાર ૭૨૪
રોહ ૫૩૭
રૌદ્રધ્યાન ૧૫૧
લબ્ધિ (દશ) ૩૭૬; –નો ઉપયોગ ૧૨૮; –ઇંદ્રિય ૩૬૦; –વીર્ય ૩૧૯
લવણસમુદ્ર ૩૪૧,૫૫૭,૬૧૭,૬૭૩
લવસત્તમદેવ ૭૨૧
લેચ્છકિ રાજાઓ ૨૫૪
લેશ્યા ૨૮,૩૬૩; –દેવોમાં ૭૧૬; –નૈરયિકાદિની ૭૨૮; –ના વર્ણાદિ ૭૫૭
લોક અને અલોક ૫૩૮; –અંત-વાળો ? ૧૭૪,૫૩૮; –ની મોટાઈ ૫૩૮; –નો આકાર ૫૪૫,૫૫૩; –ની સ્થિતિ ૫૫૬; –નો આયામમધ્ય ૭૪૧
લોકપાલદેવ ૭૭,૨૦૯
લોકાંતિક વિમાન ૭૨૨
લોભના વિશેષ ૪૬૯
લૌકિક આગમ ૩૩૮
વજ્જી-વિદેહ ૨૫૨
વજ્રઋષભ૦ સંહનન ૧૨,૩૩૬
વનસ્પતિકાયિકનો આહાર ૬૨૫, ૭૦૪
વરુણ ૨૫૬
વરુણરાજ ૨૦૯,૭૧૯
વાણિજ્યગ્રામ ૨૦૬
વાદો (ચાર) ૫૭૦
વાનવ્યંતર (જુઓ વ્યંતર)
વાયુઓ ૬૧૬
વાયુકાયિક ૩૩૯; –ને પાપ ૧૧૪; ૭૦૪,૭૫૭
વાયુભૂતિ ૭૧૮
વારાણસી ૨૬૨
વાલુકાપ્રભા ૫૪૬
વિગ્રહગતિ ૪૧૦; –જુદા જુદા જીવોની ૭૩૮
વિદ્યાચારણ ૧૨૭
વિજય ૨૮૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિનય (સાત) ૧૪૮; –વાદ ૫૭૦; –નૈરયિકાદિમાં ૬૯૬
વિપુલપર્વત ૧૮૫
વિભંગજ્ઞાન ૨૦,૨૧૦,૩૨૫,૩૩૫
વિમલનાથ ૨૧૭,૩૦૨
વિમલવાહન ૩૦૨
વિરમણ વ્રત ૬
વિરહકાળ, જુદા જુદા જીવોનો ૭૩૭
વિરાધક ૩૧
વિવેક ૫૬૧
વિશાલા ૨૩૬
વિહલ્લ ૫૫૩
વિંધ્યપર્વત ૨૦૦
વીતભય ૨૨૬
વીરાસન ૧૮૨
વીર્ય ૪૭૮
વૃક્ષના પ્રકાર ૬૨૭
વૃષ્ટિ –કેમ થાય છે ૬૧૮
વેદ ૨૬,૫૮૩; –ના પ્રકાર ૩૮૮
વેદક ૩૬૬
વેદના –અને નિર્જરા ૪૬
વેદનીય ૪૪૦
વૈભેલસંનિવેશ ૨૦૦
વૈશ્યાયન ૨૮૩
વૈક્રિય શરીર ૬૩,૩૫૪; –શક્તિ ૧૨૧
વૈતાઢ્ય પર્વત ૫૬૬
વૈભાર ૧૧૮
વૈમાનિક ૩૪૩,૫૫૦; –ના આવાસ ૬૮૬; –ની ઋદ્ધિ ૭૧૬; –નો આહાર, સ્થિતિ, શ્વાસ ૭૨૫; –નો પરિગ્રહ ૭૩૧
વૈયાવૃત્ત્ય (દશ) ૧૫૦
વૈશાલિ ૨૫૬,૨૯૨
વૈશ્રમણ ૨૧૦,૭૧૬
વ્યવદાન ૧૦
વ્યવહાર (પાંચ) ૧૫૫
વ્યંતર (આઠ) ૩૨૭,૩૪૩,૫૫૦; –ના આવાસ ૬૮૬; –નો આહાર, સ્થિતિ અને શ્વાસ ૭૨૫
વ્યુત્સર્ગ ૧૫૩,૫૬૧
શક્રદેવ ૨૩૬,૨૫૪,૬૭૪; –નો વિષયભોગ ૬૬૧; –ના લોકપાલ ૭૧૬
શતદ્વાર ૩૦૧
શતાનીક ૨૫૨
શબ્દ ૬૪૮
શય્યાતરપિંડ ૧૦૨
શરવણ ૨૭૬
શરીર (પાંચ) ૭૩,૩૫૪; –જુદા જુદા જીવોનાં ૭૨૮; –ના બે પ્રકાર ૭૨૮
શર્કરાપ્રભા ૫૪૬
શલાકાપુરુષ ૫૮૦
શંખવન ચૈત્ય ૬૮૧,૬૮૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શંખશોઽ ૨૨૦
શિવભદ્ર ૨૦૮
શિવરાજ ૨૦૮ ઇ૦,૬૮૨
શીર્ષપ્રહેલિકા ૨૧૪
શીલવ્રત ૬
શુક્લધ્યાન ૧૫૧,૬૧૯
શૈલેશી ૧૨૫
શ્યામહસ્તી ૨૦૬
શ્રમણનિર્ગ્રંથ –ની નિર્જરા ૪૭; –નું સુખ ૫૪
શ્રાવસ્તી ૧૭૧
શ્રુત –કાલિક ૫૬૦; –પૂર્વગત ૫૬૦; –કેવલી ૧૨૯
શ્રુતઅજ્ઞાન ૩૨૫
શ્રુતજ્ઞાન ૨૭,૩૨૦, ૩૨૩, ૩૨૬, ૩૩૧
શ્રેણિક ૨૫૧,૨૫૨
શ્રેણી (સાત) ૫૦૧
શ્રેષ્ઠી ૧૯૨
શ્વાસોચ્છ્વાસ, જુદા જુદા જીવોનો ૭૨૨; –એકેંદ્રિયાદિનો ૭૫૫
ષટ્કસમર્જિત ૭૪૪
સન્મૂર્તિ ૩૦૧
સમય ૫૭, ૨૧૩; –ક્ષેત્ર ૫૩૫
સમાચારી (દશ) ૧૪૪
સમુદ્‌ઘાત (સાત) ૯૨
સમ્યક્‌ત્વ ૧૭
સમ્યગ્‌દર્શન ૧૭
સર્વાનુભૂતિ ૨૯૩
સર્વાર્થસિદ્ધ ૩૪૪,૬૮૮
સહસ્રામ્રવન ૨૧૬,૨૩૯
સંજ્વલનકષાય ૨૯,૩૩૭,૩૮૭
સંજ્ઞા ૩૫૩,૩૭૨,૪૭૯; –દશ ૩૧૫,૩૭૨
સંમૂર્છિમ ૧૩૩
સંયત (પાંચ) ૫૮
સંલેખના ૧૮૫
સંવર ૨૬, ૫૬૧
સંવૃત અનગાર ૬૨
સંસારસંસ્થાનકાળ ૪૪૭
સંસ્થાન (પુદ્‌ગલનાં) ૪૯૬,૬૬૦
સાકારોપયોગ ૩૬૨
સાગરોપમ વર્ષ ૨૧૪,૬૬૭
સાણકોષ્ઠ ચૈત્ય ૩૦૦
સાદીનગંગા ૨૯૦
સાધુ ૩,૫૪ ઇ૦
સામાનિકદેવ ૭૭,૭૧૧
સામાયિક ૫૬૧; –ચારિત્ર ૫૬, ૩૭૭
સાંપરાયિકી ક્રિયા ૩૬,૧૦૮,૫૬૮
સિદ્ધ ૩,૧૨૩; –ની વધઘટ તથા અવસ્થાનકાળ ૬૬૦
સિદ્ધાર્થગ્રામ ૨૮૨
સિદ્ધિ (સ્થાન) ૧૭૫
સિંધુ ૫૬૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સુદર્શન શેઠ ૨૧૨
સુદર્શના ૨૫૨
સુધર્મા સભા (ચમરની) ૭૧૬; —શક્રની ૬૯૧
સુનક્ષત્ર ૨૯૪
સુનંદ ૨૮૧
સુમંગલ ૩૦૨
સુવ્રત ૨૩૭
સુષમસુષમા ૭૫,૫૬૨,૫૭૮
સુંસુમાર ૨૦૦
સૂક્ષ્મસંપરાય ચારિત્ર ૬૦,૭૦, ૩૭૯
સૂર્ય ૬૦૧ ઇ૦; —નું કામસુખ ૬૯૩
સેચનક ૨૫૩, ૨૯૬
સોપક્રમ આયુષ ૭૪૩
સોમરાજ ૨૦૯,૭૧૯
સોમિલ ૨૪૨
સ્કંદક ૧૭૧,૫૩૮
સ્તોક ૬૬૭, ૨૧૩
સ્થવિર ૪૧,૨૮૭,૩૧૬; —કલ્પ ૭૦
સ્થિતિ, જુદા જુદા જીવોની ૭૨૨ ઇ૦
સ્નાતક ૫૮
સ્વપ્ન ૨૧૬; —ચૌદ, તીર્થંકરની માતાનાં ૨૧૬; —અને ફળ ૬૪૩ ઇ૦; —મહાવીરનાં ૬૪૪
સ્વયંભૂરમણ, દ્વીપ અને સમુદ્ર ૫૪૮
હરિણુગમેસિ ૨૬૧,૪૨૩
હલ્લ ૫૫૩
હલ્લા ૨૯૭
હસ્તિનાપુર ૨૧૬
હાલાહલા કુંભારણ ૨૭૭,૨૯૨
હુંડક સંસ્થાન ૬૯૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સુત્તનિપાત એ સુપ્રસિદ્ધ બૌદ્ધ ગ્રંથનો ગુજરાતી અનુવાદ	૧–૦–૦
૨. ભગવાન બુદ્ધના પચાસ ધર્મસંવાદ 'મજ્ઝિમનિકાય'ના પ્રથમ ૫૦ સંવાદો	૧–૦–૦
૩. ભગવાન મહાવીરની ધર્મકથાઓ 'નાયાધમ્મકહાસુત્ત'નો ગુજરાતી અનુવાદ	૧–૦–૦
૪. ભગવાન મહાવીરના દશ ઉપાસકો 'ઉવાસગદસાસુત્ત'નો ગુજરાતી અનુવાદ	૦–૮–૦
૫. જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્યવિચાર	૦–૫–૦
૬. સન્મતિપ્રકરણ મૂળ, ગુજરાતી અનુવાદ, ટિપ્પણો ઇ૦	૧–૮–૦
૭. જિનાગમકથાસંગ્રહ પ્રાકૃત વ્યાકરણ, કોશ, ટિપ્પણો સાથે	૧–૪–૦
૮. શ્રીમદ્‌ની જીવનયાત્રા શ્રીમદ્ રાજચંદ્રની જીવનકથા	૦–૮–૦
૯. શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો તેમનાં લખાણોમાંથી વિષયવાર તારવેલા ઉતારા	૦–૧૨–૦
૧૦. મહાવીરસ્વામીનો સંયમધર્મ 'શ્રી સૂત્રકૃતાંગસૂત્ર'નો છાયાનુવાદ	૧–૦–૦
૧૧. મહાવીરસ્વામીનો આચારધર્મ 'શ્રી આચારાંગસૂત્ર'નો છાયાનુવાદ	૦–૧૨–૦
૧૨. બુદ્ધચરિત મૂળ પાલિ ગ્રંથોને આધારે લખેલું પ્રામાણિક જીવનચરિત્ર	૧–૪–૦
૧૩. મહાવીરસ્વામીનો અંતિમ ઉપદેશ 'શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર'નો છાયાનુવાદ	૧–૦–૦
૧૪. શ્રી કુંદકુંદાચાર્યનાં ત્રણ રત્નો પ્રવચનસાર, સમયસાર અને પંચાસ્તિકાયસારસંગ્રહ	૦–૮–૦
૧૫. યોગશાસ્ત્ર (શ્રી હેમચંદ્રાચાર્યકૃત)	૧–૦–૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org